સિંહપુરુષ

(નવલકથા)

ડૉ. શરદ ઠાકર

સાધના પ્રકાશન ટ્રસ્ટ તરફથી
શુભેચ્છક સભ્યોને સપ્રેમ

પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ

VISIT…

LANZAROTE Caliente.COM

Sinhpurush
(Novel)
by Dr. Sharad Thakar

•

ISBN : 81-902408-9-7

•

: પ્રકાશક :
બાબુલાલ હાલચંદ શાહ
પાર્શ્વ પબ્લિકેશન
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.

•

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮
નકલ : ૫૦૦૦
કિંમત : રૂ. ૩૦૦=૦૦

•

: ટાઈપ સેટિંગ-મુદ્રક :
કે. ભીખાલાલ ભાવસાર
શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર
૧૨, શાયોના એસ્ટેટ, દૂધેશ્વર રોડ, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪.

જબ વકત ગુલશનપે ખડા થા, તબ લહુ હમને દિયા,
અબ બહાર આઈ તો કહતે હૈં કિ તેરા કામ નહીં.
- ક્રાંતિવીર કવિ રામપ્રસાદ 'બિસ્મિલ'.

(જ્યારે સમયનો બાગ સજાવટ પામી રહ્યો હતો, ત્યારે રકતથી સિંચન અમે કર્યું; હવે જ્યારે વસંત આવી છે ત્યારે અમને કહેવામાં આવે છે કે તમારી જરૂર નથી.)

અર્પણ

* યુવાન વીર સાવરકરની ગુપ્ત ક્રાંતિકારી સંસ્થા 'અભિનવ ભારત'ના સાથીઓને... !
* વિદેશી ધરતી ઉપર સશસ્ત્ર ક્રાંતિકારીઓને મકાન તથા માર્ગદર્શન પૂરા પાડનાર 'ઇન્ડિયા હાઉસ'ના અધિપતિ પં. શ્યામજી કૃષ્ણવર્માને... !
* સિંહપુરુષ સાવરકરની પગદંડી પર ચાલનારા તમામ સશસ્ત્ર ક્રાંતિવીરોને જેમાં મેડમ કામા, વિરેન્દ્ર ચટ્ટોપાધ્યાય, મદનલાલ ઢિંગરા, સરદારસિંહ રાણા, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ અને બીજા અસંખ્ય નામી-અનામી દેશભકતોનો સમાવેશ થાય છે, એ તમામની પૂણ્ય સ્મૃતિઓને... !
* અહિંસાના ભ્રામક અફિણી ઘેનમાં ઘોરતા આ દેશના એવા તમામ જાગૃત નાગરિકોને, જેમને વીર સાવરકરની રક્તિમ વિચારધારામાં આજે પણ શ્રદ્ધા છે.... !
* ભારતમાતાનાં ભાલ ઉપર અમીટપણે અંકાયેલા આ તેજસ્વી સપૂતોને હૃદયનાં ઊંડાણમાંથી ઊમટતા ભક્તિભાવ સહ,

સાદર અર્પણ.

ડૉ. શરદ ઠાકરનાં અન્ય પુસ્તકો

૧. ડૉકટરની ડાયરી : ભાગ-૧ (આવૃત્તિ-૨)
૨. ડૉકટરની ડાયરી : ભાગ-૨ (આવૃત્તિ-૨)
૩. ડૉકટરની ડાયરી : ભાગ-૩ (આવૃત્તિ-૨)
૪. રણમાં ખીલ્યુ ગુલાબ : ભાગ-૧ (આવૃત્તિ-૨)
૫. રણમાં ખીલ્યુ ગુલાબ : ભાગ-૨ (આવૃત્તિ-૨)
૬. તન તુલસી, મન મોગરો
૭. તડકા વસંતના
૮. શ્વેત કાગળ, લીલી લાગણી
૯. ભીતર ભીનું આકાશ
૧૦. પડઘ ઊગ્યા પ્રેમના (નવલકથા)
૧૧. સપનાની હવેલી (પુરસ્કૃત - નવલકથા)
૧૨. ડૉકટરની આપવિતી
૧૩. સ્ટેથોસ્કોપ
૧૪. લતા - એક દંતકથા (અનુવાદ)
૧૫. પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો (ડૉ. એચ. એલ. ત્રિવેદીની આત્મકથા 'Tryst With Destiny' નો અનુવાદ)
૧૬. વગડા વચ્ચે ટહુકો : ભાગ-૧
૧૭. વગડા વચ્ચે ટહુકો : ભાગ-૨
૧૮. શ્વાસના પ્રવાસમાં

આગામી પુસ્તકો

૧૯. મને વરસાદ ભીજવે (નવલકથા)
૨૦. ડૉકટરની ડાયરી : ભાગ-૪
૨૧. સજનવા ('રણમાં ખીલ્યું ગુલાબ'ના ચૂંટેલા પ્રસંગોનો સંગ્રહ)
૨૨. કોઈ પ્રેમ કરે કોઈ પૂજા
૨૩. સંબંધ પણ ઉમેરો જરા સારવારમાં
૨૪. પાંપણના પ્રદેશમાં
૨૫. વણદીઠાં શમણાંનો ભાર : (નવલકથા)
૨૬. એની સુગંધનો દરીયો
૨૭. લાગણીનો દસ્તાવેજ
૨૮. આંસુ ભનાં અક્ષર

ઋણસ્વીકાર

- 'સાધના' સામયિકના ટ્રસ્ટિઓનો, તંત્રીશ્રીનો તથા તમામ કર્મચારીઓનો.
- વડોદરાના સાવરકર પ્રેમી યુવાન શ્રી ચિરાયુ પંડિતનો.
- વડોદરાના શ્રી જીગર ઈનામદારનો. (પ્રમુખ, યુવા બી.જે.પી., ગુજરાત)
- વડોદરાના યુવાન ગ્રાફિક ડિઝાઈનર ભાઈ શ્રી વિનીત કનોજીયાનો : 'સિંહપુરુષ'ના આવરણ પૃષ્ઠની ડિઝાઈન તૈયાર કરી આપવા બદલ.
- વડોદરાના યુવાન મિત્ર શ્રી કૌસ્તુભ પંડિત : ઉપર જેમનો ઉલ્લેખ છે તે ત્રણેય મિત્રોની સાથે 'સિંહપુરુષ' પુસ્તકના પ્રાગટ્ય માટે સતત દોડધામ અને મહેનત કરવા બદલ.
- 'સાવરકર સ્મૃતિ કેન્દ્ર' - વડોદરાનો
- પાર્શ્વ પ્રકાશનના શ્રી બાબુભાઈ શાહ, ચિ. રાજેશ અને વિરલ.
- આ નવલકથાના અસંખ્ય વાંચકોનો, જેમણે પ્રથમ પ્રકરણથી છેક સમાપન સુધી ટેલીફોન અને પત્રો દ્વારા પોતાનો પ્રેમ, પ્રતિભાવ અને પ્રોત્સાહન પૂરુ પાડીને મને આ ભગીરથ કાર્ય પાર પાડવાની પ્રેરણા આપી.
- 'સમય' નામના એક દિવ્ય તત્ત્વનો જેણે મારી અત્યંત વ્યસ્ત અને કઠિનતમ અંગત જિંદગીમાં પણ આ નવલકથાના લેખનકાર્ય માટે નિરાંત કાઢી આપી.

અનુક્રમણિકા






'અભિનવ ભારત'
સંસ્થાની સ્થાપના
સમયે યુવાન સાવરકર



લંડનમાં ધરપકડ વખતે



વીર ત્રિપુટી : સાવરકર બંધુઓ



વીર સાવરકર, પત્ની યમુનાબાઈ, પુત્રી પ્રભાત અને પુત્ર વિશ્વાસ



હિંદુ મહાસભાના અધ્યક્ષપદે

સિંહપુરુષ : સમયની પગદંડી ઉપરથી પસાર થઈ ચૂકેલા વનરાજનાં પદચિહ્નો

જીવનકથાના આલેખન પાછળની જન્મકથા.

વીર સાવરકરની જિંદગી ઉપર આધારિત નવલકથા લખવાનો વિચાર મારા દિમાગમાં કયારે જન્મ્યો એ ક્ષણની ચોક્કસ જન્મકુંડળી મને યાદ નથી, પણ છેલ્લાં પાંચ વરસમાં નિયત સમયાંતરે કેટલીક છૂટપૂટ ઘટનાઓ એવી બનતી રહી કે મારે ભારતમાતાના આ ઓરમયા, અભિશપ્ત પુત્ર વિશે લખવા માટે હાથમાં કલમ પકડવી જ પડી.

પહેલી ઘટના ઈ. સ. ૨૦૦૩માં બની. એ છવ્વીસમી માર્ચનો દિવસ હતો. હું કન્સલ્ટિંગના કામમાંથી પરવારીને 'લંચ' લેવા માટે ઘરમાં પ્રવેશ્યો. રોજની ટેવ મુજબ ભોજનની થાળી ભરીને ડ્રૉઈંગરૂમમાં જમવા બેઠો. જમતી વખતે ટી.વી જોવાની મને આદત છે. એમાંય ખાસ તો સમાચાર જોવાની.

ભોજનનો પહેલો જ કોળિયો હાથમાં લીધો, ત્યાં મારી આંખો ટી.વી. સેટ ઉપર ચોંટી ગઈ. ક્રિકેટ વર્લ્ડકપનાં ઢોલનગારાં (એ વખતના વર્લ્ડકપનાં) અને રેલવે બજેટના બૉંબધડાકાઓ વચ્ચે મંદિરમાં વાગતી ધીમી ઝાલર જેવા એક પવિત્ર સમાચાર મેં સાંભળ્યા : દેશની સંસદના મધ્યકક્ષમાં રાષ્ટ્રપતિ શ્રી કલામના હસ્તે વીર સાવરકરના તૈલચિત્રનું અનાવરણ.'

આટલું સાંભળતાંમાં જ હાથમાં લીધેલો કોળિયો જાણે મિષ્ટાન્ન બની ગયો ! પણ માત્ર થોડી ક્ષણો પૂરતો જ ! આ મીઠો કોળિયો મોંમાં મૂક્યો એ પછી તરત જ કવીનાઈનની કડવી દવા કાનમાં રેડાણી : 'આ સમારંભનો કાંગ્રેસ પક્ષ દ્વારા કરાયેલો બહિષ્કાર વિરોધપક્ષના નેતા સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિને અનુરોધ કર્યો કે તેઓ પણ આ સમારંભમાં ન પધારે !'

સાંભળીને મારી છાતીમાં ધારદાર ખંજર ભોંકાયું હોય એવી વેદના ઊભરી આવી. મારી આંખોના આર્દ્ર ખૂણામાં આક્રોશનો લાલ લિસોટો અંજાઈ ગયો. દેશ માટે ફાંસી પર લટકી જનાર ઈન્કિલાબી શાયર રામપ્રસાદ 'બિસ્મીલ'નો.

શે'ર યાદ આવી ગયો : 'જબ વકત ગુલશન પે ખડા થા, તબ લહુ હમને દિયા / અબ બહાર આઈ તો કહતે હૈં, કિ તેરા કામ નહીં !' આ પવિત્ર માતૃભૂમિના બાગને પોતાના રકતનું સિંચન કરનારા રાષ્ટ્ર ભકતોને ઈટાલીથી આયાત કરવામાં આવેલી એક બનાવટી વસંતઋતુ નિર્લજ્જપણે જાકારો આપી રહી હતી ! વીર સાવરકરને જે અન્યાય પં. નહેરુની સરકારે કરેલો, ઈન્દિરા ગાંધીએ કરેલો, એ જ અન્યાય હવે સોનિયાજી કરી રહ્યાં છે અને એમની હવે પછીની એકોતેર પેઢી કરતી રહેવાની છે.

ભગવાનનો એટલો પાડ કે ૨૦૦૩ની સાલમાં ભારતના વડાપ્રધાન તરીકે સિંહાસન ઉપર શ્રી અટલજી હતા. બાકી સાવરકર અને સંસદપ્રવેશ ? મુશ્કિલ હી નહીં, નામુમકીન હૈ યે ! જીવતેજીવ તો નહીં જ, પણ મર્યા પછી છબિ રૂપે પણ નહીં.

પણ વિધાતાનો એટલો વળી આભાર કે જવાહર જાકિટના લાલ ગુલાબની સુકાઈ ગયેલી પાંખડીઓ નીચેથી સાવરકરની વીરતાના લાલ રંગને ચોરાણું વરસ પછી પણ બહાર આવવા મળ્યું !

પણ સોનિયાનું વિરોધી બયાન સાંભળ્યા પછી હું જમી ન શકયો. વૉશબેઝીનમાં ચવાયેલો કોળિયો થૂંકીને હું ઊભો થઈ ગયો. આ મારી કમજોરી છે. હું રાષ્ટ્ર માટે નિમ્ન કક્ષાનું પણ બલિદાન આપી શકયો નથી એ સ્વીકારું છું. પરંતુ સુભાષ, સરદાર, સાવરકર કે શહીદ (ભગતસિંહ)નાં ઉચ્ચતમ બલિદાનો યાદ કર્યા પછી સ્વસ્થ પણ રહી શકાતો નથી. સામાન્ય રીતે મારાથી ભૂખ્યા રહી શકાતું નથી. હું પ્રખર શિવભકત હોવા છતાં મહાશિવરાત્રીના દિવસે ઉપવાસ વેઠી નથી શકતો. શ્રાવણ માસનાં એકટાણાં તો દૂરની વાત છે ! પણ જે દિવસે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા હતા એ તારીખ... હા મિત્રો ! દર વરસે એક વાર આવતાં એ શહીદ - દિને એટલે કે ૨૩મી માર્ચે મારા ઘરના રસોડામાં મારા માટે ચૂલો જલતો નથી. કોશિશ કરું તો પણ ખવાતું નથી. હૃદયમાં આગ અને મનમાં આ પંક્તિઓનું ગુંજન આખો દિવસ ચાલતું રહે છે : 'શહીદોં કી ચિતાઓં પર લગેંગે હર બરસ મેલે, વતન પે મરનેવાલોં કા યહી નામો-નિશાં હોગા !'

૨૦૦૩ની ૨૬મી માર્ચની એ બુધવારી બપોરે પણ બરાબર એમ જ બન્યું. હું ભરેલ ભાણા ઉપરથી ઊભો થઈ ગયો.

એ દિવસે મારે 'રણમાં ખીલ્યું ગુલાબ'નો નવો એપિસોડ લખવાનો હતો. એ વખતે હું 'સંદેશ'માં લખતો હતો. પ્રેમની પોચીપોચી વાતો અને છાતીમાં મખમલી

પીંછું ફરતું હોય એવા સંવાદો મારા દિમાગમાં આકાર પામી રહ્યા હતા, પણ હવે એનું સ્થાન સાવરકર નામની ભડભડતી અગનજ્વાળાએ લઈ લીધું હતું.

મેં સાવરકર વિશે ત્રણ પાનાં ભરીને એક આગઝરતો લેખ લખી નાખ્યો. 'સંદેશ' ઉપર રવાના કરી દીધો. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ...! કશા જ સમાચાર નહીં. મેં ફોન કરીને પૂછ્યું, 'શું વિચાર્યું સાવરકરજીનું ?'

સંપાદકે જવાબ આપ્યો, 'મુંઝવણમાં છીએ. આ લેખને રવિવારની રોમેન્ટિક કૉલમમાં શી રીતે લઈ શકાય ?

હું ધૂંધવાયો, 'મને આ વાતનો અંદાજ હતો જ. એટલે તો મેં એ લેખની સાથે એક રોમેન્ટિક વાર્તા પણ મોકલેલી જ છે. તમે એક કામ કરી શકો; સાવરકરને રવિવાર સિવાયના બીજા કોઈ ચાલુ દિવસે સ્થાન આપો. પૈસાની ચિંતા ન કરશો. હું એ લેખનો પુરસ્કાર નહીં લઉં...'

'અરે, પણ... તમે સાંભળો તો ખરા ! અમારી મૂંઝવણ એ વાતની છે કે તમારો સાવરકરજી ઉપરનો લેખ માલિકે વાંચ્યો છે... અને એમનું કહેવું એમ છે કે...'

'સમજી ગયો ! જે અન્યાય વીર સાવરકરને આજ સુધી કૉંગ્રેસીઓએ કર્યો છે એ જ અન્યાય હવે અખબારો કરવા માગે છે !!' હું હતાશ થઈને ફરિયાદ કરવા પર ઊતરી આવ્યો.

સંપાદકે સમયસર મને સંભાળી લીધો, 'તમારી ભૂલ થાય છે, શરદભાઈ ! અમારી મૂંઝવણ તમે ધારો છો એ નથી. માલિકે તમારું લખાણ વાંચીને ફરમાન છોડ્યું છે કે આ લેખ રવિવારે જ છાપવાનો છે, પૂર્તિના છેલ્લા પાને જ છાપવાનો છે અને ડૉ. શરદ ઠાકરની રેગ્યુલર કૉલમમાં જ છાપવાનો છે. હવે સવાલ એ છે કે ગુલાબી રંગની કટારમાં આ શહાદતનો લાલ રંગ કયાં અને કેમ કરીને ગોઠવવો ?'

હું ઝૂમી ઊઠ્યો. આવી સાત્ત્વિક મૂંઝવણના તો મારી પાસે સો - સો ઉપાયો હતા. મેં એક ઉપાય બતાવ્યો, 'એ લેખના મથાળે આટલું લખી નાખો : 'રણમાં ખીલેલા બેનમૂન ગુલાબ જેવું વિરલ વ્યક્તિત્વ : વીર સાવરકર.' એટલે કૉલમ પણ સચવાઈ જશે અને સાવરકર પણ શોભી ઊઠશે.'

અને સાચે જ એ રવિવારે 'સંદેશ'ની રવિવારની પૂર્તિમાં વીર સાવરકર જે રીતે શોભી ઊઠ્યા એ રીતે તો ઈંગ્લેન્ડની રાણીના તાજમાં જડાયેલો કોહિનૂર પણ નથી શોભતો !

દિવસોના દિવસ સુધી વાંચકના અશ્રુભીના પત્રો 'સંદેશ'ના સરનામે ઠલવાતા રહ્યા.

'સંદેશ'ના મર્દ માલિક શ્રી ફાલ્ગુનભાઈએ ખાસ મને ફોન કરીને પોતાની પ્રસન્નતા વ્યકત કરી : 'શરદભાઈ, વધુ તો શું કહું ? પણ તમે ખૂબ સુંદર લખો છો !'

એ પણ બપોરનો સમય હતો. મારો જવાનો સમય ! ફોન મૂકીને હું રીતસર રસોડામાં દોડી ગયો. અચાનક મને કકડીને ભૂખ લાગી હતી. એ દિવસે હું બમણું જમ્યો. ગયા બુધવારનું બાકી રહ્યું હતું ને !!

ઉપરની ઘટનાને છ - આઠ મહિના થઈ ગયા. ત્યાં સુધીમાં ગુજરાતમાં 'દિવ્ય ભાસ્કર'નો પ્રવેશ થઈ ચૂકયો હતો. દાયકાઓથી સ્થગિત થઈને તાજગી ગુમાવી બેઠેલાં ગુજરાતી અખબારોની દુનિયામાં એક નવી હલચલ પેદા થઈ ગઈ હતી. ભાવિનાં એંધાણ પારખીને હું પણ 'દિવ્ય ભાસ્કર'માં જોડાઈ ગયો.

ત્યાં સુધીમાં મેં કયારેય 'સાધના' માટે કશું પણ લખ્યું ન હતું. એ તક મને હવે મળી. 'સાધના'ના તત્કાલીન તંત્રી શ્રી કિશોર મકવાણાનો ફોન આવ્યો, 'શરદભાઈ, સાવરકર વિશે આપણે વિશેષાંક જેવું કશુંક તૈયાર કરી રહ્યા છીએ. તમે પણ એમના વિશે...'

'થોડા મહિના પહેલાં 'સંદેશમાં છપાયેલો લેખ મોકલી આપું ? ચાલશે ?'

'ના, કશુંક નવું મોકલો.' કિશોરભાઈએ દિશાનિર્દેશ કર્યો. ત્યાં સુધીમાં સાવરકરજી લિખિત 'મારી જનમટીપ' હું ત્રણેક વાર વાંચી ગયો હતો. અને ત્રણેય વાર હું રડી પડ્યો હતો. કિશોરભાઈએ મને ચોથી વાર રડવાની ફરજ પાડી.

હું ફરી એક વાર એ પુસ્તક વાંચી ગયો. પછી એના નિચોડરૂપે એક લેખ લખીને 'સાધના' માટે મોકલી આપ્યો. વાંચકોને એ ગમ્યો. પછી ફરી વાર એક નિમિત્ત ઊભું થયું. આ વખતે મારા દિલમાં ભડભડતી આગમાં પેટ્રોલ છાંટવાનું પાપકર્મ પેટ્રોલિયમ ખાતાના પ્રધાન મણિશંકર ઐયરે કર્યું.

એમનું વિધાન : 'આંદામાનની સેલ્યુલર જેલની દીવાલો પરથી સાવરકરના વિધાનોવાળી તકતીઓ દૂર કરવામાં આવશે.'

અને હું સોનિયા ગાંધીના આ તળિયાચાટુઓનાં છોતરાં કાઢવા બેસી ગયો. એ લેખની ભાષા બહુ જલદ હતી. જામનગરથી ડૉ. આચાર્યનો તો એ બદલ ફોન પણ આવી ગયો, 'શરદભાઈ, તમારી 'ડૉ.ની ડાયરી' હું વર્ષોથી વાંચતો આવ્યો છું. તમે વાંચકોને રડાવી જાણો છો. પણ સાવરકર વિશેના લેખમાં તમે એટલો બધો આર.ડી.એકસ. ઠાલવ્યો કે વાંચીને દાઝી જવાય !'

મેં એમને માહિતગાર કર્યા, 'તમારું ઑબ્ઝર્વેશન તદ્દન સાચું છે. મૂળભૂત રીતે હું કરુણાનો માણસ છું. જે લખાણ વાંચીને વાંચકો રડે છે, એ લખાણો લખતી વખતે હું પણ રડ્યો હોઉં છું, પણ એટલું સમજી લેજો, મિત્ર ! હું સમય આવ્યે કાતિલ પણ બની શકું છું. મારી આંખમાં આંસુ પણ છે ને છાતીમાં આગ પણ છે. સાવરકરથી માંડીને સુભાષ સુધીનાં નામો મારી કમજોર કડીઓ છે. દુખતી નસ છે. જો કોઈ દુષ્ટ માનવી મારી દુખતી નસ ઉપર આંગળી મૂકી દેશે, તો પછી મારી છંછેડાયેલી કલમ કટાર બની જશે !'

છેવટે મારા અને મારા મિત્રોના મનમાં એક સુવિચાર જન્મ્યો; ક્યાં સુધી આ ડાબા હાથે મૂકી દેવાયેલા દેશભક્ત વિશે આમ છૂટક-છૂટક લખતા રહેવું? એના કરતાં એક વાર નિરાંતે સમય કાઢીને આ વીર પુરુષના સમગ્ર જીવનને આવરી લેતું એક પુસ્તક વાંચકોના હાથમાં કેમ ન મૂકી દેવું ?

પણ સાવરકરજીની જીવનકથા લખવા માટે તો કેટલા બધા સંદર્ભગ્રંથો વાંચી જવા પડે ! બહુ મોટું અને અઘરું કાર્ય હતું આ. પણ હું ચોટલીએ ગાંઠ મારીને બેસી ગયો. સાતથી આઠ હજાર પાનાંઓમાં સચવાયેલું એમનું જીવનકાર્ય અને વિચાર-વિશ્વ ત્રણ-ત્રણ વાર વાંચી ગયો. 'મારી જન્મટીપ' પાંચમી વાર વાંચવી પડી. ક્યાંક જરા પણ વિગતદોષ રહી જાય તે ન પાલવે. સાલવારી કે ઘટનાક્રમમાં પણ વિસંગતિ રહી જાય તે ન ચાલે.

આટલો પરસેવો પાડ્યા પછીનું પરિણામ એટલે આ 'સિંહપુરુષ'. સરદાર પટેલને આપણે લોહપુરુષ કહીએ છીએ, તો સાવરકરજી માટે 'સિંહપુરુષ'થી વધુ સારું વિશેષણ હું વિચારી નથી શકતો અને આટલો પરસેવો પાડ્યા પછી હું કબૂલ કરું છું : આ પુસ્તક માત્ર પરસેવાનું પરિણામ નથી જ નથી ! એ લિટરબંધ પરસેવામાં થોડાંક બુંદ સાવરકરજી પ્રત્યેના પ્રગાઢ પ્રેમનાં પણ સામેલ છે.

દેશની યુવાન પેઢી રાહુલ ગાંધી, પ્રિયંકા વાઢેરા કે શાહરૂખ - સલમાન વિશે જેટલું જાણે છે, એના હજારમા ભાગ જેટલું યે આપણા દેશભક્તો વિશે નથી જાણતી. વેલેન્ટાઈન ડે ઉપર કરોડો રૂપિયાના ગ્રીટીંગ્ઝ પાછળ નાણાં વેડફી નાખતી આજની પેઢીને સ્વામી વિવેકાનંદની જન્મતારીખ પૂછો એટલે સમજાઈ જશે કે શા માટે આ દેશનું અધઃપતન થયું છે.

મારો ઈરાદો આ વર્તમાન સ્થિતિમાં થોડાં વમળો પેદા કરવાનો છે. સોનિયાજીની સાડીની બોર્ડર પાછળ મુગ્ધ થતી કે પ્રિયંકા ચોપરાની પેન્ટીની બ્રાન્ડ કહી આપતી આ વર્તમાન પેઢીને મારે માત્ર એટલે જ જણાવવું છે કે આ મહાન

દેશમાં કોઈક સમયે એક મહાન માણસ થઈ ગયો હતો જેનું નામ હતું : વિનાયક દામોદર સાવરકર.

નવલકથાના રસિક, ચિત્રાત્મક ઢાંચામાં લખાયેલી આ નવલકથા એ માત્ર જીવનકથા નથી, મિત્રો ! વિશેષણોનાં વસ્ત્રો કે રૂપક, અતિશયોક્તિ અને ઉપમાના અલંકારોથી સજાવેલી આ કોઈ ભભકભરી 'બાયોગ્રાફી' પણ નથી. આ તો હૃદયમાંથી ટપકેલી અને પૃષ્ઠો પર પથરાયેલી, એક નરપુંગવ પ્રત્યેની પ્રેમકથા છે.

આંખોમાં આંસુ અને કલમમાં ખૂન ભરીને લખાયેલી આ નવલકથા એટલે 'સિંહપુરુષ', એ બીજું કશું જ નહીં, પણ સમયના પટ ઉપર ઘેટાં - બકરાંનાં ટોળાં વચ્ચેથી શેર પગલાં પાડીને ચાલ્યા ગયેલા એક સિંહ જેવા પુરુષની 'ફૂટપ્રિન્ટ' છે.



શા માટે મારે લખવી પડી આ 'બાયોગ્રાફીક' નવલકથા ?

- લેખકની કેફિયત

'શરદભાઈ ! મેં મોકલાવેલું પુસ્તક મળી ગયું ?' આજથી બરાબર સાડા છ મહિના પહેલાં પ્રસિદ્ધ પત્રકાર, લેખક અને મારા અંગત મિત્ર શ્રી સૌરભ શાહનો ફોન આવ્યો.

'હા, સૌરભભાઈ ! તમારો આભાર !'

'ગઈ કાલે સાંજે જ એ પુસ્તક મારા જોવામાં આવ્યું. મેં એની બે નકલો ખરીદી લીધી; એક તમને ભેટ આપવા માટે અને બીજી આપણા ગૃહમંત્રી અમિતભાઈ શાહને આપવા માટે.'

'આભાર, સૌરભભાઈ ! તમારો ખૂબ ખૂબ આભાર !'

એ હસ્યા, 'તમારી જીભની 'પિન' વાતચીતની રેકર્ડ ઉપર 'આભાર'ના ખાંચામાં ફસાઈ ગઈ છે; અને જલદીથી તમે બહાર કાઢો ! આભારની ઔપચારિકતા છોડો અને 'ભાર'ના અતિ મહત્વના મુદ્દા પર આવો !'

વાતચીત ચાલુ હતી. હું સેલફોન ઉપર હતો, માટે 'મોબાઈલ' હતો. (એટલે કે હરી-ફરી શકતો હતો.) સૌરભભાઈના બોલવામાં જે નિસ્બત રણકી રહી હતી એનાથી હું સાવધ બની ગયો. સામે ટેબલ ઉપર પડેલા પુસ્તક ઉપર મેં નજર ફેંકી. એમનો માણસ થોડી વાર પહેલાં જ એ પુસ્તક મને આપી ગયો હતો. મેં ટેબલ પાસે જઈને એ મધ્યમ કદની અંગ્રેજીમાં લખાયેલી ચોપડી ઉઠાવી.

પુસ્તકનું નામ હતું : સાવરકર એન્ડ હિન્દુત્વ. લેખક હતા : એ. જી. નૂરાની. નિસ્તેજ મુખપૃષ્ઠનો ઉપરનો અડધો હિસ્સો મુસ્લિમ સ્ત્રીના કપાળના જેવો કોરો હતો, જેમાં જમણા ખૂણે સાવ ગરબડિયા અક્ષરે લેખક અને પુસ્તકનાં નામ છપાયેલાં હતાં.

પુસ્તકના નીચલા અર્ધા હિસ્સામાં પાંચ દાયકા જૂનો એક ફોટોગ્રાફ છાપેલો હતો. એની ઉપર લખેલું હતું : ધી ગોડસે કનેકશન.

જી હા, જો તમે કલ્પનાના મહારાજા હશો, તો અવશ્ય સમજી ગયા હશો કે એ તસવીરમાં કોણ - કોણ હશે ! જાણે મોહેં-જો-દડોનું 'ખોદકામ' કરતા હોય એવી 'જહેમત' લઈને શોધી કાઢેલો એ ફોટોગ્રાફ મહાત્મા ગાંધીની હત્યા પછી અદાલતી

કાર્યવાહી સમયે આરોપીના કઠેડા પાછળ બેઠેલા નવ 'અપરાધીઓ'નો 'અલભ્ય' ફોટોગ્રાફ હતો.

ઉપરના ફકરામાં ખોદકામ - જહેમત અને અલભ્ય જેવા શબ્દોને ખાસ અવતરણચિહ્નમાં લેવા પાછળનું એક માત્ર કારણ એ જ કે આ તસવીર જરા પણ અલભ્ય નથી. ગાંધી હત્યાના મુકદમા વખતે હિંદુસ્તાનનાં તમામ અખબારોમાં એ છપાઈ ચૂકેલી છે. એની નકલ મેળવવા માટે જરા જેટલુંયે ખોદકામ કરવાની જહેમત લેવી જરૂરી નથી. ખોદકામને બદલે ખોતરકામથી જ સરી જાય એવું સહેલું કામ છે.

એ તસવીરમાં જેમના પર ગાંધીજીની હત્યાનો આરોપ મૂકવામાં આવેલો એ તમામ મોજૂદ છે; નાથુરામ ગોડસે, આપ્ટે, કરકરે, (તાજનો સાક્ષી બની ગયેલો) બડગે, મદનલાલ પાહવા, ગોપાલ ગોડસે, શંકર, સાવરકરજી અને ડૉ. પરચુરે.

૨૨મી જૂન, ૧૯૪૮ની આ તસવીર; ૨૦૦૨માં પ્રકાશિત થયેલા આ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર શા માટે લેવી પડે એ હું કેમેય કરીને સમજી ન શકયો.

મારા જેવા અલ્પમતિને મદદ કરવા માટે સામા છેડે મિત્ર સૌરભ શાહ તૈયાર પણ હતા અને તલપાપડ પણ : 'મને ખબર છે કે તમે વીર સાવરકર વિશે એક અભ્યાસપૂર્ણ નવલકથા લખવાની તૈયારીમાં છો. એને માટે તમે ઘણું બધું વાંચન કરી રહ્યા છો. મારો અનુરોધ છે કે આ પુસ્તક પણ તમે વાંચી જાઓ !'

'પણ આ તો સાવરકર - વિરોધી અને હિંદુ - દ્વેષી એવા કોઈ મુસ્લિમ લેખકે લખેલું પૂર્વગ્રહયુક્ત પુસ્તક હોય એવું લાગે છે. મારે એ વાંચવાની શી જરૂર ?'

'જરૂર છે, મિત્ર ! આ ચોપડી લખનાર એ. જી. નૂરાનીની ગણના એક વિદ્વાન તરીકે થાય છે. એણે કોના ઈશારે આ પુસ્તક તૈયાર કર્યું હશે એ સમજવું અઘરું નથી અને આ પુસ્તક બહાર પાડવા માટે એણે પસંદ કરેલો સમય પણ જોવા જેવો છે. ગોધરાકાંડ પછી ગુજરાતમાં થયેલા મુસ્લિમ - વિરોધી રમખાણોની અગનજવાળામાં પેટ્રોલ છાંટવા માટે જ આ ચોપડી બજારમાં રમતી મૂકવામાં આવી છે. તમે ચીવટપૂર્વક ચોપડી વાંચી જાવ અને આ 'અભણ' મુસ્લિમ વિદ્વાનને ઉઘાડો પાડો ! મારો તો આગ્રહ છે કે નવલકથા શરૂ કરતાં પહેલાં એકાદ લેખ આ પુસ્તક વિશે પણ લખો...'

''જૈસા હુકમ, મેરે આક્કા !' કહીને મેં ફોન મૂક્યો અને પછી તરત જ એ પુસ્તક ઉપાડ્યું. (ઉપાડેલું તો હતું જ, પણ હવે જોવા માટે નહીં, વાંચવા માટે ઉપાડ્યું.)

* * *

ઉકરડો જેમ દૂરથી જ ગંધાય છે, એમ આ પુસ્તક પણ પહેલા પૃષ્ઠથી જ ગંધાવાની શરૂઆત કરી દે છે. અર્પણનું પાનું જ વિકૃતિથી છલકાય છે. નૂરાનીએ આ પુસ્તક ગોધરાકાંડ પછીનાં રમખાણોનો ભોગ બનેલા માણસોને તથા પ્રસારમાધ્યમોના મિત્રોને અર્પણ કર્યું છે; એવા પ્રત્રકાર- 'મિત્રો' જેમના એકતરફી

વલણે વિશ્વના નકશા ઉપર ભારતને 'ગૌરવભર્યું' સ્થાન અપાવ્યું છે ! આ એકતરફી વલણ એટલે મુસ્લિમ તરફી અને ગુજરાત વિરોધી વલણ.

નૂરાનીના મતે ગોધરાકાંડનો પ્રારંભ પ્લેટફૉર્મ ઉપર બળીને રાખ થઈ ગયેલા નિર્દોષ હિંદુઓથી નથી થતો; દરેક મુસ્લિમની જેમ એમના મતે પણ ગોધરાકાંડની શરૂઆત સ્ટેશનની બહાર નીકળ્યા પછી જ થાય છે.

આખું પુસ્તક હું ઝીણવટથી વાંચી ગયો છું. એમાં ઊડીને આંખે વળગે એવા લેખક મહોદયના બે જ ઉદ્દેશો છે : એક, વીર સાવરકર વીર પુરુષ નહીં, પણ કાયર હતા એ સાબિત કરવાનો અને બીજું, મહાત્મા ગાંધીની હત્યા પાછળ મુખ્ય હાથ સાવરકરજીનો હતો એવું સિદ્ધ કરવાનો ! આનંદ એ વાતનો છે કે આ 'વિદ્વાન' લેખક આ બંને ઉદ્દેશોમાં ભયંકર રીતે નિષ્ફળ ગયા છે.

વીર સાવરકરને કાયર કહેવા, ગણવા કે સ્વીકારવા એ તુલસીના પવિત્ર છોડને તમાકુના છોડ તરીકે ખપાવવા જેવું જઘન્ય કૃત્ય છે. જે નરબંકાએ જુવાનીના ઉંબરે પગ મૂકતાં પહેલાં મા ભવાનીની મૂર્તિ સમક્ષ પ્રતિજ્ઞા લીધી હોય કે માતૃભૂમિની આઝાદી માટે એ પોતાનું સમગ્ર જીવન અર્પણ કરશે અને જરૂર પડે તો એમના સહિત ત્રણેય ભાઈઓ પોતાની જિંદગીઓ પણ મૃત્યુના દ્વાર ઉપર ધરી દેતાં ખચકાશે નહીં, એ બહાદુર પુરુષ ભવિષ્યમાં કાયર કેવી રીતે બની શકે ?

આંદામાનની કાળકોટડીમાંથી મુક્ત થવા માટે સાવરકરે અંગ્રજોને માફીપત્ર લખી આપ્યો હતો એ આક્ષેપ આજકાલનો નથી, પણ દાયકાઓ જૂનો છે. એને રદિયો પણ આપવો એ પણ હવે થાક લાગે એવી કસરત બની ચૂકી છે.

વીર સાવરકરે લખી આપેલો એ કાગળ ક્ષમાપત્ર ન હતો, પણ કરારપત્ર હતો, જેમાં એમણે સ્પષ્ટ લખ્યું હતું કે આ કાગળમાંના લખાણનું અર્થઘટન સાવરકરજી કરે એ પ્રમાણે માનવામાં આવશે, નહીં કે અંગ્રેજો કરે તે પ્રમાણે. અને એમની જેલમુક્તિનું ખરું કારણ સિત્તેર હજાર કરતાંયે વધારે બુદ્ધિજીવી લોકોએ પોતાની સહીઓ દ્વારા વાઈસરૉયને પાઠવેલો આવેદનપત્ર હતો.

જે કરારપત્રનું અર્થઘટન કરવાનો અધિકાર ખુદ અંગ્રેજોને પણ ન હતો, એ અધિકાર મુસ્લિમોને, કૉંગ્રેસીઓને અને સામ્યવાદીઓને કેવી રીતે મળી ગયો ?

આ ઉપરાંત સાવરકરજીને કાયર તરીકે નહીં સ્વીકારવા માટે મારી પાસે મારી પોતાની મૌલિક દલીલો પણ છે.

વીર સાવરકર કોઈ પણ દૃષ્ટિએ મહાત્મા ગાંધી ન હતા. એમને ગાંધીજીના નિઃશસ્ત્ર, અહિંસક સત્યાગ્રહમાં સહેજ પણ વિશ્વાસ ન હતો. જ્યારે કોઈ પણ યોદ્ધો દેશને આઝાદ કરાવવા માટે અહિંસા સિવાયના ઉપાયો પ્રયોજે છે, ત્યારે એના સિદ્ધાંતો, આયુધો અને તર્કો પણ બદલાય છે.

ચિત્તો શિકાર ઉપર છલાંગ મારતાં પહેલાં એક ડગલું પાછળ હટે છે. શું આ એની કાયરતા છે ?

ભગવાન શ્રીકૃષ્ણ જરાસંઘ સામેના જંગમાં રણમેદાન છોડીને 'નાસી' છૂટેલા (એટલે તો 'રણછોડ' કહેવાય !); શું એ તેમની કાયરતા હતી ?

મોગલ બાદશાહ અકબરની મહાસાગર જેવડી સેનાને ભારતભરમાંથી માત્ર એક જ મર્દે પડકારી હતી. પોતાના 'શૂરા બાવીસ હજાર' સૈનિકોને સાથે લઈને હલ્દીઘાટીના મેદાનમાં એક ઐતિહાસિક યુદ્ધ લડવા માટે ઊભા રહેલા વીર પ્રતાપ જ્યારે ઝખ્મી થયા, શત્રુઓના હાથમાં કેદી તરીકે પકડાવાની અણી ઉપર આવી ગયા, ત્યારે એમનો વફાદાર, જાતવાન અશ્વ ચેતક પોતાની પ્રાણીસહજ આંતરસૂઝને લઈને રણભૂમિ છોડી ગયો.

શું મહારાણા પ્રતાપ કાયર હતા ?

આ બધાં ઉદાહરણો તો આપણા દેશનાં છે, આપણા ધર્મનાં છે, પણ એક ઉદાહરણ અરબસ્તાનની ભૂમિનું પણ તપાસી લઈએ. આપણે કોઈ વિધર્મી મહાપુરુષનું નામ નથી લખવું. (એટલા માટે નહીં કે આપણે કાયર છીએ; પણ એટલા માટે કે એ આપણા સંસ્કાર નથી.)

જનાબ નૂરાનીને એટલું જ પૂછવાનું કે આસમાનમાં બેઠેલા માલિકના એક માત્ર સંદેશવાહક (મૅસેન્જર) અરબસ્તાનમાં એક શહેરમાંથી પોતાનો જાન બચાવવા ખાતર બીજા શહેરમાં નાસી ગયા હતા (એ ઘટના સાથે તો એક ધર્મની સાલવારી પણ જોડાયેલી છે); તો શું એ મહાન ધર્મપ્રસારક કાયર હતા? આ સવાલનો જવાબ કૉંગ્રેસીઓ પણ આપી શકે છે.

જગત આખાને ગેરીલાયુદ્ધની ભેટ આપનાર છત્રપતિ શિવાજી મહારાજ કાયર હતા ? (કારણ કે ગેરીલાયુદ્ધમાં તો અસાવધ શત્રુઓ ઉપર અણધાર્યો હુમલો કરીને પછી નાસી જવાનું હોય છે.)

ઉપરનાં તમામ દૃષ્ટાંતોમાં એક સિદ્ધાંત 'કૉમન' છે; જીવતો નર ભદ્રા પામે ! જાન બચી તો લાખો પાયે ! સાવ આંધળુકિયાં કરીને દુશ્મનના હાથે હણાઈ જવું એ બહાદુરી નહીં, પણ મૂર્ખતા છે.

મહારાણા પ્રતાપ કે છત્રપતિ શિવાજી જો દુશ્મનના સકંજામાંથી છટકી ગયા ન હોત, તો હિંદુત્વને શો ફાયદો કરાવી શકયા હોત ?

મહંમદ સાહેબે મક્કાથી મદીનાની હિજરત કરી ન હોત, તો ઈસ્લામ ધર્મની સ્થાપના અને પ્રસાર શી રીતે શકય બન્યો હોત ?

અને શ્રીકૃષ્ણ જો જરાસંઘના હાથે જ હણાઈ ચૂકયા હોત, તો શિશુપાલ અને જયદ્રથથી માંડીને કૌરવસેનાનો નાશ કેવી રીતે શકય બન્યો હોત ?

કાયરતા અને કૂટનીતિ વચ્ચે ફરક છે, જનાબ નૂરાની !

અને કાયરતા કોને કહેવાય એ વિશે એક ઉદાહરણ, જે બહુ નજીકના ભૂતકાળનું જ છે. ભૂ. પૂ. વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી. એ સાલ હતી ૧૯૯૧ની. એ પછી ગં. સ્વ. સોનિયાજીને માટે દેશભરમાંથી સહાનુભૂતિનું સુનામી મોજું સુપ્રાપ્ય હતું. તેઓ એ જ વખતે આ દેશમાં સર્વોચ્ચ. પદે આરૂઢ થઈ શકયાં હોત, પણ એ વાત તો દૂર રહી, સોનિયા મેડમે રાજકારણના કુંડાળામાં પગ મૂકવાનું પણ સાહસ ન બતાવ્યું. (લગભગ બધાં એકમતે માને છે કે ક્ષેત્રસંન્યાસ લેવાનું મુખ્ય કારણ અમિતાભ બચ્ચનની સાવચેતીભરી ચેતવણી હતી.)

એ ડરપોક મહિલાએ પૂરા બાર - બાર વરસ સુધી કોંગ્રેસના કક્કાનો 'ક' પણ ઘૂંટવાની હિંમત ન બતાવી ! કોઈ એમની આ કાયરતા ઉપર ચોપડી લખશે ?

અને 'કાયરતાકાંડ' વિશે મારી છેલ્લી દલીલ. એ દલીલ નથી, પણ પડકાર છે, જે કોઈ પણ સાવરકર-દ્વેષી વીર પુરુષ ભરી સભામાં ઉઠાવાતાં પાનનાં બીડાંની જેમ ઊઠાવી શકે છે !

વીર સાવરકરને કાયર ગણતી કોઈ પણ વ્યક્તિ (પછી તે મુસ્લિમ હોય, ખ્રિસ્તી હોય કે પઠાણ હોય), માત્ર ચોવીસ કલાક પૂરતી આંદામાનની એ કાળકોટડીમાં સ્વેચ્છાએ કેદી બનીને પુરાવા માટે આગળ આવે ! અને એ ચોવીસ કલાક માટે મને ત્યાંનો જેલર બનાવી દેવામાં આવે ! મને એ તમામ અધિકારો આપી દેવામાં આવે જે આજથી સો વર્ષ પહેલાં મિ. બારીને આપવામાં આવ્યા હતા.

હું સૂરજ - ચંદ્રની સાખે વચન આપું છું કે જુલ્મો - સીતમનો એ દોર હું મારા પ્રિય કેદી ઉપર વરસાવીશ કે ચોવીસમાંથી બાવીસ કલાક બાકી બચ્યા હશે ત્યાં જ એ મને હું માગું એવો માફીપત્ર લખી આપશે. એ પત્ર એવો હશે જેનું અર્થઘટન હું ધારું એ પ્રમાણે કરી શકાશે. ભારતના તમામ વીરો અને વીરાંગનાઓનું પારખું પોર્ટબ્લેરના એ પિંજરમાં હું કરી આપીશ.

પુસ્તકનો ઉત્તરાર્ધ સાવરકરજીને ખૂની સાબિત કરવાની મથામણથી ભરેલો છે. લેખક મૂર્ખ છે, વ્યવસાયે વકીલ હોવા છતાં એમને કાયદાની મર્યાદાનું ભાન નથી. એ ભૂલી જાય છે કે મહાત્માજીની હત્યા બાદ અન્ય આરોપીઓની સાથે સાથે સાવરકરજી ઉપર પણ ચાર્જશીટ મૂકવામાં આવ્યું હતું, બાકાયદા એમની ઉપર ખટલો ચલાવવામાં આવ્યો હતો. એમની વિરુદ્ધમાં વકીલ તરીકે ખુદ સરદાર વલ્લભભાઈ પોતે અદાલતમાં દલીલો પેશ કરવા માટે હાજર રહ્યા હતા, એવું નૂરાનીનું કથન સરદારશ્રીને છાંટા ઉડાડવાની ચાલ લાગે છે. તત્કાલીન વડાપ્રધાન પં. નહેરુ ખુદ ઈચ્છતા હતા કે સાવરકરને સજા મળે.

પણ એક પણ સાક્ષી કે કોઈ પણ પુરાવો સાવરકરજીને ગુનેગાર ઠરાવી શકયો ન હતો. તાજનો સાક્ષી બડગે પણ એમની વિરુદ્ધ કોઈ ઠોસ પુરાવો પૂરો પાડી શકયો ન હતો. સર્વોચ્ચ અદાલતે પૂરેપૂરો વિચાર કર્યા પછી જ એમને બાઈજ્જત બરી કર્યા હતા.

'ગાંધીજીની હત્યામાં સાવરકરજીનો હાથ નથી' એવું સુપ્રીમ કોર્ટનું તારણ છે. તો પછી આટલાં વરસો બાદ એક મુસ્લિમ વકીલ એવું પ્રતિપાદિત કરવા ઈચ્છતો હોય કે સાવરકરજી એ હત્યા માટે જવાબદાર હતા - આ હકીકતને અદાલતનું અપમાન ન ગણી શકાય ?

આ પુસ્તક સ્પષ્ટપણે ગં. સ્વ. સોનિયા ગાંધીના ઈશારે લખાયેલું લાગે છે. અથવા તો એની પાછળ મુસ્લિમોની વિકૃત માનસિકતા છુપાયેલી છે.

મહાભારતનું મહાકાવ્ય જો વેદ વ્યાસને બદલે દુર્યોધન કે શકુનિ કરે તો એ ગ્રંથની વિશ્વસનીયતા શી હોઈ શકે ?!

જનાબ નૂરાનીને હિંદુઓની હિંસક મનોદશા ચીતરવામાં જો આટલો બધો 'જેન્યુઈન' રસ સાચ્ચે જ હોય, તો છેક ૧૯૪૮ સુધીના દૂરના ભૂતકાળમાં જવાની શી જરૂર હતી ?

તેઓ ૧૯૮૪ના વર્ષમાં લટાર મારવા જઈ શકતા હતા, જ્યારે અહિંસાપ્રેમી કોંગ્રેસીઓ હાથમાં હિંસક શસ્ત્રો લઈને દિલ્હીની શેરીઓમાં શીખ કોમનો વંશવિચ્છેદ કરવા ઊતરી પડેલા !

અરે, ચાલુ ટ્રેનના બંધ ડબ્બામાં કતલ કરી નખાયેલા પ્રાતઃ સ્મરણીય દીનદયાળજીના કેસ વિશે તેઓ એક પુસ્તક લખી શક્યા હોત !

પણ ના, આ ધૂર્ત વિધર્મીને માત્ર રસ પડ્યો છે વીર સાવરકરની જ્વલંત પ્રતિમાને ખંડિત કરવામાં.

ગીઝનીના મહેમૂદે સદીઓ પહેલાં જે વાકય ઉચ્ચાર્યું હતું એ વર્તમાનમાં પણ સાચું જ છે : મુસ્લિમો મૂર્તિભંજક છે !!

મિ. નૂરાની, એક વાત કાન ખોલીને સાંભળી લેજો; વીર સાવરકર કાયર નહોતા. કાયર તો અમે છીએ. એટલે તો તમારા જેવા દેશદ્રોહીઓ હિંદુસ્તાનમાં જીવી રહ્યા છે !!

નૂરાની જેવા એકાક્ષીઓએ એક સાચા દેશભકતને કરેલા હાડોહાડ અન્યાયને શબ્દોના ગંગાજળથી ધોઈને પવિત્ર કરવા માટે હું લખી રહ્યો છું આ નવલકથા જેનું નામ છે : સિંહપુરુષ.

૦ ૦ ૦

૧. ઝેરનું મારણ ઝેર ?

ફૂંફાડો મારતો સાપ ફરી એક વાર ઊછળ્યો. મોતનાં દ્વાર જેવી ખુલ્લી ફેણ જોશપૂર્વક પછાડી, પણ જેને એ દંશ મારવા માગતો હતો એ તેર - ચૌદ વર્ષનો બાળક તો દૂર હતો. એ એની પહોંચમાં ન આવ્યો. અડધા ફૂટ જેટલું અંતર રહી ગયું, ફેણ વીંઝાણી. કાતિલ વિષનો કોગળો લાકડાની પટ્ટીઓની બનેલી સાણસી ઉપર ઠલવાયો. એકસાથે વીસ હાથીઓને યમસદન પહોંચાડી દે એટલું ઝેર ફોગટ ગયું. વિનાયક ખડખડાટ હસી પડ્યો.

ઢીલોઢફ થઈ ગયેલો કાળોતરો નાગ હવામાં વળ લેતો, ઘૂમરી ખાતો પીડાનો માર્યો તરફડી રહ્યો હતો અને છૂટવા માટે મરણિયા પ્રયાસો કરી રહ્યો હતો, પણ આજે એના નસીબમાં માંત્ર પરાજય જ લખાયો હતો.

''તાત્યા, શું કરી રહ્યો છે ?'' અચાનક વિનાયકના કાને સવાલ અથડાયો. પાછળથી એનો મિત્ર રાજારામ ભયભીત સ્વરમાં પૂછી રહ્યો હતો.

''આંધળો છે ? દેખાતું નથી ?'' વિનાયકને લાંબું, અર્થહીન બોલવાની ટેવ ન હતી. એનાં વાક્યો ટૂંકાં, પણ ચોટદાર રહેતાં.

''પણ... પણ તું મોત સાથે રમી રહ્યો છે ! આ તો કાળોતરો નાગ છે નાગરાજ. એના ઝેરનું એક ટીપું પણ... તને ખબર નથી કે એ કેટલો કાતિલ છે ?''

''મને તો ખબર છે, પણ તને એ વાતની જાણ નથી લાગતી કે તારો આ મિત્ર કેટલો ચપળ છે. દસ મિનિટથી એ હવામાં હવાતિયાં મારી રહ્યો છે, પણ એની કારી ફાવી નથી. બસ, હવે મારો વારો છે. આ સાણસો દબાવું એટલી જ વાર.'' વિનાયકે બે હાથે વાંસની બે પટ્ટીઓ ઉપર પકડ સખત બનાવી : ''રાજારામ, તેં ક્યારેય કાળીનાગને મરતાં જોયો છે ?'

''ના તાત્યા, જોયો નથી અને જોવો પણ નથી. તને આજીજી કરું છું કે એને જીવતો જવા દે. મારી ન નાખ. પાપ લાગશે.''

''પાપ ?'' વિનાયકે ફરીથી અટ્ટહાસ્ય કર્યું. નિર્જન પહાડી ઉપરથી એનું હાસ્ય ખુલ્લી હવામાં ગબડતું નીચેની ખીણમાં વિલીન થઈ ગયું. ''ગઈ કાલે જ બાપુએ ભગવદ્ગીતાનો એક શ્લોક સમજાવ્યો હતો. હણનારને હણવામાં પાપ નથી. રાજારામ, ન જાણે આ કાળોતરાએ કેટલા જીવોના પ્રાણ લીધા હશે ?''

પણ રાજારામ આખરે રાજારામ હતો, શ્રીકૃષ્ણનો ઉપદેશ સાંભળનારો અર્જુન ન હતો. એની વિનંતીઓ અને કાકલૂદીઓ આગળ વિનાયકે ઝૂકવું જ પડ્યું.

''જેવી તારી મરજી.'' કહીને વિનાયકે છ ફૂટ લાંબા વાંસની પટ્ટીઓ હવામાં ફેંકી. 'નાગચૂંડ'માંથી મુક્ત થયેલો નાગ હવામાં વમળો રચતો, કપાયેલા પતંગની જેમ ખીણમાં ગરક થઈ ગયો.

ભગૂર ગામથી દૂર આવેલી 'નીમજગા' નામની ટેકરી ઉપર આથમતા સૂરજનાં અંતિમ કિરણો પથરાઈ રહ્યાં હતાં. પાસે જ આવેલી મસ્જિદમાંથી 'અલ્લા... હો... અકબર...'નો નારો બુલંદ થઈ રહ્યો હતો. ઈશાની નમાજનો સમય થવા આવ્યો હતો.

''ચાલો, ઘરે જઈએ.'' કહીને મોટી, પથ્થરની શિલા ઉપર બેઠેલો વિનાયક ઊભો થયો. ઊભા થતી વખતે અવશપણે એક પથ્થર એણે જમીન ઉપરથી ઊંચકયો અને શૂન્યમનસ્કપણે એનો ઘા કર્યો. ખખડધજ મસ્જિદની જર્જરિત ભીંત સાથે અથડાઈને થોડી ધૂળ અને થોડા પોપડા ખેરવીને એ પથ્થર જમીનદોસ્ત થયો.

જાણે એનો પડઘો પડ્યો હોય એવો અવાજ સંભળાયો, ''કૌન હૈ, બે ? કિસ કી મૌત આઈ હૈ ?''

અવાજની પાછળ જ એક ઓળો પણ ઝબકયો. નમાજ માટે આવી રહેલો કોઈ મુસલમાન હતો. આછા અંધકારમાં બે છોકરાઓને ઊભેલા જોઈને એને શૂર ચડ્યું.

''કયું બે લોન્ડે ? મસ્જિદ પે પથ્થર ફેંકતા હૈ ? કાટ કે રખ દૂંગા.''

એના અવાજમાં રહેલો ઘુરકાટ સાંભળીને રાજારામે દોટ મૂકી. નછૂટકે વિનાયકે પણ એને અનુસરવું પડ્યું. ટેકરીના ઢોળાવ ઉપરથી પૂરપાટ દોડતાં એણે જોયું કે સામેથી પાંચ - સાત મુસલમાનોનું ટોળું મસ્જિદની દિશા તરફ આવી રહ્યું હતું. વિનાયક સમજી ગયો કે એ બધા નમાજ પઢવા માટે આવતા હોવા જોઈએ. એમનાથી ડરવાનું કશુંય કારણ ન હતું. ગામ પણ હવે બહુ દૂર ન હતું. વિનાયકે દોડવાનું ધીમું કર્યું. ટોળાની બાજુમાંથી પસાર થતી વખતે એના કાનમાં કેટલાંક વાકયો પ્રવેશ્યાં.

''ગફારભાઈ, આજ તો મઝા આ ગયા. પૂણેમેં બત્તીસ હિંદુઓં કો કાટ ડાલા. તીન ઔરતોં કો હમારે ભાઈયોં ને ઊઠા લિયા. ચાલીસ મકાન જલા દિયે...''

''તુમ કો કૈસે માલૂમ ?''

''આજ કા અખબાર નહી પઢા કયા ? 'પુણે વૈભવ' મેં ભી છપા હૈ. ઔર 'કેસરી' મેં ભી...''

''કેસરી તો તિલક કા હૈ ના ? વો તો અફવાહેં છાપતા હૈ... કલ ઉસ મેં લિખા થા કિ મુસલમાન યદિ દંગે - ફસાદ બંદ નહી કરેંગે, તો ફિર હિંદુઓં કો મજબૂરન...''

''કયા મજબૂરન. હં ? કયા કર લેંગે યે હિંદુ લોગ ? સાલે, બકરિયાં ભી આજકલ દહાડને લગી હૈં.''

વિનાયક દોડતો અટકી ગયો. દૂર પહાડીની પેલે પાર સૂરજ ઢળી ચૂકયો હતો અને અંધકારના આગોશમાં લપેટાઈને નિશાસુંદરી જાગી રહી હતી. બિહામણી ટેકરી ઉદ્દંડ અટ્ટહાસ્યના પડછંદા પાડીને વધારે બિહામણી ભાસી રહી હતી.

દૂર મકાનોમાં જલી ઊઠેલા દીવાઓ તારોડિયાની જેમ ચમકી રહ્યા હતા. એક ઊંડો નિઃશ્વાસ છોડીને વિનાયકે ઘરની દિશા પકડી. રાજારામ કયાંય દેખાતો ન હતો. વિનાયકે વિચાર્યું : એવું કોણે કહ્યું કે ઝેર માત્ર કાળીનાગની દાઢમાં જ હોય છે ? આ નાગનો પણ કોઈક ઉપાય કરવો પડશે.

* * *

મહારાષ્ટ્રમાં નાસિક નજીક આવેલું ભગૂર ગામ. ઓગણીસમી સદી એનાં અંતિમ ચરણોમાં ચાલી રહી હતી. ૧૮૫૭ની નિષ્ફળ ક્રાંતિના પડઘા હજુ વાતાવરણમાંથી શમ્યા ન હતા. આ એ ગામ હતું, જ્યાં ખુદ બાજીરાવ પેશ્વાનાં પરાક્રમી પગલાં પડી ચૂકયાં હતાં.

૧૮૯૭ની એક ઉનાળુ સાંજે જ્યારે ચૌદ વર્ષના વિનાયકે ઘરની ઓસરીમાં પગ મૂકયો ત્યારે વાળુનો સમય થઈ ચૂકયો હતો. થાળીઓ પિરસાઈ ગઈ હતી. પિતાજી, બાપુકાકા, બે ભાઈઓ અને એક બહેન જમવા માટે વિનાયકની જ વાટ જોઈ રહ્યાં હતાં.

વિનાયકે ચંપલ ઊતાર્યાં. ઝટપટ હાથ મોં ધોયાં અને પંગત પડેલી હતી એ તરફ વળ્યો.

''તાત્યા, આજે પાછું મોડું થયું ?'' પિતા દામોદર પંતનો ઘેરો ગંભીર સ્વર મકાનમાં ગુંજી ઊઠ્યો.

''બાપુ, ટેકરી ઉપર ફરવા માટે ગયો હતો. ઠંડી હવામાં સમયનું ભાન ન રહ્યું.''

''આજની વાત જવા દે, બેટા. હું જોઈ રહ્યો છું કે તારું મન આજકાલ ઘરમાં નથી લાગતું.'' પિતાજીના અવાજમાં સહેજ ઉગ્રતા ભળી.

બાજુમાં બેસીને ખીચડીના કોળિયા ભરી રહેલા બાપુકાકાએ નાના ભાઈને વારવાની કોશિશ કરી, ''દામોદર, જવા દે. બાળક છે. જમતી વખતે એને...''

''તમે ચૂપ રહેશો મોટા ભાઈ ? અમારા બાપ-દીકરાની વાતમાં તમારે માથું મારવાની જરૂર નથી.'' દામોદર પંતે મોટા ભાઈનું મોઢું તોડી લીધું. પછી વળી પાછું ક્રોધનું સુકાન વિનાયકની દિશામાં ફેરવ્યું, પણ આ શું ? વિનાયક થાળી પડતી મૂકીને ઊભો થઈ ગયો હતો. એની આંખોમાં આંસુ હતાં.

''તાત્યા, તું રડે છે ? કોઈએ તને માર્યો કે શું ?''

''ના બાપુ, મા યાદ આવી ગઈ.'' અને આ વાક્ય સાથે જ વિનાયકના ગાલ ઉપર આંસુની ધાર વહેવા માંડી.

દામોદર પંતની ધર્મપત્ની રાધા ત્રણ દીકરા અને એક દીકરી મૂકીને સ્વર્ગે સિધાવી ગઈ, એ ઘરના ઉપર આજે ત્રણ - સાડા ત્રણ વર્ષની ધૂળ ચડી ગઈ હોવા છતાં આ વચેટ દીકરો હજુ સીધી માને ભૂલ્યો ન હતો. ''બેટા, તારે મા જ જોઈએ છે કે ?'' દામોદર પંત પણ ભાણું છાંડીને ઊભા થઈ ગયા : ''ચાલ, મારી સાથે. તને તારી મા બતાવું.''

રડતા વિનાયકનો હાથ ઝાલીને પિતા અંદરના ઓરડામાં દોરી ગયા. વિશાળ ઓરડાની ડાબી તરફ નાનકડી ઓરડી હતી. એ પૂજા માટેની જગ્યા હતી.

''આ તારી મા.'' દામોદર પંતે આંગળી ચીંધી. સામે કુળદેવીની જાજવલ્યમાન મૂર્તિ ઊભી હતી : ''બેટા, આ મૂર્તિ અષ્ટભુજા ભવાની માતાજીની છે. તારી દાદીના પિતાએ પોતાના શૌર્યથી ડાકુઓ પાસેથી જીતીને એને આપણા કુળમાં આણી છે. તારે મા જોઈએ છે ને, તાત્યા ? એ માટે તો મારે બીજું લગ્ન કરવું પડે, પણ તમારા માથે સાવકી મા સ્થાપીને મારે તમને દુઃખી નથી કરવા. એટલે આજથી તમને સૌને હું મા દુર્ગાના હવાલે સોંપું છું.''

ત્યાં સુધીમાં કુટુંબના અન્ય સભ્યો પણ જમવાનું પડતું મેલીને પૂજાની ઓરડી પાસે આવી ચૂક્યા હતા.

દામોદર પંતનું બોલવાનું હજુ ચાલુ જ હતું : ''મારા દીકરાઓ, મેં તમને આવા પોચટ નહોતા ધાર્યા. દીકરી રડે એ તો સમજી શકાય, પણ તમે ? આજે એક વાત કાન ખોલીને સાંભળી લો. બેટા ગણેશ, તું મારા ઘરનો વાઘ છે અને નારાયણ, તું મારો ચિત્તો છે અને મારા વહાલા વિનાયક, તું તો સિંહ છે. દુનિયા આખીને ફાડી ખાવા

માટે તમે જન્મ લીધો છે. મા નથી તો શું થઈ ગયું ? આ ભવાના તમારી મા છે. આ દેશ... આ ભારતમાતા તમારી મા છે. હવે પછી કયારેય જો માને યાદ કરીને તમે રડ્યા છો, તો તમને રાધાના સમ છે.''

વાતાવરણ કરુણતાથી છલકાઈ ઊઠ્યું હતું. છેલ્લું વાકય બોલતાંમાં તો ખુદ દામોદર પંતનું ગળું પણ રૂંધાઈ ગયું હતું. પણ આશ્ચર્ય ! ત્રણેય દીકરાઓ છાતી તાણીને, ટટ્ટાર માથાં સાથે ખડા હતા. એમની આંખો દુકાળગ્રસ્ત ખેતરના જેવી કોરી હતી પિતાના મુખમાંથી ઝરેલા શબ્દોના તાપથી દીકરાઓની આંખોમાં બાઝેલો ભેજ વરાળ બનીને ઊડી ગયો હતો.

''ચાલો, હવે જમી લઈએ. અન્નદેવતાનું અપમાન કરીએ તો ભવિષ્યમાં ખાવાનું પણ ન પામીએ.''

○ ○ ○

૨. મરાઠા મરતા નહીં, મારતા હૈ !

ભગૂર ગામના પાદરમાં વહેતી દારણા નદીનાં જળ જાણભેદુની જેમ કાન માંડીને કાંઠા ઉપરની વાત સાંભળી રહ્યાં હતાં. બાવળનાં અગણિત વૃક્ષો સાક્ષીની જેમ ખડાં હતાં. અગિયાર - બાર વર્ષનો સેનાપતિ વિનાયક એની જ ઉંમરના સાત મિત્રોને અંતિમ સમયની સૂચનાઓ આપી રહ્યો હતો.

'આપણે શું કરવા માટે જઈ રહ્યા છીએ એનું તમને ભાન છે ને ?'

'હા, આપણે નીમજગા ટેકરી ઉપર આવેલી મસ્જિદ તોડવા...'

'ના, આપણો ઈરાદો કોઈ પણ વિધર્મીઓના ધર્મસ્થાનનો નાશ કરવાનો નથી. આપણે હિન્દુઓ છીએ. સાચો હિન્દુ ક્યારેય કોઈની ધાર્મિક લાગણી દુભાવી જ ન શકે.'

'તો પછી આપણે... ?'

'આપણે જે કરવા જઈ રહ્યા છીએ, એ ક્રિયા નથી, પણ મુંબઈ અને પુણેમાં જે બન્યું એની પ્રતિક્રિયા છે. તમે જગતનો ઈતિહાસ વાંચ્યો છે ? એમાં ક્યારેય હિન્દુ પ્રજાએ કોઈ પણ બીજા ધર્મની પ્રજા ઉપર આક્રમણ કરવાની પહેલ કરી નથી. અને સદીઓથી આપણા ભાગે વિધર્મીઓના હુમલાઓનો ભોગ બનવાનું આવ્યા કર્યું છે. આપણી સહનશીલતાને બીજા લોકો આપણી કાયરતા સમજી બેઠા છે. આજે આ મસ્જિદ તોડવા પાછળનો મારો આશય એક જ છે. મારે વિધર્મીઓ સુધી એક સ્પષ્ટ સંદેશો પહોંચાડવો છે કે હિન્દુઓ કમજોર છે અને પોતાની ઉપર થયેલા અત્યાચારની તેઓ પ્રતિશોધ લઈ શકતા નથી એવા ભ્રમમાં આજ પછી કોઈએ રહેવું નહીં.

વિનાયકનો સુકોમળ સ્વર અચાનક આ વાક્ય બોલતાં ઘેરો, રણભેરીના નાદ જેવો ગુંજી રહ્યો. એક ક્ષણ પૂરતાં દારણાનાં જળ આ યુગપ્રવર્તક શબ્દો સાંભળવા થંભી ગયાં. અદબ વાળીને ટટ્ટાર છાતીએ ઊભેલા આ સિંહબાળની સંકલ્પવાણી સાંભળીને પાદરમાં ઊભેલા નિષ્પ્રાણ પાળિયા પણ ખળભળી ઊઠ્યા. વિનાયકના સંમોહક વકતૃત્વમાંથી બહાર આવતાં એના મિત્રોને પણ થોડોક સમય લાગ્યો.

અને પછી વિનાયકનો અવાજ એ સાંજની સ્તબ્ધ હવામાં ગાજી ઊઠ્યો : 'છત્રપતિ શિવાજી મહારાજનો...'

મિત્રોએ ઉમળકાભેર એને ઝીલી લીધો : 'જય હો !' શિવાજી મહારાજનો જયઘોષ બાવળનાં અગણિત વૃક્ષોના કાંટેકાંટે પ્રસરી ગયો.

કોઈ અન્ય ધર્મનું પૂજાસ્થાન ધ્વસ્ત કરવાના વિકૃત આનંદને પોષવા માટે નહીં, પરંતુ હિન્દુ મંદિરો ઉપર કરવામાં આવતા હુમાલાઓનો મુંહતોડ જવાબ આપવાના એક સુઆયોજિત પગલારૂપે વિનાયક અને એના બાળમિત્રોની બનેલી 'મરાઠા રેજિમેન્ટ' મસ્જિદવાળી ટેકરીની દિશામાં કૂચકદમ કરી ગઈ.

એ ટેકરીના શિખર ઉપર એક દંતકથા અનુસાર એક જમાનામાં રામમંદિર ઊભું હતું. ગામના વયોવૃદ્ધ લોકો આથી જ એને 'રામજગા ટેકરી' તરીકે ઓળખતા હતા, પણ અત્યારે એ રામની જગ્યા ઉપર એક લીમડાનું વૃક્ષ ખડું હતું. રામજગા ટેકરી હવે નીમજગાની ટેકરી બની ગઈ હતી. લીમડાના ઘટાદાર ઝાડની બાજુમાં એક નામશેષ થવાની અણી ઉપર આવેલી પુરાતન મસ્જિદ ઊભી હતી.

દૂર પશ્ચિમ દિશાની ક્ષિતિજમાં ડૂબી રહેલો સૂરજ આ મસ્જિદને આખરી વારની અલવિદા કરી રહ્યો હતો, કારણ કે એને ખબર હતી કે આવતી કાલે સવારે નીમજગા ટેકરી ઉપર ફક્ત નીમનું ઝાડ જ જોવા મળવાનું છે.

રાત્રે સાડા આઠ વાગ્યે ગામમાં ખરીદી કરવા ગયેલો મસ્જિદ રખેવાળ જ્યારે પાછો ફર્યો, ત્યારે ત્યાં કરવામાં આવેલી તોડફોડ જોઈને સ્તબ્ધ થઈ ગયો. બે દીવાલો સંપૂર્ણપણે જમીનદોસ્ત કરી નાખવામાં આવી હતી. ચારમાંથી ત્રણ મિનારા કપાયેલાં માનવમસ્તકોની જેમ ધૂળમાં આળોટી રહ્યા હતા. ખૂણામાં પડી રહેતી પતરાની જૂની પેટી ખુલ્લી ફટાક હતી. એની અંદરનો પૂરો અસબાબ ગાયબ હતો. લોબાન, ધૂપિયું, ચટ્ટાઈ, ચાદરો, માચીસ, તેલનું ડબલું; બધો મજહબી ખજાનો લૂંટાઈ ચૂકયો હતો.

ફકત પાછલી દીવાલ અડધી - અડધી સલામત ઊભી હતી. રખેવાળે ફાનસ ઊંચું કરીને જોયું, તો દીવાલ ઉપર લખાયેલા વાકય પર નજર પડી. જૂની, મેલી સફેદ દીવાલ ઉપર કોલસા વડે લખાયેલું હતું : 'હિન્દુઓ અત્યાચારનો પ્રત્યાઘાત આપી શકતા નથી એમ માનવું ભૂલભરેલું છે.'

રખેવાળ કપાળ કૂટતો જમીન ઉપર બેસી પડ્યો : 'યા અલ્લા ! યે કયા હો ગયા ! યે નઝારા દેખના પડેગા ઐસા તો કભી સોચા ભી ન થા. કુછ કરના પડેગા.'

* * *

મામદ કસાઈના ડહલામાં જબરજસ્ત ચહલ - પહલ જામી હતી. રાતના સાડા દસ વાગ્યાથી મુલાકાતીઓનું આગમન શરૂ થઈ ગયું હતું. અગિયાર વાગતાંમાં તો લગભગ ત્રીસેક મુસલમાન પુરુષો આવી ચૂકયા. એમાં ભગૂર ગામના પ્રતિષ્ઠિત વેપારીઓ પણ સામેલ હતા અને છાપેલા કાટલા જેવા નામીચા બદમાશો પણ મોજૂદ હતા.

મસ્જિદમાં થયેલી તોડફોડના સમાચાર પૂરના પાણીની માફક મુસ્લિમ સમુદાયમાં ફેલાઈ ગયા હતા. સાથે મામદ કસાઈનો આદેશ પણ : 'ઈસ્લામ ખતરે મેં હૈ. રાતકો આ જાના. સાઢે દસ બજે. મેરે ડહેલે મેં...'

જમા થયેલા મુસલમાનોની લાંબી, ભરાવદાર દાઢીઓ છંછેડાયેલા મધપૂડા જેવી લાગતી હતી. દરેકની આંખોમાં અત્યારે ડોળાના સ્થાને સળગતા લાલચોળ અંગારા ઝબૂકતા હતા.

આવનારા તમામ મહેમાનો આવી ગયા એટલે મામદ કસાઈએ સૌને મકાનના ઉપરના મજલે પહોંચવાનો ઈશારો કર્યો. મેડા ઉપર આવેલો એક વિશાળ ઓરડો દીવાન-એ-રાઝના નામે ઓળખાતો હતો. મુસલમાન કોમને લગતી અગત્યની, ખાનગી સભાઓ દીવાન-એ-રાઝમાં જ ભરાતી હતી.

અને આજની ઘટના કોમને માટે સહેજ પણ ઓછા મહત્ત્વની ન હતી. ભલે નીમજગાની ટેકરી ઉપરની એ મસ્જિદ એક વેરાન ખંડેર જેવી હાલતમાં ઊભા રહીને જોરથી છીંક ખાવામાં આવે તો પણ અંતે તો એ એક મસ્જિદ હતી. અલ્લાનું એ ઘર હતું. ગામના સેંકડો મુસલમાનોની આસ્થાનું એ ઘર હતું.

એ ધ્વસ્ત થઈ ગઈ એના દુઃખ કરતાં પણ કેવી રીતે અને કોના દ્વારા ધ્વસ્ત થઈ એનો આઘાત વધારે તીવ્ર હતો.

સભાની શરૂઆત મસ્જિદના રખેવાળે કરી :

'ગઝબ હો ગયા. કાફરોંને હમારી મસ્જિદ ગિરા દી.'

'યે કામ જરૂર વો શયતાનકા હૈ. વો જાગીરદાર કે બેટે કા. કલ શામકો મૈંને ઉસે મસ્જિદ ઉપર પથ્થર ફેંકતે રંગે હાથ પકડા થા.'

ફાનસના અજવાળામાં એકસામટાં ત્રીસ દાઢીવાળાં મસ્તકો ધ્રુજયાં. રખેવાળે નામ નહોંતુ દીધું, તો પણ સૌ સમજી ગયા કે શયતાન એટલે કોણ. ગામમાં જાગીરદાર કહી શકાય એવો એક જ માણસ હતો : દામોદરપંત સાવરકર. એની ધર્મપત્ની રાધાના અવસાન પછી એની સાહ્યબીમાં ઓટ અવશ્ય આવી હતી, તો પણ ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ હતું. એની માલિકીનાં નવું અને જૂનું એમ બે મકાનો હતાં, વિશાળ ખેતરો હતાં, જામેલો, શરાફનો ધંધો હતો. દારણા નદીની આસપાસ મોટાં આંબાવાડિયાં હતાં અને નજીકનાં પાંચ-પચીસ ગામોમાં એની શાખ હતી.

સુલેમાન ઘાંચીનો હાથ દાઢી ઉપર ગયો. દાઢીના બાલમાંથી ઈન્તકામના તણખા ખર્યા, 'દામોદરપંત કે ઘરકે સામને કુઆ હૈ હમ ઉસમેં ઝહર મિલા દેંગે.'

કાસમ કલાલની જીભ સાંજે માણેલા શરાબાપાનને લીધે સહેજ લડખડાતી હતી, 'ઉસસે કયા હોગા ? મૈં તો કહેતા હૂં કિ સુબ્હા હોને સે પહલે હમે વિઠોબાકા મંદિર ગિરા દેના ચાહિયે. હિસાબ બરાબર હો જાયેગા.'

'યે સબ કરનેકી કોઈ જરૂરત નહીં હૈ.' રસૂલ પીરઝાદાએ એના મનની વાત પેશ કરી, 'વો જાગીરદારકી પૂરી જાગીર જલા દો. સા... ભિખારી હો જાયેગા...'

આ બધામાં સૌથી વધુ ઠરેલ, સૌથી વધુ શાણા અને સૌથી વધુ વિચારવંત જો કોઈ હોય તો એ શૌકતઅલી હતા. એમની ભગૂરમાં ઊભી બજારે કાપડની દુકાન હતી. એ કયારના શાંતિથી બેસીને સભામાં ચાલી રહેલી ફેંકમફેંક જોઈ - સાંભળી રહ્યા હતા. હવે એમને લાગ્યું કે વાતાવરણનું ઉષ્ણતામાન જરૂર કરતાં વધારે ઊંચું જઈ રહ્યું છે, ત્યારે એમણે વચ્ચે બોલવાનું મુનાસિબ માન્યું.

'ખામોશ ! યે ગલતિયાં કભી નહીં કરના. તુમ લોગ જાગીરદાર કો ઠીક તરહ સે જાનતે નહીં હો. મગર મૈં ઔર દામોદરપંત અચ્છે દોસ્ત હૈં. મૈં ઉસે પહેચાનતા હૂં. વો એક મર્દ મરાઠા હૈ. બચપન મેં હમ દોનોં પાઠશાલા મેં એકસાથ પઢતે થે. એક બાર ઉસને હમારે હેડમાસ્ટર કો મારા થા. વો આદમી નહીં, શેર હૈ. અગર શેરકે સાથ દુશ્મની કરોગે, તો ફિર ઈસ જંગલમેં રહ નહીં પાઓંગે.'

'તો ફિર હમ કયા કરેં ? હાથમેં હાથ ધરે બૈઠે રહેં ?' સૌની જીભ ઉપર રમતો સવાલ મામદ કસાઈએ પૂછી નાખ્યો.

'મેરી માનો તો કુછ મત કરો. યે બચ્ચોં કા મામલા હૈ, બચ્ચોં કો હી નિપટાને દો.'

'મતલબ ?'

'હમારી મસ્જિદ કિસને ગિરાઈ ?'

'બચ્ચોંને.'

'બસ, ઈસકા ઈન્તકામ ભી હમારે બચ્ચે હી લેંગે.'

શૌકતઅલીનાં સીધાં - સાદાં, ટૂંકાં વાકયોમાં સમાયેલો ઊંડો ભેદ થોડી વાર માટે તો કોઈના ભેજામાં ન ઊતર્યો. બધા દાઢી પસવારવા માંડ્યા, પણ ધીમે - ધીમે બધાના દિમાગમાં બત્તી થવા માંડી. વોરાજીના અદ્ભુત તુક્કા ઉપર સભા આફરીન પોકારી ઊઠી. એ પછીના અડધા કલાક સુધી એ મુદ્દા ઉપર ચર્ચા ચાલી, વિચારણા જામી, તર્ક અને વિતર્ક થયા અને આખરે એ સુઝાવ ઉપર સર્વસંમતિની મહોર મારવામાં આવી.

વિનાયક અને એના કાફર સાથીઓને પાંસરા કરવા માટે માથાભારે મુસલમાન છોકરાઓની એક ટુકડી તૈયાર કરવામાં આવી.

રાત્રે બાર વાગ્યે બિરિયાની અને ફાલુદાની જયાફત માણ્યા બાદ 'મુસ્લિમ લીગ'ની નાની આવૃત્તિ જેવી એ સભા વિખેરાઈ. ત્યારે ભગૂરના આસમાનમાં ચાંદો વધુ તેજસ્વી લાગી રહ્યો હતો, તારાઓની વસ્તીમાં ધરખમ વધારો નોંધાયો હતો અને નીમજગાની ટોચ ઉપર વેરાયેલા પથ્થરો આવતી કાલે શું થશે એના વિચારમાં ખામોશ બનીને સૂતા હતા.

* * *

પાઠશાળાનો સમય અગિયાર વાગ્યાનો હતો, પણ મુસલમાન વિદ્યાર્થીઓ આજે વહેલા આવી ગયા હતા. મામદ કસાઈનો જુમ્માદિન, સુલેમાન ઘાંચીનો શકીલ, કાસમ કલાલનો ગફૂર, શૌકતઅલી વોરાનો રોશન, આ સિવાયના લતીફ લંગડો, જાફર બીડી, હુસૈન ફાંગો અને બીજા ચાર-પાંચ ભારાડીઓ બેઠા ઘાટની પાઠશાળાની ઓસરીમાં ગુસપુસ કરી રહ્યા હતા.

દૂરથી વિનાયક એની ટોળી જોડે આવતો દેખાયો. ગફૂરે દબાયેલા અવાજમાં પૂછી લીધું, 'સબ તૈયાર ? જુમ્માદિન, તેરા ડિબ્બા તૈયાર હૈ ના ?'

જુમ્માએ ચોપડી મૂકવાની થેલી તરફ ઈશારો કર્યો. રાતભર ચાલેલી વિચારણા પછી નક્કી એવું કરવામાં આવેલું કે વિનાયક અને એના મિત્રોને માત્ર માર મારવાથી કંઈ નહીં વળે. એ ચિતપાવન બ્રાહ્મણના બેટાનું અભિમાન તોડવું જરૂરી હતું. અને એ માટેનો એક જ રસ્તો હતો. બળજબરીપૂર્વક એના મોઢામાં જીવતી માછલી ખોસી દેવી ! જુમ્માદિનને આવશ્યક સૂચનાઓ અપાઈ ચૂકી હતી અને એની ઉપર ચુસ્ત અમલ પણ થઈ ચૂકયો હતો. ચોપડીઓની થેલી હતી, થેલીમાં ડબ્બો હતો, ડબ્બામાં પાણી હતું અને પાણીમાં તરતી જીવતી માછલી હતી.

ભગૂર ગામમાં એક જ મકાનમાં હિન્દુઓ અને મુસલમાનો એમ બંને વિદ્યાર્થીઓ માટેની અલગ - અલગ પાઠશાળાઓ હતી. હિન્દુ પાઠશાળા અંદરના ઓરડામાં બેસતી હતી અને ઉર્દૂ પાઠશાળા માટે બહારની ખુલ્લી પરસાળ ફાળવવામાં આવી હતી.

ઘંટ પડવાને હજુ ત્રીસેક મિનિટની વાર હતી. વિનાયકે ઝાંપો ખોલીને શાળાના પ્રાંગણમાં પગ મૂકયો. પાછળ એના દોસ્તો હતા. તમામના ચહેરાઓ ઉપર સ્વસ્થતા રમી રહી હતી.

અચાનક એક ત્રાડ સાથે ગફૂર અને એના સાથીઓ વિનાયકની ટોળી ઉપર તૂટી પડ્યા. પાંડવોની સાત અક્ષૌહિણી સેના ઉપર કૌરવોનું અગિયાર અક્ષૌહિણીનું સૈન્યદળ તૂટી પડ્યું. જોરદાર હાકોટા - પડકારાથી શાળા ગાજી ઊઠી. જુમ્માદિન

થેલીમાંથી માછલીવાળો ડબ્બો બહાર કાઢીને તૈયાર થઈને ઊભો હતો કે ક્યારે ગફુર ઈશારો કરે અને ક્યારે એ વિનાયકના મોંમાં માછલી ઠૂંસી દે !

પણ પાણીપતનું ચોથું યુદ્ધ ફકત પંદર જ મિનિટમાં ખતમ થઈ ગયું. આશ્ચર્ય એ વાતનું હતું કે એનું પરિણામ સાવ અણધાર્યું આવ્યું હતું. વધુ ઉંમરના અને મોટાં કદ - કાઠી ધરાવતા મુસલમાન છોકરાઓ જમીનદોસ્ત થઈ ગયા હતા, જ્યારે વિનાયક અને એના વામન સૈનિકોના દેહ ઉપર એક ઉઝરડો સરખોયે જોઈ શકાતો ન હતો.

ગફૂરનો ગાલ ચિરાઈ ગયો હતો. શકીલનો હોઠ ફાટી ગયો હતો, લતીફનો એક જ પગ અત્યાર સુધી લંગડો હતો, હવે એ જીવનભર બે પગે લંગડાવાનો હતો. જુમ્મો મૈદાને જંગમાં વચ્ચે ન હતો, તો પણ એના કપાળમાં ઢીમચું ઊપસી આવ્યું હતું. ઓસરીમાં ભોંય ઉપર એક - બે દાંત તૂટીને પડ્યા હતા, એની માલિકી નક્કી કરવી મુશ્કેલ હતી.

અને વિનાયક અક્ષુણ્ણ હતો, અખંડિત હતો, અપરાજિત હતો. એના જમણા હાથમાં અણીદાર મૂઠ હતી. રાજારામના હાથમાં લોખંડનો સળિયો હતો. પરશુરામના હાથમાં ગાદલાં સીવવાનો અણીદાર સોયો હતો. એવું લાગતું હતું કે જાણે વિનાયકને ક્યાંથી આગોતરી બાતમી મળી ગઈ હતી. એ સિવાય આવી તૈયારી શી રીતે સંભવે ?

વિનાયકે ગફૂરનો જમણો હાથ પકડીને મરડ્યો. પછી આખી શાળામાં સંભળાય એવી ગર્જના કરી, 'મારા મોંમાં જીવતી માછલી ઠૂંસીને મને ભ્રષ્ટ કરવાનો ઈરાદો હતો, કેમ ? અરે ઓ ગિઝનીની ઓલાદ ! તમે અમારું કાશી બાળ્યું, અમે ચૂપ રહ્યા. તમે મથુરા લૂંટ્યું, તોયે અમે શાંતિ રાખી, સોમનાથ ભાંગ્યું અને અમે લાચાર બનીને સહી રહ્યા, તમે કનોજમાં વિનાશ વેર્યો અને અમે ખામોશ રહ્યા. અને આજે જ્યારે તમારું એક વેરાન ખંડેર જરાક જેટલું તૂટ્યું, એમાં તો તમે બદલો લેવા માટે ઊભા થઈ ગયા ? એક વાત સાંભળી લે, ગફૂર ? આ પવિત્ર બ્રાહ્મણનું મુખ માત્ર ગણેશનો પ્રસાદ ખાવા માટે ઊઘડે છે, માછલી ખાવા માટે નહીં. લાવ, ક્યાં છે તારો ડબ્બો ? માછલી સહિત આખો ડબ્બો જ તારા ગળા નીચે ઉતરાવી દઉં. કાલે સવારે હાજત વખતે આખો ડબ્બો નીકળશે, ત્યારે તને સમજાશે કે આ વિનાયક કેવો વસમો છે ! સાવરકર સાથે શત્રુતા બાંધવાથી ક્યાં કેટલું તૂટે છે, શરીરમાં શું શું ફૂટે છે અને સવારે શું ફાટે છે એની પણ તને સમજ પડશે.'

ગફૂર કરગરી ઊઠ્યો, 'ઐસા મત કરના, તાત્યા ! રહેમ કર, મેરે દોસ્ત ! એક બાર માફ કર દે. મૈં તેરી ગાય હૂં...'

વિનાયકે ત્રાડ નાખી, 'ગાય ? તું તો ગાયને કાપીને ખાનારો કસાઈ છે, પાપી ! તને છોડું ?' એણે કાંડા ઉપરની મરોડ વધારી. ગફૂર ચીસ પાડી ઊઠ્યો.

વિનાયકના મિત્રોને દયા આવી ગઈ. પરશુરામે વિનાયકને વાર્યો, 'તાત્યા, છોડી દે એને. હવે એ ક્યારેય આપણું નામ નહીં લે. એ તારી ગાય બન્યો છે. હવે એને ન મારીશ. પાપ લાગશે.'

વિનાયકે માંડ માંડ ગળામાંથી ઊઠતી ગર્જના ઉપર કાબૂ મેળવ્યો. બહાર ધસવા મથતા ડોળા માંડ માંડ આંખોની બખોલમાં સમાયા. એકઝાટકા સાથે એણે ગફૂરનું કાંડું છોડી દીધું, પણ છેલ્લે છેલ્લે એની પૂંઠ પર એક જોરદાર લાત માર્યા વિના તો એનાથી ન જ રહેવાયું.

ફૂટબૉલની જેમ ઊછળેલો ગફૂર હિન્દુ પાઠશાળામાંથી ફેંકાઈને સીધો ઉર્દૂ પાઠશાળામાં જઈ પડ્યો.

વિનાયકે એક ઠપકાભરી નજર મિત્ર તરફ ફેંકી, 'પરશા, આપણી આ જ તકલીફ છે. બે દિવસ પહેલાં તમે આ જ રીતે મારી પકડમાં આવેલો કાળોતરો નાગ છોડાવી મૂક્યો હતો. અને આજે....! ક્યાં સુધી, રાજારામ, ક્યાં સુધી.... ?

* * *

અગિયાર વાગ્યા. ઘંટ વાગ્યો. શિક્ષકે પગથિયાં ચડીને ઓસરીમાં પગ મૂક્યો. મુસલમાન વિદ્યાર્થીઓના ઘવાયેલા ચહેરાઓ જોયા. ફર્સ ઉપર રેડાયેલું લોહી જોયું, ફાટેલાં કપડાં જોયાં. વાતાવરણને એક ક્ષણમાં સૂંઘી લીધું.

એક પછી એક અગિયાર મુસલમાન વિદ્યાર્થીને ઊભા કરીને પૂછી લીધું, 'સાચું કહી નાખો. શું થયું છે ? કોણે તમને માર્યા છે ? ડરો નહીં. ગુનેગારને સખત સજા કરવામાં આવશે. તમારો વાળ પણ વાંકો નહીં થાય.

જવાબમાં દરેકના હોઠોમાં એક જ વાક્ય હતું, 'કુછ નહીં હુવા, માસ્ટરજી ! યે તો બસ... ઐસે હી...'

આમ બોલતી વખતે દરેકના મનમાં એક વાત રમી રહી હતી, જે થોડી જ ક્ષણો પૂર્વે વિનાયકે ધમકીના સૂરમાં કહી સંભળાવી હતી,' ખબરદાર ! જો કોઈએ માસ્ટરજીના કાને મારી શિકાયત કરી છે, તો...'

એકસરખો જવાબ આપ્યા પછી દરેક વિદ્યાર્થી અંદરના ઓરડા તરફ જોઈ લેતો હતો. સામેના ખૂણામાં તેર વર્ષનો વિનાયક કબૂતર જેવી ભોળી મુદ્રા ધારણ કરીને શાંતિથી બેઠો હતો.

o o o

૩. ભીનો ખૂણો લાગણીનો

નીમજગાની ટેકરી ઉપર આવેલી ખંડિયેર જેવી મસ્જિદના ધ્વંસ પછી જે ઘટનાક્રમ થયો એને કારણે વિનાયકની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ. લોકો એને 'બાળ શિવાજી'ના ઉપનામથી ઓળખવા લાગ્યા.

પણ એના ઘરમાં વાતાવરણ વિપરીત હતું. પિતા દામોદરપંતના કાને જે વાતો આવી એ યથાતથ ન હતી, પણ કર્ણોપકર્ણ સાંભળેલી, મિર્ચમસાલાના ઉમેરણવાળી અને ભડકાવી મૂકે એવી હતી.

એ દિવસે મોડી સાંજે જ્યારે દામોદરપંત ઘરે આવ્યા, ત્યારે સહેજ ઉશ્કેરાયેલા હતા. ઉંબરમાં પગ મૂકતાં જ એમણે ત્રાડ નાખી, 'કયાં છે તાત્યા ?'

આઠ વર્ષની દીકરીએ ઘરની પાછળ આવેલા ખુલ્લા વાડા તરફ આંગળી ચીંધી. વિનાયક, મોટો ભાઈ ગણેશ અને નાનો નારાયણ અન્ય સાત - આઠ મિત્રોની સાથે મારામારીની રમત રમી રહ્યા હતા. એક તરફ ત્રણ ભાઈઓ હતા અને સામા પક્ષે મિત્રો હતા. પાંડવો - કૌરવો વચ્ચે મહાભારતનું યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. તલવારો, ભાલા અને તીરકામઠાં ઊછળી રહ્યાં હતાં. આ બધો તાસીરો જોઈને દામોદરપંતની ખોપરી હટી ગઈ. ઉશ્કેરાયેલા તો એ હતા જ, એમાં આ તોફાનને કારણે બળતણ ઉમેરાયું.

''તાત્યા, બદમાશ...!'' એમનો ઘાંટો કૌરવો અને પાંડવોની અઢાર અક્ષૌહિણી સેનાને ધ્રુજાવી ગયો, ''અહીં આવ. આજે તારી ખેર નથી.''

તાત્યા સમજી ગયો કે આજે આવી બન્યું. બંની ભાઈઓ સ્તબ્ધ હતા, દોસ્તો નિઃશબ્દ હતા. વિનાયક ધીમા પગલે પિતાજી ઊભા હતા એ તરફ આગળ વધ્યો. દામોદરપંતના હાથમાં સોટી હતી, એ એમણે ઉપયોગમાં લેવા માટે સજ્જ કરી. વિનાયક છેક એમની પહોંચમાં જઈ પહોંચ્યો. બધાંના જીવ પડીકે બંધાઈ ગયા હતા, પણ વિનાયક ખરો શિવાજી સાબિત થયો. પિતાની છેક નજીક પહોંચ્યા પછી એણે દોટ મૂકી. દામોદરપંતનો ઉગામેલો હાથ હવામાં જ રહી ગયો અને બેઠી દડીનો, પાતળો વિનાયક બારણામાં થઈને ઘરમાં ઘૂસી ગયો.

દામોદરપંતનો ગુસ્સો સાતમા આસમાને હતો. એ પણ દીકરાની પાછળ ઘરમાં પ્રવેશ્યા. કૌરવસેના લાગ જોઈને રફુચક્કર થઈ ગઈ, પણ સૌથી વધારે ચિંતાતુર

ગણેશ હતો. ગણેશને થયું કે આજે તાત્યાનું આવી બનશે. પિતાજી એને છોડશે નહીં એટલે એ પણ ઝડપથી દોડીને ઘરમાં દોડી ગયો. આધેડ ઉંમરના પિતાની ઝડપ ક્યાં ! અને બે કિશોરોની ચપળતા ક્યાં !

દામોદરપંત હજુ તો બહારના ઓરડામાં ખાંખાંખોળા કરી રહ્યા હતા, ત્યારે મોટો ભાઈ ગણેશ અંદરના અંધારિયા ઓરડામાં વિનાયકને બચાવવાની પેરવી કરી રહ્યો હતો. આ અગાઉ અનેક વાર વિનાયકે પિતાજીના તામસી સ્વભાવમાંથી ગણેશને બચાવ્યો હતો. આજે બદલો ચૂકવવાનું ટાણું હતું.

''તાત્યા, ઝટ કર.'' ગણેશે એક ખૂણામાં પતરાનો મોટો પટારો પડ્યો હતો, એનું ઢાંકણું ખોલ્યું, ''તું આની અંદર સંતાઈ જા. હું ઢાંકણ વાસી દઉં છું.''

વિનાયકે સજામાંથી બચવા માટે સંદૂકનું શરણ સ્વીકાર્યું. બીજી જ ક્ષણે પોલીસ બની ગયેલા પિતાજીનો ત્યાં પ્રવેશ થયો.

''ક્યાં ગયો એ શૈતાન ? આજે એને નહીં છોડું...'' બોલતાં એ આખા ઓરડામાં ઘૂમી વળ્યા, પણ વિનાયક ક્યાંય ન દેખાયો. જાણે જમીન એને ગળી ગઈ કે પછી આસમાન એને ખાઈ ગયું હોય એમ એ અદૃશ્ય થઈ ગયો હતો.

દામોદરપંતનો આક્રોશ ક્ષણિક હતો. દૂધનો ઊભરો આવીને શમી ગયો. એ બહાર ઓસરીમાં જઈને કામે વળગ્યા. 'સબ સલામત'ની ખાતરી કરી લીધા પછી ગણેશે પેટીનું ઢાંકણું ખોલ્યું. અંદર વિનાયક નિશ્ચેષ્ટ હાલતમાં સૂતેલો હતો. ગણેશે એને ઢંઢોળ્યો, પણ હવાના અભાવે એ લગભગ મરણની સરહદ સુધી પહોંચી ગયો હતો.

ગભરાયેલા ગણેશે બૂમાબૂમ કરી મૂકી. નાનો ભાઈ બાલ દોડી આવ્યો. બહેને રડારોળ કરી મૂકી. ઓસરીમાંથી દામોદરપંત ધસી આવ્યા. વિનાયકની અર્ધબેહોશીની હાલત જોઈને તરત જ પરિસ્થિતિ પામી ગયા. ફટાફટ બારીઓ ઉઘાડી નાખવામાં આવી. ગણેશ દોડીને પાણી લઈ આવ્યો. વિનાયકના મોં ઉપર ઠંડા જળનો છંટકાવ કર્યો. નાની બહેન પૂંઠાથી વાયરો નાખી રહી હતી અને દામોદરપંત દીકરાને હચમચાવી રહ્યા હતા. વહાલસોયા પુત્રને ખોઈ બેસવાના ભયથી જાણે એ જીવ પર આવી ગયા હતા.

અને ત્યારે માંડ માંડ વિનાયકે આંખો ઉઘાડી. એના ભૂરા પડી ગયેલા હોઠ ધીમે ધીમે પાછા ગુલાબી થવા માંડ્યા. એણે ઊંડા ઊંડા શ્વાસ ભરવાનું શરૂ કર્યું.

લગભગ લાશ બની ગયેલા પુત્રને સજીવન થયેલો જોઈને બાપનું હૈયું કાબૂમાં ન રહ્યું. દામોદરપંત દીકરાને વળગી પડ્યા, ''મને માફ કરી દે, તાત્યા ! તારું તોફાન સાંભળીને હું વધુ પડતો ઉશ્કેરાઈ ગયો, પણ બેટા, આવી મૂર્ખતા તે કરાતી હશે ? આ બંધ પેટીમાં થોડીક જ વાર માટે વધારે રહેવાનું થયું હોત, તો શું થઈ

જાત એની તને કલ્પના આવે છે ? દીકરા, હવે હું તને કયાંય નહીં જવા દઉ... તાત્યા, કયાંય નહીં જવા દઉં.''

પુત્રને બાથમાં લઈને પિતા વિલાપે ચડ્યા હતા, ત્યાં જ પાછળથી ઘેરો અવાજ સંભળાયો.

''તાત્યાને તારે જવા જ દેવો પડશે, દામોદર ! હું જ એને લઈ જઈશ. આ છોકરો તારી પાસે નહીં સચવાય. તારી પ્રકૃતિ તામસી છે. કયારે શું કરી બેસે એ કોઈ ન કહી શકે. તાત્યાને હું દત્તકવિધિ કરીને મારા ઘરે લઈ જઈશ.''

સૌનાં માથાં અવાજની દિશામાં ફર્યાં. ઓરડાના પ્રવેશદ્વાર પાસે કાકાબાપુ ઊભા હતા.

* * *

કાકાબાપુ એટલે દામોદરપંતના મોટા ભાઈ. બંનેની વચ્ચે ખાસ્સો એવો ઉંમરનો તફાવત હતો. દામોદરપંત છેંતાલીસ વર્ષના હતા, જ્યારે કાકાબાપુની વય એકસઠની હતી. બેય ભાઈઓ વચ્ચે મનમેળ ન હતો. વયભેદને કારણે કે પછી જન્મજાત પ્રકૃતિભેદને લીધે, બંને ભાઈઓ વચ્ચે નાની-નાની વાતમાં ઝઘડો થઈ જતો હતો. જ્યાં સુધી દામોદરપંતની ધર્મપત્ની રાધા હયાત હતી, ત્યાં સુધી તો બધાં જેમ - તેમ કરીને સાથે રહ્યાં, પણ જેવું રાધાનું અવસાન થયું, એ સાથે જ દામોદરપંત કાકાબાપુને જૂના ઘરમાં એકલા છોડીને ત્રણ માળના નવા બાંધેલા મકાનમાં રહેવા ચાલ્યા ગયા.

કાકાબાપુ તો વર્ષોથી પત્નીને ગુમાવી બેઠા હતા. એ ઘરભંગ પણ હતા અને નિ:સંતાન પણ. બીમારીને કારણે એ હતા એના કરતાં વધુ ઘરડા દેખાતા હતા. ભોળા સ્વભાવના કાકાબાપુ વયોવૃદ્ધ જર્જરિત પીપળાના વૃક્ષની જેમ પડવાની રાહ જોઈને ઊભા હોય એમ જિંદગીનાં આખરી વર્ષો વ્યતીત કરી રહ્યા હતા.

ત્રણ ભત્રીજાઓમાંથી એમને વચેટ વિનાયક પ્રત્યે વિશેષ પક્ષપાત હતો. એટલે જ આજે એમનાથી દિલની ઈચ્છા શબ્દોમાં વ્યકત થઈ ગઈ. ''ચાલ, તાત્યા ! આજથી તું મારો દીકરો છે. આ રાક્ષસ તને જીવવા નહીં દે.''

અને સૌના આશ્ચર્ય વચ્ચે વિનાયક ઊભો થઈ ગયો. બાપની હૂંફ છોડીને એ કાકાબાપુની સોડમાં લપાયો.

દામોદરપંત આ દશ્ય જોઈને અકળાઈ ગયા, ''મોટા, ભાઈ, તમે જ એને બગાડી મૂકયો છે. આજે એ શૈતાને પાઠશાળામાં કેવું મોટું હુલ્લડ મચાવ્યું એની તમને જાણ છે ?''

''હા, ખબર છે. મને એકલાને શા માટે, આપણા આખા પંથકમાં ઘરે - ઘરે આજે તાત્યાની બહાદુરીની જ વાત ચાલી રહી છે. આપણા ઘરની બાજુમાં રહેતો

શાંતારાવ આપ્ટે આજે દેવનાર ગયો હતો, એણે આવીને મને કહ્યું કે ત્યાં પણ તાત્યાની જ વાતો ચાલી રહી છે. મસ્જિદનું પતન પવનવેગે બધે ફરી વળ્યું છે."

"તમે આને ગર્વનો વિષય માનો છો ? આ તોફાની કયારેક આપણને બધાંને મુશ્કેલીમાં મૂકી દેશે."

અત્યાર સુધી તદ્દન ખામોશ રહીને વડીલોની વાતચીત સાંભળતો વિનાયક પિતાના મુખેથી નીકળેલો 'તોફાની' શબ્દ સાંભળીને સળવળ્યો. કાકાબાપુની સોડમાંથી નીકળીને પિતાની સામે જાણે મોરચો સંભાળતો હોય એમ મંડાયો.

"પિતાજી, તમને હું તોફાની લાગું છું ? એક તેર વર્ષના છોકરાને આખી પાઠશાળાના તમામ વિદ્યાર્થીઓ પોતાને સેનાપતિ સમજતા હોય, શિક્ષકો સુધ્ધાં જેના જ્ઞાનને અહોભાવભરી નજરથી જોતા હોય, આવડી નાની ઉંમરમાં જે છોકરો હજારો પુસ્તકો વાંચીને બેઠો હોય, જે છંદોબદ્ધ કાવ્યરચના કરી શકતો હોય અને જેની ગણના અત્યારથી જ એક ઉત્તમ વકતા તરીકે થઈ રહી હોય, એવો તમારો તેજસ્વી પુત્ર તમને તોફાની લાગે છે, બાપુ ?" વિનાયકની અસ્ખલિત વાક્ધારામાં આક્રોશ હતો, તર્ક હતો, ફરિયાદ હતી અને સહેજસાજ ઉગ્રતા પણ હતી.

"તું કહે છે એ બધી વાત સાચી, પણ આ મસ્જિદમાં તેં જે તોડફોડ કરી અને મુસલમાન છોકરાઓને માર્યા એ તોફાન નથી તો બીજું શું છે, બેટા ?'

'એને તોફાન નહીં, પણ પરાક્રમ કહેવાય, બાપુ ! અને કોઈ પણ રાષ્ટ્રની કે ધર્મની ઉન્નતિ માટે આવાં પરાક્રમો અનિવાર્ય છે. પરાક્રમીથી, તેજસ્વિતાથી નામનું મહત્વ વધે છે. આપણે જો હિન્દુ તરીકે ટકવું હશે, તો આવાં પરાક્રમો કરવાં જ પડશે." વિનાયકની આંખમાં હિંસક પ્રાણીના જેવી ચમક હતી.

"આ બધી વાતો મારી સમજમાં નહીં ઊતરે. હું તો એટલું સમજું કે આવી બધી હરકતોમાંથી કયારેક મોટું કોમી હુલ્લડ ફાટી નીકળે. અને વાત વધીને જો નાસિકના અંગ્રેજ કલેક્ટર સુધી પહોંચે, તો પછી શું થાય એ વિશે કશું કહી ન શકાય."

"તમે અંગ્રેજોથી ડરો છો, બાપુ !"

"કેમ, એમાં શરમાવા જેવું શું છે ? અંગ્રેજોથી ડરવું જ પડે. એ આપણા રાજા છે."

વિનાયકની આંખોમાં જબરદસ્ત ઘૃણા ઊભરી આવી. પિતાની અણસમજ માટે એને દયા ઊપજી. અત્યારે વધુ દલીલો કરવાનું એને યોગ્ય ન લાગ્યું, તો પણ એ આટલું બોલ્યા વગર તો રહી જ ના શકયો, "બાપુ, તમે ખરેખર ભોળા છો. અંગ્રેજો તો આપણા દેશમાં ઘૂસી આવેલા ચોર છે, અને કોઈ ચોરને આપણા પવિત્ર દેશનો રાજા કેવી રીતે માની લેવાય ?"

કિશોરાવસ્થાના ઉંબરે ઊભેલા દીકરાની વાત ન તો આધેડ વયના પિતાને સમજાતી હતી, ન એકસઠ વર્ષના કાકાને.

એ વખતે તો એમણે વાતને ત્યાં જ ખતમ કરી નાખી, પણ રાત્રે વાળુ પતાવ્યા પછી જિંદગીમાં પહેલી વાર બંને ભાઈઓ ખાનગીમાં મંત્રણા કરતા હોય એમ વાતે વળગ્યા.

દામોદરપંતના અવાજમાં દીકરાના ભાવિ વિશેની ફિકર વર્તાતી હતી, ''તમને શું લાગે છે, મોટા ભાઈ ! આ તાત્યાનું આગળ જતાં શું થશે ?''

''મને તો ડર લાગે છે. એ બોલતો હતો, ત્યારે તેં એની આંખો જોયેલી ? મને તો એમાં લોહીનું તળાવ દેખાતું હતું.''

''મને પણ.'' દામોદરપંત વિચારમાં પડી ગયા, '' મને તો આપણા ઘરમાં અષ્ટભુજા મા ભવાનીની મૂર્તિ છે એની ઉપર શંકા જાય છે.''

''ભવાની તો જગત આખાની મા કહેવાય, ગાંડા, આવી વાત તને ક્યાંથી સૂઝી ?''

''મારી શંકા સાવ પાયા વગરની નથી, મોટા ભાઈ. તમને તો ખબર છે જ કે આ મૂર્તિ આપણા વડવાઓએ ડાકુઓને પરાસ્ત કરીને પ્રાપ્ત કરેલી છે. આ મૂર્તિ વિશે એવું સંભળાય છે કે એ લોહીતરસી દેવી છે. એટલા માટે જ આપણે એને ગામના મંદિરમાં મૂકી આવેલા, પણ પાછળથી તાત્યાના આગ્રહને લીધે પાછી લઈ આવ્યા અને આપણા ઘરમાં એનું પુનઃ સ્થાપન કર્યું. મને લાગે છે કે એના વિશેની દંતકથા સાચી સાબિત થઈને ઊભી રહેશે. આ છોકરો એને ખરેખર પોતાની મા સમજી બેઠો છે. ભવિષ્યમાં આ પુત્ર મા ભવાનીને લોહી ધરાવ્યા વગર નહીં રહે.''

મોડી રાત સુધી વાતો કરતાં રહેલા બે બંધુઓ આખરે બે ગંભીર નિર્ણયો કરીને ઊભા થયા. એક તો એ કે આ ઘરને હવે એક સ્ત્રીની જરૂર હતી. નવા - જૂના બેય ઘરોમાં કુલ મળીને પાંચ પુરુષો હતા, ત્યારે સ્ત્રી તો સમ ખાવા પૂરતી ફક્ત એક જ હતી; આઠ વર્ષની દીકરી. કુટુંબમાં નારીજાતિના અભાવને કારણે બાળકો કોમળ લાગણીઓથી વંચિત રહી ગયા હોય એમ બનવું સ્વભાવિક હતું. એક સ્ત્રી જો વધૂના સ્વાંગમાં ગૃહલક્ષ્મી બનીને આવી જાય, તો તાત્યાના વ્યક્તિત્વમાં રહેલી કઠોરતા કદાચ ઓછી થાય એમ પણ બને.

અને બીજો મહત્ત્વનો નિર્ણય એ લેવામાં આવ્યો કે તાત્યાને હવે બહુ લાંબા સમય માટે ભગૂર ગામમાં રહેવા ન દેવાય. વિધર્મીઓ અત્યારે ભલે પરાસ્ત થયા હોય, પણ પગ તળે દબાયેલો સાપ ગમે ત્યારે લાગ જોઈને દંશ મારે એ વાત નિશ્ચિત હતી. મોટો પુત્ર ગણેશ તો અત્યારે નાસિકમાં રહીને અભ્યાસ કરતો જ હતો, આવતા વર્ષે તાત્યાને પણ એની સાથે નાસિક રવાના કરી દેવાનું વિચારવું પડશે.

લાંબા સમય બાદ આટલી બધી વાતો મીઠાશપૂર્વક કર્યા બાદ જો બંને ભાઈઓ ઝઘડો ન કરે તો એમને ખાધેલું હજમ શી રીતે થાય ! એટલે ન છૂટકે રાતે બાર વાગ્યે ઉગ્ર ઝઘડા સાથે બંને જણા છૂટા પડ્યા. આ વખતના વિવાદનું કારણ પણ વિનાયક જ હતો.

કાકાબાપુ કહેતા હતા : ''તાત્યા આજથી મારો દીકરો છે. મારે એને દત્તક લેવો છે.''

અને દામોદરપંત ઊછળી - ઊછળીને ગર્જના કરતા હતા, ''જોઉં તો ખરો કે કોણ મારા જિગરના ટુકડાને છીનવી જવાની હિંમત કરે છે ! આ ત્રણેય મારાં સંતાનો છે અને જીવનપર્યંત મારાં જ રહેશે. કોઈ એમને પૂછશે કે તમે કોણ છો, તો એના જવાબમાં તેઓ કહેશે કે અમે અણ્ણા દામોદરપંત સાવરકરના દીકરાઓ છીએ.''

ફરી એક વાર એકબીજાનાં મોં ન જોવાની કસમ ખાઈને બે ભોળિયા બંધુઓ વિખૂટા પડ્યા.

* * *

સવારના દસ વાગવા આવ્યા હતા. ત્ર્યંબકેશ્વરના પ્રતિષ્ઠિત અને ધનવાન નિવાસી નાનારાવ ફડકેની મેડીબંધ હવેલીની ખડકીમાં બે અજાણ્યાં બાળકો આવીને ઊભાં રહી ગયાં. ફડકે તો એ વખતે ઘરમાં હાજર ન હતા, પણ ઓસરીના ઊંચા ઓટલા ઉપર થાંભલીને અઢેલીને એમનાં ધર્મપત્ની બેઠેલાં હતાં. બાજુમાં એમની અગિયાર-બાર વર્ષની ભત્રીજી ઊભી હતી.

બે બાળકોમાંથી જે મોટો હતો એણે શિષ્ટતાપૂર્ણ વાકયો સાથે વિનયભર્યો સવાલ કર્યો, ''નાના રાવસાહેબનું મકાન આ જ કે ?''

બાઈ આ બાળકના સ્વરમાં રહેલી સંસ્કારભરી મીઠાશ જોઈને રાજી - રાજી થઈ ગયાં : ''હા, આ જ એમનું ઘર છે. પણ તમે કોણ છો ? કયાંથી આવ્યા છો ? કોનું કામ છે ?''

મોટા બાળકે આદરપૂર્વક એમનો ચરણસ્પર્શ કર્યો, પછી પોતાનો પરિચય આપ્યો : ''અમે ભગૂરનિવાસી અણ્ણા દામોદરપંત સાવરકરના પુત્રો છીએ. મારું નામ વિનાયક સાવરકર છે. અને મારી સાથે આવેલા મારા નાના ભાઈનું નામ નારાયણ સાવરકર છે. આટલું કહેવા માત્રથી જ કદાચ તમે અમને ઓળખી ગયાં હશો. તેમ છતાં હું અમારા ત્રીજા એટલે કે સૌથી મોટા ભાઈનું નામ આપી દઉં છું, કેમ કે અમારા પરિચયનું સાચું અને સૌથી મજબૂત પાસું એ જ છે.''

આટલે સુધીની વાતમાં જ ગૃહિણીને અતિથિઓનો પરિચય થઈ ગયો હતો, પણ તેમ છતાં એ રમૂજમિશ્રિત આશ્ચર્ય સાથે બાળકની મધુર વાણીને સાંભળતાં

રહ્યાં : અલબત્ત, એમની બાજુમાં ઊભેલી છોકરી લજ્જાની મારી એમની પાછળ સરકી ગઈ હતી.

બાળકનો પરિચયવિધિ ચાલુ જ હતો, "અમારા મોટા ભાઈનું નામ છે ગણેશ સાવરકર. અમે એમને બાબા કહીને બોલાવીએ છીએ. મને ઘરમાં બધાં તાત્યા અને આને બાલ કહીને સંબોધે છે. મારા જાણવામાં આવ્યું છે કે થોડા દિવસ પહેલાં અમારા મોટા ભાઈનો વિવાહ તમારી ભત્રીજી સાથે નક્કી કર્યો છે. અમે અમારી ભાવિ ભાભીને જોવા માટે આવ્યા છીએ."

નાનારાવ ફડકેનાં પત્ની ઊભાં થઈ ગયાં. એમના આનંદનો પાર ન હતો. એમની ભત્રીજીને કેવું સંસ્કારી અને વિવેકી સાસરિયું મળ્યું છે એ વાતની ખુશી એમના ચહેરા પરથી સાફ ઝલકતી હતી.

"આવો, આવો, દીકરાઓ ! આ રહી મારી ભત્રીજી. એનું નામ યેશુ છે."

"નમસ્તે, યેશુભાભી !" કહીને વિનાયકે ભાવિ ભાભીને શબ્દશઃ પ્રણામ કર્યાં. યેશુના સંકોચનો કોઈ પાર ન હતો. એક તો આમ સાવ અચાનક એના દિયરો આવી ચડ્યા હતા એ વાતથી એને લજ્જા આવતી હતી અને બીજું કારણ એ હતું કે એનાં ચરણસ્પર્શ કરી રહેલો દિયર વિનાયક ઉંમરમાં એના કરતાં મોટો હતો !

એના હૃદયમાં લાગણીનો દરિયો ઊમટ્યો. સામે વિનાયકની પણ એવી જ હાલત હતી. કેટલા સમય પછી એને એક 'સ્ત્રી' મળી હતી, જેને એ ભક્તિપૂર્વક વંદી રહ્યો હતો ! એને અચાનક સ્વર્ગસ્થ મા યાદ આવી ગઈ. અને સાથે જ એ કઠોર હકીકત પણ કે એનું ઘર એક વડીલ સ્ત્રીની અનુપસ્થિતિમાં કેટલું ખાલી હતું ! અને કેવું શુષ્ક હતું !

અલબત્ત, મા ભવાની ઘરમાં હાજરાહજૂર હતાં, પરંતુ એ પ્રેરણા આપતાં હતાં, પ્રેમ નહીં વિનાયકને તો મા ભવાનીની પ્રેરણા પણ ખપતી હતી અને મા સમાન ભાભીનો પ્રેમ પણ જોઈતો હતો. યેશુનાં કાકી અંદરના ઓરડામાં ગયાં કે લાગ જોઈને વિનાયકે પૂછી લીધું, "ભાભી, ક્યારે આવો છો અમારા ઘરમાં ?'

યેશુ શરમાઈને બોલી, "જ્યારે તમે અને તમારા મોટાભાઈ લેવા આવશો ત્યારે." દિયર અને ભાભીનો સંબંધ વવાતાંની સાથે જ ઊગી નીકળ્યો હતો.

o o o

૪. દિયર-ભાભી

‘‘વિનાયકને સમજવા માટે ભગવાન સિદ્ધિ વિનાયક જેવી બુદ્ધિ હોવી જોઈએ.’’ પિતા દામોદરપંતે મોટા પુત્ર ગણેશ આગળ પોતાના મનની મૂંઝવણ રજૂ કરી, ‘‘મને તો આ છોકરો સમજાતો નથી. ધર્મની કે દેશની વાત કરતો હોય ત્યારે એની આંખ કેવી ફરી જાય છે ! અને જ્યારથી ‘તારી સગાઈ નક્કી થઈ છે, ત્યારથી એનું વર્તન કેટલું બધું બદલાઈ ગયું છે ?’’

ગણેશને પણ પિતાની વાત સાચી લાગી, ‘‘લગ્ન મારાં છે, પણ હરખ એના દિલમાં સમાતો નથી, લગ્ન આડે માંડ ચાર દિ’ બાકી રહ્યા છે, ત્યારે ભાઈ સાહેબ નાના ભાઈને લઈને ભાભીને મળવા ઊપડ્યા છે. ત્યાં જઈને મારી સાસરીમાં કંઈ બાફે નહીં તો સારું.’’

મોટા ભાઈની વાતનો પડઘો પાડતો હોય એમ બરાબર એ સમયે વિનાયક નાસિકમાં વેવાઈના ડહેલીબંધ મકાનમાં ઊભો હતો અને ભાવી ભાભીની જોડે શિખર મંત્રણા ચલાવી રહ્યો હતો. તેર વર્ષનો વિનાયક અને અગિયાર વર્ષની યેશુ.

સફેદ ધોતિયું, લાંબો ડગલો, કાળો કોટ, માથે કાળી ટોપી અને હાથમાં કાયમી ટ્રેડ માર્ક જેવી છત્રી. વિનાયકે વડીલશાહી ઢબે પૂછપરછ શરૂ કરી.

‘‘તું લગ્નના દિવસે કેવાં કપડાં પહેરવાની છે ?’’

‘‘કેમ ! કેવાં કપડાં એ તે કંઈ પૂછવાનો સવાલ છે ? તમે તો જાણે બૅરિસ્ટર હો એ રીતે સવાલો પૂછી રહ્યા છો !’’

‘બૅરિસ્ટર નથી તો શું થયું ? ભવિષ્યમાં થઈશ. અત્યારે હું જે પૂછું એનો જવાબ આપ.’

‘‘પૂછો.’’ યેશુનું મોં પડી ગયું.

‘‘ઠીક છે હવે, કપડાં તો જે પહેરીશ એ લગ્નના દિવસે દેખાવાનાં જ છે ને ? એમાં આમ લંગુરના જેવું મોં કરી દેવાની જરૂર નથી. સારી નથી લાગતી.’’

‘‘જેવી લાગતી હોઉં એવી.’’ યેશુએ તીરછી આંખે વિનાયક સામે જોયું, ‘‘તો પણ કોઈને પસંદ પડી ગઈ છું ને ? બાકી ઘણા દેખાવડા પુરુષો મારાથી મોટા છે, તોયે વાંઢા ફરે છે.’’

વિનાયક સમજી ગયો કે ભાભીનો ઈશારો એની તરફ હતો. એણે યેશુનો કાન પકડીને મરોડ્યો, ''ખોટા ભ્રમમાં ન રહેતી, યેશુભાભી. મારે જો પરણવું હોય તો તારા જેવી તો હજારો કન્યાઓ મળે છે, પણ હું કંઈ બાબા જેવો ભોળો નથી કે ગમે એવીને હા પાડી દઉં. હું તો ફકત મને 'ગમે એવી' માટે જ હા પાડવાનો છું.'' વિનાયકે શ્લેષ કર્યો.

એના વાક્ચાતુર્યથી નિરક્ષર યેશુ અંજાઈ ગઈ, ''ઓ માઈ રે ! તમે તો કેટલું અઘરું-અઘરું બોલો છો ?''

''ભણેલો છું ને, એટલે ! તારી જેમ અંગૂઠાછાપ થોડો છું ?''

''અંગૂઠાછાપ હશે તમારી બૈરી. હું તો ખાસ્સી સાત ચોપડી ભણેલી છું.''

કયાંય સુધી મજાક-મસ્તી ચાલતાં રહ્યાં, વિનાયકને મજા પડી ગઈ. એણે હવે ઊંચી ઓસરીમાં બાંધેલા હીંચકા ઉપર બેઠક જમાવી. યેશુ હીંચકાની સામે થાંભલીને અઢેલીને ઊભી રહી.

વિનાયક હવે મુદ્દાની વાત ઉપર આવ્યો.

''લગ્નનો માંડવો કયાં રોપાવાનો છે ?''

''અહીં આ ઘરમાં જ. આવડો મોટો ખુલ્લો ચોક તો છે.''

''ગોર મહારાજ કયાં બેસવાના છે ?'' વિનાયકના મનમાં શું રમી રહ્યું હતું એ રામ જાણે.

જવાબમાં યેશુ એનો હાથ પકડીને ચોકમાં ખેંચી ગઈ, પછી એક જગ્યા બતાવીને બોલી, ''અહી મંડપ હશે. શુકલ આ જગ્યાએ બેઠા હશે. અહી વચ્ચે ચૉરી હશે.''

''તું કયાં બેઠી હોઈશ ?'' વિનાયક પૂરેપૂરો ગંભીર હતો, ''અને મોટાભાઈ ?''

યેશુએ આંખો ઢાળી દીધી. પછી હાથ લંબાવીને વર-કન્યાને બેસવાની અપેક્ષિત જગ્યાઓ ચીંધી બતાવી. વિનાયક ચૂપચાપ થોડાં ડગલાં ભરીને યેશુએ બતાવેલા સ્થાન પાસે ગયો. પછી કંઈક વિચારતો હોય એવી મુદ્રામાં ત્યાં ઊભો રહ્યો.

યેશુથી પૂછ્યા વિના રહેવાયું નહીં, ''આટલી બધી ઝીણવટથી આ બધું પૂછવાનો અર્થ હું પૂછી શકું ?''

''યેશુભાભી, હું જાણવા માગું છું કે તારા અને બાબાના લગ્ન વખતે મારું સ્થાન કયાં હશે ? હું એવી જગ્યા શોધી રહ્યો છું, જ્યાંથી હું સંપૂર્ણ લગ્નવિધિ નિહાળી શકું. મને મારા મોટાભાઈ બહુ પ્રિય છે. એમના લગ્નપ્રસંગની એક પણ ક્ષણ હું ગુમાવવા નથી ઈચ્છતો.''

યેશુ આશ્ચર્યચકિત બનીને ભાવિ દિયરને જોઈ રહી. આટલી કાચી વયનો આ કિશોર કેવી પુખ્ત માણસના જેવી વાતો કરી રહ્યો હતો !

''દિયરજી, તમારા સવાલો જો પૂરા થયા હોય, તો હવે એક પ્રશ્ન હું પૂછી શકું ?''

''પૂછને, ભાભી.''

''હું તમારી ભાભી બનવાની છું. તમારા મોટાભાઈની ધર્મપત્ની. તેમ છતાં તમે મને 'તું' કહીને શા માટે બોલાવો છો ?''

''કારણ કે તું મારાથી એક વર્ષ નાની છે. વયમાં અને જ્ઞાનમાં, બંને દૃષ્ટિએ જોઈએ તો હું તારાથી મોટો છું. તને જિંદગીભર એકવચનથી સંબોધતો રહીશ. બીજું કંઈ પૂછવું છે ?''

યેશુની આંખોમાં ચમકારો ઊપસી આવ્યો. જાણે આ જ તકની રાહ જોઈને બેઠી હોય એમ એણે મુદ્દાનો સવાલ ફેંકયો, ''તો પછી મારા બીજા પ્રશ્નનો જવાબ આપો, મારા બુદ્ધિમાન દિયરજી ! હું તમારાથી બધી રીતે નાની હોવા છતાં, આજે સવારે જ્યારે તમે અમારા ઘરે આવ્યા, ત્યારે બધાં વડીલોની સાથે મને પણ પગે શા માટે લાગ્યા હતા ? મોટા થઈને નાનાનો ચરણસ્પર્શ કરવામાં બુદ્ધિ કયાં આવી એ જણાવશો ?''

વિનાયક સ્તબ્ધ થઈ ગયો. આ અંગૂઠા જેવડી છોકરીએ એને બરાબર સાણસામાં ઝડપી લીધો હતો. એની દુખતી નસ ઉપર એણે આંગળી મૂકી દીધી હતી. છાતીનો બંધ પટારો વિનાયક બંધ જ રાખવા માગતો હતો, પણ આ સવાલ પૂછીને યેશુએ મહિનાઓ જૂનું તાળું ઉઘાડી નાખ્યું હતું.

''યેશુ. તારા બંને સવાલો ભલે અલગ-અલગ છે, પણ એના જવાબો એકબીજા સાથે સંકળાયેલા છે. હું તને એકવચનમાં સંબોધું છું, કારણ કે તું નાની છે. અને હું તારો ચરણસ્પર્શ કરું છું કારણ કે તું મારી ભાભી છે. શાસ્ત્રોમાં ભાભીને મા સમાન ગણવામાં આવી છે. પણ યેશુભાભી, શાસ્ત્રોની વાત જવા દે. વિનાયક પોતાનાં શાસ્ત્રો પોતે જ રચે છે. અને મારા માટે તું મા સમાન નથી, પણ મા જ છે. હું કમનસીબ છું, કારણ કે મારી મા મરી ગઈ છે. મારી રાધામાઈ મને બહુ વહાલી હતી. એ બહુ રૂપાળી હતી અને બહુ સંસ્કારી હતી. મારા પિતા અને મારી માઈનું જોડું આખા ભગૂરમાં વખણાતું હતું. લોકો એમને શિવ-પાર્વતીનું જોડું કહેતાં હતાં. ઘરકામમાં એ નિષ્ણાત હતી. એનો કંઠ મધુર હતો. એણે મને કેટલાં બધાં ગીતો શીખવ્યાં હતાં ! ગામ-આખાની સ્ત્રીઓ એની પાસે રસોઈ શીખવા આવતી. એ રોજ સવારે ચાર વાગ્યે જાગી જતી અને છેક રાત્રે અગિયાર વાગ્યે સૂતી હતી. ઘર માટે, પતિ માટે, સંતાનો માટે એણે જાત ઘસી નાખી.''

''એમને શું થયું હતું ? એ બીમાર હતાં ?''

''ના, મારી મા ચિરયૌવના હતી. ચાર બાળકોની જનેતા હતી, પણ એવી દેખાતી હતી જાણે ગઈ કાલે જ પરણીને આવી હોય ! સાવ મામૂલી બીમારીમાં

એણે પ્રાણ ખોયા. શ્રાદ્ધના દિવસો હતા. ઘરમાં મહેમાનો હતા. માઈની તબિયત સારી ન હતી. એને ઝાડા થયા હતા, પણ આરામ કરવાને બદલે એ રસોઈ બનાવતી રહી. દરેક વખતે જાજરૂ ગયા પછી સ્નાન કરવાનો એનો નિયમ હતો. બાર વાગતાં સુધીમાં તો એ સાવ જ નખાઈ ગઈ. પંગત પડી. બધાં જમવા બેઠાં. મા પીરસવા માટે રસોડામાંથી નીકળી, એ સાથે જ ઢગલો થઈ ગઈ. પછી એ કદીયે ઊઠી જ નહીં. અમે આખું ઘર માથે લીધું, પણ મા પાછી ન આવી. મને કકડીને ભૂખ લાગી હતી, કેમ કે જમવાનું હજુ બાકી હતું, પણ મા તો પીરસતાં પહેલાં જ જતી રહી હતી.''

વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ. ચાર દિવસ બાદ જે જગ્યાએ લગ્નનો માંડવો રોપાવાનો હતો, એ જ સ્થળે અત્યારે મૃત્યુની કથા વંચાઈ રહી હતી. કોઈને ન સમજાતો વિનાયક અત્યારે અગિયાર વર્ષની એક અબુધ કન્યાને ધીમે-ધીમે સમજાતો જતો હતો, ડુંગળીના પડની જેમ દિયર એના વ્યક્તિત્વનાં પડો એક પછી એક ખોલી રહ્યો હતો. અને વાતાવરણ જ્યારે અત્યંત આર્દ્ર બની ગયું, ત્યારે વિનાયકના શબ્દો પણ પ્રવાહી જેવા બની ગયા.

''ભાભી, તું મારા માઈ બની શકીશ ?'' અચાનક વિનાયકે યેશુના બંને હાથ પોતાના હાથમાં જકડી લીધા. આ સવાલમાં અવર્ણનીય ભાવુકતા સમાયેલી હતી. મા વગરના દીકરાનો ખાલીપો આ શબ્દોમાં છલકાતો હતો. છાતીના પોલાણમાં ઘૂમરાતી રિક્તતા બોલી રહી હતી. હૃદયના એક ખૂણામાં રહેલી કોરાશ આજે પહેલી વાર ભીનાશનું સરનામું શોધી રહી હતી.

કોઈ તરસે મરી રહેલો જીવ પૂછે : ''મને પાણી પાશો ?'' અને સામે જવાબ આપવામાં આવે, એવો જ જવાબ યેશુની જીભ ઉપરથી સરી પડ્યો, ''હા, વિનાયક ! આજથી હું તારી મા છું. મોટા દીકરાની નાની મા. વિદ્વાન પુત્રની અલ્પજ્ઞાની મા. એક મા વિનાના દીકરાની, પુત્ર વગરની મા. જીવીશ ત્યાં સુધી તને દિયર કહીને બોલાવીશ અને દીકરો માનીને વર્તીશ. વચન આપવાની જરૂર છે ? કે પછી મારું વાક્ય જ પૂરતું છે ?''

કશું જ બોલ્યા વગર વિનાયક યેશુના પગમાં પડી ગયો.

સ્વર્ગલોક તો નરી કલ્પના જ છે. દેવી-દેવતાઓને કોણે જોયાં છે ! પણ ખરેખર જો આવું કશુંયે હશે, તો આ ક્ષણે સ્વર્ગલોકના તેત્રીસ કરોડ દેવોએ એકસામટાં ભેગાં મળીને નાસિક શહેરમાં આવેલી નાનારાવ ફડકેની ડહેલી ઉપર પુષ્પવૃષ્ટિ અવશ્ય કરી હશે. પૃથ્વીલોકમાં ભજવાતાં આવાં દશ્યો એમને સ્વર્ગલોકમાં કયાંથી જોવા મળવાનાં હતાં ?!

* * *

લગ્ન પતી ગયાં. કન્યાને લઈને જાન ઘરે આવી. મહેમાનો ઘરમાં સમાતા ન હતા. વરરાજા એમના શયનખંડમાં નવોઢાની પ્રતીક્ષા કરી રહ્યા હતા, પણ વધૂનો ક્યાંય પત્તો ન હતો. દામોદરપંત પુત્રવધૂને શોધવામાં આખું ઘર ખૂંદી વળ્યા. અંતે એની ભાળ રસોડામાં મળી.

આઠ વર્ષની દીકરીએ સમાચાર આપ્યા, ''ભાભી તો તાત્યાના ખોળામાં માથું મૂકીને સૂતાં છે. અને તાત્યા એમની આંખોનો ઈલાજ કરી રહ્યા છે.''

''કેમ ? શું થયું છે વહુને ?''

''આંખો આવી છે. લગ્નના આગલા દિવસથી જ આવેલી હતી. એમાં ચોરીનો ધુમાડો ખાધો. ઉપરથી પિયર છોડતી વખતનું રડવાનું ભળ્યું. બાપ રે ! આંખો તો સાવ બંધ જ થઈ ગઈ છે.''

''અને આપણા વૈદ્યરાજ શું કરે છે ?''

''તાત્યા ભાભીની આંખ ઉપર અફીણની વરાળનો શેક કરી રહ્યા છે.''

દીકરી પાસેથી વિગત મેળવીને દામોદરપંત રસોડાની દિશામાં આગળ વધ્યા. અવાજ ન થાય એ રીતે બારણાંની આડશમાં ઊભા રહી ગયા. અંદર દિયર-ભાભીનો નિર્વ્યાજ પ્રેમ એના સર્વોચ્ચ પવિત્ર રૂપમાં વિદ્યમાન બનીને પથરાયેલો હતો. બાજુમાં ચૂલા ઉપર તપેલી ચડાવેલી હતી. અંદર અફીણ મિશ્રિત પાણી ખદબદતું હતું. એની વરાળમાં કપડાનો ગોટો ધરીને વિનાયક વારાફરતે યેશુની ડાબી-જમણી આંખ ઉપર મૂકી રહ્યો હતો.

યેશુના બોલવાનો અવાજ શ્વસુરને સંભળાયો, ''બસ કરો, દિયરજી ! કોઈ જોશે તો શું કહેશે ?''

''અરે, ઝખ મારે છે દુનિયા, જે જોશે એ કહેશે કે તાત્યા એની ભાભીની આંખોનો ઈલાજ કરે છે, પણ દુનિયાની ચિંતા છોડ, ભાભી ! મારા મોટા ભાઈની વાત કર. બાબા તને જોઈને શું કહેશે ?''

''શું કહેશે ?''

''આવી આંખો સાથે જોઈને તો બાબા એમ જ કહેશે કે આ ગાંધારી ક્યાંથી ભટકાઈ ગઈ ?!''

વિનાયકનો જવાબ સાંભળીને યેશુભાભી તો હસી પડી. પણ બારણાં પાસે સંતાઈને ઊભેલા દામોદરપંતને પણ હસવું આવી ગયું. પકડાઈ ન જવાય એ માટે એ દબાતા પગલે પાછા વળી ગયા.

* * *

દામોદરપંતને મનમાં એમ હતું કે ઘરમાં એક સ્ત્રી આવશે એનાથી ઘરનું સમગ્ર વાતાવરણ ધરમૂળથી બદલાઈ જશે. ખાસ તો એમની ચિંતા વિનાયક માટે વિશેષ હતી.

ઘરનું વાતાવરણ મહદ્ અંશે બદલાયું પણ ખરું. યેશુએ રસોડાની જવાબદારી સંભાળી લીધી હતી. મોટો પુત્ર ગણેશ મધુરજની માણીને પાછો નાસિક ભણવા માટે ચાલ્યો ગયો હતો. નાનો દીકરો અને દીકરી પણ ભાભીના આગમનથી ખુશ હતાં.

પણ વિનાયક સમજાતો ન હતો. એની ગતિવિધિ વધુ ને વધુ ભેદી બનતી જતી હતી.

એક સાંજે એણે ઘર પાછળના વાડામાં મિત્રોને ભેગા કર્યા. મિત્રો પણ સમજી ગયા હતા કે આજે તાત્યા કોઈક ગંભીર વાત માટે બોલાવી રહ્યો છે. જે સાચા મર્દ હતા અને મિત્ર માટે મરી પડે એવા હતા, એ તમામ દોડી આવ્યા. રાજુ દરજીના બે પુત્રો, રાજારામ અને પરશુરામ સૌથી પહેલાં આવી ગયા. પટવારીનો પુત્ર ગોપાલ જાણે જંગમાં જોડાવા નીકળ્યો હોય એવા જોશ સાથે આવી ગયો. મસિયાઈ ભાઈ વામન આવ્યો. કુલકર્ણીનો દીકરો બાલુ આવ્યો. રાવજી અને ત્ર્યંબક બે ભાઈઓ આવ્યા, ભીખુ વણજારો, બાપુ અને નથુ પણ સમય થતામાં આવી ગયા.

સૌના મનમાં ઉત્કંઠા હતી. તાત્યાએ શા માટે બોલાવ્યા હશે ? હવામાં ઘૂમરાતી ગરમી મિત્રોએ પારખી લીધી હતી, કારણ કે હમણાં-હમણાંથી વિનાયકના વિચારો દઝાડનારા બની ચૂકયા હતા. એની પાસે વાત માટે ત્રણ વિષયો મુખ્ય હતા : ''હિંદુ, હિંદુત્વ અને હિંદુસ્તાન.''

વિનાયકના મુખમાંથી બહાર પડતા અંગારા ઝીલવા માટે સૌ આતુર હતા અને વિનાયકે બોલવાનું શરૂ કર્યું, ''ભાઈઓ, આજે મેં તમને રમવા માટે નથી બોલાવ્યા, પણ મરવા માટે ભેગા કર્યા છે, મેં ખૂબ વાંચ્યું છે, ખૂબ વિચાર્યું છે. મને મારું જીવનકાર્ય સાફ દેખાઈ રહ્યું છે. આપણો દેશ, આપણી જાતિ અને આપણો ધર્મ અત્યારે ભયંકર તકલીફમાં છે. દેશને એક જાતના વિધર્મીઓ તરફથી ખતરો છે. તો ધર્મને બીજા વિધર્મીઓ તરફથી, હું કોઈ પણ ધર્મનો અનાદર નથી કરતો, પણ મારી વાત સ્પષ્ટ છે : હું ફકત એવા ધર્મને જ આદર આપીશ, જે ધર્મના લોકો મારા ધર્મને આદર આપતા હોય.''

મિત્રો ખામોશ હતા અને વિનાયકના અવાજમાં કોઈ યુગપુરુષની વાણીમાં હોય એવો રણકાર હતો : ''હવે રહી વાત દેશની. તો એમાં મારું સ્પષ્ટ માનવું છે કે સશસ્ત્ર ક્રાંતિ વગર આ દેશને આઝાદ કરવો શકય નથી. અને પોકળ અહિંસામાં

મને જરા પણ વિશ્વાસ નથી. મારી અહિંસા મારા બાંધવો માટે છે; પણ વાત જ્યારે શત્રુઓની આવે છે ત્યારે તો મારી પાસે એક જ સૂત્ર છે : ''હિંસા પરમો ધર્મઃ ।''

મિત્રો મોં ફાડીને વિનાયકની આર્ષવાણીને સાંભળી રહ્યા. સદીઓ પછી કોઈ માણસ આ દેશની આબોહવાને બદલવાની કોશિશ કરી રહ્યો હતો. કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ઊભા રહીને 'હણનારને હણવામાં પાપ નથી' જેવું ધર્મવાક્ય ઉચ્ચારનાર યોગેશ્વર શ્રીકૃષ્ણ આજે ફરીથી જીવિત થયા હોય એવું લાગતું હતું.

મસિયાઈ ભાઈ ગોપાલે મનમાં ખદબદતો સવાલ પૂછી લીધો, ''તો આપણે કરવું છે શું ? મને તો રમવાની અને મરવાની વાતમાં કંઈ જ સમજ ન પડી.''

વિનાયકે એને સમજ પાડી, ''હવે આપણી રમતો બદલાશે, એનું આયોજન બદલાશે, એની પાછળના આશયો બદલાશે. આપણે અત્યાર સુધી કૌરવો-પાંડવોનાં યુદ્ધો ખેલતા હતા ને ? હવે આપણે હિંદુઓ અને વિધર્મીઓ વચ્ચેની બનાવટી લડાઈઓ રમીશું, પણ આપણામાંથી હવે કોઈ અર્જુન નહી બને.''

''કેમ ? અર્જુન તો મહાન યોદ્ધો હતો, બાણાવળી હતો.'' કોઈકે દલીલ કરી.

''એ હશે, પણ સામે શત્રુને ઊભેલો જોઈને જેના હાથમાંથી ગાંડીવ સરી પડે એને હું યોદ્ધો ગણતો નથી. મારો આદર્શ તો ગદાધારી ભીમ છે. ભીમને ક્યારેય વિષાદયોગ નડતો નથી. અને એની પત્ની ઉપર હાથ નાખનાર દુઃશાસનને એ ક્યારેય છોડતો નથી. આપણે પણ દુઃશાસનોને જીવતા રહેવા નથી દેવાના.''

''પણ કરવું છે શું એનો ફોડ પાડ ને ?''

''મારી પાસે ઘણી બધી યોજનાઓ છે, પણ પહેલાં તમે શપથ લો કે આપણી વાતો ગુપ્ત રહેશે અને તમારામાંથી કોઈ મને દગો નહીં કરે.''

વિશ્વાસની દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ ગઈ.

''તો હવે મારી પ્રથમ યોજના સાંભળો. આવતા મહિને ગણેશનો ઉત્સવ શરૂ થાય છે. તિલક મહારાજે એમના 'કેસરી'માં હાકલ કરી છે એ વાંચી છે ને ? બસ, સમજદારને ઈશારો કાફી છે. ગણેશપૂજાનો ઉત્સવ આપણા ગામમાં જાહેરમાં ક્યારેય ઉજવાયો નથી, પણ આ વખતે ભગૂર આખું ધ્રૂજી ઊઠશે. સરઘસ નીકળશે એ તો એક નિમિત્ત હશે. એ બહાને આપણે તો ઘરમાં ભરાઈને બેઠેલા હિંદુઓને બહાર આણવા છે. આ વિરાટ દેશના અસંખ્ય સિંહો બોડમાં સૂતા છે, એ જાગીને બહાર નીકળે એટલે જુઓ કે કેવો રંગ જામે છે ! એક સિંહ સો ઘેટાંને ભારે પડે છે. અહી તો સિંહોની બહુમતી છે. ઘેટાં દિવસમાં પાંચ વાર ભેગાં થઈ શકતાં હોય, તો સિંહો વર્ષમાં એક વાર એકઠા ન થઈ શકે ?''

તેર વર્ષનો વિનાયક ત્રેવીસ કે તેંત્રીસ વર્ષના યુવાન જેવી પુખ્ત ભાષામાં વાતો કરી રહ્યો હતો અને એના સાથીઓ સૈનિકોની જેમ મંત્રમુગ્ધ બનીને આ સેનાપતિનો શબ્દે શબ્દ પી રહ્યા હતા.

* * *

આયુષ્યની યાત્રાનું તેરમું વર્ષ વિનાયક માટે ઘટનાસભર પુરવાર થયું. એનું અંગ્રેજી શિક્ષણ આ ઉંમરે ચાલુ થયું. ઘરમાં જ રહીને ણે એક વર્ષમાં બે વર્ષનો અભ્યાસ પૂરો કર્યો. એ ઉપરાંત એણે બહારનાં અસંખ્ય પુસ્તકો ફેંદી નાખ્યાં. મેડા ઉપર આવેલા માળિયામાં ધૂળ ખાતી ચોપડીઓ ઊધઈની માફક હજમ કરી નાખી. ક્યારેક એ ઘરના ભંડકિયામાં આવેલી જૂની પતરાની સંદૂકમાં છુપાવેલી પિતાની રિવોલ્વર પણ હાથમાં લઈને પંપાળી આવતો હતો. વિનાયક એક સાથે અનેક અશ્વો ઉપર સવારી કરી રહ્યો હતો.

ક્યારેક એ બીજા માળે આવેલા ઓરડાના એકાંતમાં ઊભો રહીને મોટે-મોટેથી વાતો કરતો હોય એવા અવાજો સંભળાતા હતા, એની ભાભી યેશુએ તો પૂછી પણ લીધેલું, ''તમે આ શું કરો છો ? પાગલ તો નથી થઈ ગયા ને ?''

''ના, હું ચોટદાર ભાષણો આપવાનો મહાવરો કરી રહ્યો છું. મારી નજર સામે મહાસંગ્રામ દેખાઈ રહ્યો છે અને હું મારાં શસ્ત્રોને ધાર કાઢી રહ્યો છું. મારા વિચારો બંદૂકનું કામ કરશે, કવિતા જામગરી બની જશે અને શબ્દોના દારૂગોળાથી હું હિંદુસ્તાનમાં ક્રાંતિની આગ પ્રસરાવી દઈશ.''

''તો તમે હવે કવિતા લખવાનું પણ શરૂ કરી દીધું ?''

''કવિતા તો છેલ્લાં બે વર્ષથી શરૂ કરી છે. ભાભી, મારે કવિ પણ બનવું છે અને ક્રાંતિકારી પણ. મારા એક હાથમાં કલમ હશે અને બીજા હાથમાં તલવાર. મારી છાતીમાં ઝબૂકતી ચિનગારીને મારે એક વિરાટ, ભભૂકતી આગમાં ફેરવી નાખવી છે. ભગૂર હવે મને નાનું પડે છે. આ વેકેશન બાદ હું નાસિક જવા માગું છું.''

યેશુભાભી વિનાયકના શબ્દોમાં રહેલી ઠંડી આગ જોઈને ડરી ગઈ. આ સમાચારની જાણ સસરાજીને કરવા માટે એ ત્યાંથી દોડી ગઈ.

વિનાયકે બાજુમાં પડેલું એક જૂનું પુસ્તક ઉઠાવ્યું. એની ઉપર બાઝેલી ધૂળ ખંખેરી. વિશ્વના ઈતિહાસનું પુસ્તક હતું, પણ એની શરૂઆતનાં પૃષ્ઠો ફાટેલાં હતાં. વિનાયકના મનમાં વિષાદ પ્રસરી ગયો. એ ફાટેલાં પાનાંમાં પણ ઈતિહાસ તો હશે જ ને ? એ કયાં ગયો ? પછી એને થયું કે એ પાનાં કદાચ અકબંધ હોત તો પણ

શો ફરક પડવાનો હતો ? એ પૃષ્ઠોની પહેલાં પણ કશોક ઇતિહાસ હશે જ ને ? એ ક્યાં લખાયો છે ?

એ રાત્રે એની કલમમાંથી કવિતા ટપકી :

ઇતિહાસ કા પહલા પૃષ્ઠ નહીં મિલના,
નહીં દિખના
પ્રારંભ તેરા દૂસરે પૃષ્ઠ સે હોના
અભિશાપ, હૈ યહ, અભિપ્રાય હૈ...!

અને એણે દૃઢ સંકલ્પ કર્યો : ઇતિહાસનાં જે પૃષ્ઠો ફાટી ગયાં છે, એ વિશે ''હું લાચાર છું, પણ જે પૃષ્ઠો હજી લખાવાનાં બાકી છે, એમાં વિનાયક દામોદર સાવરકરનું પણ એક નિશ્ચિત યોગદાન હશે.''

○ ○ ○

૫. અગ્નિનો વારસદાર

સાંજનો સમય હતો. ગોદાવરીના પવિત્ર જળને સ્પર્શીને વાતો મંદ મંદ સલીલ વાતાવરણને ધાર્મિક બનાવી રહ્યો હતો. કાંઠે ઊભેલો વિનાયક અપલક આંખે ગોદાવરીનાં ધસમસતાં નીરને જોઈ રહ્યો હતો. બાજુમાં મોટા ભાઈ ગણેશ ઊભા હતા.

ખાસ્સા એવા મૌનનો ભાર ઝીલ્યા પછી ગણેશે પૂછયું, 'શું વિચારે છે, તાત્યા ?'

વિનાયકે છાતી ઠલવાઈ જાય એવો ઊંડો નિઃસાસો મૂકયો, ''ભગૂરને યાદ કરી રહ્યો છું, બાબા, વિચારું છું કે સમય પણ કેવો ગતિશીલ છે ! એ ગોદાવરીના જળની જેમ વહી જાય છે અને આપણે કાંઠા ઉપર ઊભા રહીને જોયા કરીએ છીએ.'

''ભગૂરની કઈ-કઈ વાતોને યાદ કરતો હતો ?''

''પિતાજીની યાદ તીવ્રપણે સતાવી રહી છે, બાબા ! નાનો ભાઈ અને બહેન પણ ભૂલાતાં નથી. અને ભાભી ? મારા મિત્રો, પડોશીઓ, સગાં અને સ્વજનો. એમ પૂછો કે કોણ યાદ નથી આવતું !''

વહેતા પાણીનાં મોજાંની જેમ અતીતનાં દશ્યો એક પછી એક વિનાયકના સ્મૃતિપટલ ઉપર ઊપસતાં રહ્યાં અને આથમતાં ગયાં.

નાનો ભાઈ યાદ આવી ગયો. એની સાથેનો છેલ્લો સંવાદ પણ.

''બાલ, ભણવામાં ધ્યાન આપજે. બહેનને મારતો નહીં. બાપુને સતાવીશ નહીં.'' વિનાયકે નાના ભાઈને શિખામણ આપેલી. નાનો બાલ ભોળા કબૂતરની જેમ રડી રહ્યો હતો. જન્મથી જ એ માવડિયો હતો. મા મરી ગઈ, પછી એ બહાવરાની જેમ ફર્યા કરતો હતો. પછી મોટા ભાઈ નાસિક ભણવા ગયા અને હવે વિનાયક પણ જઈ રહ્યો હતો,

નાની બહેન તો વળગી પડી હતી, તે છૂટી જ પડતી નહોતી, અને યેશુભાભી ?

''ભાભી, તમારો આજથી પુનર્જન્મ થાય છે.''

''કેમ આજથી ? જ્યારથી પિતાનું ઘર છોડીને આ ઘરમાં પગ મૂકયો છે, ત્યારથી જ મારો તો બીજો જન્મ...''

''ના, હું એ વિશે વાત નથી કરતો. હું તો બીજા સંદર્ભમાં કહી રહ્યો છું.''

''તો ફોડ પાડીને કહો.''

''આપણામાં રિવાજ છે કે વહુ પરણીને સાસરીમાં આવે એટલે એનું જૂનું નામ બદલીને નવું પાડવામાં આવે. બરાબર ને ?''

''હા, સાચું જ કહ્યું તમે.''

''પણ તમારું નામ આજ સુધી એનું એ જ ચાલુ રહ્યું છે.''

''તો ?''

''આજથી હું તમને નવું નામ આપું છું. ભાભી, લગ્ન પહેલાં તમે મારી આગળ અસત્ય બોલ્યાં હતાં કે તમે ભણેલાં છો. પણ અનુભવે હું સમજી ગયો છું કે તમે સાવ અભણ છો. મારે તમને અક્ષરજ્ઞાન આપવું છે. તમને લખતાં-વાંચતાં કરવાં છે. હું તમને કવિતાઓ કરતાં જોઈ રહ્યો છું. મારી નજરમાં ભાવિ વાંચવાનું સામર્થ્ય છે, ભાભી ! હું જોઈ રહ્યો છું કે અમે બંને ભાઈઓ તમારાથી ઘણા દૂર રહેવાના થઈએ. ઘણા લાંબા સમય માટે... અને ઘણા લાંબા અંતરે... ત્યારે આ ઘરનો સમગ્ર બોજ તમારા શિરે આવી પડવાનો છે. તમારે અમને પત્રો લખવા પડશે. ભાભી ! અને અમારા પત્રો વાંચતાં પણ શીખી લેવું પડશે.''

યેશુભાભી આભાં બનીને ભવિષ્યવેત્તા દિયરનાં વાક્યો સાંભળી રહ્યાં.

''આજથી હું તમારું નામ સરસ્વતી પાડું છું, યેશુભાભી ! યેશુ તરીકે આજે આખરી વાર તમને સંબોધી રહ્યો છું. આ નામ તમને મંજૂર છે ને, ભાભી ?''

''મંજૂર છે.''

અને એ ક્ષણે યેશુબાઈ ફડકે મૃત્યુ પામી. સરસ્વતી સાવરકરનો જન્મ થયો.

ખળખળ કરતાં ગોદાવરીનાં પાણી વહેતાં રહ્યાં. દશ્યો પલટાતાં રહ્યાં.

ભગૂર ગામ છોડવાના સમયે અડધું ગામ ઊમટયું હતું. જાણે વનની વાટે જવા નીકળેલા રામચંદ્રને વિદાય આપવા માટે આખું અયોધ્યા ન ઊમટયું હોય ! આ મિષ્ટભાષી, સંસ્કારી, તેજસ્વી કિશોર બધાંનો અત્યંત વહાલો હતો. એના વગરની મરાઠી પાઠશાળા મસાણ જેવી ભાસવાની હતી, દારણા નદી સુકાઈ જવાની હતી, મિત્રો નેતૃત્વવિહીન બની જવાના હતા, ભગૂર ગામ નિષ્પ્રાણ બની જવાનું હતું.

અતીતવનમાં લટાર મારવા નીકળેલા વિનાયકનો અચાનક સમાધિભંગ થયો.

''તાત્યા, જો, સામે આપણા મિત્રોનું ટોળું ઊભું છે, ચાલ, આપણે એમની પાસે જઈએ.'' મોટાભાઈએ ગોદાવરીના કિનારાની સામે એક ખાણી-પીણીની લારી આગળ ઊભેલા દોસ્તોની દિશામાં આંગળી ચીંધી.

''ના, બાબા ! તમારે જવું હોય તો જાવ. હું નહીં આવું.''

''તું શા માટે એમની સાથે ભળતો નથી ? એ બધા તને અતડો અને અભિમાની સમજે છે.''

''ભલે સમજે.'' વિનાયકે ખુમારીપૂર્વક જવાબ આપ્યો, 'એ બધા બગડેલા છોકરાઓ છે. જિંદગીને હળવાશથી લેવામાં ગૌરવ સમજે છે. એમની ઘટિયા હરકતો, અશ્લીલ મજાકો, આવતી-જતી છોકરીઓને જોઈને કરવામાં આવતી ટીકાઓ; આ બધું મને સ્વીકાર્ય નથી.''

''અને તારી આદતો એમને સ્વીકાર્ય નથી. આખો દિવસ વાંચન, વ્યાયામ અને વિતંડાવાદ સિવાય તું બીજું કરે છે શું ?''

''બાબા, તમને પણ મારી આદતો વ્યર્થ લાગે છે ?''વિનાયકના અવાજમાં દર્દ ઝલકતું હતું.

ગણેશ ગળગળો થઈ ગયો, ''ના, તાત્યા, તારી કોઈ વાત વ્યર્થ નથી, તારી કોઈ આદત નિરર્થક નથી. તું તો ખૂબ જ સારો અને સાત્ત્વિક છોકરો છે. મને માફ કરજે, ભાઈ. મારાથી આવેશમાં ગમે તેમ બોલી જવાયું, પણ મારા ભાઈને કોઈ અભિમાની કે અતડો કહે એ મારાથી સહન થઈ શકતું નથી.''

ગણેશની નજર દૂર ઊભેલી ટણકટોળી તરફ હતી. વંઠેલા મિત્રો સાવરકર બંધુઓને પોતાની પાસે બોલાવી રહ્યા હતા. ગણેશ નાના ભાઈ તરફ જોયું. વિનાયક એકીટસે વિરુદ્ધ દિશામાં જોઈ રહ્યો હતો.

''શું જુએ છે, તાત્યા ?''

''ત્યાં દૂર પેલા મેદાનમાં કેટલાક યુવાનો ઊભા છે એ દેખાય છે ?''

''હા, કોણ છે એ લોકો ?''

''એ આ દેશનું ભવિષ્ય છે. એ તમામ યુવાનો સાચા રાષ્ટ્રભક્તો છે. નાસિકમાં એમનું મંડળ ચાલે છે. રોજ એ લોકો સાંજે અહીં ગોદાવરીના પટમાં ભેગા મળે છે. એમનો આગવો ધ્વજ છે. એમનાં ખાનગી રાષ્ટ્રગાનો છે. એમને દોરવણી આપનારા શ્રી ખરે અને શ્રી બર્વે જેવા ધુરંધર વડીલો છે અને...મારું ચાલે તો...બાબા, હું પણ એમની સાથે ભળી જાઉં.''

''તો જા ને ! કેમ જતો નથી ?'' ગણેશે ઉત્સાહપૂર્વક કહ્યું.

''શી રીતે જઉં ? હું તો હજી નાનો છું ને ? મને આ શહેરમાં કોણ ઓળખે છે ? મોટાઓ માટે હું અજાણ્યો છું, સમવયસ્કો મને અતડો માને છે અને આ શહેર માટે હજુ પણ હું પારકો છું. ભગૂર મને યાદ આવ્યા કરે છે એનું ખરું કારણ આ જ છે, બાબા.'' વિનાયક કટાક્ષયુક્ત હસ્યો.

એની વાત સાવ સાચી હતી, ભગૂરનો સર્વાધિક લોકપ્રિય વિનાયક નાસિકમાં સૌથી ઓછો જાણીતો હતો. અને આ ખિન્ન કિશોરના કટાક્ષ-વચન ઉપર આસમાનમાં બેઠેલા વિધાતા રહસ્યપૂર્ણ સ્મિત ફરકાવી રહ્યો હતો, કદાચ ગોદાવરીનાં

જળ જાણતાં હતાં કે બહુ ઝડપથી પરિસ્થિતિ એકસો ને એંસી અંશના ખૂણે વળાંક લેવાની હતી.

*   *   *

આજે રવિવાર હતો. શિવાજી સ્કૂલમાં ભણતા સાવરકર બંધુઓને આજે રજા હતી. સવારના દસેક વાગ્યા હતા, ગણેશ કપડાં બદલીને બહાર જવા નીકળ્યો, "તાત્યા, જમવાને હજુ વાર છે. ત્યાં સુધીમાં હું મંદિરે આંટો મારીને આવું છું."

ભાડાનું મકાન હતું. નાસિકનું પ્રખ્યાત મારુતિ મંદિર સાવ બાજુમાં જ આવેલું હતું. ભોજનાલયમાં આજે બાર વાગ્યા પહેલાં મેળ પડવાનો ન હતો, બાબા તો ગયા, એકલો પડેલો વિનાયક મકાન માલિકના ઘરે જઈને આખા સપ્તાહનાં અખબારો ઉપાડી લાવ્યો. સોમથી રવિ સુધીના સમાચારો રસપૂર્વક વાંચવા શરૂ કર્યા. સોમવારના સમાચાર જ મોંકાણથી ભરેલા હતા : પુણેમાં પ્લેગનો હાહાકાર ટપોટપ ખરતાં બોરની જેમ માણસો મરી રહ્યા છે.

બીજા દિવસે અખબારી મથાળું હતું : મુંબઈમાં પણ પ્લેગનો પ્રવેશ. સરકાર ચોંકી ગઈ છે.

બુધ, ગુરુ, શુક્ર, શનિ...! દિવસે-દિવસે સમાચારો ખરાબ બનતા જતા હતા. પુણેમાં એક પણ ઘર એવું બચ્યું ન હતું, જ્યાં પ્લેગના ખપ્પરમાં કોઈ વ્યક્તિનો ભોગ ન લેવાયો હોય,

શુક્રવારનું છાપું કહેતું હતું. રેંડ અને આયર્સ્ટ નામના અંગ્રેજ અધિકારીઓએ પ્લેગને ફેલાતો રોકવા માટે સૂચવેલાં કડક પગલાં. પ્લેગવાળા દર્દીઓને સ્વજનોથી વિખૂટા કરવામાં આવશે. જે મકાનમાં ઉંદર જોવા મળે એને તોડી પાડવામાં આવશે. ગાદલાં-ગોદડાં સળગાવી મૂકવામાં આવશે. અંગ્રેજ સરકાર એવા તારણ ઉપર પહોંચી છે કે જે ઘરોમાં ગણપતિની મૂર્તિ છે, એ ઘરોમાં મોદકનો પ્રસાદ ધરાવવામાં આવે છે. લાડુ ખાવા માટે ઉંદરો આવાં ઘરોમાં...

વિનાયક ચોંકી ગયો, દીવાલને અઢેલીને બેઠો હતો, એમાંથી ટટ્ટાર થઈ ગયો. અત્યાર સુધી જે કંઈ વાંચ્યું એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વાજબી હતું, પરંતુ ગણપતિની વાત આવતામાં વિનાયકના નાકમાં કશીક વાસ આવવા માંડી.

અને એ પછીના દિવસમાં સમાચાર હતા : સરકારી પગલાંનો હાહાકાર. અંગ્રેજોના આદેશથી લોકોમાં રોષની લાગણી. ઘરે-ઘરમાંથી ગણપતિની મૂર્તિને લાતો મારીને બહાર ફેંકી દેવામાં આવી. આજીજી કરતાં સ્ત્રી-પુરુષોને લાતો અને લાઠીઓનો માર. પોલીસદમને માઝા મૂકી.

જેમ જેમ સમાચાર વાંચતો ગયો, તેમ વિનાયકના દિમાગમાં આક્રોશીની આગ ભભૂકવા માંડી. શરીર પરનાં બાણું લાખ રુંવાડાં વળ ખાઈને ઊભાં

થઈ ગયાં. પ્રત્યેક મરાઠીને મન સર્વોચ્ચ આરાધ્ય દેવ એટલે ગણપતિ. એમની મૂર્તિને કોઈ લાત ઠોકે ?

વિનાયકના દાંત ભીંસાયા. હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. જો અત્યારે એના હાથમાં રિવૉલ્વર હોય અને સામે રૅંડ અને આયર્સ્ટ આવી ચડે તો એ એક પળ માટે પણ વિચારવા ન ઊભો રહે.

ઉત્તેજના અને ઉશ્કેરાટમાં કલાક-દોઢ કલાક કયાં નીકળી ગયો એની પણ વિનાયકને સુધ ન રહી, મોટા ભાઈ હનુમાનજીનાં દર્શન કરીને આવી ગયા. બેય બંધુઓ ભોજનાલયમાં જમવા ગયા, પણ વિનાયકનું મન હવે કશાયમાં ચોટતું ન હતું. એ બધાં કાર્યો યંત્રવત્ કરતો રહ્યો, દિવસ અજંપામાં પસાર થયો અને રાત અનિદ્રામાં વીતી.

સવારે જાગ્યો, ત્યારે શહેરભરમાં ખળભળાટ મચ્યો હતો,

''શું થયું, બાબા ? વાતાવરણ આટલું તંગ શા માટે જણાય છે ?'' વિનાયકે મોટા ભાઈને પૂછ્યું.

''તને ખબર નથી ? કોઈ બે અજાણ્યા શખસોએ અંગ્રેજ અધિકારી રૅંડ તથા આયર્સ્ટને ગોળીએ દીધા.'' ગણેશે ધડાકો કર્યો : ''કેવી વીરતા ! કેવું સાહસ ! બંને અંગ્રેજો કાલે સાંજે બગીમાં બેસીને જઈ રહ્યા હતા. પુરપાટ વેગે દોડી રહેલા ઘોડાઓની પાછળ બાંધેલી બગી જાણે હવામાં ઊડતી હોય એમ ભાગતી હતી. ત્યાં બે જુવાનિયા મારતી બગીએ ચડી બેઠા અને બેય અંગ્રેજોને ઠાર માર્યા.''

માત્ર પુણેમાં જ નહીં, પણ આખા મહારાષ્ટ્રમાં વાતાવરણ તંગ બની ગયું. અંગ્રેજ સલ્તનત સળગતા અંગારા જેવી બની બેઠી. જે દિવસે આ બનાવ બન્યો, એ દિવસથી મહારાણી વિકટોરિયાના હીરક મહોત્સવની ઉજવણીનો આરંભ થતો હતો. આ તો નાક કાપીને કોઈએ અપશુકન કર્યા હતા.

પછીના દિવસોમાં અખબારોનાં પાનાંઓ આ જ સમાચારથી ઊભરાતાં હતાં. થોડા જ દિવસોમાં બંને હત્યારાઓ પકડાઈ ગયા, સરકારી ઈનામની લાલચે બે ગદ્દારોએ બાતમી આપી દીધી. જે પકડાયા એ બંને સગા ભાઈ હતા : દામોદરપંત ચાફેકર અને બાલકૃષ્ણ ચાફેકર.

ધૂંધાવાયેલી સરકારે બંને ક્રાંતિવીરોને ફાંસીના માંચડે લટકાવી દીધા. અંગ્રેજોનું માનવું હતું કે આ સજાથી હિંદુસ્તાનની પ્રજા ઉપર ધાક જામી જશે, પણ ટૂંક સમયમાં સરકારની બાતમી આપનારા દ્રાવિડ બંધુઓને પણ ઠાર મારવામાં આવ્યા, વળી બીજા બે ક્રાંતિવીરોને ફાંસીની સજા થઈ.

એ રાત્રે ચૌદ વર્ષનો વિનાયક મનોમન દુર્ગાભવાનીની મૂર્તિને ઉદ્દેશીને પ્રશ્ન પૂછી રહ્યો : 'મા ચાફેકર બંધુઓ ગયા. રાનડે પણ ગયો. તારા ખપ્પરને બલિદાનના રકતથી છલકાવી મૂકવા તારે હજુ કેટલા બત્રીસલક્ષણાનો ભોગ જોઈએ છે ? મને

આદેશ આપ, મા ! હવે પછીનો ક્રાંતિવીર આ તારો પુત્ર હશે; મા ! બહુ જલદી, આપણો ભેટો થશે હિંસક ક્રાંતિના યુદ્ધમેદાનમાં. હું જીવીશ તો શિવાજીની જેમ વિજયી બનીને અને જો મરીશ તો વીર દુર્ગાદાસની જેમ પરાજિત થઈને...! આનાથી ઓછું મને કશું ખપતું નથી.''

* * *

''આ શું છે ?'' નાસિકના પ્રખ્યાત અખબાર 'નાસિક વૈભવ'ના સંપાદક ખરે ચૌદ વર્ષના કિશોરના હાથમાં રહેલા કાગળો સામે જોઈ રહ્યા,

''લેખ છે. તમારા અખબારમાં છાપશો એમ માનીને લાવ્યો છું.'' સંપાદકે કાગળિયાં હાથમાં લીધા. લેખનું શીર્ષક હતું : હિંદુ સંસ્કૃતિનું ગૌરવ. સંપાદક શ્રી ખરે વિદ્વાન લેખક અને કવિ હતા. લેખની સામગ્રી વાંચીને ખળભળી ગયા.

''કોણે લખ્યું છે ?''

''મેં ?''

''અશકય. આ લખાણ અને તારી આ ઉંમર; મેળ બેસતો નથી.''

''લખાણ વિચારોમાંથી જન્મે છે, વયમાંથી નહીં.'' છોકરાએ તીર જેવો જવાબ ફેંકયો. ખરે ચોંકી ઊઠયા,

''નામ ?''

''વિનાયક.''

''હું સમજી શકતો નથી કે આ લખાણ તારું છે કે અન્ય કોઈનું પણ તેમ છતાં છાપીશ ખરો. કારણ કે આવું શુદ્ધ અને મૌલિક લખાણ આખા નાસિકમાં કોઈ લખી શકતું નથી. આ લેખને બે ભાગમાં પ્રકાશિત કરીશ. બેટા, ત્રીજા દિવસે અડધું શહેર તને શોધતું હશે. આ મારી આગાહી છે.''

વિનાયક ગયો. ખરે કયાંય સુધી લેખને વાંચતા બેસી રહ્યા.

* * *

સમગ્ર નાસિક શહેરની પ્રજા માટે એક ખુલ્લી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોની નોંધણી માટેની સમયમર્યાદા પૂરી થવામાં હતી. છેલ્લી ઘડીએ એક ચૌદ વર્ષનો છોકરો દોડી આવ્યો.

''મારે પણ સ્પર્ધામાં ભાગ લેવો છે.''

''આટલા મોડા તે અવાતું હશે ?'' આયોજકોમાંના એકે પૂછ્યું.

''શું કરું ? મને હમણાં જ જાણ થઈ.''

આયોજકે લખવા ખાતર નામ લખ્યું. જેમ મોટેરાંની રમતમાં કોઈ બાળક ભાગ લેવા ઈચ્છે, ત્યારે એને દૂધ-દહીમાં ગણીને રમાડવામાં આવે છે, એ જ રીતે આ વામન દેખાતા વક્તાને સામેલ કરવામાં આવ્યો.

ત્રીજા દિવસે સ્પર્ધા હતી. શહેરના ઉત્તમોત્તમ વક્તાઓને સાંભળવાના ઉદ્દેશથી નાસિકની તમામ જાગ્રત પ્રજા ઊમટી પડી હતી. વિનાયકનો વારો સૌથી છેલ્લો હતો. ઓગણત્રીસ વક્તાઓ એના એ જ મુદ્દાઓ ચાવી ચાવીને થૂંકી ગયા. હવે નિર્ણાયકો નિર્ણય જાહેર કરે એની જ વાર હતી. અને એ પહેલાં એક ટાબરિયો દૂધ-દહીંની રમત રમે એટલે સ્પર્ધાનો છેડો આવે.

ચૌદ વર્ષનો વિનાયક ઊભો થયો, સ્પષ્ટ વાણી, સુરેખ આરોહ-અવરોહ, વિચારોમાં, તેજાબ, આંખોમાં આગ અને નાસિકના રહેવાસીઓએ કદીયે ન સાંભળ્યા હોય એવાં વાક્યો.

ગોદાવરીનાં જળ થંભી ગયાં. વહેતો પવન વિનાયકની વાણી ઝીલવા સરવા કાને ઊભો રહી ગયો.

''મને ગ્લાનિ થાય છે કે મારી પહેલાંના તમામ વક્તાઓ શાંતિની અને અહિંસાની હિમાયત કરી ગયા. બંધુઓ, શરમ છે તમને ! તમે મહારાણી વિક્ટોરિયાના સામ્રાજ્ઞીપણાનો સ્વીકાર કરો છો ? અરે, હું પૂછું છું કે વિક્ટોરિયા રાણી ક્યાંની ? આ દેશમાં એક જ રાણી થઈ ગઈ છે; દશાનન રાવણનો વધ કરાવનાર રાણી સીતામાતા. આ દેશમાં બીજી રાણી પૂજાય છે; કૌરવકુળનો નાશ કરાવનારી રાણી દ્રૌપદી. અહીં રોજ સવારે પૂજાય છે મહારાણી અહલ્યા, આ રાષ્ટ્રને ગર્વ છે ઝાંસીની રાણી પર, જેનું નામ હતું લક્ષ્મીબાઈ. વિક્ટોરિયા ક્યાંની રાણી છે ? અરે, એ તો અંગ્રેજોના દેશની રાણી. આપણા દેશમાં તો એને પાણી ભરવા માટે પણ ન રખાય.

જે અંગ્રેજો આપણા ગણપતિની મૂર્તિને લાત મારે એની સામે અહિંસા ? ભાઈઓ અને બહેનો, આ દેશને જો અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવવો હોય તો મારી પાસે એક જ માર્ગ છે : સશસ્ત્ર, હિંસક ક્રાંતિનો માર્ગ. ગુલામીનો એક પણ ડાઘ આપણા વસ્ત્ર ઉપર ન રહે એવી સ્વતંત્રતા મારું લક્ષ્ય છે. અને જો આવી સંપૂર્ણ રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવી હશે, તો એ માટે સશસ્ત્ર ક્રાંતિ સિવાય બીજું એક પણ સાધન મને દેખાતું નથી.

ગોખલજી જેવા ઉદાર મતવાદી નેતાઓના કહેવા મુજબ ચાલવાથી, માત્ર નિવેદન કે આજીજી કરવાથી, કદાચ આપણામાંના બે-ચાર જણને નોકરીઓ મળી શકશે, પણ આપણે આ દેશમાં કોઈ પણ ક્ષેત્રમાં ક્યારેય માલિક નહીં બની શકીએ. સશસ્ત્ર ક્રાંતિની તલવાર મ્યાનમાંથી બહાર કાઢયા સિવાય એ સંપૂર્ણ સ્વતંત્રતા, એ ચમકતો રાજમુગટ, એ ભવ્ય સિંહાસન આપણને કદીયે નહીં મળે.''

શ્રોતાઓ એકચિત્તે સાંભળી રહ્યા હાતા. આત્મવિશ્વાસથી છલકાતા વિનાયકના શબ્દોએ એમની ઉપર જાદુ પાથરી દીધો હતો. એમાંયે જ્યારે છેલ્લા શબ્દો બોલાયા, ત્યારે તો સૌના શરીરમાં વીજળી દોડી ગઈ.

વિનાયકે સમાપન કર્યું, ''ભાઈઓ, મારા દેશબાંધવો માટે મારી એક જ માન્યતા છે : અહિંસા પરમો ધર્મઃ । પણ આ દેશમાં શત્રુઓ માટે મારી પાસે એક જ સૂત્ર છે : હિંસા પરમો ધર્મઃ । તમારે જીવતા રહેવું છે ? તો દુશ્મનોને મારતાં શીખો.''

તાળીઓના પ્રચંડ ધ્વનિથી નાસિકનું આકાશ ભેદાઈ ગયું. નિર્ણાયકોએ સર્વાનુમતે વિનાયકને પ્રથમ વિજેતા તરીકે જાહેર કર્યો.

ગોદાવરીના સાન્નિધ્યમાં ઊભેલો વિનાયક આખા શહેરમાં આજે સૌથી જાણીતો અને સૌથી લોકપ્રિય નાગરિક બની ચૂક્યો હતો. કિસ્મતનો દેવતા એનો કરાર પાળી રહ્યો હતો,

* * *

સ્પર્ધા ખતમ થઈ. સભા વિખેરાવા માંડી. લોકોની પ્રશંસા ઝીલતો વિનાયક ઘરભણી રવાના થયો. ત્યાં દૂર એક વૃક્ષના થડ પાસે ઊતરતી સાંજના આછા અજવાસમાં ઊભેલા એક પીઢ પુરુષે એને સિસકારો કરીને પોંતાની પાસે બોલાવ્યો, એ પ્રખ્યાત લેખક અને આર્ષકવિ બલવંત ખંડુજી પારેખ હતા. તિલક મહારાજના ગાઢ સાથી અને અનુયાયી. વિનાયકનું વકતવ્ય એમણે પણ સાંભળ્યું હતું.

''બેટા, તું કોણ છે ?'' એમની આંખમાં ચમકારો હતો : ''તું કોઈ સામાન્ય માતાનું ધાવણ માનવબાળ નથી, પણ સિંહણને ધાવીને મોટો થયેલો સિંહ પુત્ર છે. તારું કુળ બતાવ. તારું નામ અને ઠામ જણાવ.''

''નામ વિનાયક સાવરકર અને ગામ ભગૂર.''

બલવંત ખંડુજીની આંખો ઝીણી થઈ, ''ભગૂર ? અને સાવરકર ? દામોદરપંત તારા શું થાય ?''

''એ મારા પિતાજી છે. હું એમનો વચેટ પુત્ર છું.'' વિનાયકનો જવાબ સાંભળીને બલવંત હર્ષ અને રોમાંચથી ધ્રૂજી ઊઠયા.

બે હાથ પહોળા કરીને એમણે કહ્યું, ''હવે સમજાયું. સિંહના બુંદ વગર આવો પુત્ર જન્મે જ નહીં. આવ, બેટા ! એક સાચા મર્દના સંતાનને ભેટવાનું મન સુખ પામવા દે. તારા બાપને હું ઓળખું છું. દામોદર મારો જૂનો મિત્ર છે. એ તણખો હતો, તું ભડકો છે.''

વિનાયક એ રાષ્ટ્રભકતની છાતીમાં સમાઈ ગયો. બલવંત ખંડુજીની આંખોમાંથી અશ્રુધાર વહેતી હતી : ''બેટા, સાવરકર, ગામને સાર્થક કરજે. મરાઠીમાં સાવરવું એટલે સંવારવું. જે કર આ ગુલામીમાં ગબડી પડેલા દેશને સાવરી લે એ સાવરકર. તારા કુળની શાખને તારે દેશના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખી દેવાની છે. આ મારા આશીર્વાદ જ નથી. આગાહી પણ છે.''

o o o

૬. "લે મા, મારું રકત તારા ખપ્પરને અર્પણ કરું છું!"

રવિવારને દિવસ હતો અને સવારનો સમય, નાસિકની તિલભાંડેશ્વરની ગલીમાં આવેલા ભાડાના મકાનમાં બંને સાવરકર બંધુઓ વાતે વળગ્યા હતા. મારુતિ મંદિરની બાજુમાં આવેલું જૂનું મકાન છોડીને તેઓ હજુ બે દિવસ પહેલાં જ આ નવા મકાનમાં રહેવા માટે આવ્યા હતા.

''તાત્યા, તેં તો કમાલ કરી દીધી ! આખા શહેરમાં અત્યારે તારા જ નામની ચર્ચાઓ ચાલે છે. અખબારો હોંશે-હોંશે તારા લેખો છાપે છે. તારી ધારદાર જબાન ઉપરથી ટપકતા શબ્દો સાંભળીને નાસિકના નગરજનો પાગલ બની જાય છે. શહેરના સૌથી આદરણીય લેખક અને આર્ષકવિ બલવંત ખંડુજી તો તારી પ્રશંસા કરતાં થાકતા નથી. તાત્યા ! તાત્યા ! તું તો ચૌદ વર્ષનો ગ્રામીણ છોકરો છે કે પછી પીઢ વયનો પ્રબુદ્ધ નગરજન ?!'' મોટાભાઈ ગણેશનાં વાકયોમાં વહાલ હતું, વિસ્મય હતું અને વખાણ હતાં : ''ભાઈ, તે તો નાસિક શહેર સર કરી લીધું !''

વિનાયકની સ્વપ્નસેવી આંખોમાં ઝબકાર પ્રગટયો : ''બાબા, કોઈપણ વ્યકિતની વય મહત્ત્વની નથી હોતી, એના સંસ્કાર, ગુણો અને સામર્થ્ય જ અગત્યનાં હોય છે. અને મારે પ્રજાને જીતવી છે. એ વગર બીજો રસ્તો નથી. મારી પાસે સમય ઓછો છે અને કાર્ય વિરાટ છે. હું ભગૂરમાં હતો, ત્યારે ભગૂર જીત્યું હતું. અત્યારે નાસિકમાં છું, તો નાસિક સર કર્યું છે, પણ હવે મારી નજર પુણે ઉપર છે.''

''તું તો શિવાજી મહારાજની જેમ એક પછી એક ગઢ જીતવાના મનસૂબાઓ ઘડી રહ્યો છે !''

''હા, બાબા, મારા આદર્શપુરુષ એ જ છે, શિવાજી મહારાજ. અને મારું હથિયાર પણ એ જ હશે, જે એમનું હતું, ભવાની તલવાર. શસ્ત્રનો પ્રકાર બદલાઈ શકે છે, પણ એનો પ્રહાર નથી બદલાતો. મારે મન ભવાની તલવાર પાંચમો વેદ છે અને મા ભવાની એ જીવતી-જાગતી માતા છે.''

''એટલે તું હિંસાના પથ ઉપર આગળ વધવા વિચારે છે ? તાત્યા, વકતૃત્વ સ્પર્ધામાં હિંસાના સમર્થનમાં તેજાબી ભાષણ આપવું એ એક વાત છે, પણ વાસ્તવમાં શસ્ત્રો હાથમાં ઉઠાવવા એ...''

"એવું હું નથી માનતો, બાબા. ચાફેકર બંધુઓનું દૃષ્ટાંત આપણી આંખો સામે તાજું જ છે. સવારના માખણ જેવું જ તાજું ! શી બહાદુરી ! કેવું અમાપ ઝનૂન ? કેવી અનુપમ દેશભક્તિ ! ગણેશની મૂર્તિનું અપમાન કરનાર બે અંગ્રેજ અધિકારીઓને કેવી બહાદુરીપૂર્વક મોતને ઘાટ ઉતાર્યા ! બાબા, મારે આ ચાફેકર બંધુઓને પાછા પાડી દેવા છે. ઇતિહાસમાં એમને ભુલાવી દેવા પરાક્રમો નોંધાવવા છે. આવનારી પેઢીઓ ચાફેકર બંધુઓની પહેલાં સાવરકર બંધુઓને યાદ કરે એવું શૌર્ય દાખવી જવું છે."

મોટો ભાઈ ગણેશ નાના ભાઈ વિનાયકને જોઈ રહ્યો. વિનાયકની છાતી જોસપૂર્વક હાંફી રહી હતી. એની વિસ્ફારિત આંખો ખુલ્લી બારીમાંથી દેખાતા આકાશના ટુકડાને જોઈ રહી હતી. દૂર-સુદૂર આસમાનમાં જાણે અદૃશ્ય વિધાતા એનાં સપનાંને સાંભળતો જતો હતો અને એ પ્રમાણે એના ભાવિનું આલેખન કર્યે જતો હતો.

"બાબા, મારે પુણે જોવું છે." અચાનક ભાવસમાધિમાંથી જાગ્રત થયેલો વિનાયક બોલી ઊઠયો, "મારે એ પવિત્ર શહેરની મુલાકાત લેવી છે. એ તિલક મહારાજની કર્મભૂમિ છે, ચાફેકર ભાઈઓની વિલયભૂમિ છે, ત્યાંની હવામાં શિવાજી મહારાજના અશ્વના ડાબલાઓ સચવાયા છે. ત્યાં મોગલ ફોજના સાઈસ્તાખાનનું રક્ત રેડાયું છે. મારે પુણે જવું છે."

"શાંત પડ, ભાઈ ! ધીરો પડ ! અત્યારે સમગ્ર મહારાષ્ટ્રમાં પ્લેગની મહામારી ફાટી નીકળી છે. આપણે કદાચ નાસિક પણ છોડવું પડશે, ત્યાં તું પુણે જવાની વાતો કરે છે ?!"

પુણે જવાની વાત હજી બંને ભાઈઓના હોઠો ઉપર રમતી હતી, ત્યાં જ વાતચીતમાં વિક્ષેપ પડયો. બારણે ટકોરા સંભળાયા. ખોલીને જોયું તો રાણુ દરજી. ભગૂરનો રહેવાસી અને પિતા દામોદરપંતનો મિત્ર.

"અરે, કાકા, તમે ! ભગૂરમાં બધાં ક્ષેમકુશળ તો છે ને ?"

"હા, જો કે પ્લેગના ઉંદરોએ ભગૂરમાં પણ દેખા દીધી છે, પણ હું તો આ ચિઠ્ઠી આપવા માટે આવ્યો છું. અણ્ણાસાહેબે મોકલી છે. લ્યો સંભાળો તમારું સંપેતરું એટલે હું ચાલતો થાઉં." રાણુ દરજી ચડયે ઘોડે આવ્યો હોય એમ બોલી ગયો.

ગણેશે પિતાજીએ મોકલાવેલી ચિઠ્ઠી લીધી, રાણુકાકાને પાણીનો ગ્લાસ આપ્યો અને એના ગયા પછી બારણું બંધ કર્યું.

પછી એ ચિઠ્ઠીમાંનું લખાણ વાંચવા બેઠા. વાંચતાની સાથે જ ઊછળી પડયા, "તાત્યા ! શો ચમત્કાર ! તું તો વચનસિદ્ધ મહાત્મા લાગે છે !"

વિનાયક પણ વાત જાણવા માટે ઉતાવળો બની ગયો, ''પણ ચિઠ્ઠીમાં લખ્યું છે શું આ તો જણાવો.''

'લે, તું જ વાંચી જો !' કહીને બાબાએ કાગળ વિનાયકને આપ્યો.

પિતાજી લખતા હતા, 'દીકરાઓ, કુશળ હશો. જત ગણેશને માલૂમ થાય કે આવતી પાંચમે તારા સાળાનો વિવાહ નિર્ધારવામાં આવેલ છે. પ્લેગના ભયને કારણે મારાથી કે સરસ્વતી વહુથી ભગૂર છોડી શકાય એવી હાલત નથી, પણ વહેવાર તો સાચવવો જ પડે. માટે તમે બંને ભાઈઓ સમય કાઢીને જઈ આવશો. વિવાહ કરજત ગામે રાખવામાં આવેલ છે. કરજત પુણેથી સાવ જ નજીકમાં છે. એટલે તમને જો અનુકૂળતા હોય તો પુણે શહેર પણ જોતા આવજો. સ્વાસ્થ્ય સાચવશો...''

વિનાયક ઊછળી પડયો. હજુ વધારે ઉલ્લાસપૂર્વક ઊછળવાનું તો બાકી હતું !

કરજત પહોંચ્યા પછી બંને ભાઈઓને ખબર પડી કે કોઈક અકળ કારણસર વિવાહનો પ્રસંગ એક સપ્તાહ જેટલો પાછળ ઠેલાયો હતો. એક અઠવાડિયું એ બહુ વિચિત્ર સમયાવધિ ગણાય; કરજતમાં ગાળવા માટે ઘણો વધારે પડે ! અને નાસિક જઈને પાછા આવવા માટે બહુ ઓછો ગણાય. તો શું કરવું ?

ગણેશે નિર્ણય જાહેર કર્યો : આ સાત દિવસ પુણે શહેર જોવામાં પસાર કરવા !!

* * *

પુણે શહેર વિનાયકને ગમ્યું. સૌથી મોટી અને આશ્ચર્યજનક વાત એ હતી કે આ શહેર એને જરા પણ અપરિચિત ન લાગ્યું. કોણ જાણે સપનામાં કેટલા વાર એ પુણેની મુલાકાત લઈ ચૂકયો હતો ! પ્રેમીઓ માટે 'પહેલી નજરનો પ્રેમ' એવો વાકયપ્રયોગ પ્રચલિત છે, પણ વિનાયકના મનમાં પુણે માટે 'પહેલી નજર પહેલાંનો પ્રેમ' એવો પ્રયોગ વાપરી શકાય.

''કયાં ઊતરવાનું નક્કી કર્યું છે, બાબા ?'' બગીમાં સામાન મૂકતાં વિનાયકે પૂછયું.

''ભાઈસાહેબ ચિપલુણકરના ઘરે. જવ્હારવાડામાં એમનો બંગલો છે.'' ગણેશે ટૂંકો જવાબ આપ્યો. આનાથી વધુ લાંબા જવાબની જરૂર નહોતી, કારણ કે ભાઉસાહેબના પરિવાર સાથે સાવરકર કુટુંબનો જૂનો પરિચય હતો. ભાઉસાહેબ બહુ મોટા માણસ હતા. સમાજમાં એમના નામનું વજન હતું. જવ્હાર નામના દેશી રાજયના એ દિવાન હતા.

બગી જવ્હારવાડામાં પ્રવેશીને ઊભી રહી. બંગલામાંથી ખુદ ભાઉસાહેબ આવકાર આપવા માટે બહાર આવ્યા. બાબાને ભેટી પડયા. બગીમાંથી સામાન ઉતારી રહેલા વિનાયકની નજર અનાયાસ ઉપલા મજલાની બારી ઉપર પડી. ત્યાં અધખુલ્લી બારીમાંથી કોઈ મુગ્ધાની તેજભરી આંખો વિનાયકને જોઈ રહી હતી !

જલપાન અને લીંબુપાણીથી સત્કાર કર્યા બાદ ભાઉસાહેબે વિનાયકને પૂછ્યું, "ભોજનને હવે થોડી જ વાર છે. પછી આરામ કરો. પુણે જોવાનું બપોર પછી ગોઠવજો. તમે તો પહેલી જ વાર પુણેમાં આવ્યા છો, નહી ?"

"હા, આ પહેલાં ક્યારેય મેં પુણેમાં પગ મૂક્યો નથી, પણ ઇતિહાસનાં પૃષ્ઠો ઉપરથી કલ્પનાની સંગે હું અસંખ્ય વાર આ શહેરમાં ઘૂમી વળ્યો છું. અહીંની દરેક પેઠ, દરેક વાડો, પ્રત્યેક ઈમારત મને ઓળખે છે. હું એ ઘરમાં જઈ આવેલ છું, જ્યાં સાઈસ્તાખાને પડાવ નાખ્યો હતો. હું એ રસોડામાં ઘૂમી વળ્યો છું, જે રસોડામાં થઈને સિંહગઢનો સિંહ સાઈસ્તાખાનને મારવા માટે ઘૂસ્યો હતો. પર્વત નામની એ ટેકરી ઉપર મારા પણ પગ પડી ચૂક્યા છે, જ્યાં એક સમયે નાના સાહેબ પેશ્વા ચિંતામગ્ન થઈને બેઠા હતા. એ માર્ગો જેના પર થઈને સવાઈ માધવરાવની જિંદગી કાચા રંગની જેમ ઊડી ગઈ હતી એ મેં જોયેલા છે. એ જેના ઉપર થઈને કૂદવા જતાં તેઓ ઘાયલ થયેલા એ કમભાગી ફુવારો, એના સમાચાર સાંભળીને ઉતાવળમાં દોડવા જતાં ગબડી પડેલા નાના ફડનવીસ, એમનું નિવાસસ્થાન આ બધું મેં નજરોનજર જોયેલું છે ! અને મારે એ બધું હવે ફરી એકવાર જોવું છે.

ભાઉસાહેબ હસી પડ્યા. માથું હલાવીને બોલ્યા, "વિનાયકરાવ, કઈ સદીમાં જીવો છો તમે ? સપનાં જોવાનું બંધ કરો. અત્યારના પુણેમાં કોઈને આવી બધી વાતોમાં રસ નથી પડતો. તમારી સાથે આવવા માટે પણ કોઈ તૈયાર નહીં થાય અને તમને એકલાને હું ક્યાંય જવા નહીં દઉં, કારણ કે તમે હજુ નાના છો અને આ શહેર ખૂબ મોટું છે."

"તો પછી મારે જોવા જેવું રહ્યું છે શું પુણેમાં ?"

"તાબૂત." ભાઉસાહેબના જવાબમાં વ્યથા હતી, કટાક્ષ હતો અને નવા યુગના નવયુવાનોના ઘટિયા શોખ વિશેની એમની ચિંતા પણ આ શબ્દમાં ઝલકતી હતી. અને એ કડવું સત્ય હતું કે આજકાલ પુણેમાં એક માત્ર તાબૂતને જ જોવાલાયક ચીજ ગણવામાં આવતી હતી !

વિષાદયોગમાં ગરકાવ થઈ ગયેલા વિનાયકને આનાથી પણ મોટો આઘાત અખબારો વાંચ્યા પછી લાગ્યો.

"બાબા, આ સમાચાર તમે વાંચ્યા ?"

"શું લખ્યું છે ?"

"આ છાપાંઓ ચાફેકર બંધુઓને માટે કેવાં કેવાં વિશેષણો વાપરે છે ? દેશદ્રોહી, કુલાંગાર, પાગલ ! આવા જ શબ્દો રાનડે જેવા પરાક્રમી ક્રાંતિવાર માટે પણ છપાયા છે !"

''ભલે ને છપાયા ! આ અખબારવાળાઓ પણ અંગ્રેજોના પીઠ્ઠુઓ હોય છે,'' બાબાના સ્વભાવમાં હંમેશની અચલ સ્વસ્થતા સમાયેલી હતી.

''બીજાંની વાત જવા દો, ખુદ 'કેસરી'માં તિલક મહારાજ પણ આવું જ લખે છે. પ્રજા ઉપર દમનનો કોરડો વીઝનાર અંગ્રેજોની બહીદુરીપૂર્વક હત્યા કરનાર ચાફેકર ભાઈઓ એમને મન દેશદ્રોહી છે ? એમને પકડાવનાર બાતમીદારોની ઠાર મારનાર રાનડે કુલાંગાર છે ? જો તિલક મહારાજ પોતે ઊઠીને ક્રાંતિકારી શહીદોને પાગલ કહીને નવાજશે, તો પછી આ દેશમાં નવા દેશભકતો પેદા શી રીતે થશે ?''

એ આખોયે દિવસ વિનાયક માટે નિસ્તેજ બની રહ્યો. એ જ્યાં જ્યાં ગયો, ત્યાં બધાંને આ જ સવાલો પૂછતો રહ્યો, પણ પુણેમાં સરકારની એવી તો ધાક ફેલાઈ ગઈ હતી તે સાંભળનાર ચાફેકર અને રાનડેના નામ માત્રથી હોઠો સીવી લેતા હતા.

આખરે એક જાણભેદુ જુવાને વિનાયકને ખૂણામાં ખેંચી જઈને ગુપ્ત માહિતી આપી, ''આ વાતની ચર્ચા જાહેરમાં કરવાનું બંધ કરો બંધુ ! તમને ખબર છે? અંગ્રેજોની હત્યા માટે ચાફેકર બંધુઓને તિલક મહારાજે પોતે જ આદેશ આપ્યો હતો ! પાછળથી એમણે આવું લખવું પડે, જેથી સરકાર એમની ઉપર વહેમાય નહી. રાજનીતિના આ બધા આટાપાટા તમને સહેલાઈથી નહીં સમજાય.''

વિનાયક ઊંડા વિચારમાં પડી ગયો. શું આવું ખરેખર હોઈ શકે ? આપણે જ કોઈને હત્યા કરવાની પ્રેરણા આપવી અને પાછળથી હાથ ખંખેરી નાખવાના? ઉપરથી ક્રાંતિકારીઓની નિંદા કરવાની ? આ વાત એના પ્રામાણિક અને નીડર સ્વભાવને અનુકૂળ જણાતી ન હતી.

* * *

છ દિવસ પુણેમાં ગાળીને ગણેશ અને વિનાયક કરજત ગામે પાછા ફર્યા. ગણેશના સાળાનું લગ્ન ધામધૂમપૂર્વક ઊજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. ધારણા કરતાં બંને ભાઈઓ બે દિવસ વહેલા આવી ગયા. લગ્ન આડે હજુ બે દિવસની વાર હતી.

ત્યાં કોઈ જુવાનિયો ખબર લાવ્યો, ''બાજુના ગામ દહિવેલીમાં વાદ-વિવાદ પ્રતિયોગિતા રાખવામાં આવેલી છે. મેં સાંભળ્યું છે કે તમે ખૂબ સારું બોલી શકો છો.''

વિનાયક હસ્યા, ''મારી પરીક્ષા કરવાનો વિચાર છે ?''

પેલો પણ કંઈ ઓછી માયા ન હતો, ''જોઈએ તો ખરા કે નાસિકમાં મચાવેલો તરખાટ આંધળાનો વાર હતો કે પછી અર્જુને વીંધેલી માછલીની આંખ ?''

વિનાયકે પડકાર ઝીલી લીધો, ''મિત્ર, એક કાગળ આપશો ? અને કલમ પણ? તમારી હાજરીમાં તમારા દેખતાં જ મારે ભાષણ તૈયાર કરવું છે. આમ કરવાનું કારણ પછી સમજાશે.''

ભાષણ લખાયું. બીજે દિવસે દહિવેલી ગામમાં દેકારો બોલી ગયો. વિનાયકના વકતૃત્વના સૂરજ જેવા તેજમાં બાકીના તારલાઓ ઝાંખા પડી ગયા. એમને પ્રથમ ક્રમાંકે ઘોષિત કરવામાં આવ્યા.

અધ્યક્ષના હાથે વિજેતાને પુરસ્કાર અર્પણ કરવાનો સમય આવ્યો. સભાના અધ્યક્ષસ્થાને એક પ્રતિષ્ઠિત સજ્જન બિરાજમાન હતા. આ વામન કદના વિજેતાને ઈનામ આપતી વખતે એમનાથી બોલ્યા વગર રહેવાયું નહી, ''આવડો નાનો છોકરો આટલો સુંદર નિબંધ તૈયાર કરી શકે અને આટલી પ્રભાવક રીતે બોલી શકે એ વાત માનવા માટે હું તૈયાર નથી, પણ તેમ છતાં હું એ વાતને માફ કરી દઉ છું, કારણ કે આ બાળકની વય ખૂબ નાની છે. ભાષણ ભલે બીજા કોઈએ લખી આપ્યું હોય, પણ એને આટલી સરસ રીતે રજૂ કરવું એ ખરેખર પ્રશંસાને પાત્ર છે.''

વિનાયક આ વાત સાંભળીને અકળાઈ ઊઠયો, ''માફ કરજો, મહોદયશ્રી ! હું કયારનો આ ને આ વાત સાંભળી રહ્યો છું, જે વાકયો તમે કહ્યાં એ જ વાકયો અન્ય વડીલો પણ બોલી રહ્યા છે. મારે એક વાતની સ્પષ્ટતા કરવી છે; આ ભાષણ મેં જ તૈયાર કર્યું છે. એ સમયે હાજર હોય એવા સાક્ષીઓ પણ અહીં હાજર છે. સામર્થ્યને અને ઉંમરને સાત પેઢીનોયે સંબંધ નથી હોતો. જો તમારી વાત માની લેવામાં આવે તો પછી આપણે આ વાત પણ સ્વીકારવી રહી કે 'જ્ઞાનેશ્વરી' ગ્રંથના રચયિતા બાળક જ્ઞાનેશ્વર ન હતા. ગુણાઃ પૂજાસ્થાનમ્ ગુણિષુ ન ચ લિંગમ્ ન ચ વયઃ । તમે મારી મૌલિકતાને ન સ્વીકારતા હો, તો હું પણ તમારા આ ઈનામનો અસ્વીકાર કરું છું.''

વિનાયકની આ દૃઢતા અને ખુમારી જોઈને સભા દંગ રહી ગઈ. અધ્યક્ષ ક્રોધથી રાતાચોળ બની ગયા, ''અંગૂઠા જેવડા છોકરાની આ ધૃષ્ટતા ?''

પણ એમનું કશું જ ન ચાલ્યું. શ્રોતાવર્ગ વિનાયકની પડખે હતો. છેવટે એમણે જાહેર કરવું પડયું : 'નિર્ણાયક સમિતિ એ વાતનો સ્વીકાર કરે છે કે આ ભાષણ તમે જ તૈયાર કર્યું છે.''

વિનાયક સાવરકર એક વધુ કિલ્લો જીતીને પાછો ફર્યા.

* * *

શાળામાં રજાઓ પડી. વિનાયક અત્યારે ભગૂરમાં પિતા, ભાઈઓ અને ભાભીની સાથે હતો. સરસ્વતીભાભી (જૂનું નામ યેશુભાભી)ની સાથે ગેલ-ગમ્મત

અને કાવ્યવિનોદનો દૌર પુનઃ ચાલુ થઈ ગયો હતો, પણ ભાભીને આ વખતના દેવરજી કંઈક બદલાયેલા લાગતા હતા.

એમણે તો શ્વસુરજી આગળ ફરિયાદ પણ કરી ''વિનાયકના રંગઢંગ મને સારા નથી જણાતા.''

''મને પણ.'' દામોદરપંત ગંભીર મુખમુદ્રા કરીને બોલ્યા, ''તારું નિરીક્ષણ શું કહે છે ?''

''મને તો લાગે છે તે એમને ક્યાંથી ઝોડ વળગ્યું છે ! આખા દિવસ સૂનમૂન થઈને ફર્યા કરે છે. ક્યારેક કલાકોના કલાકો લગી ઉપરની ઓરડીમાં પૂરાઈ રહે છે. પુસ્તકો વાંચવા પર ચડી જાય છે, તો બસ, વાંચ્યા જ કરે છે. કવિતાઓ પણ કેવી રીતે લખવા માંડયા છે ! મને તો ડર લાગે છે કે અંગ્રેજ સરકાર...''

''હા, દીકરી ! મને પણ એ જ વાતનો ડર છે. હું કોઈક વાર છુપાઈને એના મિત્રો સાથેની એની વાતચીત સાંભળી લઉં છું. એ હમણાં હમણાંથી અંગ્રેજોને મારવાની અને પોતે મરવાની વાતો જ કરતો ફરે છે.''

''પિતાજી, આજે બપોરે તો ભારે થઈ ! હું ઉપરનો ઓરડો સાફ કરવા માટે ગઈ, તો મેં શું જોયું ? ઓરડાનાં કમાડ અંદરથી બંધ હતાં અને દિયરજી મોટે-મોટેથી કોઈની સાથે વાતો કરી રહ્યા હતા. મેં સાંકળ ખખડાવી. બારણાં ખુલ્યાં, પણ મેં જોયું તો અંદર એમના સિવાય બીજું કોઈ ન મળે ! હું તો એવી ડરી ગઈ !''

''તેં એને પૂછ્યું નહીં એ શું કરતો હતો ?''

''પૂછ્યું. તો જવાબમાં એ હસવા માંડયા. મને કહે કે, હું ભાષણની તૈયારી કરતો હતો. પૂર્વાભ્યાસ ! મારે પ્રખર વકતા બનવું છે. આ દેશના નવયુવાનોને બેઠા કરવા છે. આખા દેશમાં સ્વાતંત્ર્ય -ચળવળની આગ પ્રસરાવવી છે.' હું તો ઝટપટ ઓરડાની સાફસૂફી પતાવીને નીચે નાસી આવી.''

''હુંમ...! લાગે છે કે તાત્યા સાથે આ વિશે ચર્ચા કરવાનો સમય હવે થઈ ગયો છે. આજે રાતે જ વાત...!''

એ રાત્રે ચિંતાગ્રસ્ત પિતાએ ક્રાંતિના પથ ઉપર પગ મૂકવા માટે તલપાપડ થઈ બેઠેલા વિનાયકને વારવાની એક અને આખરી કોશિશ કરી લીધી.

મધરાતનો સુમાર હતો. દામોદરપંત બંગલાના બીજા માળે વિનાયકના ખંડમાં દાખલ થયા. જોયું તો વિનાયક જાગતો હતો. જાગતો હતો અને કોઈ કવિતા ગણગણી રહ્યો હતો. એ સંપૂર્ણપણે કવિતા ગાવામાં મગ્ન હતો. એના ગાલ ઉપરથી અશ્રુઓ વહેતાં હતાં. આંખો અપલકપણે જાણે કોઈ અદૃશ્ય ચિત્રની સામે તાકી રહેલી હતી !

પિતાએ મૃદુતાપૂર્વક એને સ્પર્શ કર્યો. તાત્યા ચોંકી ગયો. સમાધિમાંથી બહાર આવ્યો : ''શું કામ છે, પિતાજી ?''

''બેટા, શું ગાય છે ? અને તારા હાથમાં આ કાગળ છે એમાં શું લખેલું છે ?''

''ચાફેકરની શહીદી ઉપર મેં રચેલો પોવાડા.'' વિનાયકે કવિતાનો કાગળ પિતાના હાથમાં મૂકયો. એની થોડી જ પંક્તિઓ વાંચી, ત્યાં તો દામોદરપંત ઊછળી પડયા. દીકરાનું મસ્તક વાત્સલ્યથી પોતાની છાતી સાથે જડી દીધું છે. પછી હેતુ પૂર્વક એને સમજાવવા માંડયા.

''તાત્યા, તારી કવિતાશક્તિ અનુપમ છે. એ બદલ હું તને શાબાશી આપું છું, પણ તારા વિચારો ભયંકર છે. તું નાનો હતો ત્યારે મેં જ તારામાં દેશપ્રેમ, કાવ્ય, ઇતિહાસ અને રાજકારણ જેવા વિષયો પ્રત્યેની રુચિ જન્માવી હતી, પણ આજકાલ તું જે રીતે અંગ્રેજોને મારવાની વાતો કરી રહ્યો છે એનાથી મને ભય જેવું લાગે છે. બેટા, હજી તું બાળક છે. તારો દેહ કોમળ છે અને તેં વિચારેલો માર્ગ દુર્ગમ તથા કઠોર છે. આ રસ્તા ઉપર આગળ વધવાનું છોડી દે. તારો પ્રાણ સંકટમાં ન નાખ. આ માર્ગ ઉપર ચાલવાના પરિણામ વિશે તને જ્ઞાન નથી. તું આપણા કુટુંબનો સૌથી વધારે તેજસ્વી વારસદાર છે. તારે ભણી-ગણીને આગળ વધવાનું છે, ખૂબ મોટા માણસ બનવાનું છે. મારા સપનાના મહેલનો તું સૌથી મજબૂત આધાર સ્તંભ છે, તાત્યા !''

વિનાયકે સાવ ટૂંકો જવાબ આપીને વાત ટાળી દીધી, ''ગરમી લાગે છે.'' આટલું કહીને એ ઓરડાની બહાર ચાલ્યો ગયો. બહાર હીંચકા ઉપર બેસીને કવિતા ગાવા માંડયો.

જો દામોદરપંતમાં વિચારો સાંભળવાની શક્તિ હોત તો એ દીકરાના મનમાંથી ઊઠતો સાચો જવાબ વાંચી શકયા હોત : ''પિતાજી, તમે મને ડરાવવા માટે આવ્યા છો ? ક્રાંતિના પથ ઉપર કેવા ભયાનક પરિણામો આવી શકે એ વિશે ચેતવણી આપવા આવ્યા છો ? હું તમને પૂછું છું : ચાફેકરના પરિણામથી વધુ ભયાનક અંજામ શો હોઈ શકે ? હું એ પરિણામ ભોગવવા માટે પણ તૈયાર છું !''

મધરાતનો સમય હતો, ભગૂરના રહેવાસીઓ દિવસભરના પરિશ્રમ પછી થાકીને પથારીને હવાલે થયા હતા, પણ વિનાયક જાગતો હતો. એના બેચેન મનને જંપ ન હતો. બે દિવસ પહેલાં એણે ચાફેકર વિશે પોવાડા રચ્યો હતો, જે આખા પંથકમાં લોકપ્રિયતાનાં શિખરો સર કરી રહ્યો હતો. એક નાટિકા પણ એણે લખી હતી. એમાં પણ તિલક, ચાફેકર અને રાનડેની ખુલ્લંખુલ્લી તરફેણ કરતું કથાનક હતું.

પણ આટલાથી વિનાયકના મનને શાંતિ ન હતી. એના વિચારો કશુંક નવું જ કરવાનું સાહસ કરતા હતા. સતત બે કલાકના ઊંડા મનોમંથન બાદ એ કશાક નિર્ણય પર આવ્યો.

બંગલામાં એક દેવઘર હતું. પૂજાની ઓરડી. એ નાની હતી, પણ અત્યંત સુંદર હતી. એમાં મા ભવાનીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ હતું. આ એ મૂર્તિ હતી જેની સામે ઊભા રહીને પિતા દામોદરપંતે આજથી ચારેક વર્ષ પહેલાં રડતા વિનાયકને છાનો રાખ્યો હતો અને કહ્યું હતું, ''તારે મા જોઈએ છે ને? આ રહી તારી મા !'' અને એ ક્ષણથી વિનાયકને એવું લાગવા માંડયું હતું કે એ મૂર્તિ વાસ્તવમાં એની મા જ છે. જીવંત અને હાજરાહજૂર મા છે. એ ઘણી વાર એકાંતમાં માની સાથે વાતો પણ કરતો રહેતો હતો.

અત્યારે પણ એ દેવઘરમાં દાખલ થયો. સવારની પૂજા વખતે દેવીને ચડાવવામાં આવેલાં પુષ્પોની સુગંધ હજુ પણ મંદિરમાં આછી-આછી ફોરી રહી હતી. વિનાયકે દીપ પ્રગટાવ્યો. ધૂપસળી પેટાવી. અગરબત્તીની ધૂમ્રસેર વળ ખાતા સાપની જેમ હવામાં ફેલાઈ રહી. પછી એણે માની સામે જોયું.

મહિષાસુર પર પાદપ્રહાર કરનારી, સિંહાસનારૂઢ, જેના આઠેય હાથોમાં નગ્ન શસ્ત્રો ધરેલાં છે એવી ઉગ્ર, છતાં પુત્ર પ્રત્યે હાસ્ય વેરતી દેવી ભવાનીની મૂર્તિ અત્યંત દેદીપ્યમાન ભાસી રહી હતી.

વિનાયકે મૂર્તિની સામે હાથ જોડયા. અત્યંત ભાવપૂર્ણ નજરે માના મુખ સામે જોયું. પછી આંખો બંધ કરી દીધી. ઉત્કટ ભાવાવેશમાં આવીને એણે પ્રણિપાત કર્યા. એનો દેહ ભૂમિ ઉપર લાકડીની જેમ પડેલો હતો અને હાથની આંગળીઓ દેવીનાં ચરણોને સ્પર્શી રહી હતી. બંધ નેત્રોમાંથી સંકલ્પમિશ્રિત અશ્રુજળ વહી રહ્યું હતું.

એક પુત્ર એની માતાને હાજર-નાજર માનીને પ્રતિજ્ઞા લઈ રહ્યો હતો : ''હે મા ! મને અનુમતિ આપ. મને પ્રેરણા આપ. મને શક્તિ આપ. આ ક્ષણ પછીનું મારું તમામ જીવન દેશના સ્વાતંત્ર્ય કાજે હું સમર્પિત કરું છું. હું નિશ્ચય કરું છું હિંસક ક્રાંતિના કઠિન પથ ઉપર પગ મૂકવાનો. હું નિર્ધાર કરું છું આઝાદી મેળવવા માટે સશસ્ત્ર ચળવળ આદરવાનો. હું પ્રતિજ્ઞા કરું છું કે મારી માતૃભૂમિને હું સ્વતંત્રતા અપાવીને જંપીશ, એ ઉદ્દેશ માટે હું દુશ્મનોને હણીશ, જીવનભર શત્રુઓની હત્યા કરતો રહીશ. જો મરીશ તો ચાફેકરની જેમ મરીશ અને જીવીશ તો શિવાજીની જેમ વિજયી બનીને માતૃભૂમિના લલાટે સ્વરાજનું કુમકુમ તિલક કરાવીશ. મારું સમગ્ર જીવન આ રાષ્ટ્ર માટે કુરબાન કરું છું. મા, તારા આ પુત્રને આશીર્વાદ આપ !''

સાવરકર કુટુંબમાં આ મૂર્તિ ત્રણેક પેઢીઓથી પૂજાતી આવતી હતી. મૂળ એ સદીઓ પુરાણી મૂર્તિ કોઈ બહારવટિયાઓના કબજામાં હતી, જેમને હરાવીને વિનાયકનાં માતામહે જીતી હતી. એ પછી વિનાયકની મા રાધા એને પોતાની સાથે લઈ આવી હતી, પણ કોઈ સંબંધીએ દામોદરપંતના કાનમાં ગેરસમજનું વિષ રેડ્યું એટલે મૂર્તિને રક્તપિપાસુ ગણીને દામોદરપંત એને ભગૂરના મંદિરમાં મૂકી આવેલા, પણ એક દિવસ વિનાયકે પિતાને સમજાવ્યા કે આવી અંધશ્રદ્ધાળુ વાતોમાં ક્યારેય માનવું નહીં. એટલે પછી ભારે ધામધૂમ સાથે એ મૂર્તિને પુનઃ ઘરે લાવવામાં આવી અને નવા બંગલામાં દેવઘરમાં એનું વિધિવત્ સ્થાપન કરવામાં આવ્યું.

દંતકથાની આ રક્તપિપાસુ દેવી અત્યારે એના લાડકા પુત્રની પ્રતિજ્ઞા સાંભળીને જાણે ભેદભર્યું સ્મિત રેલાવી રહી હતી. કદાચ એ આવનારા સમયની કેટકેટલી હત્યાઓ, રક્તપાત, કેદ, અત્યાચાર અને ફાંસીના ખટલાઓ સમયની દીવાલ ઉપર આલેખાયેલા જોઈ રહી હતી.

અને એ પ્રસન્ન હતી; આટલાં વર્ષોમાં પહેલી વાર શૌર્યથી છલકાતો એક કાળા માથાનો માનવી એનું ખાલી ખપ્પર માનવરક્તથી છલકાવી દેવાની પ્રતિજ્ઞા લઈ રહ્યો હતો !

○ ○ ○

૭. પ્લેગનો હાહાકાર

વૈશાખના ઉષ્ણ દિવસો હતા. નાસિકમાં ફરી પાછું પ્લેગ નામના કાળભૈરવે માથું ઊંચક્યું હતું. એટલે દામોદરપંતે બંને દીકરાઓને ભગૂરમાં બોલાવી લીધા હતા. ભગૂરમાં અત્યાર સુધી શાંતિ હતી.

દામોદરપંતની માલિકીનાં સંખ્યાબંધ ખેતરોમાં સેંકડો આમ્રવૃક્ષો હતાં, જે આજકાલ મોટી મધ-મીઠી કેરીઓથી લળુંબી-ઝળુંબી રહ્યાં હતાં. રોજ ગાડાંના ગાડાં ભરીને રત્નાગિરિ હાફૂસ કેરીઓના ડુંગરો ઘરે આવી રહ્યા હતા. જમીનદારની હવેલી હતી એટલે અડોશી-પડોશીઓનાં ધાડાં દામોદરપંતના ઘરની ઓસરીમાં કેરીઓ ચૂસવા માટે પડયાં-પાથર્યાં રહેતાં હતાં.

એક સવારે પિતા દામોદરપંતે જયેષ્ઠ પુત્ર ગણેશને આદેશ આપ્યો, ''બાબા, તું આજે જ ત્ર્યંબકેશ્વર જા અને દીકરી-જમાઈને લઈને પાછો આવી જા.''

પિતાનાં દીકરી-જમાઈ એટલે સાવરકર ત્રિપુટીનાં બહેન-બનેવી. ત્રણ ભાઈઓ વચ્ચે એકની એક બહેન હતી, જેનું લગ્ન ત્ર્યંબકેશ્વરના રહેવાસી ભાસ્કરરાવ કાળે સાથે કરવામાં આવ્યું હતું.

પિતાની આજ્ઞા સાંભળીને બાબાને આશ્ચર્ય થયું. એમણે એ માટેનું કારણ પૂછયું, તો પિતાએ જવાબ આપ્યો, ''ઘરમાં આટલી બધી કેરીઓ સડી રહી છે અને ત્યાં દીકરી-જમાઈને કેરી માટે નાણાં ખરચવાં પડતાં હશે. તેડી લાવ બેયને. મહિનો માસ અહીં રહેશે અને રત્નાગિરિનો રસ ચૂસીને રાતા-માતા બની જશે.'' પછી ધીમેથી માત્ર ગણેશ જ સાંભળી શકે એવા અવાજમાં બોલી ગયા, ''સાંભળ્યું છે કે ત્ર્યંબકેશ્વરમાં પણ પ્લેગ દેખાવો શરૂ થઈ ગયો છે...''

બપોરે ભોજન કર્યા પછી ગણેશ ત્ર્યંબકેશ્વર જવા રવાના થયો. ઘરમાં રહ્યાં પિતાજી, બે પુત્રો અને એક પુત્રવધૂ. રસ-રોટલીનું ભોજન માણીને સૌ નવરાં પડયાં. પિતાજી એમના ઓરડામાં વામકુક્ષી કરતા પડયા હતા. નાનો નારાયણ (બાલ) એના પાઠ વાંચી રહ્યો હતો. વચેટ વિનાયક એની સખી, ભાભી, બહેન અને મા જેવી ભાભી સરસ્વતીને સ્વરચિત કવિતા સંભળાવી રહ્યો હતો.

બરાબર એવા ટાણે ધોમધખતા લૂમાં શેકાતી ભગૂરની શેરીઓ ઢોલના નાદથી ખળભળી ઊઠી. 'ધ્રૂબાંગ... ધ્રૂબાંગ... ધ્રૂબાંગ...' એકધારો, એક જ તાલમાં પીટાતો

જતો ઢોલ સહજપણે કહી આપતો હતો તે એ કોઈ લગ્નના વરઘોડાનો ઢોલ ન હતો. એની સાથે મંજીરા કે ઝાંઝ-પખવાઝના સૂરો સંભળાતા ન હતા; મતલબ કે આ કોઈ ધાર્મિક સરઘસ પણ ન હતું.

પિતા નિંદરમાંથી જાગી ગયા. પગમાં ચંપલ પહેરીને ઘરની બહાર ધસી ગયા. એમની પાછળ વિનાયક, નારાયણ અને સરસ્વતી પણ ખરાં.

સરકારી બૂંગિયો વાગતો હતો : ''જાગો...! જાગો...! જાગો...! ભગૂરના ગ્રામવાસીઓ... જાગો...! નાસિકના કલેકટર તરફથી તમને બધાંને જાણકારી આપવામાં આવે છે કે પ્લેગ નામનો જીવલેણ રોગ આખા મહારાષ્ટ્રમાં ફેલાતો જાય છે. નાસિક તો એની ઝપટમાં એક વરસથી છે જ, પણ હવે તો મુંબઈ અને પુણે પણ લપેટાઈ ચૂકયાં છે. ત્ર્યંબકેશ્વરમાં છેલ્લા બે દિવસમાં ચાલીસ માણસો પ્લેગને કારણે મરી ગયા છે. છેલ્લી માહિતી મુજબ ભગૂરમાં પણ પ્લેગના ઉંદરોએ દેખા દીધી છે. ભાઈઓ અને બહેનો, સાંભળો ! સાંભળો ! સાંભળો ! તમારા ઘરમાં જો મરેલો ઉંદર મળી આવે તો તરત જ સરકારમાં જાણ કરો ! ઘરમાં જો કોઈને તાવ આવે અથવા બગલમાં કે સાથળમાં ગાંઠ થાય તો પણ સરકારને જાણ કરો. એ પ્લેગના રોગની પહેલી નિશાની હોઈ શકે છે. જાગો...! જાગો...! જાગો...!

ઢોલી ઢોલ પીટતો હતો અને સરકારનો માણસ મોટેથી બરાડીને ફરમાન સંભળાવી રહ્યો હતો. સાથે બે પોલીસ હવાલદારો પણ હતા. જેઓ નાનાં બાળકોને એમનાથી દૂર રાખી રહ્યા હતા. દામોદરપંતે એમાંના એક હવાલદારને પૂછયું, ''સરકારને જાણ કરવાની એટલે અમારે કોને જાણ કરવાની ? કલેકટરને ?''

''ના; તમારા ભગૂર ગામની પટલાઈ જેમના ઘરે છે તે કુલકર્ણી પટેલને તમારે પણ જાણ કરી દેવાની ! ગામે-ગામના પટેલોને આ જવાબદારી સોંપવામાં આવી છે.''

''પછી કુલકર્ણી શું કરશે ?''

''એ પોલીસ અમલદારને માહિતી આપશે કે આ કે તે ઘરમાં પ્લેગે ધામા નાખ્યા છે. પછી પોલીસ કર્મચારીઓ એ મકાન ખાલી કરાવશે. એમાં રહેતાં માણસોએ ગામની બહાર આવેલા જંગલમાં રહેવા જતા રહેવું પડશે. પછી આરોગ્ય ખાતાના માણસો પોલીસની સાથે મળીને એ મકાન આખું સાફ કરશે; પાણીથી અને દવાથી ધોશે.''

''આમ કરવાથી પ્લેગ મટી જશે ?''

''થયેલો પ્લેગ તો કયાંથી મટે ? પણ એને ફેલાતો અટકાવી શકાશે. બીજી કાળજીમાં જેને પ્લેગ થયો હોય એનાથી દૂર રહેવાનું, એને અડકવાનું નહીં, એનો ઝેરી શ્વાસ આપણા શ્વાસમાં ન ભળે એ વાતનો પણ ખ્યાલ રાખવાનો અને...

''હવાલદાર પ્લેગ વિશે સાચી-ખોટી જાણકારી પીરસીને ચાલતો થયો. ત્યાં સુધીમાં ઢોલી તો બીજી શેરીમાં વળી ગયો હતો, એટલે પાછળ રહી ગયેલા હવાલદારે ઝડપથી કદમ ઉપાડયા.

એ બપોર ઢળી અને સાંજ ઊગી. ઘરે-ઘરે અને ઓટલે ઓટલે બેઠકો જામી. પ્લેગનો રોગ એ અત્યાર સુધી 'કેસરી' અને 'કાલ' જેવાં અખબારોમાં વાંચવા માટેના સમાચારો માત્ર હતા. 'મુંબઈમાં આટલા મર્યા' અને 'પુણેમાં પ્લેગે વર્તાવેલો પારાવાર કેર' જેવાં અખબારી હેડિંગો વાંચીને ભગૂરવાસીઓ ખરેખર તો રોમાંચ અને જિજ્ઞાસાતૃપ્તિ જેવા ભાવો અનુભવતા હતા; પણ આજે એ જ પ્લેગ જ્યારે એમના ઘરના ઉંબરે આવીને ઊભો રહ્યો, ત્યારે બધાંના હાંજા ગગડી ઊઠયાં. આખા ગામમાં જાણે મરેલા ઉંદરની દુર્ગંધ પ્રસરી ગઈ !

એ રાત્રે સાવરકર પરિવારના ચારેય સભ્યો જ્યારે જમવા બેઠા, ત્યારે પડોશી રાણુ દરજીના મકાનમાંથી મરણપોક ઊઠી. એનો મોટો દીકરો તુકારામ બે દિવસથી તાવમાં સબડતો હતો, પણ ગામના વૈદ્યે એને મેલેરિયા સમજીને દવાઓ આપ્યે રાખી હતી. આજે એણે પ્રાણ ત્યાગી દીધા. તુકારામથી નાના બે ભાઈઓ રાજારામ અને પરશુરામ વિનાયકના ગાઢ મિત્રો હતા. ભાઈબંધોનો મોટો ભાઈ ઊઠી ગયો એ સમાચાર સાંભળીને વિનાયક પણ ઉદાસ થઈ ગયો.

જેવા આ સમાચાર ફેલાયા, કે તરત જ પોલીસોની ટુકડી રાણુ દરજીના મકાને આવી પહોંચી. પહેરેલાં કપડે નવ માણસોના કુટુંબને ગામની બહાર ખદેડી મૂકયું. પછી આખું ઘર ધોવાના બહાને મકાનમાં લૂંટફાટ ચલાવી. સવાર પડતાં સુધીમાં તો ગઈ કાલ સુધી કિલ્લોલ કરતું ઘર ખંડેર જેવું ભેંકાર બની ગયું.

એ પછીના દિવસે પિતા દામોદરપંતને સાથળમાં ગાંઠ નીકળી. ગામમાં ચક્કર મારવા ગયેલા એ જ્યારે પાછા ઘરે આવ્યા ત્યારે એક પગે લંઘાતા હતા.

વિનાયકે એમના ડિલે હાથ લગાડયો; પિતાનું શરીર તાવમાં ધખધખતું હતું.

''આણ્ણા, આ પ્લેગ તો નહીં હોય ને ?'' વિનાયક ગભરાઈ ગયો.

''આ પ્લેગ જ છે, તાત્યા પણ જોજે, આ વાત બહાર જાય નહીં, પોલીસને ખબર પડશે તો આપણને પણ ગામ બહાર કાઢી મૂકશે અને આપણું ઘર તો ભગૂરનું સૌથી વધુ ભર્યુંભાદર્યું ઘર છે. એ લૂંટારાઓ કશું બાકી નહીં રાખે. તું મને ઉપર મેડી પરના ઓરડામાં લઈ જા. મારો ખાટલો ત્યાં જ રાખજે. મને ખાવા-પીવાનું પણ ત્યાં જ પહોંચાડજે. અને નાના બાલને બારણા પાસે બેસાડી દેજે; કોઈ ખબર કાઢવા આવે તો ના પાડી દેજો કે અણ્ણા ઘરમાં નથી. બહારગામ ગયા છે...'' પિતા આટલું બોલતામાં થાકી ગયા. એમને તરસ લાગી. પાણી માગ્યું, પણ વિનાયકે પાણી આપવાની ના પાડી દીધી, ''આણ્ણા, સરકારી દાગતરે પ્લેગના રોગીને પાણી પિવડાવવાની ના પાડી છે. એનાથી વાયુ ઊપડશે એવું કીધું છે.''

દામોદરપંત તડપી ઊઠયા, ''અરે મારા ભોળા તાત્યા બેટા, મને પાણી આપ ! નહીંતર પ્લેગ તો એક કોર રહ્યો, હું તરસનો માર્યો મરી જઈશ.'' એમનો અવાજ બરાડામાં પલટાઈ ગયો. ડોળા મોટા થઈ ગયા. એમના રંગઢંગ જોઈને વિનાયક ગભરાઈ ગયો, દોડીને દાદરના પગથિયાં ઊતરી ગયો.

રાત્રે જયારે એ જમવાની થાળી લઈને મેડા પર ગયો, ત્યારે પિતાની હાલત વણસી ચૂકી હતી. થોડી થોડી વારે એ ચમકી જતા હતા. જાણે સન્નિપાત ઊપડયો હોય એમ બકયે જતા હતા. અને પછી મોટે-મોટેથી ચિલ્લાતા હતા : ''પાણી...! પાણી આપ...! હું ભલે મરી જાઉં, પણ મને કોઈ પાણી...''

વિનાયકે એમના ઓરડાનું બારણું બહારથી વાસી દીધું અને એ ઝટપટ નીચે આવી ગયો. ત્યાં નાનો ભાઈ નારાયણ સામો મળ્યો. વિનાયક નાના ભાઈ પર ચિડાયો.

''કેમ, બાલ ! મેં તને બારણા પાસે બેસવાનું કહ્યું હતું ને ! તું કેમ તારી ફરજ મૂકીને ઘરમાં આવી ગયો ? ભૂખ લાગી છે ?''

નારાયણની આંખોમાં આંસુ છલકાયાં, ''તાત્યા, ભૂખ નથી લાગી, પણ પુષ્કળ તરસ લાગી છે. અને...અને બગલમાં ગાંઠ પણ...અને મને તાવ પણ ચડયો છે !!!''

વિનાયક માથે હાથ દઈને ભોંય પર બેસી પડયો, ''હે કુળલક્ષ્મી ! આ શું થવા બેઠું છે ? પિતાજી અને નાનો ભાઈ એક સાથે ચાલ્યા જશે કે શું ?''

* * *

બીજા દિવસની સવાર પડી ત્યારે સાવરકરની હવેલીમાં બબ્બે જિંદગીઓ આખરી શ્વાસ લઈ રહી હતી. એકલો વિનાયક ઉપર -નીચે દોડાદોડ કરી રહ્યો હતો.

ત્યાં બરાબર બપોરના ભોજનના સમયે ત્ર્યંબકેશ્વરથી નાની બહેન અને બનેવીને તેડવા ગયેલો મોટો ભાઈ ગણેશ બેઉને લઈને આવી પહોંચ્યો.

બહેન તો બિચારી ઘરની હાલત ભાળીને ડઘાઈ જ ગઈ, ''બાબા ! તમે તો અમને કેરીઓ ખાવા માટે લઈ આવ્યા છો ! અહીં તો પિતાજીના મૃત્યુની ઘડીઓ ગણાય છે !''

બાબા શો જવાબ આપે ? એ જયારે ઘરમાંથી નીકળ્યા, ત્યારે તો બધું ક્ષેમકુશળ હતું !

અધૂરામાં પૂરું ઘર સાફ કરવાવાળો નોકર ચાર મરેલા ઉંદર લઈને દોડી આવ્યો, ''દેવા રે દેવા ! હું કાલથી ઘરકામ માટે નહીં આવું.''

એ વફાદાર નોકર પગાર લેવા માટેય ઊભો ન રહ્યો. વિનાયકે ચારેય ઉંદરોને પાછળના વાડામાં જઈને બાળી મૂકયા જેથી કોઈને પ્લેગ વિશે ગંધ ન આવે.

પણ તેમ છતાં એક વાતે પડોશીઓને વિચાર કરતા કરી મૂકયા.

વિનાયકને જ્યારથી ખબર પડી હતી કે ઘરમાં પ્લેગ ફેલાવો શરૂ થઈ ગયો છે, ત્યારથી જ એણે ગુપ્ત રીતે દવા-દારૂ માટે દોડધામ કરી મૂકી હતી. દવાખાને જઈને જૂઠું બોલીને તાવ ઉતારવાની સીરપ માગી લાવ્યો હતો. કોઈ ઊંટવૈદ કનેથી પ્લેગ ન થાય એ માટેની રસી જેવી પ્રવાહી દવા લઈ આવ્યો હતો. આ દવા એ પોતે તો પીતો જ રહેતો હતો, પણ ભાભીને પણ આપતો રહેતો હતો. આવો જ એક નુસખો એ કયાંકથી જાણી લાવ્યો. એક મુસલમાન ઘરે જઈને મરઘીનાં બે ઈંડાં માગી લાવ્યો. પછી એ ફોડીને પિતાની સાથળમાં તથા નાના ભાઈની બગલમાં થયેલી ગાંઠો ઉપર એની જરદી લગાવી દીધી. એનો આશય પ્લેગની ગાંઠ મટાડવાનો હતો.

પણ બ્રાહ્મણના ઘરમાં ઈંડાં આવે એ વાત કોનાથી છાની રહે ? સાંજ સુધીમાં તો ગામ આખામાં વાત ફેલાઈ ગઈ. પોલીસ આવી ચડે તો શો જવાબ દેવો એની ફિકરમાં વિનાયક પૂરું જમી પણ ન શકયો.

બહેન અને બનેવી પણ ગભરાઈને જમ્યા વગર જ બારોબાર બીજે ગામ ચાલ્યાં ગયાં. અન્ય સ્વજનો તથા સગાંઓ જે વરસોથી આ ઘરમાં પડયાં-પાથર્યાં રહેતાં હતાં, એ બધાં પણ ગરમ તવા ઉપર છાંટેલું જળબિંદુ ઊડી જાય તેમ ઊડી ગયાં.

એ રાત્રે જ્યારે ખરેખર પોલીસ ટુકડી એમના ઘરના ઉંબરે આવીને ઊભી રહી, ત્યારે ખોટો જવાબ આપવાની કશી જરૂર પણ ન રહી અને ન રહી એ માટેની ગુંજાઈશ. કારણ ?

પિતાએ દેહ છોડી દીધો હતો !

અને એ રાત્રે જ બાકી વધેલા સભ્યો સાથે વિનાયકે પિતાએ હોંશથી બંધાવેલું એ હવેલી જેવું મકાન છોડી દેવું પડયું.

પિતાને અગ્નિદાહ દીધા બાદ બીમાર બાલને લઈને બધાંએ ગામની બહાર આવેલા ગણેશજીના મંદિરમાં ધામા નાખ્યા. પિતાજીના મોટા ભાઈ કાકાબાપુને પણ પ્લેગે ભરડામાં લઈ લીધા હતા. એમની પથારી મહાદેવના મંદિરના ઓટલા ઉપર રાખી હતી.

એ રાત ભીષણ હતી, ગામમાં મૃત્યુનો ઓછાયો પડી ચૂકયો હતો, રહી-રહીને જુદાં-જુદાં ઘરોમાંથી કોઈના અવસાનની આલબેલ પોકારતી મરણચીસો ઊઠતી હતી. સ્મશાનમાં ઠેકઠેકાણે જલતી ચિતાઓના ભડકા દેખાતા હતા. પોલીસોના ભારે ભરખમ બૂટના અવાજો બિહામણી રાતમાં વધુ બિહામણા ભાસી રહ્યા હતા.

ઊંહકારા, રુદન અને સ્વજનના મોત પછી ઊઠતા વિલાપો વાતાવરણને થથરાવી મૂકતા હતા.

આવી હાલતમાં બે-ચાર દિવસ પછી કાકાબાપુએ દેહ છોડયો.

વિનાયક ડરી ગયો. હવે નાના ભાઈનો વારો હતો કે શું ?

* * *

નાનો ભાઈ નારાયણ યમરાજાના બારણે ટકોરા મારવાની હદ સુધી જઈ પહોંચ્યો હતો. એની ડોક લટકી પડી હતી. શરીર ભટ્ઠીની જેમ ધીખતું હતું. નાકમાંથી અને મોઢામાંથી લોહી વહેતું હતું. સાથળમાં અને બગલમાં પ્લેગની મોટી ગાંઠો નીકળી હતી.

વડીલો સલાહ આપતા હતા કે જીવતા રહેવું હોય તો નારાયણને પડતો મેલીને નાસી જાઓ, પણ બંને મોટા ભાઈઓ 'બાલ'ને અનહદપણે ચાહતા હતા.

વિનાયક છેલ્લા પંદર દિવસથી ઊંઘ્યો ન હતો. પહેલાં પિતાની પછી કાકાબાપુની અને હવે નાના બાલની શુશ્રૂષા માટે સતત-સતત એ દોડધામ કરી રહ્યો હતો. સરસ્વતી ભાભી અને મોટાભાઈ પણ એને સાથ આપ્યે જતાં હતાં, પણ હવે બધાં થાકયાં હતાં.

ત્યાં અચાનક ઈશ્વરે મદદ મોકલી આપી. નાસિકથી રામભાઉ દાતાર ચાર-પાંચ મજબૂત સ્વયંસેવકોને સાથે લઈને આવી પહોંચ્યા. રામભાઉ વિનાયકના પિતાના મિત્ર હતા. એક વરસ પહેલાં એમની પત્નીને પ્લેગ વળગ્યો હતો, ત્યારે દામોદરપંતે એમને ભગૂરમાં પોતાના ઘરે આશ્રય આપીને ખૂબ સેવા કરી હતી. આજે એ ઉપકારનો બદલો વળવાનું ટાણું આવ્યું હતું. સગો બાપ પણ દીકરાને છોડીને ભાગી જાય એવી જોખમી સ્થિતિમાં આ બહાદુર સદ્‌ગૃહસ્થ પોતાના દિવંગત મિત્રનાં બાળકોની મદદ માટે ધસી આવ્યા.

''દીકરાઓ, અહીં તો પરિસ્થિતિ ધાર્યા કરતાં પણ વધારે ગંભીર છે. અહીં આપણો બાલ નહીં બચે. ચાલો, મારી સાથે. હું તમને નાસિક લઈ જઈને મારા ઘરમાં રાખીશ.'' રામભાઉ દાતારે દિલની દાતારી દર્શાવી.

બીમાર ભાઈને ઊંચકીને સૌ નાસિક પહોંચ્યાં. ત્યાં રામભાઉની શેરીમાં રહેતા પડોશીઓએ ધમાલ મચાવી. ''પ્લેગના દરદીને ઘરમાં નહીં રાખી શકાય. સરકારી હુકમ છે.''

સરકારી હુકમ તો એવો પણ હતો કે બહારગામથી આવા દરદીને શહેરમાં દાખલ જ ન થવા દેવાય, પણ રામભાઉની હિંમત અને મક્કમતા આગળ પડોશીઓનું કશું જ ન ચાલ્યું.

પણ નાના ભાઈની હાલત ખૂબ જ કથળી ગઈ, ત્યારે ના છૂટકે એને સરકારી દવાખાનામાં દાખલ કરવો જ પડયો.

પહેલા જ દિવસે બંને મોટા ભાઈઓ નાના ભાઈને મળવા માટે દવાખાનાના ઝાંપામાં દાખલ થયા, ત્યાં ચોકીદારે એમને અટકાવ્યા, ''દરદીની પાસે એકથી વધારે સગાંને રહેવાની મનાઈ છે. અને જે વ્યક્તિ અંદર દરદીની સાથે રહેશે, એણે પછી છેક લગી અંદર જ રહેવું પડશે. એ બહાર નહીં નીકળી શકે.''

''તો પછી એના અને દરદીના ભોજનનું શું ?'' વિનાયકે પૂછ્યું.

''એ બીજી વ્યક્તિ અહી ઝાંપા સુધી લઈ આવી શકે છે. એ ભોજન મૂકીને દૂર ઊભી રહે, એ પછી અંદરની વ્યક્તિ આવીને ભોજનનું પાત્ર લઈ જશે. બંનેએ વાતચીત પણ નહીં કરવાની. એનાથી પણ ચેપ ફેલાઈ શકે છે. હવે તમે નક્કી કરો કે અંદર કોણ જશે અને બહાર કોણ રહેશે !''

મોટા ભાઈ ગણેશે દવાખાનામાં રહેવાનું સ્વીકાર્યું. વિનાયકના ભાગે બહાર રહેવાનું આવ્યું. આમેય તે એના નસીબમાં તો દોડધામ જ લખાયેલી હતી.

રોજ સવાર-સાંજ ભોજન લાવવા-લઈ જવા માટે વિનાયક આવતો અને દવાખાનાનાં પગથિયાં પાસે પાત્ર મૂકીને દૂર ઊભો રહી જતો. એ પછી થોડી વારે મોટા ભાઈ ભોજન લઈ જવા માટે દવાખાનાની બહાર આવતા. પ્રતીક્ષાની આ ક્ષણો વિનાયક માટે પહાડ જેવી વજનદાર બની જતી. એની છાતી એક અજ્ઞાત ભયથી થડકવા માંડતી : કદાચ આજે મોટા ભાઈ બહાર ન આવ્યા તો ?

આ શંકાભર્યા સવાલમાં છુપાયેલી શકયતા બહુ ધ્રૂજાવી મૂકે તેવી હતી; જો બાબા જાતે ભોજનની થાળી લેવા માટે બહાર ન આવે તો સમજી લેવાનું કે એમને પણ પ્લેગે ભરડામાં લઈ લીધા છે !

અને ખરેખર એક દિવસ મોટા ભાઈ બહાર ન દેખાયા. એમને બદલે દવાખાનાનો કર્મચારી ડોકાયો, વિનાયક રડમસ થઈ ગયો, છતાં મન મક્કમ કરીને એણે કર્મચારીને પૂછ્યું. ''બાબાને પણ...?''

પેલાએ ઉત્તર આપ્યો, ''હા, તમારા મોટા ભાઈને પણ પ્લેગ લાગુ પડી ચૂકયો છે.''

''હે ઈશ્વર ! હે કુળલક્ષ્મી ! હે મા ભવાની ! આ બધું શું થવા બેઠું છે ! પહેલાં બાપુ ગયા, પછી કાકાબાપુ, મા તો વરસો પહેલાં ચાલી ગઈ. હવે મારા ભાઈઓની મને જરૂર છે. મારા દેશને મારે અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરવો છે. યજ્ઞકાર્યમાં મને મારા ભાઈઓની મદદની જરૂર છે, મા ! તું એમને બચાવી લે !''

* * *

પછી જે બન્યું એને ચમત્કારનું નામ શા માટે આપવું ? એમ કરવાથી વિધાતાઓ ઘડેલા ભાગ્ય-વિધાનને આપણે અન્યાય કરી બેસીશું. પણ સત્ય એ છે કે બીજા જ દિવસથી વિનાયકના બંને ભાઈઓની દારુણ શારીરિક સ્થિતિનાં વળતાં પાણી શરૂ થયાં. આમ પણ પ્લેગની મહામારી ધીમે-ધીમે અંકુશમાં આવતી જતી હતી. પરિણામે બાબા પણ બચી ગયા અને લગભગ મરણાસન્ન બની ચૂકેલો બાલ પણ બચી ગયો.

* * *

પ્લેગની બીમારીએ સાવરકર બંધુઓની જિંદગી ઉપર બહુ ઘેરી અસર પાડી દીધી. માત્ર થોડાક દિવસોના સમયાંતરે ઘરના છત્ર જેવી બે વ્યક્તિઓ વાવાઝોડામાં ઊડી જતાં છાપરાની જેમ ફેંકાઈ ગઈ.

પ્લેગના કારણે જ વિનાયકે ભગૂર ગામ છોડવું પડયું. નાસિકમાં આવીને રહેવું પડયું, બાપુ અને કાકાબાપુના અવસાન પછી આજીવિકા કમાવા માટે નાસિક ઉપર જ પસંદગી ઉતારવી પડી; એ બહાને એમનું અતિ પ્રિય ગામ ભગૂર કાયમને માટે છૂટી ગયું.

ત્રીજી મોટી અસર મોટા ભાઈ ગણેશના દિલ અને દિમાગ ઉપર પડી. અત્યાર સુધી એમની મનઃસ્થિતિ રંગરાગ અને વૈરાગ એ બે અંતિમ ધ્રુવોની વચ્ચે ઘડિયાળના લોલકની પેઠે ઝોલાં ખાતી રહેતી હતી. રોજ રાત પડે ને ગણેશ નાસિકમાં નાટક ભજવવા આવેલી એક ખાનગી મંડળીમાં પહોંચી જતો હતો. ધીમે-ધીમે એના મન ઉપર નાટકની દુનિયાની ઝાકમઝોળ સવાર થવા માંડી હતી. એ પણ નાની-નાની ભૂમિકાઓ ભજવવા માંડયો. ચહેરા ઉપર ચૂનાના થપેડા, શરીર ઉપર પાત્રોના વાઘા અને જીભ ઉપર નાટકીય સંવાદો ! છેક વહેલી સવારે એ પાછો ઘરે આવતો હતો.

અને પછી થોડાક કલાકોની ઊંઘ માણીને જયારે એ જાગતો હતો, ત્યારે જાણે કે તદ્દન જુદો જ ગણેશ બની જતો હતો ! સ્નાન, ટીલાં-ટપકાં, પૂજા-પાઠ વગેરે પતાવીને એ સાધુ-બાવાઓની જમાતમાં સત્સંગ કરવા માટે ચાલ્યો જતો. આખો દિવસ ત્યાં જ પડી રહેતો. કયારેક તો સાધુઓની સાથે સાધુ બનીને સંસાર છોડીને ચાલ્યા જવાની વાતો પણ કરતો હતો.

પણ પ્લેગની બીમારીએ બધું જ બદલી નાખ્યું. એને હવે ન તો નાટક-ચેટકમાં રસ રહ્યો હતો, ન સાધુ-બાવાઓના સંગમાં.

વિધાતા જાણે સાવરકર બંધુઓ માટે પૂર્વનિર્ધારિત શતરંજનાં ચોકઠાં પુનઃ પોતાની મરજી અનુસાર ગોઠવી રહ્યો હતો !

૦ ૦ ૦

૮. સંઘર્ષભર્યો સમય

સન ૧૯૦૦ના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખ હતી. સંધ્યા સુંદરી ગોદાવરીનાં પવિત્ર જળ ઉપર આખરી દૃષ્ટિપાત ફેંકીને સરકી રહી હતી. વિભાવરી શાંત પગલે પુરાણપ્રસિદ્ધ નાસિક શહેરને પોતાના બાહુપાશમાં સમેટી લેવા માટે અભિસાર સજી રહી હતી. સૂરજનો અજવાસ શમી ચૂક્યો હતો, પણ રાત્રિને અંધકાર હજુ જામ્યો ન હતો.

આવા સમયે નાસિક શહેરના એક ગીચ વસ્તીવાળી મહોલ્લામાં આવેલા એક અંધારિયા મકાનમાં એક ભેદી ઘટના આકાર પામી રહી હતી.

શહેરનો પ્રખ્યાત મહોલ્લો એટલે નગરકર. એમાં આવેલી નામચીન ગલીનું નામ તિલભાંડેશ્વરની ગલી. ધોળે દિવસે પણ જ્યાં સૂર્યનાં કિરણો પ્રવેશી ન શકે એવી સાંકડી ગલી. એની છેક છેવાડે તો ગલી એટલી બધી પાતળી થઈ જાય કે એક માણસ પણ એમાંથી માંડ પસાર થઈ શકે. આ રીતે થોડુંક ચાલ્યા પછી જમણા હાથ તરફ વળો એટલે બે માળનું એક મકાન આવે. એના માલિક હતા વિશ્વામિત્ર નામના એક સજ્જન. ટપાલીને પણ ન જડે એવા આ મકાનની અંદર એક સુરંગ જેવી પટ્ટી હતી, જેનો બીજો છેડો એક નાનકડા દ્વારમાં અંત પામતો હતો. એ દ્વાર પાસે પગથિયાંની નાનકડી હારમાળા હતી, જે અંધારામાં જ ચઢવી પડે તેવી હતી. અને પથ્થરનો એ દાદર જ્યાં પૂરો થતો, ત્યાં એક ગુફા જેવો ઓરડો હતો, જાણે કોઈ ઉંદરનું દર જોઈ લો !

કોઈ પણ ગુપ્ત મંત્રણાના આયોજન માટે આ શ્રેષ્ઠ સ્થળ હતું. અને સન ૧૯૦૦ની એ પ્રથમ સાંજે આ સુરક્ષિત ઓરડામાં ખરે જ એક ભેદભરી મંત્રણા ચાલી રહી હતી.

દીવાલ પાસે સત્તર વર્ષનો યુવાન વિનાયક ઊભો હતો. એની સામે શેતરંજી પર કેટલાક દેશભક્ત ક્રાંતિકારીઓ બેઠા હતા, જેઓ વિનાયકની તેજભરી વાણીને કાન દ્વાર પી રહ્યા હતા. એમાં રામભાઉ દાતાર હતા, એના લઘુબંધુ વામન દાતાર હતા, વર્તક પરિવારના ત્રણ બંધુઓ (નાના, ત્ર્યંબક અને શ્રીધર) હતા, ભડવીર ભીંડે હતા. દુર્જેય ગણાતા દાતે હતા. આખી ટોળકીમાં મહારથી ગણાતા મ્હસકર હતા અને ભલભલાનું પાણી ઉતારી નાખે એવા પાગે હતા અને આખું નાસિક જેના નામથી થરથર કાંપતું હતું એવા આંબા પાંગળે પણ હતા.

આંબા પાંગળે એટલે તિલભાંડેશ્વરની ગલીનો સિંહ. એના હોઠ કરતાં હાથ વધુ ચાલતા હતા. કોઈ પણની સાથે એ એક વાર વાત કરતો અને પછી જો ઝઘડો ખતમ ન થાય તો એ હાથા-પાઈ ઉપર ઊતરી આવતો. બીજી વાર બોલવાની એને બાધા હતી. એનું મૂળ નામ આંબા દરકરે હતું. પણ એના પગે પોલિયો હતો; એટલે એની પંગુતાને કારણે નાસિકજનો એને આંબા પાંગળે કહીને બોલાવતા હતા. 'પણ ભગવાને જે તાકાત એના પગમાંથી ખેંચી લીધી હતી એ દસ ગણી કરીને એના બંને હાથોમાં પાછી આપી હતી. આંબાનો હાથ જેના પર પડે એ જિંદગીભર યાદ રાખતો કે એ હાથ નહીં, પણ હથોડો છે !

આ બધા સુભટો એના તેજીલા તોખાર જેવા સરદાર સત્તર વર્ષના વિનાયકને ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા.

વિનાયકના મુખમાંખી અસ્ખલિત વાક્પ્રવાહ ઝરી રહ્યો હતો : ''કયાં સુધી આપણે આ ઝેરી વૃક્ષનાં પાંદડાં તોડતા રહીશું ? ગોખલેજીની નીતિનો હું સમર્થક નથી. અંગ્રેજોની સાથે મીઠાશથી, વિનય કે વિવેકથી વાત થાય જ નહીં. આ કાયદો ગલત છે અને પેલો કાયદો જુલમી છે એવી વેવલી રજૂઆતો કરવી એ મારે મન નિર્માલ્યતા છે. રજૂઆત તો રાજા આગળ કરાય. અને અંગ્રેજો આપણા રાજા કયાં છે ? અંગ્રેજો તો ચોર છે !

''અને આમ ડાળી-ડાંખળાં કે પાંદડાં ઉપર વાર કરવાથી કંઈ ફરક નહીં પડે. ઘા કરવો હોય તો વૃક્ષના મૂળ ઉપર કરો; એ પણ લાકડીનો નહીં, પણ કુહાડીનો કરો !''

''હું અનુરોધ કરું છું કે કોગ્રંસની નીતિરીતિ સાથે તમે સંમત ન થશો, ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ એક માર્ગ ભૂલેલો પક્ષ છે. આપણે તો દુશ્મનોને દુશ્મન લેખીને જ આગળ વધવાનું છે. હિંસા એ જ આપણું હથિયાર હશે. પછી એ હથિયાર ચલાવવાનું શુભ કાર્ય આપણે આજથી શરૂ કરી દઈએ કે સો વર્ષ સુધી પ્રતીક્ષા કરીએ.''

''અને આનું પરિણામ પણ સમજી લેજો; આપણે કદાચ જેલમાં પણ જવું પડશે. કદાચ ફાંસીના માંચડે લટકવું પડશે. સજા ગમે તે થાય પણ બંદીગૃહની છત કે ફાંસીનો ગાળિયો આપણી છાતીમાં ધધકતી ક્રાંતિની જ્વાળાને શાંત નહીં પાડી શકે !''

''માટે મિત્રો, જોડ-તોડ રહિતની સંપૂર્ણ સ્વતંત્રતા મેળવવી હોય તો આ મહાન ધ્યેય માટે પાગલ બનીને તૂટી પડો !''

સાંભળનારા સૌ યુવાનોના શરીર પરનાં રૂવાડાં ઉત્તેજનાનાં માર્યાં ઊભાં થઈ ગયાં. વિનાયકની ઓજભરી વાણી સૌને ગાંડા બનાવી રહી હતી. આ નેતા એમનો પ્રિય અને સર્વસ્વીકૃત સરદાર બની રહ્યો હતો, જેના પ્રત્યેક વચન ઉપર મરી ફીટવાનું મન થઈ જતું હતું.

વકતવ્ય પૂર્ણ કરીને વિનાયક બેસી ન ગયો. એણે એ જ દિવસે ઘોષણા કરી, ''આજે હું 'મિત્ર મેળા' નામની ગુપ્ત સંસ્થાની સ્થાપના કરું છું. આજ સુધી આપણું મિત્રમંડળ નિર્દોષ પ્રવૃત્તિઓમાં રાચતું હતું. એનું નામ હતું 'રાષ્ટ્ર ભકત સમૂહ'; પણ હવે આપણે કાયદાની ભાષામાં જેને અપરાધ માનવામાં આવે છે. એવા પથ ઉપર પગ મૂકી રહ્યા છીએ. આપણો ગુપ્ત સાંકેતિક શબ્દ હશે : 'રામ-હરિ.'

અને પછી એ ભીંત ઉપર લટકાવેલી છત્રપતિ શિવાજી મહારાજની છબિ તરફ ફર્યો. શિવાજીની વિરાટ ભવ્ય તસવીરની ડાબે-જમણે ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક નાના સાહેબ, તાત્યા ટોપે તથા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં ચિત્રો પણ મૂકેલાં હતાં. વિનાયકે ઘીનો દીપક પ્રગટાવીને આ તમામ પ્રતાપી દેશભકતોને પ્રણામ કર્યા.

શ્રોતાઓના સમૂહમાં બેઠેલા તમામ મિત્રોએ ગુપ્તતાના શપથ લીધા. આંબા પાંગળેએ મિત્રોના દિલની વાત વ્યકત કરી દીધી, ''તાત્યા, અમે તારી સાથે છીએ-જીવનમાં પણ અને મૃત્યુમાં પણ. અમને તારી આ ભાષણબાજીમાં કશી ખબર ન પડે. અમે તો એક જ વાત જાણીએ; તું આદેશ આપે એટલે અમારે તૂટી પડવાનું !''

બરાબર એ ક્ષણે સૌથી છેલ્લે બેઠેલા મ્હસકર નામના પુખ્ત સમજણ ધરાવતા સદસ્ય બાજુમાં બેઠેલા એવા જ મિત્ર પાગેના કાનમાં ગણગણી રહ્યા હતા, ''તાત્યા છે તો સો ટચનું સોનું ! પણ આ તેજીલા તોખારને કોઈએ અંકુશમાં રાખવો પડશે, નહિતર એ બીજા કો'કને અથવા પોતાને જ ભયંકર નુકસાન કરી બેસશે.''

પાગે માથું હલાવીને બોલ્યા, ''હા, એમાંય આપણે બે તો પાછા સરકારી નોકરીમાં છીએ. જો અંગ્રેજ સરકારને 'મિત્ર મેળા'ની ગંધ આવી ગઈ, તો સમજો કે આપણી નોકરી તો હાથથી ગઈ જ છે !!''

* * *

પ્લેગનો રોગ વાવંટોળ બનીને આવ્યો અને વિનાશ વેરીને ચાલ્યો ગયો. સાવરકર બંધુ-ત્રિપુટીનાં મસ્તકો પરથી પિતા' નામની છત અને 'કાકાબાપુ' નામનું છાપરું એક ઝાટકે ને એક સાથે ફંગોળાઈ ગયાં. પણ વિનાયકે આ દુર્દૈવને ઈષ્ટાપત્તિ ગણીને સ્વીકારી લીધું. સદીઓ પહેલાં પત્નીના અવસાન પછી ભકત નરસૈયાએ ગાયું હતું : 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ...' હવે વિનાયકનો વારો હતો. સોળ-સત્તર વર્ષના આ બહાદુર જુવાને મુખરપણે તો આવું કશું કહ્યું નહીં, પરંતુ મનોમન એણે આશ્વાસન મેળવી લીધું કે માતૃભૂમિના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના યજ્ઞ આડેના અવરોધો એક પછી એક દૂર થવા માંડયા છે. હવે એને મનાવે, સમજાવે, અટકાવે કે નબળો પાડે એવી એક પણ વ્યક્તિ આ વિશ્વમાં રહી ન હતી.

અને આ એ ઉંમર હતી જયારે વિનાયકના કિશોરવયના કુમળા મોં ઉપર મૂછનો પહેલો-પહેલો દોરો ફૂટી રહ્યો હતો, આ વય હતી છાતીમાં વિપ્લવની આગ પ્રગટાવાના પ્રારંભની, આ ઉંમર હતી દિમાગમાં નફરતનું વિષ ઘોળાવાની અને હથેળીમાં હથિયારો ધારણ કરવાની ચળ આવવાની.

અંગ્રેજોને આ દેશમાંથી તગેડી કાઢવા માટે એ હિંસાનો સહારો લેવા માટે તૈયાર હતો. માત્ર તૈયાર જ નહીં, તલપાપડ પણ હતો.

અને સંજોગો ચારે તરફથી એની આકરી તાવણી કરી રહ્યા હતા.

પિતા દામોદરપંત ભગૂરના સૌથી વધારે શ્રીમંત નાગરિક હતા, પણ એમની હયાતીમાં જ એક રાતે ઘરફોડ ચોરી થઈ, જેમાં મોટી રકમનું રોકડનાણું અને પુષ્કળ સોનું ચાલ્યું ગયું. ઘરનો નોકર જ ચોરો સાથે ભળી ગયો હતો. પોલીસની ટુકડી આવી તો ખરી, પણ દંડા પછાડીને ચાલી ગઈ.

પિતાના અવસાન પછી પ્લેગને કારણે બાળકોએ ઘર છોડવું પડયું. પાછળથી સૂના પડેલા મકાનમાંથી અડોશી-પડોશીઓ આવી-આવીને ઘરવખરી, વાસણો અને કપડાં-લત્તાં ઉઠાવી ગયાં.

જેમની પાસેથી પિતાજીની ઉઘરાણી બાકી નીકળતી હતી, એ તમામે મોં ફેરવી લીધાં. નાણાંની લેતી-દેતીના દસ્તાવેજો પણ બાળી નાંખવામાં આવ્યા, પણ જેમને પૈસા ચૂકવવાના નીકળતા હતા, એ કાગળો સલામત રહ્યા.

ટૂંકમાં બાપની ઉપસ્થિતિ વખતે જે બાળકો સોનાનો કોળિયો જમતા હતા, એમને હવે દાલ-રોટીના પણ સાંસા થઈ ગયાં.

મોટા ભાઈ ગણેશ કયાંક ને કયાંક આછી-પાતળી નોકરી મેળવા લેતા હતા.

એક રાતે વિનાયક પથારીમાં પડયો હતો, પણ જાગતો હતો. એના કાન પર મોટા ભાઈ અને ભાભી વચ્ચેની વાતચીત પડી ગઈ.

''સુરસતી ! તારાં આભૂષણો આપીશ ?'' ગણેશના અવાજમાં સંકોચ હતો, ક્ષોભ હતો, કંપન હતું.

''એમાં શું છે ?'' બોલીને સરસ્વતીએ દસ જ મિનિટની અંદર એના પિયર તરફથી મળેલા બધા જ દાગીનાંઓનું પોટલું બાંધીને પતિના હાથમાં મૂકી દીધું.

''એટલું પણ નહીં પૂછે કે હું આ દાગીનાં શેના માટે માગી રહ્યો છું ?''

''જાણું છું, પછી શા માટે પૂછું ? તાત્યાને તમારે ખૂબ ભણાવવો છે ને ? મોટો બૅરિસ્ટર બનાવવો છે ને ! મને ખબર છે. અંધારી રાતમાં દીવાની કંપતી જયોત જેવા પવિત્ર અવાજમાં ભાભી જવાબ આપી રહી હતી અને પથારીમાં

વિનાયક આંખો દ્વારા વરસી રહ્યો હતો. ડોકમાં પાતળું મંગળસૂત્ર રાખીને બાકીનું બધું જ ભાભીએ લાડકા દિયરના ભણતર માટે ધરી દીધું.

થોડા દિવસ પછી વિનાયક જમવા માટે બેઠો, ત્યારે થાળીમાં એકલી રોટી અને ભાજી જોઈને એ ભાભીને પૂછી બેઠો, ''આજે ચોખા નથી રાંધ્યા, ભાભી ?''

જવાબમાં ભાભીના ગળામાંથી ડૂસકું ફૂટયું અને આંખોમાંથી આંસુ ટપકયાં. ''ઘરમાં ચોખા નથી.''

''કેટલા દિવસથી ?''

''તમારા માટે આજથી. અમારા માટે છેલ્લા દસ દિવસથી.''

વિનાયક હાથ ધોઈને થાળી પરથી ઊભો થઈ ગયો. મનોમન વિધાતાની સાથે વાત કરી રહ્યો, ''ભાભી કયારેય આટલી સારી હોઈ શકે ખરી ? કોણે કહ્યું કે તાત્યા મા વિનાનો છે ? હે ભગવાન, ભવિષ્યમાં જયારે હું બૅરિસ્ટર બની જઈશ ત્યારે મારી આ ભલી ભાભીને માથાથી પગ સુધી ઘરેણાંથી લાદી દઈશ.''

સરસ્વતી ભાભી આવી પરિસ્થિતિમાં પણ સદૈવ હસતી રહી.

એના નમણા ચહેરા પર દિન-પ્રતિદિન નવું તેજ ખીલતું જતું હતું. એ જોઈને વિનાયરે એક દિવસ પૂછી નાંખ્યું, ''ભાભી, કોણ માનશે કે તારા દેહ ઉપર દાગીના નથી ? તારું સૌથી મૂલ્યવાન આભૂષણ તો તારા ચહેરા પરનું સ્મિત છે.''

ભાભી શરમાઈ ગઈ, ''તમારે એ સ્મિતનું કારણ જાણવું છે ?''

''અવશ્ય,'' વિનાયકે કાન સરવા કર્યા.

''બહુ જલદ તમે કાકા બની જવાના છો !!'' સરસ્વતી આવનારી ખુશીની ખુશબો પ્રસરાવીને અંદરના ઓરડામાં ચાલી ગઈ. વિનાયક રોમાંચનો માર્યો ઝૂમી ઊઠયો. હવે એ દિવસો ગણવા માંડયો કે કયારે મોટાભાઈ અને ભાભીના દાંપત્યના છોડ ઉપર એક નવું ફૂલ ખીલે છે !

અને થોડા દિવસ પછી એના કાળજી ઉપર ઘણનો ઘા વીંઝાયો. સરસ્વતી ભાભીને કસુવાવડ થઈ ગઈ હતી. ડૉકટરનું કહેવું હતું કે વધુ પડતો શ્રમ, આર્થિક ચિંતા અને અપૂરતા આહારને કારણે ગર્ભપાત થઈ ગયો હતો.

* * *

''બાબા, હવે મારે આગળ ભણવું નથી. હું પણ આવતી કાલથી નોકરીએ લાગી જવાનો છું.'' એક સાંજે વિનાયકે નોકરીમાંથી થાકયા-પાકયા ઘરે આવેલા મોટાભાઈને સમાચાર આપ્યા.

''તાત્યા ! ભોળુડા ! તને કોણ નોકરી આપશે ?'' ગણેશ હસ્યા.

''આપશે નહીં, બાબા, પણ આપી દીધી છે.'' વિનાયકના બોલવામાં ઉત્સાહ છલકાતો હતો, ''તમને ખબર ન પડે તેમ મેં પબ્લિક સર્વિસ માટેની પરીક્ષા પાસ કરી દીધી છે. મને સરકારી દફતરમાં નામું લખવાની નોકરી મળી ગઈ છે. હવે તમારે ઘર ચલાવવા માટે આટલા બધી ચિંતા નહીં કરવી પડે.''

બાબાએ માથું ધુણાવ્યું, ''તું મારી ચિંતા છોડ; તારી વાત કર. હું નથી ઇચ્છતો કે મારો વિનાયક માસિક વીસ-પચીસ રૂપિયાની પગારવાળી નોકરીમાં જોડાઈ જાય. મારે તને ધનના ઢગલામાં રમતો જોવો છે.''

''પણ...બાબા ! પૈસાના અભાવમાં તમે અને ભાભીએ એક સંતાન ગુમાવી દીધું છે...''

બાબાના મોં ઉપર કરુણતાભર્યું સ્મિત ઊગ્યું, 'ભૂલી જા એ દુર્ઘટના, તાત્યા ! જેનું મોં પણ નથી જોયું એ બાળકને ગુમાવવાનો આટલો વસવસો ન કર. જે ગયું એ સંતાન હતું, પણ અત્યારે જે જવા બેઠું છે તે મારું સ્વપ્ન છે. રાતદિવસ મારી એક જ ચિંતા છે, તાત્યા ! કાલે સવારે ઊઠીને જગત એમ ન કહે કે વધુ પડતો શ્રમ, આર્થિક ચિંતા અને અપૂરતા આહારને કારણે તમારા સપનાનો પણ ગર્ભપાત થઈ ગયો ! નોકરીની જીદ છોડ અને આવતી કાલથી અભ્યાસમાં મન પરોવવા માંડ !''

વિનાયકે કોરી આંખો રસોડાની દિશામાં ફેરવી; ત્યાં રોટલા રાંધતી સરસ્વતી ભાભી પોતાની ભીની આંખો લૂછી રહી હતી.

o o o

૯. નાસિકમાં

તિલભાંડેશ્વરની ગલીમાં વર્તીકના મકાનમાં ઉપરના મેડે સાવરકર બંધુઓનું નિવાસસ્થાન આવેલું હતું. હતું તો ભાડાનું મકાન, પણ મકાનમાલિક વર્તીક-પરિવારની સાથે સ્નેહસંબંધ એવો ગાઢ બની ગયો હતો કે અજાણ્યાને તો એવું જ લાગે કે ત્રણ દીકરાઓ ઉપરના માળે રહે છે અને ત્રણ દીકરીઓ ભોંયતળિયાના ભાગમાં. વર્તીક પરિવારમાં પણ ત્રણ પુત્રો હતા. બંને ત્રિપુટીઓ અભિન્ન મિત્રો બની ચૂકી હતી.

એક સાંજે સરસ્વતી ભાભી રસોડામાં રોટલા ઘડી રહી હતી. બાબા આગળના ખંડમાં બેસીને 'કાલપત્ર' નામનું ક્રાંતિકારી અખબાર વાંચી રહ્યા હતા. નાનો નારાયણ શાળાનું 'લેસન' કરતો હતો. ત્યાં લાકડાના દાદર પર કોઈના પગલાંનો ભારે ભરખમ અવાજ સંભળાયો. બાબા સમજી ગયા; નક્કી આંબા પાંગળે હોવો જોઈએ. પગથી અપંગ એવો આંબા વજનદાર આદમી હતા. એટલે પગથિયા ઉપર એ જ્યારે બેસતો-બેસતો ચડતો હતો, ત્યારે એનો અવાજ પણ વિશિષ્ટ આવતો હતો.

આંબા પાંગળે એટલે તિલભાંડેશ્વરનો સિંહ, ગલીનો રાજા. એની ટોળકીથી આખું નાસિક ત્રાસ અનુભવતું હતું. ગલીમાં આવેલા મહાદેવના મંદિરે દર્શનાર્થે આવતા-જતા માણસો એનાથી ડરીને ચાલતા હતા. એની સરદારી હેઠળ શિવાજી મહારાજની સેના જેટલા સુભટો હતા.

અત્યારે આંબા ગુસ્સામાં હતો, ''તાત્યા ક્યાં છે ?'' એણે તોછડાઈપૂર્વક પૂછ્યું.

બાબાએ હાથનો ઈશારો કરીને અંદરનો ખંડ બતાવ્યો, 'ધબ-ધબ કરતો દેડકાની જેમ કૂદતો-ઊછળતો આંબા બાબાએ ચીંધેલી દિશામાં દોડી ગયો.

પણ અંદરનું વાતાવરણ જોઈને એ આભો બની ગયો. વિનાયકનો ઓરડો અત્યંત સ્વચ્છ અને સુવ્યવસ્થિત હતો. કચરાનું નામો-નિશાન ન હતું. દીવાલો ઉપર દેશભક્ત નરપુંગવોની તસવીરો શોભતી હતી. ખૂણામાં મૂકેલી ધૂપસળીમાંથી ઊઠતા સુગંધ આખા ઓરડાને પવિત્ર બનાવી મૂકતી હતી. એક ભીંત પાસે જમીન પર વિનાયકની પથારી બિછાવેલી હતી. એની ઉપર બેસીને વિનાયક એક ડાયરીમાં કશુંક લખી રહ્યો હતો.

આંબા પછાત જ્ઞાતિનો અશિક્ષિત અને ગમાર યુવાન હતો. એની મા ગલીમાં ચાર-પાંચ મકાનોમાં ઘરકામ કરતી હતી. ગંદકીમાં મોટો થયેલો આંબા આ ચિત્તપાવન બ્રાહ્મણ યુવાનની સંસ્કારિતા જોઈને જરા ઝંખવાણો પડી ગયો.

''તાત્યા ! શું કરે છે તું ?'' આંબાના અવાજમાં રૂક્ષતા હતી.

''અંગત રોજનીશી લખું છું.'' વિનાયકે શાંતિથી જવાબ આપ્યો.

''એટલે ?'' આંબા પોતે કવિતા લખતો હતો. ભલે એ ભણ્યો ન હતો, પણ લોકકવિની જેમ એને કવિતા સહજસાધ્ય હતી,. પણ આ રોજનીશીની વાત એના માટે નવી હતી.

વિનાયકે એને રોજનીશીનો અર્થ સમજાવ્યો. આંબા ડઘાઈ ગયો, પણ તરત એને યાદ આવ્યું કે એ તો અત્યારે વિનાયકની સાથે ઝઘડવા માટે આવ્યો હતો. એટલે એણે પાછી ઉગ્રતા ધારણ કરી લીધી.

''એમ ? તો તું રોજનીશી લખી રહ્યો છે ! મને તો એમ હતું કે તું અત્યારે કવિતા લખતો હોઈશ ! મને ભેડેએ કહ્યું કે તાત્યા પણ તારા વાદે વાદે હવે જોડકણાં કરવા માંડયો છે !''

''જોડકણાં ? અને તારા વાદે વાદે ?'' વિનાયકે હસીને નોંધપોથી નીચે મૂકી, ''આંબા તું બોલતાં પણ નહીં શીખ્યો હોય, ત્યારનો હું કવિતા કરું છું. તારી અને મારી સરખામણી ના કરીશ. તું રહ્યો લોકકવિ, જ્યારે હું છંદોબદ્ધ, શાસ્ત્રીય કવિતાનો માણસ છું. આપણી વચ્ચે એક લેડીઝ ટેલર અને જેન્ટ્સ ટેલર જેટલો તફાવત છે. તને નક્કી કોઈએ ચડાવ્યો છે, પણ મારે તારી સાથે ઝઘડવું નથી. બેસ. હું તને કવિતા સંભળાવું. હજુ તાજી જ છે. આજે સવારે જ રચી છે. પછી એક કવિતા તું મને સંભળાવજે. તને યોગ્ય લાગે તો આપણે જાહેરમાં એક સ્પર્ધા પણ યોજીશું. 'રણમાં જે જીતે તે શૂર !'

આટલું કહીને વિનાયકે કવિતા પઠન શરૂ કર્યું,

''શ્રીમત્ શંભુ સિર બિરાજે ગોદાવરી સર્વદા
પાપક્ષાલન સમુચિત કરે જો વેષ્ટિતા સર્વદા
દૌડે શ્રેષ્ઠ પદસે ધોને નીચાંગ ગંગાસતી
શ્રેષ્ઠ મૂર્તિ આપ ભી લગતે હમેં આયે વૈસે હી.''

શુદ્ધ આર્યાછંદમાં રચાયેલી અને સુંદર યમક અલંકાર વડે વિભૂષિત એંસીથી પણ વધારે પંક્તિઓમાં રચાયેલી આ કવિતા સાંભળીને આંબા પાંગળે આભો બની ગયો. આમાંના ઘણા શબ્દો તો એ આજે પ્રથમ વાર સાંભળતો હતો. એણે હાથ જોડીને પોતાની હાર કબૂલી લીધી.

વિનાયકે ફોડ પાડયો, 'આમાં તારો દોષ નથી, આંબા ! મારી પાસે તારા કરતાં વધારે સમૃદ્ધ શબ્દભંડોળ છે. મને છંદનું જ્ઞાન છે અને મારી પાસે સતત તાલીમની મૂડી છે. તારે પણ જો આગળ વધવું હોય, તો આ બધું શીખવું પડશે.''

આંબા પાંગળેએ કાન પકડયા. વિનાયકે હસીને એને માફ કરી દીધો. પછી રસોડા તરફ જોઈને એને બૂમ પાડી, ''ભાભી...! સાંભળે છે ? આંબા આવ્યો છે...! એના માટે કંઈક ખાવાનું લાવજે !''

એનું બોલવાનું પૂરું થાય એ પહેલાં જ સરસ્વતીએ ઓરડામાં પગ મૂકયો, ''સાંભળું છું અને જોઉં પણ છું. ફકત બે ક્ષણ પૂરતી ધીરજ રાખી હોત તો મારા દેવરજીએ બૂમ મારવાની જરૂર ન પડી હોત.''

આટલું બોલીને સરસ્વતી હસી પડી. આંબા માટે શીતળ જળનો ગ્લાસ ભરી લાવી હતી એના હાથમાં આપ્યો, પછી તડબૂચની ચીરીઓ ભરેલું પાત્ર મૂકયું.

આંબા ડઘાઈ ગયો, વિનાયકે એને આગ્રહ કર્યો, ''ચાલ દોસ્ત ! શરૂ કર !''

''તાત્યા, આપણા બંને માટે એક જ પાત્ર ?!''

''હા, કેમ ? એમાં શું થઈ ગયું ?''

''તને ખબર નથી કે હું પ્રભુ જ્ઞાતિનો છું ? આપણા સમાજમાં પ્રભુ જ્ઞાતિને અસ્પૃશ્ય માનવામાં આવે છે. કોઈ સવર્ણ અમારો પડછાયો સુધ્ધાં લેતો નથી, અમે ખાઈને ફેંકી દીધેલા શેરડીના છોતરા પરથી પણ કોઈ ચાલતું નથી. અને તું...?''

''હા, મને ખબર છે, આંબા ! મને એ વાતની પણ ખબર છે કે હું દેશમાં સૌથી વધુ શુદ્ધ અને પવિત્ર ગણાતા ચિત્તપાવન જ્ઞાતિનો બ્રાહ્મણ છું, પણ મારે આજે એ વાતનું પારખું કરવું છે કે એક સવર્ણ અને એક દલિત એક સાથે બેસીને એક જ પાત્રમાંથી ખાદ્ય લે, તો પૃથ્વી ઉપર કયું આસમાન તૂટી પડે છે !''

આંબા ગદ્ગદ થઈ ગયો. આવ્યો હતો ઝઘડવા માટે, પણ રડી રડયો, ''તાત્યા ! ભાઈ, તને શું કહું ? મને કારી વિરુદ્ધ ઉશ્કેરનારા મારા મિત્રો પણ સવર્ણ જ છે, પણ એમાંથી કોઈ મારી સાથે તારા જેવો વ્યવહાર...'' આંબા પાંગળે આગળ કશું બોલી ન શકયો. આંસુના પાળા આડે વાણીનો પ્રવાહ અટકી ગયો.

ચિત્તપાવન બ્રાહ્મણની સાથે તડબૂચ ખાઈને 'પ્રભુ' વિદાય થયો.

* * *

ગોદાવરી નદીના કાંઠા પાસે આવેલા એક જાહેર અખાડામાં ચાળીસ-પચાસ જુવાનિયાઓ એકઠા થયા હતા. મોટા ભાઈ ગણેશના આગ્રહને કારણે આજે વિનાયક પણ અખાડાની પ્રવૃત્તિ નિહાળવા આવેલો હતો.

કોઈ ડંબેલ્સના વ્યાયામ કરતું હતું. તો કોઈ મલખંભ ઉપર મચી પડેલું હતું. કોઈ વળી દંડ-બેઠકમાં પરસેવો વહાવી રહ્યું હતું. પાતળા બાંધાના અને બેઠી

દડીના વિનાયકને જોઈને જૂના પહેલવાનોએ તિરસ્કારમાં હોઠ મરડયા, 'ગણેશ્યા, આ તારો નાનો ભાઈ છે ને ? પુસ્તકિયો કીડો છે એ જ ને ? જ્યાં ને ત્યાં ભાષણો ઠોકતો રહે છે એ જ ને ? એને કહે કે આ વકતૃત્વ સ્પર્ધાનો મંચ નથી, આ તો માટીનો ખાડો છે, આરોગ્યનો અખાડો છે, અહીં તો 'કાં પડો, કાં પછાડો; એ એક જ નારો છે.'

ગણેશ ઘીસ ખાઈ ગયાં. પણ વિનાયકે છાતી ટટ્ટાર કરી લીધી, "તમે એમ ન માનશો કે દંડ-બેઠક એ બહુ મોટી વાત છે. ભલે મને એનો અભ્યાસ નથી, પણ ધારું તો હું પણ પાંચ-દસ..."

"હા, હા, હા ! બંધુઓ ! મિત્રો ! સાંભળો ! આ ટેણિયો મારી સામે પડકાર ફેંકી રહ્યો છે ! પાંચ-દસ દંડબેઠક કરવાની સ્પર્ધા યોજવાની વાત કરે છે ! અરેરે ! હવે મારું શું થશે ? હું તો માંડ ત્રણસો ચારસો દંડ, અને પાંચસો છસો બેઠક મારી શકું છું." પેલા પહેલવાનોએ વિનાયકની મશ્કરી શરૂ કરી, ત્યાં સુધીમાં અખાડામાં હતા આટલા તમામ જુવાનો ત્યાં ભેગા થઈ ગયા.

વિનાયકે વિચારીને જવાબ આપ્યો, "આટલું તો મારા માટે બહુ અઘરું કે'વાય, પણ મને લાગે છે કે પ્રયત્ન કરવામાં શું જાય છે ? ચાલો, આપણે હરીફાઈ યોજીએ. હાર-જીતનો ફેંસલો આજે જ થઈ જશે, પણ એક શરત ! આપણા બેમાંથી જે હારે તે બાકીના બધા મિત્રોને દૂધ અને જલેબી ખવડાવશે."

વિનાયકની શરત સાંભળીને મોટા ભાઈને બાદ કરતાં બાકીના બધા ખુશ થઈ ગયા.

સ્પર્ધા શરૂ થઈ. પહેલો વારો વિનાયકનો આવ્યો. ધોતિયાનો કછોટો વાળીને એણે દંડ-બેઠક શરૂ કર્યાં. ગોદાવરીનાં પાણી થંભી ગયાં. સાંજનો પવન ઊભો રહી ગયો. માર્ગ પરની અવર-જવર બંધ થઈ ગઈ. ટોળાં જમા થવા લાગ્યાં. વિનાયકે એક ક્ષણ પણ થંભ્યા વગર પાંચસો દંડ અને એક હજાર બેઠક ખેંચી કાઢી.

પડકાર ફેંકનાર પહેલવાનની હવા નીકળી ગઈ. એણે અત્યાર સુધીનો એનો શ્રેષ્ઠ દેખાવ કર્યો, તો પણ વિનાયકના આંકડાને એ આંબી શકયો નહીં. શારીરિક શક્તિ તો એની ખતમ થઈ જ ગઈ, પણ પછી ચાળીસ જણાંને દૂધ-જલેબી ખવડાવવામાં આર્થિક શક્તિ પણ ખલાસ થઈ ગઈ.

અખાડાનો અશ્વમેધ જીતીને વિનાયક જ્યારે તિલભાંડેશ્વરની ગલી કરફ પાછો ફરતો હતો, ત્યારે ગણેશે પૂછી નાંખ્યું, "તાત્યા, તું અને કસરત ?!"

"છેલ્લાં ત્રણ વર્ષથી વ્યાયામ કરતો આવ્યો છું, બાબા ! ભગૂરમાં તમો તો હતા નહીં; એટલે તમને કયાંથી ખબર હોય ? બાકી એ સિવાય હું દૂધ-જલેબીની શરત મારતો હોઈશ ?"

* * *

૧૯૦૧નું વર્ષ હતું. મેટ્રિકની પરીક્ષા નજીક આવતી હતી. આ વરસે વિનાયકે પણ મેટ્રિકની પરીક્ષા આપવાની હતી, પણ મોટા ભાઈ ચિંતામાં પડી ગયા હતા.

'તાત્યા, મને લાગતું નથી કે તું પહેલા પ્રયત્ને મેટ્રિકની પરીક્ષા પસાર કરી શકે, અભ્યાસને બદલે તારું સમગ્ર ધ્યાન 'મિત્ર મેળા'ની ગુપ્ત પ્રવૃત્તિમાં જ રોકાયેલું છે. પરીક્ષા આડે હવે થોડા મહિનાઓ જ બચ્યા છે.''

''બાબા, હું જાણું છું, પણ તમે જુઓ છો કે આજ-કાલ ગણપતિ ઉત્સવની તૈયારીમાં હું કેટલો વ્યસ્ત છું. મારે આ વરસે એવી ભવ્ય શોભાયાત્રા કાઢી બતાવવી છે કે આખું નાસિક દેખતું રહી જાય. મારા મિત્રો ત્ર્યંબક, વામન અને શંકર પણ તનતોડ મહેનત કરી રહ્યા છે. આ યુવાનોમાં આટલી જબરજસ્ત કાર્યશક્તિ છુપાયેલી હશે એ વાતની અમને ખુદને પણ ખબર ન હતી. હું 'મિત્ર મેળા'ના દરેક સભ્યને ભાષણ આપવાની તાલીમ આપી રહ્યો છું. ગોવિંદ ખૂબ સારો કવિ બની રહ્યો છે, ગણપતિ ઉત્સવ માટે એણે એક ગીત લખ્યું છે એ એટલું તો જબરજસ્ત છે કે એ સાંભળીને નાસિકના નગરજનોનાં રુંવાડાં ઊભાં થઈ જશે. મેં લખેલું કાવ્ય 'સિંહગઢકા પોવાડા' પણ ધૂમ મચાવશે.''

આ બધાંથી ફરક શો પડશે ? ગણપતિ ઉત્સવની જાહેર ઉજવણી તો ટિળક મહારાજે વર્ષોથી શરૂ કરાવી છે. એને કારણે લોકો ઘરમાંથી બહાર નીકળતા થયા છે, પણ બીજો કશો ફાયદો દેખાયો નથી.''

''ફાયદો હવે દેખાશે, બાબા ! હું ટિળક મહારાજના વિચારને એક ડગલું આગળ લઈ જવા માગું છું. અમારાં સરઘસો, શોભાયાત્રાઓ એ બધું તો એક નિમિત્ત છે. મારી ખરી યોજના પ્રજામાં દેશભક્તિની આગ ફેલાવવાની છે. તમને ૧૮૫૭નો સ્વાતંત્ર્ય-સંગ્રામ યાદ છે ? અંગ્રેજ ઇતિહાસકારોએ ભલે એને 'સિપાહીઓના બળવા' તરીકે ખપાવ્યો હોય, પરંતુ વાસ્તવમાં એ દેશની આઝાદી માટેનું સર્વપ્રથમ આંદોલન હતું. પૂરતા આયોજનને અભાવે ભલે એ નિષ્ફળ ગયું, પણ મારે એના જ નકશા પ્રમાણે આગળ વધવું છે. જો મારી ચાલ સફળ થશે, તો આખું હિંદુસ્તાન એક જ દિવસે અને એક જ સમયે અંગ્રેજોની સામે શસ્ત્રો ધારણ કરીને ઊભું થઈ જશે. એને માટે જ હું આ ધાર્મિક ઉત્સવોનો ઉપયોગ કરી રહ્યો છું.''

બાબા અવાક થઈ ગયા, 'તાત્યા, તું તો આ ઉંમરે કેટલી મોટી વાતો ઉચ્ચારી રહ્યો છે ! લાગે છે કે નાનાસાહેબનો બીજો અવતાર બોલી રહ્યો છે ! પણ તને લાગે છે કે નાસિક જેવા નાનકડા શહેરમાં કહીને તું પૂરા હિંદુસ્તાનમાં આંદોલનની આગ પ્રસરાવી શકીશ ?'

''એ મારી ધારણા નથી, બાબા, પણ એ મારો વિશ્વાસ છે ! દરેક મોટી વાતની શરૂઆત નાની જ હોય છે. મેં નાસિકમાં બેઠાં-બેઠાં જ ભગૂર, કોઠૂર અને ત્ર્યંબકમાં પણ 'મિત્ર મેળા'ની શાખાઓ ઊભી કરી દીધી છે. મારા એક ઈશારા પર જરૂર પડયે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેવા માટે હજારો યુવાનો તૈયાર થઈને બેઠા છે. અમારે ધ્યાન માત્ર એક જ વાતનું રાખવાનું છે કે અમારી ગુપ્ત પ્રવૃત્તિની સરકારને જાણ ન થઈ જાય.''

તાત્યાની વાત સાંભળીને બાબા ઊંડા વિચારમાં ડૂબી ગયા.

* * *

''તાત્યા, ભ'ઈસા'બ ! હવે આ બધું બંધ કર ! મૅટ્રિકની પરીક્ષાને દોઢ જ મહિનાની વાર છે. હજુ સુધીમાં તેં એક પણ પુસ્તકનું એક પણ પૃષ્ઠ ઉઘાડયું નથી, મને ભય છે કે તું નપાસ થવાનો.'' ગણેશે ઘણા મહિનાથી પોતાની ભીતર ખદબદતો ઉકળાટ વિનાયક સમક્ષ ઠાલવી દીધો.

'દોઢ મહિનો તો બહુ લાંબો સમય છે, બાબા ! મારા માટે એક મહિનો પૂરતો છે. વધારાના પંદર દિવસ...''

''પણ તારે હજુ વધારે શું જોઈએ છે ? આખા મરાઠાવાડામાં તારા 'મિત્ર મેળા'નું નામ થઈ ગયું છે. ગણપતિ ઉત્સવથી જ્વલંત સફળતા પછી નાસિક, મુંબઈ અને પુણે જેવાં શહેરોમાં તું જાણીતો બની ગયો છે. મોટા મોટા નેતાઓ પણ તારી સિદ્ધિનો સ્વીકાર કરતા થઈ ગયા છે. તને નથી લાગતું કે આ તબક્કે આટલું પૂરતું છે ?''

''ના,'' વિનાયકની આંખોમાં તિખારો ઝબૂકયો, ''આ તો કશું જ નથી, મારે દેશની આઝાદીથી ઓછું કશું જ ખપતું નથી, ગોખલે અને ફિરોઝશાહ જેવા મવાળ નેતાઓ આઝાદીની વાત નથી કરતા, પણ એ લોકો તો અંગ્રેજો સમક્ષ યાચના કરીને રાજ્યના અમલીકરણમાં સુધારાઓ માગી રહ્યા છે. એ બધા 'સુરાજ્ય' માગે છે, હું 'સ્વરાજ્ય' માગું છું.''

''પણ હું તારી પાસે મૅટ્રિકની પરીક્ષામાં સફળતા માગું છું.'' કહીને ગણેશે વાત ઉપર પૂર્ણવિરામ મૂકયું, પણ વિનાયકે એને અંલ્પવિરામ ગણીને વાતને આગળ ધપાવી.

''બાબા, તમે મારા એક પ્રશ્નનો ઉત્તર આપશો ? મૅટ્રિકમાં પાસ થયા પછી, હું કરીશ શું ?''

''કેમ ? મારે તને આગળનું ભણાવવા માટે કૉલેજમાં મોકલવો છે.''

''એ માટેના પૈસા છે આપણી પાસે ?''

ગણેશ નીચું જોઈ ગયા, ''પૈસા તો નથી, તાત્યા ! હવે તો વેચવા માટે દાગીના પણ નથી બચ્યા, પણ મારે તને ભણાવવો છે, મોટો બૅરિસ્ટર બનાવવો છે એ વાત નક્કી છે. એના માટે જરૂર પડે તો હું બે-ત્રણ જગ્યાએ નોકરી કરીશ.''

''ના, બાબા તમારે એવું નથી કરવાનું. મને ખબર છે કે તમને કેવી નોકરીઓ મળે છે અને ત્યાં તમારું કેટલું અપમાન થતું રહે છે. તમે ખૂબ ભલા છો. મને ખૂબ પ્રેમ કરો છો. એટલે જ આટલાં બધાં અપમાનો તમે સહન કરી લો છો, પણ હવે બહુ થયું ! મારા અભ્યાસ માટે હું પોતે જ વ્યવસ્થા કરી લઈશ.''

''તું શું કરીશ, તાત્યા ?''

''હું માધુકરી માગીશ, બાબા !'' વિનાયકે આંખોમાં નિર્ણાયક દઢતા આંજીને ઉત્તર આપ્યો,

''તાત્યા !! તું શું બોલી રહ્યો છે એનું તને ભાન છે ?'' ગણેશ ચીસ પાડી ઊઠયા, ''તારા મોટા ભાઈના જીવતેજીવ તારે માધુકરી યાચવા નીકળવું પડે ?!''

મરાઠી ભાષામાં માધુકરી એટલે ભિક્ષા. વિદ્યાર્થી અવસ્થામાં દ્રવ્યોપાર્જન માટે કિશોર બારણે-બારણે ફરીને ભિક્ષા યાચે એવી મરાઠાવાડમાં પુરાણી પરંપરા હતી. પિતાના અવસાનને કારણે આજે નાના ભાઈને માધુકરી યાચવા સુધી પહોંચી જવું પડે એ વિચારથી ગણેશ વ્યથિત થઈ ગયા. એમના પ્રશ્નનો કશો જ ઉત્તર વિનાયકે ન આપ્યો.

પણ જાણે એ ઉત્તર આપવા માટે જ આવ્યા હોય એમ બંને ભાઈઓના મામાએ એ જ વખતે ઘરમાં પ્રવેશ કર્યો.

''આવો, મામા, પધારો ! તમે ? અત્યારે ? અચાનક ?'' ગણેશે મામાને આવકાર આપીને પોતાનું આશ્ચર્ય રજૂ કર્યું.

''હા, અચાનક જ આવ્યો છું, પણ અકારણ નથી આવ્યો,'' મામાએ લાકડાંની ખાટ ઉપર બેસતામાં જ મુદ્દાની વાત કરી નાખી, ''મારા ભાણિયાને ભણવા માટે ભિક્ષા ન માગવી પડે એની વ્યવસ્થા કરીને આવ્યો છું.''

બેય ભાઈઓ ઉત્સુકતાપૂર્વક મામાની સામે તાકી રહ્યા. આ મામા પણ ભારે જબરા હતા. ગામડામાં રહેતા હતા અને દરેકની પાસે દરેક વાતમાં પોતાનું ધાર્યું જ કરાવતા હતા. બહેન-બનેવીની ગેરહાજરીમાં તો એમની જોહુકમી અતિશય વધી ગઈ હતી.

એમણે પાણીનો લોટો ગટગટાવ્યા પછી ધડાકો કર્યો, ''વિનાયકની સગાઈ પાક્કી કરીને આવ્યો છું.''

''મામા ! તમે મને પૂછયું પણ નહીં ?'' વિનાયક ધૂંધવાઈ ઊઠયો.

''એમાં તને શું પૂછવું ? તમારા બાપના ગયા પછી આ ઘરમાં વડીલ તરીકે મારા સિવાય બીજું છે કોણ ? અને કન્યા પણ કંઈ જેવી તેવી નથી. ભાઉરાવ ચિપલુણકરની દીકરી છે. મોટા ઘરનું મોતી શોધી લાવ્યો છે તમારો મામો !''

''ભાઉરાવની દીકરી ?! પેલા દીવાન સાહેબની પુત્રી ?'' ગણેશના સવાલમાં ખુશી અને આશ્ચર્ય બંને અછતાં રહેતાં ન હતાં.

''હા, જહવાર રાજયના દીવાન સાહેબની દીકરી. એ આપણા બૅરિસ્ટર વિનાયકની વહુરાણી બનશે.'' મામાએ છાતી ફુલાવીને કહ્યું.

'બૅરિસ્ટર ? હંહ ! અહીં મૅટ્રિકની પરીક્ષાની ફીના પણ સાંસા છે. ત્યાં કૉલેજનું શિક્ષણ કયાંથી ? અને વિલાયત જઈને બૅરિસ્ટર થવાના પૈસા...?'' વિનાયકનું મોં તિરસ્કાર અને હતાશામાં મચકોડાયું.

''તમારો આ મામો એની પણ વ્યવસ્થા પાક્કી કરીને આવ્યો છે. જો આપણે ભાઉરાવની કન્યા જોડે તાત્યાનો સંબંધ પાક્કો કરી નાખીએ, તો તાત્યાના અભ્યાસનો તમામ ખર્ચ ભાઉસાહેબ ઉપાડવા માટે રાજી છે.'' મામાએ શકુનિ મામાની જેમ શતરંજનાં મહોરાં ગોઠવી દીધાં હતાં.

''પણ મામા...! આ તો દહેજ લીધું કે'વાય !'' ગણેશના મોં પર અણગમો ઊગી નીકળ્યો.

''અરે, શેનું દહેજ ? આપણે કયાં કન્યાના બાપ પાસેથી લોઢાની એક ખીલી પણ માગીએ છીએ ! ભાઉસાહેબ જે આપવાના છે એ તો સીધેસીધું કૉલેજની ફી, પુસ્તકો અને ભોજન-ખર્ચ માટે જવાનું છે. અને એક સાધનસંપન્ન પિતા પોતાની દીકરીના ભવિષ્ય માટે આટલું ન કરે તો બીજું કોણ કરે ?''

થોડી ગરજ હતી, થોડી લાચારી હતી અને થોડું ઘણું સામાજિક સમાધાન હતું. બંને ભાઈઓએ મામાની જીદ સામે શરણાગતિ સ્વીકારી લીધી.

અને વિનાયકને યાદ આવી ગયું; પોતે નાનો હતો ત્યારે અનેક વાર મોસાળના ગામ કોઠૂરમાં વિનાયકની મુલાકાત ભાઉરાવ ચિપલુણકર સાથે થઈ હતી. ભાઉરાવ કોઈ સામાન્ય વ્યક્તિ ન હતા. દેશી રજવાડામાં ત્રણ પેઢીથી એમનું કુટુંબ ઉચ્ચ હોદ્દાઓ ભોગવતું આવ્યું હતું. એ પોતે સશક્ત, ગોરા અને ઊંચા હતા. ધર્મધ્યાનમાં ઊંડી રુચિ ધરાવતા હતા. એમનું મકાન વિશાળ મહાલય જેવડું હતું. સગાંસંબંધીઓ, પરિચિતો અને યાચકોથી એમનું ઘર હંમેશાં ગુંજતું રહેતું. ભાઉસાહેબ કયારેક પૂજાકાર્યમાં મગ્ન હોય તો કયારેક ઘોડેસવારી માણતા હોય, તો કયારેક વળી ઓટલે બેસીને યાચકોને દાન આપી રહ્યા હોય.

વિનાયકનું મોસાળ એ ભાઉરાવનું સાસરીનું ગામ. અગિયાર-બાર વર્ષનો વિનાયક કોઠૂર જતો ત્યારે ભાઉરાવ પણ રજાઓમાં ત્યાં આવેલા હોય, નાનકડા વિનાયકને એ મોટો માણસ પોતાની પીઠ ઉપર બેસાડીને 'ઘોડો ઘોડો' રમાડતો. એ જોઈને બીજા માણસો હસી પડતા, ત્યારે ભાઉરાવ મજાક-મજાકમાં કહી બેસતા. ''હું અમથો ઘોડો નથી બનતો; મારે આની સાથે મારી દીકરી વરાવવી છે. આ વિનાયક મારી પીઠ ઉપર ચડી બેઠો છે, એ મારો અસવાર નથી, પણ જમાઈ રાજા છે.''

એ સાત્ત્વિક પુરુષની ભવિષ્યવાણી આખરે સાચી પડી. એક ધનવાન પુરુષની દીકરી સાથે એક તેજસ્વી યુવકનાં લગ્ન નક્કી થઈ ગયાં.

લગ્નના થોડાક દિવસ અગાઉ 'મિત્ર મેળા'ની ગુપ્ત બેઠકમાં કોઈ સાથીદારે વિનાયકને પ્રશ્ન કર્યો, ''તાત્યા, આપણા જેવા ક્રાંતિકારીઓ માટે શું લગ્ન કરવાં ઇચ્છનીય છે ? આપણે તો માથે કફન બાંધીને નીકળી પડેલા મરજીવાઓ છીએ. આપણે ફાંસીના માંચડે ચડી જવું પડે.''

વિનાયકે ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો, 'એ વિચાર શરૂમાં મને પણ આવ્યો હતો, પણ એક ક્રાંતિકારીએ અવશ્ય લગ્ન કરવું જોઈએ એ માટેની મારી પાસે બે દલીલો છે. આજે દેશમાં ગદ્દારોની સંખ્યા બહુમતીમાં છે. એ લોકો તો લગ્ન કરે જ છે અને બચ્ચાં પણ પેદા કરે છે. એમની ઓલાદ કેવી પાકવાની ? જો આપણા જેવા દેશદાઝથી છલકાતા ક્રાંતિવીરો બ્રહ્મચારી બનશે અને બાળકો પેદા કરવાનું માંડી વાળશે, તો આ દેશ એટલાં સિંહબાળોથી વંચિત રહી જશે. પછી તો આ કમનસીબ દેશ ઘેટાંઓ અને ઘેટાંઓથી જ ઊભરાઈ જશે.''

''અને બીજી દલીલ ?''

''રહી વાત આપણા શહીદ થઈ જવાની; તો મિત્રો, આપણી જિંદગી ઉપર પ્રથમ અધિકાર આપણી માતૃભૂમિનો છે, પત્નીનો નહીં. અને આપણા વિધવાઓ દુ:ખી થઈ જવાની હોય, એમનાં અરમાનો અધૂરાં રહી જતાં હોય, તો એમને ફરીથી પરણવાની છૂટ છે. આમ પણ હું વિધવાના પુનર્વિવાહનું સમર્થન કરતો જ આવ્યો છું.''

'મિત્ર મેળા'ના તમામ મિત્રો દલીલ વગરના થઈ ગયા.

* * *

દિવસો પવનની ઝડપે ઊડવા લાગ્યા. વિનાયકનું લગ્ન થઈ ગયું. સૌના આશ્ચર્ય વચ્ચે માત્ર એક જ મહિનાની તૈયારી સાથે વિનાયક મેટ્રિક પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ ગયો. ભાઉરાવ ચિપલુણકરે એમનું વચન શબ્દશઃ નિભાવ્યું. જમાઈનો કૉલેજના શિક્ષણનો પૂરો ખર્ચ એમણે ઊઠાવી લીધો, હવે પુણેની ફર્ગ્યુસન કૉલેજ આ તેજસ્વી યુવાનનું રણમેદાન બનવા માટે થનગની રહી હતી.

o o o

૧૦. પુણેમાં

૧૯૦૧ના ડિસેમ્બરમાં મૅટ્રિક્યુલેટ થયેલા વિનાયક સાવરકરે જાન્યુઆરી, ૧૯૦૨ની એક ઠંડકભરી સવારે પુણેની પ્રખ્યાત 'ફર્ગ્યુસન કૉલેજ'માં પગ મૂકયો. અઢાર વર્ષ પૂરાં કરી ચૂકેલા આ યુવાન વિનાયકના દિમાગમાં એમનું પ્રિય શહેર નાસિક છોડવાનો ચચરાટ હતો, તો હૈયામાં મહારાષ્ટ્રની રાજકીય ચળવળની રાજધાની ગણાતી પુણે નગરીમાં પ્રવેશવાનો રોમાંચ પણ છલકાતો હતો.

નાસિક એ શહેર હતું જયાં લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપીને રાવણ સામેના રામચંદ્રના અભિયાનના શ્રીગણેશ કર્યા હતા. નાસિક દક્ષિણ ભારતનું કાશી ગણાતું હતું, તો પુણેની ભૂમિ ઉપર હજુ પણ પેશ્વાઓના અશ્વોની બધડાટી સંભળાઈ રહી હતી.

પ્રથમ દિવસે જ્યારે વિનાયકે વર્ગખંડમાં પગ મૂકયો, ત્યારે એના પેહરવેશને લઈને એ કયાંક મશ્કરીનો તો કયાંક અહોભાવનો વિષય બની ગયા. અંગ્રેજોના અનુકરણમાં રાચતી યુવા પેઢીને ધોતી, કોટ, બંડી અને માથા ઉપર કાળા રંગની ટોપી ધારણ કરેલા વિનાયકને જોઈને રમૂજ થઈ.

અને પછી તરત જ ફર્ગ્યુસન કૉલેજના વિદ્યાર્થીઓમાં આ ભારતીય પરંપરાના પૂજારી પ્રત્યે એક લોહચુંબકીય આકર્ષણનો જન્મ થયો. એમાં વિનાયકના ભૂતકાળ વિશેની કેટલીક વાતોએ ઉમેરો કર્યો.

''આ વિનાયક તો પેલો કોઠુરવાળો જ ને ?'' એક વિદ્યાર્થી વાત કાઢતો.

''ના, આ તો ભગૂરવાળો.'' બીજો જવાબ આપતો.

''હા, ભગૂરવાળો તો ખરો જ, પણ એણે કોઠુરમાં કેવું પરાક્રમ કર્યું હતું એ જાણો છો ? એક વાર એ અંગ્રેજોની સરકાર વિરુદ્ધ ભાષણ કરવા માટે કોઠુરમાં ગયો હતો. ત્યાંના એક જાણીતા આગેવાને એક જાહેર સભામાં વિધાન કર્યું કે 'કિંગ ઍડવર્ડ તો આપણો પિતા છે.' તરત જ, વિનાયક ઊભો થઈ ગયો અને પેલા નેતાને એણે પૂછી નાખ્યું, ''જો કિંગ ઍડવર્ડ તમારો બાપ હોય તો તમારી મા સાથે એને કેવો સંબંધ હોઈ શકે ?'' એ પછી એક પણ વાર એ નેતા જાહેરમાં દેખાયો નથી.''

જેમ-જેમ મંકોડાઓ ગોળના ઢેફાની આસપાસ ભેગા થતા ગયા, તેમ-તેમ એમને સમજાતું ગયું કે એનામાં કેટલી મીઠાશ છે ! બાકીના યુવાનો જ્યારે અંગ્રજોની

રમત ક્રિકેટ રમવામાં સમય વિતાવતા હતા, ત્યારે વિનાયક વિશ્વનો ઈતિહાસ વાંચતો હતો. એની પાસે વિશાળ વાંચનની મૂડી હતી. અદ્‌ભુત લેખનકળા હતી અને સાંભળનારાના મન ઉપર ભૂરકી છાંટે એવી ઈર્ષાજનક વકતૃત્વશક્તિ હતી.

બહુ ઓછા સમયમાં પુણેની ફર્ગ્યુસન કૉલેજમાં બસો જેટલા વિદ્યાર્થીઓનું એક જૂથ ઊભું થઈ ગયું. આ જૂથનું નામ હતું - સાવરકર જૂથ.

સાવરકર જૂથના તમામ યુવાને એક જ પ્રકારનો પોશાક પહેરતા, એક સાથે ફરવા જતા, મંદિરમાં દર્શન કરવા જતા અને અસામાજિક તત્ત્વોની પિટાઈ કરતા હતા. શહેરથી દૂર કોઈ પહાડીની તળેટી એ એમનાં ખાનગી મિલનોનું ભેદી સ્થાન હતું.

સાવરકરે કૉલેજમાં એક હસ્તલિખિત સામયિકની શરૂઆત કરી, જેનું નામ રાખ્યું : આર્યન વીકલી. આર્યાવર્તની ભવ્ય સંસ્કૃતિને વાચા આપતા લેખોને એમાં સ્થાન મળતું હતું. વિનાયક ખુદ 'આર્યન વીકલી'માં દર સપ્તાહે લેખો લખતો, જે એવા તો ઉચ્ચ કક્ષાના હતા કે પુણેનાં ખ્યાતનામ અખબારો પછીથી એ લેખોને સ્વીકારવામાં ગૌરવ સમજતાં થયાં.

વિનાયકના રસના વિષયો ક્યાંથી ક્યાં સુધીના રહેતા હતા ? એક વાર એણે મહાકવિ કાલિદાસ અને કવિ ભવભૂતિની કાવ્યશૈલીની સરખામણી કરતો એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો, જે વાંચીને કૉલેજના પ્રાધ્યાપકો પણ પ્રસન્ન થઈ ઊઠ્યા હતા. એણે લખેલો સપ્તપદીનો લેખ, મિલ્ટનના 'પેરેડાઈઝ લૉસ્ટ' વિશેનું અવલોકન, રામાયણ અને ઈલિયડની સરખામણી કરતો લેખ : આ બધું વાંચીને વિદ્વાન અધ્યાપક પ્રો. પટ્ટવર્ધને એની પીઠ થપથપાવી હતી.

પ્રથમ વર્ષ તો સાવરકરની વિચારધારા પેદા કરવામાં પસાર થઈ ગયુ. વિનાયક બીજા વર્ષમાં પહોંચ્યા. ત્યાં સુધીમાં એ પુણેનો અખબારી તથા રાજદ્વારી વર્તુળોમાં અત્યંત જાણીતું નામ બની ચૂકયા હતા.

એવામાં કૉલેજમાં એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બીજાં બધાં સસલાં જ્યારે મંચ ઉપર એમના ભાગે આવતો ગણગણાટ પીરસીને ઊતરી ગયાં, ત્યારે સાવરકર નામના સિંહે માઈક્રોફોન સંભાળ્યું. વિનાયકના વકતૃત્વમાં વિશાળ વાંચન, દુશ્મનોને દઝાડનારી દેશભક્તિ અને આગ ઝરતી વાણી સમાયેલાં હતાં. અત્યાર સુધીમાં એની ખ્યાતિ સમગ્ર પુણેમાં પ્રસરી ચૂકી હતી. એટલે એ જ્યાં ઊભા થયા, ત્યાં જ શ્રોતાઓની તાળીઓથી કૉલેજનું આસમાન ભરાઈ ગયું. વિનાયકે વિશ્વના ઈતિહાસની વાતો કરી, ઈટાલી, નેધરલેન્ડ્ઝ અને અમેરિકા જેવા દેશોમાં થયેલી ક્રાંતિઓ વિશે વાતો કરી, હિંદુસ્તાનના ભવ્ય ઐતિહાસિક વારસા વિશે વાતો કરી અને અંતમાં અંગ્રેજોના શાસનમાં થયેલા દેશના દુર્ભાગ્ય વિશે વાતો કરી.

વકતવ્યનું સમાપન એણે આ વાકયોથી કર્યું, ''મિત્રો, નિરાશ થવાની જરૂર નથી, સૂરજ હંમેશાં પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં જ આથમે છે. પશ્ચિમનો સૂરજ

હાલમાં ભલે દેદીપ્યમાન લાગી રહ્યો હોય, પણ એનું ભવિષ્ય નિશ્ચિત છે. નિશ્ચિત છે સૂરજનું ડૂબવાનું અને અફર છે દરિયાનાં ધસમસતાં મોજામાં ઓટ આવવાનું..."

તાળીઓના ગગનભેદી અવાજોએ સભાખંડની છતમાં જાણે તિરાડ પાડી દીધી !

ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપાલ આર. પી. પરાંજપે ખળભળી ઊઠ્યા. આ યુવાનના રાષ્ટ્રપ્રેમી વિચારો એમને સાંગોપાંગ સળગાવી ગયા. એમની કૉલેજનું બૉમ્બે યુનિવર્સિટી સાથેનું જોડાણ એમને જોખમમાં જણાયું. એમણે પ્રો. ભાનુની સામે જોઈને ઈશારો કર્યો.

પ્રો. ભાનુ તરત જ ઊભા થઈને માઈક પાસે ગયા. વિનાયકની 'વાહ-વાહ' પોકારી રહેલા અગણિત વિદ્યાર્થીઓને શાંત પાડવા માટે એમણે આઘાતજનક માર્ગ અખત્યાર કર્યો, "આ માણસનું ભાષણ અદ્ભુત છે, એની વકતૃત્વશક્તિ ઈર્ષાને પાત્ર છે. પણ એના વિચારો તેજાબી છે, તમે એની ભૂરકીથી અંજાશો નહી. સાવરકર માણસ નથી, પણ શૈતાન છે !"

સાવરકરે હસીને એ ખિતાબ મસ્તક પર ચડાવ્યો, "સાહેબ, તમે આજે મને સાચા અર્થમાં ગૌરવાન્વિત કરી દીધો, આજકાલ સાચા રાષ્ટ્રભકતો માટે આ જ શબ્દ વાપરવામાં આવે છે. અંગ્રેજ સરકાર ટિળક મહારાજને 'શૈતાન' કહીને જ બિરદાવે છે. તમે તમારા એક સામાન્ય વિદ્યાર્થીને લોકમાન્ય ટિળકની પંગતમાં બેસીડા દીધો છે !" વિદ્યાર્થીઓએ ફરીથી તાળીઓ પાડીને પ્રિન્સિપાલ પરાંજપેની છાતી ફાડી નાખી.

આ ઘટનાનો પડઘો ત્રીજા દિવસે જ પડ્યો. બપોરની રિસેસમાં જયારે વિનાયક એની ટોળી જમાવીને બેઠો હતો, ત્યાં આમંત્રણ એને શોધતું આવ્યું. "ટિળક મહારાજ તમને યાદ કરે છે. આજે સાંજે 'કેસરી'ના કાર્યાલયમાં આવી શકશો ?"

એ સાંજે વિનાયક દેશના સૌથી લોકપ્રિય અને સૌથી આદરણીય ગણાતા લોકમાન્ય ટિળકને પહેલી વાર પ્રત્યક્ષ મળ્યો. એ ટિળક મહારાજના ચરણસ્પર્શ માટે ઝૂકયો, પણ મહારાજે એની બંને ભુજાઓ ઝાલીને પ્રેમપૂર્વક છાતીસરસો ચાંપી લીધો.

"વિનાયક, શું કરવા ધાર્યું છે ?" ટિળક મહારાજે ખભા પરનો ખેસ સરખો કરતાં સ્મિત ફરકાવ્યું.

"આપણી માને રાક્ષસોના પંજામાંથી મુક્તિ અપાવવી છે."

"મળી જશે ! થોડી ધીરજ રાખ ! માતા સીતાને રાવણની કેદમાંથી મુકત કરાવતાં ભગવાન રામને પણ થોડો સમય લાગ્યો હતો. હું તારી અંદર ભભૂકી રહેલી આગને જોઈ રહ્યો છું, પણ મારી એક સલાહ છે, બેટા ! વિનાયક દાવાનળ બનવું સહેલું છે, મશાલ બનવું અઘરું છે. તારી પાસે આગ છે, તો મારી પાસે અનુભવ છે. આ બંને ભેગા થાય તો ચમત્કાર સર્જાય ! તારી દેશદાઝને જયારે મારા દિમાગની જરૂર પડે ત્યારે વિના સંકોચે દોડી આવજે !"

* * *

''વિનાયક ! તારામાં ભભૂકતી અગનજ્વાળાને કોઈના આવરણની જરૂર નથી; એને જરૂર છે પવનની ! વાયરો વાતનું વહન કરે છે, જ્યારે આવરણ એનું શમન કરે છે.'' આ સલાહ આપનાર સજ્જન હતા પુણેથી પ્રગટ થતા સમાચારપત્ર 'કાલ'ના તંત્રી શ્રી શિવરામપંત પરાંજપે.

વિનાયકને કિશોરાવસ્થાથી જ 'કાલ' પ્રત્યે પક્ષપાત હતો. ટિળક મહારાજનું અખબાર 'કેસરી' એને ક્યારેક મોળું લાગતું હતું. ટિળકની રાષ્ટ્રભક્તિ બાબતે કોઈના મનમાં કશો જ સંદેહ ન હતો, પરંતુ ક્યારેક એમના વિચારો ઠરેલા, પરિપક્વ અને ઠંડા લાગતા હતા, જ્યારે પરાંજપેના સમાચારો સળગતા અંગારા જેવા રહેતા.

સ્વાભાવિક રીતે જ સશસ્ત્ર ક્રાંતિની વિચારસરણી ધરાવતા વિનાયકનો મનમેળ પરાંજપેના વિચારો સાથે સંપૂર્ણપણે બેસી ગયો.

''તો મારી અગ્નિજ્વાળા માટે તમારો પવન શું કહે છે ?'' વિનાયકે એમના આદર્શ પુરુષનું માર્ગદર્શન માગ્યું.

''બંગભંગનો મુદ્દો તારી નજર સામે છે; ઉઠાવી લે !'' પરાંજપેની આ ખાસિયત હતી; એ બોલતા બહુ ઓછું, પણ એમની વાણીમાં કટાક્ષસભર લાઘવ હંમેશાં ઝલકતું રહેતું.

વિનાયક ગૂંચવાયો, ''પણ બંગભંગની વિરુદ્ધ જે આંદોલન શરૂ થયેલ છે એમાં તો ગોખલેજી, ટિળક મહારાજ અને સુરેન્દ્રનાથ બેનરજી જેવા માંધાતાઓએ પણ ઝુકાવી દીધું છે. મારા જેવો નવો નિશાળિયો એમાં શું કરી શકશે ?''

''બેટા, જૂના થવા માટે ક્યારેક તો નવા નિશાળિયા થવું જ પડશે ને ? આ ગોપાલકૃષ્ણ ગોખલે હજુ ગયા વરસ સુધી આ જ 'ફર્ગ્યુસન કૉલેજ'માં વિદ્યાર્થી હતા એ તું જાણે છે ?'' પરાંજપેઓ સૂચક સંકેત કર્યો, જે સાવરકરે ઝીલી લીધો.

એ પ્રણામ કરીને ઊઠવા ગયો, ત્યારે પરાંજપેઓ સોનેરી સલાહ એના કાનમાં રેડી દીધી, ''યુદ્ધના મેદાનમાં કેટલા મહારથીઓ ઝુકાવે છે એ મહત્ત્વનું નથી, પણ કોની પાસે કયું હથિયાર છે એ મહત્ત્વનું છે. તું તારું હથિયાર શોધી કાઢ ! બસ, વિજય તારી વાટ જોઈ રહ્યો છે.''

વિનાયકે હૉસ્ટેલમાં આવીને મોડી રાત સુધી પરાંજપેની સલાહ ઉપર ગહન વિચાર કર્યો. રાત્રે બે વાગ્યે એને હથિયાર જડ્યું, એ પછી જ એ ઊંઘી શક્યો.

* * *

૧૯૦૫ની પહેલી ઑગસ્ટ. હિંદુસ્તાનના આઝાદી-સંગ્રામમાં આ દિવસ એક નવો વિચાર લઈને ઊગ્યો. તદ્દન મૌલિક વિચાર. વિનાયકના તેજસ્વી અને ફળદ્રુપ દિમાગમાં જન્મેલો, આજ સુધી કોઈ પણ નેતાએ સ્વપ્નમાં ન વિચારેલો નવો જ વિચાર.

વિનાયકને અનુયાયીઓની કદીયે ખોટ ન હતી, એણે આ દિવસ એક ઐતિહાસિક સભાનું આયોજન કર્યું. ધોતી, કોટ, બંડી અને કાળી ટોપીમાં સજ્જ બસ્સો યુવાનો હાજર થઈ ગયા. આ એ યુવાનો હતા જેમને મન જિંદગી એ પુષ્પોની પથારી નહીં, પણ કાંટાળી કેડી હતી, ક્રિકટની રમતમાં આનંદ શોધવાને બદલે એ લોકો શક્તિ અને સહનશીલતાને જીવનનાં પગથિયાં ગણતા હતા, એમના કાન વિનાયકની વાણી માટે હતા અને એમના હાથ-પગ હિંસક ક્રાંતિ માટે સર્જાયા હતા.

"સાથીઓ ! અંગ્રેજ સરકારે આપણા બંગાળાના ભાંગલા કર્યા છે. આપણી માતૃભૂમિની ભુજાને ખંડિત કરી છે. મુસ્લિમોની બહુમતી ધરાવતા ભૂમિભાગને હિંદુઓની બહુમતીવાળા ભૂ-ભાગથી જુદો કરી દીધો છે. મુસલમાનોને કદાચ આ સ્વીકાર્ય હોઈ શકે, પણ આપણને કદાપિ નહી. તમે એક દીકરા માટે ઝઘડતી બે સ્ત્રીઓની વાર્તા તો સાંભળી જ હશે. એમાંની બનાવટી માતાએ દીકરાના બે ટુકડા કરવાની વાત સ્વીકારી લે છે, પણ જે સગ્ગી જનેતા છે એ આ વાતનો સ્વીકાર નથી કરી શકતી. તમને મારી વાત સમજાય છે ?" શ્રોતાઓએ તાળીઓ પાડીને આ દૃષ્ટાંત માથા પર ચડાવી દીધું. પછી વિનાયકે વાતનું વહેણ આગળ ધપાવ્યું, "કોઈ પણ શાસનનો રાજકીય વિરોધ અને એનો બહિષ્કાર આ બે બાબતો એક જ સિક્કાની બે બાજુઓ સમાન છે. આજે બીજા નેતાઓ બંગભંગનો રાજકીય વિરોધ કરી રહ્યા છે, ત્યારે હું બહિષ્કારની બીજી બાજુ લઈને તમારી સમક્ષ આવ્યો છું."

શ્રોતાઓ વિનાયકની વાત સાંભળવા માટે એક કાન થઈ ગયા. વિનાયકે હિંદુસ્તાનની હવામાં નવો વિચાર રમતો મૂકયો, "બહિષ્કાર એટલે સર્વાંગી બહિષ્કાર. અંગ્રેજો એ પેદા કરેલી તમામ ચીજવસ્તુઓનો આપણે બહિષ્કાર કરીએ. વિદેશી વસ્ત્રોથી માંડીને વિલાયતથી આવેલી પ્રત્યેક વસ્તુનો વપરાશ આપણે બંધ કરીએ. આપણી વાત અહીં પૂરી થતી નથી, આપણે કરેલા બહિષ્કારને આપણે જાહેરમાં વ્યકત પણ કરવો પડશે. એ માટે હું એલાન કરું છું કે એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવે ! અને પછી એક નિશ્ચિત જગ્યા પર એનું દહન કરવામાં આવે."

"પણ એનાથી શું થશે ?" શ્રોતાઓમાંથી કોઈએ પ્રશ્ન પૂછ્યો.

"એમ પૂછો કે શું નહીં થાય ? એ ન ભૂલો કે અંગ્રેજો મૂળભૂત રીતે વેપારીઓ છે. ખોટનો ધંધો એ કયારેય ખમી નહીં શકે. આપણે જે હોળી સળગાવીશું એની

આંચ એમને અવશ્ય દઝાડશે. મારી વાત સાથે જે મિત્રો સંમત હોય તેઓ હાથ ઊંચા કરે !''

અને જેટલા હાથ ઊંચા થયા એ ગણી લેવાથી સભામાં કેટલા લોકો હાજર હતા એની સંખ્યાની માહિતી મળી રહે એવી સ્થિતિ પેદા થઈ ગઈ.

વિનાયકે અંતમાં ધડાકો કર્યો, ''મારી ઈચ્છા એ છે કે આ સરઘસનું નેતૃત્વ ટિળક મહારાજ સ્વીકારે ! હજુ મેં એમને વાત નથી કરી; પણ તમે લોકો જો મારા વિચાર સાથે સંમત થાવ, તો હું આવતી કાલે એમને મળું...''

બીજે દિવસે વિનાયક ટિળક મહારાજને મળ્યો. ટિળક ચોંકી ઊઠ્યા. આ અંગૂઠા જેવડા યુવાનને આ વિચાર ક્યાંથી સૂઝ્યો ? પણ એમના મનમાં આ કાર્યક્રમની સફળતા વિશે શંકા પણ હતી; કોઈ પણ માણસ એણે ખરીદેલાં કીમતી વિદેશી કપડાંને બાળી નાખવા માટે રાજી શા માટે થાય ?

''હું...મ્...! વિનાયક, તું વાત તો નવી લઈને આવ્યો છે. મને તમારા સરઘસની આગેવાની લેવામાં પણ બીજો કશો વાંધો નથી, પણ મારી એક શરત છે.''

''શરત નહી, મહારાજ આદેશ સંભળાવો.''

''આપણો વિરોધ પ્રતીકાત્મક બનીને રહી જવો ન જોઈએ. ફક્ત કહેવા પૂરતાં બે-પાંચ કપડાં સળગાવવાનાં હોય તો ટિળકના નામની જગતમાં હાંસી થાય.''

''સમજી ગયો, મહારાજ ! તમે ફિકર ન કરશો. વિનાયકના એક વચન ઉપર યુવાનો એમનાં માથાં ઉતારી આપવા તૈયાર છે; તો શું વસ્ત્રો ઉતારી આપતાં વિચાર કરશે ? દશેરાના દિવસે સાંજે સાત વાગ્યે લકડી પુલ પાસેના ખુલ્લા મેદાનમાં સહ્યાદ્રિના શિખરને આંબતો વિદેશી વસ્ત્રોનો ઢગલો ટિળક મહારાજના આગમનની પ્રતીક્ષા કરતો હશે. મને આજ્ઞા આપો, મહારાજ !''

''મારા આશીર્વાદ છે, વત્સ ! ભગવાન વિનાયક મારા માનસપુત્ર વિનાયકને સફળતા અપાવે !''

* * *

વિદેશી વસ્ત્રોનો ઢગલો કરી મૂકવો એ વિનાયક માટે બહુ અઘરી વાત ન હતી. વધુ એક જાહેરસભા. એક વધુ આગ ઝરતું ભાષણ. એના ભાથામાંથી છોડેલું શબ્દનું વધુ એક અમોઘ શસ્ત્ર. પુણે શહેરના વસ્ત્રભંડારોમાં પણ નહીં હોય એટલાં વસ્ત્રો લોકોએ ઉતારી આપ્યાં.

સાતમી ઑક્ટોબર, ૧૯૦૫. દશેરાનો પવિત્ર તહેવાર હતો. નમતી બપોરે વિશાળ ખુલ્લા ગાડામાં વસ્ત્રોનો ડુંગર લાદીને વિનાયકે સરઘસનો પ્રારંભ કર્યો. જાહેર બજારમાંથી ઊપડેલી 'શાભાયાત્રા'માં યુવાનો ઉપરાંત પુણેના અસંખ્ય પ્રબુદ્ધ નાગરિકો પણ જોડાયા.

સમી સાંજે સૂરજ ડૂબવાના સમયે આખું સરઘસ શહેરના માર્ગો પર થઈને લકડી પુલ પાસેના વિશાળ મેદાનમાં જઈ પહોંચ્યું. યોજના અનુસાર ટિળક મહારાજ પણ આવી પહોંચ્યા. લાલ રંગની દક્ષિણી પાઘડી અને કથ્થાઈ રંગના ખેસમાં શોભતા ટિળકજીને જોઈને યુવાનોમાં વીજળીનો સંચાર થઈ ગયો, ''સ્વાતંત્ર્ય લક્ષ્મીનો જય હો !' અને 'તિલક મહારાજનો જય હો !'ના ગગનભેદી નારાઓથી હવા પવિત્ર થઈ ઊઠી.

વિનાયકે સ્વહસ્તે વિદેશી વસ્ત્રોના ખડકલાને આગ ચાંપી, પછી ત્યાં આગળ જ એક જાહેરસભાનું આયોજન થઈ ગયું. પહેલી વાર લોકમાન્ય ટિળકે વિનાયકની રાષ્ટ્રભક્તિને જાહેરમાં બિરદાવી. એને સફળતા મળે એવી શુભકામના વ્યકત કરી, છેલ્લા કપડાનો છેલ્લો ટુકડો બળી રહે, ત્યાં સુધી ટિળકજી જાતે મેદાનમાં હાજર રહ્યા.

વિનાયકના આ મૌલિક કાર્યક્રમની ભવ્ય સફળતા જોઈને અંગ્રેજ સરકાર પણ વિલાયતી વસ્ત્રોની જેમ જ બળી ઊઠી. અંગ્રેજોના પીઠું જેવા હિંદુઓ પણ ખળભળી ઊઠ્યા.

બીજે દિવસે ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપાલ આર. પી. પરાંજપેએ વિનાયકને હૉસ્ટેલમાંથી બરતરફ કરી નાખ્યો. એના ઉપર દસ રૂપિયાનો (એ જમાનામાં અતિ ભારે ગણાય એવો) દંડ પણ ફટકાર્યો.

મહારાષ્ટ્રનાં તમામ અખબારોએ સાવરકર પર ફટકારવામાં આવેલી સજાની કડક નિંદા કરી. લોકમાન્ય ટિળકે તો 'કેસરી'માં તંત્રીલેખ લખ્યો, ''આ લોકો આપણા ગુરુજનો ન ગણી શકાય !''

અને દસ રૂપિયાના દંડની વાતે તો આખું મહારાષ્ટ્ર ઊભું થઈ ગયું. ઠેરઠેરથી રૂપિયાનો વરસાદ વરસવો શરૂ થયો, પણ સાવરકરે આ દંડની રકમ પોતાની જેબમાંથી કાઢીને ભરી દીધી. લોકો તરફથી મળેલા રૂપિયા એમણે સેવાભાવી સંસ્થાઓમાં જમા કરાવી દીધા.

ફર્ગ્યુસન કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિનાયકનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. 'મિત્રમેળા'ના એક વફાદાર સભ્ય નામે જે. બી. કૃપલાણી જાહેરમાં એમના સેનાપતિ માટે પ્રશંસાનાં પુષ્પો વરસાવી રહ્યા, ''વિદેશી વસ્ત્રોની હોળી અને એ પછી કરવામાં આવેલી સજા; આ બંને બાબતો વિનાયક સાવરકર માટે કલંક સમાન નથી, પણ આ સિંહ જેવી છાતી ધરાવનાર દેશભકતના સીના ઉપર લટકાવવામાં આવેલા બે ચંદ્રકો સમાન છે. સાવરકરે બંને બાબતોમાં ઈતિહાસમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદેશી વસ્તુઓની હોળી કરનાર પ્રથમ ભારતીય સાવરકર બન્યા છે અને કોઈ પણ સરકારી શિક્ષણસંસ્થામાંથી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા બદલ સજા પામનાર અને બરતરફ થનાર પ્રથમ ક્રાંતિકારી પણ સાવરકર જ છે.''

(આ જે. બી. કૃપલાણી ભવિષ્યમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા એ વિધાતાએ ઘડેલા લેખ છે.)

દેશભરમાંથી વિનાયક ઉપર પ્રશંસાની વર્ષા થતી હતી ત્યારે હજારો માઈલ દૂર વિદેશમાં બેઠેલી એક વ્યક્તિએ એમના અખબારમાં વિનાયકની કડક આલોચના કરતાં લખ્યું, ''વિદેશી કપડાંની હોળી કરવી એ બહુ અજુગતું પગલું ગણાય. એમાં સામેવાળા પ્રત્યે નફરતનો ભાવ સમાયેલો છે અને હું સાવરકરને એક વાત જરૂર કહીશ કે અંગ્રેજો નફરતને પાત્ર તો નથી જ.''

આ લખનાર વ્યક્તિ તે બીજું કોઈ નહી, પણ મોહનદાસ કરમચંદ ગાંધી. ૧૯૦૫માં તેઓ દક્ષિણ આફ્રિકામાં હતા. એ પણ માત્ર વિધિની કરામત કહી શકાય કે લગભગ દોઢ દાયકાના અંતરાલ બાદ આ જ મોહનદાસ ગાંધી હિંદુસ્તાનમાં વિદેશી વસ્ત્રોની હોળી કરવાનું એલાન પૂરા દેશને આપી રહ્યા હતા, તેઓ ત્યાં સુધીમાં 'મહાત્મા' બની ચૂકયા હતા. અને સાવરકર જેવા નખશિખ 'હિંસક' મનાતા ક્રાંતિવીરનો આ નફરતભર્યો વિચાર એમના 'અહિંસક' દિમાગને ભાવી ગયો હતો !

આવા સંઘર્ષપૂર્ણ સમયના અંતિમ છેડે બી.એ.ની આખરી પરીક્ષા ઊભેલી હતી. સાવરકર પાસે તૈયારી માટે માત્ર બે જ મહિનાનો સમય હતો. એ અભ્યાસમાં ડૂબી ગયા. પરિણામ ઘોષિત થયું ત્યારે સાવરકરનું નામ સફળતાની શ્રેણીમાં સામેલ હતું.

૧૯૦૫માં બી.એ. પાસ કર્યા બાદ વિનાયકે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. એલએલ.બી.નું પ્રથમ વર્ષ પુણે ખાતે પૂરું કર્યું. આગળના અભ્યાસ માટે તેઓ મુંબઈ ગયા. ત્યાં પણ એમણે 'મિત્રમેળા'ની ગુપ્ત પ્રવૃત્તિઓ ચાલુ જ રાખી. હવે એમનું નામ એક ઊભરતા, તેજસ્વી, યુવાન નેતા તરીકે મહારાષ્ટ્રભરમાં જાણીતું થઈ ચૂક્યું હતું.

એક દિવસ એક દેશભકત યુવાન એમની પાસે આવ્યો અને એણે સાવરકરને વિનંતી કરી, ''મને તમારી સશસ્ત્ર ક્રાંતિની વાતમાં ખૂબ રસ પડ્યો છે. મારો વિચાર તમારા ગુપ્ત સંગઠનના સભ્ય બનવાનો છે.''

એ સમયે સાવરકરે 'મિત્રમેળા'નું નામ બદલીને 'અભિનવ ભારત' કરી નાખ્યું હતું. મહારાષ્ટ્રમાં ઠેર-ઠેર એની શાખાઓ ખૂલી ગઈ હતી. દૂધમલ યુવાનો સાવરકરના શબ્દો ઉપર પ્રાણ પાથરવા માટે તલપાપડ હતા. સાવરકરે આ તેજસ્વી યુવાનની વિનંતી ગ્રાહ્ય રાખી લીધી. એને 'અભિનવ ભારત'નો સભ્ય બનાવી દીધો.

આ યુવાનનું નામ હતું બી. જી. ખેર. આગળ જતાં આ જ બી. જી. ખેર મહારાષ્ટ્ર રાજ્યના પ્રથમ કોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા ! આ પણ વિધિનો એક ખેલ જ હતો !

* * *

7

૧૯૦૬ના પ્રારંભમાં સાવરકર પુણે ગયા. ટિળક મહારાજને મળ્યા, ''આપે કહ્યું હતું ને કે મને જ્યારે મદદની જરૂર પડે ત્યારે મારે આપને મળવું ?''

''હા, યાદ છે મને.'' ટિળક હસ્યા.

''તો એક ભલામણપત્ર લખી આપો.''

''શેના માટે ? અને કોના સરનામે ?''

''લંડનના 'ઇન્ડિયા હાઉસ'ના સરનામે. ત્યાં તમારા જેવો જ એક વાઘ બેઠો છે. નામ છે એનું પં. શ્યામજી કૃષ્ણવર્મા.''

''જાણું છું. એની ગર્જના છેક હિંદ સુધી સંભળાયા કરે છે.''

''પં. શ્યામજી તરફથી અખબારોમાં જાહેરખબર પ્રકાશિત થયેલ છે. એમણે 'શિવાજી શિષ્યવૃત્તિ' શરૂ કરી છે. હિંદના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિલાયતમાં રહેવાની, જમવાની તથા ભણવાની વ્યવસ્થા પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કરી આપવાના છે.''

''બદલામાં કોઈ શરત ?''

''હા, એમની એક જ શરત છે; આ શિષ્યવૃત્તિ મેળવેલો વિદ્યાર્થી ભણી-ગણીને પાછો હિંદમાં પગ મૂકે ત્યારે કોઈ પણ સરકારી નોકરીમાં જોડાશે નહીં એવું એણે લેખિત વચન આપવું પડશે.''

''તું એવું વચન આપવા તૈયાર છે ?''

ટિળક મહારાજનો પ્રશ્ન સાંભળીને વિનાયકે ટીખળી સ્મિત ફકાવ્યું, અને પછી સ્મિત જેવો જ ટીખળી જવાબ, ''અંગ્રેજોની ઘોર ખોદવી એને સરકારી નોકરી કહેવાય ખરી ? હું તો પાછો આવીને એ પ્રવૃત્તિ કરવાનો છું !!''

તરત જ ટિળક મહારાજે કલમ ઉપાડીં અને આ તેજસ્વી ક્રાંતિકારીને શિષ્યવૃત્તિ આપવા માટે પં. શ્યામજી કૃષ્ણવર્મા ઉપર ભલામણપત્ર લખી આપ્યો.

એક સિંહને સહાય કરવા માટે એક વાઘ બીજા વાઘને ભલામણ કરી રહ્યો હતો.

લોકમાન્ય ટિળક જિંદગીમાં એકમાત્ર વખત કોઈ વ્યક્તિને માટે સિફારિશ કરી હોય તો એ સાવરકર માટે કરી હતી.

અને અફસોસ ! આ મુલાકાત ટિળક મહારાજ અને સાવરકર વચ્ચેની અંતિમ મુલાકાત હતી. આ પ્રસંગ પછી એ બંને મહાન દેશભકતો ફરી કયારેય મળી શક્યા નહીં.

○ ○ ○

૧૧. વિલાયત ભણી

ઈ.સ. ૧૯૦૬ના જૂન મહિનાની નવમી તારીખ. મુંબઈના દરિયાકાંઠેથી 'પર્શિયા' નામક જહાજે જ્યારે લાંબી યાત્રાએ ઊપડવા માટે લંગર ઉઠાવ્યું, ત્યારે સાંજના છ વાગ્યા હતા. જહાજના કઠેડા પાસે પ્રવાસે ઊપડનારાં સ્ત્રી - પુરુષોની ભીડ જામી હતી. તેમાં એક પ્રવાસી વિનાયક દામોદર સાવરકર પણ હતા. જહાજ ધીમે ધીમે કાંઠાથી દૂર ને દૂર સરકતું ગયું. વિનાયકને વળાવવા માટે આવેલા બંને બંધુઓ, યેશુભાભી, પુત્ર પ્રભાકર, પત્ની યમુના, કૉલેજના સહાધ્યાયીઓ તેમજ 'મિત્રમેળા' અને 'અભિનવ ભારત'ના અંતરંગ સાથીદારો અશ્રુભરી આંખો સાથે હવામાં હાથ હલાવતા રહ્યા. વિનાયક પણ ભાવવિભોર બનીને એમને જોતા રહ્યા. આખરે જહાજના તૂતક પરથી દેખાતો મુંબઈનો કિનારો અદશ્ય થઈ ગયો; તો પણ એ ઊભા રહ્યાં.

''યંગ મૅન ! વ્હાય આર યુ સો સૅડ ? હવે ત્યાં કોઈ નથી. અને અહીં પણ કોઈ નથી; તમારા સિવાય !'' પાછળથી આવેલો અવાજ સાંભળીને વિનાયકની સમાધિ તૂટી ગઈ. એમણે ગરદન ઘૂમાવીને જોયું તો સંપૂર્ણપણે પાશ્ચાત્ય વેશમાં સજ્જ એક ભારતીય સજ્જન એની હાલત ઉપર સ્મિત રેલાવી રહ્યા હતા. એમણે કોટ-પેન્ટ-ટાઈ, માથા પર અંગ્રેજો પહેરે તેવી હેટ અને પગમાં ચમકતાં બૂટ પહેરેલાં હતાં. એમના જમણાં હાથમાં તમાકુવાળી પાઈપ હતી અને ડાબા હાથમાં વિદેશી બનાવટની કાંડાઘડિયાળ હતી.

''તમે...?''

''હું શ્રીમાન્ સદાચારી !'' એ હસ્યા, 'મારું નામ તો જુદું જ છે; પણ શેકસપિઅરનું વાકય યાદ છે ને ? વ્હૉટ ઈઝ ધૅર ઈન એ નેઈમ ? માટે મારું કામ એ જ મારું નામ ગણીને ચાલશો, તો મને વધુ ગમશે.''

''પણ...તમારું કામ... સદાચારનું... એટલે ?''

''એમ નહી સમજાય.'' સદાચારી હસ્યા, '' વાત જાણે એમ છે કે આપણા દેશના લોકો જડ છે, ગમાર છે અને પરંપરાવાદી છે. તમારો જ દાખલો લઈએ; તમે પહેર્યાં છે એ કપડાં જુઓ ! ધોતી-ઝભ્ભો-માથે કાળી ટોપી, હાથમાં છત્રી, પગમાં દેશી જોડાં ! અરે, ભાઈ ! તમે વિલાયત જવા નીકળ્યા છો ! વિલાયત !

ત્યાં આવો વેશ ન ચાલે. મારી સામે જુઓ; સવાયો અંગ્રેજ લાગું છું કે નહીં ? આ પ્રવાસમાં મોટા ભાગના યુરોપિયનો છે, પણ પંદર - વીસ મુસાફરો આપણાવાળા પણ છે. મને બાદ કરતાં તમે બાકીના બધાંના રંગઢંગ જોઈ આવો. એક-એકથી ચડે તેવાં નંગ છે બધાં ! અરે, એક તો સરદારજી છે; મારો બેટો ભારે તેજસ્વી છે. વિલાયત બૅરિસ્ટર બનવા માટે જઈ રહ્યો છે, પણ હાથમાં કડું પહેરે છે અને માથે પગડી બાંધે છે. અરે, એની વાત છોડો ! આ તમે પણ કાનમાં શું પહેર્યું છે ?''

''વાળી પહેરી છે. તમને એની સામે કંઈ વાંધો છે ?''

''મને શો વાંધો હોય ? પણ અંગ્રેજોને અવશ્ય હોવાનો !

આવા જંગલી રિવાજો ને દેશી, અસભ્ય પહેરવેશ જોઈને અંગ્રેજોને તો એવું જ થવાનું કે આ પછાત પ્રજાને આઝાદી આપવા જેવી જ નથી.'' સદાચારીએ મરઘાની પેઠે ડોક ફુલાવીને ગર્વભેર જાહેર કર્યું, ''એટલે મારી તો એક જ સલાહ છે : 'જેવો દેશ તેવો વેશ' એ કહેવત અપનાવતાં શીખો. બી એ રોમન વ્હેન ઈન રોમ !''

વિનાયકનો હાથ જમણા કાનમાં પહેરેલી રૂપાની વાળી ઉપર ગયો. એને મા યાદ આવી ગઈ. એણે શ્રીમાન્ સદાચારીને આડા હાથે લેવાનું શરૂ કર્યું, ''તમે સંભળાવેલી કહેવતમાં તો હું પણ માનું છું. લંડન પહોંચ્યા પછી મારે જો ત્યાંની પ્રજા સાથે ભળવા માટે કોટ પેન્ટનો પોશાક પહેરવો પડશે, તો હું ચોક્કસ પહેરીશ. પણ એ પાછળની મારી ભાવના તમારા કરતાં જુદી હશે. હું તમારી જેમ મારા સંસ્કાર, પરંપરા કે રીતભાત પ્રત્યે હીનભાવ કે અપરાધભાવ સેવીને એમના રંગઢંગ નહીં અપનાવું અને આપણાં વસ્ત્રોમાં કે આભૂષણોમાં એવું શરમાવા જેવું શું છે ? અંગ્રેજોના એકસરખા બીબાંઢાળ ટોપાઓ કરતાં આપણા દેશની પ્રાંત - પ્રાંતની, વિવિધ શૈલીની રંગબેરંગી પાઘડીઓ, સાફાઓ અને ટોપીઓ અનેકગણી બહેતર છે. તમે પેલા શીખ યુવાનની મશ્કરી કરી, પણ પાઘડી પહેરવી અને પંચકેશ વધારવા એ એમનો ધાર્મિક રિવાજ છે. આપણે પરદેશ જઈને આપણી માને નથી બદલી નાખતા તો માના ધાવણમાં ઝીલેલા સંસ્કારોને શા માટે ત્યજી દેવા ?''

વિનાયકની વિચારશીલ, તાર્કિક વાણી સાંભળીને શ્રીમાન્ સદાચારી ચૂપ થઈ ગયા, પણ માણસ ખુલ્લા દિલનો નીકળ્યો. એણે પોતાની હાર તરત જ માની લીધી એટલું જ નહી, પણ એ ક્ષણથી જ એ વિનાયકનો શિષ્ય પણ બની ગયો.

''ચાલો, હવે ઠંડો દરિયાઈ પવન ફૂંકાવો શરૂ થઈ ગયો છે. આપણે આપણી કેબિનોમાં જતા રહીએ.'' સદાચારીએ આટલું કહીને પગ ઉપાડ્યા.

વિનાયકને હવે જ ભાન થયું કે અહીં એ એકલા જ રહી ગયા હતા. સામાન પણ એમની સાથે જ હતો. એમને પણ ખબર ન હતી કે એમની કેબિન કઈ છે !

એમણે એક કર્મચારીને એમની ટિકિટ બતાવી. પેલાએ દિશા ચીંધી દીધી, ''સામે ચાલ્યા જાવ. ત્યાંથી નીચે ઊતરશો એટલે જમણા હાથે ત્રીજી કેબિન તમારી છે. એ બે જણા માટેની કેબિન છે. તમે મોડા છો, જલદી કરો. તમારા સહયાત્રી તમારી પ્રતીક્ષા કરી રહ્યા હશે.''

વિનાયકે શબ્દશઃ દોટ મૂકી. જ્યાં કેબિનનું દ્વાર ઉઘાડીને અંદર પગ મૂક્યો, ત્યાં એક દેખાવડા, ઊંચા, તરવરિયા શીખ યુવાને એમની સામે સ્મિત ફરકાવ્યું. પછી એણે શુદ્ધ અંગ્રેજીમાં પૂછયું, ''આર યુ મિ. વિનાયક સાવરકર ?''

''યસ...!''

''વાહ ! કયા બાત હૈ, બાદશાહો ! મઝા આ ગયા. મૈં તો બડી ફિકરમેં પડ ગયા થા, જી ! મેરા હિંદુસ્તાની પાર્ટનર કહીં સમંદરમેં ગિર તો નહીં ગયા જી ? તબ તો કોઈ અંગરેજ કી ઔલાદ મેરે કમરેમેં ઘૂસ જાયેગી. લેકિન બડી કિરપા હૈ વાહે ગુરુ કી ! મેરા હિંદુસ્તાની બંદા આ ગયા...!''

''આભાર, દોસ્ત ! તારા હૂંફાળા, પંજાબી આવકાર બદલ ખૂબ - ખૂબ આભાર ! તેં તો મારી ગમગીની દૂર કરી દીધી. જ્યારથી મુંબઈ છોડ્યું ત્યારથી હું હોમસીકનેસ અનુભવી રહ્યો હતો.''

''અને હું સી-સીકનેસ અનુભવી રહ્યો છું. દોસ્ત, એક બાત ગૌરસે સૂન લે. કિસીકો દિલ લગે, કિસીકો દરિયા; લેકિન દોનોં હી બીમારિયાં બૂરી હોતી હૈં મુજે દરિયા લગ ગયા હૈ. વૉમિટ હો રહી હૈ. પેટકે અંદર ખાના ઉછાલ માર રહા હૈ. ચક્કર આતે હૈં''

''એ બધું હું ઠીક કરી આપીશ, પણ તારું નામ તો તેં જણાવ્યું જ નહીં.''

''ઓ... યાર ! મુઝે લોગ હરનામસિંહ કે નામંસે જાનતે હૈ. પંજાબકા પુત્તર હૂં મૈં. બાપ મર ગયા હૈ. માઁ હૈ, ઔર બીવી હૈ. વિલાયત બૅરિસ્ટર બનને કે લિએ જા રહા હૂં. વાપસ હિંદુસ્તાન આકર લાખો રૂપયે કમાઉંગા; બીવી કો ગહનોંસે ઔર માઁ કો સુખસે ઢંક દૂંગા. અબ તૂ અપને બારે મેં કુછ બતા, યાર !''

વિનાયક હસ્યા, ''જઉં છું તો હું પણ બૅરિસ્ટર બનવા માટે. મારાં મા-બાપ મૃત્યુ પામ્યાં છે, પણ બાપ જેવા મોટા ભાઈ છે અને મા સમાન ભાભી છે. એક નાનો ભાઈ પણ છે, પણ એ તો સાવ કબૂતર જેવો ભોળો છે. એ મારા પુત્ર સમાન છે. તાજી - તાજી પત્ની છે અને તાજો - તાજો પુત્ર છે, પણ સાચું કહું ? મારું વિલાયત જવા માટેનું ખરું કારણ જુદું જ છે. બૅરિસ્ટરનું તો ઉપરછલ્લું બહાનું છે. મારી ખરી ઈચ્છા તો દેશની આઝાદી માટેની ચળવળને શત્રુઓના ઉંબર સુધી ખેંચી જવાની છે.''

''અરે, બાદશાહો ! તુમ કયા બોલ રહે હો...?'' હરનામનું મોં ઉત્તેજનાનું માર્યું ઊઘડી ગયું, પણ એ બંને વચ્ચેની વાતચીત ત્યાં આગળ જ અટકી ગઈ. અટકાવી દેવી પડી. બારણા પર કોઈના ટકોરાનો અવાજ સંભળાયો અને પછી એના બોલવાનો, ''મિ. સાવરકર, આર યુ રેડી ફૉર ધી ડિનર ? ધેન કમ ઑન...''

હરનામ તો અવાજ ઓળખી ન શક્યો, પણ વિનાયક ઓળખી ગયા. એ અવાજ એમના પ્રથમ શિષ્ય શ્રીમાન્ સદાચારીનો હતો અને અહીં કેબિનની અંદર જહાજ પર આવ્યા પછીનો બીજો શિષ્ય બનવાની તૈયારીમાં હતો; એ હરનામ હતો.

વિનાયકે વિધાતાનો ખેલ જોઈને અકળ સ્મિત રેલાવ્યું. પછી બારણું ઉઘાડીને એ હરનામસિંહની સાથે સદાચારીના પગલે - પગલે ભોજનકક્ષની દિશામાં ચાલી નીકળ્યા.

* * *

વિશાળ ભોંજનખંડમાં જહાજ પરના અસંખ્ય પ્રવાસીઓ અલગ-અલગ જૂથમાં ટેબલ ફરતે ગોઠવાઈને ભોજન માણી રહ્યા હતા. સાવરકર, સદાચારી અને હરનામ પણ એક ટેબલ ફરતે મૂકેલી ખુરશીઓમાં ગોઠવાયા.

થોડી જ વારમાં ભોજન પીરસવામાં આવ્યું, પણ પ્લેટમાં માંસ, મરઘી અને માછલી પિરસાયેલાં જોઈને સાવરકર ઊભા થઈ ગયા.

''કેમ ? શું થયું ? ડરી ગયા ? આ તો બાપડા મરેલા જીવો છે; એનાથી ડરવાનું કારણ નથી.'' સદાચારીએ મશ્કરી કરી.

સાવરકર ગર્જ્યા, ''મરાઠા મરતા નહીં, મારતા હૈ; ડરતા નહીં, ડરાતા હૈ, પણ હું ચિત્તપાવન બ્રાહ્મણ છું. માંસાહાર નથી કરતો.''

હવે ભાષણ ઝાડવાનો વારો સદાચારીનો હતો, ''જુઓ, શ્રીમાન સાવરકર ! જીવો જીવસ્ય જીવનમ્ ! એ તો તમે જાણો છો ને ? અને પૃથ્વી ઉપરના બધાં જ મનુષ્યો જો માંસાહાર કરવાનું બંધ કરી દે, તો અબજો પૃથ્વીવાસીઓ માટે જરૂરી અનાજ આ વિશ્વમાં નથી એની તમને ખબર છે ? અને ખાનપાનનો સંબંધ જ્ઞાતિ કે જાતિ સાથે નથી, પણ જે - તે પ્રદેશની ભૌગોલિક સ્થિતિ સાથે છે. સાગરકાંઠે લોકો માછલી ઉપર જ જીવે છે અને જંગલમાં માણસો ફળ-ફૂલ ખાઈને ગુજારો કરે છે.''

''પણ હું તો બ્રાહ્મણ...''

''આપણા દેશમાં અનેક પ્રાંતોમાં બ્રાહ્મણો પણ સ્વેચ્છાએ માંસાહાર કરે છે અને શાકાહારી રહેવાને કારણે જ આપણી પ્રજા અહિંસક બની ગઈ છે. જેઓ મરઘાં કે બકરાં કાપી શકતાં નથી, એ લોકો દુશ્મનોને શી રીતે કાપી શકવાનાં ? લોહી રેડવું હશે, તો લોહી-જોતાં પણ શીખવું પડશે.''

''તમારી દલીલમાં કંઈક તથ્ય તો છે. લોહી જોવાથી થથરી જનારા બીજાનું લોહી રેડી ન શકે, પરંતુ શાકાહાર નબળા બનાવે એવી દલીલ સાથે હું સહમત નથી. લડવા માટે મન મજબૂત જોઈએ, બસ.''

સરદારજી અને સાવરકરે પરોઠાનો ટુકડો તોડ્યો, તીખી સબજીથી ગળામાં અંતરસ ગઈ અને સાવરકર વૉશબેઝિન તરફ દોડી ગયા.

કોળિયો થૂંકીને, પાણીથી કોગળા કરીને સાવરકર પાછા ફર્યા, ત્યાં સુધીમાં એક મહત્ત્વની પણ આઘાતજનક ઘટના બની ગઈ.

ભોજન માટે બેઠેલા શીખ યુવાન હરનામસિંહની પાઘડી ત્યાં ઉપસ્થિત અંગ્રેજો માટે ઠઠ્ઠા - મશ્કરીનો વિષય બની ગઈ હતી. કોઈ નાના બાળકે એના તરફ આંગળી ચીંધીને મોટા અવાજે પૂછ્યું, ''મમ્મી, વ્હૉટ ઈઝ ધેટ ?''

એની મમ્મીએ જવાબ આપ્યો, ''ઈટ ઈઝ એ ફની ટર્બન ઑન ધી હેડ ઑફ એ ફની ઈન્ડિયન !''

આ સાથે જ આખોય ખંડ હાસ્યના અવાજોથી ગાજી ઊઠ્યો. હરનામસિંહ ક્ષોભ પામીને, શરમાઈને અપમાનિત થઈને અધૂરા ભોજને ઊભો થઈ ગયો. એનું જવું અને સાવરકરનું પાછા ફરવું.

''શું છે, હરનામ ? અન્નદેવતાનું અપમાન શા માટે ?''

''કારણ કે આ અંગ્રેજો મારું અપમાન કરી રહ્યા છે.''

સાવરકર કંઈ બોલે એ પહેલાં સદાચારી કૂદી પડ્યા, ''જોયું ? હું ન'તો કહેતો ? આપણા મિત્રે આ પાઘડી પહેરવાની પ્રથા છોડી દેવી જોઈએ.''

''ચૂપ કરો, સદાચારી !'' સાવરકર ગર્જી ઊઠ્યા, ''તમારી શિખામણમાંથી મને દુરાચારની દુર્ગંધ આવે છે. તમે કલ્પના કરો કે પહેલી વાર જ્યારે વહાણમાં બેસીને કોઈ અંગ્રેજ બચ્ચો હિંદુસ્તાનની ધરતી ઉપર ઊતર્યો હશે, ત્યારે એને જોઈને એ વખતના આપણા વડવાઓએ શું કર્યું હશે ! એનાં વિચિત્ર કપડાં, ટોપો, વિલાયતી બૂટ - આ બધું આપણી પ્રજા માટે મશ્કરીનો જ વિષય ગણાયો હશે ને ! એમનાં ધોળાં, રાતાં મોં જોઈને આપણે એમને 'લંગૂર' કે 'બંદર' પણ કહ્યા હશે, છતાં આ બહાદુર પ્રજા શરમાણી નહીં, નાઠી નહીં, ક્ષોભ પામી નહીં અને હિંદુસ્તાનની છાતી ઉપર ચડી બેઠી. પરિણામ એ આવ્યું કે આજે આપણે એમના પહેરવેશનું અને રીતભાતનું અનુકરણ કરી રહ્યા છીએ. હરનામ શા માટે પાઘડીનો ત્યાગ કરે ? હું તો કહું છું આપણે બધા આવતી કાલથી હરનામની જેમ માથા પર પાઘડી બાંધીને ફરીશું. પછી જુઓ કે આ ધોળિયાઓ કેવા ડરી જાય છે !''

વિનાયક સાવરકરની ઓજસ્વી વાણી સાંભળીને હરનામસિંહની છાતી ફૂલવા લાગી. એનું હણાયેલું ગૌરવ પાછું ફર્યું. બધા ભારતીયોના ચહેરા ગર્વિષ્ઠ બન્યા.

અંગ્રેજો લજ્જિત બની ઊઠ્યા. એમાંથી કેટલાક તો સાવરકરના કહેવાનો અર્થ ન સમજ્યા હોવા છતાં માત્ર એના હાવ-ભાવને જોઈને જ ડરી ગયા.

હરનામને ખુરશીમાં બેસાડતાં સાવરકરે છેલ્લો ફટકો માર્યો, ''દોસ્તો ! આ અંગ્રેજો આપણા દુશ્મનો છે. દાનવો છે. રાવણો છે. આ રાવણોને હણવા માટે જો કોઈ રામબાણ ઉપાય હોય તો તે એક જ છે : રામબાણ !''

જે લોકો હિંદના હતા અને હિંદી ભાષા સમજી શકતા હતા. એ તમામનાં શરીરો પરનાં બાણું-બાણું લાખ રુંવાડાં સાવરકરની શૌર્યભરી વાણી સાંભળીને ખડાં થઈ ગયાં.

* * *

''તુમ કરના ક્યા ચાહતે હો ?''

''યસ, આફ્ટર ઑલ વ્હૉટ ઈઝ યૉર અલ્ટીમેટ ગોલ ?''

''અરે, બાદશાહો ! કી ગલ હૈ ? તુમ્હારા ઈરાદા કહીં બ્રિટન કી મહારાની કે સાથ શાદી કરને કા તો નહીં હૈ ના ?''

સદાચારીનો સવાલ અંગ્રેજીમાં હતો, સરદારજીનો પંજાબીમાં અને બીજા મિત્રોની પૃચ્છા હિન્દીમાં હતી. રાત્રિનો સમય હતો. દસ વાગ્યા હશે. સ્ટીમરના મથાળા પરની ખુલ્લી જગ્યામાં દસ - પંદર જુવાનિયાઓ ભેગા થયા હતા અને સાવરકરને એકસરખો સવાલ પૂછી રહ્યા હતા. કોઈને આ આક્રોશભરેલો યુવાન સમજાતો ન હતો.

સાવરકરે ધીમે ધીમે મુદ્દાસર વાતની શરૂઆત કરી, ''અંગ્રેજો આપણા દેશના બની બેઠેલા માલિકો છે, પણ અસલમાં તો એ લોકો ચોર છે. આપણી માતૃભૂમિને જો એમની ચુંગાલમાંથી મુક્ત કરાવવી હશે, તો આપણે સંગઠિત થવું પડશે. હાથમાં શસ્ત્રો ઉઠાવવાં પડશે. આખા દેશમાં ક્રાંતિની આગ ફેલાવવી પડશે. ૧૮૫૭ના વિગ્રહ જેવો જ પણ એના કરતાં વિશેષ યોજનાબદ્ધ વિગ્રહ છેડવો પડશે.''

સદાચારીએ આંગળી ઊંચી કરી, ''મારે સવાલ પૂછવો છે, મિ. સાવરકર ! આ બધું તમે બોલો તો છો, પણ એ માટે વિલાયત જવાની શી જરૂર ?''

''જરૂર છે,'' સાવરકરે ભાર દઈને કહ્યું, 'અત્યારે જે નેતાઓના હાથમાં લડતનું સુકાન છે એ બધા ઢીલી - ઢીલી વાતો કરે છે. અંગ્રેજ સરકારને માઈ-બાપ માનીને ચાલે છે. ઈંગ્લેન્ડના સમ્રાટને કે રાણીને ઈશ્વરનો અવતાર સમજીને સ્વીકારી લે છે. મારી યોજના હિંસક આંદોલન છેડવાની છે અને મારે તો આંદોલન છેક શત્રુના દેશ સુધી લઈ જવું છે. આખી દુનિયાને ખબર પડવી જોઈએ કે બધા હિંદવાસીઓને અંગ્રેજોની ગુલામી પસંદ નથી.''

''તો પછી બૅરિસ્ટર થવાનું અને પૈસા કમાવાનું...?''

'એ બધાં તો બહાનાં છે. વિસ્ફોટક દારૂગોળાની ઉપર ચોટાડેલા રંગીન કાગળો છે. મારે તો જામગરી ચાંપીને ભડાકો કરવો છે.''

વિનાયકની તેજાબી વાતોમાં દસ-બાર જુવાનોને રસ પડ્યો : તો ચાર-પાંચ જણા ભડકી ઊઠ્યા. ઊભા થઈ ગયા.

''કેમ ? શું થયું ?'' સાવરકરે કારણ પૂછ્યું.

''કંઈ નહી, મિ. સાવરકર ! અમે સરકાર કે રજવાડાની શિષ્યવૃત્તિ મેળવીને ઉચ્ચ અભ્યાસાર્થે ઈંગ્લૅન્ડ જઈ રહ્યા છીએ. અમારા માટે સરકારનો સ્પષ્ટ આદેશ છે; કોઈ પણ જાતની રાજકીય ચળવળમાં અમારાથી ભાગ ન લઈ શકાય.'' એકે કહ્યું.

સાવરકરે દાંત ભીસ્યા, ''ચળવળમાં ભાગ ન લઈ શકાય, પણ ચર્ચામાં તો ભાગ લેવાય ને ?''

ઊભા થઈ ગયેલા યુવાનો પાછા બેસી ગયા.

સદાચારીએ સંશયાત્મક પ્રશ્ન પૂછીને અટકી ગયેલી ચર્ચાને ધક્કો મારી આપ્યો, ''દેશની આઝાદી માટે ગોખલેજી જેવા મોટા ગજાના નેતાઓ જે ચળવળ ચલાવી રહ્યા છે એમાં તમે શા માટે જોડાઈ જતા નથી ?'

''કારણ કે મને અહિંસક ચળવળમાં શ્રદ્ધા નથી. હું દઢપણે માનું છું કે અહિંસાના સાબુથી ધોવાયેલું આઝાદીનું વસ્ત્ર જોઈએ તેટલું ઊજળું નહીં હોય. મારા આદર્શ પુરુષો જુદા છે. હું શિવાજીનો વારસદાર છું, વીર દુર્ગાદાસનો માનસપુત્ર છું, નાના સાહેબ મારી નસોમાં વહી રહ્યા છે અને તાત્યા ટોપે મારા તન-મનમાં વ્યાપ્ત છે. મારું સ્વપ્ન સ્વાતંત્ર્યલક્ષ્મીનું ખપ્પર મારા ઉષ્ણ રક્તથી છલકાવી દેવાનું છે. શિવાજીએ જે વાઘનંખ વડે અફઝલખાનનાં આંતરડાં ફાડી નાખ્યાં હતાં એ વાઘનખની રક્તપિપાસા હજુ બુઝાઈ નથી. છત્રપતિ મહારાજની ભવાની તલવાર હજુ ભોગ માગે છે.''

''પણ તમે શું માગો છો, સાવરકર ?''

''મારે મિત્રો જોઈએ છે, મૃત્યુદાતાઓ જોઈએ છે, શત્રુને મારીને શહાદતના માંચડે ચડી જવા તત્પર યુવાનો જોઈએ છે.''

''અમે તૈયાર છીએ.'' સભામાંથી થોડી આંગળીઓ ઊંચી થઈ, ''તમે આવા સંગઠનના નામકરણ વિશે કશું વિચાર્યું છે ?'' એક મિત્રે પૂછ્યું.

''હા, 'અભિનવ ભારત' નામ કેવું રહેશે ?'' સાવરકરે સમય જોઈને સોગઠી મારી. નાસિકની ગુપ્ત સંસ્થા 'મિત્રમેળા'નું નવું નામ એમણે આ જ રાખ્યું હતું, પણ એ વિશે એમણે અત્યારે કશું જાહેર કરવાનું યોગ્ય ન ધાર્યું.

''નામ તો સરસ છે. શાના પરથી આ નામ સૂઝયું ?'' કમલબાબુ નામના એક ત્રીસેક વર્ષના પુરુષે પૂછ્યું.

''જોસેફ મેઝિનીનું નામ સાંભળ્યું છે કોઈએ ? ફ્રાંસના માર્સેલ્સમાં રહીને ઈટલીની આઝાદી માટે ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવનાર બહાદુર મેઝિની. હિંદની બહારના શૂરવીરોમાં મેઝિની મારો આદર્શ છે. એની ગુપ્ત સંસ્થાનું નામ એણે 'યંગ ઈટલી' રાખેલું; તરુણ ઈટલી ! આપણી સંસ્થા માટે મને 'તરુણ'ને બદલે 'અભિનવ' શબ્દ વધારે યોગ્ય લાગ્યો.''

''અમે 'અભિનવ ભારત'ના સદસ્યો બનવા તૈયાર છીએ.'' સભાએ સમૂહમાં સંમતિ દર્શાવી.

''તો સૌ પહેલાં તમારે ગુપ્તતાના શપથ લેવા પડશે.'' સાવરકરે એક પછી બીજું પત્તું ખોલ્યું.

સાંભળનાર એકબીજાની સામે જોવા લાગ્યા. હરનામસિંહે તમામના મનમાં ખદબદતો સવાલ પૂછી નાખ્યો, ''તમે પોતે શપથ લેવાના છો ?''

''સૌથી પહેલાં ! હું તો શપથ માટેનું લખાણ તૈયાર કરીને જ લાવ્યો છું. તમને વાંચી પણ સંભળાવું છું. સાથે - સાથે હું એની શબ્દ શૃંખલા વડે મારી જાતને, જિંદગીને અને આત્માને બાંધતો પણ જાઉં છું.''

મહાસાગર ઉપર સરકતી જતી સ્ટીમરના વિશાળ ખુલ્લા ભાગમાં એ જામતી રાતે ચમકતા તારોડિયાના ઉજાસમાં સાવરકરે ઐતિહાસિક પ્રતિજ્ઞાપત્રનું વાંચન કર્યું : ''પરમેશ્વરનું સ્મરણ કરીને, આપણી માતૃભૂમિ તેમજ પિતૃભૂમિ હિંદુસ્તાનને યાદ કરીને, જેમણે આપણા રાષ્ટ્રને વૈભવશાળી સમૃદ્ધ કર્યું છે તથા એની સ્વતંત્રતા અને સન્માનના રક્ષણ માટે સફળ યુદ્ધો કરેલાં છે, તેવા તમામ સંતો, મહંતો, વીરો અને શહીદોને યાદ કરીને હું પ્રતિજ્ઞા લઉં છું કે...દેશની રાજકીય આઝાદી પ્રાપ્ત કરવી એ મારું પ્રથમ કર્તવ્ય હશે...એના માટે હું તમામ પ્રકારની ગતિવિધિઓ કરી છૂટીશ...જરૂર પડે સશસ્ત્ર હિંસક ક્રાંતિ દ્વારા... શત્રુઓને પરાજિત કરીને... શસ્ત્રોની શક્તિ વડે એને રકત સ્નાન કરાવીશ. મારા મતે આઝાદીનો આ એક જ માર્ગ છે. આજે હું પ્રતિજ્ઞા લઉં છું કે 'અભિનવ ભારત' નામની સંસ્થાનો સદસ્ય બનીને હું મારા ધ્યેય માટે અંતિમ વિજય સુધી લડતો રહીશ. હે ઈશ્વર ! મને મારા પ્રાણ ન્યોછાવર કરવા માટે શક્તિ આપજે !''

એ સદ્‌ભાગી ક્ષણો હતી. અત્યાર સુધી માત્ર મહારાષ્ટ્રમાં જ કાર્યરત સંસ્થાની હવે વિદેશી શાખા ખૂલી રહી હતી અને પરદેશની ધરતી ઉપર પગ મૂકતાં પહેલાં જ મધદરિયે એનું વિધિવત્ મંગલાચરણ થઈ ચૂકયું હતું.

સાવરકરે પ્રતિજ્ઞા લીધી એ પછી અન્ય મિત્રોએ પણ શપથ ગ્રહણ કર્યા. એ પછી સાવરકરે ફોડ પાડ્યો, ''અભિનંદન, દોસ્તો ! હવે તમને જણાવું છું કે 'અભિનવ ભારત' નામની સંસ્થા પહેલેથી જ અસ્તિત્ત્વમાં છે. તમે અભાનપણે હિંદુસ્તાનના સીમાડાની અંદર વ્યાપ્ત આ ગુપ્ત સંસ્થાના સભ્ય પણ આપોઆપ બની ચૂકયા છો. હવે વિલાયતની ધરતી આપણી પ્રતીક્ષા કરી રહી છે. જાઓ, રાત બહુ વીતી ગઈ છે; હવે સૂઈ જાઓ !''

સભા વિખેરાઈ ગઈ, પણ સાવરકર ત્યાં જ બેસી રહ્યા. છેક પ્રાતઃકાળ સુધી બેસી રહ્યા. કાળા ડિબાંગ આસમાન સામે જોતા રહ્યા અને વ્યકિત મટીને સમષ્ટિ બની રહ્યા. એ રાત એમના માટે મહાચિંતનની રાત હતી. પૃથ્વી, આકાશ, ગ્રહો, તારાઓ, બ્રહ્માંડ, ઈશ્વર, આત્મા, જીવન, મૃત્યુ, પૂર્વજન્મ, પુનર્જન્મ, અવતારકાર્ય જેવા અનેક વિષયો ઉપર એ ગહન વિચાર કરતા રહ્યા.

અફાટ આકાશની ઊંચાઈને સ્પર્શી રહ્યા અને ઊંડા સમુદ્રની ગહેરાઈને માપતા રહ્યા.

અને પછી એમના હોઠો પરથી સ્વયંભૂ કાવ્યધારાનું અવતરણ શરૂ થયું : ''વિહિત કર્મ - પુણ્ય - પૂત બ્રાહ્મણોં કે અંતિમ અર્ધ્યકા સમાદર કર ગભસ્તિ ભગવાન્ ! અબ કહીં પશ્ચિમ કે અંતઃપુરકી ઓર વેગ સે પ્રવેશ કર ગયે...!''

(વિનાયકના મુખમાંથી ઝરેલું આ કાવ્ય 'મહાસાગર'ના શીર્ષકથી રચાયેલું એક દીર્ઘ કાવ્ય બની ગયું. એનું છંદ-બંધારણ તદ્દન નવું જ હતું, જે પાછળથી 'વૈનાયક' છંદના નામે પ્રખ્યાત થયું.)

સવારનો સૂરજ ઊગ્યો, ત્યારે એમનું જહાજ અરબી સમુદ્ર પાર કરીને સુએઝ નહેર આવીને ઊભું રહ્યું. આ સ્થળે એશિયા, આફ્રિકા અને યુરોપના ખંડોનું ત્રિવેણી મિલન થતું હતું. અહીં જ એડન હતું.

થોડો સમય એડન બંદર ખાતે ગાળીને જહાજે પુનઃ પોતાની જલયાત્રાનો આરંભ કર્યો. ત્યાં માર્સેલ્સ બંદર આવ્યું. અહી સાવરકરની જહાજ સફર સમાપ્ત થતી હતી અને ઈંગ્લેન્ડ જવા માટેનો રેલપ્રવાસ શરૂ થતો હતો. સાવરકર તથા તેમના મિત્રો અહીં ઊતરી ગયા.

એમની પાસે માર્સેલ્સમાં વિતાવવા માટે થોડા કલાકનો સમય હતો. અન્ય મિત્રો શૉપિંગ કરવા માટે નીકળી પડ્યા, જ્યારે સાવરકર માર્સેલ્સ શહેરનાં ઐતિહાસિક સ્થળો જોવા માટે ચાલી નીકળ્યા.

માર્સેલ્સ એમનું પ્રિય શહેર હતું. ભલે અહીં એ પ્રથમ વાર આવતા હતા, પણ જ્યારથી એમણે મેઝિનીનું જીવનચિત્ર વાંચ્યું હતું, ત્યારથી જ માર્સેલ્સ એ સાવરકરને મન એક શહેર મટીને તીર્થધામ બની ગયું હતું.

એમણે એક ગાઈડને રોકીને પૂછયું, ''કૃપા કરીને મને એ મકાન બતાવશો જ્યાં મહાન ક્રાંતિવીર જોસેફ મેઝિની રહેતા હતા ?''

ગાઈડ ગૂંચવાયો. થોડીવાર આમતેમ ડાફોળિયાં માર્યા બાદ એણે હાથ અધ્ધર કરી દીધા, ''કોણ મેઝિની ? કયો મેઝિની ? આ ફ્રાંસ છે. અહીં અમે કોઈ ઈટાલિયનનું નામ કે ઠામ નથી જાણતા !''

એક ક્ષણ માટે સાવરકરને આઘાત લાગ્યો, પણ પછી તરત જ એમણે સમાધાન શોધી લીધું : દેશ માટે કુરબાન થઈ જનારા તમામ શહીદોની કદાચ આ જ નિયતિ હશે. મેઝિનીનું સરનામું કોઈ એક મકાન શી રીતે હોઈ શકે ? ક્રાંતિવીરોનું રહેઠાણ તો દેશવાસીઓના દિલોમાં હોય છે. અને કદાચ ગાઈડ નિર્દોષ પણ હોઈ શકે; મેઝિનીએ 'તરુણ ઈટલી'ની પ્રવૃત્તિ ભૂગર્ભમાં રહીને ચલાવેલી હતી. એનો ગુપ્તવાસ સામાન્ય પ્રજાજનો માટે અજાણ્યો પણ હોઈ શકે.

સાવરકર પોતાની જાતને સવાલ પૂછી રહ્યા : ''શું ભવિષ્યમાં પોતાની હાલત પણ આવી જ થશે ? દેશ માટે ઉચ્ચતમ બલિદાનો આપી દીધા પછી એમના દેશવાસીઓ પણ વિનાયક દામોદર સાવરકરના નામને ચાના કપમાંથી માખીને કાઢીને ફેંકી દેતા હોય તેમ સ્મૃતિનાં પૃષ્ઠોમાંથી સાવ જ ફેંકી દેશે ?

આ સવાલનું સમાધાન પણ એમણે જાતે જ શોધી લીધું : એવું થાય તો પણ શો અફસોસ છે ? હે ઈશ્વર ! તું સાક્ષી છે; આ પવિત્ર ચિત્તપાવન બ્રહ્મપુત્ર એની માતૃભૂમિને માટે જે કંઈ કરવા નીકળ્યો છે એ એણે માની લીધેલા ધર્મના પાલન અર્થે કરી રહ્યો છે, નહીં કે બીજા લોકો એની નોંધ લે એ માટે ! આ સાવરકર ઈતિહાસનો માલિક બનવા માટે સર્જાયેલો છે, માત્ર ઈતિહાસનો નાનકડો અંશ બનવા માટે નહીં !

રેલગાડીનો સમય થવા આવ્યો હતો. સાવરકરે માર્સેલ્સને વિદાયની સલામ કરી.

(નોંધ :- (૧) એ વખતે વિનાયકને કયાં ખબર હતી કે માત્ર ચાર જ વર્ષના ટૂંકા સમય બાદ આ માર્સેલ્સ શહેર જગતભરના સમાચારપત્રોમાં વિનાયક સાવરકરના એક અપ્રતિમ પરાક્રમથી મશહૂર થઈ જવાનું હતું ! આ શહેરનો ઈતિહાસ ભલે ગમે ત્યાંથી શરૂ થતો હોય, પણ એનો એક ઝળહળતો પડાવ વિનાયક નામના ક્રાંતિવીર પાસે આવીને અટકવાનો હતો.

(૨) આજે એક તદ્દન મામૂલી સંસ્થા કે રાજકીય પાર્ટી ઊભી કરતી વખતે કહેવાતા મોટા નેતાઓને ફાંફાં પડી જાય છે. નેતાઓની સંખ્યા જેટલા પણ અનુયાયીઓ મળતા નથી. ત્યારે વીર સાવરકરમાં કઈ કક્ષાની નેતૃત્વશક્તિ રહેલી હતી એ ત્યારે ખબર પડે છે, જ્યારે માત્ર જહાજ પરની સફર દરમિયાન એમણે 'અભિનવ ભારત'ની વિદેશી પાંખ ઊભી કરી દીધી !)

o o o

૧૨. દિગ્ગજોની વચ્ચે

સન ૧૯૦૬ના જુલાઈ માસની બીજી તારીખે વિનાયક દામોદર સાવરકરે જિંદગીમાં પહેલી વાર ઈંગ્લેન્ડની ધરતી ઉપર પગ મૂક્યો. રાત્રિનો સમય હતો. બહાર ધીમો - ધીમો વરસાદ પડતો હતો. હવામાં હિમ જેવી ઠંડી હતી.

પ્લેટફોર્મ પર ઊતરીને મિત્રોએ પૂછ્યું, ''મિ. સાવરકર ! તમે ક્યાં જવાના ?''

''મારું રહેવાનું 'ઈન્ડિયા હાઉસ'માં નક્કી થયેલું છે. તમે ?''

''અમે બધા અલગ-અલગ ઠેકાણે ઊતરવાના છીએ, પણ અમે 'ઈન્ડિયા હાઉસ'માં આવતા - જતા રહીશું.'' મિત્રો આટલું કહીને છૂટા પડ્યા.

''અને હરનામ ! તારું શું છે ?''

'રહને કા ઈંતઝામ તો મેરા ભી કહીં ઔર જગહ પર તય હો ગયા હૈ, મગર સોચતા હૂં ક્યોં ન આપકે સાથ મૈં ભી... ?''

''અરે, એમાં વિચાર શો કરવાનો ? ચાલ, તું પણ મારી સાથે જ રહેજે.'' વિનાયકે હરનામને સાથે લીધો. બંને જુવાનો પ્લેટફોર્મની બહાર આવ્યા, તો સાવરકરને આવકારવા માટે કેટલાક મિત્રો બહાર ઊભા હતા એ આગળ આવ્યા. બધા એમને ભેટ્યા. ખબર-અંતર પૂછ્યા અને પછી બે ઘોડાવાળી બગીમાં બેસાડીને 'ઈન્ડિયા-હાઉસ' પહોંચ્યા.

'ઈન્ડિયા હાઉસ' ઉર્ફે 'ભારત ભવન'ની સ્થાપના ક્રાંતિવીર પં. શ્યામજી કૃષ્ણવર્માએ કરી હતી. મૂળ કચ્છના આ તેજસ્વી સપૂતે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી હિંદ પાછા ફરીને ઉદેપુર અને જૂનાગઢ જેવાં દેશી રાજ્યોની દીવાનગીરી સંભાળી હતી. પુષ્કળ ધન કમાયા હતા, પરંતુ રજવાડાની ખટપટનો તેઓ ભોગ બન્યા. અપમાનિત થઈને એમણે દીવાનપદું છોડવું પડ્યું. તેઓ સાચા હોવા છતાં બ્રિટિશ સરકારના પોલિટિકલ એજન્ટે એમનો ન્યાય ન કર્યો. આથી નારાજ થઈને શ્યામજી પાછા ઈંગ્લેન્ડ આવી ગયા. અહીં તેમણે ક્રાંતિની ચળવળ શરૂ કરી.

આ માટે એમણે બે મહત્ત્વનાં કદમ ઉઠાવ્યાં. એક, 'હોમરૂલ પાર્ટી'ની સ્થાપના કરી અને બીજું, 'ઈન્ડિયા હાઉસ'ની રચના કરી.

પં. શ્યામજી કૃષ્ણવર્માએ લંડનના 'હાઈગેટ' વિસ્તારમાં એક આલેશાન, બે મજલાનું મકાન ખરીદ્યું. સમગ્ર લંડનમાં એ વિસ્તાર સૌથી સુખી, સૌથી મોંઘો અને સૌથી વધુ આરોગ્યપ્રદ ગણાતો હતો. એ વખતે એ વિસ્તારમાં મૃત્યુ દર લઘુતમ હતો.

આ મકાનનું નામ બદલીને એમણે 'ઈન્ડિયા હાઉસ' પાડ્યું. ૧૯૦૫માં એનું વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે દેશભક્ત દાદાભાઈ નવરોજી, લાલા લજપતરાય, મેડમ કામા જેવા અગ્રણી નેતાઓ ઉપસ્થિત હતા. આ ભવનમાં ઉપલા માટે પચીસેક વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા હતી. મોટા ભાગના વિદ્યાર્થીઓ ભારતથી વિલાયતમાં અભ્યાસ અર્થે આવતા હોય તેવા હતા. નીચેના માળ પર લાઈબ્રેરી, વાંચનાલય તથા પ્રવચન માટેનો ઓરડો આવેલો હતો.

સાવરકરને તો પં. શ્યામજી કૃષ્ણવર્મા તરફથી શિષ્યવૃત્તિ પણ મળેલી હતી અને બાકીની ખૂટતી રકમ એમના શ્વસુરજી તરફથી આપવામાં આવતી હતી.

સાવરકરને અહીંનું ભારતીય સંસ્કારોવાળું વાતાવરણ ઝડપથી માફક આવી ગયું. અહી શરાબપાનની અને ધૂમ્રપાનની મનાઈ હતી. ઊઠવા-બેસવા માટે ભારતીય માપદંડો હતા, ભોજન અને નાસ્તા માટે પણ અંગ્રેજોના રંગઢંગ અમલમાં ન હતા.

એક અઠવાડિયામાં સાવરકરે જોવા જેવું બધું જોઈ લીધું અને સૂંઘવા જેવું બધું સૂંઘી લીધું. પછી જેમ મદારી હળવેકથી પોતાના કરંડિયાનું ઢાંકણું ખોલીને સાપ કાઢે, તેવી રીતે સાવરકરે પોતાની ગુપ્ત પ્રવૃત્તિની માહિતી લોકોમાં ફેલાવવી શરૂ કરી.

લંડનમાં વસેલા ભારતીયોમાં એક રિવાજ હતો; શનિ - રવિની છુટ્ટીઓમાં એ લોકો અલગ-અલગ જૂથમાં કોઈના ઘરે ચા-પાણી માટે એકઠા થતા હતા. કયારેક નાનો સરખો ભોજન સમારંભ પણ યોજાઈ જતો.

સાવરકરે આવાં સામાજિક મિલનોમાં જવાનું શરૂ કર્યું. ત્યાં જરાક તક મળે એટલે એ રાજકીય ચર્ચાનો આરંભ કરી દેતા. પછી ચર્ચા બરાબર જામે, એટલે એ પોતાના અંગત વિચારો રજૂ કરવા માંડતા. એમનું ઠીંગણું પણ પ્રેમાળ વ્યક્તિત્વ, ઓજસ્વી વાણી અને ધારદાર દલીલો સાંભળનારાના મન ઉપર વશીકરણ કરી જતાં હતાં.

લંડનમાં પગ મૂકયો એ વાતને માંડ એક-દોઢ મહિનો થયો હશે, ત્યાં એક દિવસ એક અણધારી ઘટના બની. બપોરનો સમય હતો. સાવરકર વામકુક્ષિથી જાગીને 'ઈન્ડિયન સોશ્યોલૉજી' નામનું અખબાર વાંચી રહ્યા હતા, ત્યાં 'ઈન્ડિયા હાઉસ'માં કામ કરતો એક કર્મચારી એમની પાસે આવ્યો, ''શ્રીમાન્ સાવરકર તમે જ છો ?''

''શું કામ હતું ?'' સાવરકર હંમેશાં સાવધ રહેતા હતા. કોઈ એમના માટે પૂછપરછ કરે તો કારણ જાણ્યા વગર સીધા એમની ઓળખાણ આપી દેતા ન હતા.

''સાહેબ તમને મળવા માગે છે. નીચે કાર્યાલયમાં તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે.''

''સાહેબ એટલે ?'' સાવરકરે આંખો ઝીણી કરી.

''પંડિત શ્યામજી કૃષ્ણવર્મા.'' માણસ આટલું બોલ્યો, ત્યાં તો સાવરકરના શરીરમાં રોમાંચની વીજળી ફરી વળી. આટલા મોટા દેશભક્તને મળવાનો મોકો આટલી ઝડપથી મળી જશે એવું તો એમણે સપનામાં પણ વિચાર્યું ન હતું. એ ઝટઝટ ઊભા થયા અને કપડાં ઠીકઠાક કરતાં દાદર ઊતરીને નીચે આવ્યા.

''આવો, યંગમેન ! તમે જ મિ. સાવરકર ? કાર્યાલયમાં ટેબલની પેલી બાજુએ મૂકેલી લાકડાની ખુરશીમાં એક પચાસેક વર્ષનો પ્રભાવશાળી આદમી બેઠેલો હતો. એમની વેધક આંખોમાંથી ટપકતી નજર આગંતુકની કક્ષાને માપી રહી હતી. એમની વાણીમાં સૌજન્ય હતું, મીઠાશ હતી, પણ સાવરકરને એ સમજતાં વાર ન લાગી કે એમનો બોલાયેલો એક-એક શબ્દ સમજણના ત્રાજવામાં તોળાઈને - મપાઈને પછી જ બહાર પડતો હતો. એમાં કોઈ શંકા ન હતી કે તેઓ પોતે જ સ્વનામધન્ય શ્યામજી કૃષ્ણવર્મા હતા.

''હા, જી ! પંડિતજી ! હું પોતે જ વિનાયક સાવરકર છું. આપને આદરપૂર્વક નમસ્કાર કરું છું. આપ મને એકવચનથી બોલાવશો, તો મને ગમશે.''

જુવાનિયાનો વિવેક જોઈને શ્યામજી પ્રસન્ન થયા, ''યશસ્વી ભવ !'' એવા આશીર્વાદ આપીને પંડિતજી એકાદ ક્ષણ માટે ચૂપ થઈ ગયા. જાણે હવે પછીની વાત શી રીતે રજૂ કરવી એનો વિચાર કરી રહ્યા. સાવરકર સહેજ પણ ક્ષુબ્ધ થયા વગર, વિનિતભાવ સાથે, પરંતુ પંડિતજીની આંખ સાથે આંખ મેળવીને ઊભા રહ્યા. જાણે બે વનરાજો એકબીજાનું પાણી ન માપી રહ્યા હોય !

''જીવન અકારું અને મોત વહાલું લાગે છે ?'' અચાનક પં. શ્યામજીના મુખમાંથી સરેલો આ પ્રશ્ન સાંભળીને સાવરકર સ્તબ્ધ થઈ ગયા.

''ક્ષમા ચાહું છું, પંડિતજી, પણ આપના પ્રશ્નનો સંદર્ભ મને ન સમજાયો.''

શ્યામજી હસ્યા, ''સંદર્ભ બીજો શો હોય ! શનિ-રવિની ચા-પાર્ટીઓમાં તું લોકોના ઘરે જઈને પોતે ચા પી આવે છે અને એમને તેજાબ પિવરાવી આવે છે, પણ એ ન ભૂલીશ કે આ અંગ્રેજો મહા બદમાશ, ધૂર્ત અને ક્રૂર છે. તારી પાસે કોઈ હથિયાર છે ? અંગ્રેજો પાસે રક્તની પ્યાસી તલવાર છે.

''હથિયાર ?'' સાવરકરના અવાજમાં સિંહની ગર્જના આવીને ભળી ગઈ, ''આ ધમકી કોઈ બીજાને સંભળાવજો, પંડિતજી ! મારે તો હાથ એ જ હથિયાર ! સાત હથિયારધારી શત્રુઓને હું એકલો ન પછાડું તો મારી રાધામાઈનું દૂધ લાજે !''

સાવરકરની સિંહગર્જના સાંભળીને પહેલાં શ્યામજીનાં રુવાડાં ઊભાં થઈ ગયાં અને પછી એ પોતે ખુરશીમાંથી ઊભા થઈ ગયા.

''શાબાશ, બેટા ! ધન્ય છે તારી જન્મદાત્રીને ! લાગે છે કે મેં આપેલી શિષ્યવૃત્તિ પહેલી વાર લેખે લાગશે.''

સાવરકર શાંત થયા. પુનઃ અદબ વાળીને આદરભેર ઊભા રહ્યા.

''બેટા, ખુરશીમાં બેસ. તારી યોજના વિશે મેં ઘણું બધું જાણી લીધું છે, પણ હું જે નથી જાણતો એ મારે તારા મોંઢેથી સાંભળવું છે.''

''પૂછો ! આપને શું જાણવાની ઈચ્છા છે ?''

''તને અહિંસક ચળવળમાં શા માટે શ્રદ્ધા નથી ?''

''કારણ કે માતૃભૂમિનો સ્વાતંત્ર્ય સંગ્રામ એક યુદ્ધ છે અને યુદ્ધ એ અહિંસાનો વિરોધી શબ્દ છે.''

'તો શું તું એમ માને છે કે દાદાભાઈ નવરોજી અને ગોખલેજી જેવા દિગ્ગજ નેતાઓ સવૈધાનિક માર્ગે જે ચળવળ ચલાવે છે તે નિરર્થક છે ?''

''માત્ર નિરર્થક જ નહીં, પણ મૂર્ખતાપૂર્ણ છે. બધા જ મવાળ નેતાઓ હિંદની પ્રજાની આંખોમાં ધૂળ નાખી રહ્યા છે. દાદાભાઈ તો એમનાં સેંકડો ભાષણોમાં જાહેર કરી ચૂકયા છે કે હિંદનું સાચું હિત અંગ્રેજ સરકારના સામ્રાજ્યમાં જ સમાયેલું છે. ગોખલેજી જેવા અસંખ્ય નેતાઓ પણ અંગ્રેજો પાસેથી વહીવટી સુધારાની માગ કરે છે; કોઈ એમ નથી કહેતું કે અંગ્રેજો ચાલ્યા જાય.''

''તું આ બધા નેતાઓને ધિક્કારે છે ?''

''સહેજ પણ નહીં. એમની દેશભક્તિ માટે મારા મનમાં લવલેશ શંકા નથી. હું એમની પૂજા કરી શકું, પરંતુ એમને અનુસરી તો ન જ શકું.''

''સાચું કહું તો હું પણ તારા જ મતનો છું, પણ મારી ઉંમર તારા કરતાં બમણી છે. મારા અનુભવે મને એટલું તો શીખવ્યું છે કે અંગ્રેજોની સામે હિંસાનું શસ્ત્ર ઉગામવામાં સાર નથી. તને પણ મારી સલાહ છે કે જે કરવું હોય એ ભલે કરજે, પણ જાહેરમાં બહુ ઉત્તેજક ભાષણો ન કરીશ. રાજદ્રોહના ગુના સબબ આ લોકો તને...''

''મોત એ મારી મંજિલ છે, પંડિતજી ! મને એનો ડર ન બતાવશો !''

"ડર નથી બતાવતો, બેટા ! ડરી તો હું પોતે રહ્યો છું. તારા જેવા બત્રીસ-લક્ષણા સપૂતનું શું થશે એ વિચાર મને કંપાવી જાય છે. થોડીક ધીરજ રાખજે બેટા ! હોઠ બંધ અને આંખ-કાન ખુલ્લાં રાખજે. થોડોક સમય અહીંની પરિસ્થિતિની સુગંધ માણવામાં પસાર કરી નાખ. કોણ કેવું છે, કયાં ઊભું છે અને શા માટે ઊભેલું છે એનો કયાસ કાઢી લે. પછી તારે જે કરવું હોય તે કરજે. હું તને નહીં રોકું. અને હા, કયારેક - કયારેક મારી 'હોમરૂલ પાર્ટીની બેઠકોમાં પણ આવતો રહેજે. ત્યાં તારી ઓળખાણ હું બેરિસ્ટર રાણા, ગોદરેજ અને સુહરાવર્દી જેવા દેશભકતો જોડે કરાવીશ."

"ભલે; હું હવે જાઉં ?" કહીને સાવરકર ઊભા થયા. શ્યામજીનો ચરણસ્પર્શ કરીને ખંડમાંથી નીકળી ગયા. પં. શ્યામજી કૃષ્ણવર્મા કયાંય સુધી એમના જવાની દિશામાં તાકી રહ્યા. પછી કોઈ ન સાંભળી શકે એવા ધીમા અવાજમાં બબડ્યા, "હે ભારતમાતા ! તારો આ પુત્ર વ્યકિત નથી, પણ વિસ્ફોટક પદાર્થ છે. ફકત પુરુષ નહીં, પણ મર્દ છે. પોતાના રકતથી તારું ખપ્પર ભરી દેવા માટે એ ઉતાવળો થયો છે. હે મા, થોડાં વરસો માટે તારી તૃષા ઉપર કાબૂ રાખજે. સાવરકર હજુ બહુ નાનો છે !"

* * *

૧૯૦૭ના મધ્યભાગનો સમય હતો. સાવરકર એમની ખાટ ઉપર આડા પડ્યા હતા. એમના હાથમાં એ દિવસનું અખબાર હતું. અચાનક એક 'હેડલાઈન' વાંચીને એ ઊછળી પડ્યા. અખબારે જૈફ નેતા દાદાભાઈ નવરોજીના આગલા દિવસના નિવેદનને ચમકાવ્યું હતું. દાદાભાઈએ બહુ ગર્ભિતપણે બ્રિટિશ સરકારને ચીમકી આપતાં કહ્યું હતું : "જો અંગ્રેજ સરકાર આટલી બધી દુરાગ્રહી બનશે, તો એનું પરિણામ સારું નહીં આવે. આવા દુરાગ્રહને કારણે જ અંગ્રેજોએ ૧૮૫૭માં સંકટનો સામનો કરવો પડ્યો હતો."

સાવરકર આ વાંચીને ઝૂમી ઊઠ્યા. દાદાભાઈની અત્યાર સુધીની આબરૂ અંગ્રેજ-પરસ્ત દેશભકતની હતી. એ હંમેશાં નમતા રહેવામાં માનતા આવ્યા હતા. બ્રિટનની લિબરલ પાર્ટીના ઉમેદવાર તરીકે દાદાભાઈ ત્યાંની સંસદમાં પણ જઈ આવ્યા હતા. આવા નમ્ર, મવાળ નેતા ક્રાંતિકારીની ભાષા ઉચ્ચારે એનાં કારણો બહુ સૂચક હતાં. સાવરકરને એ કારણોમાં રસ હતો.

એ સીધા દાદાભાઈની ઑફિસમાં પહોંચી ગયા. અત્યાર સુધીમાં એનું નામ ઠીક-ઠીક જાણીતું થઈ ચૂકયું હતું, એટલે દાદાભાઈને મળવા માટે સમય મેળવવામાં એમને ખાસ તકલીફ ન પડી.

"વંદન કરું છું, મહાશય !" ચોવીસ વર્ષના યુવાન વિનાયકે બ્યાસી વર્ષના દાદાભાઈને પ્રણામ કર્યા.

''બેસની, ડીકરા ! એકલો જ આવ્યો છે કે પછી સાથે પિસ્તોલ-બિસ્તોલ લઈને આવેલો છે ? તું ડીકરો છે કે પછી ડારૂખાનું એની જ સમજ ની પડતી !''

દાદાભાઈ ફાંકડું અંગ્રેજી બોલી શકતા હતા, પણ જ્યારે કોઈ દેશવાસીને મળવાનો પ્રસંગ આવતો, ત્યારે એમની જીભ ઉપર હિંદી-ગુજરાતીના મિશ્રણવાળી 'પારસી' ભાષા ગોઠવાઈ જતી.

સાવરકર દાદાભાઈની ભવ્ય મૂર્તિને અહોભાવપૂર્વક જોઈ રહ્યા. એમનો કરચલીવાળો ચહેરો, ચશ્માંમાંથી ટપકતી ઉંમરે બક્ષેલી જ્ઞાનવૃદ્ધ નજર અને લાંબી સફેદ ફરફરતી દાઢી એમના ઊંચા ટટ્ટાર દેહને અનેરી ભવ્યતા બક્ષતાં હતાં.

સાવરકરે બેઠક લીધી, ''સર ! આજના અખબારમાં મેં આપનું નિવેદન વાંચ્યું.''

''કેવું લાગ્યું ? અહીંના છાપાવાળાઓ તો ભડકી ગયા છે અને લિબરલ પાર્ટી પણ મારી ઉપર માછલાં ધોવા માટે ટાંપીને બેઠી છે.''

સાવરકરે સોગઠી મારી, ''એ જ લિબરલ પાર્ટીને, જેણે તમને ચૂંટણીમાં જિતાડીને પાર્લામેન્ટમાં મોકલ્યા હતા ? અને ત્યારે તમે પણ અંગ્રેજોનાં ગુણગાન ગાવામાંથી ઊંચા ન'તા આવતા ! હવે જ્યારે તમને ચૂંટણીમાં પરાજય મળ્યો, ત્યારે ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ યાદ આવ્યો ?''

દાદાભાઈ ગૂંચવાઈ ગયા, ''એવું નથી, ડીકરા ! હું તો માત્ર અંગ્રેજોને તારા જેવા હિંસક ક્રાંતિકારીઓથી ચેતવી રહ્યો છું. બાકી હું તો આજે પણ માનું છું કે અંગ્રેજોનું શાસન દૈવી શાસન છે. જો એ લોકો હિંદમાં ન્યાયપૂર્ણ વહીવટ આપે, તો આપણા માટે પૃથ્વીના અંત સુધી એમનાથી બહેતર બીજો કોઈ વિકલ્પ નથી. જો અંગ્રેજો મારા જેવાનું નહીં સાંભળે, તો પછી તારા જેવાનું સાંભળવું પડશે.''

''ધેર યુ આર, સર !'' સાવરકર કૂદી પડ્યા, ''તમે એટલું તો સ્વીકારો છો કે અંગ્રેજોને ધમકી આપવા માટેય અમારા જેવા હિંસાખોરોની તમને જરૂર પડે છે અને એ બહાને આજે પહેલી વાર તમે ૧૮૫૭ના 'બળવા'ને સ્વાતંત્ર્ય-સંગ્રામ તરીકે સ્વીકારી લીધો છે ! મારા મતે આ બીજું કશું નથી, પણ તમારો પરાજય છે અને અમારી જીત છે.''

''મારો પરાજય ?''

''હા, તમારી નમાલી નીતિનો પરાજય !'' તમે સંસદમાં જઈને શું ઉકાળ્યું એ મને કહેશો ? બ્રિટિશ પાર્લામેન્ટમાં દાખલ થયેલા પ્રથમ ભારતીય તરીકે તમારી ખ્યાતિના મોટાં-મોટાં ઢોલ પિટાયાં. અહીં અને હિંદમાં ઠેર-ઠેર જાહેર સન્માનો યોજાયાં, પણ તમારા કાર્યકાળમાં હિંદની તરફેણમાં તમે એક પણ ઠરાવ પસાર કરાવી શક્યા ? એક ઠરાવ... આઈ.સી.એસ.ની પરીક્ષા હિંદમાં લેવાવી જોઈએ... એ ઠરાવ તમે કાગળ ઉપર તો પસાર કરાવ્યો, પણ એનો અમલ ન થયો !''

"હા, મારી જિંદગીની એ સૌથી મોટી નિષ્ફળતા હતી, ડીકરા ! પણ એમાં મારા જ મુસ્લિમ મિત્રોએ ટાંગ અડાવી. એમનું કહેવું હતું કે જો આઈ.સી.એસ.ની પરીક્ષા હિંદુસ્તાનમાં લેવાનું શરૂ થશે, તો માત્ર હિન્દુ યુવાનો જ એમાં સફળ થશે. મુસલમાન કોમ પછાત હોવાથી એક પણ મુસ્લિમને આવડા મોટા અધિકારી બનવા નહીં મળે. ડીકરા, આ મુસલમાનોને અંગ્રેજ આઈ.સી.એસ.ના હાથ નીચે જીવવું પસંદ છે, પણ હિંદુ આઈ.સી.એસ.ની સત્તા મંજૂર નથી અને હું ક્યાં હિંદુ છું ? હું તો પારસી મૂવો છું ! તો પણ મારો વિરોધ ? આ મુસલમાનોને હું સમજી શકતો નથી !"

"એમને મારા સિવાય દુનિયામાં બીજું કોઈ સમજી શક્યું નથી, વડીલ ! એમને મન હિંદુ, ખ્રિસ્તી, શીખ, પારસી - આ બધા જ દુશ્મનો છે. જગતના કેન્વાસ પર એમને માત્ર લીલો રંગ જ પસંદ છે. મને આજે જે સમજાઈ રહ્યું છે એ વિશ્વને સો વર્ષ પછી દેખાશે !" સાવરકરની આંખોમાં ભગવા રંગના ભડકા ઊઠ્યા. પોતાને જે કહેવું હતું એ કહીને એ ઊભા થયા. દાદાભાઈને પ્રણામ કરીને એ ચાલી નીકળ્યા.

બે ઈતિહાસ-પુરુષો છૂટા પડી રહ્યા હતા, ત્યારે સમયની સપાટી ઉપર વિધાતા અફર અક્ષરે ભવિષ્યવાણી લખી રહ્યો હતો, "દાદાભાઈનો યુગ હવે આથમી રહ્યો છે અને સાવરકરનો સમય જાગી રહ્યો છે."

* * *

સાવરકર વિલાયતમાં સત્તાવાર રીતે બૅરિસ્ટરનું ભણવા માટે ગયા હતા. જો કે એમનો ખરો ઉદ્દેશ બીજો જ હતો, પણ દેખાવ ખાતર પણ બૅરિસ્ટર બનવા માટેનો જાહેર અભિનય તો કરવો જ પડે. એ માટે કોઈ વિધિસરનો અભ્યાસ જરૂરી ગણવામાં નહોતો આવતો. વિદ્યાર્થીએ કોઈ પણ એક માન્ય 'ઈન' (Inn) ના સભ્ય બનવું પડતું. વર્ષમાં જે પાંચ-દસ ભોજન સમારંભો ગોઠવાય, એમાં ભાગ લેવો પડતો. એ પછી જ એને બૅરિસ્ટરની ઉપાધિ આપવામાં આવતી. સાવરકરે પણ 'ગ્રેઝ ઈન'માં પ્રવેશ મેળવી લીધો.

પણ એમની બાજ નજર એ સમયના અન્ય ભારતીય યુવાનો શું કરે છે એની ઉપર મંડરાતી રહેતી હતી.

સાવરકરની દેશભક્તિ સો ટચના સોના જેવી હતી. બીજાની દેશભક્તિને એ પોતાના માપદંડથી પ્રમાણતા રહેતા હતા અને એમનું નિરીક્ષણ તદ્દન તટસ્થ હતું.

એમના મતે શ્યામજી કૃષ્ણવર્માની રાજનીતિ બાકીના તમામ નેતાઓ કરતાં પંદર વર્ષ જેટલી આગળ હતી. બિપીનચંદ્ર પાલ શ્યામજી કરતાંયે વધારે દીર્ઘદ્રષ્ટા હતા. સૌ પ્રથમ વાર અસહયોગની મૌલિક વાત (Passive resistance) ના નામથી

બિપીનચંદ્ર પાલે રજૂ કરી હતી. નિઃશસ્ત્ર વિરોધની વાત પણ એમના જ તેજસ્વી દિમાગની નીપજ હતી. મોહનદાસ ગાંધી નામના એક કાઠિયાવાડી બૅરિસ્ટર તો એના દોઢ-બે દાયકા પછી બિપીનચંદ્ર પાલના આ બે મુદ્દાઓને 'હાઈજેક' કરીને 'અસહકાર' તેમજ 'અહિંસક સત્યાગ્રહ'ના નામે દેશવાસીઓ સામે મૂકવાના હતા અને ૧૮૮૫માં અંગ્રેજ પીઢુઓ દ્વારા સ્થાપવામાં આવેલી 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ' આ બંને મુદ્દાઓનો શત-પ્રતિશત યશ મિ. ગાંધીને આપી દેવાની હતી.

''મને જાણવા મળ્યું છે કે આ ગાંધી તો અંગ્રેજ શાસનના હિમાયતી છે !'' સાવરકરે એક મિત્ર સાથે ચર્ચા છેડી.

''હા, મેં પોતે થોડાં વરસો પહેલાં લંડનમાં એક જાહેર સભામાં એમને ટટ્ટાર છાતી અને ગૌરવાન્વિત મસ્તકે 'લોંગ લિવ ધી કિંગ' ગાતાં જોયેલા છે.''

''તો પછી અત્યારે એ આટલા બધા આગળ કેમ આવી ગયા છે ?''

''એ ગોખલેજીને અતિશય પ્રિય છે ને, માટે. જાણો છો ગોખલેજી ગાંધી માટે શું કહે છે ?''

''સંભળાવો.''

''ગોખલેજી કહે છે કે આગળ જતાં આ ગાંધી સામાન્ય માણસોનો અસામાન્ય નેતા બની જવાનો છે.''

''જો ખરેખર એવું થાય તો મને ખૂબ જ ગમશે.'' સાવરકર જવાબ આપીને ત્યાંથી ઊભા થઈ ગયા. પછી જાત સાથે વાત કરતા હોય એમ બબડ્યા, ''મને ભય એ વાતનો છે કે હિંદના કરોડો સામાન્ય પ્રજાજનોના અસામાન્ય નેતા બનવાની લાહ્યમાં આ ગાંધી ક્યાંક મારા જેવા થોડાક અસામાન્ય માણસો માટે બહુ સામાન્ય કક્ષાનો માણસ ન બની જાય ! જો એમ થશે તો એ દિવસ હિંદુસ્તાન માટે તો ખરાબ હશે જ, પરંતુ હિંદમાં વસતા કરોડો હિંદુઓ માટે પણ ખતરા સમાન હશે.''

* * *

સાંજનો સમય હતો. પં. શ્યામજી કૃષ્ણવર્માનો નોકર આવીને એક ચિઠ્ઠી આપી ગયો. એમાં લખેલું હતું, ''સાવરકર, આજે સાંજે મારા ઘરે ચા પીવા માટે આવવું ફાવશે ? દાદાભાઈ આવવાના છે. એમની સાથે પેરીસથી આવેલાં એક બાનુ પણ હશે. તું આવ; એમની સાથે ચર્ચા કરવાની મજા આવશે.''

સાંજે સાવરકર નિર્ધારિત સમય કરતાં પાંચેક મિનિટ વહેલા પહોંચી ગયા. જલપાન કરી રહ્યા હતા, ત્યાં જ બગીમાં બેસીને દાદાભાઈ નવરોજી પણ આવી પહોંચ્યા. દાદાભાઈ અત્યારે વધુ ઘરડા દેખાઈ રહ્યા હતા. સુદીર્ઘ રાજકીય કારકિર્દીના અંતિમ પડાવ ઉપર એ કંઈક હતાશ લાગતા હતા. એમની બાજુમાં જ એક પાશ્ચાત્ય

કેશભૂષામાં સજ્જ, ગોરી, દેખાવડી, કંઈક અંશે કૃશ અને જાણે હમણાં જ માંદગીમાંથી ઊભી થઈ હોય એવી એક સુખી જણાતી મહિલા હતી. એણે ધારણ કરેલી પારસી ઢબની સાડી કહી આપતી હતી કે એ મહિલા પણ દાદાભાઈની કોમની જ હોવી જોઈએ.

પં. શ્યામજીએ ઊભા થઈને મહેમાનોને આવકાર આપ્યો. સાવરકરે નીચા નમીને દાદાભાઈને પ્રણામ કર્યા.

દાદાભાઈ એને ઓળખી ગયા, ''તું સાવરકર તો નહીં ?''

''હા, એ જ સાવરકર જે એક વાર આપને મળવા આવ્યો હતો. આજે બીજી વાર મને આપના દર્શનનો લાભ મળ્યો.''

''આ બીજી વારનું જ નહીં, પણ છેલ્લી વારનું દર્શન છે, દીકરા ! હું હવે બૅગ-બિસ્તરા ભરીને હિંદુસ્તાન ભેગો થવામાં છું. એટલે તો આ ગુજરાતીએ મને ચાય ઉપર બોલાવ્યો છે અને આ મારી સાથે આવ્યાં છે એ બાનુને તો તું કયાંથી મળ્યો હોઉં ? શ્યામજી, આ છોકરાને મેડમની ઓળખાણ તો કરાવો !'' દાદાભાઈ આટલું બોલતાંમાં હાંફી ગયા. પાટ ઉપર બેસી ગયા.

પં. શ્યામજીએ સાવરકરને મહેમાનની ઓળખાણ આપી, આ છે લેડી ભીકાજી કામા. પેરીસથી પધાર્યા છે. મુંબઈના ધનકુબેર રૂસ્તમજી કામાનાં તેઓ ધર્મપત્ની છે, પરંતુ નાદુરસ્ત તબિયતને લઈને ડૉકટરોની સલાહ અનુસાર તેઓ હાલમાં ફ્રાંસમાં રહે છે. પ્રખર દેશભકત સન્નારી છે.''

પછી પં. શ્યામજી મેડમ કામા તરફ ફર્યા, ''મેડમ, આ છોકરો હિંદના ભવિષ્યની આશા છે; પણ એની તકલીફ એ છે કે એને અહિંસામાં રતીભાર પણ વિશ્વાસ નથી. એ તિલક, પાલ અને લજપતરાયને તો આદર આપે છે, પણ બાકીના...''

મેડમ કામાએ હાથ લંબાવ્યો. સાવરકરે હસ્તધૂનન કરવાને બદલે મેડમનો હાથ પોતાના બેય હાથોમાં પકડી લીધો અને એની ઉપર પોતાનું માથું ઝૂકાવી દીધું.

''માય સન ! તું મર્દ મરાઠો છે ને ? એટલે તને મરવા - મારવામાં વધુ શ્રદ્ધા છે. ટિળક મહારાજ પણ તમારા જ છે ને ? પણ એ ન ભૂલતો કે ગોખલેજી મહારાષ્ટ્રિયન જ છે અને અમારા જેવા અસંખ્ય દેશભકતોના પ્રણેતા ગોખલેજી સિવાય બીજું કોઈ નથી. ભારતમાં આઝાદી આવશે. જરૂર આવશે. ઍન્ડ ઈટ વિલ બી એ બ્લડલેસ રિવોલ્યુશન ! મારા શબ્દો યાદ રાખજે. અંગ્રેજો સાથે હથિયાર ઉઠાવવાની મૂર્ખામી ન કરીશ. એમની 'તલવાર' બહુ લાંબી છે અને બહુ તેજ છે.''

સાવરકરે દલીલ ન કરી, માત્ર એક જ વાકયમાં આટોપી લીધી, ''એ વાંતની ખાતરી કેવી રીતે થાય....પારખું કર્યા વિના ?''

* * *

સાંજે પં. શ્યામજી કૃષ્ણવર્માના ઘરે યોજાયેલી ચાની બેઠકમાંથી છૂટીને સાવરકર પાછા 'ઈન્ડિયા હાઉસ'માં આવી ગયા. ભોજન પતાવીને મોડી રાતે એ બહાર જવા નીકળ્યા.

આખું લંડન બર્ફીલી ઠંડીમાં પથારીભેગું થઈ ચૂકયું હતું, ત્યારે સાવરકર ગરમ કોટ અને વાંદરાટોપી ઉપરાંત શરીર પર મોટો ગરમ ધાબળો લપેટીને એક એકાંત જગ્યાએ ભેદી મુલાકાત માટે જઈ રહ્યા હતા.

બધું જ પૂર્વઆયોજિત હતું. પોલીસની નજર ન પડે એવી નિર્જન જગ્યા. અંધારો ખૂણો. ધાબળા ઓઢીને ઊભેલા બે શ્યામરંગી પુરુષો.

''આવી ગયા તમે ?'' સાવરકરને જોઈને એક ઓળો આગળ આવ્યો.

''હા, હું સાવરકર. તું બાપટ જ ને ?'' સાવરકરે અંધારામાં આંખો ખેંચી, ''અને તારી સાથે કોણ છે ?''

''એ બંગાળી છોકરો છે. નામ હેમચંદ્ર દાસ.''

''તારો વિશ્વાસુ છે ?''

''હા, કોલકત્તાની 'માણિકતલ્લા' સંસ્થાએ એને મોકલ્યો છે. અને બંને રાજીખુશીથી તમારા 'અભિનવ ભારત'માં જોડાવા માગીએ છીએ.''

''એ માટે શપથ લેવા પડશે.''

''કબૂલ છે.''

''માણસને મારવાની હિંમત છે ને ? લોહી જોઈને ડરી તો નહીં જાવ ને ?'' સાવરકર સાથીદારોની કસોટી કરતા હતા.

બાપટે જવાબ આપવાને બદલે ઈશારો કર્યો. એની પડખે ઊભેલા હેમચંદ્ર દાસે ધાબળામાં લપેટેલો જમણો હાથ બહાર કાઢ્યો. એની હથેળીમાં કશુંક હતું.

સાવરકરે પૂછયું, ''એ શું છે ?''

''બૉંબ.'' દાસની આંખોમાં હોળીની આગ હતી, ''મેં જાતે બનાવ્યો છે. જો આજ્ઞા આપો તો અત્યારે જ કોઈ અંગ્રેજના ઘર ઉપર...''

સાવરકરે બે હાથ ફેલાવ્યા. એમની છાતીમાં બે ધાબળા સમાઈ ગયા.

૦ ૦ ૦

૧૩. દુશ્મનોના દેશમાં

''મિત્રો, હું વી. ડી. સાવરકર 'ફ્રી ઈન્ડિયા સોસાયટી'ની આજની બેઠકમાં આપ સૌનું રક્તિમ સ્વાગત કરું છું. તમે જાણો જ છો કે 'અભિનવ ભારત' એ આપણી ગુપ્ત સંસ્થા છે અને 'ફ્રી ઈન્ડિયા સોસાયટી' એ એની જાહેર અભિવ્યક્તિ છે. વાસ્તવમાં આ એક ભરતી માટેનો મંચ છે. તમે બધા સમયની કસોટી ઉપર ખરા ઊતરેલા સાથીદારો છો, છતાં હું આખરીવાર તમને ચેતવી રહ્યો છું; તમે દેશભક્તિના દઝાડનારા અગ્નિમાં પગ મૂકી રહ્યા છો. પોતાની કબરમાં ડોકિયું કરવાની હિંમત ધરાવતા હોય એ મિત્રો જ મારી સાથે હાથ મેળવવાનો વિચાર કરે ! જેમને મૃત્યુ વિનાની જિંદગીમાં રસ હોય, જેમને બહુ ઝડપથી મરી જઈને બહુ લાંબા સમય સુધી અમર બની રહેવાની તમન્ના હોય એ જ મિત્રો મારી સફરમાં સામેલ થાય. તમને આપવા માટે ઈતિહાસનાં પાનાંઓ સિવાય મારી પાસે બીજું કશું જ નથી.''

૧૯૦૭ની એક બર્ફીલી સાંજે 'ઈન્ડિયા હાઉસ'માં યોજાયેલી એક ખાનગી બેઠકમાં સાવરકરના એ તેજસ્વી શબ્દો સાંભળીને સામે બેઠેલી અઢાર-વીસ વ્યક્તિઓનાં ખૂન નસોમાં વહેતો લાવારસ બની ગયાં.

છેલ્લા એક વર્ષથી સાવરકર આ ક્ષણની પ્રતીક્ષા કરતા રહ્યા હતા. એમને સાથીદારો જોઈતા હતા, સૈનિકો જોઈતા હતા, સેનાપતિઓ જોઈતા હતા અને સર પર કફન બાંધીને નીકળી પડેલા શૂરવીરો જોઈતા હતા. પૂરા દોઢ વર્ષની તલાશ પછી આ અઢાર જેટલાં રત્નો સાંપડ્યા હતાં. ભારતથી આવેલા અને વિલાયતમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના હૃદય-દ્વારે વિનાયક ટકોરા મારી ચૂકયા હતા. ઓછામાં ઓછું એક વાર તો એ બધાંને એણે ઉથલાવી જોયા હતા. એમના આમંત્રણને માન આપીને તમામ યુવાનો સાવરકરને મળી ગયા હતા. મેઓ, ઑકસફર્ડ, કેમ્બ્રિજ, ગ્રેઝ ઈન, ટેમ્પલ ઈન તથા અન્ય યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓમાંથી જુવાનિયાઓ ઊમટી પડ્યા હતા. એમાંના કોઈકે દાદાભાઈ અને ગોખલે જેવા 'નરમ દલના' સમર્થકો હોવાનું જાહેર કર્યું હતું, તો મોટાભાગનાએ સાવરકરના 'ગરમ દલ' ઉપર પસંદગી ઉતારી હતી.

માત્ર એક જ વિદ્યાર્થી આ બંને પ્રવાહોથી અલિપ્ત રહ્યો હતો. ''મારા પિતાજીએ મને કોઈ પણ જાતની રાજકીય પ્રવૃત્તિથી દૂર રહેવાની સૂચના આપેલી છે. મારી સંપૂર્ણ વફાદારી માત્ર અંગ્રેજો પ્રત્યે જ છે અને રહેશે.'' આવો સંદેશો મોકલનાર અઢાર વર્ષનો યુવાન ગર્ભશ્રીમંત ખાનદાનનો નબીરો હતો. એ અંગ્રેજ પરિવારોમાં પેઈંગ ગેસ્ટ બનીને રહેતો હતો, અંગ્રેજો કરતાં પણ કીમતી પાશ્ચાત્ય પોષાક પહેરતો હતો, સવાયું અંગ્રેજી બોલતો હતો અને દોઢું અંગ્રેજી જીવતો હતો. એના મિત્રો પણ બધા અંગ્રેજો હતા. એની ટેબલ મૅનર્સ અને પાર્ટી મૅનર્સ અંગ્રજો માટે પણ અનુકરણનો વિષય હતી.

આઝાદી માટે પ્રાણોની બાજી લગાવીને મૃત્યુને ભેટવા નીકળેલા રાષ્ટ્રભકત યુવાનોથી સંપૂર્ણ સલામત અંતર જાળવી રાખનાર એ ગર્ભશ્રીમંત નબીરાનું નામ હતું : જવાહરલાલ મોતીલાલ નહેરુ.

(એવું પણ નહોતું કે જવાહરે સાવરકરવાદીઓથી જ દૂર રહેવાનું સ્વીકાર્યું હતું; પોતાના વિલાયત-કાળ દરમિયાન એ અહિંસક ચળવળથી પણ જોજનો જેટલા દૂર રહ્યા હતા.)

એક - દોઢ વર્ષની પરસેવાભરી જહેમત પછી જે જાંબાઝ જુવાનો તૈયાર થાય એમને આજની બેઠકમાં બોલાવીને સાવરકરે આખરી વાર ચેતવી જોયા. પછી એમણે એક-એક વ્યકિતની આંખમાં નજર રોપી. સામેથી સરફરોશીના લાલચોળ ભડકા ઊઠતા દેખાયા.

સૌથી પહેલાં ઊભો થયો એક જુવાન, ''હું, ભાઈ પરમાણંદ, અત્યાર સુધી મારી રીતે માતૃભૂમિની આઝાદી માટે કાર્ય કરતો હતો, પણ સાવરકરના તેજસ્વી વ્યકિતત્વથી આકર્ષાઈને હું હવે પછી એની સરદારી હેઠળ કામ કરવાનું સ્વીકારું છું. સાવરકરનો શબ્દ એ મારી જિંદગી હશે અને એમની આજ્ઞા એ મારું મોત હશે.''

બીજો યુવાન ઊભો થયો, ''હું લાલા હરદયાલ, દિલ્હીનો કાયસ્થ છું. ભાઈ પરમાણંદ મારો મિત્ર છે. આજથી એનો નેતા એ મારો પણ નેતા. વિનાયકનું વાકય અને આ લાલાનું લોહી !''

એક જોશીલો બંગાળી જુવાન કૂદીને આગળ ચાલ્યો, ''હું સરોજિની નાયડુનો સગો ભાઈ છું. નામ વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય. મિડલ ટેમ્પલ ઈનમાં કાયદો ભણવા આવેલો, પણ આજથી કાયદો તોડવાનું કામ સ્વીકારું છું. વિનાયકને મારી વિનંતી છે કે એણે સ્થાપેલી શહાદત માટેની સાવરકર યુનિવર્સિટીમાં એ મારું નામ પણ સામેલ કરે.''

તાળીઓનો ગડગડાટ થયો. એક પછી એક દૂધમલ બેટડાઓ ઊભા થતા ગયા અને મા ભારતીની મુકિતના યજ્ઞકાર્યમાં પોતાનું રકત નોંધાવતા રહ્યા. સાવરકરની

એક ટકોર ઉપર પોતાના શરીર પરથી કીમતી ફેશનેબલ અંગ્રેજી વસ્ત્રો ફેંકી દઈને શુદ્ધ હિંદુસ્તાની વેશભૂષા અપનાવી લેનાર રંગૂનથી આવેલો વકીલ વી. વી. એસ. ઐયર સાવરકરની તલવાર પર પોતાનું મસ્તક ધરી ગયો. લીમડીના રાજવી પરિવારનો લાડકરે સરદારસિંહ રાણા એની જિંદગીનાં અઠ્ઠાવીસ વરસ વિનાયકના ચરણોમાં મૂકી ગયો. ધનથી ફકીર પણ ઈચ્છાશક્તિનો અબજપતિ જ્ઞાનચંદ વર્મા, જે અંગ્રેજોની માલિકીની સ્ટીમરમાં કોલસા નાખવાની મજૂરી કરતો હતો અને એના દહનમાંથી જે પૈસા કમાતો હતો એ બૅરિસ્ટર બનવા માટે ખર્ચ કરતો હતો. એ આજે સાવરકર નામની સળગતી ભઠ્ઠીમાં પોતાના શરીરની આહુતિ અર્પવા માટે તૈયાર થઈ ગયો.

સાવરકરે એના ત્યાગ અને સ્વાર્પણની કદર કરી. એને 'અભિનવ ભારત'નો મંત્રી બનાવ્યો.

એક પી. એમ. બાપટ નામનો જ્વાળામુખી ઊભો થયો, ''શ્રીમાન્ સાવરકર, હું તમામ અર્થોમાં તમને અનુસરતો આવ્યો છું.''

''ફોડ પાડીને સમજાવો,'' સાવરકરે ઝીણી આંખે સવાલ કર્યો.

''હું પણ પુણેનો વિદ્યાર્થી. મને પણ કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવેલો. હું અહીંની એડિનબરોમાં અભ્યાસ માટે જોડાયો છું. હું પણ તમારી જેમ હિંસામાં વિશ્વાસ ધરાવું છું. તાજેતરમાં જ મારો એક લેખ વાંચીને અંગ્રેજો ભડકી ઊઠ્યા છે.''

''લેખનું શીર્ષક શું છે ?''

''ખૂન વાજબી છે !'' બાપટનું વાકય સાંભળીને સભામાં હસાહસ થઈ ગઈ. સાવરકર પણ હસી પડ્યા.

''બહુ સરસ. તમે ચાલશો એની મને ખાતરી છે. તમને હું મારા સેનાપતિપદે નિયુક્ત કરું છું.''

તમિળ પત્રકાર એમ. પી. ટી. આચાર્ય મહારાષ્ટ્રના જાણીતા જજનો તેજસ્વી પુત્ર ડબલ્યુ. વી. ફડકે, ચેન્નાઈથી આવેલો ડૉ. રાજન, દખ્ખણનો કે. વી. આર. સ્વામી, સેન્ટ્રલ પ્રોવિન્સનો શુકલા, બંગાળનો સુખસાગર દત્તા, મુસ્લિમ સિકંદર હયાતખાન, અસફઅલી તેમજ એક અન્ય મિ. ખાન ! જાતિ, ધર્મ, પ્રાંત બધું અહીં ઓગળી ગયું હતું અને બત્રીસ લક્ષણા યુવકોના લાલચટ્ટાક રક્તમાંથી આઝાદ હિંદુસ્તાનનો એક આદર્શ નકશો ઊભરી રહ્યો હતો.

''અકબરના દરબારમાં નવ રત્નો હતાં. મારે અઢાર જોઈએ છે. સોળ થયા. હજુ બે ખૂટે છે.''

''હું આવી ગઈ છું.'' બારણાંમાંથી સ્ત્રી સ્વર સંભળાયો. એક જાજરમાન મહિલા મોડી પડવાને કારણે હાંફતી-હાંફતી આવીને મોખરાની પંક્તિમાં બેસી ગઈ.

સાવરકરના આશ્ચર્યનો કોઈ પાર ન હતો, ''મેડમ કામા ? તમે ? તમે તો દાદાભાઈની લિબરલ વિચારધારાનાં અનુયાયી...!''

''અત્યાસ સુધી હતી. હવે હું સાવરકરના ગરમદલની સભ્ય છું. મારા આદર્શ નાયક, મને આદેશ આપો ! મને હાથમાં શું આપશો; બંદૂક કે બૉંબ ?''

''સ્ત્રીના હાથમાં શસ્ત્ર ન શોભે, બાનુ !''

''તો શું શોભે ?''

''દેશનું સન્માન,'' સાવરકરે અકળ સ્મિત કર્યું, ''નિકટના ભવિષ્યમાં જર્મનીના સ્ટટગાર્ડ શહેરમાં 'ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કૉંગ્રેસ'નું અધિવેશન ભરાવાનું છે. એમાં આપણું પ્રતિનિધિત્વ કરવાની જવાબદારી હું તમને સોંપું છું. તમારી સાથે સરદારસિંહ રાણા રહેશે.''

''આ તો મારું માન થયું, પણ દેશના સન્માનનું શું ?'' આ પ્રશ્ન પૂછતાં મેડમ ભીકાજી કામાના વદન ઉપર દેશભક્તિની લાલિમા પ્રસરી ગઈ.

અને જવાબ આપતાં સાવરકરના બદનમાં વીજળીનો સંચાર થઈ રહ્યો, ''એ અધિવેશનમાં તમારે ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો છે. અધિવેશનને આડે ગણતરીના દિવસો બચ્યા છે. ત્યાં સુધીમાં આ વિનાયકના હસ્તે હિંદુસ્તાનના પ્રથમ રાષ્ટ્રધ્વજની રચના થઈ જશે. બાવીસમી ઑગસ્ટે સ્ટટગાર્ડમાં આખું વિશ્વ એકઠું થયું હશે. અંગ્રેજો પણ ત્યાં હાજર હશે. મને વિશ્વાસ છે કે ભારતની આઝાદીનો ઠરાવ અંગ્રેજો પસાર નહીં થવા દે, પણ તમારે બે કામ કરવાનાં છે. કરી શકશો, મેડમ ?''

''મારવાનું કે મરવાનું ? કહેશો તો બેય કરીશ !''

''એ તો સહેલાં કામો છે, સાવરકરના આદેશો અઘરા હોય છે.''

''અજમાવી જુઓ.''

''ત્યાં ગમે તેવું દબાણ આવે, પણ તમારે ઊભા થઈ જવાનું છે. તમારા બંને હાથોમાં સંતાડેલો ધ્વજ હશે, એ તમારે ઊભા થઈને લહેરાવવાનો છે. અને આખા જગતના પ્રતિનિધિઓની હાજરીમાં મોટેથી ઉચ્ચારવાનું છે : 'હું હિંદુસ્તાની આઝાદીની ઘોષણા કરું છું !' બોલો, થઈ શકશે આટલું ?''

''થઈ ગયું સમજો, સાવરકર ! ત્રેવીસમી ઑગસ્ટનાં વિશ્વભરનાં અખબારો ઉથલાવી જોજો !. મેડમ કામા દેખાશે કે નહીં એ હું નથી જાણતી, પણ એટલું

જાણું છું કે તમામ અખબારોમાં ભારતની આઝાદીનો ઝંડો ફરકતો હશે.'' મેડમ કામાની પ્રતિજ્ઞા સાંભળીને હાજર હતા એ તમામનાં લોહી ગરમ થઈ ગયાં.

પણ સાવરકરને હજુ સંતોષ ન હતો, ''સત્તર થયા. હજુ અઢાર રત્નોમાં એક ખૂટે છે.''

ક્યાંક દૂરના ખૂણામાંથી અવાજ આવ્યો, ''ભળવામાં નથી ખૂટતો, ગણવામાં ખૂટે છે.''

''એ કોણ બોલ્યું ?''

જવાબમાં એક દેખાવડો, ચબરાક યુવાન ઊભો થયો, 'હું બોલ્યો'' સૌનાં ડોકાં બોલનારની દિશામાં ઘૂમરાયાં. સાવરકર એ યુવાનના સોહામણા ચહેરા પર રમતા રમતિયાળ સ્મિતને જોઈ રહ્યા. એણે કીમતી વસ્ત્રો ધારણ કરેલાં હતાં. સુખી ઘરનો શોખીન નબીરો હોય એવો એનો દેખાવ હતો.

સાવરકરને આ જુવાનની નિષ્ઠા પ્રત્યે શંકા ઉદ્‌ભવી, ''આ ફરવા માટેનો બગીચો નથી, મરવા માટેનું રણમેદાન છે.''

''જાણું છું. કદાચ આ બધા અહીં ફરવા માટે આવ્યા હશે; હું તો મરવા માટે જ આવ્યો છું,'' યુવાન હજુયે હસી રહ્યો હતો.

''ક્યારેય લોહી જોયું છે ?''

''લોહી પણ જોયું છે અને પાણી પણ ! મારે મન બેઉ સરખાં છે !'' યુવાન જાણે સાવરકરની મશ્કરી કરતો હોય એમ હસી રહ્યો હતો !

''અહીં પધારો ! હું તમને લોહી બતાવું !'' સાવરકરે સ્વરમાં સખતાઈ ભેળવીને આદેશ આપ્યો.

જુવાન જાણે એની પ્રેમિકાને મળવા જતો હોય એવી અદાથી કાળા, રેશમી વાળને ઝટકો આપતો દસ ડગલાં ચાલીને આગળ આવ્યો. હસીને ઊભો રહ્યો, ''હવે બતાવો ! ક્યાં છે લોહી ? આટલામાં ક્યાંય મરઘી કે બકરી તો દેખાતાં નથી...''

ધુંધવાયેલા સાવરકરે આજ્ઞા આપી, ''તમારો જમણો હાથ આ ટેબલ ઉપર મૂકો ! મુઠ્ઠી બંધ રાખીને નહીં ! ખુલ્લી હથેળી... ઊંધી કરીને... હા, બરાબર એ રીતે...'

આટલું કહીને સાવરકરે ઓરડામાં આમ-તેમ નજર દોડાવી. સામે એક ખૂણામાં સુથારીકામનો કોથળો પડેલો હતો. એમાંથી એક લાંબો, જાડો, અણીદાર સોયો એમણે શોધી કાઢ્યો. એમને હતું કે આ સોયો જોઈને જ પેલો જુવાન ડરી જશે. પણ એ તો હજુ પણ હસતો જ હતો !

''જોજે, હં...! આ સોયો હમણાં તારી હથેળીમાં ભોંકી દઉં છું. ! લોહીનાં બે ચાર ટીપાં નીકળશે, એ જોઈને...''

જવાબમાં શબ્દો ન સંભળાયા, માત્ર નફિકરું હાસ્ય દેખાયું.

કંઈક ગુસ્સાથી, કંઈક ગણતરીપૂર્વક સાવરકર આ યુવાનની કસોટી કરવાના કાર્યમાં આગળ વધ્યા. એમણે સોયો પકડીને ઊંચો કર્યો અને પછી એક જોરદાર પ્રહાર વડે કસરતી હાથનો હથોડો ટેબલ પર ધરેલી હથેળી ઉપર ઠોકી દીધો. લાંબો ધારદાર સોયો એ કોમળ હથેળીને વીંધીને આરપાર નીકળી ગયો. ઓરડામાંથી સત્તર ગળાઓમાંથી અરેરાટીના અવાજો ઊઠ્યા. માત્ર બે ગળાં શાંત હતાં. એક સાવરકરનું અને બીજું પેલા મર્દ જુવાનનું. એ તો હજુ પણ હસી રહ્યો હતો !

સાવરકરે સોયો બહાર ખેંચ્યો. હથેળીમાંથી લોહીનો ફુવારો છૂટ્યો. મેડમ કામા દોડી આવ્યાં. ઘવાયેલી હથેળીમાં ટચલી આંગળી જેવડું છિદ્ર પડી ગયું હતું અને એમાંથી ગરમ-ગરમ લોહી નળમાંથી વહેતા પાણીની જેમ દદડી રહ્યું હતું. મેડમ કામાએ પોતાનો હાથરૂમાલ બાંધીને વહેતું લોહી અટકાવ્યું. પછી સાવરકર સામે જોઈને મીઠો ઠપકો આપ્યો, ''સાવરકર ! નેતાએ આટલા ક્રૂર બનવાની જરૂર ખરી ?''

''હું ક્રૂર નહીં, પણ કઠોર બન્યો છું, બાનુ ! મને પશ્ચિમી પોષાક પ્રત્યે નફરત છે. આ જુવાનના રંગઢંગ જોઈને મારે એની નિષ્ઠાની કસોટી કરવી પડી.''

પેલો જુવાન હસતાં હસતાં પૂછી બેઠો, ''કસોટીનું પરિણામ તો કહી સંભળાવો, ગુરુજી !''

''પરિણામ એ જ કે જિંદગીમાં આજે પહેલી વાર કોઈએ સાવરકરની ધારણાને ખોટી સાબિત કરી છે; આજે મને સમજાયું કે કિનખાબનાં વસ્ત્રોની ભીતર કાળમીંઢ ખડક છુપાયેલો હોઈ શકે છે. તને હું સોમાંથી સો ગુણ આપું છું, પણ જુવાન, તારા આ વહેતા ખૂનનું નામ તો જણાવ !''

આ સવાલનો જવાબ સાંભળવા, એક શત-પ્રતિશત જવાંમર્દનું નામ જાણવા માટે એ ઓરડામાં ઉપસ્થિત તમામ દેશભક્તોના કાન સરવા થઈ ગયા. એમની સંપૂર્ણ ચેતના એમની કર્ણેન્દ્રિયમાં આવીને બેસી ગઈ. હવા થંભી ગઈ. એક ક્ષણાર્ધ માટે સમય અટકી ગયો.

યુવાને હસીને ઉત્તર આપ્યો, 'મારું નામ મદનલાલ ઢીંગરા !''

સાવરકરે એને છાતીમાં સમાવી લીધો. એના કાનમાં ગણગણ્યા, ''આજે મેં તારું લોહી વહાવ્યું છે, ભાઈ ! માઠું ન લગાડતો; બહુ જલદી તારા હાથે હું એક અંગ્રેજનું લોહી વહેવડાવવાનો છું.''

અને આ દશ્ય જોઈ રહેલા અદશ્ય સમયપુરુષે એની સામે પડેલાં ઈતિહાસનાં પૃષ્ઠો ઉઘાડ્યાં. એક સોનેરી પૃષ્ઠ ઉપર રકત ભરેલી કલમે નવો અધ્યાય લખ્યો : મદનલાલ ઢીંગરા !

* * *

"ચતુરભાઈ !" એક સવારે સાવરકરે એમના રસોઈયાને બૂમ મારી. ચતુરભાઈ અમીન ગુજરાતનો હતો. દેખાવ ખાતર એ સાવરકરનો રસોઈયો બન્યો હતો, પણ વાસ્તવમાં એમનો સાગરીત હતો. પ્રખર દેશભકત અને ક્રાંતિકારી હતો.

"હા, માલિક ! રાત્રે ભોજનમાં શું બનાવવાનું છે ?" કહેતાં ચતુરભાઈ દોડી આવ્યા.

"અહીંની રસોઈની ચિંતા તું છોડી દે ! તારે તાબડતોબ હિંદમાં ભૂખ્યાડાંસ બનીને બેઠેલા આપણા ભાઈઓને ભોજન પહોંચાડવા માટે પહોંચી જવાનું છે."

"સમજી ગયો, માલિક ! ભોજન માટેની સામગ્રીમાં શું શું છે ?"

"એક મોટી પતરાની પેટી છે. થોડી ફૂલવડીઓ છે અને લાડુ બનાવવાની રીત શીખવતી લેખન સામગ્રી છે, અને મારા પોતાના હસ્તાક્ષરોમાં લખાયેલાં કેટલાંક મરાઠી ભજનો છે. સાવધાની રાખીને બધું લઈ જવાનું છે."

"આપવાનું કોના હાથમાં ?"

"મારા મોટા ભાઈને હાથોહાથ આપજે. બાબાને તો તું ઓળખે છે ને ?"

"હા, એમને તો હું મળ્યો પણ છું." બીજે દિવસે ચતુર ઊપડી ગયો. પતરાની પેટી પૂરા જતનથી જાળવીને હિંદુસ્તાનની ધરતી સુધી પહોંચાડી દીધી. ગણેશ સાવરકરે પેટી સ્વીકારતી વખતે પૂછી લીધું, "તાત્યાએ કશું કહેવડાવ્યું છે ?"

"હા, પેટીમાં જે દેખાય છે તે નથી ! અને જે નથી દેખાતું તે છે !"

બાબાએ પેટીમાં 'દેખાતા' ગાભા કાઢીને દૂર કર્યા. અંદર છેક તળિયાના ભાગે આવેલા પતરા ઉપર ટકોર માર્યા. બોદો અવાજ સંભળાયો. થોડી વારની મથામણ પછી એમણે બનાવટી તળિયું ખેંચી કાઢ્યું. પેટીનું ચોરખાનું ઊઘડી ગયું. બાબા વિનાયકે મોકલાવેલી ખાદ્યસામગ્રી તપાસી રહ્યા.

વિદેશી બનાવટની ઓગણીસ રિવૉલ્વરો હતી. ગણેશ હસી પડ્યા. તો આ તાત્યાની ફૂલવડીઓ હતી ! અને કેટલાક કાગળોમાં બૉંબગોળા બનાવવાની રીત લખેલી હતી. તો આ હતી લાડુ રાંધવાની કળા ! અને ભજનોમાં શું હતું ?

બાબા દંગ રહી ગયા. વિનાયકે ઈટાલીના ક્રાંતિવીર જોસેફ મેઝિનીના જીવનચરિત્રનો જાતે અનુવાદ કરીને મરાઠી ભાષામાં લખી મોકલ્યો હતો. સાથે સૂચના - પત્ર પણ હતો.

બાબાસાહેબ વિનાયક લિખિત એ પ્રથમ પુસ્તક પુણે જઈને છપાવડાવ્યું અને નાસિક ખાતે પ્રકાશિત કરાવ્યું. પ્રગટ થતાંની સાથે જ એ મહારાષ્ટ્રના ઘરે-ઘરે પહોંચી ગયું. લોકોએ ત્રણ જ મહિનાની અંદર હજારો નકલો ખલાસ કરી નાખી. મેઝિનીના બહાને સાવરકરે આ પુસ્તકમાં બ્રિટિશરોની સામે લોહિયાળ ક્રાંતિ કરવાની દેશબાંધવોને પ્રેરણા આપી હતી. લોકોએ આ પુસ્તકની શોભાયાત્રાઓ કાઢી.

જાસૂસોએ સરકારને ચાડી ફૂંકી દીધી. તરત જ અંગ્રેજ સરકારે આ પુસ્તકના પ્રકાશન, વેચાણ અને વાંચન ઉપર પ્રતિબંધ લાદી દીધો.

પણ બાબાને સંતોષ હતો. તાત્યાએ કરવા ધારેલું કામ પૂરું થયું હતું, પણ એક વાતનું એમને આશ્ચર્ય થતું હતું.

એમણે ચતુરને ધમકાવ્યો, ''એલા ચતુરિયા ! સાચું બોલજે; પેટીના ચોરખાનામાંથી ઓગણીસ જ ફૂલવડીઓ કેમ નીકળી ? તાત્યાનું ગણિત આવું અપૂર્ણાંકવાળું તો ન જ હોય !''

ચતુર અમીને ચતુરાઈભર્યો જવાબ આપ્યો, ''ક્ષમા ચાહું છું, બાબાસાહેબ ! પણ એક ફૂલવડી મેં કાઢી લીધી છે. ભવિષ્યમાં કયારેય ભૂખ લાગે તો કામ લાગે ને ! એટલે...''

બાબાસાહેબ હસી પડ્યા, ''તાત્યા ! તાત્યા ! તું જબરો છે. જો આમ ને આમ ચાલતું રહેશે, તો એક દિવસ આખું હિંદુસ્તાન તેં મોકલાવેલી ફૂલવડીઓ ફોડતું થઈ જશે !''

* * *

પહેલી મે, ૧૯૦૭. આખા ઈંગ્લૅન્ડમાં અંગ્રેજો ૧૮૫૭ના ભારતીય વિપ્લવને પોતાની રીતે ઊજવતા હતા. એમના મતે ગણ્યા-ગાંઠ્યા વિદ્રોહીઓ પરના અંગ્રેજોના જ્વલંત વિજયનું આ સુવર્ણજયંતી વર્ષ હતું.

આ નગ્ન નાચથી સમસમી ઊઠેલા સાવરકરે દસમી મેના દિવસે એક નવતર કાર્યક્રમનું આયોજન કર્યું. એમાં લંડનમાં વસતા હિંદુસ્તાનીઓ ઉપરાંત હિન્દ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા કેટલાક અંગ્રેજો પણ હાજર રહ્યા. કેટલાકે એ દિવસે ઉપવાસ કર્યો, તો કેટલાકે પ્રતિજ્ઞાઓ લીધી. સાવરકરે દેશના એ પ્રથમ સ્વાતંત્ર્ય - સંગ્રામના શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પી.

''મિત્રો, અંગ્રેજ ઈતિહાસકારો જુઠ્ઠા છે. ૧૮૫૭નો વિપ્લવ એ ખરેખર સિપાહીઓનો બળવો ન હતો, રાજપાટ ગુમાવી બેઠેલા રાજાઓ કે બાદશાહોનો હૈયાબળાપો પણ ન હતો. વાસ્તવમાં આખા દેશમાં જન્મેલો, જાગેલો અને જામેલો એક જબરજસ્ત સંગ્રામ હતો. મારે આ વાત સિદ્ધ કરવા માટે એક અભ્યાસપૂર્ણ

ગ્રંથ લખવો પડશે. એ માટે હું અંગ્રેજોની લાઈબ્રેરીમાં ઘૂસીને એમના સરકારી દસ્તાવેજોનો અભ્યાસ કરીને, પુરાવાઓ એકઠા કરીને ટૂંક સમયમાં જ એક નવું પુસ્તક લખીશ.

અને એ પછી ૧૮૫૭ના આઝાદી સંગ્રામની કેડી ઉપર ચાલીને એ જ પ્રકારનું પણ એના કરતાં વધુ આયોજનપૂર્ણ સશસ્ત્ર યુદ્ધ આદરીશ. મને ખાતરી છે કે આપણો દ્વિતીય સ્વાતંત્ર્ય સંગ્રામ વિફળ નહીં જાય !''

સમારંભના અંતે સાવરકરે બધાંની છાતી ઉપર ધાતુના 'બેજ' ચોટાડ્યા, જેમાં ઝાંસીની રાણી, તાત્યા ટોપે અને નાના સાહેબનાં ચિત્રો દોરેલાં હતાં.

બીજા દિવસે ધમાકો બોલી ગયો. એક કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલે બે સાવરકરપ્રેમી વિદ્યાર્થીઓને ધમકાવ્યા, ''છાતી ઉપર આ લૂંટારાઓનાં અને ગૂંડાઓનાં ચિત્રો શા માટે લટકાવ્યાં છે ?''

એ યુવાનો હતા હરનામસિંહ અને ખાન. પચાસ વર્ષ પૂર્વે મૃત્યુ પામેલા હિંદુ શૂરવીરો માટે બોલાયેલા અપશબ્દો સાંભળીને એ શીખ અને મુસલમાન દેશભકતો ઊકળી ઊઠ્યા. ''ઝાંસીકી રાની ઝિંદાબાદ ! નાનાસાહેબ અમર રહો ! તાત્યા ટોપે ઝિંદાબાદ !''ના બુલંદ નારાઓ પોકારતા એ બંને નીકળી પડ્યા.

અંગ્રેજો હચમચી ઊઠ્યા. તપાસનું પગેરું છેક 'ઈન્ડિયા હાઉસ'ના દ્વાર પાસે જઈને ઊભું રહ્યું. એના માલિક તો પં. શ્યામજી કૃષ્ણવર્મા હતા. વાત એમની ધરપકડ સુધી પહોંચી ગઈ, પણ સાવરકરના જાસૂસો છેક બ્રિટિશ પોલીસદળ સુધી વ્યાપ્ત હતા.

સમયસર નિર્ણય લેવાઈ ગયો. ધરપકડ થાય તે પહેલાં જ પં. શ્યામજી કૃષ્ણવર્મા પોતાનું મહામૂલું 'ઈન્ડિયા હાઉસ' માનસપુત્ર વિનાયકના હવાલે કરી દઈને ફ્રાંસના પેરીસ શહેરમાં ચાલ્યા ગયા.

* * *

મધરાતના સમયે 'અભિનવ ભારત'ના સદસ્યોની એક તાકીદની બેઠક ભરવામાં આવી હતી. સાવરકરના વદન ઉપર ગાંભીર્યના ભાવો હતા.

''મિત્રો, આજની બેઠક 'ઈન્ડિયા હાઉસ'ને બદલે સિંકલેર હાઉસમાં શ્રીયુત્ બિપીનચંદ્ર પાલના ઘરે રાખેલ છે, એ વાત પરથી જ તમને ખ્યાલ આવી ગયો હશે કે અંગ્રેજ સરકારના જાસૂસોએ આપણી ઉપર નજર રાખવાનું વધારી દીધું છે.'' સાવરકરે શરૂઆત કરી.

''હા, સાવરકરજી ! મને શંકા છે કે 'ઈન્ડિયા હાઉસ'માં રહેલો એક ભારતીય ડેન્ટિસ્ટ અંગ્રેજ સરકારનો ગુપ્તચર છે. આપણી દરેક ગતિવિધિના સમાચાર એ

કાગળમાં લખીને પોલીસતંત્ર પહોંચાડતો રહે છે.'' જ્ઞાનચંદ વર્માએ એની પાસેની અદ્યતન ગુપ્ત માહિતી જાહેર કરી.

''જાણું છું.'' સાવરકરે એમનાં વિશાળ જડબાં દઢતાપૂર્વક ભીંસીને જવાબ આપ્યો, ''પણ એ દાંતિયા ડૉકટરને ખબર નથી કે મારો જાસૂસ એની પણ જાસૂસી કરી રહ્યો છે. એણે લખેલો પ્રત્યેક અહેવાલ મારી નજર તળેથી પસાર થયા પછી જ અંગ્રેજોની પોલીસના હાથમાં જાય છે.''

''હિંદુસ્તાનથી શા સમાચાર છે ?'' ઐયરે પૂછયું.

''થોડા આનંદના ને થોડા અફસોસના.'' સાવરકરે આગળની વાત કરતાં પહેલાં અવાજને વધારે ધીમો કર્યો, ''આપણે મોકલાવેલ ફૂલવડીઓ ઠેરઠેર ફૂટવા માંડી છે. શસ્ત્રોનો વધુ મોટો જથ્થો આપણે મોકલી આપવો પડશે. એના પૈસા માટે પણ સગવડ થઈ ચૂકી છે. પંડિતજી તો પુષ્કળ ધન આપી જ રહ્યા છે. વડોદરાના મહારાજા હાલમાં અહીં છે. હું એમને પણ મળી ચૂકયો છું. એ ઉપરાંત યુરોપના અન્ય દેશોના ક્રાંતિકારી નેતાઓ સાથે પણ મેં મંત્રણાઓ કરી છે. આયરીશ બળવાખોરો, રશિયન ક્રાતિના પ્રણેતાઓ, ફ્રાંસ, જર્મની, ઈટલી તેમજ કેટલાક આફ્રિકન નેતાઓએ આપણને બધી જ રીતે સહાય કરવાનું વચન આપ્યું છે.''

''આ બધા તો સારા સમાચાર છે. તો પછી માઠા સમાચારમાં શું છે ?''

''આપણી રિવૉલ્વરો તો બરાબર કામ આપી રહી છે, પણ બૉંબ - ગોળા નિશાન ચૂકી રહ્યા છે. ખુદીરામ બોઝના હાથમાંથી ફેંકાયેલો બૉંબ અંગ્રેજ જજ મિ. કિંગ્ઝફોર્ડને બદલે બે નિર્દોષ અંગ્રેજ મહિલાઓ પર જઈ પડ્યો. બંને ત્યાં ને ત્યાં જ મરી ગઈ. ખુદીરામ પકડાઈ ગયો. એને ફાંસી થશે. આપણા હેમચંદ્ર દાસને કાળાપાણીની સજા થઈ.''

''અને સેનાપતિ બાપટનું શું થયું ?''

''એ બચી ગયો. છટકીને છૂમંતર થઈ ગયો.'' સાવરકરના ચહેરા ઉપર રાહતની ક્ષણિક લાગણી ઝબકી અને પછી તરત વિલાઈ ગઈ, ''સૌથી માઠા સમાચાર સૌથી છેલ્લે આપું છું; લોકમાન્ય ટિળક મહારાજને દેશનિકાલ કરવામાં આવ્યા !''

બેઠકમાં સન્નાટો પ્રસરી ગયો. એ સમયે ટિળક મહારાજ સમગ્ર હિંદુસ્તાનમાં સૌથી વધુ આદરણીય નેતાનું સ્થાન શોભાવતા હતા. સાવરકર જેવા દેશભકતો માટે તો એ વ્યકિતને બદલે વડલો હતા.

''અફસોસની વાત તો હવે આવે છે; ટિળક મહારાજને થયેલી સજાને વખોડી કાઢવા માટે જે જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું એમાં સરકારી દબાણ આગળ

ઝૂકી જઈને ગોખલેએ છેક છેલ્લી ઘડીએ હાજરી આપવાનું ટાળી દીધું.'' સાવરકરની વાત સાંભળીને અંધારામાં બેઠેલો એક સાથીદાર ઊભો થઈ ગયો.

''ગુરુજી ! આજ્ઞા આપો ! આવા નમાલા નેતાને હવે આ ધરતી પર જીવતો ન રહેવા દેવાય. મારી રિવૉલ્વરમાંથી છૂટેલી ગોળી ગોખલેનું શરીર શોધી રહી છે.''

''ખબરદાર જો એવો વિચાર સુદ્ધાં પણ કર્યો છે તો !'' સાવરકરે અવાજ ઊંચો કરીને પેલા તેજાબના બાટલાને બેસાડી દીધો, ''ગોખલેજી ગમે તેવા છે તો પણ હિંદુસ્તાનની આઝાદી માટે લડતા એક સન્માનનીય નેતા છે. કોઈ આપણા મત કરતાં ભિન્ન મત ધરાવે છે એ એક માત્ર કારણથી એની હત્યા ન કરી દેવાય અને ગોખલેને મારી નાખશો તો બીજા અનેક ગોખલેવાદીઓ ઊભા થશે. એમાંના એક તો આવતા અઠવાડિયે આફ્રિકાથી આપણા અતિથિ બનીને આવી પણ રહ્યા છે.''

''કોણ ?''

''મોહનદાસ ગાંધી.'' સાવરકર આછું એવું હસ્યા, ''મારે કોઈ ભારતીયને હણવો નથી, લાગ મળે તો એના વિચારોને હણી નાખવા છે ?''

અને કોઈ ઊંડા વિચારમાં હોય એ રીતે એ ઊભા થયા.

○ ○ ○

૧૪. મદનલાલ ઢીંગરા

૧૯૦૯નો પૂર્વાર્ધ સાવરકર માટે અંગત આઘાત અને શોકનો પર્યાય બનીને આવ્યો. મોટાભાઈએ તાર દ્વારા અમંગળ સમાચાર મોકલ્યા, ''તારા પુત્ર પ્રભાકરનું માંદગીને કારણે મૃત્યુ થયું છે. માતા કલ્પાંતનો પાર નથી. અમે ભેગાં મળીને એને કાબૂમાં રાખી રહ્યાં છીએ, ત્યાં તારું આશ્વાસન તું પોતે જ બની જજે.''

સાવરકરે કળી જેવડા દીકરાના અવસાન પર ઝાકળ જેવાં બે અશ્રુબિંદુ ખેરવી દીધાં. સાચા દેશભકતોના સમયપત્રકમાં અંગત દિલાસા માટે આનાથી વધુ મૂડી જમા નથી હોતી.

સમય બહુ થોડો હતો અને કરવા જેવાં કામ ઝાઝાં હતાં. શસ્ત્રોનો વિપુલ જથ્થો દેશમાં મોકલવાનો હતો. સાવરકરની સૂક્ષ્મ દૃષ્ટિ કહેતી હતી કે આવનારા પાંચ-છ વર્ષમાં યુરોપભરમાં મોટા પાયે યુદ્ધ ફાટી નીકળવાનું હતું. આ ગરબડનો ફાયદો ઉઠાવીને સમગ્ર હિંદુસ્તાનમાં ૧૮૫૭ના જેવો સશસ્ત્ર સંગ્રામ છોડી શકાય તો આઝાદી હાથવેંતમાં હતી. સામૂહિક વિગ્રહ ન યોજાય ત્યાં સુધી છૂટીછવાઈ હત્યા ચાલતી રહેવી જોઈએ. અંગ્રેજોને તલવારની ધાર પર રાખવા એ બહુ જરૂરી હતું.

મે મહિનાના અંતિમ દિવસો હતા. મદનલાલ ઢીંગરાએ પૂછયું. ''સાવરકરજી, શહાદત માટેનો સાચો સમય પાકી ગયો એમ કયારે સમજવું ?''

સાવરકરે જડબાં ભીંસ્યા. આંખો ઝીણી કરી. પાતળા હોઠો વચ્ચેથી કાળોતરા નાગરાજના સૂસવાટા જેવું વાકય ફરમાવ્યું. ''આ કોઈ આંબો નથી જે ઉનાળામાં જ મહોરે ! જ્યારે કોઈ દેશભકત શહીદ થવા માટે તૈયાર થાય ત્યારે સમજવું કે શહાદતનો સમય થઈ ગયો છે !''

''તો હું પણ હવે તૈયાર છું. મને પિસ્તોલ આપો ! ગોળી આપો ! અને કોઈ મગરૂર અંગ્રેજની ખૂનથી છલકાતી છાતી આપો !''

''કોઈ રૈંજી-પૈંજીને મારવામાં શી મઝા છે ? મારવો તો મીર ! હું તને ત્રણ નામ આપું છું. એમાંથી તારો શિકાર તું પસંદ કરી લેજે. ત્રણે જણાં મોટા માથાં છે. અંગ્રેજ સરકારમાં મોટા હોદ્દાઓ પર છે અને મરવા માટેની ત્રણેયની સામાન્ય લાયકાત એક જ છે : એ ત્રણેય 'મહાનુભાવો' આપણા હિંદુસ્તાનીઓને ભારોભાર

નફરત કરે છે. જ્યારે પણ જાહેરમાં તક મળે છે ત્યારે એ લોકો આપણા બાંધવોને ગાળો ભાંડતાં અચકાતા નથી."

"તમે આજ્ઞા આપો તો એ ત્રણેયને ખતમ..."

"ના, એ શક્ય નથી, એકને મારવો પણ મુશ્કેલ છે. મારવાની વાત તો દૂર રહી, એમની નજીક પહોંચવું પણ અઘરું છે."

"સમજ્યો. નામ તો આપો."

"લૉર્ડ મોર્લી, લૉર્ડ કર્ઝન અને સર કર્ઝન વાયલી."

"હથિયાર ?"

"આ નિકલ પ્લેટેડ રિવૉલ્વર છે. સરદારસિંહ રાણાએ ખરીદેલી છે. નિશાન ખાલી ન જવું જોઈએ. લીમડીના સિંહની ઈજ્જતનો સવાલ છે !"

મદનલાલ ઢીંગરા હસીને, હાથમાં હથિયાર રમાડતો ચાલ્યો ગયો. એના નેતાની વાત સાચી પડી. શિકારની નિકટ પહોંચવું અઘરું હતું. ઢીંગરાએ ઝીણવટભર્યા નિરીક્ષણ પછી અભેદ્ય કિલ્લામાં છીંડુ શોધી કાઢ્યું. આ ત્રણેય મહાનુભાવો 'જોલી કલબ'ના સભ્યો હતા. એ કલબમાં ઈંગ્લેન્ડના ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત નાગરિકો જ પ્રવેશ મેળવી શકતા હતા. ઢીંગરા ગમે તેમ કરીને એ કલબનો સભ્ય બની ગયો. પછી ગરુડની જેમ પોતાના શિકારની ગતિવિધિનું નિરીક્ષણ કરતો રહ્યો.

એક સોનેરી તક હાથતાળી આપીને છટકી ગઈ. લૉર્ડ કર્ઝન બરાબર એની સામે આવી ગયો. પણ ઢીંગરાનો હાથ ખિસ્સામાં છૂપાવેલી રિવૉલ્વર સુધી પહોંચે ત્યાં સુધીમાં કર્ઝન પસાર થઈ ગયો. તેમ છતાં ઢીંગરા એની પાછળ દોડયો, પરંતુ કર્ઝન જેવો ખંડમાં ચાલ્યો ગયો કે તરત જ એની પાછળ બારણાં વસાઈ ગયાં.

જ્યારે સાવરકરે આ વાત જાણી ત્યારે એમણે નિઃસાસો નાખ્યો, "એની બાજરી હજુ બાકી હશે. હવે એને ન મારતો. કાં મોર્લી, કાં વાયલી ! અને સાંભળ; આ વખતે જો તું નિષ્ફળ જાય, તો જિંદગીમાં ફરી કયારેય તારું મેં મને ન બતાવીશ ! સાવરકર માત્ર સફળતાનો પૂજારી છે. એને નિષ્ફળતા પ્રત્યે નફરત છે !"

ઢીંગરા સમસમી ગયો. ગુરુની સખ્તાઈ જોઈને એના શરીરમાં આગ લાગી ગઈ.

પહેલી જુલાઈ, ૧૯૦૯. એ દિવસ ઢીંગરા 'ઈમ્પિરિયલ ઈન્સ્ટિટયૂટ'ના સભાગૃહમાં પહોંચી ગયો. ત્યાં એક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને ગુપ્ત માહિતી કહેતી હતી કે સર કર્ઝન વાયલી ત્યાં હાજર રહેવાના હતા.

રાત પડી. ઢીંગરાએ આ વખતે જરા પણ ઢીલ નહોતી રાખી. સરદારસિંહ રાણાએ આપેલી રીવૉલ્વર ઉપરાંત સાવરકરે આપેલી બ્રાઉનિંગ પિસ્તોલ પણ એના

ખિસ્સામાં હતી. એ ઉપરાંત એક મોટા પાનાનો ધારદાર છરો પણ એણે પગના મોજાંની અંદર છુપાવેલો હતો. બ્રિટિશ સરકારનો ગમે તેટલો બંદોબસ્ત સર વાયલીને હવે બચાવી શકે તેમ ન હતો.

રાતે નવ વાગે ભાષણો પૂરાં થયાં. ઉજવણી પૂરી થઈ. બધા મહેમાનો ભોજન માટે ઊભા થવા જતા હતા. ત્યાં જ ઢીંગરા ચિત્તાની ઝડપે કૂદ્યો, એક હજાર હાથીના જેટલું બળ ધરાવતા અભિમાની વાયલીની છાતીમાં રિવૉલ્વર ખાલી કરી નાખી. સભાગૃહમાં નાસભાગ થઈ ગઈ. અંગ્રેજો માટે આ સાવ અજાણી અને અણધારી ઘટના હતી. ઈંગ્લૅન્ડની ધરતી ઉપર પ્રથમ વાર એક જાણીતા, શક્તિશાળી અંગ્રેજને કોઈ હિંદુસ્તાનીએ ઠાર માર્યો હતો.

ઢીંગરાની તરત જ ધરપકડ કરવામાં આવી. અપરાધી પાસે કબૂલાત કરાવવાનો કોઈ પ્રશ્ન જ પેદા થતો ન હતો. મદનલાલ ઢીંગરાના સોહામણા ચહેરા ઉપર ચિરપરિચિત સ્મિત હતું. હોઠો પર ગર્વિષ્ઠ કબૂલાત હતી અને વિશ્વ આખું સાંભળી શકે તેવું જાહેરનામું હતું : ''હા, વાયલીને મેં માર્યો છે. એ અમને નફરત કરતો હતો એની એને સજા મળી છે. હું દુનિયાને આ ખૂન દ્વારા જણાવવા માગું છું કે અંગ્રેજોના શાસનથી હિંદુસ્તાન ખુશ નથી. અમને આઝાદી જોઈએ છે. જો અંગ્રેજો નહીં ચેતે, તો વિશ્વની પાંચમા ભાગની પ્રજા ધરાવતો દેશ ખામોશ બનીને બેસી નહીં રહે. સ્વાતંત્ર્ય લક્ષ્મીની જય હો !''

* * *

જગતભરમાં હાહાકાર મચી ગયો. ઈંગ્લૅન્ડમાં અને લંડનમાં શું થયું હશે એની તો કલ્પના જ કરવી રહી. લંડનમાં ઘરે ઘરે એક જ વાતની ચર્ચા ચાલતી હતી. મદનલાલ ઢીંગરાનું નામ નફરતનું સરનામું બની ગયું. અંગ્રેજો એને ગાળો આપે એ વાત તો સમજી શકાય, પણ ભારતીયોમાં પણ અંગ્રેજ સરકાર પ્રત્યેની વફાદારી બતાવવાની જાણે હોડ લાગી !

પાંચમી જુલાઈની સાંજે લંડનના પ્રખ્યાત કેક્સ્ટન હૉલમાં ઢીંગરાના આ જઘન્ય કૃત્યને વખોડી નાખવા માટે એક સભા ગોઠવવામાં આવી. એમાં ઢીંગરાનો સગો ભાઈ પણ હાજર રહેવાનો હતો. ઢીંગરાના પિતાએ તો છેક હિંદુસ્તાનથી તાર દ્વારા લૉર્ડ મોર્લીને સંદેશો મોકલી આપ્યો હતો કે મદનલાલ હવે પછી મારો પુત્ર નથી !

આ સભામાં રાજકીય નેતાઓનો મેળો જામ્યો. અંગ્રેજો પ્રત્યે પ્રેમ અને વફાદારી બતાવવા માટે સર મંચેરજી ભાવનગરી, સર આગાખાન, સર સુરેન્દ્રનાથ બેનરજી, બિપીનચંદ્ર પાલ, ખારપડે, કોઈમ્બતૂરના મહારાજા, સર દિનશા પેટીટ, ફઝલભોય, કરીમભોય અને બીજા અસંખ્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા. એમાંના મોટા ભાગના માટીપગા સાબિત થયા. મંચ ઉપર જઈને મદનલાલને પેટ ભરીને ભાંડી આવ્યા.

એ પછી મદનલાલનો સગો ભાઈ ઝળકયો. એણે મદનલાલના ભાઈ હોવા બદલ શરમ વ્યકત કરી. એની વિરુદ્ધમાં ઘણો બધો બકવાસ કર્યો. પાછળથી જાહેર થયું કે એ લખાણ એનું મૌલિક ન હતું. પણ થિયોડોર મોરીસન નામના અંગ્રેજે લખી આપેલું હતું.

સભાના અંતમાં નામદાર સર આગાખાન ઊભા થયા, ‘‘હવે ઠરાવનો સમય થયો છે, આ સભા સર્વાનુમતે ઠરાવ પસાર કરે છે અને જાહેર કરે છે કે અમે એક સ્વરે મદનલાલ ઢીંગરાએ કરેલી હત્યાને સખ્ત શબ્દોમાં....’’

‘‘સબૂર !’’ સભામાંથી એક બુલંદ અવાજ ઊઠયો, ‘‘મારો વિરોધ છે. આ ઠરાવ સર્વાનુમતે પસાર થઈ રહ્યો છે એવું તમે નહીં કહી શકો. કમ-સે-કમ હું તો ઢીંગરાના આ કૃત્યને નિંદનીય નથી ગણતો !’’

અધ્યક્ષે બૂમ પાડી, ‘‘તમારું નામ જણાવશો ?’’ આ પ્રશ્નનો ઉત્તર મળે તે પહેલાં જ મંચ ઉપરથી કેટલાંક ઘેટાંઓ કૂદી પડયા. એમાંના એક સર મંચેરજી તરાપ મારીને એક સાવજ જેવા મર્દ ઉપર ત્રાટકયા, ‘‘તું કોણ છે ? તારું નામ જણાવ !’’ કહીને એમણે પેલાના કપાળ ઉપર પ્રહાર કર્યો.

‘‘મારું નામ વિનાયક દામોદરપંત સાવરકર.’’ સિંહપુરુષની ગર્જના સાંભળીને સભાગૃહ થરથરી ઊઠયું. મંચેરજી પણ આ નામની ધાકથી પરિચિત હતા. પળવારમાં એ મીંદડી બની ગયા. સભામાં નાસભાગ થઈ ગઈ. જે નેતાઓ ઘડી પહેલાં ઢીંગરાને ગાળો દેતા હતા એ સાવરકર હાજર છે એ જાણ્યા પછી શબ્દશઃ ખુરશીઓની પાછળ સંતાઈ ગયા. સ્ત્રીઓ ધ્રૂજવા લાગી. કિશોરોએ ચીસાચીસ કરી મૂકી.

ઘાયલ સિંહ લોહી નીગળતા કપાળ સાથે મંચેરજીની સામે આગ ઝરતી નજર ફેંકીને સભાગૃહ છોડી ગયો. એમની પાછળ એમના સાથીદારો પણ નીકળી ગયા.

‘‘ગુરુજી ! કહેતા હો તો અત્યારે જ આ બધાં ઘેટાં-બકરાંઓને સ્વર્ગસ્થ...’’

‘‘નહીં, દોસ્ત ! એમના સદ્‌ભાગ્યે એ બધાં હિંદુસ્તાનીઓ છે. ગમે તેવા તોયે આપણા ભાઈઓ છે. સાવરકર શત્રુઓને મારવામાં માને છે, ભાઈઓને મારવામાં નહીં !’’

* * *

ઢીંગરાનો કેસ દસમી જુલાઈના રોજ વેસ્ટમિંસ્ટર અદાલતમાં શરૂ થયો. એને લેખિત નિવેદન વાંચવાની મનાઈ ફરમાવવામાં આવી. ન્યાયની પ્રક્રિયા ઝડપથી પૂરી થઈ ગઈ. ઢીંગરાને ફાંસીની સજા પડી.

કઈ માટીમાંથી ભગવાને આ માણસને ઘડયો હશે ? જે સમયે એણે કર્ઝન વાયલીને ઠાર માર્યો. એ પછી એની ધરપકડ થઈ અને તરત જ ડૉકટરોની ટુકડીએ એની શારીરિક તપાસ કરી. એમણે આશ્ચર્ય સાથે રિપોર્ટમાં નોંધ લખી, ''નાડીના ધબકારા સાવ નોર્મલ છે.'' એક મોભાદાર અંગ્રેજ ઉપર કૂદવું, ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢવી, ઝપાઝપીની વચ્ચે સેંકડોની હાજરીમાં એનું ખૂન કરવું. ઊંચા-તગડા અંગ્રેજ પોલીસો દ્વારા ધરપકડ થવી અને આટલા બધા શારીરિક તેમજ માનસિક ઉશ્કેરાટ પછી પણ નાડીના ધબકારા કોઈ ધ્યાનસ્થ યોગીની જેવા અને જેટલા જ હોવા !

જજે ફાંસીની સજા સંભળાવી ત્યારે પણ એ જ હાલત હતી. એના વદન ઉપર એ જ સ્મિત વિલસતું હતું જે એના ગુરુએ જ્યારે એની હથેળીની આરપાર સોયો ઘોંચી દીધો હતો ત્યારે દેખાયું હતું !

ફાંસીની તારીખના છવ્વીસ દિવસ પહેલાં સાવરકર પોતાના પ્રમુખ શિષ્યની મુલાકાતે ગયા. એ બાવીસમી જુલાઈનો દિવસ હતો. બ્રિક્સ્ટન જેલની કાળકોટડીમાં મદનલાલ બેઠો હતો અને ફાંસીના ગાળિયાની પ્રતીક્ષા કરતો હતો.

સાવરકરને આવેલા જોઈને એને આશ્ચર્ય થયું અને આનંદ પણ, એણે હસીને પૂછી લીધું, ''તમે કહ્યું હતું એ યાદ છે ?, 'જો આ વખતે તું નિષ્ફળ જાય તો જિંદગીમાં ફરી કયારેય મને તારું મેં ન બતાવીશ !' યાદ છે, ગુરુજી ? હવે જ્યારે મેં કામ પૂરું કર્યું છે ત્યારે...ત્યારે તો હું તમને મેં બતાવી શકું ને ?''

''ના, મદન ! પુત્ર ! તે તો એવું કામ કરી બતાવ્યું છે કે હું જાતે તારું મોં જોવા માટે...ના, તારાં દર્શન કરવા માટે આવ્યો છું.'' સાવરકર જિંદગીમાં રડતા નહોતા. એ દિવસે રડી પડયા અને મદનલાલ હસી રહ્યો હતો; ગર્વ સાથે, ગૌરવ સાથે, ગુરુદક્ષિણા આપી દીધાના સંતોષ સાથે.

જેલના સળિયામાંથી સાવરકરે ઢીંગરાના મસ્તક પર જમણો હાથ મૂકયો, ''વત્સ ? સ્વાતંત્ર્ય લક્ષ્મીના યજ્ઞમાં હોમાયેલા તમામ શ્રીફળોમાં તારું માથું સૌથી શ્રેષ્ઠ હશે. ભારતમાતાના ભાગ્યમાં બીજો મદનલાલ ઢીંગરા નહીં મળે ! જો દેશવાસીઓમાં સહેજ પણ દેશાભિમાન જેવું કશુંક હશે, તો આવનારી પેઢીઓ તને યાદ રાખશે. હિન્દુસ્તાનના પ્રત્યેક શહેરમાં તારા પૂતળાં મુકાશે. દરેક ગામમાં તારા નામનો ચોક રચાશે ! તું સુખેથી સિધાવ.''

અને સત્તરમી ઑગસ્ટ, ૧૯૦૯ના ઐતિહાસિક દિવસે પ્રભાતના પાંચ વાગે મદનલાલ ઢીંગરા સિધાવી ગયો. નજરે જોનારાઓની જુબાની છે કે મર્યા પછી એની લાશ પણ સ્મિત કરી રહી હતી !

''સન્નારીઓ તથા સજ્જનો ! સમારંભના અધ્યક્ષ સ્થાને બિરાજમાન આજના આપણા અતિથિ દક્ષિણ આફ્રિકાથી પધારેલા મિ. ગાંધીને હું વિનંતી કરીશ કે તેઓ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરે !''

૧૯૦૯ના ઓકટોબરની એક વરસાદી સાંજ હતી. દશેરાનો પવિત્ર તહેવાર હતો. લંડનમાં વસતા ભારતીયોએ દશેરાના નિમિત્તે એક ભવ્ય સ્નેહમિલનનું આયોજન કરેલું હતું. સભામાં મુખ્ય વકતા તરીકે સાવરકર હતા અને પ્રમુખની ખુરશીમાં મોહનદાસ કરમચંદ ગાંધી હતા.

બે અલગ વિચારધારાઓ પ્રથમ વાર જાહેરમાં એક મંચ ઉપર બિરાજમાન હતી. એક અહિંસાના પૂજારી. એક હિંસાના પુરસ્કર્તા. મોહનદાસ હજુ મહાત્મા બન્યા ન હતા. આ સભામાં તેઓ લેટેસ્ટ ફેશનના કોટ-પેન્ટ અને કિંમતી શર્ટ ઉપર શાનદાર ટાઈ લગાડીને આવેલા હતા.

ગાંધીજી ઊભા થયા અને એમના સાહજિક મૃદુ સ્વરમાં બોલવાનો આરંભ કર્યો, ''મને આજે સાવરકર જેવા મહાન દેશભકતની બાજુમાં બેસવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે એ વાતનું હું ગૌરવ અનુભવું છું. મને સાવરકરની બુદ્ધિમત્તા, એમની નેતૃત્વશકિત અને પ્રખર દેશભકિત જોઈને અભિમાન સાથે આશ્ચર્યની લાગણી થાય છે. હું જોઈ રહ્યો છું કે એમના એક-એક વાકયે લંડનમાં વસતાં સુખી ભારતીયો કેવા પાગલ થાય છે ! મોટા ડૉકટરો, ધનવાન વડીલો અને ખ્યાતનામ વકીલો સાવરકરની સૂચના સાંભળીને રસોડામાં શાક સમારવા દોડી જાય છે, રસોઈ રાંધવા બેસી જાય છે અને પાંડવોના અશ્વમેઘ યજ્ઞ પછી ભગવાન શ્રીકૃષ્ણની જેમ આ બધા પણ એઠાં વાસણો સાફ કરવા મંડી પડે છે. મને વિશ્વાસ છે કે સાવરકરના ભભૂકતા દેશપ્રેમનો લાભ આપણા પ્યારા હિન્દુસ્તાનને લાંબા સમય સુધી મળતો રહેશે.

''મને ખબર છે કે તમે સૌ કોને સાંભળવા માટે અહીં પધારેલા છો ! એટલે જ હું તમારી અને સાવરકરજીની વચ્ચે અવરોધ બનીને ઊભો ન રહેતાં બેસી જઉં છું.''

અને એ પછી સાવરકરે એમની જિંદગીનું શ્રેષ્ઠ ગણી શકાય તેવું યાદગાર પ્રવચન રજૂ કર્યું, શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને તાળીઓ ઉપર તાળીઓ પાડતા રહ્યા. કદાચ ગાંધીજીની હાજરીમાં સાવરકર પોતાનો મત સ્પષ્ટ કરવા ઈચ્છતા હતા.

''શ્રીમાન ગાંધી ખાસ દક્ષિણ આફ્રિકાથી પધાર્યા છે. સાથે એમના સાથીદારોને પણ લાવ્યા છે. એ બધાની સાથે મારે એક કરતાં વધારે વખત લાંબી રાજકીય ચર્ચાઓ થઈ છે. એ તો સ્પષ્ટ છે કે હું અને ગાંધી એકબીજાથી સાવ જ વિરુદ્ધ માન્યતાઓ ધરાવનારા છીએ.

''એમનું માનવું છે કે ગૌતમ બુદ્ધનો અહિંસાનો વિચાર સાચો છે, હું કહું છું કે શિવાજીની હિંસા સાચી છે. મારું દઢપણે માનવું છે કે જયારે દેશ આઝાદ હોય ત્યારે તમે બુદ્ધના માર્ગે ચાલી શકો; પણ જયારે દેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો હોય, ત્યારે છત્રપતિ શિવાજીની ભવાની તલાવર જ આપણે ઉઠાવવી પડે !''

''મિ. ગાંધીએ મારી ગુપ્ત ક્રાન્તિકારી પ્રવૃત્તિઓની પણ મારી સમક્ષ નિંદા કરી. એમની સલાહ છે કે મારે જે કરવું હોય તે સરકારને જાણ કરી દીધા પછી ખુલ્લેઆમ કરવું પણ હું એમને પૂછું છું કે કયાં છે સરકાર ? કોની સરકાર ? ઘરમેં ઘૂસ ગયા ચોર, ઉસે હમ રાજા કહ દેં ? કયું બંધારણ ? અમારે તો અમારા દેશમાં અમારી પોતાની સરકાર બનાવવી છે અને એના માટે છાનું-છપનું જે કંઈ કરવું પડશે એ અમે કરીશું જ.''

''અમને આ બધું કરવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. અમે રિવૉલ્વરો ફોડીએ છીએ, કારણ કે અમને બંદૂકો રાખવાની મંજૂરી આપવામાં નથી આવતી. અમે અંધારામાં મળીએ છીએ, કારણ કે અમારા જીવનમાંથી પ્રકાશને છીનવી લેવામાં આવ્યો છે.''

''મિ. ગાંધી ! તમે કહો છો તે તમે બ્રિટિશ સામ્રાજ્યના આજ્ઞાંકિત પ્રજાજન છો અને એ વાતનું તમને ગૌરવ છે. બસ, હું તમારાથી આ જ મુદ્દો જુદો પડું છું. જે સામ્રાજ્યના નાગરિક હોવાનું તમને ગૌરવ છે એ જ સામ્રાજ્યના ગુલામ હોવાની મને શરમ છે !''

શ્રોતાગણમાંથી ઊઠેલા પ્રચંડ કરતલધ્વનિએ લંડનના આસમાનને છેદી નાખ્યું. ગાંધીજી જોઈ રહ્યા કે સામે બેઠેલા અને એમની સાથે દક્ષિણ આફ્રિકાથી આવેલા એમના સાથીઓ અને પ્રતિનિધિઓ પણ તાળીઓ પાડીને સાવરકરના વિચારોને અનુમોદન આપી રહ્યા હતા.

ગાંધીજીને લાગ્યું હશે કે આ માણસ ભયંકર છે !સાવરકર એ કોઈ માણસ નહીં, પણ જાદુગર છે ! એ કોઈ વ્યક્તિ નથી, પણ વિચારધારા છે !

આ સમારંભમાં બધા જ હાજર હતા; એક માત્ર જવાહરનો કયાંય પત્તો ન હતો !! કદાચ દશેરાની ઉજવણીમાં એને રસ નહીં હોય; અને ક્રિસમસને તો હજુ વાર હતી !

મદનલાલ ઢીંગરાની ઘટના પછી સાવરકર અંગ્રેજ પોલીસની શંકાના ઘેરાવામાં આવી ગયા. સરકારે એમની પાછળ જાસૂસોની ફોજ લગાડી દીધી. છેક નાસિક અને પૂના ખાતેથી એમના વિશે ગુપ્ત અહેવાલ મંગાવીને વાંચી લીધો. હવે સાવરકર માટે વિલાયતમાં ટકવું મુશ્કેલ બની ગયું. લંડનની ધરા એમના માટે ધીખતી બની ગઈ. જાહેરમાં નીકળવું, જોખમભર્યું બની ગયું. એમને જોઈને અંગ્રેજો મોં મચકોડતા અને હિન્દીઓ નજર ફેરવી લેતા.

ઈન્ડિયા હાઉસ છોડીને એ બીજું મકાન શોધવા લાગ્યા, પણ કોઈ એમને ભાડવાત તરીકે સ્વીકારવા માટે રાજી ન હતું.

કાયદાનો અભ્યાસ હવે પૂરો થયો હતો. સાવરકરે ગ્રેઝ ઈનની અંતિમ પરીક્ષા સફળતાપૂર્વક પસાર કરી દીધી હતી. હવે ડિગ્રી લેવાનું ટાણું હતું. સાવરકર તથા હરનામસિંહે બેરિસ્ટરની ઉપાધિ મેળવવા માટે અરજી આપી દીધી, પણ 'ગ્રેઝ ઈન'ના પ્રતિનિધિએ એ બંનેને કાયદાની પીઠિકા સમક્ષ બોલાવવાની ના પાડી દીધી. સાવરકરે એની વિરુદ્ધ ઉચ્ચ પદાધિકારીઓ સમક્ષ ફરિયાદ નોંધાવી. એ લોકોએ સમગ્ર બિનાની તપાસ કરવા માટે એક સમિતિનું ગઠન કર્યું.

આ સમિતિએ ભારતના ઉચ્ચ સત્તાધીશોની પણ સહાય લીધી. સાવરકરની રજેરજ વિગત જાણી લીધી. પછી સાવરકરને રૂબરૂમાં દલીલો માટે બોલાવ્યા. કાયદાની આંટીઘૂંટી અને તર્કની તલવારબાજીમાં સાવરકર એમના કરતાં સવાયા સાબિત થયા.

હવે એમને બેરિસ્ટર બનાવ્યા સિવાય કોઈ છૂટકો ન રહ્યો, ત્યાં એમને એક સજ્જડ દલીલ સૂઝી.

''તમારે એક કરારપત્ર ઉપર દસ્તખત કરી આપવા પડશે.''

''એ પત્રમાં શું લખ્યું હશે ?''

''એ જ કે તમે જિંદગીમાં કયારેય રાજનીતિમાં કદમ નહી મૂકો.'' સમિતિના સભ્યો સર્વાનુમતીથી લુચ્ચું હસી રહ્યા હતા.

સાવરકર ઊભા થઈ ગયા, ''તમારી ડિગ્રી જાય ભાડમાં ! વિનાયક વિલાયતનો બેરિસ્ટર બનવા માટે નથી જન્મ્યો, એ તો જન્મ્યો છે ભારતમાતાને તમારી જંજીરોમાંથી આઝાદ કરાવવા માટે ! હરનામ, ચાલ ! આવે છે મારી સાથે કે પછી તને આ ધોળિયાઓની ડિગ્રીમાં રસ છે ?''

સાવરકર ખુમારીપૂર્વક ઓરડામાંથી બહાર નીકળી ગયા. ખુલ્લી હવામાં આવી પહોંચ્યા પછી એમણે બાજુમાં નજર કરી તો 'પંજાબદા પુત્તર' હરનામ પણ એમની જેમ જ ડિગ્રીને લાત મારીને આવી ગયો હતો.

અંગ્રેજી અખબારોમાં સાવરકરને ખતરનાક ખલનાયક તરીકે ચિતરવામાં આવી રહ્યા હતા. એ ઈન્ડિયા હાઉસ છોડીને બિપીનચંદ્ર પાલના ઘરમાં રહેવા ગયા, તો ત્યાં મકાન ઉપર અંગ્રેજોએ પથ્થરમારો કર્યો.

સાવરકરની હાલત શિવાજી મહારાજના જેવી બની ગઈ. એ હવે ઘરવિહોણા, ધનવિહોણા, મિત્રવિહોણા અને ભૂખ-તરસથી પીડાતા, લપાતા-છુપાતા, દર-દરની ઠોકરો ખાતા થઈ ગયા.

થાકેલા અને શારીરિક તથા માનસિક રીતે ભાંગી ચૂકેલા સાવરકર લંડન છોડીને બ્રાઈટનમાં રહેવા ચાલ્યા ગયા. બ્રાઈટન દરિયાકાંઠાનું એક સુંદર, નાનું શહેર હતું.

આ સ્થળે એક સંવેદનાસભર ક્ષણે સાવરકર એમના ગાઢ સાથી નિરંજન પાલની સાથે દરિયાકિનારે બેઠા હતા, ત્યારે અચાનક એમને માતૃભૂમિ સાંભરી ગઈ. પરદેશની ધરતી ઉપર સંપૂર્ણ નિરાધાર અને નિરાશાજનક સ્થિતિમાં આવી જવાને કારણે સાવરકર અતિશય વ્યથિત તેમજ વિચલિત થઈ ગયા. એમને ગળામાંથી ડૂસકાની સાથે-સાથે કવિતા પણ સરી પડી.

આ એ કવિતા હતી જે એમની તમામ રચનાઓમાં શ્રેષ્ઠતમ માનવામાં આવે છે. 'સાગર' નામક આ કવિતામાં ભાવપ્રણવતાની સાથે ઉત્તમ સાહિત્ય-તત્ત્વ અને સર્જકત્વ પણ રહેલાં છે. છંદ તો એમાં આંસુમાં સમાયેલી ભીનાશની જેમ સહજ રીતે ગોઠવાઈ ગયો છે : લે ચલ મુઝકો પુનઃ માતૃ ભૂ કે સ્થલ ! હે સાગર, મન હૈ વ્યાકુલ !

(આ કાવ્ય મહારાષ્ટ્રમાં ઘરે-ઘરે જાણીતું છે. આઝાદી પછી એને અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકોમાં પણ સ્થાન મળ્યું. એની કેસેટ્સ પણ બનાવવામાં આવી અને એનું ધૂમ વેચાણ પણ થયું.)

* * *

હવા વિષમય બની ગઈ. સમય શત્રુ બની ગયો. દરિયાપારથી આવતા સમાચાર પણ હતાશ કરી મૂકે એવા હતા.

અંગ્રેજ સરકારે હિન્દના એક પછી એક શહેરમાં 'અભિનવ ભારત'ની શાખાઓ ઉપર ત્રાટકવાનું શરૂ કરી દીધું હતું. સાવરકરવાદીઓને જેલભેગા કરવામાં આવી રહ્યા હતા. ગ્વાલિયર, સતારા, નાસિક, પૂના; બધેથી માઠા સમાચારો હતા.

મોટાભાઈ ગણેશની પણ ધરપકડ કરવામાં આવી. એમની પાસેથી કશું જ વાંધાજનક ન મળ્યું, માત્ર થોડી રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતી કવિતાઓ જડી. એમની ઉપર બ્રિટનના સમ્રાટ વિરુદ્ધ બળવો પોકારવાનો તથા રાજદ્રોહનો મુકદમો ઠોકી દેવામાં આવ્યો, ૧૯૦૯ના જૂન માસની આઠમી તારીખે એમને આજીવન કારાવાસની સજા સંભળાવીને કાળાપાણી માટે આંદામાન મોકલી દેવામાં આવ્યા.

આ સજા સાંભળીને ગણેશના ધર્મપત્ની એટલે કે વિનાયકની ભાભી સરસ્વતી તદ્દન ભાંગી પડયાં. સાવરકરે વિલાયતથી એક કાવ્યાત્મક પત્ર લખીને ભાભીને દિલાસો આપ્યો. એ પત્ર વાંચ્યા પછી સરસ્વતીભાભી અને યમુનાતાઈ (વિનાયકનાં ધર્મપત્ની) વલોપાત બંધ કરીને વજ્રમૂર્તિ બની ગયાં.

આવી પરિસ્થિતિમાં પણ ન તો સાવરકર શાંત બેઠા હતા, ન એમના શિષ્યો.

અમદાવાદમાં મોહનલાલ પંડ્યા નામનો જાંબાઝ યુવાન ટાંપીને બેઠો હતો, તેરમી નવેમ્બર ૧૯૦૯ના દિવસે એણે મોટો શિકાર ઝડપ્યો. લૉર્ડ મિન્ટો એ દિવસે અમદાવાદમાં આવ્યા હતા. મોહનલાલે બૉંબ ઝીકયો. જો ધારેલું નિશાન પડ્યું હોત

તો જગતમાં મોહનલાલની ધાક જામી ગઈ હોત. (પણ વિધાતાની મરજી કંઈક જુદી જ હશે; વિશ્વમાં ગુજરાતના બીજા 'મોહન'ની ધાક જામવાની હતી !) લૉર્ડ મિન્ટો બચી ગયા, મોહનલાલ પકડાઈ ગયા. પોલીસે કડક પૂછપરછ કરી તો બૉંબનું પગેરું સાવરકરના લઘુબંધુ નારાયણના નામ આગળ જઈને અટક્યું. હવે નારાયણ પણ પોલીસના સકંજામાં આવી ગયા.

સાવરકર પરિવાર ભયંકર આફતોથી ઘેરાઈ ગયો. બે ભાઈઓ સળિયા પાછળ હતા અને ત્રીજો તૈયારીમાં હતો.

ગણેશ સાવરકરને થયેલો અન્યાય 'અભિનવ ભારત'ના યુવાનો સાંખી ન શક્યા. એમાંના એક અનંત કાન્હેરેએ રિવૉલ્વર ઊઠાવી. એકવીસમી ડિસેમ્બરની સાંજ હતી. નાસિકના કલેક્ટર એ. એમ. ટી. જેક્સન સાહેબ વિજયાનંદ નાટ્યગૃહમાં કાર્યક્રમ માણતા બેઠા હતા, ત્યાં અનંત કાન્હેરેની ગોળીઓ એમનું માથું શોધી લીધું. જેક્સન સાહેબ જીવતેજીવ ખુરશીમાંથી ઊભા ન થઈ શક્યા.

અનંત પકડાયો. સાથે કર્વે, દેશપાંડે અને બીજા ત્રણ બહાદુરો પણ ઝલાયા. જે રિવૉલ્વર નાસિકના કલેક્ટરનો જીવ લીધો એ 'બ્રાઉનિંગ' હતી. સાવરકરે મોકલાવી હતી એવું પોલીસ તપાસમાં શોધી કાઢવામાં આવ્યું.

અંગ્રેજોને ફાવતું જડી ગયું. જે તકની એમને તલાશ હતી એ પતાસાની જેમ એમના મોઢામાં આવી પડી. મુંબઈના ગવર્નર જ્યોર્જ કલાર્કે સાવરકરને આ ખટલામાં સંડોવી મારવાનું નક્કી કરી લીધું.

પુરાવાઓ ઊભા કરવામાં આવ્યા. ખોટા સાક્ષીઓ ખોદી કાઢવામાં આવ્યા. સિંહને પિંજરામાં પૂરવા માટે ખાસ મૅજિસ્ટ્રેટના પદ ઉપર મિ. મોન્ટગોમેરીને ગોઠવી દેવામાં આવ્યા, ૧૮૮૧ના 'ફ્યુજિટિવ ઓફેન્ડર્સ એક્ટ' હેઠળ ટેલિગ્રાફિક વૉરન્ટ કાઢીને વિલાયત મોકલવામાં આવ્યું. 'અમારો ગુનેગાર અમને સોંપી દો', આવું કહેનારા ભારતના અંગ્રેજો અને એના પાલન માટે થનગની રહેલા ઈંગ્લૅન્ડના અંગ્રેજો.

સાવરકર ચેતી ગયા. ૧૯૧૦ના જાન્યુઆરીમાં લંડન છોડીને પૅરિસ પહોંચી ગયા. ત્યાં મેડમ કામાના ઘરે રહ્યા. સરદારસિંહ રાણા પણ પૅરિસમાં જ હતા, એ તો ઢીંગરા પકડાયો એની સાથે જ ઈંગ્લૅન્ડ છોડી ગયા હતા.

"સાવરકર, હવે તમે સલામત છો. ફ્રાંસની ધરતી ઉપર અંગ્રેજો તમને આંગળી પણ ન અડકાડી શકે." મેડમ કામાના અવાજમાં રાહતની લાગણી ઝલકતી હતી.

સાવરકરે પૅરિસમાં બેઠાં-બેઠાં ચળવળ ચાલુ રાખી. ગુપ્ત બેઠકો, શસ્ત્રોની હેરાફેરી, ક્રાન્તિનું સાહિત્ય-વિતરણ, જાહેર પ્રવચનો, આ બધું જોરશોરથી ચાલતું રહ્યું.

પણ અંગ્રેજો કાગડા જેવા ચતુર અને શિયાળ જેવા લુચ્ચા હતા. એમણે હિન્દુસ્તાનમાં સાવરકરના મિત્રો અને સાથીદારો ઉપરના અત્યાચારો વધારી દીધા.

આખરે સાવરકરે લંડન પાછા ફરવાનો નિર્ણય કરી લીધો. મેડમ કામા તથા અન્ય મિત્રોએ એમને બહુ સમજાવ્યા, ''લંડન જવામાં જોખમ છે, ત્યાં તમારી ધરપકડ કરવામાં આવશે. કદાચ ફાંસીની સજા...''

''જાણું છું, પણ હું હવે એના માટે તૈયાર છું. મારા સાથીદારો એક પછી એક જેલભેગા થઈ રહ્યા છે; ત્યારે હું ક્યાં સુધી ફ્રાંસમાં છુપાઈને પડ્યો રહું ? મારે કાયદાનો સામનો કરવો જ રહ્યો અને કાયદો હું પણ જાણું છું. મને ખબર છે કે અંગ્રેજો પાસે મને મોટી સજા કરવા માટે પૂરતા પુરાવાઓ નથી.''

૧૯૧૦ની તેરમી માર્ચે સાવરકર ટ્રેઈનમાં બેસીને પેરિસથી રવાના થયા. રવિવારનો દિવસ હતો. ટ્રેઈન જેવી લંડનના વિક્ટોરિયા સ્ટેશનમાં પ્રવેશી એની સાથે જ પોલીસોના ધાડાએ સાવરકરવાળો ડબ્બો ઘેરી લીધો. ઈન્સ્પેકટર જહૉન પારકરે સાવરકરના હાથોમાં બેડીઓ પહેરાવી દીધી.

પછી એમના સામાનની જડતી લેવામાં આવી. મેઝિનીની આત્મકથાનો અનુવાદ, ૧૮૫૭ના આઝાદી-સંગ્રામનો ઇતિહાસ અને કેટલાંક ચોપાનિયાં સિવાય કશું ન મળ્યું.

* * *

પુરાવાઓની બાબતે સાવરકર નિર્દોષ છૂટી જાય તેમ હતા, પણ મુંબઈમાં ગવર્નર જ્યોર્જ કલાર્કનું વિધાન એમની વિરુદ્ધમાં જતું હતું, ''સાવરકર હિન્દુસ્તાને પેદા કરેલા સૌથી વધારે ભયાનક માણસ છે.''

૧૯૧૦ની ત્રેવીસમી એપ્રિલે મિ. બોડકિનની અદાલતમાં ખટલાની કાર્યવાહી શરૂ થઈ. અંગ્રેજ વકીલ મિ. વૉને ખૂબ કુશળતાપૂર્વક સાવરકરને બચાવવા માટે દલીલો કરી, પણ ન્યાયના નાટકનો અંતિમ અધ્યાય તો પહેલેથી જ લખાઈ ચૂકયો હતો.

બારમી મેના રોજ ન્યાયાધીશે ચુકાદો સંભળાવ્યો, ''અદાલત સાવરકરને હિન્દના હવાલે કરવાનો આદેશ આપે છે.''

સાવરકરની આંખો સામે ફાંસીનો ગાળિયો નાચી રહ્યો. બ્રિક્સ્ટન જેલમાં એમના પ્રિય સાથીદાર વી. વી. એસ. ઐયર એમને મળવા માટે આવ્યા, સાવરકરનું અંધકારમય ભવિષ્ય કલ્પીને ઐયર રડી પડયા.

સાવરકરે એમને આશ્વાસન આપ્યું, ''રડ નહીં, ઐયર ! આપણે ગીતાના અનાસક્તિયોગમાં માનનારી પ્રજા છીએ. જય-પરાજયમાં અને જીવન-મૃત્યુમાં

આપણે સ્થિતપ્રજ્ઞ રહેવાનું છે અને કોણે કહ્યું કે હું આટલી આસાનીથી લટકી જઈશ? શિવાજી મહારાજ ઔરંગઝેબની કેદમાંથી છટકી ગયા હતા એ તને યાદ છે?"

"હા," ઐયરે આંસુ લૂછ્યાં, "પણ તમે કેવી રીતે....?"

"એક તક છે, બસ, છેલ્લી તક. સરદારસિંહ રાણાને કહેજે કે માર્સેલ્સ બંદરે મને ભગાડી જવા માટે ગાડી તૈયાર રાખે."

"માર્સેલ્સ ? ગાડી ? પણ તમે તો જહાજ પર હાથ-પગ બંધાયેલી હાલતમાં હશો !" ઐયરનું તેજસ્વી દિમાગ પણ એના નેતાની વાત સાંભળીને ખોટકાઈ ગયું.

જવાબમાં સાવરકર ચૂપ રહ્યા. વિધાતાના અકળ સ્મિત જેવું ભેદી હાસ્ય ફરકાવી રહ્યા.

(પૂરક માહિતી : (૧) મદનલાલ ઢીંગરાએ જ્યારે કર્ઝન વાયલી ઉપર હુમલો કર્યો, ત્યારે એક તદ્દન ત્રાહિત સજ્જન એને બચાવવા માટે વચ્ચે કૂદી પડ્યા. મદનલાલે એમની પણ હત્યા કરવી પડી, પાછળથી ખબર પડી કે એ પારસી સદ્‌ગૃહસ્થનું નામ લાલાકાકા હતું અને તેઓ હોંગકોંગથી આવ્યા હતા. (૨) એક વાત એવી પણ છે કે મદનલાલ જ્યારે પકડાયો ત્યારે એની પાસેથી બે નહીં, પણ ત્રણ રિવૉલ્વરો મળી હતી ! આનો અર્થ એ કે મદનલાલ આ પ્રયત્નમાં કોઈ પણ ભોગે નિષ્ફળ જવા માગતો ન હતો !)

o o o

૧૫. દરિયામાં ભૂસકો

૧૯૧૦ની પહેલી જુલાઈએ ઈંગ્લેન્ડના દરિયા કિનારેથી ઊપડેલા એસ. એસ. મોરી નામના જહાજમાં બ્રિટિશ સામ્રાજ્યનો સૌથી ભયંકર કેદી વિનાયક સાવરકર મોજૂદ હતો. આ ખતરનાક કેદી છટકી ન જાય એ માટે ઈંગ્લેન્ડની સરકારે ફ્રાંસની સરકાર ઉપર તાર દ્વારા વિનંતીપત્ર પાઠવી દીધો હતો. જહાજ ઊપડવાના ત્રણ દિવસ પહેલાં ઓગણત્રીસમી જૂને મોકલેલા આ સંદેશામાં બ્રિટિશ સરકારે જણાવ્યું હતું, 'કોઈ પણ 'દુર્ઘટના' ટાળવા માટે અમે જહાજના કપ્તાનને આદેશ આપેલો છે કે એ માર્સેલ્સ બંદરથી જહાજને દૂર રાખે, છતાં પણ જો ભાગ્યવશાત્ એણે માર્સેલ્સના કાંઠા આગળથી પસાર થવું પડે, તો અમને પૂરી શંકા છે કે અમારો ખતરનાક કેદી એનો ખેલ ખેલ્યા વગર નહીં રહે. એવા સંજોગોમાં અમારી તમને વિનંતી છે કે અમને સહકાર આપવામાં આવે.''

આ આખા સંદેશામાં સૌથી મહત્ત્વનો શબ્દ 'ભાગ્યવશાત્' હતો, જે ખરેખર સાચો સાબિત થયો. માર્સેલ્સથી દૂર રહેવા માગતા જહાજમાં કશીક યાંત્રિક ખામી ઉત્પન્ન થઈ, જેના સમારકામ માટે એણે માર્સેલ્સ બંદરે લંગર નાખવું જ પડ્યું.

સિંહ ઉપર કડક જાપતો રાખવા માટે ઘેટાંઓ પૂરતી સંખ્યામાં હાજર હતાં. લંડનના સ્કોટલેન્ડ યાર્ડનો ઈન્સ્પેક્ટર ઈ. જહોન પાર્કર હતો. મુંબઈથી ખાસ સાવરકરને લેવા માટે આવેલો આસિસ્ટન્ટ સુપરિન્ટન્ડેન્ટ ઑફ પોલીસ મિ. પાવર હતો અને બીજા દસ જેટલા તગડા પોલીસ કર્મચારીઓ હતા.

સાવરકરનું વર્તન પૂરેપૂરું છેતરામણું હતું. બહારથી એ તદ્દન સ્વાભાવિક જણાતા હતા. સહપ્રવાસીઓ તથા પોલીસ કર્મચારીઓ સાથે ભારોભાર નમ્રતા અને હળવાશ સાથે વાતો કરતા હતા.

પણ કોઈને ખબર ન હતી કે એમની અંદર શું ચાલી રહ્યું હતું. દિવસભરની થકાવટ પછી સાવરકર પથારીમાં પડતા હતા, ત્યારે એમને ઊંઘ આવતી ન હતી. ભારતમાતા એમના મસ્તક પર હાથ ફેરવીને જાણે કહેતી હતી, ''પડી શું રહ્યો છે, બેટા ! ઊભો થા ! અને નાસી છૂટ ! આ જ તો મોકો છે. આખરી મોકો. મારો શ્રીકૃષ્ણ પણ જરાસંઘની ચુંગાલમાંથી બચવા માટે ભાગ્યો હતો, મારો બીજો એક બહાદુર પુત્ર શિવાજી પણ આગ્રાથી નાસી ગયો હતો. એલ્બા ટાપુ ઉપર કેદ થયેલા

નેપોલિયન પણ એમ જ કર્યું હતું. તું હિંસક ક્રાંતિનો પ્રમુખ પ્રણેતા છે. તું સિંહપુરુષ છે, તને ઉંદરનું મોત છા જે નહીં. નાસી છૂટ !''

જહાજ માર્સેલ્સના કાંઠે લાંગર્યું એ દિવસે બુધવાર હતો. બીજા દિવસે એટલે કે આઠમી જુલાઈએ ગુરુવારની સવારે સાવરકર એક જોખમી સંકલ્પ સાથે જાગ્યા, પોતાની કેબિનમાંથી બહાર નીકળ્યા. એમની ઉપર નજર રાખવા માટે નિમાયેલો સ્કોટલેન્ડ યાર્ડનો જ્હોન પાર્કર મીઠી નીંદર માણી રહ્યો હતો, બે હવાલદારોમાંથી એક સિંઘ પણ ઝોકાં ખાઈ રહ્યો હતો, બીજો મહંમદ સિદ્દીક જાગતો બેઠો હતો.

સાવરકરે એની સામે જોઈને જમણા હાથની બે આંગળીઓ ઊંચી કરી, ''જાજરૂ જવું છે.''

મહંમદે ઈજાજત આપી, સાવરકરે સંડાસની અંદર જઈને બારણું બંધ કરી દીધું. અંદરની રચના એમણે આગલા દિવસે જ ગોખી લીધી હતી. બંધ બારણાના ઉપરના ભાગે પારદર્શક કાચ લગાવેલો હતો, જેથી બહાર ઊભેલા પોલીસ કર્મચારીઓ સાવરકરની હિલચાલ ઉપર નજર રાખી શકે.

પણ સાવરકર એમના કરતાં હજાર ગણા વધારે બુદ્ધિમાન હતા. પહેલું કામ એમણે પોતાના શરીર ઉપરનો કોટ ઉતારીને બારણાના કાચ ઉપર લટકાવી દેવાનું કર્યું. હવે એ મહંમદની દૃષ્ટિમર્યાદાથી ઓઝલ હતા.

પછી એમણે ઉપર તરફ જોયું. સંડાસની છતમાં એક બાકોરું આવેલું હતું. સાવરકરે કૂદકો મારીને એ બાકોરામાંથી માથું બહાર કાઢયું. સાંકડા બાકોરામાંથી જ્યાં એ પોતાના દેહને ખેંચીને બહાર નીકળવા જાય, ત્યાં જ બહાર ઊભેલા મહંમદની નજર એમના પર પડી ગઈ.

એણે બૂમાબૂમ કરી મૂકી, ''પકડો ! પકડો ! એ નાસી જાય છે !'' આ સાથે જ એના સાથીદારો દોડી આવ્યા. સંડાસનું બારણું તોડવાના પ્રયત્નો ચાલ્યા. આખરે એ તૂટ્યું પણ ખરું. પણ બરાબર એ જ ક્ષણે સાવરકરે સંડાસમાંથી બહાર નીકળીને એની છત પરથી દરિયામાં ભૂસકો માર્યો.

ભારતની આઝાદીના ઈતિહાસની આ વિરલ ક્ષણ હતી. માત્ર પેન્ટ અને બનિયન પહેરેલા સાવરકર જોશભેર દરિયાનાં પાણી કાપ્યે જતા હતા અને એમની પાછળ જહાજમાંથી ગોળીઓનો વરસાદ વરસી રહ્યો હતો. ચતુર સાવરકર દરિયાનાં મોજાંનો ઉછાળ પારખીને પછી જ પોતાનું માથું બહાર કાઢી રહ્યા હતા. નિરાશ થયેલા અને ક્રોધથી પાગલ થયેલા ઈ. જ્હોન પાર્કરે બરાડો પાડ્યો, ''જોઈ શું રહ્યા છો ? એ બદમાશ હમણાં ફ્રાંસની ધરતી ઉપર પગ મૂકશે, એ પછી આપણું કશું નહીં ચાલે, એને પકડવો હોય તો આપણે પણ દરિયામાં ઝંપલાવવું જ રહ્યું. મૂરખાઓ ! કૂદો !''

મૂરખાઓ કૂદ્યા, પણ ચતુર ચાર ડગલાં આગળ જ હતો, સાવરકર તરતાં-તરતાં માર્સેલ્સના કાંઠા પાસે જઈ પહોંચ્યા. ત્યાં મુશ્કેલી નડી. કિનારો ઊંચો અને લપસણો હતો. પહેલો પ્રયત્ન નિષ્ફળ ગયો, પણ બીજા પ્રયત્ને સાવરકર દરિયામાંથી કૂદીને પોતાની જાતને ધરતી ઉપર લાવી શકયા.

એમના આનંદની કોઈ સીમા ન હતી. હવે એ ફ્રાંસની ધરતી પર ઊભેલા હતા, અંગ્રેજોના કાયદાથી પૂર્ણપણે મુક્ત બનીને.

ત્યાં જ એમણે હવાલદારોને પણ કાંઠા પર ચડતા જોયા. સાવરકર ઊભી બજારે દોડવા મંડ્યા. અહીં એમને બે બાબતો નડી ગઈ. એક, તો એમને ફ્રેન્ચ ભાષા બોલતાં આવડતી ન હતી; બીજું, એમની પાસે એક પણ પૈસો ન હતો.

અને અંગ્રેજો ચાલાક સાબિત થયા. એમણે લોકોની અને ફ્રેન્ચ પોલીસની સહાનુભૂતિ જીતવા માટે ખોટી બૂમો પાડવાનું શરૂ કર્યું, ''ચોર ! ચોર ! પકડો...!'' વાસ્તવમાં સાવરકરે કશીયે ચોરી તો કરી જ ન હતી, જો ફ્રેન્ચ પોલીસ એમને પકડીને અદાલતમાં રજૂ કરે તો વધુમાં વધુ એમને ફ્રાંસની ધરતી પર વગર મંજૂરીએ પગ મૂકવા બદલ સાવ હળવી સજા થાય એવી જ શકયતા હતી, ઈંગ્લેન્ડ અને ફ્રાંસ વચ્ચે ગુનેગારોની આપ-લેનો કરાર એમને લાગુ પડે તેમ ન હતો.

પાંચસો ફર્લાંગ આગળ દોડી રહેલા સાવરકરે એક ફ્રેંચ પોલીસમેનને જોયો. એમણે હાંફતાં-હાંફતાં એને ભાંગી-તૂટી ફ્રેન્ચ ભાષામાં વિનંતી કરી, ''મેં ચોરી નથી કરી. મહેરબાની કરીને તું મને કેદ કર અને નજીકમાં આવેલી કોઈપણ અદાલતમાં મેજિસ્ટ્રેટની સામે લઈ જા !''

પણ ભાષાનું અજ્ઞાન એમને દગો દઈ ગયું. પોલીસ એમની ભાંગી-તૂટી ફ્રેંચ ભાષા સમજી ન શકયો. સાવરકરે આખરી કોશિશ પણ અજમાવી લીધી. બાજુમાંથી પસાર થતી ટ્રામમાં એ ચડવા ગયા, પણ કંડકટરે ટિકિટના પૈસા માગ્યા.

ભાષા અને ખિસ્સા બેયમાં રહેલા અર્થે સાવરકરને અણીની ઘડીએ દગો દીધો !

એમનો પીછો કરતી પોલીસ આવી પહોંચી, સાવરકરને પકડીને પાછી જહાજ ઉપર લઈ ગઈ.

* * *

સાવરકર પર વરસાવવામાં આવેલા અત્યાચારની અને અન્યાયની અહીંથી શરૂઆત થતી હતી.

અંગ્રેજોની ચુંગાલમાંથી નાસી છૂટવામાં સાવરકર સફળ પણ રહ્યા અને નિષ્ફળ પણ. સમય એમના માટે ખલનાયક સાબિત થયો. એમણે બ્રેક્ષ્ટનની જેલમાંથી

સાથીદાર દ્વારા મોકલાવેલો સંદેશો મેડમ કામા અને સરદારસિંહ રાણાને મળી તો ગયેલો, પણ જ્યારે એમણે જાણ્યું કે સાવરકરને લઈ જતું જહાજ માર્સેલ્સના બંદરકાંઠે ઊભું રહેવાનું ન હતું, ત્યારે તેઓ નિરાશ થઈ ગયાં, છતાં પણ એમણે સાવરકરને ભગાડવા માટે ગાડીની ગોઠવણ તો કરી જ રાખેલી, પરંતુ કમનસીબ એમના કરતાં બે ડગલાં આગળ હતું.

મેડમ કામા અને સરદારસિંહ જ્યારે ગાડીમાં બેસીને બંદરકાંઠે પહોંચ્યા. ત્યારે ત્યાં માત્ર ખલાસીઓ જ હાજર હતા, હવામાં સિંહપુરુષના અપ્રતિમ સાહસની ચર્ચાઓ હતી અને જહાજ પરના પીંજરામાં પુરાયેલો એમનો પ્રાણપ્રિય નેતા હતો.

સાવરકરની પૂરી જિંદગીમાં એ દિવસ સૌથી વધુ યાતનામય બનીને ઊતર્યો.

પોલીસ કર્મચારીઓના મનમાં હવે ડર પેસી ગયો હતો કે આ ઘટનાને પગલે કદાચ એમની નોકરી ચાલી જશે. મુંબઈનો આસિસ્ટન્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. પાવર એના હવાલદારોને સાથે લઈને સાવરકર પાસે આવ્યો. એના હાથ અને પગ બેડીમાં જકડી દેવામાં આવ્યા. એમનું મસ્તક પણ લોખંડની વજનદાર સાંકળથી બાંધી દેવામાં આવ્યું.

પછી એણે ખુન્નસભરી આંખે સાવરકરની સામે જોયું, ''કેવી ઓલાદના બનેલા છો તમે સાવરકર ભાઈઓ ! હવે તને છટકવાની એક પણ તક આપવામાં નહીં આવે ! તારે સંડાસ જવું હોય તો પણ આ કેબિનની અંદર જ એ બધું પતાવી દેવું પડશે અને તે વખતે પણ બે હવાલાદારો તારી સામે ઊભા રહેશે.''

પછી એણે ગંદી ગાળો કાઢી. સાવરકરે નમ્રતાપૂર્વક એમને કહ્યું કે પોતાના માટે અપશબ્દો વાપરવામાં ન આવે.

જવાબમાં અંગ્રેજ અમલદારે ધમકી સંભળાવી, ''ગાળો તો કશું જ નથી ! રાત અભી બાકી હૈ ! એક વાર અંધારું થવા દે, પછી તારી વાત છે ! તારી જે હાલત કરું છું...'' એમ કહીને એણે ખિસ્સામાં મૂકેલી રિવૉલ્વર બતાવી.

હવે સિંહ માટે શાંત રહેવું અશકય હતું. સાવરકરે કેદીની હાલતમાં પણ એવી ભયાનક ગર્જના કરી કે એ નરપિશાચ બે ડગલાં પાછો હટી ગયો. સાવરકરે ચેતવણી પીરસી દીધી.

''એક વાત ધ્યાન દઈને સાંભળી લો ! મને ખબર છે કે તમે લોકો મને ફાંસીના ફંદા સુધી લઈ જઈ રહ્યા છો. એમાંથી બચવા માટે અને નાસી છૂટવા માટે હું મારાથી બનતા બધા જ પ્રયત્નો કરી છૂટું એ તદ્દન સ્વાભાવિક છે. કોઈ પણ માણસ આમ જ કરે, પણ તમારી પાસે તો તમારી જિંદગી બચેલી છે. જો તમારે એ જિંદગીથી હાથ ધોઈ ન નાખવા હોય અને જો પત્ની-બાળકોની સાથે

બાકીના દિવસો ગુજારવાની ઇચ્છા બાકી બચી હોય, તો મારાથી છેટા રહેજો. એક મરણિયો સોને ભારે ! મને ગાળો સાંભળવાની કે અપનામ સહન કરવાની સહેજ પણ ટેવ નથી. હું તો મારું ઘર સળગાવીને આવ્યો છું, પણ જો તમારે તમારાં ઘરો સલામત રાખવાં હોય તો મને હાથ પણ ન લગાડતા ! હું જાણું છું કે હું એકલો છું અને તમે ઝાઝા ! પણ અત્યારથી જ કહી રાખું છું, જે માણસ મારા શરીરને પહેલો હાથ લગાડશે એને હું જાનથી મારી નાખીશ ! તમે રાત પડે એની વાટ જોઈ રહ્યા છો ને ? તો સાથે-સાથે મારા પ્રતિઘાતની પણ તૈયારી કરી રાખજો !''

ગોરો નરમ પડી ગયો, ''ભ'ઈ શા'બ ! એવું કંઈ કરશો નહીં. અમે તમારી સાથે નરમાશથી વરતીશું, પણ તમે હવે ભાગી છૂટવાનો પ્રયત્ન મહેરબાની કરીને કરશો મા ! અમારી નોકરી ચાલી જશે...''

બંધનમાં જકડાયેલા સિંહે આઝાદ ઘેટાંઓ સામે સ્મિત ફરકાવ્યું. એમને માફ કર્યા.

* * *

એડન આવ્યું એટલે સાવરકરને એસ. એસ. મોરીમાંથી ઉતારીને એસ. એસ. સાસ્તી નામના જહાજમાં બેસાડવામાં આવ્યા. બાવીસમી જુલાઈએ આ જહાજ એના વિશિષ્ટ અને અભૂતપૂર્વ કેદીને લઈને મુંબઈના બારામાં પ્રવેશ્યું.

ત્યાં સુધીમાં સાવરકરે લગાવેલા દરિયાઈ કૂદકાની વાત દંતકથા બનીને દુનિયાભરમાં ફેલાઈ ગઈ હતી. આખું હિંદુસ્તાન એના આ પરાક્રમી પુત્ર માટે ગર્વ અનુભવતું એને આવકારવા માટે થનગની રહ્યું હતું. બંદર પર એને જોવા માટે હજારોની ભીડ ઊમટી હતી, એમાં અંગ્રેજો પણ બાકાત ન હતા.

અંગ્રેજોની પત્નીઓ હઠ પકડીને બેઠી હતી : ''વી વોન્ટ ટુ સી ધૅટ લાયન !''

બિચારા પતિદેવો સાવરકરની એક ઝલક દેખાડવા માટે એમની પત્નીઓને ઊંચકીને ઊભા રહ્યા હતા. સાવરકર જહાજમાંથી ઊતરીને બંધ કાચવાળી ગાડીમાં બેસીને રવાના થઈ ગયા, ત્યાં સુધી ભીડ વિખેરાણી નહીં.

સાવરકરને પહેલાં તો નાસિકની પોલીસના હવાલે સોંપી દેવામાં આવ્યા. પછી એમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા. ત્યાં તેરમી સપ્ટેમ્બરે એક ભલો અંગ્રેજ વકીલ સાવરકરને મળવા માટે આવ્યો.

''હું મિ. બૅપ્ટિસ્ટા છું, જન્મે અંગ્રેજ છું, પણ દિલથી હિંદુસ્તાની છું. ટિળક મહારાજનો મિત્ર છું.'' એણે મીઠું હસીને પોતાનો પરિચય આપ્યો.

"હું પણ તમામ અંગ્રેજોને શત્રુ તરીકે માનતો નથી. આપને મળીને ખુશ થયો. આપના આવવાનું પ્રયોજન જાણી શકું ?"

"મને મેડમ કામાએ મોકલ્યો છે. મારે તમારી વકીલાત કરવાની છે."

સાવરકર હસ્યા, "અન્યાયની અદાલતમાં તમે મને ન્યાય શી રીતે અપાવવાના હતા ! ભલે, આવ્યા જ છો તો કોશિશ કરી લો !"

પંદરમી સપ્ટેમ્બરે, ૧૯૧૦માં સ્પેશિયલ ટ્રિબ્યુનલ સમક્ષ સાવરકર ઉપર કામ ચલાવવાની શરૂઆત થઈ. આ માટે એમને ડોંગરી જેલમાં લાવવામાં આવ્યા. સાવરકર ઉપર જાત-જાતના મનઘડંત આરોપો મૂકવામાં આવ્યા. રાજદ્રોહ, બ્રિટિશ સલ્તનત સામે પ્રજાની ઉશ્કેરણી, ક્રાંતિ માટેનું સાહિત્ય-વિતરણ, નાસિકના કલેકટરના ખૂન માટે રિવૉલ્વર મોકલવી વગેરે જેવા ઘણા બધા આરોપો ઘડી કાઢવામાં આવ્યા. આમાંનો એક પણ આરોપ પુરાવાના અભાવે ટકી શકે તેમ હતો જ નહીં.

સાવરકરે આરોપીના કઠેડામાં ઊભા રહીને ટટ્ટાર છાતીએ જાહેર કર્યું, "હું હિંદુસ્તાનની તમામ ગેરકાયદે અદાલતોના અમલને અમાન્ય જાહેર કરું છું. મારે આ અદાલતમાં હવે પછી ચાલનારી સંપૂર્ણ કાર્યવાહીનો હું બહિષ્કાર કરું છું. માટે મારા બચાવમાં કશું જ કહેવું નથી.

અંગ્રેજ સરકાર આ ખતરનાક કેદીથી એ હદે ફફડી ચૂકી હતી કે એને રોજ ડોંગરીની જેલમાંથી હાઈકોર્ટ સુધી લાવવા માટે અભૂતપૂર્વ પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. રોજ સવારે સાવરકરને હથિયારધારી સિપાહીઓના જાપતા હેઠળ બંધ પોલીસ વાહનમાં લાવવામાં આવતા હતા. પચાસ સશસ્ત્ર પોલીસ કર્મચારીઓ અદાલતમાં એક સાવજને ઘેરો ઘાલીને ઊભા રહેતા હતા. મુંબઈના પોલીસ કમિશ્નર જાતે આ પહેરા ઉપર નજર રાખતા હતા. માત્ર ગણ્યા-ગાંઠયા પત્રકારોને જ અદાલતમાં દાખલ થવાની છૂટ હતી. પહેલા દિવસે એક જબરજસ્ત ઘટના બની. કાર્યવાહીના પ્રથમ દિવસે જ્યારે સાવરકરે અદાલતમાં પગ મૂકયો, ત્યારે અચાનક આખો ઓરડો એમના સ્વાગત માટે પાડવામાં આવેલી તાળીઓથી ગૂંજી ઊઠયો. સાવરકરને આશ્ચર્ય થયું, કારણ કે સામે ગોઠવવામાં આવેલી પાટલીઓ તો ખાલી હતી, તો પછી આ તાળીઓ કોણે પાડી ?

એમણે નીચેની દિશામાં જોયું તો બીજા કઠેડામાં ત્રીસ ચાળીસ જુવાનો બેઠા હતા; તાળીઓ એ લોકો જ પાડી રહ્યા હતા. સરકારી વકીલને આ દૃશ્ય જોઈને આંચકો લાગ્યો; કારણ કે એ જુવાનો પણ સાવરકરની જેમ જ અદાલતી કાર્યવાહીનો સામનો કરી રહ્યા હતા. એ બધા સાવરકરવાદીઓ હતા અને નાસિકના કલેકટરનું ખૂન કરવા બદલ ધરપકડ પામેલા હતા.

સરકારી વકીલ મિ. જાર્ડીને એમને ઠપકો આપ્યો, ''અરે, મૂર્ખાઓ ! જે માણસની અવળી શિખામણ માનવાને કારણે આજે તમે ફાંસીના ગાળિયાની નજીક પહોંચી ગયા છો, એ માણસને તો તમારે ગાળો દેવાની હોય ! એને બદલે તમે આમ ઊભા થઈને, તાળીઓ પાડીને એનું સન્માન કરી રહ્યા છો ?''

જવાબમાં એ બહાદુર દેશભક્તોના ગળામાંથી કોરસ સ્વરૂપે અવાજ નીકળ્યો, ''સાવરકર અમારા ગુરુજી છે ! સાવરકર વીરપુરુષ છે ! જહાજમાંથી માર્સેલ્સના સમુદ્રમાં ઠેકડો મારીને એમણે અમારા દેશનું ગૌરવ વધાર્યું છે ! વીર સાવરકર સલામત રહો ! સ્વાતંત્ર્યલક્ષ્મીનો જય હો !''

જજ સાહેબે કેટલીયે વાર ટેબલ ઉપર લાકડાની હથોડી પછાડી ત્યારે માંડ આ 'જયઘોષ' શાંત થયો.

શિષ્યોની વફાદારી અને પ્રેમભાવ જોઈને સાવરકર ગદ્‌ગદ્ થઈ ગયા. એમણે એક ઝીણવટભરી નજર એ સમૂહ ઉપર ફેરવી. કેટલાક જૂના, પરિચિત ચહેરાઓ કળાયા. એમાંથી એક જણના ચહેરા પર એમની નજર ઠરી ગઈ. સત્તરેક વર્ષનો છોકરો કંઈક વિશેષ પરિચિત જણાયો. એની હોઠ; બધું જ જાણીતું લાગ્યું. અતિશય જાણીતું. માત્ર એની પાતળી મૂછનો મેળ બેસતો ન હતો.

એક ક્ષણ માટે સાવરકરે આંખો બંધ કરી લીધી. પેલા જાણીતા ચહેરા પર ફૂટેલો મૂછનો દોરો બાદ કરી નાખ્યો. તરત જ ઓળખાણ પકડાઈ ગઈ. આ તો એનો નાનો ભાઈ નારાયણરાવ સાવરકર હતો ! પુત્રથી પણ વધારે પ્રિય બંધુ !

''અરે ! બાલ ? તું ?'' એમણે ખેદપૂર્વક પૂછ્યું, ''બાબા પકડાયા. હું પકડાયો. હવે તું પણ ?

બાલની આંખો દેશભક્તિથી ચમકી રહી, ''હા, હું પણ !''

* * *

અંગ્રેજોએ લખેલી અન્યાયની પટકથા સંપૂર્ણ હતી. સાવરકરના પક્ષે સત્ય હતું. અંગ્રેજો પાસે સત્તા હતી. સાવરકરના વકીલ મિ. બૅપ્ટિસ્ટા બરાડા પાડી પાડીને અદાલતને કહેતા રહ્યા, ''મારા અસીલને ફ્રાંસની ધરતી પરથી ગેરકાયદેસર પકડવામાં આવેલ છે. એના ઉપર કામ ચલાવવાની આ અદાલતને સત્તા જ નથી. મારી વિનંતી છે કે મિ. સાવરકરને પાછા ફ્રાંસની સરકારના હવાલે કરી દેવામાં આવે.''

પણ સામા પક્ષે આખી કૌરવસભા હાજર હતી. ચીફ જસ્ટિસ ઑફ બૉમ્બે મિ. બેસીલ સ્કોટ હતા, સર એન. જી. ચંદાવરકર હતા, મિ. હીટન હતા.

સાવરકર ઉપરના આરોપો સાબિત કરવા માટે થનગની રહેલા બાહોશમાં બાહોશ વકીલોની પૂરી ટુકડી હતી; મિ. જાર્ડીન, મિ. વેલ્ડન, મિ. વેલીન્કર અને મિ. નિકોલ્સન હતા.

ત્રણ કાર્યવાહીનું ત્રિ-અંકી નાટક સમાપ્ત થયું. આખરે અડસઠ દિવસના ઈન્તેજાર પછી ફેંસલાની ઘડી આવી પહોંચી.૧૯૧૦ની ત્રેવીસમી ડિસેમ્બરે ખીચોખીચ ભરાયેલી અદાલતમાં મુખ્ય ન્યાયાધીશે ખુરશીમાં સ્થાન ગ્રહણ કર્યું. અદાલતમાં ટાંકણી પડે તો પણ સંભળાય એવી ખામોશી હતી અને ચીફ જસ્ટિસે સાવરકરની દિશામાં જોઈને ચુકાદો સંભળાવ્યો, ''વિનાયક દામોદર સાવરકર, અદાલત તમારા ગુના સબબ આજીવન કેદ અને દેશનિકાલની સજા ફરમાવે છે. સાથે જ તમારી તમામ મિલકત જપ્ત કરવાનું પણ ફરમાન કરવામાં આવે છે.''

આ ચુકાદો સાવ જ અન્યાયપૂર્ણ હતો. જે માણસને વિદેશની ભૂમિ પરથી ગેરકાયદેસર ધરપકડ દ્વારા અદાલતમાં ખેંચી લાવવામાં આવ્યો હતો એના પર આમ એક પક્ષીય ધોરણે કામ ચલાવીને સજા ફરમાવવી એ આંતર્રાષ્ટ્રીય કાયદાનું ઘોર અપમાન હતું.

હજુ હેગની આંતર્રાષ્ટ્રીય અદાલતમાં તો સાવરકરની સુનાવણી શરૂ થવાની પણ બાકી હતી ! અને એ 'સબજ્યુડિસ' બાબતનો આ અદાલતમાં ચુકાદો પણ જાહેર થઈ ગયો હતો ! સાવરકર વધુ ને વધુ ઊજળા દેખાઈ રહ્યા હતા, અંગ્રેજોની ન્યાયપ્રણાલી ઉપર ડામરનો કૂચડો ફરી વળ્યો હતો !

* * *

મુંબઈની હાઈકોર્ટમાં જ્યારે ન્યાયની દ્રૌપદીનું વસ્ત્રાહરણ થઈ રહ્યું હતું, ત્યારે જગત ખામોશ બનીને બેસી રહ્યું ન હતું. સાવરકરના સાથીદારો નિષ્ક્રિય ન હતા. એમના પ્રિય નેતાને થઈ રહેલો ઘોર અન્યાય અટકાવવા માટે એ લોકો આકાશ-પાતાળ એક કરી રહ્યા હતા.

જે દિવસે સાવરકરે અંગ્રજોનો જાપતો તોડીને દરિયામાં ઝંપલાવ્યું એ આઠમી જુલાઈનો દિવસ હતો. સાવરકર વિશેના આ ખળભળાવી મૂકે તેવા સમાચાર ત્રણ દિવસ પછી પહેલી-વહેલી વાર 'ડેઈલી મેઈલ'ની પેરિસ આવૃત્તિમાં છપાયા. માત્ર થોડીક જ લીટીઓમાં. મેડમ કામા અને અન્ય મિત્રો માર્સેલ્સ પહોંચવામાં થોડા કલાકો મોડા પડ્યા, પણ એમણે ત્યાંથી જ ટેલિગ્રામ કરીને સાવરકરની આ પરાક્રમગાથા પેરિસના અખબાર 'લા હ્યુમેનાઈટ'ના તંત્રીને મોકલી આપી. આ તંત્રી, નામે જીન લેન્ગ્વેટ એ સ્વનામધન્ય કાર્લ માર્ક્સનો પૌત્ર હતો. એણે આ વૃત્તાંત સુંદર રીતે ચમકાવ્યો.

પં. શ્યામજી કૃષ્ણવર્મા, મેડમ કામા અને સરદારસિંહ રાણા ફ્રાંસના મહાન સમાજવાદી નેતા મૉન્સ્યોર જૌરીસને રૂબરૂ મળ્યા.તેઓ માર્સેલ્સના મેયર પણ હતા. એમના ગળે વાત ઊતરી કે આખું કોળું શાકમાં ગયું છે. એમણે ઝુંબેશ શરૂ કરી, ''સાવરકરને અમારા શહેરમાંથી ખોટી રીતે પકડવામાં આવ્યા છે. અમારો માણસ અમને પાછો સોંપી દો !''

સાવરકરના સાથીઓ પૂરા યુરોપમાં ઘૂમી વળ્યા. માનવઅધિકાર પંચના અધ્યક્ષ મિ. ફ્રાંસિસે ફ્રાંસના વિદેશપ્રધાનને પત્ર લખીને સાવરકરની મુક્તિ માટે સૂચના આપી. જો અંગ્રેજો એમ કરવાની ના પાડે તો આખો મામલો હેગની આંતર્રાષ્ટ્રીય અદાલતમાં ઘસડી જવાની ભલામણ કરી.

લા એકલેયર, લે ટેમ્પ્સ અને લે માર્ટીન જેવાં અખબારોએ લખ્યું, ''અમારી ભૂમિ પરથી સાવરકરને પકડવામાં આવ્યા એ અંગ્રેજ સરકાર દ્વારા કરવામાં આવેલું કાયદાનું ખૂન છે !''

ઈંગ્લૅન્ડમાં પણ ન્યાયી માણસો ચૂપ બેઠેલા ન હતા. ગાય આલ્ફ્રેડ નામના યુવાન તંત્રીએ એના અખબાર 'હેરાલ્ડ ઑફ રિવોલ્ટ'માં સાવરકર વિષે શ્રેણીબદ્ધ લેખમાળા ચલાવી. જાહેર ભાષણોની શૃંખલા શરૂ કરી અને ૧૯૧૦માં લંડન ખાતે 'સાવરકર મુક્તિ સમિતિ'ની રચના કરી.

વિશ્વના મોટા ભાગના દેશોની એલચી કચેરીઓ આ આંદોલનમાં સક્રિય બની.

દુનિયાભરની દસેય દિશાઓમાંથી જ્યારે 'સાવરકર' નામના એક શૂરવીરનું વજનદાર નામ અંગ્રેજોના મગરૂર માથા પર હથોડા બનીને વીંઝાવા માંડ્યું, ત્યારે છેવટે ઈંગ્લૅન્ડની સંસદે એમના વિશે ચર્ચા છેડવી પડી.

ફ્રાંસની સરકારે પણ ગગનભેદી અવાજે સાવરકરને પોતાના દેશને સોંપવાની માગણી બુલંદ કરી. પરિણામે સાવરકરની મુક્તિનો મામલો આંતર્રાષ્ટ્રીય અદાલતને સોંપવા માટે અંગ્રેજોએ સંમત થવું પડ્યું.

અંગ્રેજોએ હવે અભૂતપૂર્વ કાવાદાવાનો આરંભ કર્યો. એનાં બે જબરજસ્ત પ્રતિસ્પર્ધી રાષ્ટ્રો-જર્મની અને રશિયા-ને આ હેગની અદાલતમાં ભાગ લેવાથી દૂર રાખ્યા. સાવરકરનો 'ન્યાય' તોળવા માટે જે સમિતિ રચી એમાં બેલ્જિયમ, નોર્વે અને હોલેન્ડ જેવા ટચુકડા દેશોને સ્થાન આપ્યું. હિમાલયનો ન્યાય તોળવા માટે કાંકરાઓ ભેગા થયા.

ફ્રાંસના પ્રતિનિધિને અગાઉથી જ નોબેલ પ્રાઈઝ આપીને ફોડી નાખવામાં આવ્યા. ઈંગ્લૅન્ડના પ્રતિનિધિને પછીથી 'સર'નો ખિતાબ આપીને સંતોષવામાં આવ્યા.

બ્રિટિશ સરકારે ફ્રાંસના વડા પ્રધાન મિ. બ્રિયાન્ડને પણ ચીમકી આપી દીધી, ''ન્યાયના નામની બૂમાબૂમ બંધ કરી દો ! સાવરકર તમને શું સગો થાય છે? એ ન ભૂલશો કે જે રીતે જર્મની તમારું દુશ્મન છે, એ જ રીતે સાવરકર અમારો શત્રુ છે અને તમને જર્મનીથી બચવા માટે અમારી જેટલી ગરજ છે, એટલી જ ગરજ સાવરકરથી બચવા માટે અમને તમારી છે !''

શતરંજની સોગઠીઓ બરાબર ગોઠવાઈ ગઈ. ન્યાયનું જે નાટક મુંબઈની વડી અદાલતમાં ભજવાયું હતું એનો જ બીજો ખેલ હેગમાં ભજવાઈ ગયો. સોળમી ફેબ્રુઆરીએ શરૂ થયેલી કાર્યવાહી ચોવીસમી ફેબ્રુઆરીએ તો ખતમ થઈ ગઈ. આઠમા દિવસે ચુકાદો જાહેર થયો, ''હેગની આંતરરાષ્ટ્રીય અદાલત જાહેર કરે છે તે આમ તો સાવરકરને જે રીતે માર્સેલ્સની ભૂમિ પરથી પકડવામાં આવ્યા છે એ સરાસર ગલત છે, પણ જે થયું તે થયું એમ માનીને આ ટ્રિબ્યૂનલ અંગ્રેજોના પક્ષમાં ફેંસલો આપવાનું સર્વાનુમતે ઠરાવે છે.''

આ ફેંસલો કેટલો 'સર્વાનુમતે' લેવાયો હશે, એમાં કોની ઉપર ક્યાંથી ને કેટલું દબાણ લાદવામાં આવ્યું હશે એની સાબિતી તરત જ જગતની આંખો સામે આવી ગઈ. ભયંકર નામોશી અને શરમથી પોતાનું મોં છુપાવવા માટે ચુકાદાના ત્રીજા જ દિવસે ફ્રાંસના વડાપ્રધાન શ્રી બ્રિયાન્ડે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું.

મુક્ત લોકશાહી, માનવ અધિકાર અને સાચી ન્યાયપ્રણાલીમાં શ્રદ્ધા ધરાવનારા તમામ વિશ્વનાગરિકો હેગનો આ ચુકાદો સાંભળીને સ્તબ્ધ થઈ ગયા.

* * *

સત્તાવીસ વર્ષના સિંહપુરુષને એક જનમટીપ ફટકારવાથી અંગ્રેજોને સંતોષ ન હતો. એ લુચ્ચી લોમડીઓ સાવરકરથી ધ્રુજારી અનુભવતી હતી. અંગ્રેજોને અહિંસાના પૂજારીઓ તરફથી ક્યારેય ડર લાગ્યો ન હતો. બહુ બહુ તો એ લોકો ભારતને આઝાદ કરાવવામાં સફળ થશે એવું અંગ્રેજો જાણતા હતા, પણ પૂરા દેશમાંથી જો પાંચ-દસ હજાર માણસો પણ સાવરકરના સિંહપગલે ચાલવા માટે તૈયાર થઈ જાય, તો ભારત દેશ આઝાદ થતાં થશે, પરંતુ એની પહેલાં અંગ્રેજો એમની જિંદગીથી આઝાદ થઈ જશે !

એમણે મનોમન ગણતરી કરી લીધી. સત્તાવીસ વર્ષના સાવરકર પચીસ વર્ષની જનમટીપ પૂરી ભોગવીને સ્વદેશ પાછા ફરે ત્યારે બાવનના થયા હોય. આ ઉંમર સાવજ માટે બહુ મોટી ન ગણાય. હજુ એની ત્રાડ મોળી ન પડી હોય. એના નહોર ધારવિહોણા ન બની ગયા હોય. એના દાંતોમાં શિકારને ફાડી નાખવાની તીક્ષ્ણતા હજુ એવી ને એવી સાબૂત હોય.

તો પછી શું કરવું ?

લૉર્ડ હોર્જિંડની અંગ્રેજ હકૂમતે સાવરકર ઉપર બીજો મુકદ્દમો ઠોકી દીધો. આમ જુઓ તો પહેલો ને બીજો મુકદ્દમો એક જ મગની બે ફાડ જેવો હતો. રાજ્યદ્રોહના અપરાધમાંથી નાસિકના કલેકટરના ખૂનની ઉશ્કેરણીના આરોપને જુદો પાડવામાં આવ્યો.

ત્રેવીસમી જાન્યુઆરીએ શરૂ થયેલો ખટલો સાત દિવસમાં સમાપ્ત કરી દેવામાં આવ્યો. ૧૯૧૧ની ત્રીસમી જાન્યુઆરીએ વિનાયક દામોદર સાવરકરને બીજા પચીસ વરસની જનમટીપ ફટકારી દેવામાં આવી.

સાવરકરે માત્ર એટલું જ કહ્યું, ''મારું સૂચન છે કે આ બંને જનમટીપો હું એક સાથે ભોગવું.''

અદાલતે એમની વાતને ઠુકરાવી દીધી. વિશ્વભરમાં એક પછી એક એમ બબ્બે જનમટીપની વાત અભૂતપૂર્વ હતી. ૨૫-૨૫ વર્ષની બે મુદતો સાવરકરે હિંદુસ્તાનની બહાર આંદામાન ટાપુના પાટનગર પોર્ટ બ્લેયર ખાતે આવેલી સેલ્યુલર જેલમાં ભોગવી બતાવવાની હતી.

સાવરકર પણ સમજતા હતા કે એમનું મૃત્યુ હવે જેલની કોટડીમાં જ થવાનું છે. પચાસ વર્ષની યાતનાસભર જેલયાત્રા સહન કર્યા પછી પણ જો કદાચ જીવતા રહી શકાય તો માતૃભૂમિ ઉપર ફરીથી પગ મૂકતી વખતે પોતે સિત્તોતેર વર્ષના થઈ ચૂકયા હશે.

સિંહને ઘરડો થવા માટે આ વર્ષ બરાબર ગણાય ! સાવરકરે એમની ગરિમા, એમની દેશભક્તિ અને એમનું અભિમાન જાળવી રાખ્યું. ઉન્નત મસ્તકે એ ઊભા થયા અને ધીરગંભીર સ્વરે નીચેના શબ્દો એમણે ઉચ્ચાર્યા, ''તમારા કાયદાની કઠણમાં કઠણ સજા ભોગવવા હું તૈયાર છું; કારણ કે હું માનું છું કે માત્ર દુઃખ સહન કરવાથી અને ત્યાગથી જ અમારી પ્રિય માતૃભૂમિ નિશ્ચિત વિજય તરફ પ્રયાણ કરશે.''

પછી એમણે 'સ્વાતંત્ર્ય લક્ષ્મીની જય' ઘોષ કર્યો અને કઠેડામાંથી બહાર આવ્યા.

એમને જોઈને એક અંગ્રેજ અફસરે કટાક્ષ કર્યો, ''કેમ મિ. સાવરકર ? બે જનમટીપની સજા સાંભળીને તમે ડરી ગયા ને ?''

સાવરકરે એની સામે ડોળા ફાડ્યા. એ જોઈને પેલો અંગ્રેજ ડરી ગયો.

સાવરકરે તર્ક રજૂ કર્યો, ''મેં તો અત્યાર સુધી એવું સાંભળ્યું હતું કે માનવીની પાસે માત્ર એક જ જિંદગી છે અને એક જ જન્મ છે. તો પછી એક જન્મમાં બે જન્મટીપ શી રીતે હોઈ શકે ?''

અંગ્રેજને ફરી પાછું ટીખળ સૂઝયું, ''અમારા હોશિયાર ન્યાયાધીશે કદાચ એવું વિચાર્યું હશે કે એક જનમટીપ તમારા વર્તમાન જન્મ માટે અને બીજી જનમટીપ તમારા આવનારા જન્મ માટે યોગ્ય રહેશે !''

એને બાપડાને ખબર નહીં હોય કે એ કોની સાથે દલીલબાજી કરી રહ્યો છે ! ડિગ્રી ન મળી હોવા છતાં સમગ્ર હિંદના શ્રેષ્ઠ, ભેજાબાજ, વાક્પટુતાથી ભલભલાને મહાત કરી દેનાર વિનાયક સાવરકરે એને જે જવાબ સંભળાવ્યો એ આ હતો, ''એમ ? ચાલો, સારું થયું ! આ બહાને તમારા વિદ્વાન અંગ્રેજોએ અમારા હિંદુઓમાં પ્રચલિત એવા પુનર્જન્મના સિદ્ધાંતનો આખરે સ્વીકાર તો કર્યો ને !''

એ અંગ્રેજ ત્યાર પછી સાવરકરની સામે ફરી કયારેય ફરકયો નહીં.

* * *

એક ભડાકા સાથે જેલની કોટડીનું બારણું ખૂલ્યું. સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ અંદર આવ્યા. ભડાકા સાથે બારણું બંધ થયું.

સાહેબે શાંતિપૂર્વક આદેશ ફરમાવ્યો, ''હવે પછી તમને કેદીનાં કપડાં અને ખોરાક આપવામાં આવશે. પચાસ વર્ષની શિક્ષા આજથી શરૂ થઈ ગઈ છે.

સાવરકર ઊઠ્યા, ઘરના કપડાં ઉતાર્યાં. કેદીનાં કપડાં ધારણ કર્યાં. એક વિચાર જન્મ્યો, ''આ કપડાં આજે પહેરું છું એ હવે તો મૃત્યુ બાદ જ ઊતરવાનાં છે ! આ કપડાંમાં જ મારું શબ કોટડીની બહાર જશે !'' એટલી પણ ક્ષણ પૂરતા સાવરકર ઉદાસ થઈ ગયા.

ત્યાં એક સિપાઈએ આવીને એક લોખંડી બિલ્લો હાથમાં મૂકયો, કેદીની છાતી ઉપર વિરાજનારો એ ક્રમાંક હતો. એ બિલ્લા ઉપર કેદીના છુટકારાની તારીખ લખાયેલી હતી. ડિસેમ્બર ૧૯૧૦થી પચાસ વરસ ગણીને ડિસેમ્બર ૧૯૬૦ની તારીખ બિલ્લા ઉપર લખવામાં આવી હતી.

''નિરાશ ન થશો. કૃપાળુ સરકાર તમને ૧૯૬૦માં તે મુકત કરશે જ.'' સુપરિન્ટેન્ડેન્ટે ક્રૂરતાભર્યો વિનોદ કર્યો.

સાવરકરે એમને ઉપહાસ કરતો જવાબ સંભળાવ્યો, ''પણ સરકાર કરતાં મૃત્યુ વધારે દયાળુ છે; તે આ સાલ કરતાંયે વહેલાં મારો છુટકારો કરી દે તો ?''

બંને હસી પડ્યા.

* * *

ડોંગરી જેલ, ભાયખલા જેલ અને થાણાની જેલ. સાવરકરને આંદામાન માટે રવાના કરતાં પહેલાં આ ત્રણ જેલોમાં રાખવામાં આવ્યા. સરકારી આદેશ હતો કે જેલના કર્મચારીઓએ આ ખતરનાક કેદીની સાથે એક શબ્દની પણ વાતચીત ન કરવી, છતાં પણ સિપાઈઓથી માંડીને નોકરો સુધીના તમામ કર્મચારીઓ આ

દેશભક્ત કેદી પ્રત્યે અહોભાવભર્યું વર્તન દાખવતા હતા. એમને ચિઠ્ઠીચપાટી લાવવા-લઈ જવામાં છાની-છપની મદદ પણ કરતા હતા. બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે એના સમાચાર પણ એ લોકો સાવરકરને પહોંચાડતા હતા.

''સાહેબ, બહુ માઠા સમાચાર છે.'' એક દિવસ એક સિપાઈએ સમાચાર આપ્યા, ''તમારી તમામ મિલકત સરકારે જપ્ત કરી લીધી છે. એની હરાજીના સત્તાવીસ હજાર રૂપિયા સરકારને મળ્યા છે. તમારા સસરાની મિલકત પણ જવહારના રાજાના હુકમથી ખાલસા કરવામાં આવી છે, તમારાં પુસ્તકો, વાસણો, કપડાં વગેરે તમામ ઘરવખરીનું લિલામ કરી નાખવામાં આવ્યું છે. તમારાં ભાભી રાંધતાં હતાં. રસોડામાં ચૂલો સળગતો હતો અને વાસણોમાં રસોઈ બનતી હતી; એ ઠામ-વાસણ પણ પોલીસ ઉઠાવી ગઈ છે. તમારાં ભાભીને પહેરેલાં કપડે ઘરની બહાર ફેંકી દીધાં છે, બસ, આ ચશ્માં...સરકારે... તમને આપવા માટે... બાકી રાખ્યાં છે !''

ડોંગરી જેલમાં પત્ની યમુના પતિ વિનાયકને મળવા માટે આવી. બેરિસ્ટરનાં કપડાંમાં પતિને જોવાનાં સપનાં જોતી પત્ની એને કેદીનાં કપડાંમાં જોઈને રડી પડી.

વિનાયકે એને છાની રાખી, ''એમાં રડે છે શું ? માત્ર વસ્ત્રો જ બદલાયાં છે ને ! વ્યક્તિ તો એની એ જ છે ને ! આ કેદીનાં કપડાં મારા દેહને ઠંડીની સામે રક્ષણ આપવાની મૂળભૂત જરૂરિયાત તો પૂરી કરી જ રહયાં છે ! જો ભગવાન ચાહશે, તો આપણે જિંદગીમાં ફરી કયારેક મળીશું, જો તને માનવ-જીવનની ક્ષુલ્લક ચીજો પ્રત્યે કયારેય પણ આસક્તિ જાગે, તો પળ વાર માટે વિચાર કરજે; જો તને એવું લાગે તે જિંદગી એટલે બચ્ચાં જણવાં અને ઉછેરવાં એટલું જ છે, તો સમજી લેજે કે એવાં કામ તો ગાયો અને ચકલાં પણ કરી જાણે છે; પણ જો તું જિંદગીને એના વિશાળ અર્થમાં સમજી શકે તો સમજજે કે આપણે સાચા મનુષ્યો તરીકે જીવી જાણ્યું છે. આપણે આપણા રસોડામાં સળગતો અગ્નિ સ્વહસ્તે એટલા માટે બુઝાવી દીધો છે, કે એના કારણે આ દેશનાં હજારો ઘરોમાંથી કોઈક દિવસે સુવર્ણમય ધૂમ્રસેર ઊઠી શકે !''

સત્તાવીસમી જૂન, ૧૯૧૧. ચેન્નાઈના બંદર કાંઠે લાંગરેલી આગબોટે 'ભોં-ભોં કરતો પાવો વગાડ્યો. એનું નામ હતું : એસ. એસ. મહારાજા.

એની અંદર ભંડિકયામાં લોખંડની બેડી અને સાંકળોમાં જકડાયેલો ક્રાંતિકારીઓનો મહારાજા ગમગીન હાલતમાં ઊભો હતો. એ હવે વિનાયક ન હતો, સાવરકર પણ ન હતો; એનું હવે પછીનું નામ હતું : કેદી નંબર : ૩૨૭૭૮૦ !

આજ સુધીમાં જે સેંકડો-હજારો જન્મટીપવાળાઓ આ અભિશપ્ત આગબોટમાં બેસીને કાળાપાણીએ ગયા હતા, એમાંથી સેંકડે એક પણ જીવતો પાછો સ્વદેશે

આવ્યો ન હતો. કાળાપાણીની સજાની ધાક જ એવી જબરી હતી કે અઢાર વરસના જુવાનિયા એ આગબોટમાં પગ મૂકે એની સાથે જ એંસી વરસના બુઢ્ઢા જેવા દેખાવા માંડતા હતા.

ગમગીન છતાં ગર્વિષ્ઠ સાવરકરે ટટ્ટાર છાતી અને ઉન્નત મસ્તક સાથે આજે પહેલી વાર એ જહાજમાં પગ મૂક્યો.

એમને આવેલા જોઈને બીજા બિનરાજકીય ક્રૂર ખૂની કેદીઓ આ વીરપુરુષને માન આપવા માટે જરા દૂર ખસી ગયા.

એમાંના કોઈકના મુખમાંથી શબ્દો સરી પડ્યા :

"અજબ તેરી કરની, અજબ તેરા ખેલ;

મકડીકે જાલે મેં ફંસ ગયા શેર !"

વાત સાવ સાચી હતી; લુચ્ચા અંગ્રેજ કરોળિયાની જાળમાં એક હિંદુસ્તાની શેર ફસાઈ ગયો હતો.

○ ○ ○

૧૬. કાળા પાણીની કેદ

આંદામાન ટાપુસમૂહના પોર્ટ બ્લેયરની સેલ્યુલર જેલના યમદૂત જેવા જેલર મિ. બારીએ નવા આવેલા ખતરનાક રાજકેદીને ચેતવણી આપતાં કહ્યું, ''તમે એ જ માણસ છો જેણે માર્સેલ્સના દરિયામાં ભૂસકો મારીને નાસી છૂટવાનું સાહસ કર્યું હતું ?''

સાવરકરે એની આંખમાં આંખ પરોવીને જવાબ આપ્યો, ''હા, કેમ પૂછવું પડ્યું ?''

''એવું ગાંડપણ અહીં ન કરશો. આ કારાગૃહની ચારે બાજુ નિબીડ જંગલો આવેલાં છે, જેમાં ક્રૂર જંગલી લોકો વસે છે. એ લોકો માનવભક્ષી છે; તમને કાકડીની જેમ કાચા ને કાચા ખાઈ જશે.''

''જાણું છું. પકડાયા પછી મેં જે પુસ્તક સૌથી પહેલું વાંચ્યું હતું એ આંદામાન વિશે સરકારી હેવાલનું હતું.''

''સરસ !'' બારી હસ્યો, ''એ વાંચ્યા પછી શું તારણ કાઢ્યું તમે ?''

''એ જ કે...'' સાવરકર પણ હસ્યા, ''આંદામાન એ માર્સેલ્સ નથી.''

* * *

સાવરકરની વાત સાચી હતી. આંદામાન એ આંદામાન હતું, એની સરખામણી વિશ્વના બીજા એક પણ શહેર સાથે થઈ શકે તેમ હતી. જિંદગી કરતાં અધિક સુંદર અને મૃત્યુ કરતાં વધુ ભયાવહ ! ઈશ્વર નામના ચિત્રકારે ધરતીના કેન્વાસ ઉપર દોરેલું શ્રેષ્ઠતમ ચિત્ર એટલે આંદામાન.

આ બેટ કલકત્તાથી લગભગ છસો માઈલ દૂર છે. વસ્તુતઃ એ બંગાળના ઉપસાગરમાં પથરાયેલો દ્વીપસમૂહ છે. આંદામાન-નિકોબાર સમૂહમાં આંદામાન સૌથી વિશાળ બેટ છે. એના નામની વ્યુત્પત્તિ 'હનુમાન' સાથે જોડવામાં આવે છે; પણ તેની આકૃતિ ઈંડા જેવી (અંડાકાર) હોવાથી એનું નામ આંદામાન પડ્યું હોય એ વધારે માનવા યોગ્ય લાગે છે.

અહીં બારેમાસ પડતા વરસાદની વચ્ચે ક્યાંક ક્યાંક સખત ગરમી પણ ઝબકી જાય છે. શિયાળો અહીં ગેરહાજર છે. ખાડીઓ અને કીચડનું અહીં સામ્રાજ્ય છે, એટલે માખીઓ અહીંની રાણી છે અને મચ્છરો અહીંના માલિકો છે. અહીં ઝાડની

ડાળે-ડાળે ને પાંદડે-પાંદડે લોહીતરસી જળોના ઝુંડના ઝુંડ જામેલાં હોય છે. માણસની ગંધ આવે કે તરત આ જળો ટપોટપ કરીને ખરવા માંડે છે અને માણસને વળગીને એના શરીરમાંથી લોહીના ઘૂંટડા ભરવા માંડે છે.

આંદામાનમાં સાપોલિયા જેવડા લાંબા ને જાડા કાનખજૂરા થાય છે, જે એટલા બધા ઝેરી હોય છે કે તેમનો દંશ થાય કે તરત જ પક્ષાઘાત થઈ જાય છે. વાઈપર નામનો વિષયુક્ત સાપ માણસને વહેલામાં વહેલો સ્વર્ગવાસી કરી દેવા માટે અહી ફૂંફાડા મારતો ફરી રહ્યો છે અને જો તમે એની ઝપટમાંથી બચી ગયા છો, તો તમને આખા ને આખા ગળી જવા માટે વિશાળકાય અજગરો ટાંપીને બેઠા છે.

અહીનો દરિયાકાંઠો દુનિયાભરમાં શ્રેષ્ઠ છે, અહીનાં છીપલાં બેનમૂન છે અહીની માછલીઓ બેમિસાલ છે. સાગરરાજના ઘેરા વચ્ચે સપડાયેલો આ બેટ જગતના સૌથી પ્રાચીન અને આજે પણ અધિકતમ આદિ માનવોની વસ્તી ધરાવે છે. જાવરા જાતિનાં આ સ્ત્રી-પુરુષોમાંથી ઘણાંને આજે પણ બે ત્રણ ઈંચ લાંબું પૂંછડું ઊગેલું જોવા મળે છે. એમના ચહેરા પણ વાનરોને મળતા આવે છે.

'સુધારણા' આ આદિમાનવો માટે શબ્દકોશની બહારનો શબ્દ છે, નગ્નતા એમને કોઠે પડી ગઈ છે, 'કપડાં' નામની સભ્યતા હજુ એમણે જાણી નથી, જોઈ નથી અને પહેરી પણ નથી.

ફળ, ફૂલ અને માછલી ઉપર ગુજારો કરતી આ જાવરા જાતિ ક્યારેક તક મળે તો આપણા જેવા, ત્યાં ભૂલા પડીને જઈ ચડેલા, સભ્ય માણસોને કાચા ને કાચા ખાઈ જઈને દિવાળી જેવો તહેવાર પણ ઊજવી લે છે.

ઈ.સ. ૧૭૬૬માં બે અંગ્રેજ સાહસિકોએ આંદામાનમાં વસાહત સ્થાપવાનો ઠરાવ કર્યો. આ કામ હાથ ધરનાર હતા કેપ્ટન બ્લેઅર. આંદામાનનું મુખ્ય શહેર આ કેપ્ટનના નામ પરથી જ પોર્ટ બ્લેઅર તરીકે ઓળખાય છે.

બંગાળના ઉપસાગરમાંથી ફૂટેલો એક સ્વર્ગસમો બેટ એટલે આંદામાન. એનું શ્રેષ્ઠતમ શહેર એટલે પોર્ટ બ્લેઅર અને એમાં આવેલી નર્કથી પણ બદતર જગ્યા એટલે સેલ્યુલર જેલ.

* * *

'એસ.એસ. મહારાજા' આગબોટ પર પિંજરામાં પુરાયેલો સિંહપુરુષ આંદામાન ટાપુસમૂહ વિશે સરકારી હેવાલ વાંચી લીધા પછી ઊભો થયો. હવા આવવા માટેના નાનકડા જાળિયા પાસે આવીને સમુદ્રના અફાટ વારિ તરફ નજર ફેંકી તો એનાથી સ્તબ્ધ થઈ જવાયું. આગબોટ લાંગરવાની ફિરાકમાં હતી અને સામે જન્નતથી પણ વધારે સુંદર જમીન દેખાઈ રહી હતી.

એ પહેલી જુલાઈ, ૧૯૧૧નો દિવસ હતો. સાવરકરે હમણાં થોડી વાર પહેલાં જે આંદામાન વિશે વાંચ્યું હતું, એ જ આંદામાન અત્યારે તેમની નજર સામે હતું. પૃષ્ઠો ઉપરનું ચિત્ર અત્યારે પૃથ્વી પર હતું. સમુદ્રકિનારાને અડીને દૂર લગી લચી રહેલાં નારિયેળનાં વૃક્ષોની હાર ડોલી રહી હતી. બીજી બાજુએ આંબાના, સોપારીના અને પિપળાના ઝાડના ઝુંડ જોઈ શકાતાં હતાં. પાસેના ઘાટ ઉપર કોલાહલ કરતા લોકોનું ટોળું ઊભું હતું. સામેના ઢોળાવના શિખરે નારિયેળના ઝૂલતા છત્ર નીચે દીવાલની અંદર એક વર્તુળાકાર ભવ્ય ભવન દેખાતું હતું. નારિયેળી, સોપારી ને કેળનાં વૃક્ષો એની ઉપર ચામર ઢોળતાં ખડાં હતાં. વાતાવરણમાં એટલી શાંતિ અને પવિત્રતા વ્યાપ્ત હતાં કે એ જોઈને સાવરકરથી પુછાઈ ગયું, ''એ શું છે ? કોઈ સદ્‌ગૃહસ્થનો બંગલો ? કે પછી કોઈ પાદરીનો આશ્રમ ?''

જવાબ મળ્યો, ''એ સિલ્વર જેલ છે. બારીબાબાના જુલમોનું કેન્દ્રસ્થાન. આતંક અને સિતમની રાજધાની.'' ''લોકબોલીમાં 'સેલ્યુલર જેલ'નું નામ બદલાઈને 'સિલ્વર જેલ' થઈ ગયું હતું !

એક પછી એક બધા કેદીઓને આગબોટમાંથી ઉતારવામાં આવ્યા. સાવરકર પણ નીચે ઊતર્યા. એમના એક હાથમાં થાળીપાટ અને બીજા હાથમાં પાથરણું હતું. હાથમાં અને પગમાં બેડી અને સાંકળો બાંધેલી હોવાથી ઢાળ ચડવામાં એમને તકલીફ પડી રહી હતી અને આ અનુપમ સૃષ્ટિસૌંદર્ય જોઈને સાવરકરમાં રહેલો કવિ જીવ જાગી રહ્યો હતો. એ આખુંય દશ્ય મન ભરીને પી રહ્યા હતા, ત્યાં એક નિમ્ન સ્તરના સિપાઈનો ઉદ્ધત અવાજ સંભળાયો, ''ચલ એય..., ઉઠાવ બિસ્તરા !''

'અભિનવ ભારત'નો અધ્યક્ષ, હજારો ક્રાંતિકારીઓના મનઃપ્રાણનો અધિષ્ઠાતા, બૅરિસ્ટરી સુધીનો અભ્યાસુ, ચિત્તપાવન કુળમાં જન્મેલો પવિત્ર બ્રાહ્મણ ક્યાં ! અને ક્યાં પેલો મૂઢપતિ, અભંણ સિપાઈ ! જેમની સાથે અંગ્રેજ અમલદારો અને ન્યાયાધીશો પણ માનપૂર્વક વાત કરતા હતા, એ સાવરકરને બે બદામનું એક સિપાઈડું અપમાનિત કરી રહ્યું હતું.

સાવરકર તરત જ ગમ ખાઈ ગયા. દેશ માટે હજુ તો આના કરતાં પણ વધારે અપમાનો સહન કરવાં પડશે એમ માનીને ચૂપ રહ્યા, પણ ઢાળ આકરો હતો, ચાલવામાં ગતિ પકડાતી ન હતી.

''ચલો, જલદી ચલો !'' સિપાઈએ ફરીથી તોછડાઈપૂર્વક બૂમ મારી. આ વખતે એની બાજુમાં ચાલતા અંગ્રેજ અમલદારે એને વાર્યો, ''રહેવા દે. એ ભલે ધીમે ચાલે; શા માટે એને ઉતાવળ કરાવે છે ?''

સાવરકરને જૂની કહેવતની નવેસરથી ખાતરી થઈ ગઈ; ચા કરતાં કીટલી વધારે ગરમ હોય છે !

થોડી વારે ચઢાવ પૂરો થયો અને સિલ્વર જેલનો તોતિંગ દરવાજો સામે જ દેખાયો. લોખંડી દરવાજાનાં મિજાગરાં કટ-કટ કરતાં ખૂલવા લાગ્યાં. સાવરકર અંદર દાખલ થયા. મગરનાં જડબાં ફરી પાછાં બંધ થયાં.

અંદરનું વાતાવરણ ભવ્ય અને બિહામણું હતું. ઈંટ, પથ્થર અને લોખંડના સળિયાથી બાંધવામાં આવેલી આ જેલમાં કેન્દ્રસ્થાને વૉચ ટાવર આવેલો હતો; જેના પર ઊભા રહીને ચોકિયાતો આખી જેલ ઉપર નજર રાખી શકતા હતા. એ કેન્દ્રસ્થાનથી સાત સીધી લીટીમાં પણ એકબીજાથી અલગ દિશામાં એકસરખી દેખાતી ત્રિસ્તરીય ઓરડીઓની હારમાળા આવેલી હતી. સ્ત્રી કેદીઓ માટે એમાંની જ એક અલાયદી શ્રેણી હતી. જેલની ફરતે ગોળાકારે ઊંચી, મજબૂત દીવાલ હતી. દરવાજા પાસે જેલર મિ. બારીની ઑફિસ હતી. બંને લોખંડી દરવાજા ઉપર જાત-જાતની બેડીઓને અલગ-અલગ સંયોજનમાં ગોઠવીને આસોપાલવના તોરણની જેમ લટકાવવામાં આવી હતી. કેદી જો કાચોપોચો હોય તો આ વાતાવરણ જોઈને જ ઢીલો પડી જાય.

પણ કેદી જો પોલાદી મનોબળનો હોય તો ? એનો જવાબ પણ જેલમાં હાજર હતો. ભલભલા ક્રૂર, ખતરનાક, આક્રમક કે રીઢા ગુનેગારનું મનોબળ તોડી નાખવા માટે એક જ વાક્ય પૂરતું હતું. એ જ વાક્ય અત્યારે ચોકીદારે સાવરકર સાંભળી શકે એ માટે અને એટલા જોરથી ઊચ્ચાર્યું, ‘‘બારી સાહેબ આવે છે !’’

બે ગોરા સાર્જન્ટોએ સાવરકરના બંને હાથ એવા જોરપૂર્વક જકડી રાખ્યા કે જાણે એમ કરીને તેઓ કેદીના મનોબળના ચૂરેચૂરા કરી નાખવા માગતા હોય !

આટલું ઓછું હોય એમ પગબેડીઓ, હાથકડીઓ અને અન્ય કષ્ટદાયક સાધનોથી ભયાવહ લાગતા એ કેદખાનામાં આયરીશ જેલર મિ. બારીનું આગમન થયું. બારીના નામ માત્રથી કેદીઓને લઘુશંકા થઈ જતી હતી. એને બદલે સાવરકર સીનો તાણીને એની સામે ઊભા રહ્યા. ખુમારી સાથે આંખમાં આંખ પરોવીને ઊભા રહ્યા. જાણે અખાડામાં ઊતરેલા બે પહેલવાનો કુસ્તી શરૂ કરતાં પહેલાં એકબીજાનું માપ ન કાઢી રહ્યા હોય એવું એ દૃશ્ય હતું !

પોતાના દેખાવથી પ્રભાવ ન પડ્યો એ બારીએ જાણી લીધું. એણે મનોવૈજ્ઞાનિક ઢબે સાવરકર ઉપર પ્રભાવ પાડવાનો પાસો ફેંક્યો તેણે પેલા બે સાર્જન્ટોને આદેશ આપ્યો, ‘‘લીવ હીમ ! હી ઈઝ નોટ એ ટાઈગર !’’ (એને છોડી દો; એ કંઈ વાઘ-બાઘ નથી !)

પણ છૂટ્યા પછી સાવરકર જે રીતે ઊભા રહ્યા એ જોઈને બધાંને લાગ્યું કે આ તો ખરેખર વાઘ જ છે.

''માર્સેલ્સથી ભાગી જવાનો પ્રયત્ન શા માટે કર્યો હતો ?'' બારીએ ગળામાંથી વાદળો અથડાતાં હોય એવો અવાજ કાઢ્યો.

''અનેક કારણોસર.'' સાવરકરે બેફિકરાઈથી જવાબ આપ્યો, ''એમાંનું એક કારણ એ હતું કે આ બધામાંથી છુટકારો મળી જાય.''

''ઠીક છે; પણ આ બધાં હવાતિયાં છે. અંગ્રેજો સામે લડવાથી કશુંય નહીં વળે. હું આયરીશ છું. એક જમાનામાં આયર્લેન્ડની આઝાદી માટે હું પણ અંગ્રેજોની સામે લડેલો. પણ હવે મને ભાન થયું કે બધું ફોગટ છે. હું તમને સાચી સલાહ આપું છું કે આ બધું છોડી દો ! તમે હજુ જુવાન છો; જ્યારે હું ઘરડો થવા આવ્યો !''

સાવરકર ભયંકર તિરસ્કારપૂર્વક હસ્યા, ''તમારા વિચારમાં જે પરિવર્તન થયું છે તેનું કારણ કદાચ તમારું ઘડપણ તો નથી ને ? ડહાપણનો વધારો નહીં, પણ હિંમત અને શક્તિનો ઘટાડો !''

બારી ઝંખવાણો પડી ગયો, ''તમે એક બૅરિસ્ટર છો અને હું અશિક્ષિત કેદીઓનો જેલર. દલીલબાજીમાં હું તમને નહીં પહોંચી શકું.''

જીતેલા કેદી સામેથી હારેલો જેલર ખસી ગયો.

જેલમાં આગળ વધ્યા પછી, સાવરકરની પહેલી નજર ખુલ્લા મેદાનમાં આવેલા પાણી ભરેલા હોજ ઉપર પડી. ચેન્નાઈ છોડ્યું તે દિવસથી છેક આ દિવસ સુધીમાં એમને એક વાર પણ સ્નાન કરવા મળ્યું ન હતું. શરીર પરસેવાને કારણે દુર્ગંધ મારતું હતું.

એમણે પઠાણ જમાદારને પૂછ્યું, ''મને ન્હાવાની છૂટ છે ?'' જમાદારે હા પાડી. એક લંગોટી આપી અને સાથે સૂચના પણ, ''કામ કરતી વખતે અને ન્હાતી વખતે તમારે આ લંગોટીથી જ ચલાવી લેવું પડશે. અહીં તમને કપડાં બદલવા માટે કે ડીલ લૂછવા માટે ટુવાલ નહીં મળે.''

સાવરકર એક ક્ષણ માટે સંકોચ પામીને ઊભા રહ્યા. પછી જિંદગી આખી લંગોટીભેર રહેલા સ્વામી રામદાસનું ધ્યાન ધરીને એમણે જરા પણ સંકોચ રાખ્યા વગર શરીર ઉપરનાં તમામ કપડાં ઉતારી નાખ્યાં.

જમાદારના મોંમાંથી નીકળી પડ્યું, ''જબરા માણસ છો તમે તો ! શરમ-બરમ જેવું તો કંઈ શીખ્યા જ નથી લાગતા !''

સાવરકરે દરિયાનું ખારું પાણી શરીર ઉપર રેડ્યું. માત્ર ત્રણ જ કટોરા પાણી વાપરવાની છૂટ હતી. સાવરકરની આંખોમાં તેજાબ રેડાયો હોય તેવી બળતરા થવા માંડી. ચામડી પણ બળવા માંડી. માથાના વાળ ચીકણા થઈ ગયા. સાવરકરને થયું કે આના કરતાં તો ન ન્હાયો હોત તો સારું થાત !

પણ પછી મન સાથે સમાધાન સાધી લીધું. આ કંઈ એકબે દિવસનો મામલો થોડો હતો ? આ તો આખી જિંદગીનો, આવનારાં પચાસ વરસનો સવાલ હતો ! ભીના શરીરે જમાદારની સાથે પોતાની ઓરડી તરફ જઈ રહેલા સાવરકરના વિચારો નજીકના ભૂતકાળમાં લંડનમાં માણેલા ટર્કીશ બાથના વૈભવને વાગોળતા હતા.

જમાદાર એમને લઈને સાત નંબરની ચાલીના ત્રીજા મજલે આવી પહોંચ્યો. આ ચાલીના દરેક મજલામાં પચાસ - પચાસ કેદીઓને પૂરવા માટેની પચાસ-પચાસ કોટડીઓ આવેલી હતી. સાવરકર જેવા ખતરનાક કેદીને અહીં રાખવાના હતા એટલે જેલર એનો આશય સ્પષ્ટ હતો; સાવરકર કોઈ પણ કેદીની સાથે વાત કરી ન શકે એનું ધ્યાન રાખવાનું હતું. આ માણસ જબરો હતો. એની આંખોમાં, એની વાણીમાં અને એના વર્તનમાં વશીકરણ હતું. એ ધારે તો સેલ્યુલર જેલમાં પણ 'અભિનવ ભારત'ની શાખા શરૂ કરી દે !

છેક ત્રીજા મજલે દસ નંબરની કોટડીમાં સાવરકરને પૂરી દેવામાં આવ્યા. લોખંડના સળિયાવાળું બારણું વાસી દઈને ઉપર તાળું મારી દેવામાં આવ્યું. એમની ઉપર પહેરો ભરવા માટે ત્રણ ખૂંખાર, કટ્ટર, ઝનૂની મુસલમાન પઠાણોને વોર્ડર તરીકે મૂકી દેવામાં આવ્યા.

જેલર બારીએ ત્રણેય પઠાણોને ખાનગીમાં સૂચના આપી દીધી, ''યે સાવરકર કટ્ટર હિંદુપંથી હૈ. મુસલમાનોંકા દુશ્મન. તુમ લોગ ઉસકે ઉપર નજર રખના. તુમ ઉસકો જીતની તકલીફ દેંગા, હમ તુમકો ઊતની હી સાબ્બાસી દેંગા !''

* * *

સેલ્યુલર જેલમાં બે પ્રકારના કેદીઓ હતા. એક, રાજકીય પ્રવૃત્તિને કારણે સજા પામેલા અને બીજા, લૂંટ-ખૂન-મારધાડ જેવા સામાજિક ગુનાઓ બદલ સજા પામેલા.

અંગ્રેજ સરકારનો આદેશ હતો કે રાજકીય કેદીઓ બધા શિક્ષિત અને સંસ્કારી હોવાથી એમની પાસેથી શારીરિક મહેનતવાળું કામ ઓછું લેવું. એને બદલે લેખનકાર્ય, હિસાબ-કિતાબ કે અન્ય એ પ્રકારનાં સામાન્ય કામો કરાવવાં. બીજા અભણ, ક્રૂર અને ખૂંખાર કેદીઓ પાસેથી જંગલોમાં જઈને વૃક્ષો કપાવવાં, નારિયેળનાં છીલકાં કરવાં, કોપર પીલીને તેલ કાઢવા માટે ઘાણીમાં જોતરવા કે સાહેબોને બગીમાં બેસાડીને ફેરવવા માટે ઘોડાની જગ્યાએ કેદીને જોતરવા જેવાં મુશ્કેલ કામો કરાવવાં.

પણ બારી સાહેબ પાસે એમનું પોતાનું સ્વરચિત 'જેલ મેન્યુઅલ' હતું. સાવરકર સાથે શરૂમાં તો એમણે સારો વ્યવહાર દાખવ્યો. પણ નવી વહુ નવ દહાડા. પંદર દિવસ પૂરા થયા એટલે સાવરકર જેવા સુશિક્ષિત અને સંસ્કારી કેદીને એમણે મજૂરી સોંપી દીધી.

જમાદાર આવીને નારિયેળના છીલકાંનો ઢગલો કરી ગયો. ''સાંજ સુધીમાં તમારે એક પૌંડ વજન થાય એટલાં છીલકાં કૂટવાનાં છે. આ રહ્યો દસ્તો અને આ રહ્યો પથ્થર !''

સાવરકરે મજૂરી શરૂ કરી. આદત ન હોવાને કારણે અને હાથની કોમળતાને કારણે થોડી જ વારમાં એમની હથેળી લાલચોળ થઈ ગઈ. તો પણ એમણે કામ ચાલુ રાખ્યું. બપોર સુધીમાં તો હથેળીમાં ફોલ્લા પડી ગયા. છતાં પણ કામ ચાલુ રાખવું પડ્યું. સાંજ પડતામાં તો હથેળીમાંથી લોહી ઝરવા માંડ્યું. છીલકાંનો રંગ લાલ છાંટણાવાળો થઈ ગયો.

રાત્રે સાવરકરે જેલ સુપરિન્ટેન્ડેન્ટને લોહી નીગળતો હાથ દેખાડીને પૂછ્યું, ''કામ બદલી શકાય એમ છે ખરું ? અથવા તો થોડા દિવસ કામ બંધ રખાય તો કેમ ?''

''આવું તો બધાંને થાય છે. તમને બેને બદલે એક પૌંડ છીલકો આપ્યો એ જ સરકારની કૃપા સમજો.'' સાહેબે જવાબ સંભળાવ્યો.

બીજે દિવસે વાત બારી સાહેબ સુધી પહોંચી. એક વૉર્ડરે જઈને ચાડી ફૂંકી, ''વો દસ નંબરવાલા બાબુ કામ કરને સે ઈન્કાર કરતા હૈ. વો બોલતા હૈ કિ વો રાજકૈદી હૈ.''

બારી સાહેબ બોઈલરની જેમ ફાટ્યો, ''કૌન બાબુ ? કૈસા બાબુ ? તુમ ઉસકો બાબુ કહકે મત બુલાવો ! વો હમારા પ્રિઝનર હૈ ! મામૂલી કૈદી !''

પછી એ ધૂંવાંપૂંવાં થઈને પગ પછાડતો હાથમાં એક જાડો મજબૂત દંડૂકો રમાડતો સાવરકરવાળી ચાલીમાં આવ્યો.

''જમાદાર ! સબ કૈદિયોં કો યહાં લાવ !'' એનો બરાડો સાંભળીને સાવરકરને રમૂજ થઈ. બધા કેદીઓને જેલરની સામે કતારબંધ ખડા કરી દેવામાં આવ્યા.

પછી બારીએ ફરી પાછો બરાડો પાડ્યો, ''જમાદાર ! અભી દિન હૈ કિ રાત હૈ ?''

જમાદારે જોયું કે હજુ સૂરજ માથા ઉપર હતો. એણે અદબપૂર્વક જવાબ આપ્યો, ''દિન હૈ.''

''તુમ ગધા હો. મૈં કહેતા હૂં કિ અભી રાત હૈ !'' બારીએ ગર્જના કરી.

જમાદાર ઝૂકી ગયો, ''તો મૈં ભી કહેતા હૂં કિ અભી રાત ચલ રહી હૈ, હુઝૂર !''

બારી ખુશ થઈને સાવરકરની દિશામાં ફર્યો. અહંકારભર્યા અવાજે બોલ્યો, ''દેખા તુમને ? સારી દુનિયામેં સિર્ફ એક હી ભગવાન હૈ. ઔર વો આસમાન મેં બૈઠા હૈ. લૈકિન યહાં આંદામાન મેં દો-દો ભગવાન હૈ; એક વો જો ઉપરવાલા હૈ,

ઔર દુસરા મૈં - જો યહાં તુમ્હારે સામને ખડા હૂં. ઈન્ડિયાકી સરકાર ભલે તુમ્હેં રાજકૈદી માન લે, મૈં તો તુમકો ઈન સબકે જૈસા એક ઑર્ડિનરી પ્રિઝનર માનતા હૂં; ચોર, ખૂની, લૂંટેરો જૈસા મામૂલી કૈદી !''

પછી એણે જેલના તમામ કેદીઓને અને કર્મચારીઓને માટે ફરમાન છોડ્યું, ''સાવરકરને 'બાબુ' કહીને નહીં બોલાવવાનો ! એ વળી શેનો બાબુ ? એ તો બૉંબગોલાવાળો છે ! પિસ્તોલવાળો છે ! બંદૂકવાળો છે ! ખબરદાર જો એને માનથી બોલાવ્યો છે તો ! તમારી જીભ ખેંચી કાઢીશ !''

અને આશ્ચર્યની વાત છે કે આંદામાનના ઈશ્વર ગણાતા બારી સાહેબની બધી જ વાત દૈવી આદેશ ગણીને માથે ચડાવતાં, એ દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત ગણી લેતા કેદીઓ અને વૉર્ડરો એના આ એક હુકમનું કયારેય પાલન કરી શકયા નહી. સાવરકર જ્યાં સુધી રહ્યા, ત્યાં સુધી 'સેલ્યુલર જેલ'માં 'બાબુ' તરીકેનું માનભર્યું સંબોધન પામતા રહ્યા.

હદ તો ત્યારે થતી કે કયારેક બારી સાહેબ ખુદ પોતાનો વટહુકમ વિસરી જતા. કંઈ કામ પડે ત્યારે સિપાઈને આદેશ આપતા, ''જાવ, વો દસ નંબરવાલે બડે બાબુ કો બુલાકે ઈધર લે આવ !''

મનમાં તો એ પણ સમજતો હતો કે પિંજરમાં પુરાયા માત્રથી સિંહનું રાજવીપણું ખતમ નથી થઈ જતું !

* * *

સાંજનો સમય હતો. દિવસભરની તનતોડ મજૂરી પછી કેદીઓને પાછા એમની ઓરડીઓમાં પૂરી દેવાયા હતા. સાવરકરવાળી આખી ચાલી હજુ ખાલી જ હતી. ત્રીજા માળે વનરાજ એકલો પિંજરામાં પુરાઈને બેઠો હતો. કોઈ પણ મજબૂત મનોબળવાળા કેદીને તોડી નાખે એવું એકાંત હતું, પણ સાવરકર ગીતામાં નિરૂપાયેલા સ્થિતપ્રજ્ઞ પુરુષની જેમ બેઠા હતા. માત્ર બેઠા હતા એટલું જ નહી, પણ કાવ્ય-સર્જન કરી રહ્યા હતા. એમને લખવા માટે કાગળ-પેન આપવા માટે ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. એટલે સાવરકર પાસે બે જ રસ્તા બચ્યા હતા; કાં તો નખ વડે કોટડીની દીવાલ ઉપર નવી સૂઝેલી કાવ્યપંક્તિઓ કોતરતા જવું, કાં તો પછી રોજેરોજ રચાયે જતી પંક્તિઓ ગોખતાં રહીને આખીયે કવિતા કંઠસ્થ કરી લેવી.

અનુષ્ટુપ છંદ એમને આવડતો ન હતો, પણ એ છંદમાં કવિતા લખવાનું એમને ખૂબ જ મન હતું. એટલે સાવરકરે આ સાંજના ભેંકાર એકાંતમાં શાળામાં શીખેલા અનુષ્ટુપ છંદનું બંધારણ યાદ કરવા માંડ્યું.

ત્યાં જ 'ખણિંગ' કરતો અવાજ સંભળાયો. સાવરકરે ચમકીને જોયું તો છેક નીચેથી કોઈએ એક પથ્થર ફેંકયો હતો, જે એમની ઓરડીની જાળી સાથે અથડાયો હતો. લોખંડના સળિયાને અથડાયેલો પથ્થર જ્યાં સાવરકર બેઠેલા હતા, ત્યાં જઈને પડ્યો.

સાવરકરે જોયું તો પથ્થર સાથે એક કાગળ પણ વીટળાયેલો હતો. આનો અર્થ સ્પષ્ટ હતો; નીચેથી કોઈએ ગુપ્ત સંદેશો લખેલી ચિઠ્ઠી ફેંકી હતી.

સાવરકરે ઊભા થઈને જોયું તો છેક ભોંયતળિયાના મજલે એક હિંદુ વૉર્ડર ચોકીપહેરો ભરી રહ્યો હતો. સાવરકરને જોઈને હાથ વડે ઈશારો કર્યો કે કાગળમાં જે કંઈ લખ્યું છે તે તમારા માટે છે.

પણ ત્યાં જ મોટી ગરબડ થઈ ગઈ. સાવરકરની ઓરડીની બહાર પહેરો ભરાતો પઠાણ વૉર્ડર આ ઈશારાની આપ-લે જોઈ ગયો. એણે ઘાંટાઘાંટ કરી મૂકી. દંડો ઉછાળતો એ સાવરકરને પૂછવા લાગ્યો, ''કયા હૈ ? ઉસને નીચે સે કયા ફેંકા ?''

''કુછ ભી નહીં.'' સાવરકરે શાંતિથી ઉત્તર આપ્યો.

''નહી, જરૂર કુછ ફેંકા હૈ. મૈંને પથ્થર કી આવાઝ ભી સૂની હૈ. મૈં તુમ્હારી તલાશી લૂંગા.'' પઠાણ વૉર્ડરે બીજા બે મુસલમાનોને બોલાવ્યા. તાળું ખોલ્યું, જાળી ઉઘાડી. ઓરડીની ઈંટે ઈંટ તપાસી લીધી. કેદીના શરીરની જડતી લીધી. કપડાં કઢાવીને એના દેહનો પ્રત્યેક કોષ તપાસી લીધો. મોંઢુ ખોલાવીને અંદર બેટરીનો પ્રકાશ ફેંકી જોયો. કશું જ ન જડ્યું.

કોટડીમાં પડેલો પથ્થર ઉપાડીને વિલા મોઢે ત્રણેય જણા ચાલતા થયા. એમના ગયા પછી સાવરકરે શરીરમાં 'સંતાડેલો' કાગળ 'બહાર' કાઢ્યો અને ગુપ્ત સંદેશો વાંચવાનું શરૂ કર્યું.

બંગાળના જે ક્રાંતિકારીઓ રાજ્યદ્રોહ અને હત્યા કરવાના આરોપસર આ જેલમાં કાળાપાણીની સજા કાપી રહ્યા હતા એમના તરફથી મોકલાયેલી એ ચિઠ્ઠી હતી.

જેલમાં ગોંધાયેલા, માનસિક અને શારીરિક રીતે ભાંગી ચૂકેલા જુવાન ક્રાંતિકારીઓમાં સાવરકરના આગમન સાથે જ નવું ચેતન પુરાયું હતું. એકબીજાની સાથે વાતચીત કરવાની સખત મનાઈ હતી, એટલે એમણે સંદેશા - વ્યવહારનો આ નવો તરીકો શોધી કાઢ્યો હતો.

આને કારણે જ સાવરકરને જેલમાં પુરાયેલા રાજકીય કેદીઓ ઉપર કેવા અને કેટલા જુલમો વરસાવવામાં આવતા હતા એ વિશેની રજેરજ માહિતી મળવા લાગી.

અને એ માહિતી ખળભળાવી મૂકે એવી હતી. માત્ર આંદામાનના આ ભયાવહ બંદીખાનામાં સબડતા હજારો કેદીઓ જ જાણતા હતા કે એમની ઉપર વરસી રહેલો યાતનાઓનો ઉનાળો અને જુલમોનું ચોમાસું કેટલું આકરુ હતું ! આંદામાનનો ઈશ્વર ગણાતો બારી સાહેબ માનવ અધિકારનું કેટલી હદે ઉલ્લંઘન કરતો હતો એના વિશે હિંદ સરકાર, બ્રિટન કે બાકીનું યુરોપ સંપૂર્ણપણે અંધારામાં જ હતું.

ધીમે-ધીમે સાવરકરને બીજા કેદીઓ સાથે વાત કરવાની તક મળવા લાગી.

એક વાર સાંજ પડવા આવી હતી, ત્યારે કામથી પરવારેલા કેદીઓ ભોજન માટે ભેગા થયા. ભીડ એટલી જબરી હતી કે વારો આવવામાં વાર લાગે તેમ હતું. વૉર્ડરો અને સિપાઈઓ રસોડા પાસે ભોજન પીરસવામાં વ્યસ્ત હતા, ત્યારે લાગ જોઈને આ બધાંથી દૂર એક ઝાડ પાસે સાવરકરે પ્રથમ ગુપ્ત સભા ભરી. વળાંક આગળ એક કેદીને ચોકી માટે ઊભો રાખ્યો.

''હવે સંભળાવો, મિત્રો ! આ જેલમાં શું શું ચાલી રહ્યું છે ?'' સાવરકરે પૂછપરછ આરંભી.

સત્તરેક વરસનો એક સુકોમળ યુવાન ઊભો થયો. એ નાનીગોપાળ હતો. બંગાળી હતો. એક મોટા યુરોપિયન પોલીસ અધિકારીની દોડતી મોટર પર બૉંબ ફેંકવા બદલ કાળાપાણીની સજા લખાવીને અહીં આવ્યો હતો. એણે રાતોચોળ ચહેરો કરીને ફરિયાદ કરી, ''મને હજુ હમણાં જ સોળ પૂરા થયા. જેલનો કાયદો સ્પષ્ટ કહે છે આવડી ઉમરના છોકરાને ઘાણીનું કામ આપવું નહી. છતાં મને ઘાણીએ જોતરે છે.''

''આ ઘાણી વળી શું છે ?'' સાવરકરે પૂછયું. જે જવાબ મળ્યો એ સાંભળીને ધ્રૂજી ગયા. જેલમાં છ નંબરની ચાલીમાં એક મોટો અંધારિયો ઓરડો હતો, એમાં કોપરું પીલીને એમાંથી તેલ કાઢવાની મોટી વજનદાર ઘાણી હતી. ઘણા એને કોલુ પણ કહે છે. આ ઘાણીમાં બળદને બદલે કેદીને જોતરવામાં આવતો. સવારના પહોરમાં ઊઠે કે તરત જ એને નાહવા - ધોવાનો સમય આપ્યા વગર જ ઘાણીએ જોતરી દેવામાં આવતો. એક ક્ષણનાયે વિરામ વગર સતત ચાક કલાક સુધી એણે દંડો પકડીને, પોતાનું તમામ જોર લગાવીને ઘાણી ફેરવવી પડતી. દસ વાગે એટલે ભોજન માટે એને બે કલાકની છુટ્ટી આપવાનો કાગળ ઉપર નિયમ હતો, પણ બારીસાહેબના બંધારણમાં આ બે કલાકનો સમય સંકોચાઈને દસ-બાર મિનિટનો બની જતો.

હજુ તો ભોજન પતાવ્યા પછી કેદી પાણી પી રહ્યો હોય, ત્યાં એની પીઠ ઉપર દંડો અને કર્ણપટલ પર ગાળ અફળાતી, ''ચલ ! એ...ઈ ! અભી તો આધા કામ ભી ખત્મ નહીં હુઆ હૈ. શામ હોને સે પહલે તીસ પૌંડ તેલ નિકાલના પડેગા.''

ભારેમાં ભારે મજૂરીથી ટેવાયેલા ખડતલ પહેલવાનો પણ આ ટાર્ગેટ પૂરો ન કરી શકતા; તો પછી સત્તર વરસના આ બ્રાહ્મણપુત્રનું તો ગજું જ કેટલું હોઈ શકે ? પરિણામે સાંજ પડી ગયા પછી પણ એને ભોજન આપવામાં ન આવતું. મોડી રાત સુધી એને કોલુ ફેરવવાની ફરજ પડાતી અને ઉપરથી ગાળો, લાતો અને દંડાનો માર પડતો એનો તો હિસાબ જ નહીં.

''નાનીગોપાળ, તું ભલે નાનો રહ્યો, પણ તારી ફરિયાદ મોટી છે. બીજાને શું કહેવું છે ?'' સાવરકરે સાથીઓ ઉપર નજર ફેરવી.

જવાબમાં બીજો એક જુવાન ઊભો થયો, ''મારું નામ ઈન્દુભૂષણ રૉય. હું પણ બંગાળી છું. દસ વર્ષની જેલ ખાઈને અહીં આવ્યો છું. મને અહીંનો ખોરાક હજમ થતો નથી. ઝાડા થઈ જાય છે. મરડો થઈ જાય છે. રાત્રે અચાનક પેટમાં ચૂંક ઊપડે ને પછી તરત લોહી અને પરું સાથે પાણી જેવો મળ છૂટી પડે.''

''જેલનો ડૉકટર દવા નથી આપતો ?'' સાવરકરે પૂછ્યું.

''દવાનું ક્યાં પૂછો છો ? મને તો મળત્યાગ માટે રાત્રે કોટડીની બહાર નીકળવાની છૂટ પણ નથી આપતા. આખી રાત મારી બંધ કોટડીમાં હું ઝાડા કરતો રહું છું. થાકીને અશક્ત થઈ જઉં ત્યારે એ ખાબોચિયામાં જ આડો પડીને સૂઈ જઉં છું. સવારે જાજરૂ સાફ કરવાવાળો આવે એને પગે પડું છું તો પણ એ મારી કોટડી સાફ કરી આપતો નથી. મને સાવરણો અને પાણી પણ નથી આપવામાં આવતાં. હું ખોબે-ખોબે બધું પ્રવાહી...''

આપણે સાંભળી ન શકીએ એવી યાતના આ કેદીઓ ભોગવી રહ્યા હતા. ભણેલા ગણેલા સંસ્કારી યુવાનો પાસે સખત મજૂરી કરાવીને એમના શરીર ભાંગી નાખવામાં આવતાં અને હાલતાં-ચાલતાં એમની મા-બહેનો સામે ભૂંડી ગાળો બોલીને એમનું માનસિક બળ તોડી નાખવામાં આવતું હતું.

''જો તમે આ બધું સહન કરવાની ના પાડો તો શું થાય ?'' સાવરકરે સહેતુક સવાલ કર્યો.

''તો અમારું ભોજન બંધ કરી દેવામાં આવે. અમને રેચની દવા બળજબરીથી પીવડાવી દેવામાં આવે. અમને દંડાબેડીની સજા ફટકારવામાં આવે. બારી સાહેબને વધુ ક્રોધ ચડે તો આવા કેદીના બંને હાથ બેડીમાં જકડીને એને આખો દિવસ ઝાડ ઉપર લટકાવી દેવામાં આવે.''

સભા સમાપ્તિનો સમય નજીક આવી ગયો. ભોજન માટે પહોંચી જવાનો હવે એમનો વારો હતો. સાવરકરે બહુ ઝડપથી વાતનું સમાપન કર્યું, ''આ બધી ભયંકર

વાતો છે. એનો ઉપાય કરવો જ પડશે. સૌથી પહેલાં તો બધાં કેદીઓએ સંપ કરવો પડશે. એક થવું પડશે. આપણામાંથી જ એક જણને સેનાપતિ તરીકે નીમવો પડશે.''

''કબૂલ છે ! કબૂલ છે ! આજથી તમે જ અમારા સેનાપતિ !''

''મને પણ કબૂલ છે.'' સાવરકરે સ્મિત ફરકાવ્યું, ''પણ એટલું યાદ રાખજો કે માણસ માત્ર ભૂલને પાત્ર ! હું પણ આખરે તો એક માણસ જ છું. તમારા બધાંની જેવો જ...''

''ના ! ના ! તમે માણસ નથી, તમે તો સિંહ છો સિંહ !''

* * *

''ધેર હી ઈઝ...! મિ. સાવરકર !'' સાંજના ઓસરતા અજવાસમાં પોતાની કોટડીમાં આડા પડેલા સાવરકરના કાને મિ. બારીનો અવાજ અફળાયો. સાવરકરને આશ્ચર્ય થયું; આ વખતે પહેલીવાર બારીના અવાજમાં કડકાઈ કે ઉદ્ધતાઈ કળાતાં ન હતાં. એને બદલે એનો અવાજ ઉષ્માપૂર્ણ જણાતો હતો. આ બનાવટી ઉષ્માનું અસલી કારણ સાવરકરને તરત જ સમજાઈ ગયું.

બારી સાહેબની સાથે અંગ્રેજોનું એક ટોળું પણ હતું. એમાં પાંચ-છ સ્ત્રીઓ હતી અને પાંચ-છ પુરુષો હતા.

''મિ. સાવરકર !'' બારી જાણે એમના જૂના મિત્રને વરસો પછી મળી રહ્યા હોય એમ વહાલથી છલકાઈ રહ્યો હતો, ''કમ હિયર ! મહેરબાની કરીને તમે અહીં આવો ! અહીં જાળીની પાસે...! આ બધાં મારા મહેમાનો છે, યુ સી ! એ લોકોની ઓરતોએ જીદ પકડી છે કે અમારે સાવરકરને જોવા છે. વી વૉન્ટ ટુ સી ધેટ લાયન, યુ સી !''

સાવરકર ગીરના જંગલમાં મારણ કરીને આડા પડેલા સાવજની જેમ સૂતા હતા, ત્યાંથી ઊભા થયા. બગાસું ખાધું. પછી જાળી પાસે આવ્યા. ગોરી મેડમો અહોભાવ ભરેલી નજરથી આ વીરપુરુષને જોઈ રહી.

એક અંગ્રેજ પુરુષને ટીખળ સૂઝી, ''મિ. સાવરકર, તમે તો હિંસામાં માનો છો ને ?''

સાવરકર કેદી મટીને બૅરિસ્ટર બની ગયા, ''તમારા આયરીશ ક્રાંતિકારીઓ પણ હિંસામાં વિશ્વાસ ધરાવે છે !''

''ઓ.કે. ! ઓ.કે. પણ તમને ૧૮૫૭ના બળવામાં જોડાયેલાં નાના સાહેબ, ઝાંસીની રાણી અને તાત્યા ટોપે નીચ, કમજાત, હત્યારા કે સ્વાર્થી નથી લાગતા ? એમણે અમારી કેટલી બધી નિર્દોષ અંગ્રેજ સ્ત્રીઓની હત્યા કરી નાખી હતી ?''

''મને તો એ બધાં મહાનાયકો લાગે છે, વીરપુરુષો લાગે છે. મારી વાત સાબિત કરવા માટે પાસે પૂરતી દલીલો છે.''

''તો સંભળાવો ને ! વાર શાની છે ?''

સાવરકરે આંખોંથી અંગારા ખેરવ્યા, ''મારા દેશના ઈતિહાસ વિશે ચર્ચા કરવી હોય તો આ રીતે ન થઈ શકે. તમે સળિયાની બહાર છો અને હું સળિયાની આ તરફ ઊભો છું. જો મારા મહાનાયકોને તમારે ગાળો આપવી હોય તો પહેલાં મને આ કોટડીમાંથી બહાર કાઢો ! આવી ચર્ચા કરવા માટે બંને પક્ષો સમાન સ્તરે ઊભેલા હોય એ બહુ જરૂરી છે.''

સાવરકરનો મિજાજ જોઈને ટોળું ગભરાઈ ગયું. બારી સાહેબે ઝટપટ મામલો સંભાળી લીધો, 'ઓ.કે. ! આટલું બહુ થયું ! ઈનફ ઈઝ ઈનફ ! વધુ ચર્ચા ફરી કોઈ વાર ! પણ મિ. સાવરકર, તમે એ ન ભૂલશો કે હવે તમે બૅરિસ્ટર નથી રહ્યા; તમે એક ઓર્ડિનરી પ્રિઝનર જ છો ! મામૂલી કૈદી, યુ સી !''

સાવરકર જોર-શોરથી હસી પડ્યા, ''હું શું છું એ તમે શા માટે નક્કી કરો છો ? હું શું છું એ પ્રશ્ન તમારી આ ગોરી-ગોરી મેડમોને જ પૂછી જુઓ ને !''

○ ○ ○

૧૭. અત્યાચારની અંતિમ હદ

એક દિવસ નમતી બપોરે જેલર બારીએ સાવરકરને એમની ઑફિસમાં બોલાવ્યા. બનાવટી માન આપીને સામે પડેલી ખુરશીમાં બેસાડ્યા. પછી ધૂર્ત સ્મિત ફરકાવીને વાતની શરૂઆત કરી, ''અમે નક્કી કર્યું છે કે તમને હવે બઢતી આપવામાં આવે !''

સાવરકરના હોઠો પર કડવાશભરી પીડા ઊભરી આવી, ''મને તો જે દિવસે બેડીઓમાં જકડીને અહીંની કોટડીમાં પૂરી દેવામાં આવ્યો છે, એ દિવસથી જ જાણે બઢતી મળી ગઈ હોય એવું લાગે છે. ફરમાવો, શો હુકમ છે ? મને શારીરિક અને માનસિક રીતે તોડી નાખવા માટે તમે વિચારેલી નવી યાતનાનું નામ પાડો, સાહેબ !''

બારી વિચલિત થઈ ગયો. એના ચહેરા ઉપરથી દંભી શિષ્ટાચારનું મહોરું ખરી પડ્યું, ''આવતી કાલથી તમારે કોલુ ઉપર જવાનું છે.''

સાવરકરે બેય હથેળીઓ ટેબલ ઉપર ધરી, ''અત્યાર સુધી એક બૅરિસ્ટર પાસે નારિયેળના છીલકા કૂટાવ્યાં એ સજા ઓછી પડી કે શું ?''

''ઓછી-વધારેનો સવાલ નથી, મિ. સાવરકર ! છીલકાના કામથી તમારા હાથ હવે કઠણ થયા હશે. એટલે વધારે સખત કામ કરવામાં તમને વાંધો નહીં આવે !'' પછી બારી સાહેબે બનાવટી અનુકંપા અને સહાનુભૂતિના વાઘા ફરી પાછા ધારણ કરી લીધા, ''હું શું કરું ? ઉપરીઓનો હુકમ તો મારે માનવો જ પડે ને ? હું પોતે તમને કોલુએ જોડવા નથી માગતો; પણ ઉપરથી આદેશ છે. એટલે હું લાચાર છું. છતાં મેં તમારા માટે એટલું તો કર્યું જ છે કે તમને એક મહિનાને બદલે માત્ર ચૌદ દિવસ જ આ મજૂરી સોંપવામાં આવે. તમારી સાથે એક બ્રહ્મદેશના કેદીને પણ મૂકવામાં આવ્યો છે. હવે તમે ના ન પાડશો. ભ'ઈસા'બ ! તમે જો આ સજા ભોગવવાનો વિરોધ કરશો, તો બીજા કેદીઓ પણ ભવિષ્યમાં એવું જ કરશે. હું તો તમારા ભલા માટે કહું છું. બીજા કેદીઓ તો પાંચ-દસ વરસે છૂટી જવાના છે, પણ તમે તો પચાસ વરસની કેદ લખાવીને આવ્યા છો. તમારી સજાની મુદત સાંભળીને જ મારા હૈયામાં ધ્રાસકો પડે છે. મને તો બહુ ફિકર થાય છે, ભાઈ !''

સાવરકર આ લુચ્ચા પ્રાણીની મીઠી વાતોમાં સમાયેલી દંભી ક્રૂરતા સમજી શકતા હતા. બારી અને દયા ?! અ વાત જ આ સૃષ્ટિમાંની સૌથી વધુ અશકય બાબત હતી.

બીજા દિવસની સવારે જ સાવરકરને છક્કા નંબરની ચાલીમાં લઈ જવામાં આવ્યા. ત્યાં અલગ-અલગ કોટડીઓમાં અલગ-અલગ કોલુ ઉપર રાજકેદીઓને જોતરવામાં આવેલા હતા. બૅરિસ્ટર સાવરકર પણ એક નાની લંગોટી પહેરીને આ અતિશય નિંદનીય, અમાનવીય મજૂરીકાર્યમાં જોડાઈ ગયા.

જેલમાં તમામ કેદીઓમાં હાહાકાર વ્યાપી ગયો. એમના લાડીલા બૅરિસ્ટર બાબુની આ દશા ?!

સવારના છ વાગ્યે સાવરકરે કોલુ ચલાવવાનું શરૂ કર્યું. તે છેક દસ વાગતાં સુધી. એક સરખી રીતે કોલુ ફેરવ્યા કરવાથી એમને તમ્મર આવી ગયા. શરીર દુખવા માંડ્યું. શરીરમાં તાવ ભરાયો. પાટિયા ઉપર થોડી વાર આરામ કરવા આડા પડ્યા તો ચીસ પાડી ઊઠ્યા. બપોરના ભોજન બાદ ફરી પાછો એ જ અત્યાચાર શરૂ થયો.

એક દિવસ બારી આવ્યો ને રુઆબભેર બોલ્યો, ''પાસેની કોટડીનો કેદી તો સાવ અભણ છે, તોયે ત્રીસ પૌંડ તેલ બે વાગતાં સુધીમાં પૂરું કરી આપે છે. તમે છેક સાંજ લગી કામ કરીનેય બશેર તેલ ઓછું આપો છો ! તમને શરમ આવવી જોઈએ !''

સાવરકરે રોકડું પરખાવ્યું, ''શરમ તો તમને આવવી જોઈએ; આવી બુદ્ધિહીન દલીલ કરવા બદલ ! હું અભણ, ગમાર, મજૂર નથી જે એના જેટલો ખડતલ હોય. હું ભણેલો-ગણેલો, અંગ્રેજી જાણતો બૅરિસ્ટર છું, કવિ છું, લેખક છું, ભાષણકર્તા છું. મેં ઉપાડેલું ભારેમાં ભારે વજન માત્ર કલમનું છે. શરમાવું તમારે જોઈએ કે તમે એ કલમના માણસને કોલુમાં જોડ્યો છે. જાવ, મારો તમને ખુલ્લો પડકાર છે; હું માત્ર દસ જ મિનિટમાં તમને એક સુંદર સોનેટ રચી આપું. તમે પેલા અભણ કેદી દ્વારા એક સાદું સીધું, બે લીટીનું કાવ્ય લખાવી શકશો ખરા ? બારી સાહેબ, જેનું કામ જે કરે. અમારા બંનેમાંથી શરમાવાની જરૂર કોઈને નથી.''

એક બૅરિસ્ટરે બળદ બનીને ઘાણો ફેરવવાની હીણપતભરેલી વેઠ બજાવી અને પૂરા તેર દિવસ સુધી બજાવી, પછી બારીએ એમની સજામાં ફેરફાર કર્યો.

''મિ. સાવરકર ! આજથી તમારે દોરડાં વણવાનું કામ કરવાનું છે.''

''દોરડાં વણવાનાં ? શેમાંથી ?''

''તમે જે નારિયેળના છીલકા કૂટતા હતા એના રેસામાંથી. બહુ સહેલું કામ છે.'' બારી જુઠ્ઠું બોલી રહ્યો હતો એ તો સાવરકર સમજી ગયા, પણ એ કેટલું

જુઠ્ઠું બોલતો હતો એ પછી સમજાયું. દોરડા વણવાનું કામ સખત પરિશ્રમ ભરેલું હતું. અને કંટાળાજનક પણ એટલું જ. પરંતુ સાવરકર બહુ ઝડપથી એ કામમાં પાવરધા બની ગયા.

પણ અનુભવે એમને સમજાવ્યું કે બારીસાહેબના શાસનમાં સજા માત્ર મજૂરીકામની જ ન હતી, ભોજનની બાબતમાં પણ એક પ્રકારની કઠોર સજા અમલમાં હતી. કેદીઓને ભોજનમાં માત્ર બે રોટલી અને થોડોક ભાત જ પીરસવામાં આવતો હતો. ભાત હંમેશાં કાચો જ હોય અને રોટલીઓ કાં બળેલી, કાં તો સાવ જ કાચી.

સાંજના ભોજનમાં રોટલી સાથે શાક અથવા બાફેલી ભાજી આપવામાં આવતી હતી. જેલના રસોડામાં 'સ્વાદ' નામનો શબ્દ હજુ પ્રવેશ્યો ન હતો.

સાવરકરે લાંબો સમય ધીરજ ધર્યા પછી આખરે જેલના સુપરિન્ટેન્ડન્ટને સમક્ષ ફરિયાદ રજૂ કરી, "જેલના તમામ કેદીઓ વતી હું રજૂઆત કરું છું તે અમને આપવામાં આવતાં ભોજનમાં સુધારો..."

સુપરિન્ટેન્ડન્ટ કશુંય બોલે તે પહેલાં જમાદાર મિર્ઝાખાન તપી ઊઠ્યો, "તમે તો સાવ ખાઉધરાની જેમ વાત કરો છો ? ભોજનનો સંબંધ ભૂખ સાથે છે, સ્વાદ સાથે નથી."

આ મિર્ઝાખાન એક જબરું પાત્ર હતો. અસલમાં તો એ પણ સેલ્યુલર જેલનો એક કેદી જ હતો. જાતનો પઠાણ હતો, હિંદુ માત્રનો એ કટ્ટર શત્રુ હતો. જેલમાંથી છૂટ્યા પછી એ જમાદારની નોકરીમાં જોડાઈ ગયો હતો. ઈસ્લામનો ફેલાવો ગમે તે પ્રકાર કરવો એ એણે જાતે સ્વીકારી લીધેલી ફરજ હતી. આ માટે એની પાસે અસંખ્ય તરકીબો હતી. એમાંની એક તરકીબ એટલે જેલના હિંદુ કેદીઓ ઉપર અમાનુષી ત્રાસ વરસાવવો, એમની પાસેથી બમણું કામ કઢાવવું,. એમને ભૂખ્યા રાખવા, મા-બહેનો સમાણી ગાળો દેવી, લાઠીથી ફટકારના અને આ બધાંને અંતે છાની-છપની લાલચ દેવી, "જો તમે વટલાઈને મુસલમાન થઈ જશો, તો આ બધાંનો અંત આવી જશે."

જેલના કેદીઓએ આ જાલીમ મિર્ઝાખાનનું બીજું નામ પાડ્યું હતું : છોટા બારી સા'બ !

આ મિર્ઝાખાન હવે સીધી રીતે સાવરકર સામે ટકરાતો હતો. એક લુચ્ચું શિયાળ ખૂંખાર સાવજ સામે મોરચો માંડવાની ભૂલ કરી રહ્યું હતું. એનો વાહિયાત તર્ક સાંભળીને સાવરકરે ઉત્તર આપ્યો, "કબૂલ કે ભોજનનો સંબંધ ભૂખ સાથે છે. તમે ભલે ભાત ઓછો આપો. પણ કાચો તો ન આપો ! રોટલીઓ પણ બરાબર શેકાયેલી આપો અને ગઈ કાલે શું બન્યું હતું એ જાણો છો, મિર્ઝા ? કેદીઓને પીરસવામાં આવેલી ભાજીમાં સાપના ટુકડા અને કાનખજૂરાઓ નીકળ્યા હતા !"

મિર્ઝાખાન ઝંખવાણો પડી ગયો. બારીએ સાવરકરને શાંત પાડવા માટે લાંચ આપવાની કોશિશ કરી, "મિ. સાવરકર, તમે એ બદમાશોની ચિંતા છોડી દો ! અમને તમારા માટે માન છે. આવતી કાલથી તમારા માટે જુદું શાક અને જુદી રોટલીઓ રાંધવાની હું સૂચના આપી દઉં છું."

સાવરકર ઊભા થઈ ગયા, "માફ કરજો, બારી સાહેબ ! સાવરકરને ખરીદવા માટે આખું વિશ્વ ઓછું પડશે ! તમને મારા પ્રત્યે માન હશે, પણ મને મારા બાંધવો માટે પ્રેમ છે. મારી લડત ચાલુ જ રહેશે."

બીજા દિવસથી જેલ સુપરિન્ટેન્ડન્ટની અંગત સૂચનાથી કેદીઓ માટેની રસોઈમાં સો ટકાનો સુધારો થઈ ગયો.

* * *

રસોઈ સુધરી, પણ રસોઈયાઓ ન સુધર્યા. સાતસો-આઠસો જેટલા કેદીઓ માટે રાંધનારાઓની સંખ્યા પાંચ-સાતની જ હતી. સવારના વહેલા અંધારામાં ઊઠીને એ લોકો કેદીઓ માટે કાંજી રાંધવાની શરૂઆત કરી દેતા. એ વખતે એકાદ વૉર્ડર તે પેટીજમાદાર કાંજીના વાસણ ઉપર અજવાળું ફેંકવા માટે ઘાસલેટવાળું ફાનસ ધરીને ઊભો રહેતો. રોજ એ ફાનસમાંથી છલકાતું કેરોસીન કાંજીવાળી કડાઈમાં પડતું હતું. કેદીઓ એ કેરોસીનની વાસ મારતી કાંજી પી ન શકતા.

સાવરકરે આ મુદ્દે પણ લડત આરંભી. બડા બારી અને છોટા બારી તપાસ અર્થે આવી પહોંચ્યા. બારીએ તમામ કેદીઓને હારબંધ ઊભા રાખ્યા. પછી સવાલ પૂછ્યો, "કાંજીમાં કેરોસીનની વાસ કોને-કોને આવે છે ?"

મોટા ભાગના કેદીઓએ આંગળીઓ ઊંચી કરી. પણ આંગળી ઊંચી કરનારા તમામ કેદીઓ હિંદુઓ હતા. સાવરકર ડઘાઈ ગયા. મિર્ઝાખાન મૂછમાં હસતો હતો. "હુઝૂર ! એક બાર યે હીં સવાલ આપ ઈન સબકો ભી પૂછ લેં તો સચ સામને આ જાયેગા !"

બારીએ મુસલમાન કેદીઓને પૂછ્યું તો જવાબ મળ્યો, "નહીં સા'બ ! કાંજી મેં ગ્યાસતેલકી બાસ નહીં આતી હૈ."

મિર્ઝાખાન ઊછળ્યો, "દેખા, હુઝૂર ? યે બડા બાબુ કાયમ હમ મુસલમાનો કે ખિલાફ બોલતા રહતા હૈ."

સાવરકર સમસમીને સાંભળી રહ્યા. બારી અને મિર્ઝાખાન જેવી રીતે આવ્યા હતા, એવી જ રીતે ચાલ્યા ગયા. સાવરકર સ્વગત બબડ્યા. "જેલમાં જો આમને આમ ચાલતું રહેશે, તો બધા જ હિંદુઓ વટલાઈને મુસલમાન બની જશે. લાગે છે કે મારે જ કંઈક કરવું પડશે."

જેલમાં ભોજન વખતે વરસાવવામાં આવતો એક મોટો ત્રાસ એ હતો કે કેદીઓએ ખુલ્લા આસમાન નીચે ભોંય પર બેઠાં-બેઠાં જમવું પડતું હતું. બપોરના સમયે સૂરજ માથા ઉપર હોય, એટલે તાપ એટલો બધો આકરો લાગે કે જમવું મુશ્કેલ બની જાય. ચોમાસામાં વળી જુદી જ તકલીફ, વરસાદના કારણે ભાત પલળી જાય, રોટલી લોંદા જેવી બની જાય અને વાટકીમાં ભરેલી દાળ પાણી ઉમેરાવાને કારણે પ્રમાણમાં વધી જાય અને સ્વાદમાં કથળી જાય.

કેદીઓએ જેલરને મળીને રજૂઆત કરી, ''અમને છાંયામાં બેસીને ભોજન લેવાની છૂટ આપવામાં આવે.''

બારી સાહેબે બરાડો પડ્યો, ''તમે આ જેલમાં કેદીઓ બનીને આવેલા છો, મહેમાનો બનીને નહીં. મિર્ઝાખાન, આમાંથી એક પણ કેદી જો તડકામાં ઊભા રહેવાનો ઈન્કાર કરે, તો એને સીધો દોર કરી નાખજો !''

મિર્ઝાખાને સાવરકરની પાસે જઈને ધીમેથી બબડાટ કર્યો, ''હું તો કેટલાયે દિવસથી આ વાતની રાહ જોઈને જ બેઠો છું; ક્યારે કોઈ કાફર વાંકમાં આવે ને ક્યારે હું એની ચોટલી મૂળમાંથી ઊખાડી કાઢું !''

સાવરકરે પણ માત્ર મિર્ઝાખાન જ સાંભળી શકે તેના ધીમા પણ મેઘગર્જના સમા અવાજમાં ધમકીનો જવાબ ધમકીથી આપ્યો, ''ખાંસાહેબ ! મનમાં ખાંડ ખાતા હો તો બંધ કરી દેજો ! ક્યાંક એવું ન બને કે કાફરોની ચોટલી ઊખાડવાના પ્રયાસમાં મિંયાભાઈની દાઢી ઊખડી જાય ! હું મરાઠો છું એ વાત ભૂલતા નહીં... અને સાથે સાથે એ પણ ન ભૂલતા તે અમારા શિવાજી મહારાજે તમારા ઔરંગઝેબની શી હાલત કરી મૂકી હતી !

મિર્ઝાખાન ઢીલો પડીને ચાલ્યો ગયો.

* * *

બારી સાહેબે ઊંડા મનોમંથન બાદ નવું સંશોધન કર્યું, ''મિર્ઝાખાન, આ બધા કેદીઓ આજ પહેલાં ચૂપચાપ બધા જુલમો વેઠી લેતા હતા. પણ હમણાં-હમણાંથી એમનામાં સંપ પેદા થઈ રહ્યો છે. તને આનું કારણ સમજાય છે ?''

મિર્ઝાખાન પાસે માત્ર તાબેદારી હતી, તર્ક ન હોતો. એણે ઝૂકીને જવાબ આપ્યો, ''નહીં હુઝૂર ! આપને સમજાય તે મને સમજાય !''

''તો સાંભળ; કેદીઓમાં એકતા ઉત્પન્ન થવાનું કારણ બડાબાબુ છે. એ બહુ ખતરનાક આદમી છે. એને રોકવો પડશે; નહીંતર એક દિવસ એવો પણ આવી શકે કે હું ને તું જેલની કોટડીમાં હોઈશું ને કેદીઓ બધા બહાર ઘૂમતા હશે.''

''હુકમ ફરમાવો, સરકાર !'' મિર્ઝાખાનની આંખોમાં ચમક આવી અને હથેળીમાં ચળ.

''સૌથી પહેલાં તો બડા બાબુને બીજા કેદીઓથી સાવ વિખૂટો પાડી દો ! એને કોઈનીયે સાથે વાત ન કરવા દેવામાં આવે. એને વાંચવા માટે પુસ્તકોની પણ મનાઈ. એ કોઈની સાથે ચિઠ્ઠી-ચપાટી ન કરી શકે એનું પણ ધ્યાન રાખવાનું. એના હાથમાં અખબારનો એક ટુકડો પણ ન જવો જોઈએ, બહારના જગતમાં શું ચાલી રહ્યું છે એ વિશે એને કશી જ ખબર ન પડવી જોઈએ. સમઝા તુમ ?''

''સમઝ ગયા, સરકાર !'' કહીને બૂટ પછાડતો, સલામ ઠોકતો મિર્ઝાખાન 'હુઝૂર'ની આજ્ઞાનું સખ્તાઈપૂર્વક પાલન કરવા-કરાવવા માટે નીકળી પડયો.

બીજા જ દિવસથી 'સરકાર'ની આજ્ઞા સાવરકરના માથે અમલ બનીને તૂટી પડી.

સાવરકર પાસે પ્રત્યેક મુસીબત માટે એક-એક મૌલિક માર્ગ હતો. એમણે નાસતી-ભાગતી-સભાઓ ભરવાનું શરૂ કર્યું. દર રવિવારે સવારે જેલની કોટડીઓમાંથી કેદીઓને વજન કરવા માટે એમને બહાર કાઢવામાં આવતા હતા. સાવરકરે એમાંથી દસ-બાર કેદીઓની ટુકડી બનાવીને દર રવિવારે ગુપ્ત સભાઓ ભરવા માંડી. સૌ એક ખૂણામાં લપાઈને બેસી જતા. પછી ગમે તે એક વિષય ઉપર ચર્ચા જામતી, સાવરકર જે વિષય આપે એના ઉપર કોઈ પણ એક કેદી પોતાના વિચારો રજૂ કરી શકે. સભાના અંતે સાવરકર પોતે પ્રવચન આપે. એમાં જો અચાનક કયાંકથી કોઈ વૉર્ડર કે પેટીજમાદાર આવી ચડે તો સભા અચાનક વરાળની જેમ અદશ્ય થઈ જાય.

એક દિવસ એક કેદીએ સાવરકરને વિનંતી કરી, ''બડે બાબુ, આપ હમેં પઢના-લિખના સિખાઓ ના ! આપકી બાતેં સૂનકર હમેં ઇતિહાસકી કિતાબેં પઢને કી તમન્ના હો ઉઠતી હૈ.''

એક કેદીની રજૂઆતમાં બધા કેદીઓની રજામંદી સમાયેલી હતી. સાવરકરે નાના-નાના જૂથમાં 'વિદ્યાર્થીઓ'ને ભણાવવાનો પ્રારંભ કર્યો. પણ ખાટલે મોટી ખોટ કે પાયો જ ન મળે ! લખવા માટેના કાગળ-પેન કયાંથી લાવવા ? જેલમાં તો આ બે વસ્તુઓ માટે સખત પ્રતિબંધ હતો.

સાવરકરની નજર સામેની દીવાલ ઉપર પડી. એ હસ્યા, ''મિત્રો, આ ચૂનો ધોળેલી સફેદ ભીંત એ આપણો કાગળ બનશે અને કાંટો કે ખીલી આપણી કલમ હશે. જેલની ઓપન યુનિવર્સિટીમાં એક રાજકીય કેદી એના અભણ બાંધવોને જ્ઞાનના પાઠો શિખવશે.''

અને શરૂ થઈ સાવરકરની ગુપ્ત પાઠશાળા. અક્ષરજ્ઞાનથી માંડીને ધર્મ, અધ્યાત્મ, રાજકારણ અને અર્થશાસ્ત્ર જેવા ગહન વિષયો આ 'વ્હાઈટ બોર્ડ' ઉપર આકાર પામવા લાગ્યા.

પછી તો આ જ ઉપાય સાવરકરે પોતાની એકાંત કોટડીની અંદર પણ અજમાવવાનું શરૂ કર્યું. રોજ રાત્રે તન તોડી નાખે એવો પરિશ્રમ ખેડ્યા પછી જ્યારે આ વિદ્વાન કેદી એમની બંધ ઓરડીમાં આડા પડે ત્યારે એમના દિમાગમાં કાવ્યની ભરતી ચડતી. એક પછી એક છંદોબદ્ધ પંક્તિઓ ચોમાસાના પૂરની પેઠે ધસી આવતી. આ બધી સર્જનાત્મકતાને ક્યાં ઠાલવવી ? અને કેમ કરીને ઠાલવવી ?

સાવરકરે એક નાની ખીલી ખોળી કાઢી. એમની ઓરડીની જાળીમાં એ ખીલી એ સંતાડી રાખતા. રાત પડે ત્યારે એ છુપાવેલી ખીલી કલમનું રૂપ ધારણ કરી લેતી. સાત નંબરની ચાલીમાં ત્રીજા મજલા પરની છેલ્લી કોટડી અને એની ત્રણ બાજુની દીવાલો એક દુર્ધર્ષ દેશભકતના કાવ્યસર્જનની સાક્ષી બની રહી.

સાવરકરની પ્રખ્યાત દીર્ઘરચના 'કમલા' એટલે આ ભીંતપત્ર પર અવતરેલી મહાકૃતિ. દીવાલની દુહિતા. પાષાણમાંથી પ્રસવેલી કવિતા. અણીદાર ખીલી વાગવાથી પથ્થરમાંથી ઝરેલા લોહીનાં અશ્રુઓ.

પણ આ કાવ્યપંક્તિઓનું આયુષ્ય માત્ર બાર જ મહિનાનું રહેતું. વરસ પૂરું થાય એટલે જેલની દીવાલોને નવેસરથી ધોળવાનો નિયમ હતો. સાવરકરને સતત આ વાતનો ખ્યાલ પણ રહેતો અને ચિંતા પણ રહેતી હતી. આનો ઉપાય એક જ હતો અને બીજાંઓ માટે અશકય હતો. માત્ર સાવરકર જેવો ફૌલાદી મનોબળ ધરાવતો માણસ જ આ ઉપાય અમલમાં મૂકી શકે.

સાવરકરે રોજેરોજ લખાયે જતી કાવ્યપંક્તિઓને ગોખવાનું શરૂ કરી દીધું, બીજે દિવસે આ પંક્તિઓની સંખ્યા બમણી થઈ જતી, ત્રીજે દિવસે ત્રણ ગણી. જેમ-જેમ દિવસો પસાર થતા જાય તેમ પંક્તિઓની સંખ્યા વધતી જાય. એમાંય પ્રથમ દિવસે લખાયેલી પંક્તિઓનો મુખપાઠ તો વધતો જ જાય. વર્ષના અંતે આખું મહાકાવ્ય સાવરકરને કંઠસ્થ થઈ ગયું. લખવા માટેની પ્રાથમિક સુવિધાનો અભાવ હોવા છતાં દઢ ઈચ્છાશકિત, અવિરત પરિશ્રમ અને અપ્રતિમ યાદશક્તિનો ત્રિવેણી સંગમ કેવું ચમત્કારિક પરિણામ લાવી શકે છે એનું વિશ્વભરમાં આ શ્રેષ્ઠ અને બેજોડ ઉદાહરણ છે.

* * *

જેલમાં સાવરકરને અન્ય કેદીઓથી અલાયદા પાડવા માટે જેટલા પેંતરાઓ કરવામાં આવ્યા, સાવરકર એટલા જ નવતર ઉપાયો શોધતા રહ્યા. રોજ બપોરે અથવા સાંજે ભોજન વેળાએ તો વૉર્ડરને થાપ આપવાનું ચાલુ જ હતું. એ ઉપરાંત સાવરકરને પોતાના નેતા તરીકે સ્વીકારી ચૂકેલા કેદીઓએ એમની સાથે લાંબો વાર્તાલાપ કરવા માટે જોખમી ઉપાય શોધી કાઢ્યો.

દરેક ઓરડીમાં કેદીને સૂવા માટે લાકડાનું એક પાટિયું આપવામાં આવતું હતું. કેદી આ પાટિયાને દીવાલના ટેકે જરા ખૂણો આપીને ઊભું ગોઠવી દેતો. પછી જાળીનો સળિયો પકડીને એ પાટિયાની ટોચ ઉપર ચડી જતો. ત્યાં છેક છત પાસેની દીવાલમાં પાછળની તરફ ખૂલતી એક નાનકડી હવાબારી મૂકેલી રહેતી, કેદી પેલા પાટિયાની ટોચ ઉપર પગ ટેકવીને હવાબારીને સળિયાને આધારે લટકી રહેતો, જો એનું નસીબ જોર કરતું હોય તો એની ઓરડીની પાછળની ખુલ્લી જગ્યામાં સાવરકર ઊભેલા હોય ! જાન જોખમમાં નાખીને કેદીઓ આ રીતે વાર્તાલાપ કરતા રહેતા.

બરાબર આવા સમયે એની ચાલીમાં જો અચાનક વૉર્ડર આવી ચડે તો દૂરથી એના બૂટનો અવાજ સાંભળતાં વેંત કેદી અગિયાર બાર ફૂટ ઊંચે આવેલી બારીનો સળિયો છોડી દઈને ભોંય ઉપર ભૂસકો મારે.

સમય જતાં જેલના કેદીઓએ ટેલિગ્રામ માટે વપરાતી 'ટીક-ટીક'ની જેવી એક જુદી સાંકેતિક ભાષા વિકસાવી. નાનકડા પથ્થરને જાળીના સળિયા સાથે કે પથ્થરની દીવાલ સાથે ચોક્કસ લયમાં અથડાવીને કહેવા યોગ્ય સંદેશો બાજુના કેદીની ઓરડી સુધી મોકલવામાં આવતો, જે સવાર સુધીમાં તો આખી જેલમાં અખબારી સમાચારની જેમ ફરી વળતો.

જેલમાં અખબાર માટે કડક પ્રવેશબંધી હતી. બારીસાહેબનું પોતાનું આગવું 'લોજિક' હતું, ''આ કેદીઓને માત્ર રાજકીય સમાચારો વિશે જાણવામાં જ રસ છે. છાપાં વાંચીને આ લોકો સિરફીરા થઈ જાય છે. મેં ત્રાસ આપી-આપીને એમને આટલી હદે ભાંગી નાખ્યા હોય, એ પાછા મક્કમ થઈ જાય છે. એટલે બહારની દુનિયામાં શું બની રહ્યું છે એની જરા સરખીયે જાણ આ રાજકીય કેદીઓને થવી ન જોઈએ.''

અને છતાં બહાર શું-શું ચાલી રહ્યું છે એની તમામ જાણકારી કેદીઓના કાન સુધી પહોંચી જ જતી હતી. છાપાં નહીં તો છાપાંના ટુકડા, ટપાલી નહીં તો હિંદથી આવેલા નવા કેદીઓ અને કેદીઓ નહીં તો કયારેક જેલના કર્મચારીઓ મારફત માહિતીનો રેલો સાવરકર સુધી પહોંચી જતો.

એક દિવસ સાવરકર ખુલ્લામાં ઊભાં-ઊભાં ભોજન જમી રહ્યા હતા, ત્યારે બાર ફૂટ ઊંચેની બારીમાંથી કોટડીમાં પુરાયેલા કેદીએ સમાચાર પીરસ્યા, ''અંગ્રેજ સરકારે બંગાળના ભાગલા રદ કર્યા !''

અને એ દિવસે સાવરકરની થાળીમાં પિરસાયેલું બેસ્વાદ ભોજન મિષ્ટાન્ન બની ગયું.

કયારેક ભોજન ઝેર જેવું પણ બની રહેતું, એક સાંજે જેલર મિ. બારી સાહેબ હાથમાં દંડૂકો રમાડતાં સાવરકરની કોટડી પાસે આવ્યા અને ચોક્કસ હેતુસર માહિતી આપવા માંડ્યા, ''ડિડ યુ રિસીવ ધી ન્યૂઝ, મિ. સાવરકર । ગોખલે મરી ગયા

છે !'' આટલું બોલીને એ ચૂપ થઈ ગયા. એને ખબર હતી કે સાવરકર અને ગોખલેજીની વિચારધારાઓ એકબીજા સાથે ટકરાતી હતી. સાવરકરે અનેક વાર ગોખલેજીના મંતવ્યોના છોતરાં ફાડતાં ભાષણો કર્યાં હતાં. બારી એ જોવા માગતો હતો કે પોતાના રાજકીય વિરોધીના અવસાનના સમાચાર સાંભળ્યા પછી સાવરકરનો પ્રતિભાવ કેવો હોઈ શકે !

સાવરકર આ વાત જાણીને આઘાત પામ્યા, ''હેં ! ગોખલેજી મૃત્યુ પામ્યા? અરેરે ! મને બહુ ઘેરું દુઃખ પહોંચ્યું છે.''

''પણ તમે તો મિ. ગોખલેના વિરોધી...?''

''હું એમની વિચારધારાનો વિરોધી હતો, એમનો ખુદનો નહીં. તમને ખબર છે ? લંડનમાં એક વાર મારા સાથીઓમાંથી કેટલાકે એમની હત્યા કરવાનો વિચાર રમતો મૂકેલો, ત્યારે મેં જ એમને વાર્યા હતા. અમારા માર્ગો ભિન્ન હતા, પણ મંઝિલ એક જ હતી. અને ગોખલેજી તો પૂણેની એ જ ફર્ગ્યુસન કૉલેજમાં ભણેલા હતા, જે કૉલેજમાં પછીથી હું પણ ભણ્યો હતો ! મને એ વિચારમાત્રથી આઘાત લાગ્યો છે કે મારી ભારતમાતાએ ગોખલેજી જેવો એક પ્રખર દેશભકત પુત્ર ગુમાવી દીધો છે ! ભગવાન એમના આત્માને સ્વર્ગમાં સ્થાન આપે !''

''સાવરકરના મુખેથી ગોખલે વિશે કંઈક નિંદાત્મક વાકયો સાંભળવા માટે આવેલો બારી આ ઉત્તમ શ્રદ્ધાંજલિ સાંભળીને સખળ-ડખળ થઈ ગયો. ગોખલેજીના આત્માને સ્વર્ગમાં સ્થાન મળવાની પ્રાર્થના સાંભળીને જાણે બારીનો આત્મા નર્કમાં પહોંચી ગયો હોય એવી એની હાલત થઈ ગઈ !

''તમે બધા જબરા માણસો છો; આપસમાં ભલે ઝગડતા રહો છો, પણ અમારી સામે લડવાની વાત આવે છે, ત્યારે બધા એક થઈ જાવ છો ! ઠીક છે ! તમે કોઈને કહેતા નહીં કે આ સમાચાર મેં તમને આપ્યા છે ! યુ નો, જેલનો કોઈ પણ કર્મચારી જેલના એક પણ કેદીને બહારની દુનિયામાં બનતી ઘટનાના સમાચાર ન આપી શકે એવો કડક નિયમ છે...અને એ નિયમ મેં જ ઘડેલો છે !'' આટલું કહીને બારી ચાલ્યો ગયો.

* * *

એક દિવસ સાંજના સમયે જ્યારે સાવરકર એમના ભાગે આવલું દોરડાં વણવાનું કામ ખતમ કરીને એમની કોટડી તરફ જઈ રહ્યા હતા, ત્યારે સામેથી ચાલ્યા આવતા એક બંગાળી કેદીએ ધીમેકથી ગણગણાટ કર્યો, ''બડે બાબુ ! તમારા મોટા ભાઈ ગણેશપંત પણ આ જ જેલમાં કાળાપાણીની સજા કાપી રહ્યા છે.''

આ વાકય માત્ર વાકય ન હતું, પણ વિસ્ફોટ હતો. સાવરકરને આ જગતમાં અતિ પ્રિય કહી શકાય એવી બે જ વ્યક્તિઓ હતી; એક, એમના મોટા ભાઈ અને બીજો, નાનો ભાઈ. માર્સેલ્સની ધરતી પરથી પોતે જ્યારે પુનઃ પકડાયા, ત્યારે એમને એટલી તો ખબર હતી કે એમના બંને ભાઈઓ ઉપર પણ ખટલો ચાલે છે. બાબા સાહેબને તો સજા પણ ફરમાવવામાં આવી છે એવી ઉપરછલ્લી માહિતી સરસ્વતીભાભીએ એમને આપેલી હતી. પણ જે કઠોર અને ક્રૂર યાતનાનો સામનો સાવરકર પોતે કરી રહ્યા હતા, એ જ યાતના આંદામાનની સેલ્યુલર જેલની કોટડીમાં એમના ભગવાન તુલ્ય મોટાભાઈ પણ ભોગવી રહ્યા હશે એ બાબત સાવરકર માટે કલ્પના બહારની, સ્વીકૃતિ બહારની અને સહનશીલતા બહારની હતી.

‘‘મોટા ભાઈ અહીં છે ? મારા મોટા ભાઈ ? બાબરાવ ગણેશપંત ? તને કોણે કહ્યું ?'' સાવરકરે સવાલોની ઝડી વરસાવી દીધી. એ ઈચ્છતા હતા કે પેલા કેદીની માહિતી ખોટી ઠરે.

‘‘મને કોઈએ કહ્યું નથી, બડે બાબુ ! મેં બાબારાવને મારી સગ્ગી આંખે કોલું ખેંચતાં જોયા છે.''

‘‘કોલુ ખેંચતાં ? બાબા...!'' સાવરકરના મુખમાંથી આઘાત ભર્યા શબ્દો સરી પડ્યા, ‘‘પણ બાબાનું શરીર તો બહુ કોમળ પ્રકૃતિનું છે. એ આવું કઠોર કામ શી રીતે કરી શકતો હશે ?''

‘‘નથી જ કરી શકતા, બડે બાબુ ! એમને આધાશીશીનું દરદ સતાવે છે. આખો દિવસ ઘાણો ફેરવી-ફેરવીને એ મરવા જેવા થઈ જાય છે. ઉપરથી આધાશીશીને લીધે માથું ફાટવા લાગે છે. થોડી વાર માટે જો બાબારાવ તમ્મર ખાઈને અટકી જાય છે, તો વૉર્ડર એમની પીઠ ઉપર સોટી મારી-મારીને પીઠ અને સોટી બંને ભાંગી નાખે છે.''

સાવરકરની આંખોમાંથી તણખાં ઝર્યા, ‘‘એ વૉર્ડરને હું જીવતો નહી છોડું ! મારા ઈશ્વર સમાન મોટા ભાઈને એ...''

‘‘એ તો બાબારાવને મા-બહેન સમાણી ગાળો પણ સંભળાવે છે ! અને ઉપરથી જેલની કાચી રોટલીઓ ખાઈ-ખાઈને એમને મરડો થઈ ગયો છે. આટલા બીમાર હોવા છતાં જેલર ન તો એમને સારવાર આપે છે, ન સારો રાંધેલો ખોરાક. બડાબાબુ. મહેરબાની કરીને તમે કશુંક કરો. નહીતર...'' કેદી તો આટલું કહીને પસાર થઈ ગયો, પણ સાવરકરની હાલત વર્ણવી ન શકાય તેવી થઈ ગઈ. એ ઘોર હતાશામાં સરી પડ્યા.

પોતાની કોટડી તરફ જવાને બદલે તેઓ જેલર બારીની ઑફિસમાં પહોંચી ગયા.

"યસ, મિ. સાવરકર ! હું તમારા માટે શું કરી શકું ?" બારી સાહેબે ઊંદર-બિલાડીની રમત શરૂ કરી.

"હું મારા માટે કશું પણ માગવા નથી આવ્યો, પરંતુ મારા મોટાભાઈ ગણેશપંત જ આ જેલમાં કારાવાસ ભોગવી રહ્યા છે એમના માટે નમ્ર અરજ કરવા આવ્યો છું કે..." આટલા વરસમાં એ દિવસે પહેલી વાર સાવરકરની જીભ ઉપરથી 'નમ્ર અરજ' જેવા શબ્દો નીકળી રહ્યા હતા.

બારી સાહેબ મનુષ્ય મટીને પાષાણ બની ગયા, "ગણેશપંત ?! કોણ ગણેશપંત ? આ નામનો એક પણ કેદી મારી જેલમાં છે જ નહીં !"

"છે, બારી સાહેબ ! મને ખબર છે કે..."

"તમને ખોટી માહિતી મળી લાગે છે ! હું અહીંનો જેલર છું અને મને ખાતરી છે કે સાવરકર નામનો ફકત એક જ કેદી મારી જેલમાં છે. બીજું કંઈ પૂછવું છે તમારે ?"

સાવરકર જેલરની ઑફિસમાંથી બહાર નીકળીને થોડા જ દૂર ગયા હશે, ત્યાં એમના કાને બારીનો ઘાંટો અફળાયો, બારી સાહેબ એમના હાથ નીચેના માણસોને ભેગા કરીને જોર-જોરથી ખખડાવી રહયા હતા, "નાલાયકો ! ગધેડાઓ ! બદમાશો ! એનો મોટો ભાઈ પણ આ જ જેલમાં મૂવો છે એ વાતની ખબર આ સાવરકરને કયાંથી મળી ગઈ ? એને કોણે કહી દીધું. ગદ્દારો ? હું તમારા શરીર પરથી ચામડી ઊતરડી નાખીશ !"

સાવરકરની આંખોમાં લાલાશ ધસી આવી, આનો અર્થ એ જ કે આ બદમાશ જેલર એનું જુઠ્ઠાણું જાહેર કરી રહ્યો હતો; મતલબ કે બાબા પણ આ જ જેલમાં...?

* * *

બારી સાહેબના જુલમોએ હવે મર્યાદાની તમામ સીમાઓ વટાવી દીધી હતી. કેદીઓના શરીર આટલા બધા અત્યાચારો ખમી શકે તેવા મજબૂત હતા જ નહીં. મૂળમાં તો આ બધાં કુમળી વયમાં ક્રાંતિના પથ ઉપર કદમ માંડી ચૂકેલા શ્રીમંત માવતરોના સુશિક્ષિત સંતાનો હતાં. ઘરમાં જાતે પાણીનો ગ્લાસ ભરવા જેટલું 'મોટું' કામ પણ કોઈએ કરેલું ન હતું. અને અહીં ઘોડો કે હાથી પણ ન કરી શકે એવું ને એટલું કામ એમણે કરવું પડતું હતું. પરિણામે એ લોકો મજૂરીમાંથી છટકવાના ઉપાયો શોધતા રહેતા.

સાવરકરના કાને જાત-જાતની વાતો અથડાતી રહેતી : "પેલો તરુણ દત્ત પાગલ થઈ જવાનો ઢોંગ કરવા માંડ્યો છે...પેલા પંજાબીએ ધોળી કરેણના ફૂલ-મૂળિયાં ઘસીને પી લીધાં. એને સખત તાવ ચડી ગયો. પણ એ ખુશ છે, કારણ કે ઘાણો ખેંચવાની મજૂરીમાંથી બે દિવસ માટે એને છુટકારો મળ્યો !...પેલો મદ્રાસી

ચણોઠીઓ ચાવી ગયો, એનાથી એને લોહીના ઝાડા થઈ ગયા. મરણતોલ થઈ ગયો, પણ તોયે બિચારો રાજી છે, વેઠ તો ટળી !''

સખત વૈતરામાંથી બચવા માટે કોઈ કેદી જંગલમાં લાકડાં કાપવા ગયો હોય તો જાતે જ પોતાના પગ પર કુહાડીનો ઘા મારીને લોહીલુહાણ હાલતમાં પાછો આવતો. એ ઘા કહોવાઈને પાકે એ માટે એ ગંદો સળિયો ઘામાં ઘોંચી દેતો. કોઈ વળી અણીદાર સોયો પોતાના ગળામાં ઘોંચીને લોહી કાઢતું, તો કોઈ વળી પોતાના હાથે જ પોતાના મોં ઉપર વિષ્ઠા અને મૂત્ર ચોપડીને પાગલ થઈ ગયા હોવાનો અભિનય કરતું.

જ્યારે ઢોંગ કે અભિનય કારગત ન નીવડે, ત્યારે કેદીઓ માનસિક હતાશાનો ભોગ બનીને ગમે તે પગલું ભરી બેસતા.

ઈન્દુભૂષણ રોય નામનો બંગાળી જુવાન. માણિકતોલા બૉંબ કેસમાં દસ વરસની સજા પામીને આંદામાનમાં પુરાયેલો. બારીના અત્યાચારથી તૂટી ગયો. એક રાતે એની કોટડીમાં ગળે ફાંસો ખાઈને મરી ગયો.

ઉલ્લાસકર દત્ત નામનો અત્યંત સંસ્કારી, આદર્શવાદી બંગાળી યુવાન તેલના ઘાણામાં તૂટી ગયો. ચક્કર ખાઈને ઢળી પડ્યો. તોયે ઘસડાતો રહ્યો. એનું માથું લોહીલુહાણ થઈ ગયું. અંતે બારીના હુકમથી એને વીજળીના તાર વડે બાંધીને આંચકા આપવામાં આવ્યા. ઉલ્લાસકર પાગલ હતો એમાંથી હવે જીવતી લાશ બની ગયો. આવી જ હાલતમાં બાર-તેર વરસની જેલ કાપીને આખરે એ છૂટ્યો. એ પછી પણ આખી જિંદગી એ પાગલ અવસ્થામાં જ જીવ્યો.

કલકત્તામાં એક અંગ્રેજ પોલીસ ઑફિસરની દોડતી મોટરકાર ઉપર બૉંબ ફેંકનાર તેજસ્વી યુવાન નાની ગોપાળ પણ તેલના ઘાણાથી તૂટી ગયો. પણ એ પાગલ ન થયો. બહાદુર બેટો નીકળ્યો. બારીની સામે સામી છાતીએ બગાવત કરીને ખડો થઈ ગયો, ''આજ પછી હું એક પણ કામ નથી કરવાનો તારાથી થાય તે કરી લે !''

બારીએ હુકમ કર્યો, ''એને નેતરની સોટીથી ફટકારો ! એ બેભાન થઈ જાય ત્યાં સુધી એને મારો !''

સાવરકરથી આ બધું જોયું જતું ન હતું. એમણે ઈન્દુભૂષણ રોયના આપઘાતનો મુદ્દો ઉછાળ્યો. છેક જેલના સુપરિન્ટેન્ડન્ટ ને પોર્ટબ્લેયરના કમિશનર સુધી લેખિત ફરિયાદો પહોંચાડી. એના ખુલાસાઓ આપતાં બારીના નાકમાં દમ આવી ગયો.

નાની ગોપાળને નેતરના ફટકાઓ મારવાના હતા એની આખરી ક્ષણોમાં સાવરકરે બારી સાહેબને ડરાવ્યા, ''હું વિનાયક સાવરકર વિલાયતમાં રહીને કાયદો ભણ્યો છું. નાની ગોપાળ એક રાજકીય કેદી છે અને રાજકીય કેદીઓને નેતરથી ન ફટકારવા એવો સ્વયં લૉર્ડ મોર્લેનો હુકમ છે.''

''એ હુકમ તો તમે જાતે વાંચ્યો છે ?'' બારીએ ઝીણી આંખ કરીને પૂછ્યું સોટી સહેજ પણ અડકાડી છે તો હું તમને નહી છોડું !'' સાવરકરનો અવાજ અવાજ નહોતો પણ છંછેડાયેલા સિંહનો ઘુરકાટ હતો.

બારી ધ્રૂજી ગયો. નાની ગોપાળ અને નેતરનો મિલનયોગ ટળી ગયો.

હવે બારીના દિમાગમાં એ સ્પષ્ટ થઈ ગયું કે સાવરકર જ આ બધા કેદીઓના બળવા પાછળનું કારણ છે. એના આગમન પહેલાં જેલમાં સંપૂર્ણ શાંતિ હતી. કેદીઓ બકરીઓ બનીને જીવતા હતા અને બળદિયા બનીને કામ કરતા હતા.

એક સાંજે બારી સાવરકરની કોટડી પાસે જઈને ઊભો રહ્યો, ''મિ. સાવરકર ! મને લાગે છે કે પેલો ઉલ્લાસકર પાગલ થઈ ગયો એ હકીકતમાં ઢોંગ કરી રહ્યો છે. મને લાગે છે કે તમે જ એને એવું કરવાની સલાહ આપી હશે !''

સાવરકર ત્રાટકતાં પહેલાંની ચૂપકીદી ધારીને બારીને જોઈ રહ્યા.

બારીએ વધારે ધૃષ્ટતા આદરી, ''મને તમે એટલું કહેશો કે મજૂરીથી બચવા માટે તમે પોતે હવે કયારે પાગલ થાવ છો ?''

સાવરકર આખરે ત્રાટકયા જ, ''તમે પાગલ થાવ એ પછી તરત જ !'' બારી વાળ ખેંચતો ને કપાળ કૂટતો પાછો ફરી ગયો, ત્યારે સાચ્ચે જ પાગલ દેખાઈ રહ્યો હતો !

* * *

સાવરકરના જેલવાસનો સૌથી મોટો વસવસો એ હતો કે એમના મોટા ભાઈ એ જ જેલમાં હોવા છતાં હજુ સુધી એમના દર્શન થયાં ન હતાં. આ માટે એમણે વૉર્ડર તેમજ પેટી ઑફિસરને વિનવી જોયા. એક ભલો હિંદુ વૉર્ડર આવા છાના મેળાપ માટે તૈયાર થઈ ગયો.

સાંજે બધાયે કેદીઓને એક સાથે છોડવામાં નહોતા આવતા. પણ અલગ-અલગ વિભાગના કેદીઓને એક પછી એક જૂથમાં થોડા-થોડા સમયનું અંતર રાખીને છોડવામાં આવતા. વૉર્ડરે એક સાંજે સાવરકરને બે મિનિટ જેટલા વહેલા છોડી મૂકયા. બીજા વિભાગમાં મોટા ભાઈ હજુ પોતાના કામનો હિસાબ આપતા ઊભા હતા. ત્યાં એમણે દૂરથી નાના ભાઈને આવતો જોયો. આ ડઘાઈ ગયા. આ પહેલાં છેલ્લે એમણે સાવરકરને વિલાયત ભણવા જતી વખતે આગબોટમાં ચડતા જોયા હતા. ત્યારે વિનાયકે કોટ-પેન્ટ અને નેકટાઈ પહેર્યાં હતાં. જ્યારે અત્યારે એમનો શ્વાસ-પ્રાણ સમો વિનાયક કેદીની લંગોટીમાં ઊભેલો હતો. સાવરકરની પચાસ વરસની બેવડી જનમટીપ વિશે એ તો કશુંયે જાણતા જ ન હતા.

એમના મુખમાંથી આઘાતભર્યા શબ્દો સરી પડ્યા, ''તાત્યા ! તું અહીં કયાંથી ?''

બસ, મેળાપ પૂરો થઈ ગયો. વૉર્ડર તરત જ એમનો હાથ ખેંચીને દૂર લઈ ગયો. 'તાત્યા' એમના પ્રિય 'બાબા'ને એમના પ્રશ્નનો ઉત્તર પણ ન આપી શકયો.

બે દિવસ બાદ વિનાયકને બાબાએ લખેલો પત્ર ચોરી છૂપીથી મળ્યો, ''તાત્યા ! ભાઈ તું પણ આ નર્કમાં આવી પડ્યો ? હું તો માનતો હતો કે તું બૅરિસ્ટર બનીને કમાતો હોઈશ. મેં તારા વિશે કેટલાં બધાં સપનાંઓ સેવ્યાં હતાં ! એ બધાં તને જોઈને રાખ બની ગયાં. કમ-સે-કમ તું બહાર રહ્યો હોત તો મને આ કારાવાસ ફૂલ જેવો હળવો લાગત. મને આશા રહેત કે હું ભલે પકડાઈ ગયો, પણ તું તો આઝાદ છે. એટલે કુટુંબ પણ સચવાશે અને દેશનું કામ પણ થશે. આપણા બંને વગર આપણાં નાનાં બચ્ચાંનુ શું થશે ?

તાત્યા ! તાત્યા ! તને પ્રત્યક્ષ જોયા પછી પણ મને ખાતરી થતી નથી હાય ! હાય ! તું કયાંથી અહીં આવી ચઢ્યો ?''

સાવરકર પત્ર વાંચીને તદ્દન રડમસ થઈ ગયા. મોટા ભાઈને વિલાપ વાંચીને એ પોતે ભાંગી પડ્યા; છતાં મન મજબૂત કરીને એમણે પ્રત્યુત્તર લખ્યો, પ્રિય બાબા, પ્રણામ ! મારી ચિંતા ન કરશો. જે માણસ ભાગ્ય અને ભૌતિક સુખોની રાખ શરીર ઉપર ચોળીને લડાઈમાં ઝૂકાવી દે એ જેલમાં ન હોય તો બીજે કયાં હોય ? અને હું એવો કાયર સેનાપતિ નથી જે પોતાના સૈનિકોને જંગમાં મોખરે રાખીને મરવા દે અને પોતે વિજયના ફળો ચાખવા માટે જીવતો રહી જાય. બહારની દુનિયામાં મુક્ત રહીને કીર્તિનાદો માણવા એ કદાચ દંભી નેતાઓનું કિસ્મત હશે, આપણે સાવરકરો છીએ. આપણા ભાગ્યમાં અંધારી કોટડીઓના અશ્રાવ્ય નિસાસા અને ગુમનાન મૃત્યુઓ જ લખાયેલાં છે. પણ ચિંતા ન કરશો. અંતિમ વિજય આપણો જ છે. જે સેનાનો સારથિ કૃષ્ણ છે, જેનો સેનાપતિ રામ જેવો છે અને જેની સેના કોટિ કોટિ યોદ્ધાઓની બનેલી છે, એનું કામ શાનું અટકી રહે ?''

સાવરકરની આંખોમાંથી બે અશ્રુબિંદુઓ કાગળ ઉપર ટપકયાં. પત્રનું લખાણ એટલું ચહેરાઈ ગયું. ઈતિહાસ પુરુષ વિમાસણમાં પડી ગયો : સાવરકરબંધુઓના આ સર્વોચ્ચ ત્યાગ અને બલિદાનની નોંધ દેશની ભાવિ પ્રજા યાદ રાખશે ખરી ?

o o o

૧૮. સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।

એક દિવસ આંદામાનની સેલ્યુલર જેલમાં એક માની ન શકાય એવી ઘટના બની. બપોરના ભોજન વખતે બે પંગતો પડી, જેમાં એક હિંદુ કેદીઓની હતી અને સામે બીજી પંગત મુસલમાન કેદીઓની હતી. આવી જ બે પંગતો રાતના ભોજન વખતે પણ પડી. આ વરસોથી ચાલ્યો આવતો ક્રમ હતો. તો પછી આમાં આશ્ચર્ય પામવા જેવું શું હતું ? ભલે બીજાને માટે નહીં હોય, પણ સાવરકર માટે અવશ્ય હતું.

એમણે બાજુમાં બેઠેલા એક ટંડેલને પૂછ્યું, ''ગણપત પેલો રામદીન બપોરે તો આપણી પંગતમાં જમવા માટે બેઠેલો હતો; તો પછી અત્યારે એ મુસલમાનોની સાથે કેમ બેઠો છે ?''

ટંડેલના હોઠ તિરસ્કારમાં મરડાયા, ''એટલા માટે, બડેબાબુ, કે એ હવે રામદીન નથી રહ્યો. વટલાઈને મુસલમાન થઈ ગયો છે !''

''પણ શા માટે ? આવું કરવાની એને જરૂર શા માટે પડી ?''

''એ તમે જાતે જ એને પૂછી લો ને, સરકાર !'' ટંડેલે વાતચીત ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું. સાવરકર પણ ચૂપચાપ જમવા માંડ્યા. પણ જમતાં-જમતાં એમણે એક વાત જરૂર નોંધી; સામેની પંગતમાં બેઠેલા મુસલમાન કેદીઓ રોજ કરતાં આજે વધુ ખુશખુશાલ દેખાતા હતા.

ભોજન પતી ગયા પછી સાવરકર અન્ય કેદીઓની સાથે ઊભા થયા. પોતાની થાળી લઈને પાણીના પીપડા પાસે ધોવા માટે ગયા. ત્યાં એમણે રામદીનને જોયો. એ નીચું મોં કરીને પોતાની થાળી સાફ કરી રહ્યો હતો. ચાર-પાંચ મુસલમાન કેદીઓ એને ઘેરીને ઊભા હતા. સાવરકરને લાગ્યું કે વાત કરવા માટે થોડી ધીરજ ધરવી પડશે. પાંચ-સાત મિનિટ પછી એ જે તકની રાહ જોતા હતા એ એમને મળી ગઈ. રામદીન થાળી વાટકો લઈને પાછો ફરી રહ્યો હતો, ત્યારે એકલો હતો. સાવરકરે એનો પીછો કર્યો. એની પાછળ છેક નજીક જઈને ધીમેથી બૂમ પાડી, ''રામદીન...! ભાઈ રામદીન...!''

રામદીને ન પાછળ જોયું, ન જવાબ આપ્યો. સાવરકરે લગભગ દોડીને એને પકડી પાડ્યો. એને ખભેથી પકડીને ઝંઝેડી નાખ્યો, ''કેમ, બહેરો થઈ ગયો છે કે શું ? કયારનો હું 'રામદીન-રામદીન' કહીને બૂમો મારું છું, એ તને સંભળાતું નથી ?''

રામદીન પથ્થર જેવો ભાવહીન ચહેરો રાખીને બોલ્યો, ''સંભળાય છે ને? પણ હું શા માટે જવાબ આપું ? મારુ નામ રહીમ છે, રામદીન નહીં !!''

''કયારથી ?''

''બસ, આજ સાંજથી.'' રામદીનના જવાબમાં રહીમ બનવાનો રાજીપો ન હતો, પણ મુસલમાન બનવાની મજબૂરી હતી.

સાવરકરના દિમાગમાં સેંકડો સવાલો જાગ્યા, ''પણ શા માટે તારે રહીમ બનવું પડ્યું ? તને કોઈએ ધાક-ધમકી આપી ? તને આપણા ધર્મમાં શું ઓછું પડ્યું ? તને કુર્રાનમાં એવું તે શું દેખાયું જે ભગવદ્ગીતામાં નથી ? તું કોઈનો પણ ડર રાખ્યા વગર મને સાચી વાત જણાવ, રામદીન ?''

અને રામદીન રાતના અંધારામાં રડી પડ્યો. એણે થરથરતા અને ચારેબાજુ જોતાં-જૌતાં જે વાત કહી સંભળાવી એ વાત નહીં, પણ સેલ્યુલર જેલની અંદર ચાલતી વટાળપ્રવૃત્તિનો વૃત્તાંત હતો.

રામદીન સાવ નવો કેદી હતો. આંદામાન આવ્યે એને હજુ એકાદ અઠવાડિયું જ થયું હતું. કાચી ઉમરનો નવયુવાન કેદી હતો. એ ચુસ્ત હિંદુ હતો. માથા પર ચોટલી પણ રાખતો હતો. એને આવેલો જોઈને મિર્ઝાખાનની આંખોમાં એવો ચમકારો પ્રગટ્યો, જેવો સૈકાઓ પહેલાં સોમનાથના શિવલિંગને જોઈને ગઝનીના મહંમદની આંખોમાં પ્રગટ્યો હશે. જેલમાં મોટા ભાગના વૉર્ડરો અને પેટી ઑફિસરો મુસલમાન પઠાણો હતા. મિર્ઝાખાને હુકમ છોડ્યો, ''ઈસકુ ઘાણેપે લગા દો !''

બાપડા કુમળા જુવાનને તેલ કાઢવાના ઘાણા ઉપર જોતરી દેવામાં આવ્યો. સાંજ પડતાં સુધીમાં તો રામદીન રડી પડ્યો. ''ભાઈ સા'બ ! આટલું તેલ નીકળતાં પહેલાં તો મારો જીવ નીકળી જશે. મેં તો સવારથી કંઈ ખાધું પણ નથી. મારી ઉપર દયા કરો. મને પાણી પીવડાવો. કંઈ ખાવા...''

પઠાણ વૉર્ડરો જોર-જોરથી હસ્યા. એમના હાથમાં જલેબીનું પડીકું હતું એ એમણે રામદીનને બતાવ્યું. ખાલી બતાવ્યું જ. જલેબી એને આપી નહીં. પાણી પણ ન આપ્યું. આપી તો મા-બહેન માટેની બીભત્સ ગાળો, ''સાલે ! યહાં જલેબી ખાને આયા હૈ કિ કામ કરને ? ઔર તુઝે પાની ચાહિયે હૈં ? દેંગે ! હમ તુજે પાની દેંગે, મગર પહલે તૂ તેરી ભેણકો હમ સબકે સાથ...!''

એ પછી ગંદી ગાળો, અશ્લીલ ચાળા અને અટ્ટહાસ્યોનો વરસાદ. રામદીનના કાનની બૂટ ગરમ થઈ ગઈ. આંખોમાં લાલ ટશર ફૂટી. પણ ત્યાં જ એની પીઠ ઉપર વૉર્ડરની લાઠીનો ફટકો વિંઝાયો, ''સાલા, હરામઝાદા ! બિચ-બિચમેં અટક જાતા હૈ ! કોલુ ખેંચ, વર્ના હમ તુમ્હારી ખાલ ખીંચ ડાલેગા !''

પૂરા સાત દિવસ આ સિતમનો સિલસિલો ચાલતો રહ્યો. હવે રામદીન જિંદગી હારી ચૂક્યો હતો. ત્યાં એક કેદીએ બપોરના ભોજન વખતે એના કાનમાં આઝાદીનો ઉપાય ફૂંક્યો, ''તારે આ ત્રાસમાંથી છૂટવું છે ? તો મુસલમાન થઈ જા !''

''હેં ?''

''હેં નહીં હા ! હું પણ પહેલાં હિંદુ હતો. તુલસી નામનો બ્રાહ્મણ હતો. જ્યારે જીવવું અશક્ય થઈ પડ્યું, ત્યારે તૌફિક બની ગયો. હવે આરામ છે. સાવ હળવું કામ અને પેટ ભરીને ભોજન.''

'પણ મુસલમાન થવું એટલે તો કલમો પઢવો, નમાઝ અદા કરવી અને કુર્રાનનો અભ્યાસ કરવો; આ બધું મને કેવી રીતે ફાવે ?''

તૌફિક હસ્યો, ''શેની નમાઝ ને શેનો કલમો ? આ બધું તો હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે. જમાદાર મિર્ઝાખાન આ કાવતરાનો સૂત્રધાર છે. અહીં તને જેટલા મુસલમાન કેદીઓ દેખાઈ રહ્યા છે એ બધા જ્યારે અહીં આવ્યા ત્યારે હિંદુઓ હતા. હું તો કહું છું તું પણ મુસલમાન થઈ જા, જો મરવું ન હોય તો !''

રામદીનને જીવવું હતું. એ તૈયાર થઈ ગયો. પહેલું કામ એણે ચોટલી કપાવવાનું કરવું પડ્યું. તરત જ મિર્ઝાખાને એને કોલુના ત્રાસમાંથી મુક્ત કર્યો. તમાકુની ચપટી રામદીનના મોંઢામાં મૂકી. એટલે મુસલમાન બનવાની દિશામાં બે ડગલાં તો ભરાઈ ચૂક્યાં. હવે ત્રીજું ને છેલ્લું ડગલું બાકી રહ્યું; રાત્રે મુસલમાનોની પંગતમાં બેસીને માંસાહારી ભોજન લેવાનું. એ પણ થઈ ગયું. પૃથ્વી ઉપર એક હિંદુ ઓછો થઈ ગયો.

રામદીનની રામકહાણી સાંભળીને સાવરકર દુઃખી-દુઃખી થઈ ગયા.

* * *

એ રાત્રે એમણે કેદી મિત્રો સાથે ગુપ્ત ભાષામાં વાતચીત કરી. જે જાણવા મળ્યું એનાથી સાવરકર ખળભળી ગયા. જેલમાં દર અઠવાડિયે એક કેદી હિંદુ મટીને મુસલમાન બની જતો હતો. મિર્ઝાખાન ઉપર જેલર બારીસાહેબના પણ છૂપા આશીર્વાદ હતા. કારણ કે હિંદુ રાજકીય કેદીઓ બારીની આંખમાં કણીની જેમ ખૂંચતા હતા.

મિર્ઝાખાને હિંદુ સ્ત્રી-કેદીઓની બાબતમાં પણ વિચારી રાખ્યું હતું. સામાન્ય શિરસ્તો એવો હતો કે સ્ત્રી કેદીઓથી પુરુષ કેદીઓને અલગ રાખવામાં આવે. પણ મુસલમાન કેદીઓને મિર્ઝાખાન તરફથી લીલી ઝંડી હતી, ''જાઓ ! હિંદુઓંકી માં-બહેનોં કો તુમ અપની બિવીયાં બના ડાલો ! શાદી કી વ્યવસ્થા મૈં કરવા દૂંગા. ઔર અગર કોઈ ઔરત શાદી કે લિયે રાજી ના હોવે, તો...'' પછી એક આંખ મીચકારીને એ તદ્દન હલકી વાત ઉપર ઊતરી પડતો, ''સાલિયોં કો ફૈંદકે રખ દો ! દો-ચાર બચ્ચે નિકાલ દો ! હમારા તો એક હી મકસદ હૈ; જૈસે યા તૈસે હમ મુસલમાનોં કી બસ્તી બઢતી રહની ચાહિયે !''

સાવરકરે દઢ નિર્ણય કર્યો; ગમે તેમ કરીને આ વટાળપ્રવૃત્તિને ખાળવી પડશે. આ માટે એમણે ત્રિ-પાંખીયો વ્યૂહ વિચાર્યો. સૌથી પહેલાં તો હિંદુને મુસલમાન બનતો રોકવો પડશે. બીજું કામ વટલાયેલા મુસલમાનને પાછો હિંદુ બનાવવાનું કરવું પડશે. અને ત્રીજા તબક્કામાં મુસલમાનને વટલાવીને હિંદુ બનાવવો પડશે. તો જ આ મિર્ઝાખાનનો બચ્ચો ઢીલો પડશે.

બીજા જ દિવસથી સાવરકરે રંગ બતાવવો શરૂ કર્યો. મૂળ તો રહ્યા કાયદાના માણસ. એટલે કોઈ પણ વાત શરૂઆતમાં કાયદા અનુસાર કરાવવાનો પ્રયત્ન સાવરકર કાયમ કરી લેતા. આ બાબતમાં પણ એમણે એ જ કર્યું.

સાવરકર જેલના સુપરિન્ટેન્ડન્ટને મળ્યા. કાયદાની કલમ બતાવી, ''જેલમાં ધર્મપરિવર્તન કરાવવાની મનાઈ છે અને છતાં આટલા બધા હિંદુઓ વટલાઈને મુસલમાન બની રહ્યા છે.''

સાહેબે જેલરને અને જમાદારને બોલાવી મગાવ્યા, ''મિ. બારી, આ મિ. સાવરકર શું કહે છે ?''

સાવરકરની ફરિયાદ સાંભળીને બારીએ લુચ્ચું સ્મિત ફરકાવ્યું, ''એમાં આપણે શું કરી શકીએ, સર ? જો કોઈ કેદીને બળજબરીથી વટલાવાતો હોય તો આપણે જરૂર એને અટકાવીએ; પણ આ બધાં કેદીઓ તો પોતાની રાજીખુશીથી હિંદુ ધર્મ છોડી રહ્યાં છે. બરાબર છે ને, મિર્ઝાખાન ?''

જમાદાર મિર્ઝાખાન ટાપશી પૂરવા માટે તૈયાર જ નહીં, બલ્કે તલપાપડ થઈને ઊભો હતો. કમરથી ઝૂકીને એ બોલ્યો, ''હુઝૂરને સહી ફરમાયા.''

સાવરકરે વટાળપ્રવૃત્તિની સિલસિલાવાર વિગત રજૂ કરી દીધી. નવા આવેલા હિંદુ કેદીને કેવી રીતે કઠોર પરિશ્રમ દ્વારા તોડી નાખવામાં આવે છે અને પછી જો એ મુસલમાન બની જાય તો એને કેવી - કેવી લાલચો આપવામાં આવે છે એની સંપૂર્ણ માહિતી રજૂ કરી દીધી.

મિર્ઝાખાન અકળાયો, ''બડાબાબુ, યે સબ કેદી લોગ તો હલકે, નીચ ઔર નાલાયક હૈં. ઐસે નિકમ્મે ખૂની ઔર ચોર લોગ તુમ્હારે મઝહબમેં રહે કિ ન રહે, કયા ફર્ક પડતા હૈ ? ઊનકો મુસલમાન બનને દિજીયે ના !''

સાવરકરની આંખ ફરી, ''મિર્ઝા ! એ ન ભૂલીશ કે હિંદુ ધર્મમાં અમને બધાંની જરૂર છે. અમારો વાલિયો લૂંટારો જંગલી હતો, ખૂની હતો, ચોર હતો; પણ એણે અમને રામાયણ આપ્યું છે અને તું મને એમ પૂછે છે કે આ બધાં નકામા માણસોની અમને શી જરૂર છે ? તો આ જ સવાલ હું તને પૂછું છું : આવા હલકટ, ચોર અને ખૂની લોકોને મુસલમાન બનાવવાની તને શી ગરજ છે ?''

અભણ મિર્ઝાખાન બૅરિસ્ટર સાવરકર સામે અડધી મિનિટમાં જ હારી ગયો. અબ બારીસાહબ કી બારી આઈ ! પોતાના ચમચા મિર્ઝાખાનનો પરાજય જોઈને બારીએ દલીલબાજી શરૂ કરી, ''મિ. સાવરકર, તમે શું ઈચ્છો છો ?''

''મારી બે ઈચ્છા છે. હવે પછી એક પણ હિંદુને મુસલમાન બનવાની છૂટ આપવામાં ન આવે અને જે વટલાઈ ચૂકયા છે એમને ફરી પાછા હિંદુ બનાવી દેવામાં આવે.''

બારીએ પડકાર ફેંકયો, ''પહેલી વાતનું અમે ધ્યાન રાખીશું. પણ બીજી વાત તમારે કરી બતાવવી પડશે. તમને ખાતરી છે મિ. સાવરકર, કે એક વાર વિધર્મી બની ચૂકેલા તમારા જાતભાઈને હિંદુ કેદીઓ ફરીથી પાછો પોતાની પંગતમાં બેસવા દેશે ? હા...હા...હા...!''

બારીના કપટભર્યા અટ્ટહાસ્યમાં સુપરિન્ટેન્ડન્ટ સાહેબે પણ કટાક્ષભર્યું અને મિર્ઝાખાને કુટિલતાપૂર્ણ સ્મિત ઊમેરી દીધું.

સાવરકર હિંદુ ભાઈઓની કમજોર કડી આગળ આવીને, અટકીને, નિરુત્તર બનીને નતમસ્તકે ઊભા રહી ગયા. જે વાકય ન બોલ્યા એ આ હતું, ''બારી ! મિર્ઝા ! હું તમારો પડકાર ઝીલી લઉં છું. સાવરકર માટે આસમાન ભેદવું પણ અશકય નથી. આ તે કઈ મોટી વાત છે ?''

* * *

રવિવારનો દિવસ હતો. સવારનો સમય. બધા કેદીઓ કપડાં ધોવામાં ગૂંથાયા હતા. મિર્ઝાખાન તથા અન્ય પઠાણ વૉર્ડરો પહેરો ભરતા ઊભા હતા. ત્યાં સાવરકર બે મુસલમાન કેદીઓને લઈને એક બાજુએ ગયા. એમને નવડાવીને નવાં કપડાં પહેરાવ્યાં. પછી એક બ્રાહ્મણ કેદીની સમક્ષ એમને ઊભા કરી દીધા. સાવરકર પોતે દૂર ઊભા રહ્યા. એમની આસપાસ પંજાબથી આવેલા હટ્ટાકટ્ટા માથાભારે કેદીઓનું ટોળું ઊભું હતું.

પેલા બે મુસલમાનોએ જાહેર કર્યું, ''અમે હિંદુ ધર્મમાં ફરીથી આવવા ઈચ્છીએ છીએ; માટે અમારો સ્વીકાર કરો.'' તેમના મોંમાં તુલસીપત્રો મૂકવામાં આવ્યાં. બ્રાહ્મણે ગીતાના શ્લોકો અને તુલસીકૃત રામાયણનો પાઠ વાંચી સંભળાવ્યો. પછી ગુપ્ત રીતે બનાવીને તૈયાર રાખેલો શીરો એટલે કે સત્યનારાયણની કથાનો પ્રસાદ એ બંનેને ખવડાવ્યો. આ બધું એટલી ઝડપથી પાર પાડવામાં આવ્યું કે હજુ તો મિર્ઝાખાન કંઈ સમજે તે પહેલાં તો તમામ કેદીઓ પોતાની કોટડીમાં જઈને ગોઠવાઈ ગયા હતા !

તે દિવસથી તૌફિક અને રહીમે નમાજ પઢવાનું બંધ કર્યું અને તુલસી અને રામદીને ભગવદ્‌ગીતા વાંચવાનું શરૂ કર્યું.

મિર્ઝાખાનથી આ 'પાપાચાર' સહન ન થયો. એણે શાગીર્દોને ભેગા કર્યા, ''ઈસ્લામ ખતરે મેં હૈ. આ બધા કારસ્તાનો બડાબાબુના છે. એમને ઠમઠોરીને સીધા કરી નાખો !'

બીજે દિવસે ચાર પઠાણો સાવરકર ઉપર હુમલો કરવા માટે જઈ પહોંચ્યા. પણ ત્યાં જ અચાનક જાણે અંતરિક્ષમાંથી ઊતરી આવ્યા હોય એવા બે પંજાબી માથાભારે કેદીઓ સાવરકરની બેય બાજુએ ટપકી પડ્યા. પાંચ જ મિનિટ હાથાપાઈ ચાલી. સરવાળે ચારેય પઠાણો લાલ રંગે રંગાઈને મિર્ઝાખાન પાસે પાછા ફર્યા.

મિર્ઝાખાને સાવરકરની કોટડી આગળ ઊભા રહીને બખાળા કાઢ્યા, ''તમારા હિંદુ ગુંડાઓએ મારા માણસોને લોહીલુહાણ કરી નાખ્યા ! હું શિકાયત દર્જ કરાવીશ !''

સાવરકરે એની વાકય ભૂલ સુધારી આપી, ''હકીકત એ છે કે મારા હિંદુ ગુંડાઓએ તમારા મુસલમાન ગુંડાઓને જરાક મેથીપાક ચખાડ્યો છે. આ તો ફક્ત અપોષણ છે, પૂરું ભોજન પીરસવાનું હજુ બાકી છે !''

''ઠીક છે ! ઠીક છે ! તમારા જેવા સાથે કોણ માથાઝીક કરે ? પણ એટલું યાદ રાખજો, બડાબાબુ ! તમે જે મુસલમાનોને હિંદુધર્મમાં પાછા લઈ ગયા છો એમનો તમારા જ હિંદુ ભાઈઓ સ્વીકાર નહીં કરે !'''

મિર્ઝાખાનની આગાહી શબ્દશઃ સાચી પડી. રાતના ભોજન વખતે પંગતો પડી અને જેવા શુદ્ધિકરણ પામેલા બેય હિંદુઓ સાવરકરની બાજુમાં બેસવા ગયા, એવા જ બાકીના હિંદુ કેદીઓ ઊભા થઈ ગયા.

''નહીં, એ લોકો વટલાઈ ચૂકયા છે.'' કેદીઓ વતી એક ટંડેલે વિરોધ કર્યો.

''પણ ફરી પાછા શુદ્ધ થઈ ગયા છે.'' સાવરકરે દલીલ કરી.

''હિંદુ ધર્મમાં શુદ્ધિકરણ જેવી કોઈ વિધિ જ નથી. એ બંને અપવિત્ર છે.''

''ઠીક છે. પણ ભાઈઓ, મને એ તો કહો કે અપવિત્રતાની વ્યાખ્યા શી છે !''

''એ લોકોએ મલેચ્છોની સાથે બેસીને ભોજન ખાધું છે. આપણા ધર્મમાં તો ચુસ્ત આભડછેટ છે. ખાન-પાનના નિષેધો છે. મુસલમાનનો હાથ અડી ગયેલી રોટીનો એક ટુકડો પણ જો કોઈ ખાઈ લે, તો પછી એ હિંદુ મટી જાય !''

સાવરકરની અવદશા જોઈને સામેની પંગતમાં બેઠેલા મુસલમાન કેદીઓ નાચી ઊઠ્યા. ''હવે ક્યાં જશે બેટાઓ ?''

પણ સાવરકરે એમના ભાથામાંથી ભાષાનું અમોઘ શસ્ત્ર બહાર કાઢ્યું. હિંદુ કેદીઓને મનાવવા માટે એક નાનકડું પ્રવચન આપી દીધું. શાસ્ત્રોનો આધાર ટાંકયો. દાખલાઓ આપ્યા. તર્ક વાપર્યો, ''ક્યાં એવું લખ્યું છે કે વિધર્મીના હાથથી ભ્રષ્ટ થયેલું ભોજન ગ્રહણ કર્યા માત્રથી આપણે વટલાઈ જઈએ ? શું આપણું હિંદુત્વ એવા બે કોળિયાનું મોહતાજ છે જે પેટમાં ગયા પછી ચોવીસ કલાકમાં મળ બનીને બહાર ફેંકાય છે ? લાવો, મારી પાસે માંસ, માછલી, બકરો અને મરઘો ! મને ચાહે તે ખવડાવો ! મુસલમાન રસોઈયાના હાથે રંધાવીને ખવડાવો ! તેમ છતાં હું શુદ્ધ હિંદુ છું અને રહેવાનો છું. અરે, તમે સ્વામી વિવેકાનંદનો દાખલો પણ ભૂલી ગયા ? સ્વામીજીએ અમેરિકાથી આવેલી મિસ નોબલને હિંદુ દિક્ષા આપીને ભગિની નિવેદિતા બનાવેલી ! આપણે આપણા જ બાંધવોને આપણા ધર્મમાં સ્વીકારી નથી શકતા ? મારું તો એક જ માનવું છે; મુસલમાનોનું ખાઈને ખ્રિસ્તીનું પીને અને તેને પચાવીને પછી જે પવિત્ર રહી શકે તે જ સાચો હિંદુ !''

મોટા ભાગના કેદીઓ એમના 'બડાબાબુ'ની વાત માની ગયા. તેમ છતાં પાંચ-સાત જણા અડિયલ અભિગમ ધારણ કરીને ઊભા રહ્યા. સાવરકરે એમની પાસે જઈને શબ્દશઃ બે હાથ જોડ્યા, ''મિત્રો, હું બૅરિસ્ટર થયેલો તમારો જાતભાઈ તમને પગે લાગું છું. મને આ મિર્ઝાખાન અને બારીની સામે નીચો ન પડવા દો ! મહેરબાની કરીને આ તુલસીને અને રામદીનને આપણી પંગતમાં જમવા માટે બેસવાની છૂટ આપો !''

જ્યાં સાવરકરની વિદ્વત્તા હારી ગઈ, ત્યાં એમનાં આંસુ કામ કરી ગયાં. ચુસ્ત હિંદુ કેદીઓ પણ સમજી ગયા કે 'બડાબાબુ' સાવરકરે જે કાર્ય ઉપાડ્યું છે એ કેટલું મહત્વનું છે. એમણે તુલસીને અને રામદીનને અપનાવી લીધા. હિંદુ ધર્મના 'જયઘોષ' સાથે રાત્રિભોજન પ્રારંભ થયો. મુસલમાનોને એ ટાણે ભોજનમાંથી રસ ઊડી ગયો.

બીજા દિવસે મિર્ઝાખાને ભયંકર વેર વાળ્યું. આખો દિવસ સાવરકરને કોટડીમાં પૂરી રાખ્યા. બે પઠાણ વૉર્ડરોને એમની જાળીની બહાર ફરજ ઉપર તહેનાત કરી દીધા. અને એમને સૂચના આપી, ''તુમકો જીતની ભી ગાલિયાં આતી હૈ, વે સબ ઉસ કુત્તે કો સુનાતે રહો !'' અને એ વિકૃત મુસલમાનો સાવરકર ઉપર

તૂટી પડ્યા. એક એકથી ચડી જાય તેવી ગંદી, બીભત્સ ગાળોનો જાહેરમાં મોટેથી વરસાદ વરસાવ્યો. સાવરકરના સ્વર્ગસ્થ માતૃશ્રી, પરણી ચૂકેલી બહેન, સરસ્વતીભાભી અને એમના પત્ની યમુનાતાઈના નામોલ્લેખ સાથે અત્યંત અશ્લીલ ચેષ્ટાઓ, ક્રીડાઓ અને અપશબ્દો જોડીને એ અભણ નાલાયક પઠાણોએ આપણા જેવા કરોડો હિંદુઓના આરાધ્ય, પ્રાતઃ સ્મરણીય દેશભકત, પવિત્ર બ્રાહ્મણને સતત, અવિરત લજ્જિત કરી મૂકયા.

સાવરકર લખે છે : ''જો મેં ધાર્યું હોત તો એક-એક ગાળ સાંભળીને મેં એ બંનેનાં ખૂન કરી નાખ્યા હોત ! પણ હું સત્તાવાળાઓનું ધ્યાન અન્ય કોઈ મુદ્દા તરફ દોરવા માટે તૈયાર ન હતો. માત્ર હિંદુ ધર્મના પુનરોદ્ધારનું ધ્યેય પાર પાડવા માટે જ હું ધૈર્ય ધારણ કરીને નતમસ્તકે મારી આ ઘોર અવહેલના સહેતો રહ્યો. અને પિંજરામાં પૂરાયેલા સિંહની અવદશા ઉપર મુસલમાનો ઠહાકા મારી-મારીને હસતા રહ્યા.''

* * *

સાવરકરે આદરેલા શુદ્ધિકરણની વાત આખી જેલમાં પ્રસરી ગઈ. પછી તો ઊલટો પ્રવાહ શરૂ થઈ ગયો. જેટલી ઝડપથી હિંદુ કેદીઓ વટલાઈને મુસલમાન બન્યા હતા, એનાથી સો ગણી ઝડપે એ લોકો પાછા હિંદુઓ બનવા માંડ્યા. થોડા વખતમાં બારીએ પણ કબૂલ કરવું પડ્યું, ''જેલ મેં ફિર સે હિંદુ-રાજ આ ગયા !''

પણ સાવરકરનો ખરો જાદુ તો બાકી હતો. એક રવિવારે સવારે જેલના ખ્રિસ્તી કેદીઓને પ્રાર્થના સંભળાવવા માટે આવેલા પાદરીને એ વાત જાણીને જબરો આંચકો લાગ્યો કે બે કેદીઓએ ખ્રિસ્તી પ્રાર્થનામાં જોડાવાનો સાફ ઈન્કાર કરી દીધો છે.

હવે રેલો બારીના પગ તળે આવ્યો હતો. એણે બેય કેદીઓને બોલાવીને ઊલટતપાસ લીધી, ''તમને હિંદુ બનવા માટે કોણે ભરમાવ્યા છે ? પેલા બદમાશ બૅરિસ્ટરે ?''

''ના.'' કેદીઓએ 'બડાબાબુ'એ શિખવેલી એક જ વાત પકડી રાખી, ''અમને કોઈએ ભરમાવ્યા નથી. અમે તો અમારી મેળે હિંદુ ધર્મના ગ્રંથો વાંચીને, સમજીને અને સ્વીકારીને એ ધર્મ સ્વીકારવા માટે તૈયાર થયા છીએ. આજે અમારી આંખો ખૂલી ગઈ છે કે જગતમાં જો કોઈ ધર્મ શ્રેષ્ઠ હોય તો તે માત્ર હિંદુ ધર્મ જ છે.''

બારી આ વાકયો સાંભળીને સળગી ઊઠ્યો. એણે જેલના સુપરિન્ટેન્ડન્ટ સાહેબને ફરિયાદ કરી. સાહેબે સાવરકરને બોલાવ્યા. બારી અને મિર્ઝાખાન મૂછો મરડતા હાજર જ હતા.

''મિ. સાવરકર, તમે આ શું માંડ્યું છે ? પહેલાં તો તમે જ આ ધર્મ પરિવર્તન વિશે ફરિયાદ કરતા હતા ! હવે તમે પોતે જ મુસલમાનોને

અને ખ્રિસ્તીઓને વટલાવી રહ્યા છો ! હું જેલમાં આ બધું હરગિઝ ચલાવી નહી લઉં !''

સાવરકરે દઢતાથી જવાબ આપ્યો, ''સાહેબ, યાદ છે ? તમે જ મને એ દિવસે પડકાર ફેંકયો હતો કે હિંદુઓ વિધર્મીઓને વટલાવીને એમના ધર્મમાં કેમ ભેળવી શકતા નથી ! સાહેબ, અમે એવું એટલા માટે નથી કરતા કેમ કે અમારો ધર્મ ઉદાર છે. અમે જગતના તમામ ધર્મોને આદર આપીએ છીએ. પણ જો અમને ઉશ્કેરવામાં આવે તો અમે બધું જ કરી શકીએ તેમ છીએ. સાહેબ, તમે જો હજુ પણ મને પડકારશો, તો હું થોડા દિવસોમાં આ મિર્ઝાખાન અને બારીસાહેબને પણ તુલસીના પાન ખવડાવીને હિંદુ બનાવી દેવા માટે તૈયાર છું.''

કહેવાની જરૂર નથી કે 'બડાબાબુ'ની આ પવિત્ર ધમકી સાંભળ્યા પછી એ ત્રણેય 'છોટા બાબુઓ'ની શી હાલત થઈ હશે !

હવે બારીએ અને મિર્ઝાખાને નવું તરકટ આદર્યું. મુસલમાન કેદીઓએ જમાદાર મિર્ઝાખાનને ચડવણીથી સવારના પહોરમાં વહેલા પાંચ વાગે ઊઠીને જોર-જોરથી બાંગ પોકારવાનું શરૂ કર્યું. સાવરકરની કોટડી સામે તો એટલો બધો શોરબકોર મચાવ્યો કે એમના માટે ઊંઘવું અશકય થઈ પડ્યું. આખા દિવસની શરીર તોડી નાખનારી મજૂરી પછી પૂરા આઠ-દસ કલાક માટે જો નિદ્રા ન મળે તો માણસની હાલત કેવી થાય ! થોડા દિવસ સુધી આ ત્રાસ સહન કર્યા પછી સાવરકર બારીને ફરિયાદ કરી, ''આ બાંગ બંધ કરાવો.''

''એ શકય નથી. બાંગ પોકારવી એ મુસલમાનો માટે પવિત્ર, ધાર્મિક વિધિનો એક ભાગ છે. જેલના કાયદા મુજબ કેદીઓને એમના ધર્મના પાલન માટે પૂરેપૂરી સ્વતંત્રતા છે.''

બીજા દિવસથી હિંદુ કેદીઓએ સવારના પાંચ વાગે ઊઠીને પૂજાપાઠ અને સંસ્કૃત મંત્રોનું પઠન ચાલુ કરી દીધું. બાંગ એમાં દબાઈ ગઈ.

તરત જ બારી સાહેબ આવી ગયા, ''બંધ કરો આ અવાજ !''

''જનાબ ! આ ઘોંઘાટ નથી, પણ અમારી પૂજાવિધિ છે.''

સાવરકરે દલીલ કરી.

''મને ખબર છે ! પણ મને એ વાતનીયે ખબર છે કે તમારા શાસ્ત્રોમાં કયાંય એવું નથી લખ્યું કે એક સામટા આટલા બધાં લોકોએ ભેગા મળીને સવારના પાંચ વાગે આ પૂજા-પાઠ શરૂ કરી દેવા ! જો કયાંય લખેલું હોય, તો મને બતાવો !''

''અને આ મુસલમાનો રોજ બાંગ પોકારે છે એનું શું ?''

''એ તો કુર્રાનમાં ને શરિયતમાં લખેલું છે. નમાઝ પઢતાં પહેલાં બધાંને જાણ કરવા માટે બાંગ પોકારવી ફરજિયાત છે.''

''ભલે.'' સાવરકરે ત્યાર પૂરતી તો હાર સ્વીકારી લીધી, પણ ધીમેથી એટલું તો બોલી જ ગયા, ''હું પણ આવતી કાલ સુધીમાં એ વિચારી રાખું છું કે સવારે મારા હિંદુ ભાઈઓને પ્રાર્થના માટે જગાડવા મારે શું કરવું ?''

બીજા દિવસે બ્રાહ્મમુહૂર્તમાં જ પૂરી જેલ પ્રચંડ શંખનાદથી ધ્રૂજી ઊઠી. બારીસાહેબના કાનમાં છેક પડદાની આરપાર એનો અવાજ ઘૂસી ગયો. મિર્ઝાખાનના શરીરનું તો છિદ્રે-છિદ્ર શંખનાદથી વિંધાઈ ગયું. શંખના આ ગગનભેદી અવાજ સામે બાંગની ભાંગ ફિક્કી પડી ગઈ. મુસલમાનો માટે જીવવું મુશ્કેલ બની ગયું. અત્યાર સુધી જેઓ આરોપીઓ હતા, એ જ હવે ફરિયાદીઓ બની ગયા. સુપરિન્ટેન્ડન્ટ પાસે દોડી ગયા, ''યે કાફરોં કા શંખનાદ બંદ કરવાઓ !''

''એ નહીં થાય. શંખ ફૂંકવો એ હિંદુઓની પૂજાનું અવિભાજ્ય અંગ છે.''

''લેકિન યે શંખ અગર ઐસે હી બજતા રહેગા તો હમ સબ કે સબ બેહરે હો જાયેંગે. સારા દિન હમારે કાન મેં સમંદર કે ઘૂઘવાટ કી આવાઝ આતી રહતી હૈ. કુછ તો કિજીયે, સરકાર !''

સુપરિન્ટેન્ડન્ટે સાવરકરને બોલાવ્યા. વિનંતી કરી. સાવરકર હસ્યા, ''પહેલાં એમની બાંગ બંધ કરાવો. પછી જ શંખ ફૂંકવાનું બંધ થશે.''

જે લોકો બુદ્ધિવાદથી ન સમજ્યા, એ શંખનાદથી હારી ગયા.

* * *

સેલ્યુલર જેલના ઈતિહાસમાં પહેલી વાર હિંદુ કેદીઓ સન્માનપૂર્વક જીવી રહ્યા હતા. મુસલમાનો માટે પહેલી વાર જીવવું તો ઠીક, પણ મરવુંયે મુશ્કેલ બની ગયું હતું. હિંમત પણ ચેપીરોગની જેમ ફેલાતી હોય છે. સાવરકર નામના કેન્દ્રબિંદુમાંથી ઉદ્ભવેલી હિંમત જેલની ઊંચી-ઊંચી દીવાલો ફાંદીને બહારના જગતમાં પણ પ્રસરી ગઈ.

સેલ્યુલર જેલમાં એવો નિયમ હતો કે કાળાપાણીની સજા પામીને આવેલા જે કેદીઓને જેલની અંદર પાંચ વરસનો સમય શિસ્તબદ્ધ રીતે પૂર્ણ કરેલો હોય, એમને બહારના ટાપુમાં ઘર વસાવીને રહેવાની છૂટ આપવામાં આવે ! આવા કેદીઓ હિંદમાંથી પોતાની પત્નીઓને બોલાવીને ઘરસંસાર પણ માંડી શકતા હતા.

આખું 'પોર્ટ બ્લેયર' આવા જૂના કેદીઓથી વસેલું હતું એમાં બહુમતી મુસલમાનોની હતી. પણ સાવરકર દ્વારા શરૂ કરવામાં આવેલી ઝુંબેશને પરિણામે આમાંના મોટા ભાગના મુસલમાનો ફરી હિંદુ ધર્મમાં પાછા ફરવા લાગ્યા. સાવરકરને આના માટે તુલસીના બે પાંદડાંથી વધીને બીજો કશો ખર્ચ ન હતો.

આગ એ હદે વધી ગઈ કે ટાપુ ઉપર વસેલા ખ્રિસ્તીઓ, માત્ર હિંદના જ નહીં, પરંતુ શ્રીલંકા કે ગોવા જેવા અન્ય પ્રદેશોમાંથી આવેલા ખ્રિસ્તીઓ પણ પુનઃ હિંદુઓ બનવા માંડ્યા. સાવરકરનું ભગવું સુદર્શનચક્ર પૂરા આંદામાનમાં ફરી વળ્યું.

એવામાં વસ્તીગણતરી આવી પહોંચી. સાવરકરે જેલ-સુપરિન્ટેન્ડન્ટને મળીને પ્રસ્તાવ મૂકયો, ''આ બધા કેદીઓ જ્યારે પહેલીવાર જેલમાં આવ્યા હતા, ત્યારે એ કયા ધર્મના હતા એ શોધી કાઢવું જોઈએ.''

''એ કેવી રીતે જાણી શકાય ?'' સાહેબ મુંઝાયા.

''બહુ સહેલી વાત છે. જેલના ચોપડામાં એમના મૂળ નામ અને ધર્મની 'એન્ટ્રી' પડેલી હશે.''

''એ જાણીને પછી શું કરવાનું ?''

''એટલું જ કે જે કેદી અહીં દાખલ થતી વખતે જે ધર્મનો હોય, એ જ ધર્મનો એ અહીંથી નીકળતી વખતે પણ હોવો જોઈએ. નહીંતર આપની ઉપર આરોપ આવશે કે તમે જ આ બધાને વટલાવ્યા છે.'' સાવરકરે કાયદાની કુહાડી ઉગામી.

જેલ સુપરિન્ટેન્ડન્ટ ભલો હતો. એ તરત જ સાવરકરની વાત માની ગયો. આખી જેલ ભગવા રંગે રંગાઈ ગઈ. પછી તો પોર્ટ બ્લેયરના કમિશનરે પણ સાવરકરને બોલાવીને એમની સલાહ માગી, ''આપણે આખા ટાપુની વસ્તીગણતરી કરી આપવાની છે. તમે ભણેલા છો. અમને મદદ કરો.''

સાવરકર ભણેલા હતા એનાથી વધારે ગણેલા હતા. આખી વસાહતને એમણે સમજાવી, મનાવી, પટાવીને હિંદુધર્મમાં દાખલ કરી દીધી. મિર્ઝાખાન સંપૂર્ણ લઘુમતીમાં આવી ગયો.

* * *

'' બડાબાબુ ! ગઝબ હોનેવાલા હૈ !'' એક દિવસ એક ઉત્તર પ્રાંતના ભૈયામાં સાવરકરને સમાચાર આપ્યા, ''વો મહિલા જેલમેં એક ઠકુરાઈ હૈ ના ?''

''કોણ, પેલી રૂપાળી રાજપૂત યુવતી ?''

''હાં...હાં...વોં હી ! વો રાધાદેવી એક કરીમ નામ કે મુસલમાન કૈદીકે સાથ શાદી કરનેવાલી હૈ. મિર્ઝાખાનને યે પૂરા ખેલ રચાયા હૈ.''

''ઠીક છે. તું જા. હું કંઈક કરું છું.'' કહીને સાવરકર ઊભા થયા. ગુપ્ત રીતે મહિલાઓના વિભાગમાં પહોંચી ગયા. જેલમાં એમણે મહત્વના દરેક હોદ્દા ઉપર હવે

હિંદુ કેદીઓને ગોઠવી દેવડાવ્યા હતા. એટલે મોટા ભાગના વૉર્ડરો અને પેટી જમાદારો એમનું માન જાળવતા હતા. એક વૉર્ડર રાધાદેવીને બોલાવી લાવ્યો.

સાવરકરે એ સ્ત્રીની આંખોમાં આંખો પરોવી, ''ગીતાનો શ્લોક વાંચ્યો છે ? સ્વધર્મે નિધનમ્ શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ! રાધા તો માત્ર કૃષ્ણની, એ શું કરીમની થાશે ?''

''શું કરું ? હું રહી ગુનેગાર. મારી સાથે કોઈ હિંદુ થોડો પરણવાનો છે ?''

''કાલે સવારે જ તને પરણાવું છું. બુરખાને બદલે લાલ રંગનો સાડલો પહેરીને તૈયાર રહેજે. એ જ તારું પાનેતર બની જશે.'' આટલું કહીને સાવરકર ઊભા થયા. એમના જડબાં દૃઢ નિશ્ચયમાં ભીડાયેલાં હતાં. સમય ઓછો હતો અને કામ ઝાઝાં હતાં.

રાતોરાત એમણે એક હિંદુ યુવાનને મનાવી લીધો. સવાર પડતાંમાં તો બધો ખેલ પૂરો કરી નાખ્યો. કરીમ કુંવારો રહી ગયો. રાધારાણી એના કાનૂડા સાથે અગ્નિની સાક્ષીએ પરણી ગયાં.

જેલમાં જ થોડા-ઘણા મુસલમાનો બચ્યા હતા એમણે મન તો આ કયામતની ઘડી આવી ગઈ હતી.

એ દિવસે મિર્ઝાખાને એક ગુપ્ત સભા ભરી. જે પાંચ-પંદર પઠાણો લીલી ધજાના અવશેષો જેવા બચ્યા હતા એમની સમક્ષ રજૂઆત કરી, ''યે સાવરકર બડા ખતરનાક હૈ. ઉસકો મિટાના પડેગા.''

''નામુમકિન હૈ. વો બડાબાબુ ખુદ હમેં મિટા દેગા !'' એક પઠાણ કેદીએ જવાબ આપ્યો.

''તો બડેબાબુ કે બડેભાઈ કો ગિરા દો ! વો ભી સાવરકર હી હૈ ના ?'' મિર્ઝાખાને ઉપાય બતાવ્યો. પઠાણોમાં હવે કોઈ વૉર્ડરના હોદ્દા ઉપર તો રહ્યું ન હતું. એટલે જે પઠાણે આ 'સુપારી' ઝીલી લીધી, એ ખુદ પણ એક કેદી જ હતો.

એ સાંજે સાવરકરના મોટા ભાઈ ગણેશપંત જ્યારે પાણીના હોજ પાસે લટાર મારી રહ્યા હતા, ત્યારે અચાનક આ પઠાણ કેદીએ હુમલો કર્યો. ગણેશપંત અસાવધ હતા. એમાં અચાનક એમના નાક ઉપર પેલા કદાવર, તગડા પઠાણનો જોરદાર મુક્કો પડ્યો. ગણેશપંત જમીન ઉપર ઢળી પડ્યા ને બેભાન થઈ ગયા. નાકમાંથી લોહીનું ઝરણું ફૂટ્યું.

તાત્કાલિક સારવાર મળી જવાને કારણે એ બચી તો ગયા, પણ સાવરકરના ગુસ્સાનો પાર ન રહ્યો. માંડ-માંડ એમણે મગજ ઉપર સંયમ જાળવ્યો. થોડા દિવસો શાંતિથી પસાર થવા દીધા.

પછી સાવરકરે પોતાના સોગઠાં ગોઠવ્યા. એક હિંદુ વૉર્ડરને સૂચના આપી, ''પેલા પઠાણની બદલી કરીને એને મારી ચાલીમાં મોકલી આપ !''

હિંદુ વૉર્ડરે એ ગુનેગારને સાવરકરની તદ્દન પાસેની કોટડીમાં ગોઠવી આપ્યો. પછી એક સાંજે સાવરકરને લાગ મળી ગયો. એનો પડોશી જેવો કોટડીની બહાર નીકળ્યો કે તરત જ સાવરકર કૂદીને એની સામે આવી ઊભા.

''મ...મ...મુજે માફ કરો ! બડાબાબુ, મૈને કુછ નહીં કિયા...! વો સબ મિર્ઝાખાન કા કામ થા...'' મધ્યમ કાઠીના સિંહને જોઈને પહાડી સસલું ફફડી ઊઠ્યું.

સાવરકરે દાંત ભીંસ્યા, ''કામ ભલે મિર્ઝાનું હતું, પણ હાથ તો તારો હતો ને ? નાલાયક ! મારા ભગવાન તુલ્ય મોટા ભાઈના શરીર ઉપર તેં હાથ ઉપાડ્યો ?''

''ભૂલ હો ગઈ ! મૈં તુમ્હારે પાંવ પડતા હૂં ! મુઝે માફ કર દો !''

''માફી ? હરામખોર ! જે ભૂલ પૃથ્વીરાજ ચૌહાણે કરી હતી, એ સાવરકર ક્યારેય નહીં કરે ! તમે ઝેરીલા સાપ છો. આખી પૃથ્વી ઉપર ઝેર ફેલાવવા માટે જન્મ્યા છો. પણ મને તમારી ઝેરની દાઢ કાઢતાં બરાબર આવડે છે. ભાઈઓ !'' સાવરકરનો અવાજ સાંભળીને ચાર તગડા પંજાબી આર્યસમાજીઓ ધસી આવ્યા.

''હુકમ, બડેબાબુ !''

''આને પાછળના ખૂણામાં લઈ જાવ. અને જરા પણ અવાજ ન થાય તેમ...''

''ફિર ક્યા ? આગે બોલીયે ના, બડેબાબુ ! કોને મેં લે જાકર ઈસ કા ક્યા કરેં ?''

સાવરકરની આંખોમાં ભયાનક આક્રોશ પ્રગટ્યો. એમનાં જડબાં જોરથી ભીંસાયાં. દાંતોની કકડાટી બોલી ગઈ. પછી એમનો તદ્દન ટૂંકો આદેશ જેલની સાત નંબરની ચાલીના ત્રીજા મજલાને ધ્રૂજાવી ગયો : ''એને તોડી નાખો !''

અને પઠાણ તૂટી ગયો. અડધા કલાક પછી ચારેય પંજાબીઓ એક વજનદાર જીવતું પોટલું ઊંચકીને એની કોટડીમાં ફેંકી ગયા.

આ સમાચાર જાણીને બચ્યાં-કૂચ્યાં મુસલમાનોની પણ ફે ફાટી ગઈ. મિર્ઝાખાન અને બારી મથી-મથીને થાકી ગયા, પણ તૂટી ગયેલા પઠાણે મોઢામાંથી એકનું એક વાક્યં કાઢ્યે રાખ્યું, ''મુઝે કિસીને નહીં મારા ! મુઝે કિસીને નહીં મારા !''

અને સાવરકર તો આ બધાંથી અલિપ્ત રહીને એમની કોટડીમાં કવિતા લખવામાં મગ્ન બની ગયા હતા.

o o o

૧૯. દીકરી એટલે ફૂલોની ટોકરી

સેલ્યુલર જેલમાં સત્તાવાર શાસન જેલર બારી સાહેબનું ચાલતું હતું. બારી પોતે પણ આ જ ભ્રમમાં જીવતો હતો. બાકી મહિલાઓ સહિતના અગિયારસો કેદીઓ જાણતા હતા કે પોર્ટ બ્લેયરનો સાચો પરમેશ્વર કોણ હતો ! એ મંદિર વગરના ભગવાન હતા વીર સાવરકર. બારીને મન ખતરનાક, ખૂની, કામચોર, કાવતરાખોર અને જેલના કેદીઓને ભરમાવનાર, બગાડનાર બદમાશ, પણ એક હજાર ને એકસો કેદીઓના શુકનવંતા આંકડાને મન પૂજ્ય, પવિત્ર, પ્રાતઃ સ્મરણીય, હિંદુ ધર્મ, હિંદુત્વ અને હિંદુસ્તાનના પ્રખર આરાધક, ચતુરાઈના ચાણક્ય, કળવિદ્યા ને છળવિદ્યાના શ્રીકૃષ્ણ, બળવિદ્યાના બલરામ, આર્ષદૃષ્ટિના યોગી અને વેદધર્મના વિવેકાનંદ એવા એક અને એક માત્ર સિંહપુરુષ સાવરકર.

આ બૅરિસ્ટર બડાબાબુ માટે જેલના કેદીઓ પોતાના જાનની જાજમ બિછાવી દેતા. એમને કોલુ ઉપર જોતરવામાં આવતા તો દસ દિશામાંથી દસ કેદીઓ એમને સહાય કરવા માટે દોડી આવતા. પંજાબનો આર્યસમાજી એની પોલાદી તાકાત લઈને હાજર થઈ જતો અને બંગાળનો સુખી બાબુ મોશાય એની લાગણીની હવેલી લઈને આવી જતો. મદ્રાસનો આયંગર આવી જતો અને યુ.પી.નો ભૈયો દોડી આવતો. બ્રહ્મદેશ, સિલોન, સેન્ટ્રલ પ્રોવિન્સ, બિહાર, મહારાષ્ટ્ર-હિંદુસ્તાનનો કોઈ પ્રતિનિધિ એવો ન હતો જેની છાતીની રાજધાનીમાં સાવરકરના નામનો ધ્વજ ન ફરકતો હોય.

"બડે બાબુ, આપ આરામ ફરમાઈએ. આપકે હિસ્સે કા તેલ હમ નિકાલ દેંગે !"

જવાબ આપતાં સાવરકરજીની આંખો ભીની થઈ જતી, "નહીં, ભાઈઓ ! હું અહીં આરામ કરવા માટે નથી આવ્યો. હું જો બેસી રહીશ, તો તમારાથી અલગ પડી જઈશ. મને તમારા પ્રેમના ખેતરમાં વરસાદ બનીને ભળી જવા દો ! અને એ વાત સાચી કે હું આવા કઠોર કામથી ટેવાયેલો નથી; પણ આ કોલુ ફેરવતાં-ફેરવતાં કે નાળિયેરના છીલકાં કૂટતાં જો મારા હાથમાંથી લોહી ટપકશે તો હું માનીશ કે મારી માતૃભૂમિના આઝાદીના બાગમાં મેં પણ રક્ત સિંચન કર્યું છે."

બડા બાબુનો આ જવાબ સાંભળીને કેદીઓની આંખો ભીની બની જતી.

જેલમાં છાપાંની મનાઈ હતી. જેલર બારીએ એવી સખત વ્યવસ્થા કરી મૂકી હતી કે બહારની દુનિયાના એક પણ સમાચાર કેદીઓના કાન સુધી પહોંચી ન શકે. પણ તેમ છતાં બધા જ સમાચાર સાવરકર સુધી પહોંચી જતા હતા. કયારેક તો ખુદ બારી અંધારામાં હોય, પણ સાવરકર પાસે માહિતી ઉપલબ્ધ હોય ! આવે વખતે સાવરકરને આ જડ, અર્ધ-મૂર્ખ, જીદ્દી અને તોછડા આયરીશ જેલરને ચોંકાવી દેવામાં નિર્દોષ આનંદ મળતો હતો.

''ગૂડ મોર્નિંગ, બારી સાહેબ,'' એક સવારે જેલર બારી એનું મોટા માટલા જેલું પેટ લઈને જેલમાં ચક્કર મારવા નીકળ્યો હતો, ત્યારે છીલકો કૂટી રહેલા સાવરકરે એને વાતમાં લપેટ્યો.

''ગૂડ મોર્નિંગ, બડે બાબુ ! આજ-કાલ તમે શાંત અને ડાહ્યા-ડમરા બની ગયા છો ને કંઈ ! આખરે તમારામાં સાન આવી ગઈ ખરી કે આ જેલમાં જો પચાસ વરસ શાંતિપૂર્વક કાઢવા હશે, તો બારી સાહેબ સાથે સ્નેહ અને શિસ્ત જાળવીને જ રહેવું પડશે. બરાબર છે ને મારી વાત ?''

''ના, એવું કશું નથી. આ તો સાંભળ્યું છે કે ઈંગ્લૅન્ડમાં રાજા જ્યોર્જનો રાજ્યાભિષેક યોજાઈ રહ્યો છે અને બે મહિના પછી હિંદુસ્તાનમાં પણ એવો જ ઉત્સવ યોજાનાર છે. એટલે જરા...''

બારીની એક આંખ ફાંગી થઈ ગઈ, ''તમને આ સમાચાર કોણે આપ્યા ?''

''સ્પષ્ટ છે કે તમે તો નથી જ આપ્યા !'' સાવરકરે કુટિલતાપૂર્ણ સ્મિત વેર્યું.

બારી પાગલ થવાની અણી ઉપર જઈ પહોંચ્યો, ''હું પૂછું છું કે તમે આ વાત કયાંથી જાણી ? મને એ ગદ્દારનું નામ આપો ! સરકારી માહિતીને ફોડનાર એ ચાડિયો છે કોણ ? હું એની ચામડી ઊતરડી નાખીશ !'' થોડી વાર આવા બૂમબરાડા પાડ્યા પછી એ જરા શાંત થયો. હવે એનો પ્રશ્ન બદલાયો, ''ચાલો, ધારી લઈએ તે આ સમાચાર સાચા છે, પણ એમાં તમારે શું ?''

''મારે તો કશુંય નથી; પણ બીજા કેદીઓને કદાચ સજામાંથી મુકત કરવામાં આવે એ પણ ઓછું આનંદદાયક ન ગણાય, બાપડા નિર્દોષ સજ્જનો તમારા આ નર્કાગારમાંથી છૂટશે તો ખરા !'' સાવરકરે પાછી સળી કરી. બારી ઉપર ફરી પાછો પાગલપણાનો હુમલો આવ્યો. એ ગાંડાની જેમ પગ પછાડતો અને ચિલ્લાતો ત્યાંથી રવાના થઈ ગયો.

સાવરકરને જે સમાચાર મળ્યા હતા એ સાચા હતા. ૧૯૧૧ના ડિસેમ્બરમાં રાજા જ્યોર્જની તાજપોશી થવાની હતી. કેદીઓમાં આ સમાચારે નવી ખુશીનો સંચાર કરી દીધો. પ્રાંત-પ્રાંતના કેદીઓ આવી-આવીને સાવરકરને મળી ગયા, ''બડે બાબુ, હમકો રાહત મિલે-ના મિલે; બસ, આપ જેલમેંસે રિહા હો જાયેંગે !''

સાવરકર પ્રેમથી બધાને સમજાવતા. ''ભાઈઓ, તમે આવા ભ્રમમાં ન રહેશો, હું જાણું છું કે આ ધોળિયાઓ 'સાવરકર' શબ્દ સાંભળીને કેટલા ડરે છે ! મારું તો અહીં મરવાનું જ નક્કી છે. પણ તમને છોડવામાં આવે તો પણ મને મારી મુક્તિ જેટલો જ આનંદ થશે.''

ક્યારેક સપનાંઓમાં જેટલું સુખ મળે એટલું હકીકતમાંથી નથી મળતું હોતું; ક્યારેક અફવાઓ સમાચાર કરતાં વધુ આનંદદાયક હોય છે. કેદીઓએ બે મહિનાની અવધિ જેલમાંથી છૂટવાના સપનાં જોતાં જોતાં પસાર કરી નાખી.

અંતે રાજ્યારોહણનો ઉત્સવ નજીક આવી ગયો. જે દિવસે કિંગ જ્યોર્જની તાજપોશી થઈ, એ દિવસે બધા કેદીઓને રોટી અને ભાતની સાથે બટાટાનું શાક પણ પિરસવામાં આવ્યું. આથી કેદીઓમાં આશા જાગી કે હવે તો નક્કી છૂટવાના જ !

પછી તમામ કેદીઓને કારાગૃહમાં દ્વાર પાસે બોલાવવામાં આવ્યા. જેલના ગોરા સુપરિન્ટેન્ડન્ટ સાહેબ આવ્યા. નવો યુનિફોર્મ ચડાવીને બારી પણ ઊભો હતો. રાજકેદીઓને એક પછી એક નામ પોકારીને અલગ તારવવામાં આવ્યા. માત્ર બે જ કેદીઓ બાકી રહ્યા; એ સાવરકર બંધુઓ હતા.

સાહેબે રાહત ફરમાવી, ''તમને જેટલા વરસની સજા મળેલી છે એમાં વરસદીઠ એક મહિનાની સજામાફી બક્ષવામાં આવશે.'' પછી સાહેબે સાવરકર બંધુઓ સામે જોયું; એ ભલા અંગ્રેજની નજરમાં વિનાયક સાવરકર પ્રત્યે સહાનુભૂતિ ઝલકતી હતી.

મિ. વિનાયકરાવ, મને કહેતાં દુઃખ થાય છે કે તમારા મોટા ભાઈ ગણેશપંત પ્રત્યે અંગ્રેજ સરકારે રહેમદિલી દર્શાવી છે; એમને પણ બીજા કેદીઓની જેમ જ વરસદીઠ એક મહિનો માફ કરવામાં આવે છે; પણ તમને...'' પછી ભીનું થયેલું ગળું ખોંખારીને એમણે ક્રૂર સરકારનો કઠોર ચુકાદો જાહેર કર્યો, ''કાયદા પ્રમાણે તમને પણ પચાસ વરસમાંથી પચાસ મહિનાના માફી મળવી જોઈએ, પરંતુ અફસોસ ! તમને એક દિવસની પણ સજામાફી જાહેર કરવામાં નથી આવતી !''

કેદીઓમાં આઘાત ભરેલો સન્નાટો પ્રસરી ગયો. જે 'બડા બાબુ'ની મુક્તિ માટે એ લોકો બબ્બે માસથી પ્રાર્થનાઓ કરી રહ્યા હતા એ એમના આરાધ્યદેવના નસીબમાં રાહતનો એક દિવસ પણ નહીં ?

વીર સાવરકર જરા પણ ડર્યા કે ડગ્યા વગર છાતી કાઢીને આ ક્રૂરતાને ઝીલી રહ્યા. બારી સાહેબ આ દશ્ય જોઈને વિચારમાં પડી ગયો; આ લોઢાને ઓગાળવું હોય તો શો ઉપાય કરવો ?

* * *

બારી ઓછું ભણેલો, ગમાર આયરીશમેન હતો. એના દેશમાં એને સારી નોકરી મળે તેમ ન હતી, માટે એ આટલે દૂર આંદામાનના એકાંતદ્વીપ ઉપર આવી ચડ્યો હતો. આટલા બધા ખતરનાક કેદીઓની વચ્ચે રહીને એ પણ ખતરનાક અને ક્રૂર થઈ ગયો હતો. પરિવારમાં એને એક પત્ની હતી, જે બહુ ભલી હતી અને એક જુવાન દીકરી હતી જે જાપાનમાં ભણતી હતી.

બારીને શરૂઆતમાં તો સાવરકર વિશે માત્ર એટલી જ જાણકારી હતી તે એ બૉંબગોળાઓ બનાવનાર, હથિયારોની હેરાફેરી કરનાર, અંગ્રેજોની હત્યાઓ માટે લોકોને ઉશ્કેનાર એક ભયંકર રાજ્યદ્રોહી કેદી છે. સાવરકર શી ચીજનું નામ છે એની એને ખબર જ ન હતી. ખુદ સાવરકર પણ એને ચણાના ઝાડ ઉપર ચડાવતા રહેતા.

''બારી સાહેબ, તમે દેખાવ છો તો ભારે વિદ્વાન ! ખૂબ ભણેલા હશો, નહીં ?''

જવાબમાં ફૂલણજી કાગડો બની ગયેલો બારી અંગ્રેજી કવિતાઓ ગાવા માંડતો. સાવરકરનું હસવું ક્યાંય માતું ન હતું; કારણ કે એમને ખબર હતી કે આ બધી કવિતાઓ પહેલી, બીજી ચોપડીમાં ભણાવાતી 'જીંગલ બેલ, જીંગલ બેલ' જેવી બાળ-કવિતાઓ જ હતી ! બારી બિચારો શું જાણે તે આ બૅરિસ્ટર તો જાતે અંગ્રેજીમાં કાવ્યરચનાઓ પણ કરી શકે છે !

એક દિવસ સાવરકર એક કવિતા લખી રહ્યા હતા, ત્યાં અચાનક બારી આવી પહોંચ્યો. કવિતાનો આનંદ લૂંટવાની તો એનામાં આવડત જ ક્યાં હતી? એને તો કાયદાનો ભંગ થાય ત્યારે બરાડા પાડતાં જ આવડતું હતું !

બારી બરાડ્યો, ''આ કાગળ ને પેન તમારી પાસે ક્યાંથી આવ્યાં ? કોણે આપ્યાં ? અરે, આ કાગળ તો મારી ઑફિસમાં જે સ્ટેશનરી પડેલી છે, એમાંનો જ છે ! તમારી પાસે એ કેવી રીતે આવ્યો ? મને નામ આપો; હું એની ચામડી ઊતરડી નાખીશ ! હું એ ઝાડ ઉપર લટકાવીશ ! હું એને નેતરની સોટી વડે ફટકારીશ !''

કાગળ ઝૂંટવીને એ ઑફિસ ભેગો થઈ ગયો, આ કાગળ પછી તો એના કોટના ખિસ્સામાં જ રહી ગયો ને એના ઘર સુધી પહોંચી ગયો. બારીને મન સાવરકરની કવિતા એ માત્ર જેલના કાયદાનો ભંગ સમાન હતી. એનાથી વિશેષ કશું નહીં.

પણ બીજે દિવસે એને ઘરે ઈંગ્લેન્ડથી કેટલાંક અંગ્રેજ મિત્રો અતિથિ બનીને પધાર્યા. એમાંનો એક તો લંડનની કૉલેજમાં પ્રાધ્યાપક હતા. એમની નજરે પેલો કાગળ ચડી ગયો. એ તો દંગ રહી ગયા.

'એકસેલન્ટ ! માર્વેલસ ! મિ. બારી, આ કવિતા તમે લખી છે ?''

બારી ગભરાયો, એને એમ કે આવા ચિતરામણ માટે મહેમાન એને ઠપકો આપશે. એટલે એ સાચું બોલી ગયા, ''ના રે ! આ તો અમારી જેલમાં એક બદમાશ કેદી છે-સાવરકર. એણે આ જોડકણાં લખ્યાં છે.''

''તમે આને જોડકણાં કહો છો, બારી ?'' પ્રોફેસર બગડ્યા, ''મને લાગે છે કે તમારી અક્કલ ઘાસ ચરવા ગઈ છે ! અને તમે શું નામ કહ્યું એ કેદીનું ?''

''સાવરકર.''

''ઓહ, સાવરકર ! ધેટ લાયન હાર્ટેડ રિવોલ્યુશનરી ફ્રોમ ઈન્ડિયા ! એ માણસ શૂરવીરતામાં તો શિરમોર છે જ, પણ એ કાળમીંઢ ચટ્ટાનના હૃદયમાંથી કવિતાનું આટલું મીઠું ઝરણું પણ વહે છે એની તો મને ખબર જ નથી. બારી, આઈ વોન્ટ ટુ મીટ ધીસ જિનિઅસ. મારે સાવરકરને મળવું છે. તમે વ્યવસ્થા કરો !''

બારી જિંદગીમાં પહેલી વાર વિચારમાં પડ્યો કે કોઈ કેદી ખતરનાક હોવાની સાથે-સાથે મેધાવી પણ હોઈ શકે ખરો ?

પછી તો આવી ઘટનાઓ વારંવાર બનતી રહી. એક દિવસ રશિયાનું યુદ્ધ જહાજ કોલસા ભરવા માટે આંદામાનના કાંઠે લાંગર્યું. એનો રશિયન કપ્તાન જહાજમાંથી ઊતરીને પગપાળા ચાલતો સેલ્યુલર જેલના તોતિંગ દરવાજે આવીને ઊભો રહી ગયો. સમાચાર મળ્યા કે તરત જ પેટનું માટલું ઊંચકીને બારી સાહેબ દોડી આવ્યો.

''વેલકમ કેપ્ટન ! આવો, પધારો ! આપે મારા જેવા જેલરને મળવાનો શિષ્ટાચાર બતાવ્યો એ બદલ હું ધન્યતાની લાગણી અનુભવું છું. આવો, અંદર આવો !'' બારી અડધો-અડધો થઈ ગયો. કારણ કે માથા ઉપર પ્રથમ વિશ્વયુદ્ધ મંડરાતું હતું અને ઈંગ્લૅન્ડને રશિયન સહાયની કારમી ગરજ હતી. આવે ટાણે એક રશિયન અધિકારી એનો મહેમાન બને તે ઘટના અંગ્રેજ સરકારના મનમાં બારી વિશે ઉચ્ચ લાગણી ઉત્પન્ન કરાવે તેવી ગણી શકાય.

પણ રશિયન કેપ્ટને બારીનાં સપનાં ભાંગીને ચકનાચૂર કરી નાખ્યાં, ''સોરી, જેલર ! હું તમને મળવા નથી આવ્યો. યા ખાચુ વ્સત્રેચિત્સા સા સાવરકર ! મારે તો સાવરકરને મળવું છે. યુરોપભરના તમામ દેશોમાં લોકશાહી અને માનવ-મુક્તિના પાયાના સિદ્ધાંતોમાં વિશ્વાસ ધરાવતી કરોડોની સંખ્યામાં રહેલી પ્રજાઓ માટે એ માણસ મહાનાયક સમાન છે. સાંભળ્યું છે કે હાલમાં એ તમારી જેલમાં કેદી તરીકે રહી રહ્યા છે. આઈ હોપ કે તમે એને માનપૂર્વક રાખતા હશો !''

બારી શું બોલે ? કાપો તો લોહી ન નીકળે એવી હાલતમાં એ સાંભળી રહ્યો. પછી જહાજના કેપ્ટનને દોરીને એ સાતમી ચાલીના ત્રીજા મજલે આવેલી દસ નંબરની કોટડી પાસે લઈ ગયો, જ્યાં સમગ્ર યુરોપના કરોડો લોકોનો લાડીલો મહાનાયક નાળિયેરીના છીલકાં કૂટતો બેઠો હતો !

* * *

બપોરનું ભોજન પતી ગયું, સાવરકર પણ બીજા કેદીઓની જેમ પોતાની થાળી ને વાટકો ઊંચકીને ચોકડી તરફ જવા લાગ્યા. પણ ત્યાં જ એક આસામના કેદીએ એમના હાથમાંથી થાળી-વાટકો ઝૂંટવી લીધા.

''લાઈએ, બડે બાબુ ! મૈં ધો દેતા હૂં.'' એના અવાજમાં પ્લેટિનમના ભાવનો પ્યાર છલકાતો હતો.

સાવરકરે બહુ આનાકાની કરી, પણ પેલો ન જ માન્યો. સાવરકરના એંઠા વાસણો જાણે પરમેશ્વરનાં પાત્રો હોય એવા ભક્તિભાવથી સાફ કરવા લાગ્યો. બીજા કેદીઓ ઈર્ષાભાવથી બળીને ખાખ થઈ ગયા, ''બડે બાબુ ! કલ હમારી બારી !''

'બારી' શબ્દ બોલાયો, ત્યાં બારી ટપકી પડ્યો, ''કેમ, શું ચાલી રહ્યું છે ?''

એના અવાજમાં સમાયેલી કરડાકી સાવરકર પારખી ગયા. પેલા કેદીને એના આ 'પાપ' કૃત્ય માટે હાથકડી કે દંડાબેડીની સજામાંથી બચાવવા માટે એમણે યુક્તિપૂર્વક વાતચીતના વહેણને જુદો જ વળાંક આપી દીધો.

''બારી સાહેબ, સાંભળ્યું છે તે અત્યારે તો બ્રિટન અને જર્મનીની વચ્ચે લડાઈ ચાલી રહી છે.''

બારી ચોંક્યો, ''તમને ક્યાંથી ખબર પડી ? કોણે કહ્યું ? મને એનું નામ આપો; હું એના ચામડી...''

''એની ચામડી પછી નિરાંતે ઉતારજો, બારી સાહેબ ! અત્યારે તો અંગ્રેજોની ચામડી ઊતરી જવામાં છે. જો બચાવી શકાય તો એને બચાવો !''

બારીએ આંખો ઝીણી કરી, ''મતલબ ?''

''તમને ખબર નથી લાગતી !'' સાવરકરે કટાક્ષનો કોરડો ફટકારીને ઉપર નમક ભભરાવ્યું. ''જર્મન સૈન્ય છેક આંદામાનના દરિયા સુધી આવી ગયું છે.''

''હેં ?!'' બારી ગભરાયો.

''તમે ઊંઘો છો કે શું ? જર્મન યુદ્ધનૌકા ગમે ત્યારે તમારી જેલ ઉપર બૉંબમારો કરવાની તૈયારીમાં છે. તમે છાપાં-બાપાં વાંચો છો કે નહીં ?''

બારી જેવો આવ્યો હતો એનાથી બમણા વેગે પાછો દોડી ગયો. ઑફિસમાં જઈને દિલ્હીના હાકેમ સાથે સંદેશાની આપ-લે કરવામાં ડૂબી ગયો. તારના દોરડાં ધણધણાવી મૂક્યાં.

એક કલાક પછી એ ખુરશીમાં ઢગલો બનીને પડેલો હતો, સાવરકરે આપેલી માહિતી તદ્દન સાચી હતી. જર્મન યુદ્ધ જહાજ 'એડમન' છેક પોર્ટબ્લેઅરના પાદરે

આવીને તરતું હતું. અને દિલ્હીથી આવેલો તાર એક ભયંકર ગુપ્ત માહિતી લઈને આવતો હતો : ''આપણા જાસૂસીતંત્ર દ્વારા જાણકારી મળી છે કે સાવરકરના જૂના યુરોપિયન મિત્રો એને કેદમાંથી છોડાવવા માટે જબરજસ્ત પ્રયાસો કરી રહ્યા છે, જર્મનીમાં સાવરકરના પ્રશંસકોની તંગી નથી. મળેલી માહિતી એવું કહે છે કે તમારા આંદામાનના દરિયામાં ઊભેલી જર્મનીની યુદ્ધનૌકા સંભવતઃ આ જ ઉદ્દેશ માટે ત્યાં આવેલી છે. કદાચ એ લોકો ગમે તે ઘડીએ પોર્ટબ્લેએરની ધરતી ઉપર વિમાન ઉતારે અને સાવરકરને છોડાવીને ભગાડી જાય એવું બને !''

બારીને આખા શરીરે પરસેવો વળી ગયો.

* * *

''આવો, આવો, મિ. સાવરકર ! બેસો ખુરશીમાં ! અરે, આમ ઊભા ન રહો ! ખુરશીમાં બિરાજો !'' નમતી બપોરનો આંદામાની તડકો જેલરની ઑફિસમાં હૂંફ પાથરી રહ્યો હતો. આજે બારી સાહેબની વાણીમાં પણ અનેરી હૂંફ વર્તાઈ રહી હતી. સાવરકર સમજી ગયા કે લાલો લાભ વગર લોટે નહીં. ! નક્કી આ કૃત્રિમ નરમાશની ભીતરે બારીનો કશોક સ્વાર્થ છુપાયેલો હોવો જોઈએ. તેમણે ખુરશીમાં સ્થાન ગ્રહણ કર્યું.

આટલાં વર્ષોના કારાવાસમાં સાવરકર જેવા ખતરનાક કેદી ઉપર અમાનુષી અત્યાચારો વરસાવનાર, એમને આઠ-આઠ દિવસ સુધી દંડાબેડી અને હાથકડીમાં જકડીને કોટડીમાં ગોંધી રાખનાર જુલ્મી જેલર અત્યારે એમની સાથે મિત્રની જેમ વર્તી રહ્યો હતો ! અહો આશ્ચર્યમ્ !

''હા, તો મિ. સાવરકર ! હું શું કે'તો હતો ? હાય યાદ આવ્યું; અત્યારે જે મહાયુદ્ધ ચાલે છે એના વિશે તમે શું માનો છો ?''

''એ મને શા માટે પૂછો છો ?''

''એટલા માટે કે તમે બૅરિસ્ટર છો, અભ્યાસુ છો, રાજનીતિના પરખંદા છો અને... અને... મારા વહાલા મિત્ર તમે શું છો એની હવે મને ખબર પડી ગઈ છે. આવી બધી આંતર્રાષ્ટ્રીય બાબતોમાં તમને જેટલી ખબર પડે એટલી બીજા કોઈને ન પડે !''

''ઠીક છે; પૂછો, શું પૂછવું છે ?''

''મારે એ જાણવું છે કે જર્મનીમાં તમારા કોઈ મિત્રો, આઈ મીન, ચાહકો, પરિચિતો, સાથીદારો વગેરે હશે ખરાં ?''

''હોય જ ને ! મારા ચાહકો તો તમારા ઈંગ્લૅન્ડની પાર્લામેન્ટમાં પણ બેઠા છે !''

''એ હશે... પણ આપણે વાત જર્મનીની કરતા હતા. તો મારે એ જાણવું હતું કે તમારા જર્મનીના મિત્રો તમને આ જેલમાંથી છોડાવવા માટેનો પ્રયત્ન કરી શકે ખરા ?''

''કરી શકે નહીં, પણ કરી રહ્યા જ છે ! ગમે ત્યારે તમારા બંગલાની સામેના મેદાનમાં જર્મન વિમાન ઊતરશે અને મને છોડાવીને ઊડી જશે. જો તમે જીવતા રહેશો, તો મારી જગ્યાએ દસ નંબરની કોટડીમાં એ લોકો તમને પૂરતા જશે.''

''હું જીવતો હોઈશ તો ? એટલે તમે કહેવા શું માગો છો ?'' બારી ફફડી ગયો.

''જર્મનો કંઈ મને એકલાને થોડો છોડાવવાના છે ? મારી સાથે સાથે બાકીના અગિયારસો કેદીઓ પણ છૂટવાના જ ! પછી એ લોકો તમારું શું કરશે એ તમે જાણો ને કેદીઓ જાણે !''

''હું સમજી ગયો. મજાક ! મજાક ! તમે બહુ રમૂજી માણસ છો. મારી સાથે મજાક કરી રહ્યા છો. પણ જરા ગંભીરતાથી વિચારો; ધારો કે તમે હમણાં બોલી ગયા એવું ખરેખર થયું... તો આપણી જેલના કેદીઓ કોના પક્ષે રહેશે ?''

''એ તમે જ વિચારી લો ને ! અત્યાર સુધી તમે જો એને પ્રેમથી સાચવ્યા હશે, તો તમારા પક્ષે; નહીંતર દુશ્મનોના પક્ષે !''

બારીએ બાજી પલટી અને બીજો સવાલ પૂછ્યો, ''ધારો કે તમને તમામ કેદીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવે તો તમે લોકો હિંદમાં પહોંચીને બ્રિટનની પડખે રહીને જર્મનીની સામે લડવા માટે તૈયાર થાવ ખરા ?''

''આ સવાલ તમે પૂછી રહ્યા છો કે બ્રિટનની સરકાર ?''

''સરકાર !'' બારીએ હવે જ ખરો મુદ્દો છતો કર્યો.

સાવરકરે તત્ક્ષણ જવાબ ધરી દીધો, ''આવી કોઈ પણ સરકારી શરતે હું મુક્ત થવા માટે રાજી નથી ! સાવરકરો માત્ર પોતાની શરતે જ સોદાબાજી કરવા સંમત થાય છે, સામેવાળાની શરતે હરગિઝ નહીં !''

બારી અંદરખાને તો બહુ ધૂંધવાયો, પણ બહારથી ગમ ખાઈને બોલ્યો, ''તમારી શરત જણાવશો ?''

''બીજા કેદીઓને જે કરવું હોય તે ભલે કરે; પણ મારા તરફથી એક જ શરત છે. તમે અંગ્રેજો મારા હિંદુસ્તાનને આઝાદ જાહેર કરી દો. હું યુદ્ધના મોરચે મારા અસંખ્ય ક્રાંતિવીરોને સાથે લઈને દુશ્મનો સામે લડવા માટે તૈયાર છું.''

બારીએ સાવરકરની આ દરખાસ્ત સુપરિન્ટેન્ડન્ટ સાહેબને જણાવી. સાહેબે સાવરકરને કહ્યું, ''તમે આ શરત પત્ર દ્વારા હિંદ સરકારને લખી મોકલો ! એમના તરફથી શો જવાબ આવે છે એની રાહ જોઈએ.''

અન્ય રાજદ્વારી કેદીઓ સરકારી શરત માથે ચડાવીને છૂટી ગયા. સાવરકર બંધુઓ જેવા થોડા-ઘણા બહાદુરો રહી ગયા. હિંદ સરકાર તરફથી એમના પત્રનો ઉત્તર આવી ગયો. ''હાલ પૂરતી તમારી શરત સ્વીકારી શકાય તેમ નથી. પછી વિચારીશું.''

* * *

રવિવારની સલૂણી સવાર હતી. સાવરકર અન્ય કેદીઓની સાથે એમની લંગોટી ધોતા બેઠા હતા, ત્યાં બાજુમાંથી બારી સાહેબ પસાર થયા. સાવરકરે એમના હાલ-ચાલ પૂછ્યા, ''શું ચાલે છે. બારી સાહેબ ?''

બારી સાહેબે ગળું ફૂલાવીને જવાબ આપ્યો, ''જલસા ! શું હોય બીજું ? પોણા ભાગની પૃથ્વી ઉપર રાજ હોય ને તમારા જેવા ગુલામો હોય, પછી અમારે શાની તકલીફ હોય !''

''સાચી વાત છે, પણ બારી સાહેબ, દિલ્હીમાં તમારા હાર્ડિંજ સાહેબનો કૈંક મોટો રાજ્યસમારંભ હતો એની શું ખબર છે ? બધું હેમ-ખેમ પતી ગયું ને ?''

બારી સાહેબ અત્યારે બડાશના મૂડમાં હતા, નહીતર ચોક્કસ એમણે પૂછી નાખ્યું હોત : ''તમને આ સમારંભ વિષે કયાંથી ખબર પડી ?'' પણ એને બદલે એમણે તોરપૂર્વક ઉત્તર વાળ્યો, ''ઓહ્, યસ ! દિલ્હીમાં તો અમારા નામનો ડંકો વાગી ગયો ! હાર્ડિંજ સાહેબને હાથી ઉપર અંબાડી ગોઠવીને એમાં બેસાડવામાં આવ્યા. ઢોલ-નગારાં ને શરણાઈઓના સૂર સાથે આખા શહેરમાં એમને ફેરવવામાં આવ્યા. અમારા સામ્રાજ્યની શકિતનું આ ભયાનક પ્રદર્શન જોઈને તમારા મુઠ્ઠીભર ક્રાંતિકારીઓ તો કયાંય સંતાઈ ગયા હશે !''

''ફરી એક વાર પૂછી લઉં. સાહેબ ! દિલ્હીમાં બધું હેમખેમ પતી તો ગયું ને ?'' સાવરકરે મોટેથી પૂછેલો આ સવાલ સાંભળીને આસપાસમાં બેઠા હતા એ બધાં કેદીઓ જોર-જોરથી હસી પડ્યા.

બારીને થયું કે દાળમાં કશુંક કાળું છે. એ ત્યાંથી સરકી ગયો. જ્યાં એની ઑફિસમાં દાખલ થયો કે એની નજર ટેબલ ઉપર પડેલા તાજા અખબાર ઉપર પડી.

છાપાંના પહેલા જ પાને મોંકાણના સમાચાર છપાયેલા હતા : લોર્ડ હાર્ડિંજ હાથી ઉપર બેસીને શહેરમાં ફરતા હતા, ત્યારે એમની ઉપર ભયાનક બૉંબ ફેંકવામાં આવ્યો, અસંખ્ય માણસો જખ્મી થયાં છે અને થોડાંક મૃત્યુ પામ્યાં છે. આખાયે ઉત્સવ-સમારંભનો અચાનક અંત આવ્યો છે.

બારીએ માથાના વાળ ખેંચ્યા. પાગલની જેમ ચીસો પાડી, ''આ બધી છેલ્લામાં છેલ્લી માહિતી પેલા ખતરનાક કેદી પાસે શી રીતે પહોંચી જાય છે ! મને પણ જે વાતની ખબર નથી હોતી એની ખબર એને કેવી રીતે પડી જાય છે ? મને લાગે છે કે મારો જાપ્તો ગમે તેટલો સખત હોય, તો પણ એ ફોગટ છે, કાચો છે. આ સાવરકરનું જાસૂસીતંત્ર અંગ્રેજોના વહીવટ કરતાંયે વધારે સાબદું અને સંપૂર્ણ છે.''

બારીએ સુપરિન્ટેન્ડન્ટને વાત કરી. ''ઈવન ઈફ ધી ડેવીલ બી સેન્ટ હીયર એઝ એ જેલર ઈન્સ્ટેડ ઑફ મી... જો મારી જગ્યાએ જેલર તરીકે શેતાનને પણ મોકલી દેવામાં આવે. તો પણ આ સાવરકરને કોઈ ગુપ્ત માહિતી મેળવતાં અટકાવી શકાશે નહીં !''

બારીને વધુ આઘાત તો બીજા દિવસે એ જાણીને લાગ્યો કે લોર્ડ હાર્ડિજના હાથી ઉપર બૉંબ ફેંકનારા ક્રાંતિકારીઓ સાવરકરના જ શિષ્યો હતા.

એ સમયે મદ્રાસથી રાજદ્વારી કેદીઓ લઈને એક મોટું જહાજ આવ્યું. એમાંથી અસંખ્ય નવા કેદીઓ સેલ્યુલર જેલમાં ઠલવાયા. જે કોટડીઓ ખાલી થઈ હતી એ પાછી ભરાઈ ગઈ.

પાગલ જેવા થઈ ઊઠેલા બારી સાહેબે તમામ નવા કેદીઓને પોતાની સમક્ષ તેડી મગાવ્યા. પછી કડક ભાષામાં ચેતવણી આપી, ''હું તમને કહી રાખું છું; અહીં તમારે જે કરવું હોય તે કરજો, પણ પેલા સાવરકરની સાથે હળશો-ભળશો નહીં ! એ મહાબદમાશ છે, ભારે કામચોર છે, એ ખતરનાક ગુંડો તમને અવળે મારગે ચડાવી મારશે. જો તમે એના રવાડે ચડશો, તો જીવતા નહીં બચો. એને તો હું સીધોદોર કરી દેવાનો છું. પણ તમે એનાથી દૂર રહેજો !''

કેદીઓ આ સલાહ કાનમાં ચડાવીને બહાર નીકળ્યા. સીધા જ્યાં સાવરકર કામ કરી રહ્યા હતા ત્યાં જઈ પહોંચ્યા. કોઈએ પણ એમના વિરુદ્ધ જેલરે કરેલી કાનભંભેરણી વિશે એક હરફ સુદ્ધાં કહ્યો નહીં. માત્ર એ જ કહ્યું જે તેઓ કહેવા માગતા હતા : ''અમારા પ્રાણપ્રિય સાવરકરજી, અમારા વિવેકપૂર્ણ વંદન સ્વીકારો ! જ્યારથી અમે સમજણા થયા, ત્યારથી જ આપના વિચારો, આપનાં પુસ્તકો અના આપના શૌર્યની વાતો સાંભળીને-વાંચીને-વાગોળીને મોટા થયા છીએ. એક અખબારમાં અમે આપનું રેખાચિત્ર જોયેલું જેમાં તમે લંગોટી ધારણ કરીને આ જેલમાં ઘાણો ફેરવી રહ્યા હતા. એ દૃશ્ય જોઈને અમારાં લોહી ઊકળી ઊઠ્યાં હતાં. એ જ ક્ષણે અમે પ્રતિજ્ઞા લીધી હતી કે જીવીશું તો સાવરકરજીએ ચીંધેલા શૌર્યના માર્ગે અને જો મરીશું તો પણ અમારા વહાલા વીર સાવરકરજીના સાન્નિધ્યમાં. અમને આશીર્વાદ આપો, ગુરુજી !''

આ દૃશ્ય જોવા માટે આસમાનની અટારીએ તેત્રીસ કોટિ દેવતાઓ હાજર હતા અને એટલું સારું હતું કે આ દૃશ્ય જોવા માટે બારી સાહેબ ત્યાં હાજર ન હતા. નહીંતર અવશ્ય એમની ઉપર પાગલપનનો એક જોરદાર, આખરી હુમલો આવ્યો હોત !

* * *

રવિવારની નવરાશભરી બપોર હતી. સાવરકર એમની ચિરપરિચિત દસ નંબરની કોટડીમાં લાકડાની પાટ ઉપર આડા પડ્યા હતા. આજે એ બેચેન હતા. એક તો ગરમી સખત લાગી રહી હતી. આંદામાનનો ઉનાળો એની ચરમસીમા પર ચાલી રહ્યો હતો. મચ્છરો અને માંકડોએ ભેગા મળીને રાતભર એમને સૂવા દીધા ન હતા. બપોરના ખાવામાં પણ કશો ભલી વાર ન હતો. મોટા ભાઈ મરડામાં સપડાયા હતા. જેલમાં આવ્યા પછી આજે ત્રીજી વાર સાવરકરને આપઘાત કરવાના વિચારો આવી રહ્યા હતા. ત્યાં એમના કાને વૉર્ડરનો કર્કશ અવાજ અથડાયો, ''યે રહા વો ખતરનાક કૈદી. મે'મ સા'બ, આપ જરા સમાલકે રહેના. યે કિસી કા ખૂન ભી કર સકતા હૈ !'' વૉર્ડર આટલું કહીને ચાલ્યો ગયો, પાછળ એક મુલાકાતીને છોડતો ગયો.

સાવરકરે નજર ફેંકીને જાળીની આરપાર જોયું તો સ્તબ્ધ થઈને એ બેઠા થઈ ગયા. બહાર એક વીસ-બાવીસ વરસની યુવતી ઊભી હતી. ટૂંકું-ફૂલ-પત્તાંની ભાતવાળું સ્કર્ટ-બ્લાઉઝ પહેરેલી એ યુવતી અંગ્રેજ હતી. એ ખૂબસૂરત છોકરીના એક હાથમાં ફૂલો હતાં, બીજા હાથમાં એક ટોકરી હતી અને એના રૂપાળા ચહેરા પર સંસારના તમામ તાપો હરી લે તેવું ભુવન મોહક સ્મિત હતું.

''મે આઈ ડિસ્ટર્બ યુ, સર ?'' એણે આંખો પટપટાવીને ગળાની ઘંટડીમાંથી રણકાર ખેરવ્યો, ''આપ જ મિ. સાવરકર... આઈ મીન, બૅરિસ્ટર સાવરકર છો ?''

''તમે કોણ છો ?'' સાવરકરે સાવધ થઈને સવાલ કર્યો.

''હું મિસ બારી છું. આ જેલના જેલર મિ. બારીની દીકરી.''

''ઓહ્ ! તમે ? અહીં ? જેલમાં ? અહીં તો કેદી સ્ત્રીઓને પણ આવવાની સખ્ત મનાઈ હોય છે. જેલનો કાયદો કોઈ પણ મહિલાને અહીં આવવાની મંજૂરી નથી આપતો, કુમારી !''

''પણ જેલનો કાયદો એક ભત્રીજીને એના અંકલને મળવા માટે તો મંજૂરી આપતો જ હશે ને ?''

''તમે આ શું બોલી રહ્યા છો એ જ હું તો સમજી નથી શકતો. ભત્રીજી? અંકલ ?'' એક બૅરિસ્ટર જિંદગીમાં આજે પહેલીવાર ગૂંચવાઈ રહ્યો હતો.

"હા, અંકલ ! હું તમારી ભત્રીજી બનીને તમને મળવા માટે આવી છું. મારા 'વન એન્ડ ઓન્લી' બહાદુર બૅરિસ્ટર અંકલને જોવા આવી છું. તમને ખબર છે કે મારા ડેડી તમારા વિશે મને શું કહે છે ?"

"ખબર છે." સાવરકરની જીભ ઉપર કડવાશ આવી ગઈ, "તારા ડેડીને મન સાવરકર એટલે મહાબદમાશ, ખતરનાક, કામચોર, જેલમાં ઉશ્કેરણી ફેલાવનાર, જુઠ્ઠો અને ખૂની રાજકેદી ! આજ સુધીમાં એમના મુખેથી આ અભિપ્રાય હું સેંકડો વાર સાંભળી ચૂકયો છું."

છોકરી હસી, પરીના જેવું નિર્દોષ અને રૂપાળું; પછી બોલી, "તો આજે એમનો અભિપ્રાય મારા મોંએથી સાંભળો ! મિ. સાવરકર એક બહાદુર, પ્રામાણિક, અબજોમાં એક વાર જોવા મળે એવો પ્રખર રાષ્ટ્રભકત છે. એના જેવો જો એક જ વિદ્વાન પાકે તો આખું કુળ તરી જાય, એના જેવો જ એક વિચાર અને વકતા જન્મે, તો આખો સમાજ સમૃદ્ધ થઈ જાય, અને એના જેવો માત્ર એક જ દેશભકત દીકરો જો પેદા થાય તો પછી એ દેશને આઝાદ થતાં દુનિયાની કોઈ તાકાત રોકી શકે નહીં."

"અરે, મારી દીકરી, આવું બધું મારા વિશે કોણ બોલે છે ?"

"મિ. બારી બોલે છે. મારા ડેડી અને તમારા દુશ્મન બોલે છે." છોકરી હસી, "એ એમની બદનસીબી છે કે તેઓ આ જેલના જેલરના હોદ્દા પર છે. એમણે ઉપરથી આવતા આદેશોનું પાલન કરવું પડે છે. પણ અંદરથી ડેડી તમારા જબરા પ્રશંસક છે. તમને કયાંથી ખબર હોય ? પણ જેવી હું જાપાનથી વેકેશન માણવા માટે અહીં આવી કે તરત જ ડેડીએ તમારી તારીફના પુલ બાંધવાનું શરૂ કરી દીધું."

"શું કહ્યું મારા એ કટ્ટર દુશ્મને તને ?"

"એમણે કહ્યું; 'બેટા, જગતમાં માણસની ચામડી પહેરીને જીવતાં ઘેટાં તો તેં અસંખ્ય જોયાં હશે, પણ માણસની ખાલ પહેરીને ફરતો સિંહ જોવો હોય તો સાવરકરને જોઈ આવ ! આવો બહાદુર અને ટેકીલો પુરુષ માત્ર હિંદુસ્તાનની ધરતી ઉપર જ પેદા થઈ શકે. હું તો મારા હોદ્દાની રૂએ મજબૂર છું કે એની માફી પણ માગી નથી શકતો. પણ મારા વતી તું આજે... એની પાસે... જઈ આવ !... એને કહેજે કે...' એ પછી ડેડી કશું બોલી શકયા નહીં." છોકરીનું ગળું રૂંધાઈ ગયું.

થોડી વાર પછી સ્વસ્થ થઈને એણે પોતે લાવેલી તે ફૂલો સાવરકરજીના હાથમાં મૂકયાં, "મારી મમ્મીએ જાતે અમારા બગીચામાં ઉગાડેલાં છે. અંકલ ! જે વાકયો અમે નથી બોલી શકતાં એ... લેટ ધીઝ ફલાવર્સ સ્પીક !" પછી એના હાથમાંની

ટોકરીમાંથી એણે ફળો કાઢ્યાં અને સાવરકરને આપ્યાં, ''આ મારા ડેડી તરફથી છે. ખાશો ને, અંકલ ?''

સાવરકર હસ્યા, ''કેમ નહીં, બેટી ? તારા બાપના હાથનો માર તો બહુ ખાધો છે; આજે આ ફળો ખાઈશ !''

આજુબાજુની કોટડીઓમાં પુરાયેલા કેદીઓ આ ગજબની મુલાકાત જોઈને અચંબિત થઈ ગયા. છોકરી થોડી વાર રહીને ચાલી ગઈ એ પછી સાવરકરે ટોપલીમાંનાં ફળો કેદીઓમાં વહેંચી દીધાં. એક ફળ પોતાને માટે રાખી લીધું.

હવે એમને લાગ્યું કે વાતાવરણ અચાનક બદલાઈ ગયું છે. આંદામાનના આકરા ઉનાળામાં એક શીતળ લહેરખી આવીને અચાનક દિલ અને દિમાગને ઠંડક પ્રસરાવી ગઈ છે. મચ્છરો કરડતાં જાણે બંધ થઈ ગયા ને માંકડો જાણે ચટકવાનું ભૂલી ગયા છે ! મળ-મૂત્રની ગંધ મારતી કોટડીને એક રૂપાળી છોકરીના રૂપાળા હાથનો સ્પર્શ પામેલા ફૂલોએ જાણે મઘમઘતાં બગીચામાં પલટાવી નાખી છે !

સાવરકર બબડી ઊઠ્યા, ''આ દીકરી પણ ગજબની ચીજ છે ! દસ મિનિટ માટે મળવા શું આવી, આખી જનમટીપનો થાક ઉતારતી ગઈ !''

આ સાથે જ એમને ઘર સાંભરી ગયું. આટલા વરસે પહેલી વાર પત્નીનું પડખું યાદ આવી ગયું. મનમાં એક જોરદાર તડપ ઊઠી ગઈ, ''હે ઈશ્વર, જો જીવતો રહું તો ભવિષ્યમાં એક દીકરી અવશ્ય આપજે !''

o o o

૨૦. પત્ની સાથે મુલાકાત

દ્વિતીય વિશ્વયુદ્ધ ખતમ થવા આવ્યું હતું. પોર્ટ બ્લેયરની સેલ્યુલર જેલનો જેલર મિ. બારી ગુપ્ત સરકારી અહેવાલોનો અભ્યાસ કરી રહ્યો હતો. સરકારી ફાઈલોમાં સંગ્રહાયેલી માહિતી બારીને બેઠકના ભાગે દઝાડનારી હતી.

ફાઈલો કહેતી હતી : વિશ્વયુદ્ધનો મહત્તમ લાભ હિન્દની આઝાદી માટે સશસ્ત્ર ક્રાંતિ કરી રહેલા સાવરકરના શિષ્યોએ ઉઠાવ્યો છે. સાવરકરની 'અભિનવ ભારત' સંસ્થાના જૂના, વફાદાર સાથીઓ લાલા હરદયાલ, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય અને ડૉ. સી. પિલ્લાઈ જેવા ક્રાંતિવીરોએ જર્મનીમાં 'બર્લિન કમિટી'ની રચના કરી છે. આ કમિટીને જર્મનીના કૈસર તથા તુર્કસ્તાનના સુલતાનનું છૂપું સમર્થન છે. આ કમિટીએ લાખોની સંખ્યામાં રાઈફલ્સ અને દારૂગોળો હિન્દુસ્તાનમાં મોકલવાની વ્યવસ્થા કરી છે. પંજાબ અને બંગાળ પ્રાંતમાં ગદર પાર્ટીના નેજા હેઠળ લાખો હિંસક ક્રાન્તિકારો ઊભા થયા છે જે બધા વીર સાવરકરની વિચારધારાને અનુસરવાવાળા છે. એ લોકો સાવરકરે લખેલાં પુસ્તકો વાંચે છે અને સાવરકરકે રચેલાં સૂત્રો પોકારે છે. તેલના ઘાણામાં જોતરાયેલા સાવરકરનાં ચિત્રો એમની છાતીમાં આઝાદીની ચિનગારી ચાંપે છે. લાલા હરદયાલ અમેરિકામાં પકડાયા, પણ સરકારની આંખમાં ધૂળ ઝોંકીને નાસી છૂટ્યા. આશરે આઠ હજાર જેટલા શીખો અમેરિકા, કેનેડા અને દૂર પૂર્વના દેશોમાંથી બધું છોડીને અંગ્રેજો સામે લડવા માટે જ માત્ર સ્વદેશ પાછા ફર્યા છે. લશ્કરમાં પણ અજંપો ફેલાયો છે. મેરઠમાં આવેલી અંગ્રેજોની બારમી કેવલરીના બહાદુર વિષ્ણુ ગણેશ પિંગળે પાસેથી દસ જીવતા બૉંબ મળા આવ્યા; એને ફાંસીએ લટકાવી દેવો પડ્યો. ગદર પાર્ટીના પાંચ હજાર શીખોની ધરપકડ કરવી પડી. અંગ્રેજોએ જાહેર કર્યું હતું કે હવે પછી એક પણ રાજકેદીને આંદામાનમાં મોકલવામાં નહીં આવે, પણ પાંચસો ક્રાન્તિકારીઓ ભરેલું એક જહાજ અત્યારે જ ત્યાં આવવા માટે નીકળી રહ્યું છે. લાહોર, રાવલપિંડી અને ફિરોજપુરમાં પણ આઝાદી જંગની આગ પ્રસરી ગઈ છે. એમ. એન. રૉય પકડાયા છે, ગુરમિતસિંહ નામનો ખૂંખાર ક્રાન્તિવીર ઝડપાયો છે. પાંચસોને ફાંસી, આઠસોને જનમટીપ, દસ હજાર દૂધમલ જુવાનોને કેસ ચલાવ્યા વગર જ કેદખાનામાં બંધ કરવા પડ્યા છે અને બીજા લાખો મરણિયાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા છે. હિન્દુસ્તાનની નદીઓ રક્તવર્ણી બની રહી

છે. મિ. બારી, તમે ત્યાં ઝખ મારી રહ્યા છો ? ગમે તે કરો, પણ સાવરકર નામની આંધીને ફેલાતી અટકાવો !

અપજશ, મહેણાં અને બદલાની ત્રિવિધ આગમાં સળગી રહેલો જેલર બારી ઑફિસ છોડીને નીકળી પડ્યો. સાવરકર જ્યાં કામ કરી રહ્યા હતા ત્યાં, તેલના ઘાણાવાળી ઓરડી પાસે જઈને ઊભો રહ્યો.

"મિ. સાવરકર, શું એ સાચું છે કે તમે અહીં જેલમાં બેઠાં-બેઠાં પણ વિશ્વભરમાં ફેલાયેલા તમારા અનુયાયીઓને માર્ગદર્શન આપો છો ?"

"એવું તમને કોણે કહ્યું ?" સાવરકરે કપાળ પરથી પરસેવો લૂછીને આંગળી વડે ઝટકાવ્યો. પરસેવાના બુંદો પાંચ ફૂટની ત્રિજ્યામાં છંટાઈ ગયાં.

"અંગ્રેજ સરકારનો સિક્રેટ રિપોર્ટ કહે છે."

"તો સિક્રેટ રિપોર્ટ ખોટું કહે છે ! જે સત્ય છે એ અમારો જાહેર અહેવાલ છે, બારી સાહેબ ! એટલું યાદ રાખજો કે તમે મને બંધ કરી શક્યા છો, પણ મારા વિચારોને નહીં ! મારા વિચારોની આગ તમારા કેદખાનાના તોતિંગ દરવાજાની મોહતાજ નથી. તમે મને બળજબરીપૂર્વક આ ઘાણામાં જોતરી શકયા છો, પણ આ કોલું ફેરવતી વખતે મારા દેહમાંથી ટપકતાં પરસેવાના ટીપાંને તમે ખાળી શકયા નથી. આ કોપરું જ્યાં સુધી ઘન સ્વરૂપે હતું, ત્યાં સુધી ઠીક હતું, પણ જ્યારે મારા દ્વારા એ પ્રવાહીમાં રૂપાંતરિત થયું છે ત્યારે જે તેલ રેડાયું છે એ ભડકો બનીને તમારા સામ્રાજ્યને દઝાડી મૂકશે. મિ. બારી ! આ સાવરકર ઉપર તમે વરસાવેલો ત્રાસ મારા શિષ્યો તો શું, પણ આવનારો સમય પણ માફ નહીં કરે !"

બારી ચૂપચાપ સાવરકરની આર્ષવાણી સાંભળી રહ્યો.

સાવરકરની મુક્તિ માટેના પ્રયત્નો ચાલુ જ હતા. કયારેક એમાં ભરતી આવતી, તો કયારેક ઓટ. સરકાર પણ સમજતી હતી કે એમણે સાવરકર પરિવારને ભયંકર અન્યાય કરેલો છે. અંગ્રેજો એમને છોડવા તો માગતા હતા, પણ પોતાનો હાથ ઊંચો રહે એવો રસ્તો એ લોકો શોધતા હતા.

સાવરકર પણ છૂટવા માટે સંમત હતા, પણ નામોશીભરેલી એક પણ શરત એમને સ્વીકાર્ય ન હતી. એટલે જ એમણે મોન્ટેગ્યુ સાબેહ પર લખેલા પત્રમાં આ વાત સ્પષ્ટ કરી હતી, "મારો પ્રયત્ન સેલ્યુલર જેલમાં ગોંધાઈ રહેલા તમામ રાજકીય કેદીઓની મુક્તિ માટેનો છે. એની પાછળ મારો કોઈ જ અંગત સ્વાર્થ રહેલો નથી. જો મને એકલાને છોડીને બાકીના તમામ કેદીઓને મુકત કરી દેવામાં આવશે તો પણ મને અસંતોષ થશે નહીં."

આખરે અંગ્રેજ સરકારે એક જેલ કમિશન નીમ્યું. એના સભ્યો આંદામાનમા જઈને કેદીઓને મળ્યા. બધા કેદીઓએ સર્વાનુમતિથી પોતાના પ્રતિનિધિ તરીકે 'બડાબાબુ'ની પસંદગી કરી.

જેલ કમિશનના સભ્યોએ સાવરકરની ઊંડી અને લુચ્ચાઈભરી ઊલટતપાસ કરી, ''તમે એટલું તો કબૂલ કરો છો ને કે તમે એક હિંસક કેદી છો ?''

''હા, પણ મારે હિંસાનો માર્ગ શા માટે અખત્યાર કરવો પડ્યો ? એક વાત સમજી લો કે કોઈ પણ ક્રાન્તિકારીને પોતાનો પ્રાણ અકારો નથી હોતો. જીવવું અમને પણ વહાલું લાગે છે. છતાં અમે શા માટે મરી ફીટવા માટે તૈયાર થયા હોઈશું ? આનો એક જ જવાબ છે : કારણ કે અમને બીજા કોઈ પણ શાંતિમય ઉપાયો દ્વારા સ્વતંત્રતા આપવામાં ન આવી ! અરે, જો અમારી રજૂઆતને ફક્ત સાંભળવામાં પણ આવી હોત તો અમે હાથમાં હથિયારો ઉઠાવવાનો વિચાર સુદ્ધાં ન કર્યો હોત !''

''જો તમને આંદામાનની જેલમાંથી આઝાદ કરીને હિન્દમાં મોકલી આપવામાં આવે, તો શું તમે ફરીથી હિંસાનો માર્ગ અપનાવશો ?''

સાવરકર હસ્યા, ''કમ સે કમ પચાસ વર્ષ સુધી તો નહીં જ. આમ પણ જેલની એકાંત કોટડીની અંદર હું ક્યાં એ માર્ગ અજમાવી શકું છું. અહીં તદ્દન નિષ્ક્રિય રીતે જિંદગી પૂરી કરી નાખવી, એના કરતાં અહીંથી છૂટીને અંગ્રેજ સરકાર કહે તે મુજબ રાજદ્વારી કાર્યો સિવાયની લોકહિતની પ્રવૃત્તિ કરવામાં મને વિશેષ આનંદ મળશે.''

જેલ કમિશન સાવરકરની રજૂઆત વિશે નક્કર અને ગંભીર ખ્યાલ બાંધીને વિદાય થયું. આ બાજુ બીજા, નવા રાજકેદીઓનું આગમન તો ચાલુ જ હતું. દર વખતે નવા આવતા કેદીઓને જેલર બારી સૌ પ્રથમ તો એક જ ચેતવણી આપી દેતો : ''પેલા સાવરકરથી દૂર રહેજો. એ તમને આડે રવાડે ચડાવી મારશે !''

અને કેદીઓ પણ દર વખતે પહેલું કામ એક જ કરતા હતા : સાવરકરને મળીને 'સીધા' રસ્તે ચડવાનું !

આવો એક નવો કેદી સાવરકરને મળીને નવી જ વાત કહી ગયો, ''તમને તો ક્યાંથી ખબર હોય, બડે બાબુ ? જ્યારે અમેરિકાથી આવતી આગબોટ સિંગાપુરથી આગળ જતી હોય છે, ત્યારે એમાં બેઠેલા પ્રવાસીઓ મધદરિયે આંદામાન તરફ મોં ફેરવીને નમન કરી લેતા હોય છે. લોકો દેશનિકાલ થયેલા હિન્દના આ મહાન સપૂતને હજુ ભૂલ્યા નથી. આ મૂર્ખ જેલર તમને ભલે ગમે તેટલા અપમાનિત કરે પણ તમારો તેજોભંગ કરવો શક્ય નથી. તમે 'માણસ' મટીને અમારા માટે મધદરિયાનું મંદિર બની ગયા છો.''

સાવરકરની આ પ્રતિજ્ઞા જોઈને, સાંભળીને અને અનુભવીને જેલર બારી પણ હવે ઢીલો પડી ગયો હતો. એણે પોતાની હાર કબૂલ કરી લીધી હતી. જે માણસે એક વાર કહ્યું હતું, ''સાવરકર, આ પથ્થરોની જેલ છે. એની દીવાલો સાથે જો માથું પછાડવા જશો, તો દીવાલને કંઈ નહીં થાય, પણ તમારું માથું ફૂટી જશે.''

પણ સાવરકરની દોરવણી હેઠળ કેદીઓએ બંડો પોકાર્યાં, ઉપવાસો કર્યા, અસહકાર કર્યો અને બારીની સામે કાનૂની કાર્યવાહી માટે લખાણપટ્ટીઓ પણ કરી. આખરે પરાજિત જેલરે જાહેર કર્યું, ''તમારાથી થાય એટલું કામ કરો ! ન થાય તો બેસી રહો ! તમારે છાપાં વાંચવાં હોય તો એનીયે વ્યવસ્થા હું કરી આપું છું. તમારે સભાઓ ભરવી હોય તો ભરો ! પણ મહેરબાની કરીને મારો જીવ ખાવાનું બંધ કરો !''

બારી સાહેબ આખો દિવસ એમની ઑફિસમાં સુષુપ્ત જ્વાળામુખીની જેમ ઠંડાગાર બનીને બેસી રહેતા. મોટી લાકડી જેવી એક ચિરૂટ એમના મોંમાં ખોસેલી હોય, જે એક માત્ર સળગતો પદાર્થ હોય; બાકીનું બધું હિમ જેવું ટાઢુંબોળ ! એમના મનને સાવરકર નામના ફૌલાદે ભાંગી નાખ્યું હતું અને તનને 'લમ્બેગો' નામના કરોડરજ્જુના ભયંકર પીડાદાયક વ્યાધિએ તોડી નાખ્યું.

આખરે આવી તૂટેલી-ફૂટેલી હાલતમાં જ સેલ્યુલર જેલના એ શેતાને આંદામાનમાંથી ઊચાળા ભર્યા. નોકરીમાંથી મુક્ત બનીને જ્યારે એ સ્વદેશ જવા માટે રવાના થઈ રહ્યા હતા, ત્યારે ખાસ એ પોતાના 'માનીતા' કેદીને મળવા માટે આવ્યા અને એમના ખાસ અંદાઝમાં એ બોલ્યા, ''મારી વીસ વરસની જનમટીપ આજે પૂરી થઈ ! સાવરકર, એક વાત પૂછું ? સાચો જવાબ આપશો ?''

''હું મહાત્મા નથી. હું માત્ર સાચા માણસોના સાચા સવાલોના જ સાચા જવાબો આપું છું ! સવાલ જણાવો !''

''મેં એવું સાંભળ્યું છે કે તમારા શિષ્યો મારા પર હુમલો કરવાના છે. મેં તમને જેલમાં જે ત્રાસ આપ્યો છે એનો બદલો લેવા માટે એ લોકો ટાંપીને બેઠા છે. જેવો હું હિંદુસ્તાનની ધરતી ઉપર પગ મૂકીશ, એવા જ તમારા ચેલાઓ મારી ઉપર બૉંબ ફેંકવાના છે. શું આ સાચું છે ?''

સાવરકરની આંખ ફરી ગઈ, મિજાજ ફરી ગયો અને અવાજ પણ ફરી ગયો, ''બારી ! જો એમણે તમને મારવા જ હોત તો અહીં સેલ્યુલર જેલમાં તમારી ઑફિસમાં આવીને તમને મારી નાખ્યા હોત ! પણ મારા મિત્રો વાઘનો શિકાર કરવામાં વિશ્વાસ રાખે છે; કૂતરાં-બિલાડાં ને મારવા માટે પોતાનો દારૂગોળો વેડફી

મારે એવા મૂર્ખ નથી એ લોકો ! અમારાં નિશાન તો મોટાં માથાંઓ છે. તમે તો મગતરું છો. તમે માત્ર મારી પર જ નહીં, પણ બીજા હજારો નિર્દોષ કેદીઓ ઉપર ત્રાસ ગુજારવાનું પાપ આચરેલું છે. તમારો ન્યાય અમારો ભગવાન તોળશે !"

ભગવાને સાચ્ચે જ ન્યાય તોળી બતાવ્યો, કેડેથી ભાંગી ગયેલા બારી સાહેબને લઈને આગબોટ હિંદના દરિયાકાંઠે પહોંચી ત્યાં સુધી તો એ માંડ જીવ્યા. આખરે હિંદુઓના અને હિંદુસ્તાનીઓના એ ગુનેગારનું હિંદની ધરતી ઉપર જ કરુણ અવસાન થયું.

બારી જેવો બારી મરણને શરણ થઈ ગયો, પછી 'છોટા બારી' ઉર્ફે મિર્ઝાખાન શેનો બચી શકે ? આમ તો એ પણ ઘણા સમયથી માનસિક રીતે ખતમ થઈ ગયો હતો. સાવરકરે સેલ્યુલર જેલમાં હિંદુ રાજ્ય સ્થાપી દીધું હતું. ત્યારથી જ મિર્ઝાખાનના ચમચાઓ અદશ્ય થઈ ગયા હતા, જેલમાં એની પઠાણ ટુકડીની હાલત 'હું, બાવો ને મંગળદાસ' જેવી થઈ ગઈ હતી. જેલમાં મહત્ત્વના દરેક હોદ્દાઓ ઉપર સાવરકરવાદી હિંદુઓ ગોઠવાઈ ગયા હતા.

મિર્ઝાખાન ચોવીસેય કલાક ફફડતો રહેતો, "મેં જેમ આ કાફરોને પજવ્યા, તેમ તેઓ પણ મને હવે પજવશે !"

એવામાં એના એક હાથમાં કંઈક ઈજા થઈ. એનો દુખાવો કેમેય કરીને શમે જ નહીં. મિર્ઝાનો હાથ તદ્દન લૂલો થઈ ગયો. એ અભણ મુસલમાન પૂરેપૂરો વહેમીલો અને ધર્મભીરુ હતો. એના મનમાં પાક્કી ખાતરી થઈ ગઈ. "માન ન માન, આ કામ પેલા સાવરકરનું જ ! એ સાત નંબરની ચાલીવાળા ચશ્મીશ બડાબાબુએ જ મારી અને બારી ઉપર જાદુટોણા કર્યા લાગે છે." ગભરાયેલા મિર્ઝાખાને એક પઠાણ કેદી મારફતે સાવરકરને સંદેશો મોકલ્યો, "મારા હાથે સો ગુના થયા છે. મને માફ કરી દો ! મારો હાથ તમે લઈ લીધો છે એ પાછો આપો !"

સાવરકર પોતે આવા વહેમ કે ચમત્કારોમાં જરા પણ માનતા ન હતા, પણ મિર્ઝાખાનના સંતોષ ખાતર એમણે કહેવું પડ્યું. "ભાઈ ! મેં તો કશુંય જાદુમંતર કર્યું નથી. પણ તારો જો આટલો બધો આગ્રહ હોય તો હું ઈશ્વરની સાક્ષીએ કહું છું કે તારું ભલું થાઓ !"

અને થોડા જ દિવસોમાં મિર્ઝાખાનનો હાથ સાજો થઈ ગયો. વીર સાવરકર હવે મિર્ઝાખાનને મન 'પીર સાવરકર' બની ગયા !

* * *

બારી સાહેબની વિદાય પછી બે-ત્રણ જેલરો આવ્યા અને ચાલ્યા ગયા. એમાંથી કોઈ ઠરીઠામ થઈ શક્યું નહીં. એનું એક માત્ર કારણ એ કે તેઓ બદતમીઝી, બદમિજાજી અને બદમાશીની બાબતોમાં બારીના બેટાઓ જેવા હતા. પણ સેલ્યુલર જેલના કેદીઓ હવે એમના બાપ જેવા બની ચૂકયા હતા. સાવરકર નામની પાઠશાળાએ આ કેદીઓને સંપના અને સ્વાભિમાનના પાઠો શિખવી દીધા હતા.

એક વાર એક જેલર એક કેદીને ગાળ આપી. સામે પેલા કેદીએ એને મા-બહેન સમાણી બે ભૂંડી ગાળો સંભળાવી દીધી. કામની બાબતે પણ આ કેદીઓ રોકડું પરખાવી દેતા હતા, ''અમારાથી થાય એટલું જ કામ અમે કરીશું. તમે કહેશો એટલું નહીં !''

એક કેદીએ તો હદ કરી નાખી; સવારે રાઉન્ડ પર નીકળેલા જેલના ગોરા સુપરિન્ટેન્ડન્ટ ઉપર શારીરિક હુમલો કરીને એને ધૂળ ચાટતો કરી દીધો. એક કેદીએ નવા આવેલા જેલરને એની જ ઑફિસમાં ઢીબી નાખ્યો.

આખરે અંગ્રેજ સરકારે થાકી-હારીને શરણાગતિ સ્વીકારી. એક ભલા આયરીશને જેલર તરીકે મોકલી આપ્યો. એનું નામ મિ. ડિગીન્સ. સગપણમાં એ બારી સાહેબનો સગો સાળો થાય. પણ એનામાં બનેવી મહાશયનો એક પણ દુર્ગુણ હાજર ન હતો. બારીની બૈરી ભલી હતી, આ એ ભલી સ્ત્રીનો ભલો ભાઈ હતો. પહેલાં એ આ જ જેલમાં અનેક હોદ્દાઓ ઉપર કામ કરી ચૂકયો હતો.

ડિગીન્સ સાહેબે આવતાવેંત કેદીઓને ભેગા કર્યા, ''ભાઈઓ ! તમારા દુ:ખના દિવસો આજથી પૂરા થયા જાણજો. આ પહેલાં હું તમારી વચ્ચે નોકરી કરી ગયો છું. મને ખબર છે કે બારી સાહેબને તમે લોકો જેટલી ગાળો આપતા હતા, મને એટલો જ પ્રેમ કરતા હતા. આપણો એ વહેવાર વધતો જશે એની હું ખાતરી આપું છું.''

પછી સાવરકરને એમણે કહ્યું, ''હું તમારી હિંદુત્વની વિચારસરણી પ્રત્યે હકારાત્મક લાગણી ધરાવું છું. વાસ્તવમાં મને હિંદુત્વ પ્રત્યે અભિમાન છે. હું ઈચ્છું છું કે મારા વહીવટી ગાળા દરમિયાન તમારી દોરવણી હેઠળ જેલના કેદીઓની માનસિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનાં કાર્યો પાર પડે ! હું તમને જેલની બહાર તો કાઢી શકું તેમ નથી; પણ તમને કોટડીની બહાર અવશ્ય કાઢી શકું તેમ છું. આવતી કાલથી તમારી નિમણૂક તેલના ઘાણા ઉપર તથા તેલના કોઠારના અધિપતિ તરીકે કરવામાં આવે છે.

જેલમાં આ સમાચાર ખુશીનું મોજું બનીને પથરાઈ ગયા. આનું કારણ એ હતું કે તેલનો કોઠાર એ જેલની આવકનું છેલ્લું અને સૌથી મોટું કેન્દ્ર હતું. આટલાં

વરસ લગી આ હોદ્દા ઉપર માત્ર બારી સાહેબના સૌથી વધુ વિશ્વાસુ કેદીની જ નિમણૂક થતી હતી. બારી પણ આ કામ માટે જેલમાંથી વીણી-વીણીને મહાધૂર્ત, ક્રૂર અને બદમાશ ગુનેગારની જ પસંદગી કરતો હતો. આ કેદી હંમેશાં મુસલમાન કે પઠાણ જ રહેતો.

કોઠારના પઠાણ અધિપતિની દરેક વાત બારી માની લેતો હતો. અત્યાર સુધીમાં આ રીતે એણે અસંખ્ય હિંદુ કાફરોને મારી-મારીને અધમૂવા કરી નાખ્યા હતા. આજે આટલા વરસે આ ખુરશીમાં પહેલીવાર એક ભણેલો-ગણેલો હિંદુ બિરાજી રહ્યો હતો.

સ્વાભાવિક રીતે જ પઠાણો અને મુસ્લિમ કેદીઓની હાલત કફોડી બની ગઈ. પ્રત્યેક 'દાઢી' આવી-આવીને આ શુદ્ધિકરણવાળા, ધૃષ્ટ, દુષ્ટ, ચશ્માવાલા, કાફર કેદીને રૂબરૂમાં મળી ગયા અને 'અલ્લાહ' સિવાય અન્ય કોઈને 'સઝદો' ન કરનારા એ બધા કટ્ટર મુસલમાનો આ હિંદુ મૂર્તિની આગળ શબ્દશઃ બે હાથ જોડીને માફી માગી ગયા, ''મહારાજ ! અબ હમારી જાન આપકે હાથ મેં હૈ. બચા લેના.''

સાવરકર હસ્યા, ''ભાઈઓ ! યાદ છે ? અત્યાર સુધી તો અમે તમને જ્યારે જ્યારે મળતા અને ભૂલથી પણ જો 'રામ-રામ' બોલી જતા, તો તમે અમને ગાળો કાઢતા હતા. મિર્ઝાખાનનો આદેશ હતો કે જેલમાં માત્ર 'સલામ આલેકુમ' બોલવાનો જ વહેવાર રહેશે. હિંદુ કેદીઓ પણ 'રામ-રામ' બોલી શકશે નહીં. હવે તમારું શું કહેવું છે ?''

''અરે., બડેબાબુ ! અબ તો જેલ મેં 'સલામ આલેકુમ' બોલનવાલે બચે હી કિતને હૈ ! વે સબ તો આપ કે કહને પર હિન્દુ હો ગયે હૈં. અબ તો હમેં ભી 'રામ-રામ' બોલના પડ રહા હૈ !''

સાવરકર હસી પડ્યા. કોઠારનો હવાલો ગ્રહણ કર્યા પછી એમણે વહીવટમાં ધરખમ સુધારાઓ દાખલ કરી દીધા. ઘાણો ખેંચવાનો જે કેદીનો વારો હોય એને એ ચોખ્ખું કહી દેતા, ''તારાથી જેટલું તેલ નીકળી શકે એટલું જ કાઢજે. તને બે ટંકનું પેટપૂરતું ભોજન મળી રહેશે. બપોરે બે કલાકનો આરામ મળશે. જો ત્રણ પૌંડ તેલનો જથ્થો પૂરો નહીં થયેલો હોય, તો પણ તમને ફટકારવામાં નહીં આવે કે હાથકડી અને દંડાબેડીની સજા આપવામાં નહીં આવે.''

આશ્ચર્યની વાત એ થઈ કે જ્યાં સુધી સાવરકર એ હોદ્દા પર રહ્યા, ત્યાં સુધી એક પણ દિવસ તેલની માત્રા ત્રણ પૌંડથી ઓછી થઈ નહીં. બધા કેદીઓ ભેગા મળીને પણ કામ પૂરું કરી આપતા. જો કોઈ કેદી ગપ્પાં મારવા બેસી જાય, તો એના સાથીદારો એનું ધ્યાન દોરતા, ''ચાલો ભાઈ, ચાલો ! બડાબાબુએ આપણી ઉપર કેટલો મોટો ભરોસો મૂકયો છે ! એમણે જેલરનો ઠપકો સાંભળવો પડે એવું આપણે નથી થવા દેવું !''

* * *

વચ્ચેના સમયમાં સાવરકર ભયંકર રીતે બીમાર પડી ગયા. જેલના ડૉકટરે એમને તપાસીને નિદાન જાહેર કર્યું, ''મિ, સાવરકર ! તમને એક સાથે ત્રણ-ત્રણ રોગો લાગુ પડ્યા છે; જેલનો કાચો ખોરાક ખાવાને કારણે તમને લાંબા સમયથી મરડો તો થયેલો જ હતો. એમાં હવે મેલેરિયા ઉમેરાયો છે, અને ક્ષયરોગનાં પણ કેટલાંક ચિહ્નો તમારામાં દેખાઈ રહ્યાં છે. તમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડશે. હું સુપરિન્ટેન્ડન્ટને ભલામણ કરું છું.''

સાવરકરને ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આટલા વરસોમાં એમના આંતરડાં એટલી હદે નબળાં પડી ચૂકયાં હતાં કે માત્ર દૂધ અને ભાતનો ખોરાક આપવામાં આવતો, તો એ પણ ઝાડા વાટે નીકળી જતો હતો. ઉપરથી મેલેરિયાની ગોળીઓ એમની હોજરીમાં ઠલવાતી, જે આંતરડાંમાં ચાંદીઓ પાડીને લોહીની પિચકારીઓ સાથે બહાર નીકળી જતી હતી.

સાવરકરે વજન ગુમાવી દીધું. સ્નાયુઓનો જથ્થો નાશ પામ્યો. આંખો ઊંડી ઊતરી ગઈ. ગાલમાં ખાડા પડી ગયા. દેહ હાડપિંજર જેવો બની ગયો. અશક્તિ એટલી બધી વધી પડી કે પુસ્તકો વાંચવાનું કે કોઈની સાથે બૌદ્ધિક વાર્તાલાપ કરવાનું પણ બંધ કરી દેવું પડ્યું.

સમયનો પટ ખૂબ લાંબો બની ગયો. આખો દિવસ પથારીમાં મરણાસન્ન દશામાં કાઢવો એ સાવરકરને મન અસહ્ય બની ગયું.

પૂરું એક વરસ સાવરકરે આ જ સ્થિતિમાં હૉસ્પિટલના બિછાનામાં પસાર કરી નાખ્યું. જ્યારે એ કંઈક ઊભા થવા જેવી હાલતમાં આવ્યા, ત્યારે ડૉકટરે એમને સાચી વાત જણાવી. ''અભિનંદન, સાવરકર ! તમે તો યમરાજાના બારણે ટકોરા મારીને પાછા આવ્યા છો !''

કૃશકાય સાવરકર હસ્યા, ''મૃત્યુ સ્વયં મારાથી ડરે છે, હું એનાથી ડરતો નથી ! હું તો ફાંસીના ગાળિયાને ચૂમીને પાછો ફરેલો માણસ છું. કરાલ કાળના સ્થંભોને હચમચાવીને હું અનેક વાર પાછો આવેલ છું. અત્યારે પણ હું જીવી રહ્યો છું એ સમયનો જ પરાજય છે !''

ડૉકટરની ભારપૂર્વકની ભલામણને વશ થઈને સુપરિન્ટેન્ડન્ટે આ કાળવિજયી કેદીને એમની સાત નંબરની ચાલીના ત્રીજા મજલે આવેલી દસ નંબરની કોટડીને બદલે પાંચ નંબરની ચાલીમાં આવેલી ત્રીજા માળની સુંદર કોટડીમાં ફેરવી દીધા. આ કોટડી દરિયાની બરોબર સામે જ પડતી હતી. અહીં સાવરકરનો સમય અફાટ સાગરના પાણીને નીરખવામાં અને બુલબુલ, મેના જેવાં પક્ષીઓના અવાજો સાંભળવામાં પસાર થતો હતો.

થોડા જ સમયમાં સાવરકર આ પંખીઓની ભાષા સમજતા થઈ ગયા.

અને આ કોટડીમાં સાવરકરે એમની પ્રખ્યાત કવિતા 'મરણોન્મુખ શૈયા ઉપર'ની રચના કરી. આ કેદી જીવી-જીવીને મરી રહ્યો હતો અને...મરતાં-મરતાં જીવવાનું એણે શીખી લીધું હતું.

આ અરસામાં જેલના સત્તાવાળાઓ માટે એક આશ્ચર્યજનક ઘટના બની ગઈ. એક દિવસ સવારથી જ જેલના તમામ કેદીઓએ ખોરાક લેવાનો ઈન્કાર કરી દીધો. કોણ જાણે સાવરકર તરફથી શી સૂચના ફરી વળી કે કોટડી કોડટીમાંથી અનશનની મૂક જાહેરાત જાગી ઊઠી.

જેલરે ફરી-ફરીને પૂછી જોયું, "તમારી કંઈ ફરિયાદ છે ? તમારે કશી રજૂઆત કરવાની છે ? ખોરાકમાં કંઈ કહેવાપણું છે ?"

પણ જવાબમાં મૌન અને માત્ર મૌન. અને કેદીઓએ કામ કરવાનું તો ચાલુ જ રાખ્યું. છીલકો, વણાટકામ, કોલું, જંગલમાં લાકડાં કાપવા જવું; કઠિનમાં કઠિન કામ પણ ચાલુ રહ્યું. પણ સવારની કાંજી લેવાની ના, બપોરની રોટી-ચાવલ ખાવાનો ઈન્કાર અને રાતની રોટી-ભાજીની પણ મનાઈ.

વાત વધીને સુપરિન્ટેન્ડન્ટ સાહેબ પાસે પહોંચી. એમણે નાનાં-નાનાં જૂથમાં કેદીઓને ઑફિસમાં બોલાવ્યા. પૂછ્યું, "આ બધું શું છે ? સત્યાગ્રહ ? કે પછી સામૂહિક બીમારી ? કે પછી બળવાનો કોઈ ભેદી પ્રકાર ?"

બધાનો એક જ જવાબ, "અમે કશું નથી જાણતાં. જાણે છે ફક્ત બડાબાબુ !"

આખરે સાહેબે એ દિવસના અખબારમાંથી આ સામૂહિક ઉપવાસ પાછળનું સાચું કારણ શોધી કાઢ્યું. એણે સાવરકરને ઑફિસમાં તેડી મંગાવ્યા, "મિ. સાવરકર, સાચું બોલજો ! તમે આજે ભૂખ્યા રહ્યા છો એનું કારણ છાપામાં આવેલા આ સમાચાર જ છે ને ?"

સાવરકરની આંખો ભીની હતી, "હા, સાહેબ ! અમારા બધાંના હૃદયમાં વસેલા લોકમાન્ય ટિળક મહારાજનું અવસાન થયું છે. જેલમાં કેદીઓને રાજકીય બાબતોમાં ભાગ લેવાની મનાઈ છે. એટલે અમે જાહેરમાં તો અમારા મહાન નેતાને કેવી રીતે શ્રદ્ધાંજલિ આપી શકીએ ? પણ આજે સવારે જેવા અમે આ સમાચાર જાણ્યા કે તરત જ આખી જેલમાં અમારી સૂચના ફરી વળી કે આજે કોઈ પણ કેદીએ અન્નનો દાણો પણ મોંમાં મૂકવાનો નથી. આ માત્ર સૂચના જ હતી, આદેશ નહીં. તેમ છતાં તમે જોયું તે હજારો કેદીઓએ સ્વયંભૂ રીતે આ વાતનો કેવો જબરજસ્ત પ્રતિસાદ પાઠવ્યો છે !"

સાહેબ હસ્યા, "હા, હું એટલું તો જોઈ શકું છું; પણ એક વાત હું ન તો જોઈ શકું છું, ન જાણી શકું છું. ન સમજી શકું."

"એ વાત શી છે ?"

''લોકમાન્ય ટિળક મૃત્યુ પામ્યા એ સમાચાર તમે કયાંથી મેળવ્યા ? અને આપણી જેલમાં કેદીઓને આપસમાં વાત સુદ્ધાં કરવાની પણ મનાઈ છે, ત્યારે તમે સવાર-સવારમાં જ આ સામૂહિક ઉપવાસની વાત આખી જેલની કોટડીએ-કોટડીએ કેવી રીતે પહોંચાડી દીધી ?''

''એ સમજવા માટે તમારે સાવરકરને સમજવો પડશે, સાહેબ ! સંગઠન, સાહસ અને પ્રચાર એ સાવરકરને મન ડાબા હાથનો ખેલ છે !'' સાવરકરે ગંભીરતાપૂર્વક કહ્યું અને પછી એ પોતાની કોટડીની દિશામાં ચાલી નીકળ્યા.

આજે સિંહ ગમગીન હતો. એના પ્રાણપ્રિય ટિળક મહારાજનું નિધન થયું હતું. સાવરકરના મનમાં પૂણેનાં અનેક સંસ્મરણો સમી સાંજના ગાયોનાં ધણની જે ઊભરાતાં હતાં. આ એ જ ટિળક મહારાજ હતા જેમની ભલામણથી સાવરકરને વિલાયત જવા માટે શિષ્ટવૃત્તિ મળી હતી. એમને પત્રને કારણે જ વિનાયક શ્યામજી કૃષ્ણવર્મા જેવા મહાન દેશભકતના નિકટના મિત્ર બની શકયા હતા. આવા વિરાટ નેતાના અવસાન પ્રસંગે વિનાયક શું એક દિવસ પૂરતો ઉપવાસ પણ ન કરી શકે ?!

* * *

૧૯૧૯ની સાલ એની સફરનું અડધું અંતર કાપવા સુધી પહોંચી ચૂકી હતી. મે મહિનાનો ઉનાળો આંદામાનના ટાપુસમૂહ ઉપર આગ વરસાવતો હતો. અંતિમ સપ્તાહના આખરી દિવસો ચાલી રહ્યા હતા.

ત્યારે અચાનક સાવરકર બંધુઓને જેલના સુપરિન્ટેન્ડન્ટ તરફથી સંદેશો મોકલવામાં આવ્યો, ''બંને ભાઈઓ ઑફિસમાં આવો ! તમારા પરિવારજનો તમારી મુલાકાતે આવ્યાં છે !''

સાવરકર બે-ચાર ક્ષણ પૂરતા તો શૂન્યમનસ્ક બની ગયા. આ સત્ય હતું કે ભ્રમ ? જેલમાં આવ્યે આજે આઠ વરસ પૂરાં થયાં. બીજા કેદીઓને પાંચ વરસની કેદ પૂરી કર્યા પછી કુટુંબીજનોને મળવા દેવાની છૂટ હતી. પણ સાવરકર ભાઈઓ આ નિયમમાં અપવાદ હતા. આ હક્ક માટે એમણે કેટલી બધી અરજીઓ કરી ! કેટલા પત્રો લખી મોકલ્યા ! પણ એમની રજૂઆત જીવતા માણસના કાનને બદલે જડ પથ્થરની દીવાલ સાથે અફળાઈને પાછી ફરી.

અને આજે આઠ-આઠ વરસ પછી ભાઈનું, એની પત્નીનું, પોતાની પત્ની યમુનાનું અને ખાસ તો પ્રાણપ્રિય એવી સરસ્વતીભાભીનું મોં જોવા મળશે ! આ વિચાર માત્રથી સાવરકરના દેહમાં રોમાંચ વ્યાપી ગયો, એ જ હાલત એમના મોટા ભાઈની પણ હતી. ક્ષયરોગનો ભોગ થઈ ચૂકેલા ગણેશપંતને મન પત્નીને તથા અન્ય સભ્યોને મળવાની કદાચ આ છેલ્લી તક હતી.

બંને ભાઈઓએ એક સાથે ઑફિસમાં પગ મૂકયો, એક સાથે ત્રણ જણાંના ચહેરાઓ જોયા. નાનો ભાઈ બાલ હવે જુવાન બની ગયો હતો. આખો દેશ એને હવે ડૉ. નારાયણ સાવરકરના નામથી જાણતો હતો. એની બાજુમાં એની ધર્મપત્ની બેઠેલી હતી. સાવરકર ભાઈઓ પોતાના લઘુબંધુની પત્નીને આજે પહેલી જ વાર જોઈ રહ્યા હતા. અને એની બાજુમાં યમુનાતાઈ બેઠાં હતાં, વિનાયકનાં ધર્મપત્ની, બધાં એકબીજાને પ્રેમપૂર્વક ભેટી પડ્યાં. ત્રણેય ભાઈઓ એક સાથે બેસીને વાતો કરી રહ્યા હોય એવી ઘટના પૂરાં બાર-તેર વરસ પછી આજે બની રહી હતી. છેલ્લે ૧૯૦૬માં વિલાયત જવા માટે જ્યારે વિનાયક આગબોટમાં બેસતો હતો, ત્યારે બંને ભાઈઓ મુંબઈના બંદરે એને વળાવવા માટે આવ્યા હતા.

પણ વિનાયકના મનમાં અત્યારે સૌથી મોટી મૂંઝવણ એ ચાલી રહી હતી કે ઘરેથી મળવા માટે આ ત્રણ જણાં જ કેમ આવ્યાં હતાં ! જેને જોવા માટે એની આંખો તરસતી હતી એ ભાભી કેમ દેખાતાં નથી ? પોતાની મા, સખી, બહેન, શિષ્યા અને લાડકી યેશુભાભી જેને પોતે જ 'સરસ્વતી'નું નામ આપેલું હતું એ કેમ પોતાના માનીતા દિયરને મળવા નથી આવી ? અરે, દિયરને નહીં તો છેવટે પતિને મળવા તો આવવું હતું !

''બાબા ! તાત્યા ! સરકારે અમને બહુ તડપાવ્યા.'' બાલે રૂંધાયેલા ગળે માહિતી આપી, ''આ મુલાકાત માટે હું અરજીઓ કરી-કરીને થાકી ગયો. પણ સરકાર મચક જ ન આપે ! એક વાર તો મુલાકાતની મંજૂરી પણ મળી ગઈ, હું અને યમુનાભાભી છેક આગબોટમાં બેસવાની તૈયારીમાં હતા, ત્યારે અમને ના પાડી દેવામાં આવી : 'ઉપરથી મુલાકાત રદ કરી દેવામાં આવી છે.' આખરે અત્યારે રજા મળી.''

''એ બધું છોડ, બાલ ! એ કહે કે સરસ્વતીભાભી કેમ ન આવી...?'' વિનાયકના બોલવામાં અધીરાઈ હતી.

બાલ રડી પડ્યો, ''સરસ્વતીભાભી મૃત્યુ પામ્યાં છે !''

ઑફિસમાં સન્નાટો પ્રસરી ગયો. બાબાની છેલ્લી વાર પત્નીને મળી લેવાની આશા ઉપર પાણી ફરી વળ્યું. નાનો ભાઈ ભીના ગળે ભાભીનાં મૃત્યુની માહિતી વર્ણવતો રહ્યો, ''બિચારાં ભાભીએ શું નથી વેઠ્યું ? આપણે ત્રણેય ભાઈઓ જેલમાં હતા, ત્યારે અનેક આર્થિક વિટંબણાઓ વેઠી, આપણા દુશ્મનોએ આપણા વિશે નફરતભરી વાતોના મહેણાં-મારી-મારીને ભાભીને સામાજિક દૃષ્ટિએ અસ્પૃશ્ય બનાવી દીધાં. ગરીબી, બીમારી અને બેહાલીનો ત્રિવિધ માર વેઠતાં-વેઠતાં એ સતી સ્ત્રીની જિંદગીમાં એક માત્ર અંતિમ ઈચ્છા બચી હચી : પતિનું અને દિયરનું મોં

જોવાની ! અને જ્યારે આ મુલાકાતની મંજૂરી આપતો પત્ર આવ્યો, એના થોડાક જ દિવસો અગાઉ ભાભીએ દેહ છોડ્યો !''

વાતાવરણ ગંભીર બની ગયું. મુલાકાતનો સમય માત્ર એક જ કલાકનો નક્કી કરવામાં આવેલ હતો, અને આ અમૂલ્ય સમય રુદન અને શોકમાં પલટાઈ રહ્યો હતો. આખરે નાના બાઈ ડૉ. નારાયણે જ વાત બદલી નાખી, ''તાત્યા ! તમે તો જાણે છો કે બાબાએ યોગી-અવસ્થા પ્રાપ્ત કરી લીધી છે. એમની માન્યતા પ્રમાણે તો યેશુભાભી મર્યા જ ન ગણાય, સૂક્ષ્મ સ્વરૂપે એમનો આત્મા અત્યારે આપણી સાથે હાજર જ છે. માટે એમના વિશે આપણે શોક ન કરીએ.''

''સારું, બાલ ! પણ મને એ તો કહે કે અમારી ગેરહાજરીમાં તારી કાળજી કોણે રાખી ? તને ડૉકટર કોણે બનાવ્યો ?'' વિનાયકના મનમાં એ વાતનું મોટું આશ્ચર્ય ઊઠતું હતું તે ૧૯૦૬માં જેને પોચો સસલા જેવો જોયેલો એ બાલ અત્યારે ડૉ. નારાયણ શી રીતે બની ગયો !

''તાત્યા ! મારી અને આપણા ઘરની સંપૂર્ણ કાળજી લીધી મેડમ કામાએ ! એ પારસી બાનુ આપણા માટે દેવીનું રૂપ ધરીને આવી. જો એ ન હોત તો...'' નારાયણે બધી વાત વિગતે કહી સંભળાવી.

આમ ને આમ વાતો ચાલતી રહી, અન્ય કેદીઓનાં સગાં જ્યારે મુલાકાત માટે આવતાં, ત્યારે એમને એકાંતમાં મળવા દેવામાં આવતાં હતાં. જો ઈચ્છે તો એ લોકો કેદીઓની સાથે બે દિવસથી લઈને એક સપ્તાહ સુધી ભેગાં રહી પણ શકતાં હતાં. એમને ટાપુ ઉપર ફરવાની પણ છૂટ હતી.

પણ સાવરકર બંધુઓ આ નિયમ માટે અપવાદ હતા. મુલાકાત માત્ર એક જ કલાકની, બીજો અડધો કલાક વિનાયક અને એમની પત્નીનાં મિલન માટે. પછી ત્રણેય મુલાકાતીઓએ તાત્કાલિક પોર્ટ બ્લેયર છોડીને ચાલ્યા જવાનું. એમને ટાપુ ઉપર એક પણ મિનિટ રોકાવાની મનાઈ હતી.

મુલાકાત પણ સુપરિન્ટેન્ડન્ટની હાજરીમાં જ ગોઠવવામાં આવી. આ લોકો માતૃભાષામાં કંઈ ખાનગી વાત કરી લે તો એ જાણી લેવા માટે એક મરાઠી ભાષી કેદીને પડદાની પાછળ ઊભો રાખવામાં આવેલો.

શિયાળોના પહેરા હેઠળ સિંહોની સભા સંપન્ન થઈ. પછી વિનાયક અને યમુનાતાઈને અર્ધા કલાકનું એકાંત ફાળવવામાં આવ્યું.

વિનાયકે પત્નીને પૂછ્યું, ''કેમ હસતી નથી ?''

પત્નીએ ઉત્તર આપ્યો, ''તમારી હાલત જોયા પછી હસું કેમ કરીને, શી દશા થઈ ગઈ છે શરીરની ? દુબળો-પાતળો દેહ, સફેદ અને લોહી વગરની ચામડી,

ઊંડી ઊતરી ગયેલી આંખો અને ઝૂકી ગયેલી કમર ! દસ વરસમાં તો આ જેલે તમને યુવાનમાંથી વૃદ્ધ બનાવી દીધા !''

સાવરકરનો દેહ ટટ્ટાર થયો, ''આ કાળાપાણીનો કારાવાસ છે, યમુના ! આ તો તારો પતિ સિંહ હતો એટલે ટકી શકયો ! બાકી મારી ઉપર જેટલા અત્યાચારો વરસ્યા છે એટલા સહન કર્યા પછી બીજો કોઈ તો કયારનોયે મૃત્યુ પામ્યો હોત !''

''ના; આ શરીરે કયારેક થાકી ગયું હશે, પણ આ આત્મા કદીયે હાર્યો નથી. એ તો હજુ આનાથી પણ કઠોર અને જુલમી આફતો સામે ટકી રહેવા માટે કટિબદ્ધ છે. પચાસ વર્ષની બેવડી જનમટીપ મારો જીવ હરી શકે છે, પણ મારા ઝનૂનને નહીં !''

''પણ આટલી લાંબી સજાના અંતે આપણા સંસાર ભોગવવાનાં સપનાંનું શું થશે ? આપણા સંતાનપ્રાપ્તિની કામનાનું શું ? આપણો વંશ આથમી જશે એ વાસ્તવિકતાનું શું ?'' યમુનાતાઈના પ્રશ્નોમાં એક અરમાનો ભરેલી પત્નીનાં સળગેલાં સ્વપ્નો ડોકાતાં હતાં.

આ સાંભળીને સાવરકરનો અવાજ બદલાઈ ગયો. ઊંડા, ખાલી કૂવામાંથી ઊઠતા ઘેરા પડઘા જેવા સ્વરમાં તે બોલ્યા. ''સિંહ જેવા પુરુષનું પડખું સેવનારી સ્ત્રી આજે આમ ઢીલી-ઢીલી વાતો કેમ કરી રહી છે ? છટ્ ! છોડી દે આવી પામરતાને ! આજથી એક દાયકા પહેલાં મેં તને જે કહ્યું હતું એ વિધાન યાદ કર ! મેં કહ્યું હતું-ધન્ય છે એ વંશવેલી જે દેશકાર્ય માટે નિર્વંશ થવાનું પસંદ કરે છે. માટે પ્રિયે, આ ભવ પૂરતો મને માફ કર ! ભગવાન ઈચ્છશે તો આવતો ભવ આપણે સાથે માણીશું ! બાકી આ અવતાર તો મારી 'મા' માટે જ રહેશે !''

મુલાકાત પૂરી થઈ ગઈ. યમુનાતાઈએ આંખો લૂછી નાખી. મન પણ ભીનું થઈ ગયું હતું એ પાછું કોરું કરી નાખ્યું. ક્ષણવાર માટે સામાન્ય બની ગયેલી સ્ત્રી પુનઃ સિંહપુરુષની પત્ની બનીને પીઠ ફેરવી ગઈ.

○ ○ ○

૨૧. આંદામાનને 'આવજો !'

સાંજનો સમય હતો. દિવસભરની મજૂરી પૂરી કરીને સેલ્યૂલર જેલના કેદીઓ ફરી પાછા પોતાની કોટડીમાં પુરાઈ જવાની તૈયારીમાં હતા. જીવનમાં તો જમનટીપનું અંધારું ઊતરેલું જ હતું, હવે જમીન ઉપર પણ અંધકાર ઊતરવાની તૈયારીમાં હતો. સાવરકર બંધુઓ પણ કેદીઓના ટોળામાં ઊભા હતા.

ત્યાં દૂરથી એક શીખ કેદી દોડતો-દોડતો એમની પાસે આવ્યો અને હરખભેર કહેવા લાગ્યો, ''બાબુજી ! છુટકારો ! રાજકીય કેદીઓને છોડી મૂકવાનો હુકમ આવી ગયો છે. હવે તમે છૂટવાના બાબા સાહેબ, આપ પણ છૂટી જવાના !''

'છુટકારો' એ શબ્દ કેટલો આનંદદાયક છે એની ખબર માત્ર જનમટીપ કે ફાંસીની સજા પામેલા કેદીઓને જ હોય છે. પણ સાવરકર આ શબ્દથી એટલી બધી વાર છેતરાયા હતા કે હવે ખુદ ઈંગ્લૅન્ડનો રાજા આવીને એમને કહે કે 'તમનેં આવતી કાલથી મુક્ત કરવામાં આવશે', તો પણ થોડી વાર માટે સાવરકરને વિશ્વાસ ન પડે ! પેલી બાળવાર્તાના 'વાઘ આવ્યો રે વાઘ !' જેવું થાય !

આ પહેલાં રાજા જ્યોર્જના રાજ્યાભિષેક વખતે પણ આવી જ વાત ઊડી હતી. પછી વિશ્વયુદ્ધમાં ઈંગ્લૅન્ડે ઝંપલાવ્યું ત્યારે પણ આંદામમાનના કેદીઓને છોડવાની વાત આવેલી. ઘણા બધા કેદીઓને છોડવામાં પણ આવ્યા હતા, પરંતુ મુક્તિની વાત હોય કે દરખાસ્ત, હકીકત હોય કે અફવા; સાવરકર બંધુઓને બાજુ પર રાખીને જ વિચાર કરવામાં આવતો હતો.

દૂધથી દાઝેલા સાવરકરે એટલે જ છાશ પણ ફૂંકીને પીવાનો પ્રયત્ન કર્યો, 'તને કોણે કહ્યું ? જેલરને કે સુપરિન્ટેન્ડન્ટને કોઈની સાથે વાત કરતાં તેં સાંભળ્યા ? ટપાલ વાંચી ? કે પછી તાર વાંચ્યો ? ટપાલ હોય તો તે કઈ ભાષામાં હતી ?'

પાંચ પ્રશ્નોની અંદર પારાવાર પૂછપરછ છુપાયેલી હતી, જેટલા સવાલો હતા એના કરતાં ન ઉચ્ચારાયેલા સંશયો વધુ સંખ્યામાં હતા.

અને જવાબમાં શું હતું ? આ પાઈ-પાઈના પરચુરણ સામે રોકડા રણકતા રૂપિયા જેવો જવાબ હતો. પેલા શીખ કેદીએ ખિસ્સામાં સંતાડેલો સરકારી ટેલિગ્રામ કાઢીને 'બડાબાબુ'ના હાથમાં ધરી દીધો. સરકારી તાર હતો, જેમાં લખેલું હતું, 'એમ્નેસ્ટી વિલ બી શોન ટુ ધી પોલિટિકલ પ્રિઝનર્સ, સો ફાર ઈટ ઈઝ કોમ્પેટિબલ વિથ

પબ્લિક સેફ્ટી ! મતલબ કે 'સાર્વજનિક સલામતીને અનુકૂળ થાય એવો અર્થ કરીને રાજકીય કેદીઓ માટે રાજ્ય ક્ષમાનો ઉપયોગ કરવામાં આવશે !'

સાવરકર કડવાશભર્યું હસ્યા, "આ લખાણનો અડધો ભાગ તમારા જેવા કેદીઓ માટે છે અને અડધો ભાગ અમારા માટે છે ! અંગ્રેજોને મન આખા બ્રહ્માંડની સલામતી માટે જો કોઈ જોખમરૂપ હોય, તો માત્ર સાવરકર બંધુઓ જ છે ! જા, ભાઈ, તું આનંદ મનાવ ! અમારે માટે તો આ સેલ્યુલર જેલનું નર્કાગાર એ જ સ્વર્ગ છે !"

ખરેખર એમ જ બન્યું. સેંકડો રાજકીય કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. માત્ર ત્રીસ જ કેદીઓમે મુકત ન કરવામાં આવ્યા. આ ત્રીસમાં વિનાયકરાવ અને ગણેશપંત સાવરકર મુખ્ય હતા. બાકીના અઠ્ઠાવીસ એમની ચુસ્ત ટેકેદારો હતા. હવે એમનો ગુનો બદલાયો હતો; એ લોકો સાવરકરવાદી હોવાની સજા ભોગવી રહ્યા હતા !

* * *

સાવરકરની ન્યાય પ્રાપ્તિ માટેની કોશિશો તો ચાલુ જ હતી. એમણે સરકાર ઉપર અનેક અરજીઓ મોકલી, ફરિયાદો રજૂ કરી; 'બીજા કેદીઓને પાંચ વરસની સજા પૂરી થયા પછી 'ટિકિટ' આપવામાં આવે છે. અમને દસ વરસ પછી પણ ટિકિટ કેમ નહીં ?"

'ટિકિટ' આપવી એટલે કેદીને જેલની બહાર નીકળવાની રજા આપવી. એને શાકભાજી વેચવા કે એવા જ બીજા કામ સબબ જેલમાંથી બહાર જવાની છૂટ આપવામાં આવતી હતી. કેટલાક કેદીઓ તો ટાપુ ઉપર ધંધો-વેપાર પણ શરૂ કરી શકતા હતા. એમને ઘર બાંધીને પત્ની સાથે સંસાર માંડવાની પણ છૂટ હતી. પણ સાવરકર ભાઈઓ માટે જેલની નિયમોથી અલગ જ હતી.

નાનો ભાઈ બાલ, મુકત હતો અને પ્રતિષ્ઠિત ડૉકટર હતો. એને જ્યારે સરકારનું ધ્યાન આ ઘોર અન્યાય પ્રત્યે દોર્યું, ત્યારે અંગ્રેજ અફસરોએ એમને ધુત્કારી કાઢ્યા, "તમારા બંને ભાઈઓને છોડવામાં આવે એવું હિંદુસ્તાનના લોકો જ ઈચ્છતા નથી. તમારા જેવા કુટુંબીજનને બાદ કરતાં બીજા કોઈને તમે આવો પ્રયત્ન કરતા જોયા ખરા ? લોકોને મન તો આ ક્રાંતિકારીઓ ફકત ખૂનીઓ જ છે !"

ડૉ. નારાયણ સાવરકર સમસમી ગયા. 'અભિનવ ભારત'ના વફાદાર કાર્યકરોને ભેગા કરીને એમણે અંગ્રેજોના આ તુમાખીભર્યા વર્તાવની જાણ કરી. પછી તો પૂછવું જ શું ? આખું મહારાષ્ટ્ર ખળભળી ઊઠ્યું. મુંબઈ, પૂણે અને નાસિક જેવાં ડઝનબંધ શહેરોના ભદ્રજનો વગર દીવાસળીએ સળગી ઊઠ્યા. ભગૂર, ત્ર્યંબક અને કોહુર જેવાં હજારો ગામડાંઓમાં સાવરકરપ્રેમનો દાવાનળ ફેલાઈ ગયો, સરકારી બાબુઓ

પોતાના દફતરો છોડીને નીકળી પડ્યા. વેપારીઓએ દુકાનો વસતી કરી. ખેડૂતો ખેતર છોડીને બહાર નીકળ્યા તો મજૂરવર્ગ મજૂરી છોડીને નીકળી પડયો.

તમામની જીભે એક જ ફરિયાદ હતી : ''અંગ્રેજ સરકાર સમજે છે શું એના મનમાં ? મહારાષ્ટ્ર પોતાના મહાન સપૂતોને કેટલો પ્રેમ કરે છે એનો પુરાવો માગે છે સરકાર !''

અને તમામના મુખે એક જ નારો હતો : ''અમારા તાત્યારાવને મુકત કરો ! અમારા બાબારાવને છોડો !''

કાર્યકરો નીકળી પડ્યા. ભગૂરની માતાઓ અને બહેનો નીકળી પડી. માત્ર ગણતરીના દિવસોમાં જ સિત્તેર હજાર જેટલી સહીઓવાળો એક નિવેદનપત્ર તૈયાર કરીને મુંબઈના રાષ્ટ્રીય સંઘ તરફથી પેટ-મેલી સરકારની વાંકદેખી આંખ આગળ ધરી દેવામાં આવ્યો.

''આ કાગળમાં તો માત્ર મહારાષ્ટ્રીયનોની જ સહીઓ છે !'' એક ગોરા અધિકારીએ સત્યની ગંજીમાંથી ભૂલથી એક નાનકડી સોય ખોળી કાઢી.

ડૉ. નારાયણરાવે સણસણતો જવાબ આપ્યો, ''સમય ઓછો પડ્યો, નહીંતર સિત્તેર હજારને બદલે તેત્રીસ કરોડ સહીઓ લાવી આપત ! અને જરા ધ્યાનથી વાંચો; મહારાષ્ટ્ર ઉપરાંત હિંદના તમામ પ્રાંતોના મુખ્ય-મુખ્ય, આગળ પડતા નાગરિકોની સહીઓ તો આ યાદીમાં છે જ !''

ટેબલ ઉપર બોલતો પુરાવો પડેલો હતો જે જોઈ પણ શકાતો હતો અને વાંચી પણ ! અને વગર બોલ્યે પણ સાંભળી શકાતી એક ડરામણી ચેતવણી પણ હતી : જો હજુ પણ સાવરકર ભાઈઓને મુકત કરવામાં નહીં આવે તો આખું હિંદુસ્તાન આ મુદ્દા ઉપર કદાચ એક થઈને ઊભું રહી જશે !

શ્વેત શિયાળોએ આખરે સાચાર બનીને નિર્ણય કર્યો : ''સિંહ બાંધવોને છોડી મૂકો !''

* * *

સાવરકર બંધુઓની શારીરિક હાલત અતિશય કથળી ગઈ. આ વખતે નહીં બચે એવી ભીતિ અંગ્રેજોના મનમાં પણ વ્યાપી ગઈ. તાબડતોબ નાના ભાઈ ડૉ. નારાયણરાવે મુલાકાત માટે અરજી કરી. સરકારે તાત્કાલિક આ અરજીને મંજૂરી પણ આપી દીધી.

ફરી એક વાર ત્રણેય ભાઈઓ જેલના સુપરિન્ટેન્ડન્ટની ઑફિસમાં મળ્યા. ક્ષયરોગમાં ફસાયેલા બાબાને ન સંભળાય તેવા ધીમા અવાજમાં સાવરકરે નાના ભાઈને માહિતી આપી, ''બાલ, હું જાણું છું કે તું હિંમતવાન છો. સત્ય ભલેને ગમે તેવું કઠોર હોય પણ તેનો સામનો કરવો જ રહ્યો, તું પોતે ડૉકટર છો એટલે

તારાથી વસ્તુસ્થિતિ છુપાવી રાખવાનું કશુંય કારણ હું જોતો નથી. તેથી કહું છું કે હવે તું અમારા બંનેના જીવનના છેલ્લા સમાચાર સાંભળવા માટે તૈયાર રહેજે. હવે વધારે દિવસ કઢાય એમ લાગતું નથી. આ મુલાકાત કદાચ આપણો છેલ્લો મેળાપ હોઈ શકે છે !''

શબ્દે-શબ્દે હૃદયને ધક્કા લાગતા હતા. બાલની મુદ્રા ઉપર શોકની કાલિમા છવાઈ ગઈ. પણ તાત્યાના શબ્દોમાં સત્યનો પડઘો સંભળાતો હતો, એટલે એણે ચૂપચાપ સાંભળી લીધો.

સરકાર હવે બધી બાજુએથી ભીસમાં આવી પડી. જો સાવરકર બંધુઓનું સેલ્યુલર જેલમાં નિધન થાય તો હિંદને કાબૂમાં રાખવું મુશ્કેલ બની જાય. વિશ્વનો જનમત પણ અંગ્રેજોની વિરુદ્ધમાં જાય. ગેરકાયદે ધરપકડ કરીને નજીવા ગુનાસર અમાનવીય સજા ફટકારીને બે હટ્ટાકટ્ટા તંદુરસ્ત ભાઈઓને ત્રાસ આપીને, ભૂખ્યા રાખીને તોડી નાખ્યા અને મારી નાખ્યા એવો આક્ષેપ કાયમ માટે સરકારના લમણે લખાઈ જાય એ એક મુદ્દો હતો.

બીજો મુદ્દો એ હતો કે કાળાપાણીની દસ વરસની સજા પૂરી કરનારા કેદીને 'ટિકિટ' આપવાનો નિયમ હતો. સાવરકર ભાઈઓ પણ આ નિયમનો લાભ લેવા માટે પૂરેપૂરા હક્કદાર હતા. ટિકિટ મેળવીને જો આ બેઉ સિંહોને જેલમાંથી બહાર કાઢવામાં આવે અને પોર્ટ બ્લેયર ટાપુ ઉપર ઘર રાખીને રહેવા દેવામાં આવે. તો ભયંકર અનર્થ સર્જાઈ જાય, મોટા સાવરકર તો નિરુપદ્રવી બની ગયા હતા, પણ આ વિનાયકનું કંઈ કહેવાય નહીં. આઝાદ થયા પછીના છ જ મહિનામાં એ ટાપુ ઉપર હિંસક ક્રાંતિકારીઓની ફોજ ખડી કરી દે એમાં મીનમેખ નહીં.

અને ત્રીજો મુદ્દો એ હતો કે અત્યાર સુધીમાં એક યા બીજા કારણસર અનેક રાજકીય કેદીઓને તદ્દન છોડી મૂકવામાં આવ્યા હતા, તો પછી સાવરકર ભાઈઓને શા માટે નહીં ?

લુચ્ચા અંગ્રેજોએ આ મૂંઝવણના ત્રિકોણનો ચોથો ખૂણો શોધી કાઢ્યો.

* * *

એક દિવસ સાંજનો ઘંટ સાંભળીને 'ફોરમૅન' સાવરકરે તેલના કોઠારને તાળું માર્યું. ચાવી મુખ્ય જમાદારના હાથમાં મૂકી. પછી પોતાની કોટડીમાં પુરાઈ જવા માટે તેઓ ચાલતા થયા. ત્યાં સામેથી એક વૉર્ડર હસતો-હસતો એમને આવી મળ્યો. કોઈ ન જુએ તેમ એક ચિઠ્ઠી એણે સાવરકરના હાથમાં થમાવી દીધી, પછી ધીમેથી બબડ્યો, ''બડેબાબુ' સારા સમાચાર છે ! અને સાચા પણ !'' આટલું કહીને તે ચાલતો થયો.

સાવરકરે ચિઠ્ઠી ઊઘાડીને વાંચી, તો અંદર લખ્યું હતું, ''આજે મુખ્ય કમિશનરની કચેરીમાં 'હિંદ સરકારનો હુકમ આવ્યો છે કે સાવરકર ભાઈઓને પાછા હિંદ મોકલી આપવામાં આવે. મુંબઈ સરકારે તેમને પાછા બોલાવ્યા છે.''

સાવરકર ચિઠ્ઠી વાંચીને હસી પડ્યા. 'વાઘ આવ્યો રે વાઘ !' ની વાર્તા એમણે પચાસ વખત વાંચી હતી અને પચાસેય વાર એ વાર્તા ખોટી સાબિત થઈ હતી. એટલે એમને આ લખાણમાં લગીરેકેય વિશ્વાસ ન પડ્યો. પણ પેલા વૉર્ડરે લખ્યું હતું : 'આ સમાચાર તદ્દન સાચા છે ! મેં સગી આંખે હુકમ જોયો !''

સાવરકર તરત જ અંગ્રેજોની કુટિલતા સમજી ગયા. દસ વરસનો કારાવાસ પૂરો કરી ચૂકેલા સાવરકર બંધુઓને આ ટાપુ ઉપર છૂટા મૂકવાને બદલે સરકાર એમને 'માફી' આપીને હિંદુસ્તાન પાછા બોલાવી રહી હતી ! માફી એટલે કાળાપાણીની સજામાંથી માફી ! પણ હિંદની જેલમાંથી નહીં ! ત્યાં ગયા પછી બંને ભાઈઓને એક જ જેલમાં રાખવામાં આવશે એવી કશી ખાતરી પણ નહીં. સાવરકરને લાગ્યું કે એના કરતાં તો સેલ્યુલર જેલ શું ખોટી હતી ?

સાવરકર આ વિચારમાં વ્યથિત મને ડૂબેલા હતા, ત્યારે અન્ય કેદીઓ એમને આશ્વાસન આપતા હતા, ''ના રે ! બાબુજી, હવે તમને જેલમાં કોણ પૂરવાનું છે ? તમે તો હિંદમાં પહોંચશો કે તરત જ છૂટી જશો.''

એ રાતે સાવરકર ઊંઘી ન શકયા. સવાર પડી એટલે એમણે પ્રસ્થાનની તૈયારી શરૂ કરી દીધી. પોતાની પાસેના પુસ્તકોમાંથી મોટા ભાગનાં એમણે ત્યાંના ગ્રંથાલયમાં આપી દીધાં. બાકીનાં જેલના કેદીઓમાં વહેંચી દીધાં.

જેમ-જેમ વાત પ્રસરતી ગઈ, તેમ-તેમ જેલની બહારથી પણ કેદીઓ અને સામાન્ય નાગરિકો સાવરકરને મળવા માટે આવવા માંડ્યા ! જેલની અંદર કામ કરતા કેદીઓ તો સવારથી જ એમને ઘેરીને ઊભા હતા.

સાવરકરે એ બધાંને સમજાવ્યા, ''ભાઈઓ, તમારો પ્રેમ હું સમજી શકું છું,. પણ તમે જે રીતે ગિરદી કરી રહ્યા છો એનાથી મને ચિંતા થાય છે. જેલના અધિકારીઓ તમને જોઈ જશે તો નિયમનો ભંગ કરવા બદલ આઠ-આઠ દિવસ કોટડીની બહાર નહીં નીકળવા દે ! અને જો મારા કારણે એક પણ કેદીને સજા થશે, તો મને અતિશય દુઃખ થશે.''

પણ કેદીઓ માને તો ને ? સાવરકરે નોંધ્યું કે જેલના અધિકારીઓએ પણ એ દિવસ પૂરતા આંખ આડા કાન કરી દીધા હતા.

કેટલાક કેદીઓ એવા પણ હતા જેઓ જંગલમાં લાકડાં કાપવા ગયાં હતા, એ બાપડા ગમે તેટલી ઈચ્છા હોય તો પણ 'બડાબાબુ'ને છેલ્લી વિદાય આપવા માટે આવી શકે તેમ ન હતા, એ લોકોએ શું કર્યું ? એવા કેદીઓએ ભેટો મોકલાવવાનું

ચાલુ કર્યું. જેલના દરવાજામાંથી ચોકીદારને ફોડીને, સમજાવીને, ફોસલાવીને, આજીજી કરીને આ ગરીબ કેદીઓએ એમના પ્રાણપ્યારા ગુરુજી માટે ફળો, ફૂલો, મીઠાઈ, સોડાની બાટલીઓ અને બિસ્કિટના ડબ્બા મોકલાવવા માંડ્યા. જેલમાં આખો મહિનો કાળી મજૂરી કરી હોય અને બદલામાં આઠ આના કમાયા હોય એવા કેદીઓ પાંચ-પાંચ રૂપિયાની કિંમતની ભેટ સોગાદો આપી ગયા. સાવરકરની કોટડીમાં એક મોટા કદનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર થઈ ગયો. સક્કરટેટી, કેળાં, તડબૂચ, મધની બાટલીઓનો ઢગલો થયો.

બપોરે સાવરકર જેલના દરવાજા પાસે ગયા અને આ બધી વસ્તુઓ કેદીઓમાં વહેંચવા માંડ્યા. પણ કોઈ એમના 'બડાબાબુ'ને ચડાવેલી પૂજાસામગ્રી પરત સ્વીકારવા તૈયાર થાય તો ને ?

પછી સાવરકરે તમામ કેદીઓને ભેગા કર્યા. એ ક્ષણો ભાવવિભોરતાથી ભરપૂર ક્ષણો હતી.

'બડાબાબુ, અમને કોઈ સંદેશ આપો !'' કેદીઓએ સજળ નયનો સાથે વિનંતી કરી.

''મારી પાસે બીજો શો સંદેશ હોય ? આટલાં વરસ સુધી મેં તમને જે ભણાવ્યું છે એ જ વાત આજે પણ યાદ કરાવું છું. તમે પ્રતિજ્ઞા લો કે આ શપથવિધિ જીવનભર માટે પાળશો.''

''અમે વચન આપીએ છીએ.'' કેદીઓએ જેલ ગજાવી મૂકી.

સાવરકરના ચોરસ જડબાં આવેગને કારણે કંપ્યાં. એમની આંખોમાં એક ગજબનાક ચમકાર ઊઠ્યો. જાણે ભવિષ્યના ભારતને સામાજિક, રાજકીય નકશો આંકી આપતા હોય એવી દૂરંદેશીતાથી એમણે શપથ લેવડાવ્યા.

''એક દેવ, એક દેશ, એક આશા;

એક જાતિ, એક જીવ, એક ભાષા.''

સેલ્યુલર જેલનું ચોગાન આ વિવિધ જાતિઓ અને અલગ-અલગ પ્રાંતોના કેદીઓની સમરસતાથી ગાજી ઊઠ્યું.

ત્યાં તો પહેરેગીરે આવીને કહ્યું, ''સાહેબ આતા હૈ. આપ કો લે જાનેવાલી સિપાઈઓ કી ટુકડી ભી આતી હૈ.''

સાવરકર બંધુઓને જેલના દરવાજા પાસે ઊભા રાખવામાં આવ્યા. જેલર આવી. આઈ.પી. કેદીઓનો કબજો સિપાઈઓને સોંપ્યો. બે સિપાઈઓ બંને ભાઈઓને બેડીઓ પહેરાવવા માટે આગળ આવ્યા. પણ ભલા જેલરે એમને અટકાવ્યા, ''રહેવા દો ! એમને જો નાસી છૂટવું હશે તો આ બેડીઓ બહુ કાચી

પડશે. અને જો એમને તમારા કબજામાં રહેવું હશે, તો વિશ્વાસની બેડી પણ બહુ પાક્કી સાબિત થશે !"

અને છેવટે આંદામાનની એ ભયાનક જેલના તોતિંગ દરવાજા ઊઘડ્યા. ૧૯૧૧ની સાલમાં એ આવી જ રીતે ઊઘડ્યા હતા, પણ એ વખતે સાવરકરને ગળી જઈને એ દરવાજા મગરનાં જડબાંની જેમ બંધ થઈ ગયા હતા. આજે ૧૯૨૦ની સાલમાં એ જડબાં ફરીથી ખૂલ્યાં અને બે સાવજ ભલે ભૂખ, થાક અને બીમારીને કારણે લગભગ ખતમ થઈ ચૂકેલા પણ તેમ છતાંયે જીવતી હાલતમાં બહાર નીકળ્યા. પણ જે ભાંગી ચૂકયા હતા એ તન હતાં, મન નહીં. જેલમાંથી બહાર નીકળીને વિનાયકે એ જ જૂના મિજાજ સાથે જયઘોષ કર્યો, "સ્વાતંત્ર્યલક્ષ્મીની જય હો ! વંદે માતરમ્ !"

જેણે-જેણે આ જયઘોષ સાંભળ્યો તેણે-તેણે ઝીલી લીધો. જેલના દરવાજા પાસે ઊભેલા એક પહેરેગીરે બીજાના કાનમાં ધીમેથી કહ્યું, "મુઝે તો લગતા હૈ બડેબાબુ જ્યાદા દિન તક દેશ મેં રહનેવાલે નહીં હૈ ! બહોત જલ્દ વે વાપસ આ જાયેંગે; ઈસ બાર સૌ સાલકી સજા ખા કર લૌટેંગે ! યે જંગ અભી જીતા નહીં હૈ, ઔર યે અભી હારે નહીં હૈં !"

જેલના દરવાજાથી સમુદ્રકાંઠા સુધીને રસ્તો આમ તો બહુ ટૂંકો હતો, પણ એ કાપતાં સાવરકર બંધુઓને એક ઋષિના તપ જેટલો સમય લાગી ગયો. સરકારી બાબુઓએ સખત બંદોબસ્ત ગોઠવી રાખેલ હતો. જેલની બહાર કામ કરતો એક પણ કેદી કે પોર્ટ બ્લેઅર ટાપુ ઉપર વસવાટ કરતો એક પણ નાગરિક સાવરકરને મળી ન શકે. દૂરથી એમના દર્શન પણ ન કરી શકે એવો કડક જાપ્તો ગોઠવી દેવાયો હતો. આખા માર્ગ ઉપર પાંચ-દસ ફીટના અંતરે હથિયારબંધ પોલીસ કર્મચારીઓ ઊભેલા હતા. રસ્તો રેતાળ હતો. માર્ગની બંને બાજુએ ઊંચા-ઊંચા રેતીના ઢગલા હતા. આથી એની પેલી બાજુ પર શું ચાલી રહ્યું છે એની સાવરકરને ખબર પડે તેમ ન હતી અને સામાન્ય જનતાને સાવરકર બંધુઓ નજરે પડે તેમ ન હતા.

એવામાં અચાનક એક અણધાર્યો બનાવ બન્યો. એક કેદી જેને જમાદારની પદવી આપીને જેલની બહાર નીકળવાની છૂટ આપવામાં આવી હતી એ પૂરપાટ વેગે રેતીના ઢગલાની પાછળથી દોડતો આવી ચડ્યો અને સાવરકરને બંને બાજુએ ચાલી રહેલા સિપાઈઓ કશું બોલે, વિચારે કે કરે એ પહેલાં જ એ કેદી જમાદારે પોતાના હાથમાં રહેલી ચંપાના ફૂલોની એક સુંદર માળા વિનાયક સાવરકરની ડોકમાં ફેંકી ! માળા પણ જાણે કૃતાર્થ થવા માટે સર્જાઈ હોય તેમ સાવરકરજીના ગળામાં બરાબર ગોઠવાઈ ગઈ !

પેલો 'ભકતજન' સાવરકરની આગળ લાકડીની જેમ પડી ગયો. એમના બંને ચરણો ઉપર માથું અડકાડીને મોટેથી બોલી ઉઠ્યો, ''ધન્ય થઈ ગયો ! આજે મારો અવતાર સફળ થયો, બડાબાબુ કી જય હો ! બડા બાબુ કી...!''

સિપાઈઓના અપાર આઘાત અને સાવરકર બંધુઓના અગાધ આશ્ચર્ય વચ્ચે માર્ગની બંને બાજુ પર આવેલા રેતીના ઢગલાઓ પાછળથી અસંખ્ય માથાંઓ ઊંચાં થયાં. અને પોર્ટ બ્લેયરની સામાન્ય પ્રજાએ જમાદારે ઉચ્ચારેલો જયઘોષ ઝીલી લીધો, ''બડા બાબુ કી... જય હો !!''

આ બધું જોઈ-સાંભળીને સિપાઈઓનો ઉપરી અધિકારી રઘવાટમાં સરી પડ્યો. એણે ઘાંટાઘાંટ શરૂ કરી દીધી, ''આ બધું શાનું તોફાન છે ? આ કેદી ખતરનાક છે ! એને છુટ્ટો ન રખાય; પહેરાવી દો હાથકડી એને !''

બે સિપાઈઓ જ્યારે સાવરકરના હાથમાં 'રાખડીઓ' બાંધી રહ્યા હતા, ત્યારે સાવરકર હસીને એમના મોટા ભાઈને કહી રહ્યા હતા, ''બાબા, જોયું ને ! એક તરફ આ અંગ્રેજ સલ્તનત છે, જે બાર-બાર વરસથી મારા નામને ગુમનામીના ટેકરા નીચે દફનાવવાની કોશિશ કરી રહી છે. કયાંક મારી છબિ, પુસ્તકો કે લખાણોવાળા ચોપાનિયાં પણ દેખાઈ ન જાય એની ચાંપતી તકેદારી આ લોકો રાખતા આવ્યા છે. અને બીજી બાજુ આ દશ્ય છે; આ ચંપાનાં ફૂલોની માળા છે જે સાચા મોતીની માળા કરતાં પણ વધારે મોંઘી છે, કારણ કે આ માળા જેલના એક સામાન્ય કેદીએ જાતે બનાવેલી છે, દોરાની સાથે સાથે એણે એના અંતરનો પ્રેમ ગૂંથેલો છે. એને ખબર છે કે આ પગલાંથી કદાચ એને આપવામાં આવેલો જમાદાર તરીકેનો હોદ્દો પાછો ઝૂંટવાઈ શકે છે. છતાં એ માણસ પોતાની આઝાદીના ભોગે પણ મારા ગળામાં આ સ્નેહપુષ્પમાળા આરોપવા માટે દોડી આવ્યો છે. બાબા, તમે જ કહો; આ દેશ કયારેય એના સપૂતોના બલિદાનોને ભૂલી શકશે ખરો ?''

બાબારાવ મૌન રહીને મરકતા રહ્યા. આ દેશની જનતાને કદાચ તેઓ વધારે સારી રીતે જાણતા હતા !

* * *

પોર્ટ બ્લેઅરના સમુદ્રકાંઠે 'મહારાજા' નામની આગબોટ જેલમાંથી છૂટેલા બે સાચા 'મહારાજાઓને' આવકારવા માટે લાંગરેલી જ હતી. સાવરકર બંધુઓને આગબોટના સાવ નીચેના તળિયા પરની એક બંધિયાર ઓરડીમાં ધકેલી દેવામાં આવ્યા.

થોડી વારે જ્યારે દષ્ટિ અંધકારથી ટેવાઈ ગઈ, ત્યારે એમણે જોયું તે એ વિશાળ ભોંયરું અસંખ્ય ગાંડા કેદીઓથી છલકાતું હતું. જે કેદીઓ સેલ્યુલર જેલના અત્યાચારો સહન ન થઈ શકવાથી પાગલ બની ગયા હતા એમને હિંદુસ્તાન પાછા મોકલવામાં આવી રહ્યા હતા.

ગાંડાઓ બે નવા સાથીઓને જોઈને ગેલમાં આવી ગયા. એમાંના એક ગાંડાએ જોરદાર ઊલટી કરીને સાવરકર બંધુઓનો જળ અભિષેક કર્યો. બે-ચાર ગાંડાઓ ખુશીના માર્યા કપડાં ઉતારીને મળત્યાગ કરવા બેસી ગયા. પછી ઊભા થઈને નાચવા માંડ્યા.

એક ગાંડાએ બૂમાબૂમ કરી મેલી, ''મારા શરીર ઉપર ઊંદર ચડી ગયો છે !'' એ સાંભળીને તરત જ બીજા ગાંડાઓ એની શરીર ઉપર મુક્કો મારવા માંડ્યા. અલબત્ત, ઊંદર તો હતો નહીં, એટલે માર પેલા ગાંડાને પડી રહ્યો હતો. એણે ચીસાચીસ કરી મૂકી. આ સાંભળીને એમનો જમાદાર જે પોતે પણ કેદી જ હતો, એ બધાં ગાંડાઓનાં કપડાં ફાડવા માંડ્યો.

સાવરકરને લાગ્યું કે તેઓ પણ પાગલ થઈ જશે !

બીજી તકલીફ એ વાતની હતી તે ભોંયરામાં હવાની અવર-જવર માટે કોઈ વ્યવસ્થા ન હતી. મોટા ભાઈ ગણેશપંત ક્ષયરોગી હતા અને અતિશય ક્ષીણકાય બની ચૂકેલા હતા. એમના દેહમાં તાવ પણ રહેતો હતો. જ્યારે વિનાયકજીને બ્રોન્કાઈટિસની બીમારી હતી.

એમણે જહાજના કેપ્ટનને વાત કરી, ''આ ભંડકિયામાં તો અમે મરી જઈશું. અમને ગાંડાઓથી અલગ બીજા કોઈ ઓરડામાં રાખવાની વ્યવસ્થા ન થઈ શકે ?''

કેપ્ટને માથું હલાવ્યું, ''ના, એ શકય નથી. તમે એક વાર દરિયામાં કૂદીને નાસી છૂટવાનું સાહસ કરી ચૂકયા છો. તમારાથી વધારે ભયંકર કેદીઓ, જેમણે ખૂનો કર્યાં છે, ધાડો પાડી છે એ બધાંને ઉપરના માળે હવા ઉજાસવાળા ઓરડામાં રાખેલા છે, પણ તમને એવી સગવડ આપી શકાય તેમ નથી.''

''સગવડ ભલે ન આપો, પણ હવા-ઉજાસ તો આપો ! અને આ ગાંડાઓની ચિચિયારીઓથી થોડોક છૂટકારો આપો !''

''સારું ! તમને એ જ ભંડકિયામાં એ પાગલ કેદીઓથી દૂરના ખૂણામાં રાખવાની વ્યવસ્થા કરું છું. અને ઉજાસની વાત ભૂલી જાઓ. પણ હવા માટે હું કશુંક વિચારીશ.'' કેપ્ટને જવાબ આપ્યો.

બીજા દિવસથી કેપ્ટને ઉપરથી એક મોટી કોથળી ભરી તેને નીચે લટકાવી તળમજલાના એ પાંજરામાં દિવસમાં એક-બે વાર પવન મોકલવાની ગોઠવણ કરી આપી.

આ સરકારી જુલમ હતો અને એની સામે બીજો એક બિનસરકારી પ્રેમ પણ હતો. આગબોટમાં પ્રવાસ ખેડતા પ્રવાસીઓને જેમ જેમ ખબર મળતી ગઈ તે આ જ આગબોટના ભોંયતળિયાના ભંડકિયામાં ભારતમાતાના બે સૌથી બહાદુર બેટડાઓ પુરાયેલા છે, તેમ-તેમ તે બધા ચોરી-છૂપીથી આવી-આવીને સાવરકર

ભાઈઓને મળી જવા માંડ્યા. એમાં હિંદુસ્તાનીઓ હતા. યુરોપીયનો પણ હતા અને અમેરિકનો પણ હતા. એમાં અંગ્રેજ અધિકારીઓ પણ સામેલ હતા.

હિંદી પ્રવાસીઓ તો એમના આ ભગવાન પ્રત્યે અપૂર્વ ભક્તિભાલ દર્શાવે તે સમજી શકાય તેવી વાત હતી, પરંતુ વિદેશીઓ પણ સાવરકર પ્રત્યે અગાધ પ્રેમ અને સન્માનની લાગણી પ્રદર્શિત કરતા હતા.

એક અંગ્રેજ આવીને ફળો ને ફૂલોની ભેટ આપી ગયો, તો બીજો વળી એક સરસ પુસ્તક આપી ગયો. કોઈ મીઠાઈ આપી જતું, કોઈ ઠંડા પીણાં તો તોઈ આઈસ્ક્રીમ આપી જતું. કેટલાક પ્રવાસીઓ પૈસા આપવા માટે આવ્યા. પણ સાવરકરે ન સ્વીકાર્યા, ''કિનારે પહોંચીશું એવી જ અમને પાછા જેલમાં પૂરવામાં આવશે. આ પૈસાનું અમે શું કરીશું ?'' એમ કહીને ના પાડી દીધી.

તરત જ પેલા ગાંડાઓ દોડી આવતા, ''આ શું છે ?'' ફળો અને મીઠાઈઓ તરફ આંગળી ચીંધીને એ લોકો પૂછતા.

જવાબમાં વિનાયક હસી પડતા, ''એ તમે જાતે જ નક્કી કરો ને !'' આટલું કહીને પ્રવાસીઓએ આપેલા ખાદ્યપદાર્થો એ ગાંડાઓમાં વહેંચી આપતા.

સાવરકર બંધુઓ કમનસીબ હતા કે એમને આ પાગલોની સાથે પૂરવામાં આવ્યા હતા; પણ એ પાગલો ભાગ્યશાળી હતા કે એમણે આ બે 'ડાહ્યાઓ'ની સાથે બંધ કરવામાં આવ્યા હતા !

દિવસ આખો અને મોડી રાત સુધીનો સમય બેઉ ભાઈઓ વાતો કરવામાં વિતાવી દેતા હતા. સેલ્યુલર જેલમાં તો જાહેર રીતે વાતચીત કરવાની સખત મનાઈ હતી. ચોરીછૂપીથી વાતો કરી લેતા હતા, પણ માંડ બે-ચાર વાક્યોની આપ-લે થઈ શકતી હતી. ૧૯૦૬ પછી છેક ચૌદ વરસ પછી અત્યારે પેટ ભરીને વાતો કરવાનો સમય બંને ભાઈઓને મળ્યો હતો.

અકાળે વૃદ્ધ બની ગયેલા, કૃશકાય બાબા તાવમાં સબડતા, સદૈવ ખાંસતા રહેતા અને વિનાયકને પોતાની કરુણ કથની કહેતા જતા, ''તાત્યા, તારા વિલાયત ગયા પછી 'અભિનવ ભારત'ની પ્રવૃત્તિ મેં તથા મારા સાગરીતોએ સંભાળી લીધી. તારી દોરવણી હેઠળ અમે આ ચળવળ ઘણી જ વેગવાન બનાવી દીધી. પણ ઢીંગરાએ વાયલીને ઠાર માર્યો અને નાસિકમાં જેકસન મરાયો ત્યાર પછી અંગ્રેજોએ અમને બધાંને પકડી લીધા. અંગ્રેજોની સૌથી મોટી તાલાવેલી તારા વિશેની માહિતી કઢાવવાની હતી. એ માટે મારી ઉપર અભૂતપૂર્વ અત્યાચાર ગુજારાયો. હું માર ખાઈને મૂર્છિત બની ગયો, પણ મારા મોંમાંથી એ લોકો તારા વિશે એક શબ્દ પણ કઢાવી શકયા નહીં. અને આ જવામર્દી ફકત મેં એકલાએ જ બતાવી એવું નથી. આપણા અન્ય સાથીદારોએ પણ તન તૂટી જાય અને મન મરી જાય એટલો

માર વેઠ્યો છે, પણ એમના પ્રિય વિનાયકની વિરુદ્ધમાં કોઈએ એક શબ્દ સુદ્ધાં કાઢ્યો નથી.''

વિનાયકનું ચિત્ત પોતાના પ્રિય બાબા તેમજ મિત્રો પ્રત્યેના અહોભાવ અને અનુરાગથી છલકાઈ ગયું. એમાંના ઘણાં મિત્રો તો અત્યારે પણ સેલ્યુલર જેલના નર્કાગારમાં સબડી રહ્યા હતા.

વિનાયકની આંખો આર્દ્ર બની ગઈ, ''બાબા, મને તો એવી લાગણી થાય છે કે પાછો હું સેલ્યુલર જેલમાં ચાલ્યો જાઉં ! આપણા એ મિત્રોને ભેટીને ત્યાં જ રહી પડું !''

ત્યાં જ એક ગાંડાએ ભંડકિયાના નાનાં કાણામાંથી નજર કરીને બૂમ પાડી, ''જમીન ! જમીન !''

પ્રવાસનો પાંચમો દિવસ પૂરો થવા આવ્યો હતો. આગબોટ કલકત્તાના દરિયાકિનારે પહોંચવાની તૈયારીમાં હતી.

વિનાયકે મોટાભાઈની સામે જોયું અને પછી ભાવપૂર્ણ સ્વરમાં કહ્યું, ''બાબા, માતૃભૂમિનો કાંઠો છોડતી વખતે મનમાં સહેજ પણ ખ્યાલ હતો કે આપણે ફરી પાછા એનાં દર્શન કરી શકીશું ?''

બીમાર ગણેશપંત ફિક્કું હસ્યા, ''ના, તાત્યા પણ અત્યારે એ વિચાર કરવાનો સમય નથી, અત્યારે તો સમય છે એ જયઘોષ કરવાનો જે જયઘોષ કરવાને કારણે આપણને ત્યાં મોકલી દેવાયા હતા.''

વિનાયકે બુલંદ સ્વરે પોકાર કર્યો, ''સ્વાતંત્ર્યલક્ષ્મીનો જય હો ! વંદે માતરમ્ !'' એમને આમ જોર-જોરથી બૂમો પાડતાં સાંભળીને પેલા ગાંડાઓ ચૂપ થઈ ગયા. એમને લાગ્યું હશે કે આ બંને પણ એમનાથી કમ નથી !

* * *

કલકત્તામાં પગ મૂકયા પછી સાવરકર ભાઈઓને અલીપુરની જેલમાં લઈ જવામાં આવ્યા. સખત પોલીસ જાપ્તા હેઠળ બંનેને હાથકડીઓ પહેરાવીને કેદખાનાની ગલિયારીમાંથી એકાંત કોટ તરફ દોરી જવામાં આવ્યા. એક જગ્યાએ રસ્તો બે ફાંટાઓમાં વિભાજિત થતો હતો. વિનાયક સાવરકરને અચાનક લાગ્યું કે એમના મોટા ભાઈના પગલાંનો અવાજ ધીમે-ધીમે આછો થતો જતો હતો. એમની ખાંસીનો ધ્વનિ પણ જાણે દૂર-દૂરથી સંભળાઈ રહ્યો હતો.

એમણે ડોક ઘૂમાવીને પાછળની તરફ જોયું તો એ ડઘાઈ ગયા, બાબા એમની પાછળ આવી રહેલા દેખાતા ન હતા ! મતલબ કે સિપાઈઓ મોટા ભાઈને લઈને બીજા ફાંટા પર વળી ગયા હતા. સાવરકરજીની છાતી ચિરાઈ ગઈ. બાબાનું ફરીથી

દર્શન હવે ભાગ્યે જ થશે એવું લગભગ નક્કી હતું. કારણ કે એમનો ક્ષયરોગ અંતિમ તબક્કામાં પહોંચી ગયો હતો.

સાવરકરને એક ચાલીની સાવ એકાંત કોટડીમાં પૂરી દેવામાં આવ્યા. આઠ દિવસ સુધી અલીપુરની આ કાજળકોટડીમાં કેદી તરીકે રાખ્યા. બાદ અચાનક એક દિવસ એમને બહાર કાઢવામાં આવ્યા.

એમનો હવાલો એક એંગ્લો-ઈન્ડિયન અધિકારીના હાથમાં સોંપવામાં આવ્યો. એને માત્ર અંગ્રેજી ભાષા જ આવડતી હતી. હિંદી કે મરાઠીમાં એને કક્કાનીયે સૂઝ પડતી ન હતી.

''મને ક્યાં લઈ જવાનો છે ?'' સાવરકરે અંગ્રેજીમાં પૂછ્યું.

''જ્યાં તમને લઈ જવાનો હુકમ છે ત્યાં.'' અધિકારીએ ટૂંકો ને તોછડો જવાબ આપ્યો.

પોલીસની ટુકડીથી ઘેરાયેલા સાવરકરને એક ટ્રેઈનમાં બેસાડવામાં આવ્યા. ડબ્બાનાં બારી-બારણાં જડબેસલાક બંધ કરી દેવામાં આવ્યાં. એમને ક્યારે કયું સ્ટેશન આવ્યું એ વિશેની માહિતી પણ આપવામાં નહોતી આવતી. માત્ર બાહ્ય કોલાહલ પરથી થોડી-ઘણી કલ્પના તેઓ કરી લેતા.

સાવરકરની બુદ્ધિ કુશાગ્ર હતી. એક સ્ટેશને પ્લેટફોર્મ પર ''સંતરાં ! સંતરાં !''ની બૂમો સાંભળીને તેઓ સમજી ગયા કે એ શહેર નાગપુર હોવું જોઈએ. એનો અર્થ એ થયો કે એમને મહારાષ્ટ્રમાં કોઈ સ્થળે લઈ જવામાં આવી રહ્યા હતા. ફેરિયાઓની બૂમો પણ મરાઠી ભાષામાં સંભળાતી હતી.

છાપાં તો એમના નસીબમાં હોય જ ક્યાંથી ? પણ આટલો કડક જાપ્તો હોવા છતાં કેટલાક બનાવો એવા બનતા રહ્યા કે સાવરકરને છેલ્લામાં છેલ્લા સમાચાર મળી રહે.

એક સ્ટેશનેથી એક સજ્જન ડબ્બામાં દાખલ થયા. કોટ-પેન્ટ પહેરેલા એ સદ્‌ગૃહસ્થ પાસે કાયદેસર ટિકિટ હતી અને દેખાવમાં પણ તેઓ શિક્ષિત તેમજ રૂઆબદાર લાગતા હોવાથી પેલા એંગ્લો ઈન્ડિયન અફસરે પણ એમને ડબ્બામાં પ્રવેશતાં રોક્યા નહીં.

ટ્રેંઈન ફરી પાછી ચાલુ થઈ એટલે એ ભાઈએ પોતાની બગલમાં દબાવેલું અખબાર બે હાથમાં પકડીને, ફેલાવીને વાંચવાનું શરૂ કર્યું. એમણે અખબાર એવી રીતે પકડ્યું હતું કે જેથી સામે બેઠેલા સાવરકર એ છાપાનું પહેલું અને છેલ્લું પાનું જોઈ શકે.

છાપું એ જ દિવસનું હતું. એમાં સાવરકરના મુક્તિના, એમને અલીપુરની જેલમાં ગોંધી રાખવાના તેમજ નજીકના ભવિષ્યમાં રત્નાગિરીના કેદખાનામાં લઈ

જવાના સમાચાર છપાયેલા હતા. આવા પ્રખર દેશભકતને કાળાપાણીની સજામાંથી મુકત કરીને સ્વદેશ પરત લાવવામાં આવ્યા એ સમાચારથી દેશની જનતાને કેટલી બધી ખુશી થઈ છે એ બધી વાતો પણ એમાં લખેલી હતી.

છાપું મરાઠીમાં હતું એટલે સાવરકર વાંચી શકતા હતા, પણ પેલો અધિકારી પથ્થરની મૂર્તિ બનીને બેસી રહ્યો હતો.

હદ તો હવે થઈ. પેલા પ્રવાસીએ અંદરના પાનાંઓ પર છપાયેલા સમાચારો મરાઠીમાં મોટેથી વાંચવાનું શરૂ કર્યું. આખું છાપું વાંચી નાંખ્યું. દેશમાં શું-શું ચાલી રહ્યું છે અને રજેરજ વિગત સાવરકરને આપી દીધી.

અંતમાં જાણે છાપાનું લખાણ જ વાંચતાં હોય એ અદાથી એ બોલી ગયા, ''મહારાષ્ટ્રની મહાન ભૂમિ એના વીરપુરુષનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરે છે. મને ખબર છે કે તમને છાપાંઓ વાંચવા દેવાની સખ્ત મનાઈ છે. એટલા માટે જ હું બનાવટી પેસેન્જર બનીને તમારા ડબ્બામાં દાખલ થયો છું. મારું કામ પૂરું થાય એટલે ગમે તે સ્ટેશને હું ઊતરી જઈશ. આ ધોળિયાઓ ગમે તેવો કડક બંદોબસ્ત કરે તો પણ તમારા વિશેની રજે-રજ માહિતી પ્રજા સુધી પહોંચી જ જાય છે. તમને તો કયાંથી ખબર પડે ? પણ સ્ટેશને-સ્ટેશને આપના ચાહકો ફૂલહાર તથા મીઠાઈઓ લઈને તમારા સ્વાગત માટે થનગનતા ઊભા રહેલા છે. કેટલાક તો ડબ્બાનું બારણું બળજબરીપૂર્વક ખોલીને આ બધી ભેટો ડબ્બાની અંદર ધકેલી દે છે. પણ આ સિપાઈઓ તમારા સુધી આમાંનું કશું જ પહોંચવા દેતા નથી. ચાલો, વીરપુરુષ ! મારી ફરજ પૂરી થઈ. હવે હું ઊતરી જઈશ, જતાં પહેલાં ચરણોમાં મસ્તક તો નમાવી નથી શકતો. પણ હું બે હાથ પણ જોડી શકતો નથી. માટે કૃપા કરીને મારા મૂક વંદન સ્વીકારશો !''

સામેની બેઠક ઉપર સાવરકરજી મૂક-બધિર મનુષ્યની જેમ ભાવવિહીન ચહેરા સાથે બેઠેલા હતા અને એમનું હૃદય આ પ્રેમાળ ભકતની વિનમ્ર ચેષ્ટા ઉપર અગણિત આશિષો વરસાવી રહ્યું હતું.

અને એ પ્રવાસી પણ નિર્લેપ ભાવે છાપું વાંચવાનું પોતાનું નિર્દોષ કાર્ય સમ્પન્ન કરીને સાવરકરની સામે જોયા વગર જે પહેલું સ્ટેશન આવ્યું ત્યાં ઊતરી ગયો.

એંગ્લો-ઈન્ડિયન અફસરને સંતોષ થયો કે આ પ્રવાંસીએ પોતાના ખતરનાક કેદીની સાથે એકાદ શબ્દ પૂરતીયે વાતચીત કરી નહીં !

સરકારી જાપ્તો તે આનું નામ !

o. o o

૨૨. સિંહનો બિનશરતી છુટકારો

'નાસક ! નાસક !' બંધ ડબ્બામાં બહારથી આવતા અવાજો સાંભળીને ટ્રેનમાં બેઠેલા સાવરકર ચમકયા. અલીપુરની જેલમાં આઠ દિવસ લગી ગોંધી રાખ્યા બાદ એક એંગ્લો-ઈન્ડિયન પોલીસ અધિકારીના કડક જાપ્તા હેઠળ સાવરકરને કોઈક અજાણ્યા સ્થળે લઈ જવામાં આવી રહ્યા હતા. સાવરકરે પોતાની તમામ ઈંદ્રિયો સમેટીને શ્રવણેન્દ્રિયમાં કેન્દ્રિત કરી લીધી હતી. જ્યારે પણ કોઈ ગામ કે શહેર આવે, ત્યારે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપરથી આવતા પ્રવાસીઓના કે ફેરિયાઓના અવાજો સાંભળીને સાવરકર અનુમાન લગાવતા કે એ કયું શહેર હશે !

અચાનક 'નાસક ! નાસક !' નો મીઠો મરાઠી લહેકો સાંભળીને સાવરકર રોમાંચિત થઈ ઊઠ્યા. આ તો એમનું પ્રાણપ્રિય શહેર નાસિક જ ! ગોદાવરી નદીના પવિત્ર જળમાં રોજે-રોજ, ક્ષણ-પ્રતિક્ષણ પોતાનાં ચરણો પખાળતું નાસિક. જે સ્થાનમાં હજારો વરસ પૂર્વે લક્ષ્મણજતિએ રાવણની બહેન શૂર્પણખાનું નાક કાપ્યું હતું એ નાસિક. આ એ જ નાસિક હતું જ્યાં સાવરકર પોતાના પ્રાતઃસ્મરણીય વડીલબંધુ બાબાની સાથે જિંદગીનાં સોનેરી વરસોમાં રહી ચૂકયા હતા.

એક પછી એક અસંખ્ય સંસ્મરણો 'નાસક'ના નામ સાથે દિમાગમાં ઊમટી આવ્યાં. એ તિલભાંડેશ્વરની ગલી, એ હનુમાનજીનું મંદિર, એ શાળા, એ જિંદગીમાં પ્રથમ વાર આપેલું જાહેર પ્રવચન, એ 'મિત્રમેળા' અને 'અભિનવ ભારત'ની પ્રારંભિક પ્રવૃત્તિઓ, કેટકેટલું સચવાયેલું હતું આ ત્રણ અક્ષરના નામમાં !

પૂણેની ફર્ગ્યુસન કૉલેજમાંથી સ્નાતક થયા બાદ વિલાયત જતાં પહેલાં સાવરકર નાસિકમાં આવ્યા હતા. અહીં એમના માટે ઠેર-ઠેર વિદાય સમારંભો આયોજવામાં આવ્યા હતા. ચેવડાની પાર્ટીઓ રાખવામાં આવી હતી, જે એ સમયના નાસિકમાં અતિ મશહૂર હતી. અને પછી આ જ શહેરમાં કલેકટર જેકસન સાહેબને ગોળી મારવામાં આવી હતી. બાબા પકડાયા હતા, 'અભિનવ ભારત'ના મિત્રો પકડાયા હતા. શું વફાદારી દાખવી હતી એ સાથીઓએ ! કેવો પ્રેમ આપ્યો હતો ! અને કેટલાં બલિદાનો...!

ટ્રેન આગળ વધી ગઈ, નાસિક પાછળ છૂટી ગયું. મુંબઈ પણ આવી ગયું. સાવરકરને બંદીવાનની હાલતમાં બહાર કાઢવામાં આવ્યા.

એંગ્લો-ઈન્ડિયન અધિકારીએ વિનંતીભર્યા સૂરમાં આદેશ ફરમાવ્યો, 'મિ. સાવરકર, આપણે અહીંથી સીધા બંદર સુધી પહોંચવાનું છે. રેલવે સ્ટેશનની બહાર પોલીસની જીપ આપણને લઈ જવા માટે તૈયાર ઊભી હશે. મારી તમને એક જ વિનંતી છે કે આ ટૂંકા પ્રવાસમાં તમારે ન તો કોઈની સાથે વાત કરવાની છે, ન ક્યાંય આમતેમ ડાફોળિયાં મારવાનાં છે. અમને ખબર છે કે મહારાષ્ટ્રના એક-એક શહેરમાં, એક-એક સડક ઉપર ફરતો એક-એક માણસ તમારો પ્રખર ચાહક છે. તમારા ભક્તો ગમે ત્યારે ને ગમે ત્યાં તમને છોડાવવા માટે ગમે તેવું ગાંડપણ કરી શકે છે. પણ તમે ભલા થઈને એમના ગાંડપણમાં ભાગીદાર ન બનશો !''

સાવરકરે હસીને માથું હલાવ્યું, પછી પૂછયું, ''શું હું જાણી શકું કે મુંબઈ બંદરેથી મને ક્યાં લઈ જવામાં આવશે ?''

''પાછા આંદામાન તો નહીં જ !'' અધિકારીએ કડવી મજાક કરી અને સાચો ઉત્તર ટાળ્યો.

બંદર ઉપર સાવરકરને લઈ જવા માટે આગબોટ તૈયાર જ હતી. આખરે એ પ્રવાસ પણ પૂરો થયો. રાત્રે બાર વાગ્યે એમને એક જેલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં આખો દિવસ પુરાઈ રહ્યા પછી એમને જાણવા મળ્યું કે રત્નાગીરીની જેલ હતી.

આ જેલમાં શરૂઆતનાં બે અઠવાડિયાં અત્યંત દુઃખદ ગયાં. સાવરકરે જેલરને ફરિયાદ કરી, ''તમારી બંદીશાળા માટે ભલે હું નવો કેદી હોઈશ, પણ આમ જુઓ તો હું બાર વરસની જેલયાત્રા પૂરી કરીને પછી અહીં આવેલ છું. એ પણ કાળાપાણીની સજાનાં ! જેલમેન્યુઅલ પ્રમાણે કોઈ પણ કેદી જેમ-જેમ જૂનો થતો જાય અને જો એની વર્તણૂક સારી જણાય તેવી હોય તો એને ઘણી-બધી રાહતો આપવાની જોગવાઈ છે. સેલ્યુલર જેલમાં હું આવી રાહતો મેળવી ચૂક્યો છું. મારી પાચનશક્તિ એ હદે કથળી ગઈ હતી કે દોઢ વરસ તો મેં મરણાસન્ન સ્થિતિમાં વિતાવ્યું છે. પછી મને દૂધ અને બરાબર રંધાયેલી વાનગીઓ આપવાનું શરૂ કરવામાં આવેલું. અહીં આવ્યા પછી દૂધનું ટીપું પણ જોવા મળતું નથી. જેલનો એ જ જાડો, કાચો રોટલો પાછો સામે આવીને ઊભો રહ્યો છે. ત્યાં તો અમને કોટડીની બહાર હરવા-ફરવાની, લખવા-વાંચવાની, બીજા કેદીઓ સાથે બોલવા-ચાલવાની અને હળવા-મળવાની પણ છૂટ આપવામાં આવેલી. બાર-બાર વરસના એકાંતવાસ બાદ અમને મળેલી એ બધી છૂટછાટો અહીં આવ્યા બાદ એક ઝાટકે પાછી ખેંચી લેવામાં આવી છે. હું પૂછું છું કે આનું નામ મને આપવામાં આવેલી રાહત છે કે પછી અત્યાચારના એક નવા અધ્યાયની શરૂઆત ?''

જેલરે ગ્રેનાઈટના પથ્થર જેવો સખત અને સપાટ ચહેરો રાખીને જવાબ દીધો, ''ત્યાં સેલ્યુલર જેલમાં શું ચાલતું હતું એની સાથે મારે કશી જ નિસ્બત નથી. અહીં તો જેમ ચાલે છે તેમ જ ચાલશે.''

સાવરકર માટે આ જવાબ, આ જુલમ હવે સહનશક્તિની સીમા બહારનો હતો. અને સૌથી મોટો જુલમ તો એ હતો કે એમના મોટા ભાઈ એમની સાથે ન હતા. આના કરતાં તો આંદામાન શું ખોટું હતું ?

એ દિવસે સાવરકરના હતાશ દિમાગ ઉપર આપઘાત કરવાના વિચારનો અંતિમ હુમલો આવ્યો. માંડ એમાંથી બચી શકયા. આત્મનાશના ભયાનક વિચારમાંથી બચવા માટે કોઈક મજબૂત આધાર આપે તેવું સુંદર બહાનું હોવું જોઈએ. સાવરકરે પણ આવું એક સરસ મઝાનું, સર્જનાત્મક બહાનું શોધી કાઢ્યું. એ બહાનું હતું : પોતાનાં આંદામાન - વાસનાં સ્મરણો લખવાનું.

રત્નાગીરીની જેલમાં લખવા માટેના કાગળ - કલમ તો કયાં આપવામાં આવતા હતા ! એટલે સાવરકરે ઈંટના ટુકડાની સહાયથી દીવાલના ફલક ઉપર પોતાની કાળાપાણીની કરુણ કથા કોતરવાનું શરૂ કર્યું. (જે પાછળથી 'મારી જનમટીપ' નામક પુસ્તક સ્વરૂપે પ્રગટ થયું.)

એક વીરપુરુષ મૃત્યુ પામતો અટકી ગયો એનો આનંદ મોટો ગણવો કે પછી એની મરણચીસ જેવું એક પુસ્તક જન્મ પામ્યું એની ખુશીને મોટી ગણવી ?

* * *

રત્નાગીરીની જેલમાં આવીને સાવરકરે જોયું કે આંદામાન જેવી જ હિંદુ-મુસલમાનની સમસ્યા અહીં પણ હતી. કોઈ પણ નવા હિંદુ કેદી ઉપર અમાનુષી ત્રાસ વરસાવીને પહેલાં તો એને માનસિક અને શારીરિક રીતે તોડી નાખવામાં આવતો હતો. પછી એને હળવા કામની લાલચ આપીને વટલાવી નખાતો હતો.

અને, બીજી સમસ્યા આ જેલમાં ગાંધીવાદી સત્યાગ્રહીઓની હતી. ગાંધીજી પોતે તો મહાત્મા હતા. ખુદ સાવરકરને પણ આ બાબતે કશી શંકા ન હતી. ભલે એમના સત્યાગ્રહ અને અહિંસાના સિદ્ધાંતો સાથે તેઓ પોતે સંમત ન થતા હોય, પરંતુ એક મહાન નેતા અને સાચા માનવી તરીકે એમના વિશે સાવરકરના દિલમાં ભારોભાર આદર હતો જ.

પણ આ સત્યાગ્રહીઓમાંથી મોટા ભાગના દંભી હતા. સાવરકરને આવા એક ગાંધીવાદી કેદીનો બહુ કટુ અનુભવ થયો.

સેલ્યુલર જેલની જેમ આ જેલમાં પણ કેદીઓને છાપાં વાંચવાની મનાઈ હતી. બહારની દુનિયામાં શું બને છે એના વિશે કેદીઓને અંધારામાં જ રાખવામાં આવતા હતા. પણ સાવરકર આવ્યા એ પછી એમની દોરવણી હેઠળ ગુપ્ત રીતે છાપાંનાં પાનાંઓ મેળવવાની વ્યવસ્થા થવા માંડી. છાનાંછપનાં સમાચારપત્રો કેદીઓની ઓરડીઓમાં પહોંચી જતાં અને સાંજ સુધીમાં તો બધા કેદીઓ એ વાંચી લેતા.

આવું એક અખબાર સાવરકરે પોતે વાંચી લીધા પછી પેલા સત્યાગ્રહી કેદીને વાંચવા માટે આપ્યું.

પેલાએ તો મોટા અવાજે સમાચાર-વાચન શરૂ કરી દીધું, ''આજે મલબાર પ્રાંતમાં મોપલાઓએ તોફાન મચાવ્યું. અસંખ્ય હિંદુઓની હત્યા કરી. સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યા. જે હિંદુઓ વટલાઈને મુસલમાન બનવા માટે રાજી થયા એમને જીવતા જવા દીધા.''

સાવરકરના ભકતોમાં ખળભળાટ વ્યાપી ગયો, ''અરે, મિત્ર ! તમે આ શું કરી રહ્યા છો ?''

સત્યાગ્રહી હસ્યા, ''કેમ, મલબારના હિંદુઓ વટલાઈને મુસલમાન બને છે એમાં તમારા પેટમાં શાની ચૂંક આવે છે ? એ બહાને હિંદુ મુસ્લિમ એકતા તો વધે છે ને ?''

સાવરકર વચમાં પડ્યા, ''મિત્ર, એ એકતાની વાત વિશે આપણે પછીથી વિચારીશું. પણ અત્યારે અમારો વિરોધ તમારા આ અખબાર વાંચન વિશે છે.''

''કેમ, એમાં તમને શું ન ગમ્યું ?''

''તમે છાપું આમ મોટેથી કેમ વાંચો છો ?''

''મારી મરજી !''

''આમાં તમારી મરજી ન ચાલે !''

સાવરકરે ધીરજપૂર્વક એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ''તમે જાણો છો કે જેલમાં કેવી રીતે આપણે છાપું મેળવવાની વ્યવસ્થા કરીએ છીએ ! જો આપણી પોલ ખૂલી જશે, તો આપણને મોટી સજા થશે. અને પછી ભવિષ્યમાં છાપું વાંચવાનો લાભ પણ નહીં મળે. માટે મારો અનુરોધ છે કે તમે અવાજ કર્યા વગર મનમાં ને મનમાં સમાચાર વાંચીને છાપું અમને પરત કરો. !''

''ના, એ શી રીતે બને ? હું સત્યાગ્રહી છું. મહાત્મા ગાંધીનો અનુયાયી છું. ચોરી કરીને છાપું વાંચવું એ મારે મન ઘોર પાપ છે, અસત્યનું આચરણ કરવું એ અમારા સિદ્ધાંતની વિરુધ્ધનું કૃત્ય છે. ભલે પકડાઈ જવાય, ભલે તમને બધાંને સજા મળે, પણ હું તો છાપું મોટે-મોટેથી વાંચવાનો જ...''

એનો બકવાસ સાંભળીને સાવરકર ઊકળી ઊઠ્યા. ઊભા થઈને એ સિદ્ધાંતની પૂંછડીના હાથમાંથી છાપું ઝૂંટવી લીધું અને સગેવગે કરી દીધું. પણ મનમાં તો સાવરકર જબરજદસ્ત દાઝ ખાઈ ગયા હતા. આ તરકટી ગાંધીવાદીને સબક શિખવવા માટેની પ્રતિજ્ઞા એમના હૈયામાં આકાર લઈ રહી હતી.

થોડાક જ દિવસ પછી સાવરકરને બદલો લેવાની તક મળી ગઈ. જેલમાં સામાન્ય રીતે દરરોજ દાળ-ભાત, રોટલી-શાકનું પૂરું ભોજન કેદીઓને પીરસવામાં આવતું ન હતું. રોટી મળે ત્યારે ભાત ન હોય અને દાળ-ભાત મળે ત્યારે રોટલી ન હોય. પણ સાવરકરે જોયું પેલા સત્યવાદી, ગાંધીવાદી, અસહકારી 'સજ્જન' દાળ-ભાતના દિવસે રસોઈયાની ખુશામત કરીને ખાનગી રીતે રોટલી મેળવી લેતા હતા. એક દિવસ એમણે આ રીતે રોટલી મેળવીને આરોગવાની શરૂઆત કરી કે તરત જ સાવરકરે એમના એક સાથીને ઈશારો કર્યો. સાથી કેદીએ ખોટી-ખોટી પણ એક મોટી બૂમ મારી, ''જુઓ, જુઓ ! પેલો સુપરિન્ટેન્ડન્ટ આવી રહ્યો છે !''

આ સાંભળીને તરત જ પેલા સત્યવાને આસન નીચે પોતાની રોટલી છુપાવી દીધી. ને કશું જ ન બન્યું હોય એમ ભાત ખાવાનો આરંભ કર્યો. એમની ચેષ્ટા જોઈને તમામ કેદીઓ મોટેથી હસી પડ્યા, ''કેમ, ભાઈ ! આ રોટલી છુપાવવી એ ચોરી નથી શું ? અને એમાં ડરપોકપણું પણ ખરું કે નહીં ? જો તમે ચોરેલું છાપું જાહેરમાં મોટેથી વાંચી શકો છો, તો ચોરેલી રોટલી જાહેરમાં આરોગતાં ડરો છો શા માટે ?''

સાવરકરે પોતાના સાથીઓને કહ્યું, ''ખિલાફતની ચળવળવાળા તમામ અસહકારીઓ આવા જ છે ! આ ખિલાફત નથી, પણ આફત છે !'' અને પછી કોઈ ન સાંભળે એમ સ્વગત બબડ્યા, ''ગાંધી મને સ્વીકાર્ય છે, ગાંધીવાદ અસ્વીકાર્ય છે અને આ ગાંધીવાદીઓ તો ખતરનાક છે. કોને ખબર ભવિષ્યમાં આ લોકો દેશને કયા દરિયામાં લઈ જઈને ડુબાડશે !''

* * *

સાવરકરની નજર સામે એક પુરભૈયા જુવાનિયાને વટલાવીને મુસલમાન બનાવી દેવામાં આવ્યો. સાવરકરનો આત્મા આ જોઈને દુભાઈ ઊઠ્યો. એમણે પેલાને પોતાની પાસે બોલાવીને સમજાવ્યો, ''તને ખબર છે કે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં શું કહ્યું છે ? એટલે કે પોતાના ધર્મમાં મૃત્યુ થાય તો પણ તે કલ્યાણકારી હોય છે, પારકો ધર્મ તો ભયજનક કહેવાય. તું પાછો હિંદુધર્મમાં આવી જા !''

''પણ બાબુજી ! હું એક વાર વટલાઈ ગયો, એટલે મન હવે હિંદુ તરીકે કોણ અપનાવશે ?''

''હું અપનાવીશ !'' કહીને સાવરકરે એના મુખમાં તુલસીના પાન મૂકયા અને વેદના થોડાક મંત્રો ઉચ્ચાર્યા આ દશ્ય જોઈને મુસલમાન કેદીઓ અને વોર્ડરો ઊશ્કેરાયા.

એક દિવસ ભોજનનો કાર્યક્રમ પતી ગયા પછી મુસલમાન કેદીઓ અને પઠાણ વોર્ડરોએ ભેગા મળીને હિંદુ કેદીઓ ઉપર હિંસક હુમલો કર્યો.

પણ સાવરકરને એમના કાવતરાની આગોતરી ગંધ આવી ગઈ હતી. એટલે એમણે કેટલાક બદમાશ, ગુંડા હિંદુ કેદીઓને અગાઉથી જ તૈયાર કરી રાખ્યા હતા.

જેવા મુસલમાન કેદીઓ સાવરકરના વિભાગ તરફ આગળ વધ્યા, એવા જ સાવરકરે પ્રતિ-આક્રમણ માટે લીલી ઝંડી ફરકાવી દીધી, ''જોજો, એક પણ યવન સાજોસમો પાછો ન જવો જોઈએ ! આપણે મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજીના વંશજો છીએ. મારી-મારીને તોડી નાખો સાં...ને !''

કેટલાક હિંદુ ગુંડાઓ તો દેખાવમાં પણ વિકરાળ હતા અને તાકાતમાં પણ હજાર હાથીનું બળ ધરાવતા હોય તેવા હતા. ભયાનક યુદ્ધ જામ્યું. જેલરે સાયરન વગાડવી પડી. ખુદ જેલ સુપરિન્ટેન્ડન્ટે પોતે સિપાઈઓની ટુકડી લઈને દોડી આવ્યો. હવામાં હાથ વીંઝીને ધમકી ઉચ્ચારી, ''બધાં શાંત થઈ જાઓ ! હજુ પણ લડાઈ બંધ નહીં થાય તો મારે ગોળીબાર કરવો પડશે !''

યુદ્ધની શરૂઆત મુસલમાનોએ કરી હતી, પણ એનો અંત હિંદુઓ દ્વારા આણવામાં આવ્યો. એક-એક મુસલમાન ગુંડો લોહીના તળાવમા નહાતો પડ્યો હતો. જેઓ બેભાન હતા તેમને દવાખાના ભેગા કરવામાં આવ્યા. જેઓ થોડા-ઘણા સાજા હતા એમની ધરપકડ કરીને વધુ આકરી સજા ફટકારવામાં આવી.

હિંદુ ગુંડાઓને 'સુરક્ષા'ના શૌર્યભર્યા કૃત્ય બદલ જેલના પ્રશાસન તરફથી પ્રશંસાપત્રો આપવામાં આવ્યા.

બીજા દિવસથી ધર્મપરિવર્તનનો પવન ઊલટી દિશામાં ફૂંકાવાનો પ્રારંભ થયો. મૂળ મુસલમાન હતા એવા કેદીઓ પણ વટલાઈને હવે હિંદુ બનવા માંડ્યા.

રત્નાગીરીની જેલમાં પૂરાં બે વરસ પસાર થઈ ગયાં. સાવરકર આ કઠોર કારાવાસથી અતિશય કંટાળી ગયા હતા, પણ તેમ છતાંય એમણે પોતાની જાહેર સામાજિક પ્રવૃત્તિ તો ચાલુ જ રાખી હતી. અભણ કેદીઓને લખતાં-વાંચતાં શિખવવું, જેલના જાજરૂ ઈત્યાદિ સ્થાનોની ગંદકી દૂર કરાવવી, ભોજન માટેની વાનગીઓની ગુણવત્તા સુધારવી, કેદીઓમાં સંપ કરાવવો આ બધાં કાર્યો સાવરકરે ચાલુ રાખ્યાં.

જેલમાં ઈદની ઉજવણી રંગેચંગે કરવામાં આવતી હતી. ખ્રિસ્તીઓની નાતાલ પણ ધામધૂમથી ઊજવવામાં આવતી હતી. પરંતુ હિંદુઓનો એક પણ તહેવાર ઊજવવાની મનાઈ હતી.

સાવરકરે કેદીઓનો સહકાર મેળવીને જેલર સમક્ષ રજૂઆત કરી, ''અમારા દેશમાં અમે હિંદુઓ જ શા માટે દ્વિતીય કક્ષાના નાગરિકો ગણાઈ રહ્યા છીએ ! અમને પણ અમારા તહેવારો મનાવવાની આઝાદી હોવી જોઈએ.''

પછી તો જેલમાં ગોકળ આઠમની ધૂમ મચી. ભજન-કીર્તન તો રોજની વાત બની ગઈ. ફળાહારની પણ મંજૂરી મળી ગઈ. ઝાંઝપખવાજના ગગનભેદી અવાજો વચ્ચે નમાઝની બાંગ ક્યાંય દબાઈ ગઈ.

આ કાળમાં જ સાવરકરનાં કેટલાંક પુસ્તકો પ્રગટ થયાં. 'હિંદુત્વ' નામનો ગ્રંથ તથા 'અમલા', 'સપ્તર્ષિ' અને 'ગોમાન્તક' નામક કાવ્યો પ્રગટ થયાં.

પણ આ બધું જ્યારે ચાલી રહ્યું હતું ત્યારે જ મોટા ભાઈની હાલત વિશે ગંભીર સમાચાર જાણવા મળ્યા. કોઈ પરિચિતે માહિતી આપી, ''બાબા અત્યંત ચિંતાજનક સ્થિતિમાં છે !''

છેલ્લે બંને ભાઈઓ આંદામાનથી જહાજમાં બેસીને કલકત્તામાં સાથે આવ્યા હતા. ત્યાંની જેલમાં એક સાંકડી ગલીમાં બાબાને વિનાયકથી અલગ પાડીને બિજાપુરની જેલમાં લઈ જવામાં આવ્યા હતા, એ એમનું છેલ્લું દર્શન.

નાના ભાઈ ડૉ. નારાયણરાવના જ્યારે જેલમાં મરણપથારીએ પડેલા બાબાને મળવા માટે ગયા ત્યારે દરવાજા ઉપર એમને રોકવામાં આવ્યા, ''તમે ખાદીના કપડાં પહેરીને આવ્યા છો. તમારો પહેરવેશ બદલીને આવો, તો જ અંદર જવા દેવામાં આવશે !''

ડૉ. નારાયણરાવે દેખીતી રીતે જ આ અપમાનજનક શરત માનવાની ના પાડી દીધી. છેક ગવર્નર સુધી ફરિયાદો પહોંચાડી, ત્યારે આ બેહૂદી શરત પડતી મૂકવામાં આવી. બાબાની અને બાળની મુલાકાત શકય બની.

બાબા લગભગ મરણાસન્ન દશામાં પથારીમાં સૂતેલા હતા. નાના ભાઈએ એમનું કાંડું પોતાના હાથમાં લીધું. નાડી તપાસી. અત્યંત ક્ષીણ ગતિએ રક્તનો પ્રવાહ ચાલી રહ્યો હતો. અવાજ પણ અતિશય મંદ પડી ગયો હતો.

''બાબા, બહુ તકલીફો પડી ?''

''હા, બેટા ! આ લોકોએ મને ખૂબ જ યાતના આપી છે. એવી વેરાન અને એકાંત કોટડીમાં મને પૂરવામાં આવ્યો કે જ્યાં રહીને માણસ ગાંડો થઈ જાય. બિજાપુરની જેલમાંથી મને અમદાવાદની જેલમાં ખસેડવામાં આવ્યો. બિજાપુરની કોટડીમાં મારા પછી જેને પૂરવામાં આવેલો એ કેદી તો પૂરેપૂરો પાગલ થઈ ગયો. મારી માનસિક હાલત પણ અસ્વસ્થ બની ગઈ. ક્ષયનો રોગ હવે આખરી તબક્કામાં પહોંચી ગયો છે. નાછૂટકે મને હૉસ્પિટલમાં ખસેડ્યો છે. હવે હું ઝાઝું નહીં ખેંચી શકું. તાત્યાને મારા આશીર્વાદ આપજે અને કહેજે કે તમારો મોટો ભાઈ તનથી ભલે તૂટી ગયો, પણ મનથી તો હજુયે મેરુ જેવો અચળ જ છે !''

આ સમાચાર જ્યારે સાવરકરને મળ્યા ત્યારે એ હચમચી ગયા. એમના હૃદયમાં ગ્લાનિ, ગ્લાનિ, વસવસો અને આઘાતનું ત્રિવિધ પૂર ઊમટ્યું : 'હાય ! હાય ! બાબાને આ રીતે મરવું પડશે ? જેલ એમને ગળી ગઈ ? એમના જેવા શૂરવીરને

તો સામી છાતીએ ગોળી ધરબીને મારવા જોઈતા હતા ! એને બદલે આમ હજારગણી કઠોર પીડાઓ આપીને તડપાવી તડપાવીને માર્યા ?''

સાવરકરના ચિત્ત ઉપર પ્રતિશોધનો હુમલો આવ્યો : ''બાબાની આ હાલત કોના કારણે થઈ ? જેણે એમની વિરુદ્ધ જુબાની આપી એના જ પ્રતાપે ને ?' એ માણસનું નામ યાદ આવતાં જ સાવરકરની ભૂજાઓ ફડકી ઊઠી. ભવાં તંગ થઈ ગયાં. આંખોમાં આગ ફરી વળી. એમણે પ્રતિજ્ઞા લીધી, ''જો બાબાને કંઈ ન થવાનું થઈ ગયું, તો પેલા ગદ્દારને હું જીવતો નહીં છોડું. જેલ તોડીને બહાર નીકળીશ ને એને ઠાર મારીશ. એ પછી જ બાબાનું શ્રાદ્ધ કરીશ !''

પણ આ ભીષણ પ્રતિજ્ઞાના પાલનનો સમય ન આવ્યો. સરકાર ડરી ગઈ. જો ગણેશપંતનું મૃત્યુ કારાગારમાં થશે તો આખો દેશ ભડકી ઊઠશે એવું પારખી ગયેલા અંગ્રેજોએ રાતોરાત એમને મુકત કરી દીધા.

બાબા બબડ્યા, ''લાગે છે કે આ લોકોએ મારા અગ્નિસંસ્કારનો ખર્ચ બચાવવા જ મને છોડયો છે !''

પણ નસીબ કદાચ આ દેશભકતની તરફેણમાં હતું. મુકત થયા પછી એમને ઉત્તમ કક્ષાની તબીબી સારવાર મળી ગઈ અને ધીમે ધીમે એમની તબિયત સુધારા ઉપર આવવા લાગી. દેશ આખામાં આ સમાચાર જાણીને આનંદ ફેલાઈ ગયો.

બરાબર આ જ સમયે કાકીનાડાની મહાસભામાં અધ્યક્ષ દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, ''વીર વિનાયક સાવરકરને હવે જેલમાંથી છોડી મૂકવા જોઈએ !''

અને આ ઠરાવ સર્વાનુમતીથી પસાર થઈ ગયો.

* * *

રત્નાગીરીની જેલમાંથી સાવરકરને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. અહીં એમને બે બાબતોથી આનંદ થયો. એક તો આ જેલમાં આંદામાનવાળા જૂના કેદીઓની સંખ્યા ઘણી મોટી હતી. અને બીજી બાબત, આંદામાનવાળા ભલા સુપરિન્ટેન્ડન્ટની બદલી પણ યરવડા ખાતે કરવામાં આવી હતી.

જૂના શિષ્યો તો એમના 'બડા બાબુ'ને જોઈને ઘેલા-ઘેલા થઈ ગયા.

જૂના સુપ્રિ. સાહેબે પણ સાવરકરની સાથે એક સાચા મિત્ર જેવો વ્યવહાર દાખવ્યો. એમને પુસ્તકાલયનું તેમજ દવાખાનાનું કામ સોંપ્યું.

પાછળથી સાવરકરને ખબરે પડી કે આ સુપ્રિ. ને ખાસ હેતુ માટે જ આ જેલમાં બદલવામાં આવ્યા હતા. સરકાર સાવરકરને છોડવા તો માગતી હતી, પણ એમને ડર હતો કે સિંહ હજુ ઘરડો થયો ન હોવાથી ગમે ત્યારે તરાપ મારી શકે છે ! આ સુપ્રિ. દ્વારા સરકાર એ જાણવા માગતી હતી કે જેલમાંથી છૂટ્યા પછી સાવરકરનું વર્તન કેવું રહેશે !

એક દિવસ સાંજના સમયે સુપરિન્ટેન્ડન્ટ સાહેબે સાવરકરને પૂછ્યું, ''ધારો કે તમને છોડવામાં આવે તો તમે શું કરશો ?''

''દેશસેવાનું એ જ કામ જે મેં અધૂરું છોડ્યું છે.''

''મતલબ ? ફરીથી હિંસા ?'' સાહેબ ભડકી ઊઠ્યા.

''હા અને ના.' સાવરકર સમજી ગયા, ''જો મારી સજા પૂરી થયા પછી મને કાયદા પ્રમાણે છોડવામાં આવશે, તો ફરી પાછો હું એ જ કરીશ જે કરવા માટે કાળાપાણીની સજા પામ્યો હતો. કારણ કે એ છુટકારો બિનશરતી હશે.''

''અને ધારો કે તમને મુદ્દત કરતાં વહેલા છોડવામાં આવે તો ?''

''તો સ્પષ્ટ પણે એ છુટકારો શરતી હશે. હું સરકારની શરતો ઉપર વિચાર કરીશ અને મને જો યોગ્ય જણાશે તો એનો સ્વીકાર કરીશ. આમ પણ અત્યારે હું આ જેલના સળિયા પાછળ પુરાઈને દેશસેવાનું ક્યું મોટુ કામ કરી રહ્યો છું ! આખી જિંદગી આવી રીતે બંધ કોટડીમાં પસાર કરી દેવી એના કરતાં શરતી છુટકારો સ્વીકારી લેવો એ બુદ્ધિનું કાર્ય છે.'' સાવરકરે પોતાના મનમાં ચાલતા વિચારો વ્યક્ત કરી દીધા.

થોડા દિવસ પછી એમને એક વિશ્વાસપાત્ર અમલદાર દ્વારા સમાચાર મળ્યા, ''એક-બે દિવસમાં મુંબઈના ગવર્નર બે-ત્રણ મોટા અમલદારો સાથે તમને મળવા આવવાના છે.''

બરાબર બે દિવસ પછી ગવર્નર સર જ્યોર્જ લોઈડ એમના પ્રધાનમંડળના બે અધિકારીઓ સાથે લઈને યરવડા જેલમાં સાવરકરને મળવા માટે પધાર્યા.

''ગૂડ મોર્નિંગ, મિ. સાવરકર ! આ જેલમાં અત્યારે ઈન્ડિયાની બે મુખ્ય અને પરસ્પર વિરોધી વિચારધારાઓ એક સાથે કેદ છે. તમને ખબર છે હું કોના વિશે વાત કરી રહ્યો છું ?'' સર લોઈડે ઉષ્માભેર વાતચીતનો આરંભ કર્યો.

''હા, તમે મહાત્મા ગાંધી વિશે ઉલ્લેખ કરી રહ્યા છો. હું હિંસાનો સમર્થક છું અને ગાંધી અહિંસાના આરાધક ! અમે બંને અત્યારે એક સાથે યરવડાના અતિથિઓ છીએ. અને સાચું કહું તો તમે પણ અત્યારે યરવડા જેલમાં જ બંધ છો !'' સાવરકરનો વિનોદ સાંભળીને ગવર્નર હસી પડ્યા.

પછી તરત જ એમણે સાવરકરના સંવાદમાંથી વાતનો છેડો પકડી લીધો, ''મિ. સાવરકર, વિલ યુ ટેલ મી વન થિંગ ? તમે ભણેલા છો, કાયદાને જાણો છો, વિદ્વાન છો, જિનિઅસ છો, તો પછી તમે હિંસાનો સહારો શા માટે લીધો ?''

''માફ કરજો, લોઈડ સાહેબ ! હિંદુઓ કારણ વગર કીડીને પણ મારતા નથી અને હું એક સાચો હિંદુ છું. મેં ત્યારે જ શસ્ત્રો હાથમાં લીધા, જ્યારે શાંત અને કાયદેસર રીતે આઝાદીની ચળવળ ચલાવવાનો કોઈ માર્ગ અમારી પાસે ન રહ્યો.''

"માની લો કે તમને ભવિષ્યમાં એવી મોકળાશ આપવામાં આવે તો ?"

"તો હું હથિયારોને હાથ નહીં લગાડવાનું વચન આપું છું."

"પણ તમારા વચન ઉપર સરકારને વિશ્વાસ શી રીતે પડે ?"

"જો અવિશ્વાસનો જ સવાલ હોય, તો થોડાંક વરસ પૂરતી અમે રાજકારણમાં ભાગ નહીં લેવાની બાંહેધરી આપીએ છીએ."

ગોરો ગવર્નર ખુશ થયો, "સરકાર પણ એ જ ઈચ્છે છે, પરંતુ તમને આવી બાંહેધરી આપવી નાલેશીજનક તો નહીં લાગે ને ?"

"ના." સાવરકરની આંખોમાં વીજળી ચમકી, "મહાભારતના યુદ્ધમાં ભારત ભૂમિના સર્વશ્રેષ્ઠ યોદ્ધા ભગવાન શ્રીકૃષ્ણે પણ શસ્ત્રોને હાથ નહીં લગાડવાનું વચન આપ્યું હતું. પણ એમણે અર્જુનના રથના સારથિ બનીને યુદ્ધ તો જિતાડી આપ્યું હતું ને ? હું પણ સ્વાતંત્ર્યના સિપાહીઓને યુદ્ધમાં દોરવણી આપવાનું નિઃશસ્ત્ર કર્તવ્ય બજાવીશ !"

ગવર્નરે કરંડિયામાંથી સાપ કાઢ્યો, "ધેટ્સ ફાઈન' પણ મિ. સાવરકર, તમારે એક કામ કરવું પડશે; તમે ભૂતકાળમાં જે ક્રાંતિની ચળવળો ચલાવી હતી એના વિશે રજે-રજ માહિતી તમારે સરકારને આપી દેવી પડશે. તમે ક્યાં, શું કરતા હતા, બૉંબગોળા બનાવવાની રીત તમે ક્યાંથી શીખ્યા, રિવોલ્વરો ક્યાંથી મેળવી, ક્યાં મોકલાવી, તમારા સાથીદારો કોણ - કોણ હતા, તમે ક્યાં ગુપ્ત રીતે મળતા હતા; આ બધું જ તમારે અમને જણાવી દેવું પડશે !"

સાવરકર ઊભા થઈ ગયા, "માફ કરજો, મિ. લોઈડ સાવરકર કેદખાનામાં પચાસને બદલે સો વર્ષ વિતાવી શકે છે, પણ પોતાના સાથીઓ સાથે દગો નથી કરી શકતો ! આપણે ચર્ચા કરવી જ હોય તો ભવિષ્ય વિશે કરીએ, મારા ભૂતકાળ વિશે નહીં."

"સારું ! સારું ! જેમ તમે કહેશો તેમ ! પણ તમે બેસો તો ખરા !" ગવર્નર ઢીલો પડી ગયો, "અમારા તરફથી માત્ર બે જ શરતો છે; એક, તમારે અમુક સમય માટે રાજકારણમાં સક્રિય નહીં બનવાનું. અને બીજું, અમુક સમય માટે તમારે ચોક્કસ સ્થળની સીમામાં જ રહેવાનું ! બોલો, મંજૂર છે ?"

'મંજૂર છે. આમેય તે આ બે શરતોનું પાલન તો છેલ્લાં ચૌદ - પંદર વરસથી હું કરી જ રહ્યો છું ને ?" સાવરકરે હસીને કહ્યું. સર જ્યોર્જ લોઈડે હસીને સાંભળ્યું. અને બધા છુટા પડ્યા.

જતાં-જતાં ગવર્નરે ચેતવણી ઉચ્ચારી, "લૂક મિ. સાવરકર ! હું તો હવે વિદાય લઈ રહ્યો છું. મારા સ્થાને નવા ગવર્નર મિ. લેસ્લી વિલ્સન આવશે. તેઓ બહુ કડક છે. જ્યાં સુધી તમને મુક્ત કરવાનું નક્કી કરવામાં ન આવે, ત્યાં સુધી જેલમાં તમે એવું એક પણ પગલું જ ભરશો જેના કારણે સરકારને પોતાનો નિર્ણય

બદલવાની ફરજ પડે. યાદ રાખજો તમારી દરેક હિલચાલ ઉપર અમારી નજર રહેશે !'' ગવર્નર ગયા. પાછળ રહ્યા સાવરકર અને એમની 'નિર્દોષ' હિલચાલો.

સાવરકર કાયર ન હતા, પણ કૂટનીતિના કસબી હતા. સરકારની જે બે શરતોને માથે ચડાવવાનો એ અભિનય કરી રહ્યા હતા, એ શરતો તો આમ પણ એમના માથા ઉપર સવાર થયેલી જ હતી. ભગવાન શ્રીકૃષ્ણે જેમ જરાસંઘ સામેના યુદ્ધમાં રણ છોડવાનું કપટ કર્યું હતું, એવું જ કપટ અત્યારે એ ભગવાનનો ભક્ત કરી રહ્યો હતો. બાકી ગવર્નરની ચેતવણીના સ્વરો હજુ તો હવામાં ઘૂમરાતા હશે, ત્યાં જ સાવરકરે એમના ઐતિહાસિક પ્રવચનોનો આરંભ કરી દીધો.

યરવડા જેલમાં ગાંધીજીને જ્યાં રાખવામાં આવેલા એ બેરેક સાવરકરની બેરેકથી બરાબર પાછળની બાજુએ હતી. એ વખતે ખિલાફતની અને અસહકારની ચળવળ ચરમસીમા પર હતી. ગાંધીજીના પગલે ચાલનારા અસંખ્ય સત્યાગ્રહીઓ કેદી બનીને યરવડા જેલમાં પુરાયા હતા.

રોજ સાંજે ગાંધીજી સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરતા, પછી ખિલાફત અને અસહકારની ચળવળ વિશે ટૂંકું ભાષણ કરતા. પછી ગાંધીજી તો વહેલા-વહેલા પથારી ભેગા થઈ જતા, પણ સાવરકરની સંસદ મોડી રાત સુધી ચાલતી રહેતી. ગાંધીજીનું ભાષણ સાંભળીને પેલા કેદીઓ બેરેકની આ બાજુએ આવી ચડતા. એમાં હિંદુઓ પણ હોય ને મુસલમાનો પણ હોય.

સાવરકર એમને પૂછતા, ''શું કહ્યું આજે તમારા મહાત્માએ ?'' કેદીઓ ગાંધીજીના પ્રવચનનો સાર રજૂ કરી દેતા. પછી સાવરકરે વિચાર્યું કે આ બધા બાપડા ભ્રમિત આત્માઓ છે. એમને દેશના ભવ્ય અને સાચા ભૂતકાળ વિશે માહિતગાર કરવા જ પડશે.

એ દિવસથી સાવરકરે પ્રવચન-માળા શરૂ કરી. રોજ રાત્રે એ તમામ ગાંધીવાદી કેદીઓની સભા ભરતા. બે-ચાર કેદીઓને પહેરો ભરવા માટે ગોઠવી દેતા; કોઈ સરકારી અમલદાર એમની ગતિવિધિ ઉપર નજર તો નથી રાખી રહ્યો ને ?

પછી તેઓ પ્રવચન શરૂ કરતા, ''આ ખિલાફતની ચળવળ એ ગાંધીજીની ભૂલ છે. તમને થશે કે ગાંધીજી જેવા મહાન માણસ આવી ભૂલ કરે ખરા ? હું કહું છું કે કરે ! મહાન ભૂલો મહાન માણસો જ કરે છે ! આ દેશનો ઈતિહાસ તપાસો; મુસલમાનોએ કયારેય આ દેશને પોતાનો માન્યો નથી. એમની નજર કાયમ અરબસ્તાન તરફ જ હોય છે. ઊંટ મરે તોયે મારવાડ તરફ જુએ ! મહાત્મા પોતે જ એક ભ્રમિત આત્મા છે. હિંદુ-મુસલમાન એકતા વિશે એમના વિચારો તદ્દન ખોટા, ભ્રામક અને અવાસ્તવિક છે. જો હિંદુઓ અને મુસલમાનો વચ્ચે એકતા સ્થાપવી હશે તો મારી સલાહ માનવી પડશે; મુસલમાનો હિંદુ ભલે ન બને, પણ

એમણે હિંદુસ્તાની તો બનવું જ પડશે ! આમ ખિલાફતનું સળગતું લાકડું હાથમાં પકડી લેવાથી કોઈ પ્રકારની એકતા નહીં સ્થપાય. આ ખિલાફત નથી, પણ આફત છે ! રહી વાત અસહકારની; તો હું કહું છું કે અસહકાર જેવું આ જગતમાં બીજું કોઈ તૂત નથી ! હું સહકારનો અને અસહકારનો એમ બંને વાતનો વિરોધી છું.

"તો પછી તમે શાનું સમર્થન કરો છો ?" એક કેદીએ પ્રશ્ન કર્યો.

"હું પ્રતિ-સહકારની વાતમાં વિશ્વાસ રાખું છું. આપણો શત્રુ જે વાતમાં આપણને સહકાર આપે તે વાતમાં આપણે પણ તેને સહકાર આપવો. જે મુદ્દે એ આપણી સામે પડે, તે મુદ્દે આપણે પણ તેની વિરુદ્ધમાં પડી જવાનું ! આ અસહકારનું સળગતું ઊંબાડિયું મહાત્મા આ દેશની જનતાના હાથમાં પકડાવી રહ્યા છે એ તેમની ગંભીર ભૂલ છે. એનાથી આઝાદી તો કદાચ મળી જશે, પણ પછી એ જ અસહકારની આગ આપણા આઝાદ દેશને ભરખી જશે !"

સાવરકરનાં ભાષણો સાંભળીને અસંખ્ય કેદીઓ ગાંધીવાદી મટીને સાવરકરવાદી બની ગયા અને જેલમાંથી છૂટ્યા પછી પણ પોત-પોતાના વિસ્તારોમાં જઈને તેમણે બધાંએ 'બડા બાબુ'ની વિચારધારા ઉપર અમલ કરવાનું ચાલુ રાખ્યું.

આવી જ એક રાત્રીસભામાં એક વાર સાવરકર એમના પ્રિય શિષ્ય શહીદ સમ્રાટ મદનલાલ ઢીંગરાના પરાક્રમ વિશે આગ-ઝરતી વાણીમાં પ્રવચન આપી રહ્યા હતા, ત્યારે અચાનક પહેરો ભરી રહેલા કેદીએ દોડતા આવીને માહિતી આપી, "જેલર આવે છે."

"જેલર ? અત્યારે !" સાવરકરને આશ્ચર્ય થયું, "લાગે છે કે મારાં પ્રવચનોની આગ એના કાન સુધી પહોંચી ગઈ છે ! મારી સજામાં વધારો કરવા માટે આવતો લાગે છે."

જેલરે આવીને વધામણી ખાધી, "અભિનંદન, સાવરકરજી ! તમને આવતી કાલે મુક્ત કરવાનો સરકારી હુકમ છે."

"આભાર !" સાવરકરે કહ્યું.

"સુપરિન્ટેન્ડન્ટ સાહેબ અત્યારે ઑફિસમાં છે. હું તમને લઈ જવા માટે આવ્યો છું. સાથે ખાનગીમાં બે શબ્દો સલાહના પણ આપી દઉં છું; મહેરબાની કરીને તમારા હાથમાં આવેલી છુટકારાની આ તક તમે સરકી જવા ન દેશો !"

"મતલબ ?"

"સાહેબ તમારી સામે એક કરારપત્ર ધરશે. એમાં તમે મંજૂર કરેલી શરતોવાળું લખાણ હશે. તમે કચ-કચ કર્યા વગર એ કાગળમાં સહી કરી આપજો !"

ઑફિસમાં એમ જ થયું. પણ સાવરકર ચૂપચાપ સહી કરી આપે તો પછી એ સાવરકર શાના ?

એમણે એ કરારપત્રમાં પોતાના તરફથી કેટલીક કલમો ઉમેરી. સુપરિન્ટેન્ડન્ટે અણગમો બતાવ્યો, "એ બધું રહેવા દો ને ! નાહકનો કરારપત્ર લાંબો-લચક થઈ જશે."

"પણ જો મારું લખાણ કાઢી નાખવામાં આવશે, તો ભવિષ્યમાં કોઈ હરામખોર, દેશદ્રોહી, લુચ્ચો રાજકારણી એવું જાહેર કરશે કે સાવરકર કાયર હતા એટલે એમણે શરતી કરારપત્ર ઉપર દસ્તખત કરી આપ્યા !"

"ના, એવું આપણે નહીં થવા દઈએ. આ કરારપત્રની સાથે-સાથે જ સરકાર તરફથી એક નિવેદન પણ મોકલવામાં આવ્યું છે. એમાં તમે ૧૯૨૦ની સાલમાં લખેલો પત્ર 'આંદામાનનો પોકાર' સામેલ છે. એમાં તમારી કલમે તમે જે વિચારો રજૂ કર્યા છે એનો સંદર્ભ ટાંકીને આ કરારપત્ર તૈયાર કરવામાં આવ્યો છે. માટે તમારે વધુ કંઈ ઉમેરવાની જરૂર જ નથી."

"ભલે." સાવરકરે કહ્યું, પણ તેમ છતાં એક શરત તો એમણે ઉમેરાવી જ, "આ શરતી કરારપત્રના અર્થઘટન વિશે જ્યારે પણ કોઈના મનમાં શંકા-કુશંકા ઉદ્‌ભવે ત્યારે મારો પત્ર વાંચી જવો. આ શરતોનું અર્થઘટન સરકાર કરે તે મુજબ નહીં પણ હું કરું તે મુજબનું રહેશે !"

સુપરિન્ટેન્ડન્ટે વચન આપ્યું, "તમે કહેશો તેમ જ થશે." એ પછી જ સિંહપુરુષે પીંજરામાંથી બહાર આવવાનું કબૂલ રાખ્યું.

સહી કરીને તેઓ ફરી પાછા પોતાની કોટડીમાં પુરાયા. એ રાત કદાચ જેલમાં તેમની આખરી રાત હતી. કદાચ એટલા માટે કે આ પહેલાં અનેક વાર સાવરકર છૂટવાની આશામાં ઠગાયા હતા ! 'મુક્તિ' નામની મહામાયા અસંખ્યવાર એમની સાથે છળ રમી ચૂકી હતી. આ રાત આખરી રાત છે કે નહીં એ તો આવતી કાલની સવાર નક્કી કરશે.

જાન્યુઆરીનો મહિનો હતો. જેલમાં સખત ઠંડી પડતી હતી. વધારામાં વરસાદ પડ્યો. સાવરકરજીને ઓઢવા-પાથરવા માટે બે ચાદરો આપવામાં આવી હતી. એ પણ વાછંટને કારણે ભીની થઈ ગઈ હતી. ઓરડીમાં પાણીને કારણે સૂવું અશક્ય થઈ પડ્યું હતું. એટલે સાવરકર ઠંડીથી થરથરતા દેહને બે પાતળી ચાદરોમાં લપેટીને એક અંધારા ખૂણામાં બેસી ગયા. એમ ને એમ બેઠાં-બેઠાં ક્યારે ઊંઘ આવી ગઈ એની પણ ખબર ન પડી.

આવું કંઈક એ રાત્રે પહેલી વાર નહોતું બન્યું. આવી તો અનેક રાત્રીઓ આ પ્રખર દેશભક્તે એકાંત કોટડીના કાજળકાળા ખૂણામાં ઊભડક બેસીને પસાર કરી નાખી હતી. પણ આ રાત એમના માટે ખાસ હતી. વિશિષ્ટ હતી, યાદગાર હતી. કારણ ? કારણ કે આ રાત્રી કદાચ કારાવાસની અંતિમ રાત્રી હતી.

આવતી કાલનો સૂરજ આ સિંહપુરુષની મુક્તિનો ઉજાસ લઈને ઊગવાનો હતો.

o o o

૨૩. બે મુલાકાતો : ડૉ. હેડગેવાર, શૌકતઅલી

જેલની છેલ્લી રાત મૃત્યુ પામી, સવારે છ વાગે વાદળછાયા આભમાં ઊગતા સૂરજે નવજાત શિશુની જેમ ડોકિયું કર્યું. સાવરકરે રોજની જેમ જ દિનચર્યા શરૂ કરી દીધી. જેલમાંથી છૂટવાના આશ્વાસનોથી તેઓ એટલી બધી વાર છેતરાયેલા હતા કે અત્યારે નજર સામે નક્કર વાસ્તવિકતા ઊભેલી હતી એ પણ એમને ધુમ્મસ જેવી આભાસી લાગી રહી હતી.

આગલી રાતે જેલના કેદીઓને એકઠા કરીને સાવરકરજી એમની સમક્ષ ભાષણ કરી રહ્યા હતા એ અધૂરું રહી ગયું. સાત-આઠ કેદીઓ સવાર-સવારમાં દોડી આવ્યા. ''બડે બાબુજી, કલ રાત કી અધૂરી બાત પૂરી કિજીયે ના ?''

સાવરકરને આશ્ચર્ય થયું, ''કાલે રાત્રે હું શાના વિશે બોલી રહ્યો હતો ?''

'મદનલાલ ઢીંગરાનાં સાહસો વિશે આપ વાત કરતા હતા.'' જવાબ સાંભળીને સાવરકર ગદ્‌ગદ્ થઈ ગયા. દોઢ-પોણા બે દાયકા પહેલાં વિલાયતમાં અપ્રતિમ શૌર્ય અને દેશભક્તિનું ઉદાહરણ કાયમ કરી જનાર એ દૂધમલ જુવાનની 'વાર્તામાં' આ કેદીઓને આટલો બધો રસ પડી રહ્યો હતો ?! આનો અર્થ એ જ કે વતન માટે વહાવેલા રકતનું એક ટીપું પણ ભવિષ્યની પેઢીઓ કયારેય સુકાવા દેતી નથી. 'ખૂન દિન કે હમારે યારોં ન ભૂલ જાના' એવું શાયરે ગાયું છે, પણ દેશની જનતાએ તો એ વાંચ્યું પણ છે અને જીવી પણ બતાવ્યું છે.

જેલની કોટડીની બહારના ચોગાનમાં સાવરકરે ઝટપટ નાનકડી સભા ભરી અ મદનલાલનું મર્દાના વૃત્તાંત કહી સંભળાવ્યું.

ત્યાં જ જેલનો કર્મચારી દોડતો આવ્યો, ''સાવરકરજી, આપને મુકત કરવામાં આવે છે.''

શ્રોતાવૃંદે તાળીઓ પાડીને આ સમાચારને વધાવી લીધા. સૌની આંખોમાં આંસુ ઊભરાયાં. એમાંના ઘણા બધા કેદીઓ છેક આંદામાનની સેલ્યુલર જેલથી સાવરકરની સાથે હતા. એમની પ્રત્યેક વાતને આદેશ ગણીને એ કેદીઓએ જેલમાં અસહ્ય અમાનુષી અત્યાચારો સર-આંખો પર ચડાવ્યા હતા. આ વહાલા સાથીઓને છોડીને જવાની વાત સાંભળતાં જ 'બડા બાબુ' અક્ષરશઃ ધ્રૂજી ઊઠ્યા.

બધા કેદીઓ સાવરકરને વળગી પડ્યા, "બાબુજી ! જોઈએ ! હમ કો ભૂલના નહીં !" બોલી-બોલીને સૌ એમના નેતાને ભેટતા રહ્યા અને રડતા રહ્યા.

"જઉં તો છું, પણ જીવ ચાલતો નથી તેમને જેલમાં સબડતા છોડીને જતાં મારું હૃદય વલોવાઈ જાય છે."

સાવરકરની લાગણી જોઈને એક ઘરડા કેદીએ એમને હિંમત આપી, "અમારી ચિંતા ન કરશો, બાબુજી ! તમે અમારા કરતાં સાત વરસ પહેલાં જેલમાં આવ્યા હતા, એટલે તમારો છુટકારો પણ વહેલો જ થાય. અને તમે છૂટ્યા એટલે અમને તો એવો આનંદ થાય છે કે જાણે અમે પોતે જ છૂટ્યા હોઈએ ! કંઈ નહીં તો આપણી માતૃભૂમિની આઝાદીનો માર્ગ એટલો મોકળો થયો છે એવું અમે તો માનીએ છીએ."

સાવરકરે એમની માન્યતા અને શ્રદ્ધાને માથે ચડાવી, "ભાઈઓ ! અંગ્રજો એવું માને છે કે ચૌદ-પંદર વરસનો કઠોર કારાવાસ ગમે તે ખૂંખાર અપરાધીને માનસિક તેમજ શારીરિક રીતે ભાંગી નાખવા માટે પર્યાપ્ત છે. પણ મારી બાબતમાં તેઓ થાપ ખાઈ ગયા છે. અલબત્ત, મારા શરીરને ભાંગી નાખવામાં એ લોકો સફળ રહ્યા છે, પણ મારું મન આજે પણ એવું ને એવું જ મજબૂત છે. આ વાતનો પુરાવો હું 'સ્વાતંત્ર્ય લક્ષ્મી'નો જયઘોષ ઉચ્ચારીને આપી રહ્યો છું. આ એ જયઘોષ છે જેને મારી જિંદગી સાથે વણી લેવા બદલ મારા માથે કાળાપાણીની કઠોરતમ સજા થોપી દેવામાં આવી હતી. આજે જેલમાંથી છૂટતી વખતે હું એ જ જયઘોષ ઉચ્ચારું છું : બોલો, સ્વાતંત્ર્યલક્ષ્મીની જય...!"

સૌ કેદીઓના સમૂહ સ્વરોમાં યરવડા જેલનું આસમાન આ પ્રતિબંધિત જયઘોષથી ગાજી ઊઠ્યું.

એ પછી સાવરકર ઑફિસમાં આવ્યા. સુપરિન્ટેન્ડન્ટે મુક્તિની આજ્ઞા વાંચી સંભળાવી. પાંચ વરસ સુધી રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવો તેમજ એટલી જ મુદત માટે રત્નાગીરી જિલ્લામાં સ્થાનબદ્ધ રહેવું આ બે મુખ્ય શરતો હતી જે સાવરકરે પાળવાની હતી.

આજ્ઞાપત્ર વાંચી લીધા પછી સાહેબે સૂચના આપી, "મિ. સાવરકર, મને અંગત રીતે તમારા પ્રત્યે આદર અને સહાનુભૂતિ છે. મારી તમને સલાહ છે કે હવે જરા ચેતીને ચાલજો ! અને બની શકે તો આજે ને અત્યારે જ તમે રત્નાગીરી જવા માટે ઊપડી જાવ ! સરકારને તમારા ઉપર શંકા પડે તેવું કોઈ જ વર્તન ન કરો તો સારું !"

સાવરકરે કેદીના કપડાં કાઢીને ઘરનાં વસ્ત્રો પહેરી લીધાં. મુંબઈની ડુંગરીની જેલમાં જે કપડાં ૧૯૧૧ની સાલમાં ઉતારેલાં, એ આજે ૧૯૨૪ની સાલમાં ફરીથી ધારણ કર્યાં !

સાવરકરને વળાવવા માટે જેલના તમામ કેદીઓની સાથે બધા જ અધિકારીઓ પણ ભેગા થયા. એકે તો કહ્યું પણ ખરું, ''રામની જેમ ચૌદ વરસનો વનવાસ વેઠ્યો; ધન્ય છે ! આજે હિંદુસ્તાનનો હરખ ગગનમાં નહીં સમાય !''

સાવરકર સમજતા હતા કે આટલા બધા સરકારી અધિકારીઓની ઉપસ્થિતિમાં શું બોલાય ને શું ન બોલાય; પણ એમની ખુમારી અને દેશભક્તિ હજુયે એવીને એવી જ પ્રચંડ હતી. એ બોલી ગયા, ''હા, આપની વાત સાચી છે; પણ સરખામણીમાં સહેજ ફરક છે. રામે ચૌદ વરસનો વનવાસ વેઠ્યા પછી પુનઃ અયોધ્યામાં પ્રવેશ કર્યો ત્યારે એ રાવણ નામના રાક્ષસનો વધ કરી ચૂકયા હતા ! મેં વનવાસ વેઠ્યો ખરો, પણ રાક્ષસનો વધ કરવાનો હજુ બાકી છે ! ઈશ્વરની દયા હશે તો તે કાર્ય પણ ભવિષ્યમાં સફળ થશે !''

જેલના અધિકારીઓ સાવરકરજીનાં વાકયોનું પૃથક્કરણ કરે એ પહેલાં તો તેઓ જેલના લોખંડી દરવાજામાંથી આઝાદીની ધરતી ઉપર પગ માંડી ચૂકયા હતા !

જેલની બહાર સાવરકરને આવકારવા માટે સગાંવહાલાં અને મિત્રોનો સમૂહ પધાર્યો હતો. બધા હસી-હસીને ભેટ્યા. પછી સાવરકર મોટરમાં બેઠા. ગાડી સડક ઉપર દોડવા લાગી.

રત્નાગીરી પહોંચીને જ્યારે સાવરકરે જીવનની સીમામાં નવેસરથી તાજો શ્વાસ લીધો, ત્યારે એમને ખબર પડી કે આ દેશની જનતાએ એમને કેટલો પ્રેમ કરેલો છે !

બીજા દિવસના અખબારોમાં પહેલા પાને સાવરકરને ઉદ્દેશીને મથાળાં છપાયાં હતાં : ''શાબાશ ! વીરા, શાબાશ !''

ઠેરઠેરથી શુભેચ્છા સંદેશાઓને વરસાદ વરસવો શરૂ થયો. આ સ્નેહ માત્ર કોરા શબ્દો સમાન ન હતો, પણ એ તો જનતા તરફથી લગાડવામાં આવેલો શીતળ લેપ હતો જેનાથી કાળાપાણીની કઠોર યાતના, એના જખ્મો અને લોહી ઝરતા વ્રણો રુઝાઈ ગયા !

પાછળ રહ્યા માત્ર આંદામાનનાં સ્મરણો જે આ સિંહપુરુષના કલમ વડે કાગળ ઉપર ઊતરવાનાં હતાં અને ભવિષ્યની અસંખ્ય પેઢીઓ એ 'મારી જનમટીપ' વાંચીને ગદ્‌ગદ્‌ થતી રહેવાની હતી.

સિંહપુરુષ આખરે પિંજરામાંથી મુકત થયા હતા !

* * *

વીસમી સદીની વીસીનાં વરસો ભારત માટે અને ભારતના રાજકારણ માટે જબરી ઊથલ-પાથલનાં વરસો હતાં. લોકમાન્ય ટિળક મહારાજના અણધાર્યા અવસાનને કારણે દેશના રાજકીય ક્ષેત્રમાં જે જબરજસ્ત શૂન્યાવકાશ સર્જાયો, એણે મોહનદાસ કરમચંદ ગાંધી નામના એક સાત્ત્વિક સંતને રાતોરાત શિખર ઉપર સ્થાપિત કરી દીધા. ગાંધીજીના મનમાં અહિંસા અને સત્યાગ્રહ નામનાં બબ્બે અમોઘ શસ્ત્રો મોજૂદ હતાં. એનાથી મહાત્માને સંતોષ ન હતો; એમણે હિંદુ-મુસલમાન એકતાની અશકય વિચારધારાને રાષ્ટ્રીય રાજકારણમાં વહેતી મૂકી.

શુભારંભ એમણે ખિલાફતની ચળવળથી કર્યો. હિંદુસ્તાનની બહાર છેક તુર્કસ્તાનમાં ઊભો થયેલો આ પ્રશ્ન કોઈ રીતે આ દેશને સ્પર્શતો ન હોવા છતાં ગાંધીજીએ માત્ર મુસલમાનોને રાજી કરવા માટે જ ખિલાફતની ચળવળનું સળગતું લાકડું હાથમાં ઝાલી લીધું. બહુ ઝડપથી એમનું આ પગલું મહાત્માની મહાન ભૂલ તરીકે ઇતિહાસના પૃષ્ઠોમાં અંકિત થયું.

એના પગલે-પગલે મોપલા ક્રાંતિકારીઓના અત્યાચારો ફાટી નીકળ્યા, હજારો હિંદુઓને મૂંગા પ્રાણીઓની જેમ વેતરી નાખવામાં આવ્યા, હિંદુ સ્ત્રીઓ ઉપર બળાત્કારો ગુજારવામાં આવ્યા. અસંખ્ય હિંદુ પરિવારોને બળજબરીપૂર્વક વટલાવીને મુસલમાન બનાવવામાં આવ્યા. અગણિત હિંદુઓને જીવતા સળગાવી દેવામાં આવ્યા. કંઈ-કેટલીયે નિરાધાર હિંદુ સ્ત્રીઓએ પોતાના શિયળની રક્ષા કાજે કૂવાઓમાં પડીને પ્રાણ છોડ્યા.

જ્યારે ગાંધીજીને મુસલમાનોના આ બધા અત્યાચારો વિશે જાણ કરવામાં આવી, ત્યારે જગતના એ સર્વશ્રેષ્ઠ મહાપુરુષે જાહેર કર્યું, ''મને લાગે છે કે આ મુસલમાન ભાઈઓ અલ્લાહથી ડરીને ચાલનારા ધર્મનિષ્ઠ સજ્જનો છે.''

ગાંધીજીના આવા વિચિત્ર અભિગમથી પૂરો દેશ સમસમી ગયો. ધારાસભામાં સરકાર સામે લડવાનું કાર્ય હવે દેશબંધુ ચિત્તરંજનદાસ અને પં. મોતીલાલ નહેરુએ ઉપાડી લીધું. આડકતરી રીતે ગાંધીજી એક ખૂણામાં હડસેલાઈ ગયા. કેળકર, જયકર અને મુંજે જેવા નેતાઓને ગાંધીજીના નેતૃત્વમાંથી વિશ્વાસ ઊઠી ગયો. હિંદનું બુલબુલ ગણાતાં સરોજિની નાયડુએ તો જાહેરમાં કહી દીધું, ''ગાંધીજીએ હવે દેશના રાજકારણમાં ભાગ લેવાનું બંધ કરી દેવું જોઈએ. તેઓ એક સંત પુરુષ છે, એટલે એમણે પ્રજા તરફથી મળતા ભક્તિભાવથી જ સંતોષ માની લેવો જોઈએ !''

'પ્રાણીઓમાં પડી તકરાર...' જેવો મામલો જામ્યો હતો, ત્યારે આ માહોલમાં વનનો રાજા સિંહ સરકારી પિંજરામાંથી છૂટીને રત્નાગીરીની સરહદો વચ્ચે પાછો ફરી રહ્યો હતો. ટિળકના અવસાન અને ગાંધીજીની ઘોર નિષ્ફળતા પછી દેશના

રાજકારણમાં જો કોઈ એક જ નેતાની તાતી જરૂર હતી, દેશભરની જનતામાં જેમની પ્રચંડ સ્વીકૃતિ હતી અને અંગ્રેજો પણ જેમના નામ માત્રથી થરથર ધ્રૂજતા હતા, એ વ્યક્તિ હવે જેલમાંથી મુકત હતી.

પણ નસીબની બલિહારી જુઓ; સિંહપુરુષને શિકાર કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. આવનારા પાંચ વરસ માટે રાજકારણનું ક્ષેત્ર સાવરકર માટે વર્જિત હતું. વિધાતાએ જાણે કે અંગ્રેજોને હાથો બનાવીને હિંદુસ્તાનનું ભવિષ્ય બંધ કરી દીધું હતું !

રત્નાગીરીમાં સાવરકરજીના આગમનને જાહેર જનતાએ તો ઉમળકાભેર આવકાર્યું, પણ કાળી બિલાડી અપશુકન કરવામાંથી કેમ જાય ? એક વિરોધી અખબારે છાપ્યું : ''સાવરકર હવે રત્નાગીરીમાં આવી રહ્યા છે; એ રત્નાગીરીમાં જયાં બર્માના પરાજિત અને પદભ્રષ્ટ કિંગ થાબા આખરે રત્નાગીરીમાં જ મૃત્યુને ભેટયા !''

મોટા ભાઈ ગણેશપંતે સાવરકરને પૂછ્યું, ''તાત્યા, હવે શું કરવાનો વિચાર છે ? રાજકારણના દરવાજા તો તારા માટે બંધ થઈ ગયા છે.''

વિનાયક હસ્યા, ''જે બેટાએ કિશોરાવસ્થામાં જ માતૃભૂમિને માટે જિંદગી આખી ન્યોછાવર કરી દેવાની પ્રતિજ્ઞા લીધી હોય એને માટે સરકારનાં ફરમાનો કેટલાં કારગત નીવડી શકે ? બહાદુરો માટે બારણાં હંમેશાં ખુલ્લાં જ હોય છે !''

છુટકાંરાના થોડાક જ દિવસો પછી આર. જી. પ્રધાન, મુકાદમ એસ. એસ. દેવ તથા એ. એન. સુર્વે જેવા સ્થાનિક નેતાઓએ મુંબઈની ધારાસભામાં સાવરકર વિશે સવાલો ઉઠાવવા શરૂ કર્યા, ૧૯૨૪ના ફેબ્રુઆરીમાં એમણે સરકારને વેધક પ્રશ્ન પૂછ્યો, ''સરકાર સાવરકરજીના પરિવારના ગુજરાન માટે કોઈ આર્થિક વ્યવસ્થા ગોઠવવાનું વિચારી રહી છે કે કેમ ?''

બદલામાં ઉઘાડો જવાબ મળ્યો, ''ના.''

સાવરકરને પૈસાની ફિકર ન હતી. એમને નિસબત હતી દેશની, દેશવાસીઓની અને હિંદુ એકતાની, એમણે મોટા ભાઈને સલાહ આપી, ''આપણે હિંદુઓને એકઠા કરીને એક સંસ્થા બનાવવી પડશે. હું સક્રિયપણે તો એમાં ભાગ લઈ નહી શકું પણ પડદા પાછળથી તમને દોરવણી આપતો રહીશ.''

બીમાર બાબારાવ તૈયાર થઈ ગયા. ૧૯૨૪માં 'રત્નાગીરી હિંદુ સભા'ની રચના કરવામાં આવી.

આ હિંદુ સંગઠનવાદી પક્ષ દ્વારા જે પ્રથમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું એણે સમગ્ર મહારાષ્ટ્રમાં ખળભળાટ અને નવજાગૃતિ પ્રસરાવી દીધી.

૧૯૨૪ના મે મહિનામાં 'શિવાજી સમારોહ' ઊજવવામાં આવ્યો. એ દિવસે શંકરાચાર્ય ખુદ રત્નાગીરીમાં પધાર્યા અને સમારોહનું અધ્યક્ષ સ્થાન શોભાવ્યું. આને કારણે હિંદુ સંગઠનની પ્રવૃત્તિનો જબરજસ્ત પ્રચાર થયો.

તરત જ નાસિક સળવળીને બેઠું થયું. ત્યાંના પ્રબુદ્ધજનોએ વીર સાવરકરનું જાહેરમાં સન્માન કરવાનું નક્કી કર્યું. આ એ વીર નાયક હતા જેમણે સીધા-સાદા પવિત્ર નાસિકને 'હિંદુસ્તાનના જેરુસલેમનું' બિરુદ અપાવ્યું હતું. ક્રાંતિવીરોની આ ભૂમિ માત્ર સાવરકરના કારણે જગવિખ્યાત બની ગઈ હતી, અને આ વીરપુરુષ ઓગણીસ-ઓગણીસ વરસના યાતનાસભર અંતરાલ બાદ આજે ફરી એક વાર એની કર્મભૂમિમાં પગ મૂકવા આવી રહ્યો હતો.

૧૯૨૪ની ચોવીસમી ઑગસ્ટે આખું નાસિક શહેર સાવરકરને આવકારવા માટે ઊમટી પડ્યું. ડૉ. મુંજુએ સમારંભનું પ્રમુખપદ શોભાવ્યું. મહારાષ્ટ્રની જનતા તરફથી માતબર રકમની થેલી સાવરકરને ભેટ ધરવામાં આવી. શંકરાચાર્યે પોતાના તરફથી પોશાક ભેટ કરીને સાવરકરને આશીર્વાદ પાઠવ્યા.

પણ સાવરકર સાવરકર હતા ! આટલા બધાં માન-સન્માન અને પ્રેમવર્ષાના વાવંટોળ વચ્ચે એમની ચકોર નજર કેટલાંક હતભાગી મહાર કુટુંબો ઉપર પડી. આગાખાની સંપ્રદાયના ધાર્મિક કાર્યકર્તાઓ આ ગરીબ મહારોને ધનની લાલચ આપીને અને ધાકધમકીથી ડરાવીને ખોજા બનાવી રહ્યા હતા. સાવરકરે એ મહારોને બચાવી લીધા.

પછી તો સરકારની પરવાનગી મેળવીને સાવરકર ભગૂર, ત્ર્યંબક, યેવલા અને નગર જેવાં સ્થાનોએ પણ જઈ આવ્યા. તેઓ જ્યાં-જ્યાં ગયા, ત્યાં-ત્યાં એમને જોવા અને ભેટવા માટે વિરાટ લોકસાગર સ્વયંભૂ રીતે ઊમટતો હતો.

ભગૂરમાં તો સાવરકરે અભૂતપૂર્વ દાંખલો બેસાડ્યો. એમને ચા-પાણી માટે ઘરે-ઘરેથી નિમંત્રણો મળી રહ્યાં હતાં. મોટા શેઠિયાઓ, જમીનદારો તથા સરકારી અધિકારીઓ ભગૂરના આ ભવ્યાતિભવ્ય સપૂતને પોતાના આંગણે આવકારવા માટે થનગની રહ્યા હતા.

આ બધાંની વચ્ચે દૂર એક અસ્પૃશ્ય બે હાથ જોડીને ઊભો હતો. સાવરકર સામે ચાલીને એની પાસે ગયા. અને પૂછ્યું, ''કોણ ? લખમીનો દીકરો વામન્યા તો નહીં ?''

''હા, હું એ જ વામન છું, તાત્યા સાહેબ ! આપને વિનંતી કરવા આવ્યો છું; મારી ઝૂંપડીએ ચા પીવા પધારશો ?''

''તું બોલાવે અને હું ન આવું ? આજે સાંજે જ આવું છું. તારું સરનામું આપ !'' સાવરકરે વામનના અસ્પૃશ્ય ખભે પ્રેમભર્યો સ્પર્શ કરીને વચન આપ્યું.

સરનામું શું આપે ? સાંજે ખુદ વામન જ હાજર થઈ ગયો. જુનવાણી ભગુરવાસીઓના ભયંકર આઘાત વચ્ચે સાવરકર વામનની પાછળ પાછળ હરિજનવાસમાં ગયા. એની સાથે એની ઝૂંપડીમાં ભોંય ઉપર બેસીને ચા પીધી. પાણી પીધું. અને પૂરા પરિવારનો પ્રેમ પણ પીધો.

સુખી, સંસ્કારી અને સંભ્રાત કહેવાતા સવર્ણોના નાકનાં ટીચકાં ચડી ગયાં. પણ એમાંથી કોની મગદૂર હતી કે સિંહપુરુષનો બહિષ્કાર કરી શકે ?

સાવરકરે જાહેર કર્યું, ''મારી અંતરની ઈચ્છા આજે હું જણાવી દઉં છું; મારા મૃત્યુ બાદ હું ઈચ્છું છું કે મારા મૃતદેહને સ્મશાને લઈ જતી વખતે જે ચાર ડાઘુઓની જરૂર પડે તેમાં એક મહાર હોય, એક મરાઠા હોય, એક બ્રાહ્મણ હોય અને એક મંગ જાતિનો પુરુષ હોય !''

સાવરકરનાં આ સમાજસુધારણાનાં કાર્યો તેમજ એમનાં જાહેર વકતવ્યો જોઈ-સાંભળીને આળસુ અજગરની જેમ સદીઓથી સૂતેલો જનસમૂહ જાગી ઊઠ્યો.

અંગ્રેજ સરકારના મનમાં ભય પેઠો : આ માણસ ગમે તે બહાને પ્રજાના દિલ-દિમાગ ઉપર શાસન અને આસન જમાવી જ લે છે ! એણે ફરમાન છોડ્યું : ''પાછા રત્નાગીરી ભેગા થઈ જાવ ! તમારું ફરવાનું આજથી બંધ !''

* * *

રત્નાગીરી જતાં પહેલાં રસ્તામાં મુંબઈ ખાતે થોડોક સમય સાવરકરને રોકાવાનું બન્યું. ૧૯૨૪ની સાલનો નવેમ્બર માસ ચાલતો હતો. બીજા અઠવાડિયાના દિવસો હતા.

એક સવારે શૌકતઅલીએ ચિઠ્ઠી મોકલાવી, ''આપ જો અનુમતિ આપો તો આજે સાંજે હું આપને મળવા માટે આવું.''

શૌકતઅલી જાણીતા મુસલમાન નેતા હતા. ગાંધીજીના ભ્રામક ભાઈચારાની નિસરણી ઉપર ચડીને એ દેશભરમાં માન્યતા પ્રાપ્ત કરી ચૂકયા હતા. ખિલાફત આંદોલનના એ પ્રમુખ સૂત્રધાર હતા. એમનું વ્યક્તિત્વ દો-રંગી હતું. એક તરફ એ ગાંધીજી સાથે બેસીને હિંદુ-મુસલમાન ઐકયની બાંગ પોકારતા હતા અને બીજી બાજુ, તેઓ કટ્ટરવાદી પ્રવૃત્તિઓની અગનઝાળ ભડકાવી રહ્યા હતા.

સાવરકર આ બદમાશની સાથે બાથ ભીડવા માટે સજ્જ થઈ ગયા. એમણે અનુમતિ આપી, એટલે નિર્ધારિત સમયે શૌકતઅલી સાવરકરની મુલાકાતે આવી ચડ્યા.

બહારથી એમનો વ્યવહાર એવો હતો કે જાણે તેઓ સાવરકરને પ્રેમપૂર્વક ભેટવા અને એમની દેશભક્તિને બિરદાવવા આવ્યા હોય; પણ પછી ધીમે-ધીમે એમણે

પોતાનાં પત્તાં ઊતરવાં શરૂ કર્યાં. સાવરકર તરત સમજી ગયા કે આ શૈતાન આડકતરી રીતે એમને ચેતવવા. ડરાવવા અને ધમકાવવા માટે જ આવ્યો છે.

શૌકતઅલીએ શરૂઆત કરી, ''આપની દેશદાઝને હું સલામ કરું છું. પરંતુ આપ જે હિંદુ સંગઠન માટે પ્રવૃત્તિ કરી રહ્યા છો એનો હું પ્રચંડ વિરોધ કરું છું.''

''શા માટે, વારુ ?''

''અમે અને મહાત્માજીએ સાથે મળીને હિંદુ-મુસ્લિમ એકતા વિશે જે કંઈ નક્કર પ્રગતિ સિદ્ધ કરી છે એને તમારી હિંદુવાદી પ્રવૃત્તિને કારણે મોટું નુકસાન થશે એવું મને લાગે છે. તમારે હિંદુ સભાની પ્રવૃત્તિ બંધ કરી દેવી જોઈએ !''

''તમે સાચું જ કહો છો. હું આવતી કાલથી જ હિંદુવાદી કાર્યો બંધ કરી દેવાનું જાહેર કરું છું.''

''બહુ સરસ. મને તમારી પાસેથી આવી જ અપેક્ષા હતી.'' શૌકતએલીની લાંબી, લાલ રંગી દાઢી શત્રુની શરણાગતિ નિહાળીને મલકી ઊઠી.

પણ સાવરકરે તરત જ એ હાસ્ય હોલવી નાખ્યું, ''જનાબ, મને પણ તમારી પાસેથી એક નાનકડી અપેક્ષા છે.''

''ફરમાવો !''

''હું હિંદુ સંગઠનની પ્રવૃત્તિઓ આવતી કાલથી બંધ કરવાનો છું; પણ તમે ખિલાફતની ચળવળ આજથી જ બંધ કરી દો !''

''શું ? એ કયારેય નહીં બને ! ખિલાફત અને અલઉલેમાનું કામ કયામતના દિવસ સુધી ચાલુ જ રહેશે !''

''તો સમજો કે કયામતનો દિવસ નજીકમાં જ છે !''

શૌકતઅલી જાત ઉપર આવી ગયા, ''તમે મુસલમાનોની તાકાત વિશે કશું જાણતા જ નથી. છેલ્લાં એક હજાર વરસનો ઈતિહાસ તપાસી લો; દરેક જંગમાં તમે હિંદુઓએ મુસલમાનોના હાથે માર ખાધેલો છે !''

''મને તમારું અજ્ઞાન જોઈને હસવું આવે છે, બિરાદર ! હિંદુઓનો ઈતિહાસ એક હજાર નહીં. પણ હજારો વરસ જેટલો પુરાણો છે. ટૂંકો ઈતિહાસ તો તમારા આરબોનો છે, અને છેલ્લાં કેટલાંક વરસોમાં અમે માર ખાધો છે એ જેટલું સાચું છે એટલું જ સાચું એ છે કે અમે પણ મુસલમાનોને માર્યા છે. વ્યાજ સાથે તમને મુદ્દલ પાછું આપ્યું છે, મરાઠાઓએ અટકથી રામેશ્વરમ્ સુધી જ્યાં મળ્યા છે ત્યાં મુસલમાનોને પીટેલા છે. અમે, મરાઠાઓએ દિલ્હીના બાદશાહોને જ્યારે મરજી થઈ છે ત્યારે હાથ પકડીને ગાદીએ બેસાડ્યા છે અને ઈચ્છા થઈ ત્યારે દાઢી

ઝાલીને નીચે ઉતાર્યા છે. ઇતિહાસની વાત તો તમે ન ઊખેળો એમાં જ તમારી સલામતી છે."

શૌકતઅલીએ ડૂબતાં પહેલાં તરણું ઝાલ્યું, "પણ ગાંધીજી હિંદુ હોવા છતાં અમારી સાથે છે."

"ગાંધીજી આ દેશમાં એક માત્ર હિંદુ નથી. હું પણ હિંદુ છું. હિંદુઓનું હિત કદાચ એમના કરતાં હું વધુ સારી રીતે સમજી શકું છું. તમે મારી એક વાતનો જવાબ આપો : આગાખાની મિશન, હસન નિઝામી મિશન અને અલ-ઉલેમા જેવી સંસ્થાઓ મારફતે પડદા પાછળ તમે લોકો હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવવાનું જે કટ્ટર કોમવાદી કામ કરો છો એ બંધ કરવાના છો કે નહીં ?"

"ના. હિંદુઓને ઈસ્લામની દીક્ષા આપવી એ તો અમારો ધર્મ છે. અને અમે કશી બળજબરીનો પ્રયોગ નથી કરતા. આજે સવારે જ એક હિંદુ છોકરો મારી પાસે આવ્યો, કહે, 'મને કાલે સપનામાં અલ્લાહના દર્શન થયાં. મેં એને કહ્યું : 'મુસલમાન બન !' મેં એ છોકરાને કહ્યું-'જા, સામે મસ્જિદ આવેલી છે. ત્યાં જઈને નમાઝ પઢ અને મુસલમાન બની જા !' આમાં મેં ખોટું શું કર્યું ?"

"ઠીક છે, તમે બળપ્રયોગ નથી કર્યો એમ માનીને હું કહું છું કે કાલે ઊઠીને કોઈ મુસલમાન છોકરો મારી પાસે આવીને એના સપનાની વાત કરશે કે ભગવાને એને દર્શન આપ્યાં અને હિંદુ થવાની આજ્ઞા આપી તો હું પણ એને કહીશ કે પેલું રહ્યું મંદિર, થા હિંદુ ! આ છે અમારું શુદ્ધિકરણ ! આજ સુધીમાં મેં એકલાએ આવા સેંકડો મુસલમાનોને હિંદુ બનાવ્યા છે."

શૌકતઅલી ક્રોધથી લાલચોળ બની ગયા, "સારું ! તમે શુદ્ધિ કરો. અમે ધર્માંતર કરાવતા રહીશું. જોઈએ કોણ જીતે છે !"

સાવરકર હસ્યા, "દુનિયાભરનો ઇતિહાસ તપાસી લો, જનાબ ! છેવટની જીત હંમેશાં હિંદુઓની જ હોય છે અને કાયમી પરાજય હંમેશાં મુસલમાનોના ભાગે જ લખાતો આવ્યો છે."

શૌકતઅલીને લાગ્યું કે આ માણસને હવે દલીલથી નહીં પણ ધમકી આપીને ડરાવવો જોઈએ. એ ઊંચા, જાડા, મજબૂત દેહ ધરાવતા ઈન્સાન હતા. એ બેઠા હતા તો પણ કદાવર દેખાતા હતા. એમણે ઊભા થઈને પોતાના મજબૂત દેહનું પ્રદર્શન કર્યું, "સાવરકર, તમે રહ્યા બૅરિસ્ટર ! એટલે ચર્ચામાં તો હું તમને પહોંચી નહીં શકું. પણ એક વાત તો તમારે સ્વીકારવી પડશે; ભવિષ્યમાં જો ક્યારેય તમારો સામનો મારી સાથે થઈ જાય તો શારીરિક યુદ્ધમાં હું તમને ચપટીમાં મસળી નાખીશ !"

સાવરકરે એમની આરામખુરશીમાં બેઠાં બેઠાં જ પડકાર ઝીલી લીધો, "શૌકતમિયાં ! ભવિષ્યની વાત કાયરો કરે છે, હું તો અત્યારે શારીરિક યુદ્ધ માટે તૈયાર છું; અને તમે જો મારા ઠીંગણા કદ-કાઠી સામે તમારી પડછંદ કાયાની સરખામણી કરતા હો, તો હું તમને યાદ કરાવી દઉં કે આવી જ ભયંકર ભૂલ તમારી પહેલાં અફઝલખાને પણ કરી હતી. એ અમારા વામન-દેહી શિવાજી મહારાજને તગદી નાખવા નીકળ્યો હતો. પછી શું થયું એ તમે ઇતિહાસમાં વાંચી ચૂક્યા છો. જો ભૂલી ગયા હો, તો હું તમને ફરીથી ઇતિહાસ ભણાવવા માટે તૈયાર છું !"

શૌકતઅલી ડરી ગયો. એને લાગ્યું તે આ મરાઠાઓ કાયમ વાઘનખ ચડાવીને જ ફરતા લાગે છે. એ મોજડી પહેરીને ઉતાવળે રવાના થઈ ગયો.

નાસી છૂટતાં પહેલાં સાવરકરને સંભળાય એટલું મોટેથી એ બોલવાનું ન ભૂલ્યો, "અરે ! તમે તો સાચું માની બેઠા ! હું તો માત્ર મજાક કરતો હતો !"

સાવરકર પણ હસી પડ્યા. પછી કોઈને ન સંભળાય એ રીતે મનોમન બબડ્યા. "મજાક તું શું કરતો હતો, મિયાં ? મજાક તો હું કરતો હતો ! માટે તો તને જીવતો જવા દીધો. નહીંતર તારી શી મજાલ કે સાવરકરના બારણે આવીને કોઈ મુસલમાન સાવરકરને ધમકી દઈ શકે ? એ માણસ તો શું ચીજ છે, પણ એની મોજડીયે હાથમાં ન આવે !"

* * *

રત્નાગીરીમાં આવ્યા પછી સાવરકરે હિંદુઓના સામાજિક ઉત્થાનનું કાર્ય શરૂ કર્યું. એમણે જોયું કે હિંદુ સમાજમાં એ સમયે ઘોર શોષણ અને પાખંડ છવાયેલા હતા, એને ગેરફાયદો ખ્રિસ્તીઓ અને મુસલમાનો ઉઠાવતા હતા. સામાજિક વિઘટન એ કક્ષાએ પહોંચેલું હતું કે જ્યાં હોળી, દિવાળી જેવા પવિત્ર તહેવારો પણ ત્રણ-ચાર અલગ અલગ જૂથોમાં વિભાજિત થઈને હિંદુઓ ઊજવતા હતા.

સાવરકરે એક પછી એક મુદ્દો હાથમાં લેવાનો શુભારંભ કર્યો.

સૌથી પહેલું કામ એમણે સમૂહભોજનનું શરૂ કર્યું. દર રવિવારે યોજાતા આ સમૂહભોજનમાં જ્ઞાતિ, વર્ણ અને ગોત્રના ભેદભાવો ભૂલીને તમામ હિંદુઓ એક સાથે જમવા માટે બેસતા હતા.

જેમણે પ્રારંભિક વિરોધ કર્યો એમને સાવરકરનો સણસણતો તર્ક સાંભળવા મળ્યો, "જો દેવી અન્નપૂર્ણા માટે બધાં જ માણસો એક સરખાં છે, તો ઊંચ-નીચનો

ભેદ પાડનારા આપણે કોણ છીએ ? એક માંસાહારી અને એક શાકાહારી એક સાથે બાજુ-બાજુમાં બેસીને જમી ન શકે એ સમજી શકાય, પણ બધા શાકાહારીઓ તો એવું કરી શકે ને ?। મુસલમાનો તો ગંદા છે, એમને આરોગ્યનું જ્ઞાન નથી, એટલે એ લોકો તો એક જ પાત્રમાંથી ભોજન આરોગે છે ! આપણી પાતળ ભલે અલગ-અલગ હોય, પણ આપણી પંગત તો એક હોઈ શકે ને ?''

એમની દલીલની જાદુઈ અસર થઈ, સમૂહભોજનના કાર્યક્રમને સફળતા મળી એટલે સાવરકરે ધાર્મિક પર્વોની ઉજવણીનું સામૂહિક આયોજન હાથ ધર્યું.

વિજાયદશમીનો તહેવાર નજીકમાં જ હતો. ૧૯૨૫નું વર્ષ હતું બ્રાહ્મણો અને હરિજનો વચ્ચે આ તહેવાર ઊજવવા બાબતે હોડ જામી, કોણ વધારે સારી રીતે વિજયાદશમી ઊજવી શકે છે એ વાતે ચડસા-ચડસી જામી. બંને પક્ષોએ અધ્યક્ષ તરીકે સાવરકરજીને નિમંત્રણ આપ્યું. સાવરકરે બંને તરફથી હાજર રહેવાનું સ્વીકાર્યું પણ ખરું. બંનેનો સમય પણ એક જ હતો, ગરબડ થવાની છે એ વાત નક્કી હતી.

સવર્ણો સાવરકર પાસે પહોંચી ગયા, ફરિયાદ કરી, ''આપે પહેલાં અમને હા પાડી હતી, પછી હરિજનોને પણ એ જ સમય આપ્યો છે. આ કેવી રીતે શકય બનશે ?''

સાવરકરે પ્રેમપૂર્વક એમને બેસાડ્યા અને સમજાવવાનું શરૂ કર્યું, ''જે શ્રીરામનો ઉત્સવ આપ ઊજવવાના છો, એમના જીવનમાં કેવટનું પણ કશુંક સ્થાન હતું કે નહીં ? શું તમારા રામે ભગવાનનો અવતાર હોવા છતાં ભીલડી શબરીનાં એઠાં બોર નહોતાં ખાધાં ? તો પછી આ ભાઈઓ સામે તમને શો વાંધો છે ? આમાંથી કેટલાક લોકો કેવટના ભાઈઓ છે અને કેટલીક સ્ત્રીઓ શબરીની બહેનો ! હું તમને અનુરોધ કરું છું કે તમે સામે ચાલીને એ બંધુઓની સ્વીકાર કરો અને આપણા હિંદુ ધર્મની મહાનતા તથા ઉદારતાનો પરિચય કરાવો !''

આ દિવસોમાં સાવરકર શિરગાંવ નામના એક ગામમાં દામલે પરિવારની સાથે રહેતા હતા. દામલેનું મકાન દરિયાના કિનારે આવેલું હતું. એની સુંદરતા અવર્ણનીય હતી. ઘટાદાર આમ્રકુંજો તથા નાળિયેરી અને સોપારીનાં વૃક્ષોની વચ્ચે ઘેરાયેલું આ બેઠા ઘાટનું મકાન સાવરકરને પણ અતિ પ્રિય હતું. આ જગ્યાએ બહાર હીંચકા પર બેસીને ઝૂલતાં-ઝૂલતાં સાવરકરે એમના સુપ્રસિદ્ધ 'અમરહિંદુ' ગીત-કાવ્યની રચના કરી હતી.

વિજયાદશમીના દિવસે બ્રાહ્મણો અને હરિજનોએ ભેગા મળીને ઊજવેલા એ પર્વનું વર્ણન કરવું એ કોઈ પણ કલમ માટે શકય નથી. ઘરના બારણાંની પૃષ્ઠભૂમિ ઉપર શ્રીરામનું ચિત્ર હતું અને મહિષાસુરમર્દિનીની પ્રતિમા મૂકેલી હતી. આંબાનાં

પાંદડાંઓનાં તોરણો બાંધેલાં હતાં અને ભગવો ઝંડો લહેરાઈ રહ્યો હતો. બારણામાં એક બાજુએ સ્વયં વિનાયક સાવરકર ચંદનનું પાત્ર હાથમાં ધરીને ઊભેલા હતા. બાજુમાં ઊભાં હતાં એમના ધર્મપત્ની યમુનાતાઈ. એમના હાથમાં હળદર-કંકુનું પાત્ર હતું.

મહેમાનોનું આગમન અવિરત ચાલુ જ હતું. આગંતુક તમામ પુરુષોના ભાલ ઉપર વિનાયકજી ખુદ ચંદન વડે તિલક કરતા હતા અને મહિલાઓના કપાળ ઉપર યમુનાતાઈ હળદર-કંકુનો ચાંલ્લો કરતાં હતાં, તમામ વર્ગો, તમામ વર્ણોનાં સ્ત્રી-પુરુષો ખભે-ખભો મેળવીને એક જ પંક્તિમાં ઊભાં હતાં. સૌના ચહેરાઓ ખીલી ઊઠ્યા હતા, ન કોઈ તણાવ હતો, ન કોઈ ફરિયાદ.

આ પર્વના આગલા દિવસે સાવરકરે એક ખાસ કવિતા લખી હતી. બધાંએ ભેગાં મળીને સમૂહસ્વરે આ રચના ગાવાનું શરૂ કર્યું.

''તુમિ આમિ સકલ હિન્દુ, બન્ધુ-બન્ધુ...

હિન્દુ જાતિ ઈક ગંગા, આમિ તિથે સકલ બિન્દુ, બન્ધુ-બન્ધુ.''

મહારાષ્ટ્રના એક નાનકડા ખૂણામાં બનેલી આ ઘટનાના પડઘા આખા મહારાષ્ટ્રમાં ફેલાઈ ગયા. શિરગાંવની વિજયાદશમીનો ઘંટારવ છેક નાગપુર સુધી સંભળાયો.

એ રણકાર સાંભળીને એક પ્રખર દેશભક્ત સંગઠકના કાન ઊંચા થયા, જેમનું નામ હતું ડૉ. કેશવ બલીરામ હેડગેવાર.

* * *

૧૯૨૫ની સાલનો શિયાળો વિદાય લઈ ચૂક્યો હતો. ઉનાળો હજુ ઊગી રહ્યો હતો. માર્ચ મહિનાના દિવસો હતા. સાવરકર શિરગાંવમાં દામલે પરિવારના ઘરની બહાર બાંધેલા હીંચકા પર બેસીને પ્રકૃતિનું અમાપ સૌંદર્ય પી રહ્યા હતા. ત્યાં એક ધખધખતી દેશદાઝથી ઊભરાતો યુવાન એમને મળવા માટે આવ્યો.

''પ્રણામ, સાવરકરજી !'' એની આંખોમાં બૌદ્ધિકતાસભર ચમકારો હતો અને વાણીમાં સંસ્કારિતા.

''કોણ ?'' વિચારભંગ થયેલા સાવરકરથી પુછાઈ ગયું.

''હું ડૉ. કેશવ બલીરામ હેડગેવાર. આપને મળવા આવ્યો છું.''

સોનાની લગડીનું માપ કાઢવા માટે એની બારીક રજ તપાસવી જ પૂરતી હોય છે. ડૉ. હેડગેવારના દેહના ખોળિયાની ભીતરે એક સાચો હિંદુ નેતા અને કોઈનાથીયે ન ડરે, ઝૂકે કે તૂટે એવો દેશભક્ત પડેલો છે એ સાવરકરે જોઈ લીધું.

એ સાંજ હિંદુસ્તાન નામના અભાગી રાષ્ટ્ર માટે નસીબદાર સાંજ બનીને આવી. બે મહાન રાષ્ટ્રભકતો સાગરના કિનારે બેસીને હિંદુ, હિંદુત્વ અને હિંદુ રાષ્ટ્ર વિશે વિચારવિમર્શ કરવા બેઠા હતા. આ રાષ્ટ્રને અને એની પ્રાચીન અસ્મિતાને તબક્કાવાર તોડી નાખવાના સફળ પ્રયત્નો કરી રહેલા અનેક વિધર્મી અને વિદેશી કાવતરાંઓની સામે આજે પહેલીવાર બે મહાન દિમાગો ગંભીર બનીને 'કશુંક' નક્કર કરવાનું વિચારી રહ્યા હતા.

ખાસ્સી લાંબી વારની ચર્ચા-વિચારણાને અંતે ડૉ. હેડગેવાર જવા માટે ઊભા થયા. સાવરકરે એમને કલ્યાણકારી શબ્દોમાં શુભેચ્છા આપી. અને પછી ઊતરતી રાતના અંધકારમાં વનરાજી વચ્ચેથી વિદાય લઈ રહેલા ડૉકટર હેડગેવારની ભરી-ભરી દેહમૂર્તિને કયાંય સુધી સાવરકરજી નિહાળતા રહ્યા.

૧૯૨૫ની વિજયાદશમીના દિવસે જ ડૉકટર સાહેબે 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની સ્થાપના કરી.

o o o

૨૪. ગાંધીજી-સાવરકરજી મિલન

મહાત્મા ગાંધી ખુરશીમાંથી ઊભા થયા અને 'માઈક' પાસે આવ્યા. સભામાં બેઠેલા નગરજનો તરફ એમની સદૈવની પ્રેમભરી નજર ફેંકી, પછી એમનું ચિરપરિચિત સ્મિત ફરકાવ્યું અને ઉદ્‌બોધન શરૂ કર્યું, ''ભાઈઓ તથા બહેનો, તમારા રત્નાગીરી શહેરમાં આવીને હું આનંદની લાગણી અનુભવી રહ્યો છું. રત્નાગીરી સ્વ. લોકમાન્ય ટિળક મહારાજની જન્મભૂમિ છે એટલે મારે મન તો તે એક તીર્થધામ છે. આ તીર્થધામ એક હકીકતને કારણે વધારે પવિત્ર બની ગયું છે, અત્યારે એ વીર સાવરકરની કર્મભૂમિ પણ છે. વીર સાવરકરને હું લંડનમાં મળ્યો હતો સને ૧૯૦૯ની સાલમાં. આજે અમારી એ સૌહાર્દપૂર્ણ મુલાકાતને અઢાર વરસ થઈ ગયાં છે, પણ આજે પણ મારા હૃદયમાં એમની દેશભક્તિ અને ત્યાગ વિશે એવો ને એવો ઊંચો અભિપ્રાય છે. હિંદ માટે વીર સાવરકરે આપેલાં બલિદાનો બેજોડ છે...''

૧૯૨૭નું વરસ. માર્ચ મહિનો. પહેલી તારીખ. ગાંધીજી એમના કાર્યક્રમના ભાગ લેખે રત્નાગીરીમાં પધારેલા હતા. મ્યુનિસિપાલિટી તરફથી આ રાષ્ટ્રીય નેતાના સન્માન માટે એક જાહેર સમારંભ યોજવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં ગાંધીજી અને સાવરકર વચ્ચેના મતભેદો જગજાહેર થઈ ચૂક્યા હતા. બંને એકબીજા પ્રત્યેનો આદર જાળવીને રાષ્ટ્રના પ્રાણપ્રશ્નો બાબતે પોતાનો સ્પષ્ટ મત પ્રસરાવી રહ્યા હતા. કેટલાક વચેટિયાઓ અને તકસાધુઓ આ પ્રામાણિક વિચારભેદને મીઠું-મરચું ભભરાવીને મસાલેદાર વાનગી બનાવવાની કોશિશ કરી રહ્યા હતા.

સાવરકરે મહાત્માજી પ્રત્યેની પોતાના દિલમાં રહેલી કટુતા છુપાવવાનો કયારેય પ્રયાસ કર્યો ન હોત એમને સૌથી મોટો આઘાત એ વાતનો લાગ્યો હતો કે ગાંધીજી અને જવાહરલાલે એમના કારાવાસમાંથી છૂટવાના પ્રયાસોમાં સહેજ પણ સહકાર આપ્યો ન હતો, ઊલટાનો તથાકથિત રોડાં નાખવાનો પ્રયત્ન કર્યો હતો.

પછી આ વીરપુરુષ પણ એના હથિયારો કેમ ન વાપરે ? અને ગાંધીજીએ સાવરકરને વિરોધ કરવા માટેના મોકાઓ પણ કયાં ઓછા આપ્યા હતા ?

ગાંધીજીના જીવનની સૌથી મોટી ભૂલ : ખિલાફતની ચળવળ, સાવરકરે એક જ વાકયમાં એનાં છોતરાં કાઢી નાખ્યાં : 'આ ખિલાફત નથી, પણ આફત છે !'

મેંગલોરમાં મોપલાઓ દ્વારા અસંખ્ય હિંદુઓ પર હત્યા, બળાત્કાર અને ધર્મપલટા જેવા અત્યાચારો થયા, તો પણ મહાત્માએ મુસલમાન ગુંડાઓને સર્ટિફિકેટ આપતાં જાહેર કર્યું, ''આ મોપલાઓ તો ધર્મનિષ્ઠ બહાદુરો છે ! તેઓ જે કંઈ કરી રહ્યા છે તે એમને મન તો પોતે માનેલા ધર્મનું પાલન જ છે. એમનાં કૃત્યો આપણી નજરે ભલે પાપ સમાન હોય, પરંતુ એમની સમજ અનુસાર તો એક ધાર્મિક પ્રવૃત્તિ જ છે.''

અફઘાનિસ્તાનના અમીરે જ્યારે હિંદ ઉપર આક્રમણ કરવાનું જાહેર કર્યું, ત્યારે મહાત્માજીએ છડેચોક લખ્યું, ''જો અફઘાનિસ્તાનનો અમીર બ્રિટિશ સામ્રાજ્ય સામે જંગ છેડીને હિંદને પોતાના કબજે લઈ લેતો હોય તો હું અમીરને મદદ કરીશ !''

સાવરકર ઊકળી ઊઠ્યા. હિંદુઓનું હિત અંગ્રેજોના શાસનમાં વધારે હતું કે અફઘાનોના હાથમાં એ વાત ગાંધીજી કરતાં સાવરકર વધુ સારી રીતે સમજતા હતા.

અબ્દુલ રશીદ નામના એક ધર્માંધ, કટ્ટર, મુસ્લિમ ગુંડાએ સ્વામી શ્રદ્ધાનંદનું ખૂન કર્યું. હિંદભરમાં હાહાકાર મચી ગયો. સ્વામી શ્રદ્ધાનંદ એક મોટા ગજાના હિંદુ નેતા હતા. પણ મહાત્માજીની આંખો ઉપર શૌકતઅલી. મહમ્મદ અલી અને યાકુબ હસન જેવા દંભી મુસ્લિમ સાથીઓની પટ્ટી બંધાયેલી હતી. એટલે તેમણે પણ આડકતરી રીતે આ મિત્રોની વાણીમાં સૂર પૂરાવ્યો, ''અબ્દુલ રશીદે એવું ઉત્તમ કૃત્ય કર્યું છે કે અલ્લાહ એને સાતમા જન્નતમાં જગ્યા આપશે !''

સાવરકરે આ એક-એક મુદ્દાના વિષય બનાવીને એનો વિરોધ કર્યો. જાહેરમાં ભાષણો કર્યાં, અખબારોમાં લેખો લખ્યા.

ગાંધીજીએ હદ તો ત્યારે કરી નાખી, જ્યારે એમણે વિધાન કર્યું, ''શિવાજી એક ગેરમાર્ગે દોરવાયેલા દેશભકત હતા.'' (પં. નહેરુ પણ આવું બોલેલા)

બંને મહાપુરુષો વચ્ચે મતભેદોની કડવાશ જ્યારે ચરમસીમાએ પહોંચેલી હતી, ત્યારે ગાંધીજીનું રત્નાગીરીમાં આગમન થયું. મ્યુનિસિપાલિટીએ એમના જાહેર સન્માનનો કાર્યક્રમ યોજવા વિશે જ્યારે સાવરકરનો અભિપ્રાય પૂછ્યો, ત્યારે એ વીર પુરુષે જરા પણ દિલ ચોર્યા વગર સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું, ''જે માણસે દેશભરના હિંદુઓના હિતોને ઘાતકી મુસલમાનોના હાથમાં વેચી દીધા હોય એ માણસનું સન્માન કરવાનો હું વિરોધ કરું છું.''

એમનો આ કઠોર અભિપ્રાય કેટલાક ચૌદશિયાઓએ ગાંધીજીના કાન સુધી પહોંચાડી દીધો. આખરે સન્માન-સમારંભ યોજાયો પણ ખરો અને મોટા મનના

મહામાનવ ગાંધીજીએ એમના વકતવ્યની શરૂઆત જ વીર સાવરકરની સાચી પ્રશંસા દ્વારા કરી અને બંને મહાપુરુષોની વચ્ચે થીજેલો બરફ પિગળાવી નાખ્યો.

સાવરકર પણ કયાં નાના મનના માણસ હતા ? વિરોધી જો એક વેંત મને તો પોતે એક હાથ જેટલું ઝૂકી જાય એવી એમની ઉદારતા હતી.

એમણે તરત જ કાગળ ને કલમ હાથમાં લીધા અને એક ટૂંકો પત્ર લખ્યો. એ પત્ર નહીં, પણ સાકાર પ્રેમ હતો. સાવરકરે લખ્યું, ''આપણે છેલ્લે મળ્યા એ વાતને અઢાર જેટલાં વરસો થઈ ગયાં. આપણી વચ્ચેના મતભેદો જગજાહેર છે, પણ તમારી જેમ હું પણ સ્વીકારું છું કે આપણી વચ્ચે મનભેદ નથી. તમે ગઈ કાલે જાહેર સમારંભમાં મારા વિશે જે કંઈ બોલ્યા એના સમાચાર મને મળ્યા. હું તો હાલમાં તાવમાં પટકાયેલો છું. પથારીગ્રસ્ત છું. એટલે તમને મળવા આવી શકતો નથી. પણ તમે જો મારા આંગણે પધારશો તો મને અવશ્ય ગમશે. પૂ. કસ્તુરબાને સાથે લાવવાનું ચૂકશો નહીં.''

આમંત્રણની ચિઠ્ઠી વાંચીને ગાંધીજી પ્રસન્ન થયા. બીજા જ દિવસે તેઓ કસ્તુરબાને સાથે લઈને સાવરકરજીને મળવા જઈ પહોંચ્યા.

સાવરકર પથારીમાં સૂતા હતા, પણ એમણે ઓશીકાના સહારે બેઠા થઈને મહાત્માજીને આવકાર્યા.ગાંધીજીએ એમનો ચિરપરિચીત, મૌલિક વિનોદ કર્યો, ''હું એ જોવા માટે આવ્યો છું કે આંદામાનનો અગ્નિ હજુ પણ પ્રજ્વલિત છે કે બુઝાઈ ગયો છે ?''

સાવરકરે શાંત વિનોદનો જવાબ ધારદાર રીતે આપ્યો, ''જો તમે આગની જ વાત કરતા હો, તો મારા શરીરમાં તો તાવને કારણે અગ્નિ અત્યારે અધિક માત્રામાં ધખધખી રહ્યો છે !''

પછી તો બંને મહાપુરુષો વચ્ચે અનેક વિષયો ઉપર ચર્ચા ચાલી, રાજકારણ, અસ્પૃશ્યતા, હિંદુ-મુસલમાન એકતા, મુસ્લિમોનું શુદ્ધિકરણ કરીને હિંદુ બનાવવાની સાવરકરની પ્રવૃત્તિ અને બીજી અસંખ્ય બાબતો ઉપર વાતચીત થઈ.

ગાંધીજીએ ઉમળકાભેર જણાવ્યું, ''ભાઈ, મારો કાર્યક્રમ જો પહેલેથી જ નક્કી ન થઈ ગયો હોત, તો તમારા ઘરે એકાદ-બે દિવસ રોકાવાનું મને અવશ્ય ગમ્યું હોત.''

''એવું થયું હોત તો હિંદના આ શ્વાસ-પ્રાણની પરોણાગત કરવામાં મને પણ આનંદ થયો હોત !'' સાવરકરે પણ સામો વિવેક કર્યો.

સારો એવો સમય મહેમાનગતિ માણ્યા બાદ મહાત્મા જવા માટે ઊભા થયા, જતાં-જતાં બોલ્યા, ''એટલું તો હવે સ્પષ્ટ છે કે દેશના પ્રાણપ્રશ્નો ઉપર આપણાં મંતવ્યો વચ્ચે ઘણો બધો ફરક છે. પણ મને આશા છે કે હું જે પ્રયોગો કરી રહ્યો છું એની સામે તમને કશો વાંધો નહીં હોય !''

તત્ક્ષણ સાવરકરનો મોંમાંથી ચાબુકના સટાકા જેવો જવાબ નીકળી પડ્યો, ''તમે દેડકાની અને છોકરાની વાર્તા તો સાંભળી જ હશે ! છોકરાઓને મન રમત થાય, પણ દેડકાનો તો જીવ જાય !''

મહાત્મા હસ્યા, ''એ વાર્તા તો મેં પણ સાંભળેલી છે; પણ અત્યારે તમને આ યાદ આવવાનું પ્રયોજન જાણી શકું ?''

સાવરકરજીનાં જડબાં ભીંસાયાં. આંખોમાં અઢાર વરસ પૂર્વેની આગ ઝબૂકી ઊઠી. અને પછી ભારતના ભવિષ્યને ભાખતા હોય એવા શબ્દો સરી પડ્યા, ''મને એ વાર્તા એટલા માટે યાદ આવી...કે...તમારા આ પ્રયોગો પેલા બાળકોની રમત જેવા છે; કયાંક એવું ન બને આ રાષ્ટ્રનો જીવ ચાલ્યો જાય !''

મહાત્માની સમગ્ર જિંદગીમાં એમની કાર્યપદ્ધતિ વિશે આટલી તીવ્ર આલોચના આવી મુખર શૈલીમાં કહી સંભળાવનાર વીર સાવરકર સિવાય બીજી કોઈ વ્યક્તિ એમને મળી ન હતી અને કદાચ મળવાની પણ ન હતી.

એ મહામાનવ ક્ષણ વાર માટે તો સ્તબ્ધ બની ગયા, પણ પછી તરત જ એમણે સ્વસ્થતા પુનઃ ધારણ કરી લીધી. એમની વિનોદવૃત્તિ એમની વહારે આવી, ''ભાઈ, હવે મને સમજાઈ રહ્યું છે કે તમારી અંદર ભભૂકતો દેશદાઝનો જ્વાળામુખી હજુ પણ શાંત પડ્યો નથી !''

''માલવણ તાલુકા કોંગ્રેસ સમિતિ'ના પ્રમુખ આર. કે. ગવાડે ત્યાં હાજર હતા. એમણે વાત વાળી લીધી; ગંભીર બની ગયેલા વાતાવરણને સાચવી લીધું. ''મને લાગે છે કે ગાંધીજી વત્તા વીર સાવરકર એટલે સ્વરાજ !''

આ સાંભળીને ગાંધીજી હસી પડ્યા. આ બે મહાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચેની આ અંતિમ મુલાકાત હતી. એ પછીના વરસોમાં જ્યારે સાવરકરને સંપૂર્ણપણે મુક્ત કરી દેવામાં આવ્યા અને જ્યારે એમણે દેશભરમાં પ્રવાસ કર્યો, ત્યારે પણ એમની અને ગાંધીજીની વચ્ચે ફરી કયારેય મળવાનો પ્રસંગ ઊભો ન થયો.

* * *

ભગવાન રામે જ્યારે 'રાજનીતિ'માંથી ફરજિયાત વનવાસ અપનાવ્યો, ત્યારે જેમ રાક્ષસોનો નાશ કરવાનું સામાજિક કાર્ય પાર પાડ્યું એમ જ વીર સાવરકરે પણ રત્નાગીરીના વનવાસના વરસોમાં હિંદુ સમાજમાં ઊંડા મૂળ નાખી ચૂકેલા સામાજિક દૂષણો દૂર કરવાનું પવિત્ર કાર્ય ઉપાડી લીધું.

સૌ પ્રથમ તો એમણે શાળાઓમાં અસ્પૃશ્યોનાં બાળકોને વર્ગની બહાર સવર્ણોથી દૂર બેસાડવાનો જબરજસ્ત વિરોધ કર્યો. રૂઢિચુસ્ત હિંદુઓએ સાવરકરનો વિરોધ કર્યો. અદાલતી કેસો પણ થયા. સાવરકરને હરાવે એવો વકીલ રત્નાગીરીમાં કયાંથી જડવાનો હતો ?

એમની તો એક જ દલીલ કેસ જીતવા માટે પૂરતી હતી, ''સવર્ણ હિંદુઓ દલિત હિંદુઓને અછૂત ગણે છે. પણ એ જ દલિતો જ્યારે ખ્રિસ્તી તે મુસલમાન બની જાય છે, ત્યારે એમને સ્પર્શવામાં એમને કશો બાધ નથી નડતો ! આ ક્યાંનો ન્યાય ? જો વિધર્મીઓનાં સંતાનો તમારાં બાળકોની સાથે એક જ વર્ગખંડમાં બેસીને ભણી શકે તો કહેવાતા દલિત બાળકો શા માટે નહીં ?''

એ વાત માંડ-માંડ સ્વીકારાઈ ગઈ, ત્યાં એક દલિત શિક્ષકનો મામલો ઊભો થયો, એક મોટી ગણાતી શાળામાં એ શિક્ષકની બદલી થઈ, પણ શાળામાં ભણતાં બાળકોનાં વાલીઓએ એ શિક્ષકનો વિરોધ કર્યો. પ્રચંડ આંદોલન થયું.

સાવરકરે શિક્ષકનો પક્ષ લીધો. વગદાર વાલીઓને ભેગા કર્યા. પૂછ્યું, ''તમને પેટમાં શેનું દુઃખ છે ?''

એક પૈસાદાર, ઘમંડી વાલીએ સવર્ણોનાં હૈયાંમાં સૈકાઓથી ઢબુપરાયેલી નફરતને વાચા આપી, ''વિદ્યા પવિત્ર ચીજ છે. દેવી સરસ્વતીનું વરદાન છે. અમારાં બાળકો એક અસ્પૃશ્ય માસ્તરના હાથ નીચે નહી ભણે.''

''ભણવું પડશે. નહીંતર તમારાં બાળકોને ભણતાં ઉઠાડી મૂકો !''

''એવી દાદાગીરી કેમ ચાલે ? અમે આ શાળા બંધ કરાવી દઈશું !''

સાવરકરે ઘુરકાટ કર્યો, ''શાળા તમે શું બંધ કરાવવાના હતા ? આવતી કાલથી હું જ શાળા બંધ કરાવી દઉં છું.''

ન શાળા બંધ થઈ, ન શિક્ષકની નોકરી બંધ થઈ. ન બાળકોનું શિક્ષણકાર્ય બંધ થયું. બંધ થયો માત્ર કહેવાતા સવર્ણોનો ખોખલો વિરોધ.

ધર્મપરિવર્તનની સામે શુદ્ધિકરણની પ્રવૃત્તિ તો પૂરજોશમાં ચાલુ જ હતી. એક હિંદુ છોકરો મિશનરી પાદરીઓની માયાજાળમાં ફસાઈને ખ્રિસ્તી બની ગયેલો; રહેવા માટે ચર્ચની બાજુમાં આવેલી ખ્રિસ્તી કોલોનીમાં ચાલ્યો ગયેલો.

સાવરકરે એને પોતાના પ્રભાવમાં લીધો. તુલસીનું પાન એના મોંમાં મૂક્યું. વેદના બે મંત્રો ઉચ્ચાર્યા. છોકરાને કહ્યું, ''આવી જા અમારી સાથે; આજથી તું પાછો હિંદુ બની ગયો !''

ખ્રિસ્તીઓ બળીને રાખ થઈ ગયા. એ છોકરામે ચર્ચની બાજુમાં થઈને નીકળવાની પણ ના પાડી દીધી. અલબત્ત, વિનંતીના સૂરમાં, ''તું અહીંથી ન પસાર થતો, મારા બાપ ! તારું જોઈને બીજા વટલાયેલા ખ્રિસ્તીઓને પણ પાછા હિંદુ બનવાનું જોમ ચડશે. આ 'સાવરકર' નામનો રોગ બહુ ચેપી છે !''

મુસલમાનો તો પહેલેથી જ આ બાબતમાં દાઝે ભરાયેલા હતા. એમણે સાવરકરની શુદ્ધિકરણ-પ્રવૃત્તિ માટે અદાલતમાં કેસ દાખલ કર્યો. મેજિસ્ટ્રેટ ખુદ

મુસલમાન હતા. પણ સામે ડિગ્રી વગરનો છતાં બમણી આવડત ધરાવતો બૅરિસ્ટર હતો !

મોજિસ્ટ્રેટે પૂછ્યું, 'મિ. સાવરકર, શું એ સાચું છે કે તમે મુસલમાનોને 'રિ-કન્વર્ટ' કરીને પાછા હિંદુ બનાવો છો ?'

''હા, એ સાચું છે.''

''શા માટે ?''

''પહેલાં તમે તમારા મુલ્લાઓને એ પૂછો કે એ લોકો શા માટે હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવે છે ! જ્યાં સુધી 'કન્વર્ઝન' ચાલતું રહેશે, ત્યાં સુધી 'રિ-કન્વર્ઝન' પણ ચાલુ જ રહેશે ! અને હું મારા દેશમાં શુદ્ધિકરણની પ્રવૃત્તિ ચલાવું છું, કંઈ આરબ દેશમાં કે તુર્કસ્તાનમાં જઈને ત્યાંના વિધર્મીઓને વટલાવવાનું પાપ હું કરતો નથી !''

એક મોટા ગજાના મુસ્લિમ આગેવાને અદાલતમાં સાવરકરને પકડાર્યા, ''જો તમે અમારા ઈસ્લામને ખતરામાં નાખવાની કોશિશ કરશો તો હિંદુસ્તાનમાં વસતા કરોડો મુસલમાનો આરબ દેશોમાં ચાલ્યા જશે !''

''જનાબ ! તમને રોકયા છે કોણે ? ફ્રન્ટિયર મેલ રોજ દિવસમાં એક વાર નિયમિત પણે દોડે છે. તમારા ચાલ્યા જવાથી હિંદુસ્તાન દરિદ્ર નહીં બની જાય !''

કહેવાની જરૂર નથી કે મુકદ્દમો સાવરકર જીતી ગયા. અદાલતની બહાર કોઈ મુસલમાન ગુંડાએ સાવરકર સાંભળી શકે એટલા મોટા સ્વરે ધમકી ઉચ્ચારી, ''આને સીધો કરી દેવા માટે કોઈ કોર્ટ કચેરીમાં જવાની જરૂર નથી. આને તો બહાર જ પતાવી નાખવો જોઈએ !''

સાવરકરે માત્ર એ ગુંડો જ સાંભળી શકે એવા ધીમા પણ ઝેરી નાગના ફુત્કાર જેવા અવાજમાં જવાબ આપ્યો, ''એવી કોઈ પણ કોશિશ કરતાં પહેલાં એક વાતની માહિતી મેળવી લેજે કે આ સાવરકર શા માટે કાળાપાણીની સજા ખાઈને આંદામાન ગયો હતો ! તારા જેવા મવાલીને તો આમ મગતરાની જેમ...''

વાકય પૂરું કરવાની જરૂર જ ન પડી. સાંભળનાર ત્યાં ઊભેલો હોય તો એવી જરૂર પડે ને ?

એક વાર એકલા રત્નાગીરીમાંથી એક સાથે બસો વટલાએલા હિંદુઓને શુદ્ધિકરણ દ્વારા પુનઃ હિંદુ બનાવવામાં આવ્યા. એમાં એક મોટો પ્રશ્ન ઊભો થયો.

એક ગરીબ બાપે સાવરકર સમક્ષ એની મુશ્કેલી રજૂ કરી, ''મારા ઘરે બે જુવાન દીકરીઓ છે. એની સાથે લગ્ન કરનાર કોઈ હિંદુ છોકરાઓ મળતા નથી. મને લાગે છે કે અમારે પાછા મુસલમાન બની જવું...!''

‘‘ભાઈ, એ વાત પણ ન કરીશ અને એવો વિચાર પણ ન કરીશ. હું તારા માટે બે યુવાન શોધી કાઢું છું.’’ સાવરકરે વચન આપ્યું. પછી પોતાના ચુસ્ત અનુયાયીઓમાં ટહેલ નાખી, ‘‘હવે ખરું ટાણું આવ્યું છે. આજ સુધી આપણે વાતોનાં વડાં કર્યાં છે. હવે સાચેસાચું કામ કરી બતાવવાનું છે. મુસલમાનોના હાથમાં પડવાની તૈયારીમાં આવી ચૂકેલી આપણી બે કન્યાઓ માટે મારે જરૂર છે બે સંસ્કારી, શિક્ષિત યુવાનોની...’’

વાકય પૂરું થાય એ પહેલાં દસ-બાર હાથ ઊંચા થયા. કમભાગી દીકરીઓ સદ્‌ભાગી બની ગઈ. ઘડીભર પહેલાં જેમને મુરતિયો મળતો ન હતો એમના માટે હવે સાવરકરદાદાએ રચી આપેલો સ્વયંવર રચાઈ ગયો હતો !

છોકરીઓએ બે ટકોરાબંધ મુરતિયાઓ પસંદ કર્યા, પણ ત્યાં બીજી મુશ્કેલી ખડી થઈ. સાવરકર ઉપર રોષે ભરાયેસા બ્રાહ્મણોમાંથી કોઈ એ લગ્નવિધિ કરાવવા માટે તૈયાર ન થયું.

આંદામાનના અત્યાચારો વેઠી બતાવનાર સિંહપુરુષ આવા ક્ષુલ્લક અવરોધને ગાંઠતા હશે ?

‘‘ચાલો, દીકરીઓ ! લગ્નવિધિ હું કરાવું છું ! ચિત્તપાવન બ્રાહ્મણ કરતાં વધારે પવિત્ર ગોર તમને બીજો કોણ મળવાનો છે ?’’

અને સાવરકરજીએ પિતામ્બર ધારણ કરીને શુદ્ધ વૈદિક મંત્રોચ્ચાર સાથે બંને દીકરીઓની લગ્નવિધિ સંપન્ન કરાવી.

* * *

૧૯૨૪ની સાલમાં ડૉ. ભીમરાવ આંબેડકરે દલિત ચેતનાની ચિનગારી પ્રગટાવવાનો પ્રારંભ કર્યો. ૧૯૨૫માં સાવરકરે મિત્રોને એકઠા કરીને એલાન કર્યું, ‘‘ગણેશનો તહેવાર આવી રહ્યો છે. આ વખતે મારો વિચાર છે કે સમગ્ર હિંદુ સમાજ શહેરમાં આ ઉત્સવ મનાવે !’’

‘‘પણ એવું તો ટિળક મહારાજે વરસો પહેલાં કરેલું છે. એમાં તમે નવું શું કહ્યું ?’’ એક ઉતાવળા કાર્યકરે બુદ્ધિ ચલાવવાને બદલે જીભ ચલાવી.

‘‘નવું એ છે કે આ વખતની ઉજવણીમાં સવર્ણો અને દલિતો ભેગા મળીને આ તહેવાર મનાવશે. વાણિયા, ક્ષત્રિય, બ્રાહ્મણ, ચમાર, મહાર અને ભંગી; આ બધાં આ વખતે એકરસ થઈ જશે અને સમગ્ર ગણેશોત્સવમાંથી એક જ નારો ઉભરાશે : હિંદુ...! હિંદુ...! અને હિંદુ...!’’

ફરી પાછો રૂઢિચુસ્તોએ પોતાનો અલગ ચોકો જમાવ્યો, ‘‘આ શું થવા બેઠું છે? આ રીતે તો ધર્મ રસાતાળ જવા પર આવી જશે !’’

પણ સાવરકર અડગ હતા, ''આપણો હિંદુ ધર્મ એટલો પાંગળો નથી કે કોઈ માણસને અડવા માત્રથી નાશ પામે ! અને તમે ગાય, બળદ કે ગધેડાને અડકી શકો છો, તો પછી મહાર કે ચમારને શા માટે નહીં ? તમારા ઘરમાં કૂતરો કે બિલાડી પાળી શકો છો, જે તમારાં કપડાં અને ભોજનનાં પાત્રોમાં પણ મોં નાખી જાય છે. તો પછી એક માનવીની કૂખે જન્મેલો આ જાનવરોથી પણ ઊતરતો હોઈ શકે ?''

'સમગ્ર હિંદુ સમાજ' તરફથી ૧૯૨૫ની સાલનો રત્નાગીરીનો ગણેશ ઉત્સવ ગૂંજી ઊઠ્યો.

સાવરકરજીની પહેલથી ઉત્સાહિત થયેલા દલિતોએ તરત જ એમને વધાવી લીધા. એમણે એક મોટા સમારંભનું આયોજન કર્યું. રત્નાગીરી જિલ્લાના માલવણ ખાતે સાવરકરની ઉપસ્થિતિમાં હજારો સ્ત્રી-પુરુષો એકઠાં થયાં.

મંચ ઉપરથી સાવરકરે ઐતિહાસિક ભાષણ કર્યું, ''સદીઓથી સવર્ણો અને દલિતો વચ્ચેનો ભેદભાવ ચાલ્યો આવે છે. બ્રાહ્મણો બે વાતથી દલિતોને વંચિત રાખતા આવ્યા છે; એક તો વેદોના અધ્યયનમાં અને બીજું, યજ્ઞોપવીતધારણ કરવામાં.''

સભામાં સન્નાટો પથરાઈ ગયો. સાવરકરની વાત સાચી હતી. દલિતોને દબાયેલા રાખવા માટેના આ બે મુખ્ય હથિયારો હતાં. સાવરકર આ વાત જાહેર કરીને કરવા શું માંગતા હતા ? અચાનક એમનો અવાજ બુલંદ થયો, ''આવો, બંધુઓ ! હું તમને આ બંને ચીજોથી આજે વિભૂષિત કરું છું. આ રહ્યા વેદો...! અને આ રહી જનોઈઓ !''

મંચ પર એક પછી એક દલિત પુરુષ આવવા લાગ્યો. સાવરકરજી એના ખભા ઉપર યજ્ઞોપવીત આરોપતા ગયા. સાથે વેદના મંત્રોચ્ચારો પણ કરતા રહ્યા. વાતાવરણમાં સામાજિક સમરસતાની વીજળી ફરી વળી.

સમાપન-વકતવ્યમાં સાવરકરે જણાવ્યું, ''મને વધારે આનંદ ત્યારે થયો હોત, જો આજના સમારંભનું અધ્યક્ષસ્થાન ડૉ. બાબાસાહેબ આંબેડકરે શોભાવ્યું હોત !''

સપ્ટેમ્બર, ૧૯૨૯માં એવી તક આવતાં-આવતાં રહી ગઈ. ડૉ. આંબેડકરને એક અસીલનો કેસ લડવા નિમિત્તે રત્નાગીરીમાં આવવાનું બન્યું. એ વખતે સાવરકરે એક પત્ર તૈયાર કર્યો જેમાં હજારો નાગરિકોની સહીઓ પણ સામેલ હતી. સાવરકરે રત્નાગીરીના સુપ્રસિદ્ધ વિઠોબા-મંદિરમાં એક દલિત-મહાસભાનું આયોજન વિચારેલું, જેમાં પ્રમુખ સ્થાને ડૉ. આંબેડકર બેસે એવી એમની ઈચ્છા હતી.

બાબાસાહેબે સંમતિ પણ આપી દીધી, પરંતુ છેક છેલ્લી ઘડીએ એમના પર તાર આવ્યો અને એમણે મુંબઈ દોડી જવું પડ્યું. રત્નાગીરી નગરે બે મહાન વિભૂતિઓને એક જ મંચ પર નિહાળવાનો લહાવો ગુમાવવો પડ્યો.

પાછળથી ડૉ. આંબેડકરે પત્ર લખીને સાવરકરજીને શાબાશી પાઠવી, તમે સામાજિક સુધારાના ક્ષેત્રમાં જે મહત્ત્વનું કામ કરી રહ્યા છો એ બદલ હું તમારી પ્રશંસા કરું છું. મને એ વાતનો આનંદ છે કે દલિતોના ઉદ્ધારની આ મહત્ત્વની કામગીરીને સમજનારા જે બહુ થોડાક લોકો આ દેશમાં છે, તમે એમાંના એક છો !''

૧૯૨૯ના નવેમ્બરમાં રત્નાગીરીએ જૂની આંખે નવું દૃશ્ય જોયું. પ્રખ્યાત વિઠોબાના મંદિરના દરવાજા પાસે માનવોનો મહાસાગર ઊમટેલો હતો. એક તરફ બ્રાહ્મણો અને અન્ય સવર્ણો હતા, બીજી તરફ દલિતો હતા; વચમાં સાવરકરજી ઊભેલા હતા.

રૂઢિચુસ્ત સવર્ણો ચીસો પાડી રહ્યા હતા, ''દલિતોને કોઈ કાળે મંદિરમાં પ્રવેશવા નહીં દઈએ ! એ લોકો પતિત છે !''

સાવરકર ગર્જી ઊઠ્યા, ''એ લોકો પતિત શાના ? તમારી-મારી જેમ એ લોકો પણ 'માણસ' છે. ભગવાન શ્રીરામે છાતીએ ચાંપ્યા છે, તો પછી એમનો અનાદર કરનારા તમે કોણ ? અને તમે જેને વાંચતાં થાકતા નથી, એ રામાયણનો ગ્રંથ લખનાર વાલ્મિકી કોણ હતા ? કેવા હતા ? ઉપકાર માનો આ કહેવાતા દલિતોને જેમણે આપણને વાલીયો લૂંટારો આપ્યો ! પાડ માનો આમનો જેમણે આપણને કેવટ આપ્યો, શબરી આપી ! એમનો મંદિર-પ્રવેશ એ માત્ર સમયની માંગ નથી. પણ ધર્મનો આદેશ છે; એ માત્ર નીતિ નથી, પણ સામાજિક ન્યાય છે; એ માત્ર આપણે એ લોકોની ઉપર કરેલો ઉપકાર નથી, પણ આપણે કરેલી માનવતાની સેવા છે ! પતિત આ લોકો નથી. પણ તમે છો જે એમને પોતાના અધિકારોથી વંચિત રાખવાનું અધમ કૃત્ય આચરી રહ્યા છો !''

વીર સાવરકરની વાણીમાં આગ હતી. ઓજ હતું. તાપ હતો, તર્ક હતો, વિવેક હતો, વિનવણી હતી અને આ બધામાં અંધારી મેઘલી રાતે ઝબૂકી જતી અને જગતને ચકાચૌંધ કરી જતી વીજળી જેવી ચીમકી પણ હતી.

આખું રત્નાગીરી અત્યારે મંદિરના દરવાજા પાસે ઊમટ્યું હતું. સરકારે તોફાન ન થાય એ માટે પૂરતો પોલીસ-બંદોબસ્ત કર્યો હતો. જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ પણ વ્યવસ્થા પર નજર રાખવા માટે ઘટના સ્થળે ઉપસ્થિત હતા. તેઓ પોતે સાવરકરના ભાષણથી એટલા બધા અભિભૂત થઈ ઊઠ્યા કે તટસ્થતા નેવે મૂકીને ઊભા થઈ ગયા; મોટેથી બોલી ઊઠ્યા, ''સાવરકરજીની વાત સાંભળ્યા પછી હવે કોણ એવો ગમાર રહ્યો છે જેના મનમાં હજુયે થોડો-ઘણો વિરોધ બચ્યો હોય !''

સવર્ણો પાછળ હટી ગયા,. ગગનભેદી હર્ષનાદો વચ્ચે દલિતો મંદિરના પ્રાંગણમાં ધસી ગયા.

હિંદુસ્તાનના ઇતિહાસમાં આવું દશ્ય પહેલી વાર ભજવાતું હતું. જમાનાઓથી જે વર્ગનું શોષણ થતું આવ્યું હતું, એ વર્ગ આજે આંખોમાં ભક્તિભાવ આંજીને એક પવિત્ર દેવસ્થાનનાં પગથિયાં ચડી રહ્યો હતો. એમની જીભ ઉપર ગીતો હતાં, ભજનો હતાં. દેહમાં ઉત્સાહ હતો. અંગ-અંગમાં થનગનાટ હતો અને દિમાગમાં દિવ્ય ઉન્માદ હતો,

અને સાવરકરજીના ચહેરા ઉપર પરમ સંતૃપ્તિના ભાવો છવાયેલા હતા. તેઓ બબડી રહ્યા હતા :

એક દેવ, એક દેશ, એક આશા.

એક જાતિ, એક જીવ, એક ભાષા.

એક પછી એક પાખંડી પરંપરાઓને કચડતો સાવરકરનો ક્રાંતિ-રથ નિરંતર આગળ ધપતો રહ્યો. આ અશ્વમેઘ યજ્ઞનો મહાન વિજય હતો. પતિત-પાવન મંદિરનું નિર્માણકાર્ય, જેનું ઉદ્દ્યાટન ૧૯૩૧ની બાવીસમી ફેબ્રુઆરીએ સમ્પન્ન થયું.

ભાગોજી કીર નામના એક ધનવાન શેઠ વીર સાવરકરને ઈશ્વર માનીને જીવનારા હતા. સાવરકરે એમની સમક્ષ વિચાર રજૂ કર્યો. ''મારી ઈચ્છા છે કે રત્નાગીરીમાં એક એવું ભવ્ય મંદિર બનાવવામાં આવે જ્યાં નાત-જાતના કે ઊંચ-નીચના ભેદભાવ વગર તમામ લોકો ભગવાનના દર્શન કરવા માટે આવી શકે. મેં તો એનું નામ પણ વિચારી રાખ્યું છે : 'પતિત પાવન મંદિર.''

ભાગોજી શેઠે ધનનો પટારો ખોલી આપ્યો. રૂઢિચુસ્તોએ આ ભલા શેઠનો પણ બહિષ્કાર કરવો શરૂ કર્યો. એને ભરમાવવાની કોશિશ કરી, ''આ સાવરકરના વાદે તમે કયાં ચડ્યા ! એ તો આપણા સનાતન ધર્મને ડુબાડવા બેઠા છે !''

પણ ભાગોજી પાસે દલીલ ન હતી, માત્ર ભક્તિભાવ હતો, ''તમને ખબર છે ? સાવરકરજીનું નામ શું છે ? વિનાયક એટલે ભગવાન ગણેશ, એમનું વાકય એટલે મારે મન ગણપતિનો આદેશ !''

મંદિર તૈયાર થયું. એનું ભવ્યાતિભવ્ય ઉદ્દ્યાટન કરવામાં આવ્યું. સમગ્ર હિંદુસ્તાનમાં આ પ્રથમ એવું મંદિર હતું જે સમગ્ર હિંદુ જાતિ માટેનું પૂજાસ્થાન હતું, પ્રવૃત્તિસ્થાન હતું અને હિંદુ હિતોના માટે પ્રચાર સ્થાન હતું.

આચાર્યો, પંડિતો અને શંકરાચાર્યોએ સાવરકરના આ ક્રાંતિકારી કદમને પ્રશંસાનાં પુષ્પોથી વધાવી લીધું. એમણે રત્નાગીરીને 'અર્વાચીન કાશી'નો ખિતાબ આપ્યો અને સાવરકરને 'અર્વાચીન શંકરાચાર્ય' તરીકે નવાજયા.

ખુદ મહાત્મા ગાંધી અને કસ્તુરબાએ પણ સાવરકરની સિદ્ધિઓની મુકત કંઠે પ્રશંસા કરી.

રત્નાગીરીમાં વીતાવેલાં ૧૩-૧૪ વર્ષોમાં સાવરકરજીએ અનેકવિધ ક્ષેત્રોમાં કામ કર્યું. સાહિત્યનાં અનેક પુસ્તકો લખ્યાં, કાવ્યોની રચના કરી. હિન્દી અને મરાઠી ભાષાઓની શુદ્ધિ કરી. અનેક નવા તેમજ મૌલિક શબ્દો સર્જ્યા. આજે ફિલ્મોના ક્ષેત્રમાં વપરાતા દિગ્દર્શન, પટ-કથા અને રાજકીય ક્ષેત્રે વપરાતા ગૃહમંત્રી જેવા અસંખ્ય શબ્દો સાવરકરજીની શોધ છે.

સમાજ સુધારક સાવરકર એમની જગ્યાએ હતા, ભાષા સુધારક સાવરકર અને સાહિત્યકાર સાવરકર એમના સ્થાને હતા, પણ ક્રાંતિકારી સાવરકર શું કરી રહ્યા હતા ?

સરકારી પ્રતિબંધાત્મક આદેશોના પહાડ હેઠળ ચગદાઈને દેશભક્ત સાવરકર ખતમ થઈ ગયા હતા કે શું ?

હરગિજ નહીં. જે પ્રવૃત્તિઓ વીર સાવરકર સ્વયં જાહેરમાં પોતાના નામ સાથે કરી શકતા ન હતા, એ બધી જ પ્રવૃત્તિઓ બાબારાવ સાવરકરના પ્રમુખપદ નીચે તેઓ જ ચલાવતા હતા.

એમને મળવા માટે આવનારા પ્રખ્યાત માણસોમાં ભાઈ પરમાણંદ, વી. વી. એસ. ઐયર, જ્ઞાનચંદ વર્મા અને સેનાપતિ બાપટ હતા. આ બધા લંડન વખતના 'અભિનવ ભારત'ના ક્રાંતિકારી સહયોગીઓ હતા, એ ઉપરાંત ડૉ. મુંજે. (જેમને આર. એસ. એસ. ના સ્થાપક ડૉ. હેડગેવાર આદરણીય ગણતા હતા) સચીન્દ્રનાથ સન્યાલ, વિઠ્ઠલરાવ શિંદે, જી. વી. માવળંકર (જેઓ પાછળથી આઝાદ ભારતની લોકસભાના સ્પીકર બન્યા). માધવરાવ પટવર્ધન, કેતકર, આંદામાનની જેલનો પ્રખ્યાત સાથી કેદી નાની ગોપાલ વગેરે સામેલ હતા.

એક મહત્ત્વના મુલાકાતી ઠાકુર ચંદનસિંહ પણ હતા. તેઓ નેપાળથી ખાસ પધાર્યા હતા. ચંદનસિંહ ઠાકુર નેપાળની 'ગોરખા લીગ'ના અધ્યક્ષ હતા. સાવરકરજી ઈચ્છતા હતા કે વિશ્વના એક માત્ર હિંદુ રાષ્ટ્ર નેપાળનું આવનારા દિવસોમાં આઝાદ ભારત માટે કેટલું મહત્ત્વ રહેવાનું હતું ! તેઓને નેપાળમાં ચીનનો પ્રભાવ દેખાઈ રહ્યો હતો, જે ભારતની કોંગ્રેસી સરકારોને આવનારા એંશી વરસો પછી પણ દેખાવાનો ન હતો.

યુસુફ મહેરઅલી, જેઓ તે સમયે સમાજવાદી નેતા હતા. એક દિવસ રત્નાગીરી આવી ચડ્યા. સાવરકરને મળવા ગયા. સાવરકર એમનો હાથપકડીને પતિત-પાવન મંદિરમાં ખેંચી ગયા. યુસુફભાઈ ભગવાનની મૂર્તિ સામે બે હાથજોડીને ઊભા રહી ગયા !

સરકાર એવું સમજી બેઠી હતી કે આંદામાનના કઠોર કારાવાસે સાવરકરના દિમાગમાં ભડભડતો ક્રાંતિનો આતશ બુઝાવી મૂક્યો હશે.

સાવરકરજી પાસે આ માન્યતાનો જવાબ આપવા માટે શબ્દો ક્યાં હતા ? અલબત્ત, અંગ્રેજોને ન સમજાય એવી ભેદી, ગુપ્ત, ભૂગર્ભ પ્રવૃત્તિઓ હતી જે પૂરબહારમાં ચાલુ જ હતી !

વી. બી. ગોગટે નામનો એક સશસ્ત્ર ક્રાંતિકારી સાવરકરનો ચુસ્ત અનુયાયી હતો. એ અવાર-નવાર એના પ્રિય ગુરુજીને મળવો માટે આવતો રહેતો હતો. એક દિવસ એણે એકાંત જોઈને પૂછી લીધું. ''મુંબઈનો કાર્યકારી ગવર્નર મિ. જે. ઈ. બી. હોટ્સન ભારે ઘમંડી છે. આપણા ક્રાંતિવીરોને દેખે છે ત્યાં જ ઠાર મારે છે. એના માટે આપની આજ્ઞા...?''

સાવરકરે શી આજ્ઞા આપી એ વિશે આપણને કેવી રીતે ખબર પડે ? કોઈની પાસે સાવરકરે એને શું કહ્યું એના વિષે કશી જ જાણકારી નથી. બસ, થોડા દિવસ પછી ગવર્નર હોટ્સનની છાતીમાં ગોગટેએ પોતાની પિસ્તોલની બધી જ ગોળીઓ ખાલી કરી નાંખી ! આ કૃત્યની જવાબદારી માત્ર ગોગટેની જ હતી.

અને એક દિવસ...દિવસ ઢળી ગયા પછી ઊતરતી સાંજના ઓછાયામાં એક અઢાર-ઓગણીસ વરસનો ધગધગતો યુવાન છેક પંજાબથી ધૂળ ફાકતો સાવરકરજીની ખાનગી મુલાકાતે આવી ચડ્યો.

''સતશ્રી અકાલ ! આપના દર્શને આવ્યો છું.'' માથે પાઘડી બાંધેલા એ દાઢીધારી યુવાને ઓરડામાં ચોપાસ નજર ઘુમાવીને શરૂઆત કરી.

સાવરકર હસ્યા, ''જાણું છું ! દર્શન તો પતી ગયાં ! હવે કામની વાત કર !''

''કામની વાત કરવા તો આવ્યો છું.'' જુવાને આંખોમાંથી લાલચોળ અંગારા ખેરવ્યા, ''આઠ વરસનો હતો હું, જ્યારે મારા પિતાજીની આંગળી ઝાલીને જલિયાંવાલા બાગની મુલાકાતે ગયો હતો. ૧૯૧૯ની સાલ હતી. આગલા દિવસે જ જનરલ ડાયરે સેંકડો નિર્દોષ હિંદુઓ અને શીખોની ઘાતકી હત્યા કરેલી હતી. એમની ચિતાની ગરમ-ગરમ રાખને મેં મુઠ્ઠીમાં પકડીને પ્રતિજ્ઞા લીધી હતી કે ભવિષ્યમાં ક્યારેક હું આનો બદલો લઈશ. આજે તમારી પાસે માર્ગદર્શન માટે આવ્યો છું. આજ્ઞા આપો; શું કરું ?''

એ રત્નાગીરીના બંધ ઓરડામાં સિંહપુરુષે એક જુવાન વાઘને શું કહ્યું હશે એ વિશે અંગ્રેજ સરકાર શું જાણે ? ક્યાંથી જાણી શકે ? અને ક્યારે જાણે ?

પછી શું થયું એ ઈતિહાસ છે. એ મુલાકાતી જુવાનનું નામ હતું : ભગતસિંહ !

અને સિંહપુરુષે એને આપેલી સલાહ આજે તો જગમશહૂર બની ચૂકી છે. માત્ર આ દેશ માટે જ નહીં, પણ દુનિયાભરના દેશભક્તો માટે એ એક સુવર્ણાક્ષરે લખાયેલું સર્વોત્તમ અવતરણ છે : ''ગદ્દારોની પ્રથમ હરોળમાં ઊભા રહેવા કરતાં દેશભક્તોની અંતિમ પંક્તિમાં ઊભા રહેવું હજારગણું ઉત્તમ છે.''

o o o

૨૫. નજરકેદમાંથી પણ આઝાદી

સાવરકરની જિંદગીનો એક કાયમી મુદ્રાલેખ હતો : ડ્યુટી ઈઝ મૉર ઈમ્પોર્ટન્ટ ધેન બ્યૂટિ. સુંદરતા કરતાં ફરજ અધિક મહત્ત્વની હોય છે. અને સાવરકરે પોતાની સમગ્ર જિંદગી માતૃભૂમિ પ્રત્યેની ફરજનું પાલન કરવામાં જ વીતાવી દીધી.

પરંતુ સૌંદર્ય તેમ છતાં આ વીરપુરુષના જીવનમાં પ્રસંગોપાત ચોમાસાના ભીના-ભીના વરસાદની જેમ વરસતું રહ્યું. ૧૯૨૫માં એમના ધર્મપત્ની યમુનાતાઈએ સતારા ખાતે એક દીકરીને જન્મ આપ્યો. આ ખૂબસૂરત દીકરીનું નામ પ્રભાત પાડવામાં આવ્યું. એ પછી બે વરસે શાલિની જન્મી, જે જન્મથી જ અતિશય નબળી હતી. પ્રથમ વર્ષગાંઠ પહેલાં જ એનું અવસાન થયું. સાવરકરજી જ્યારે વિલાયતમાં હતા, ત્યારે એમનો સૌથી મોટો પુત્ર મૃત્યુ પામી ચૂકયો હતો. એ હયાત હોત તો આ સમયે (સાવરકરના રત્નાગીરી-કાંડ વખતે) બાવીસેક વર્ષનો હોત. પણ સાવરકરજીના જાહેરજીવને એમના દામ્પત્ય જીવનને વેરવિખેર કરી નાખ્યું.

સાવરકરના શ્વસુર ભાઉસાહેબ ચિપલૂણકર પોતાના દોહિત્રને રમાડવાનાં સપનાં સેવતા હતા. દીકરીના ઘરે એક દીકરી તો જન્મી ચૂકી હતી, હવે એક પુત્ર જન્મે એટલે પરિવાર સંપૂર્ણ બને !

૧૯૨૮માં યમુનાતાઈએ મુંબઈ ખાતે એક દીકરાને જન્મ આપ્યો. દીકરો શરીરે નબળો હતો. એનું નામ રાખવામાં આવ્યું : વિકાસ.

ભાઉસાહેબ બહુ પ્રસન્ન થયા. એમણે દીકરી યમુનાને પત્ર લખ્યો, ‘‘મેં ભગવાન પરશુરામની માનતા રાખી હતી કે જો તારી કૂખે પુત્ર અવતરશે તો હું એને લઈને આપણા ગામ ચિપલૂણમાં આવેલા પરશુરામજીના મંદિરે દર્શન કરી આવીશ.’’

યમુનાતાઈ સ્વયં ખૂબ ધાર્મિક હતાં અને આવી બધી પરંપરાઓમાં શ્રદ્ધા ધરાવતાં હતાં; પરંતુ એમને જાણ હતી કે એમના સ્વામી સાવરકરજીને આવી બધી વાતોમાં જરા પણ વિશ્વાસ ન હતો. તેઓ પૂર્ણપણે ‘રેશનાલિસ્ટ’ હતા. પણ સાચો ‘રેશનાલિસ્ટ’ હંમેશાં ‘રેશનલ’ હોય છે. એ અન્યોની શ્રદ્ધાનો આદર કરે છે.

સાવરકર સપરિવાર શ્વસુરગૃહે ગયા અને ભાઉસાહેબની સાથે ભગવાન પરશુરામનાં દર્શન કરવા પણ ગયા.

યમુનાતાઈ જ્યારે બાળકને પરશુરામનો પ્રસાદ સમજીને મૂર્તિની સમક્ષ માથું ટેકવી રહ્યાં હતાં, ત્યારે સાવરકર આવી કશી જ શ્રદ્ધા-અશ્રદ્ધા કે અંધશ્રદ્ધાથી પર થઈને પરશુરામજીની વિશાળ, તેજસ્વી મૂર્તિ સામે ટગર-ટગર જોઈ રહ્યા હતા. આવા સમર્થ મહાપુરુષ એમના અને દેશભરના તમામ બ્રાહ્મણોના પૂર્વજ હતા એ બાબત જ સાવરકરના મનને પ્રસન્નતા અને ગૌરવથી છલકાવી દેવા માટે પર્યાપ્ત હતી.

* * *

વીર ભગતસિંહ નામનો ક્રાંતિકારી બૉંબ ફાટી ચૂક્યો હતો. મદનલાલ ધીંગરાએ જે પરાક્રમ વિલાયતની ધરતી ઉપર કર્યું હતું એવું જ મહાકાર્ય ભગતસિંહે સ્વદેશમાં કરી બતાવ્યું.

અંગ્રેજ સરકાર હચમચી ઊઠી. એમના દિમાગમાં પાકો વહેમ ઘર કરી ગયો હતો કે દેશભરમાં ક્યાંય પણ ક્રાંતિની જ્વાળા ભડકી ઊઠેલી દેખાય તો એની જન્મદાતા દીવાસળી અવશ્ય સાવરકર બ્રાન્ડની જ હોવી જોઈએ.

થોડી શંકા, થોડી જાસૂસી અને ઘણી બધી પૂર્વધારણાઓ; આ બધાંનો સરવાળો કરીને પોલીસતંત્ર રત્નાગીરીના નજરકેદી સાવરકરના ઘર સુધી જઈ પહોંચ્યું.

હજુ તો પ્રભાતનું પ્રથમ કિરણ ફૂટ્યું હતું, સાવરકર હજુ હમણાં જ જાગ્યા હતા. બાળકો સવારની મીઠી નિંદર માણી રહ્યાં હતાં. ત્યાં પોલીસ ટુકડીએ સાવરકરના મકાનને ચો-તરફથી ઘેરી લીધું.

સાવરકરજી બહાર આવ્યા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ બારણામાં જ ઊભા હતા.

''મિ. સાવરકર, તકલીફ આપવા બદલ ક્ષમા ચાહું છું. પણ સરકારી આદેશ છે એટલે અમારે તમારા મકાનની તલાશી તો લેવી જ પડશે.''

સાવરકરે પત્નીને સૂચના આપી. યમુનાતાઈ બાળકોને ઊંચકીને ઘરની બહાર નીકળી ગયાં. સાવરકરે ઊંબર છોડતી વખતે કટાક્ષસભર સ્મિત કર્યું, ''પધારો, સાહેબ ! મારું ઘર હવે ખુલ્લું છે અને ખાલી પણ. તમે ચાહો એટલી તલાશી લઈ શકો છો. પણ એક વાત ભૂલશો નહીં, મારો પનારો ચાર ચાર વરસ સુધી સ્કોટલેન્ડ યાર્ડની પોલીસ સાથે પડેલો છે અને મેં તેમને થાપ આપેલી છે !''

કમિશ્નરે મકાનમાં પ્રવેશ કર્યો. એમના માર્ગદર્શન હેઠળ દસ-બાર પોલીસ કર્મચારીઓએ મકાનની એક-એક મિલિમિટર જેટલી જગ્યા ફેંદી નાખી. પણ હાથમાં કશું જ ન આવ્યું.

''સાહેબ, મહેનત માથે પડી ને ? તમે ખાલી અમથા મને હેરાન કરવા માટે જ દરોડો પાડ્યો !'' સાવરકરે છોભીલા પડેલા પોલીસ અમલદારને દાઢમાં કહ્યું.

''એવું નથી, મિ. સાવરકર ! અમે મૂર્ખ નથી કે કોઈ સધ્ધર કારણ વિના તમારા ઘરની જડતી લેવા નીકળી પડીએ. વાત એમ છે કે સરદાર ભગતસિંહે લોકોને ભડકાવી મૂકે એવા એક પુસ્તકની બે હજાર નકલો છપાવીને પ્રજામાં વિતરિત કરી છે. એમાંથી એણે ઘણાં બધાં નાણાં મેળવ્યાં છે, જેનો ઉપયોગ ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે થઈ રહ્યો છે.''

''પુસ્તક ભગતસિંહનું ? અને જડતી મારા મકાનની ?''

''હા, એ એટલા માટે કે એ પુસ્તકનું નામ છે : ૧૮૫૭નો સ્વાતંત્ર્ય - સમર ! ભગતસિંહે જેનું વિતરણ કર્યું છે એ તો મૂળ પુસ્તકનો ગુરુમુખી ભાષામાં કરેલો અનુવાદ છે.'' પોલીસ કમિશનર આંખોમાંથી આગ વરસાવતા સાવરકરની સામે જોઈ રહ્યા; પછી બાકીની વાત પૂરી કરી, ''એ મૂળ મરાઠી પુસ્તકના લેખકનું નામ છે : વિનાયક દામોદર સાવરકર ! અમને પૂરેપૂરી શંકા છે કે ભગતસિંહ અને તમે એકબીજાના સંપર્કમાં હતા, છો અને ભવિષ્યમાં પણ કદાચ રહેવાના છો. અમે તમારા ભગતસિંહ સાથેના ઘનિષ્ઠ સંપર્કના પુરાવાઓ મેળવવા અહીં સુધી આવ્યા છીએ.''

''કશું જડ્યું ખરું, સાહેબ ?'' સાવરકરે નિર્દોષ મુખમુદ્રા કરીને પૂછ્યું.

''ના, નથી જડ્યું. મારે તમારી નિર્દોષતાનો અહેવાલ લખીને સરકારને સુપરત કરવો પડશે. મને એક કોરો કાગળ જો તમે આપી શકો, તો તમારી હાજરીમાં જ હું...''

''કેમ નહીં ? કેમ નહીં ? અવશ્ય.'' કહીને સાવરકરે એક કોરો કાગળ સાહેબના હાથમાં પકડાવી દીધો. પછી લખવા માટે કાગળની નીચે આધાર તરીકે મૂકવા માટે એક મોટી 'ડાયરી' પણ ધરી દીધી. એ પાક્કા પૂંઠાની ડાયરી ઉપર કાગળ મૂકીને પોલીસ કમિશનરે ઊભાં-ઊભાં જ સાવરકરની નિર્દોષતા વિશે સર્ટિફિકેટ ઘસડી માર્યું.

પછી એ શિકારી કૂતરા જેવો કમિશનર હસીને, સાવરકરની ક્ષમા માગીને, એમના સહકાર બદલ આભાર માનીને વિદાય થઈ ગયો.

ખાખી રંગ અદશ્ય થયા પછી સિંહપુરુષ મન મૂકીને હસ્યા. પછી બબડ્યા, ''અરે, મૂર્ખ ! તું જે શોધવા માટે આવ્યો હતો એના પુરાવાઓ તો આ ડાયરીમાં જ લખાયેલા હતા ! એ ડાયરી જ જે મેં તને ટેકા માટે આપી હતી !''

* * *

૧૯૨૭નું વરસ સાવરકરજી માટે નવી શકયતાઓ અને નવી સિદ્ધિઓ લઈને આવ્યું. હિંદુ મહાસભાનું અધિવેશન એ વરસે જબલપુર ખાતે મળવાનું હતું. સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું કે અધ્યક્ષસ્થાને સાવરકરજીને બેસાડવામાં આવે. પણ સરકારે

મંજૂરી ન આપી. સાવરકરને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાની મનાઈ હતી એ બહાનું આગળ ધરીને એમને અટકાવવામાં આવ્યા.

એ વખતના એક મોટા ગજાના મહારાષ્ટ્રીય કોંગ્રેસી નેતાએ સૂચન કર્યું, ''આ વરસે ઈન્ડિયન રાષ્ટ્રીય કોંગ્રેસનું મહાઅધિવેશન ભરાવાનું છે, તેના પ્રમુખ તરીકે હું સાવરકરના નામથી ભલામણ કરું છું.

મારી સલાહ તો ત્યાં સુધીની છે કે જો સરકાર એમને આ અધિવેશનમાં હાજરી આપવાની અનુમતિ ન આપે તો પણ અધ્યક્ષસ્થાન તો આપણે આ વીરપુરુષને જ આપવું જોઈએ.''

''એ કેવી રીતે બને ? અધ્યક્ષ ગેરહાજર રહીને ખુરશી શી રીતે શોભાવી શકે ?'' કોઈએ સવાલ ઊઠાવ્યો.

''એમાં મુશ્કેલી શી છે ? આપણે સાવરકરજીની મોટા કદની છબિને અધ્યક્ષની ખુરશીમાં સ્થાપિત કરીશું.''

(એ વિધિની વક્રતા છે કે એક જમાનામાં જે કોંગ્રેસ સાવરકરને માથા ઉપર બેસાડવા માટે તલસતી હતી, તે જ કોંગ્રેસ આ સિંહપુરુષના અવસાનને દાયકાઓ થઈ ચૂકયા પછી પણ અપમાનિત કરવાનું ચાલુ રાખવાની હતી. છેક એકવીસમી સદીના પ્રારંભમાં અવસાનના સાડા ત્રણ દાયકા પછી આ વીર પુરુષનું તૈલચિત્ર સંસદના મધ્યખંડમાં સ્થાન મેળવી શક્યું. એ પણ સોનિયા ગાંધી અને એમના પાલતુ કોંગ્રેસીઓના પ્રચંડ વિરોધ સાથે !)

જ્યારે ગોળમેજી પરિષદનો પ્રસંગ ઊભો થયો, ત્યારે ભાઈ પરમાણંદે સૂચન કર્યું કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કરવા માટે અન્ય કોઈ તકસાધુ નેતાને બદલે વીર સાવરકરને મોકલી આપવા જોઈએ.

બાબુ પદ્મરાજ જૈન નામના 'હિંદુ સભા'ના એક પ્રમુખ આગેવાને એવો અનુરોધ કર્યો કે સાવરકરને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે તો મોકલવા જ જોઈએ; જો કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે નહીં, તો હિંદુ મહાસભાના પ્રતિનિધિ તરીકે; કેમ કે હિંદુસ્તાનના સમગ્ર હિંદુઓની હિતરક્ષા કરી શકે એવો બીજો કોઈ જ નેતા સાવરકરને બાદ કરતાં પૂરા દેશમાં ઉપલબ્ધ ન હતો.

૧૯૩૪માં ફરીથી સાવરકર ઉપર સંકટનાં વાદળો ઘેરાયાં. લશ્કરના એક અંગ્રેજ અધિકારી મિ. સ્વીટલેન્ડ ઉપર મુંબઈમાં ગોળીઓ છોડવામાં આવી. અપરાધી પકડાઈ ગયો. વામનરાવ ચવાણે આ બહાદુરીભર્યું કામ પાર પાડ્યું હતું. એના સાગરીત તરીકે ગજાનન દામલે નામનો એક નિર્દોષ મિત્ર પણ ઝડપાયો. સાવરકર તો એ વખતે રત્નાગીરીમાં હતા, પણ પોલીસે ક્રાંતિની ચિનગારીનું પગેરું સૂંઘતી-સૂંઘતી એમના ઘર સુધી પહોંચી ગઈ.

સાવરકરને કેદ કરીને જેલ ભેગા કરી દીધા. કારણ ? તો કે' વામનરાવ ચવાણ કટ્ટર સાવરકરવાદી હતો !

બે અઠવાડિયાં જેલમાં વીતાવ્યા પછી જ્યારે સાવરકરની વિરુદ્ધમાં એક પણ પુરાવો ન મળ્યો, ત્યારે અદાલતે એમને છોડી દીધા. સાથે સાથે ન્યાયાધીશે પોલીસખાતાને ચેતવણી પણ આપી દીધી, ''અદાલતનો આગ્રહ છે કે દેશમાં કયાંય પણ ખૂણે-ખાંચરે બનતી હિંસાની પ્રત્યેક ઘટના પાછળ સાવરકરનો હાથ રહેલો જ છે એવું ધારી લેવામાં પોલીસ ખાતું જે વધુ પડતો ઉત્સાહ દર્શાવી રહ્યું છે એ તાકીદે બંધ કરવામાં આવે.''

અંગ્રેજ સરકાર ક્રમશઃ સાવરકરજીની નજરકેદ વધારતી જતી હતી. બબ્બે વરસની મુદ્દત વધારતાં રહીને આ સિંહપુરુષને એના રાષ્ટ્રકાર્યના ધ્યેયથી દૂર રાખી રહી હતી.

જમનાદાસ મહેતા નામના એક સજ્જને ઝંડો ઊપાડી લીધો; કોઈ પણ ભોગે આ નર-સિંહને નજરકેદના પિંજરામાંથી છોડાવવા માટેનું અભિયાન આ માણસે શરૂ કર્યું.

૧૯૨૯ની સાલમાં સરકારે આશ્વાસન આપ્યું : 'સાવરકરને ૧૯૩૧ની સાલમાં મુકત કરવામાં આવશે.'

૧૯૩૧માં જાહેર કર્યું, ''હજુ સમય પાકયો નથી. ૧૯૩૩ સુધી રાહ જુઓ !''

૧૯૩૩માં સરકારને બ્રહ્મજ્ઞાન લાધ્યું : ''સાવરકરની કેટલીક વૃત્તિ-પ્રવૃત્તિઓ વિશે અમને શંકાસ્પદ માહિતી મળેલ છે. માટે ૧૯૩૫ સુધી એમની મુક્તિ શકય નથી.''

જયરામદાસ દોલતરામે કાઉન્સિલમાં આ મુદ્દો ઊઠાવ્યો. જવાબ મળ્યો, ''આ માણસ દેશની શાંતિ માટે ખતરારૂપ છે.''

અંગ્રેજ સરકારે રત્નાગીરીના જિલ્લા મેજિસ્ટ્રેટ મિ. સિમિંગ્ટનનો અભિપ્રાય મગાવ્યો, ''શું સાવરકરને નજરકેદમાંથી આઝાદ કરી શકાય ?''

મિ. સિમિંગ્ટને ઊંડી તપાસ કર્યા પછી અત્યંત ગુપ્ત અહેવાલ મોકલી આપ્યો, ''સાવરકરે આ વિસ્તારમાંથી અસ્પૃશ્યતાની બદી દૂર કરવા માટે ખૂબ સારું કામ કરેલ છે. એમણે પતિત પાવન મંદિરમાં દલિતોને પ્રવેશ અપાવવા માટે પણ ખૂબ મોટી જહેમત ઉઠાવેલ છે. પણ આ બધું તો સામાજિક કામ થયું ગણાય. જો રાજકીય ક્ષેત્ર વિશે તમે મારો અભિપ્રાય જાણવા ઈચ્છતા હો, તો હું ચોક્કસ કહીશ કે આ માણસ આખા દેશનો વર્તમાન રાજકીય તખતો પલટાવી નાખવા સક્ષમ છે ! એને છોડવાની ભૂલ કયારેય ન કરાય.''

૧૯૩૪માં સાવરકરે પરવાનગી માગી, ''હું મુંબઈ જવા ઈચ્છું છું. ત્યાં ૨૩મી જાન્યુઆરીના રોજ હિંદુ સભાનું અધિવેશન મળી રહ્યું છે. મારે એમાં હાજરી આપવી છે.''

મુંબઈ સરકારના મંત્રી મિ. મૅક્સવેલનો ઈન્કારભર્યો ઉત્તર આવ્યો, ''અશકય.''

પછી મિ. મૅક્સવેલે સરકારને લખી મોકલ્યું, ''મિ. સાવરકર એમના શરતી કસરપત્રનું પાલન કરતા નથી. એ પોતે પડદા પાછળ રહે છે, પણ ક્રાંતિના તણખા ફેલાવતા રહે છે. એ જ્યાં પણ જાય છે, ત્યાંનું પોલીસતંત્ર દિવસો સુધી પગ વાળીને બેસી શકતું નથી. માટે મારી તો સલાહ છે કે જો દેશમાં તમે શાંતિને બરકરાર રાખવા માગતા હો, તો આ આગના ભડકાને આઝાદ કરશો નહીં.''

સાવરકર તરફથી પણ સરકારને અરજીઓ મોકલવાનું ચાલુ જ હતું. ૧૯૩૪માં સાવરકરે પત્ર લખ્યો. સરકારી જવાબ મળ્યો : 'છેલ્લા બે વરસ દરમિયાન તમારી ગતિવિધિ શંકાસ્પદ રહેલ છે. આથી સરકાર એવા નિષ્કર્ષ ઉપર આવેલ છે કે જાહેર જનતાની શાંતિ માટે તમને છોડવા એ હિતાવહ નથી.''

બીજાં બે વરસ પસાર થઈ ગયાં. ૧૯૩૭ સુધીની અવધિ પૂરી થાય એ પહેલાં સાવરકરે અરજી કરી. સરકાર તરફથી સૂચન આવ્યું, 'તમે સીધા અમને શા માટે પત્ર લખો છો ? તમારે જે કંઈ પત્ર-વ્યવહાર કરવો હોય તે સ્થાનિક સરકારીતંત્ર મારફતે કરો.''

આ દરમિયાન રત્નાગીરીમાંથી સાવરકરની સંપૂર્ણ મુક્તિ માટે પ્રજાજનોની બનેલી એક સમિતિની રચના કરવામાં આવી. ડૉ. એમ. બી. વેલકર એના અધ્યક્ષ હતા. આ ઠરાવપત્રમાં દસ્તખત કરવા માટે લાખો લોકો ઊમટી પડ્યા.

એ સમય દેશ પર ગાંધીજીના પુનઃ સ્થપાતા પ્રભુત્વનો હતો. ગાંધીજી એમના રાજકીય સંન્યાસમાંથી ફરી પાછા સક્રિયતા તરફ ધપી રહ્યા હતા. 'સાવરકર મુક્તિ સમિતિ'ના કેટલાક ઉત્સાહી કાર્યકરો ગાંધીજી પાસે પહોંચી ગયા.

''શું છે ?'' મહાત્માએ વાત્સલ્યભર્યું હસીને પૂછ્યું.

''બાપુ, અમે લોકો તમારી સહી લેવા માટે આવ્યા છીએ.''

''શેના ઉપર ?''

''અમે એક સમિતિ બનાવેલ છે; વીર સાવરકરને રત્નાગીરીની નજરકેદમાંથી મુક્ત કરાવવા માટે.''

બાપુનું સ્મિત હોલવાઈ ગયું, ''કોણ સાવરકર ?''

કાર્યકર્તાઓને ખબર હતી કે મહાત્મા ગાંધી સાવરકરને સારી રીતે ઓળખે છે. કસ્તુરબાને લઈને એક વાર તેઓ સાવરકરના ઘરે મળવા માટે પણ જઈ આવ્યા હતા. એટલે ગાંધીજીના ઉપરોકત સવાલથી સૌના દિલને જબરો આઘાત લાગ્યો.

''બાપુ, આપ ખરેખર વીર સાવરકરનું નામ નથી જાણતા ?''

''કોણ સાવરકર ? પેલો તો નહીં જેમણે '૧૮૫૭નો સ્વાતંત્ર્ય સમર' નામનું પુસ્તક લખ્યું હતું...?''

''હા, બાપુ ! એ જ.''

અને એ સાથે જ બાપુએ ઠરાવપત્રનો ડૂચો વાળીને કચરાપેટીમાં ફેંકી દીધો.

જ્યારે સાવરકરજીને બાપુના આ નિંદનીય કૃત્યના સમાચાર જાણવા મળ્યા, ત્યારે એ કશું જ ન બોલ્યા. સ્તબ્ધ થઈને બેસી રહ્યા. કદાચ તેઓ જો બોલ્યા હોત તો અ શબ્દો એમના મોંમાંથી સરી પડ્યા હોત, ''બાપુ, તમે મને નથી ઓળખતા ને ? કશો વાંધો નથી; ઈશ્વર ન કરે કે તમારે સાવરકરને ભવિષ્યમાં ઓળખવો પડે ! હું ઈતિહાસ લખી શકું છું તેમજ ઈતિહાસ બદલી પણ શકું છું !''

આગમાં ઘી હોમવાનું કામ જ જવાહરલાલે પૂરું કર્યું. એમણે તો પેલો કાગળ હાથમાં લઈને એમાં સહી કરવાને બદલે એને ફાડી નાખ્યો અને એના ઝીણા-ઝીણા ટુકડા કરીને કચરાપેટીમાં ફેંકી દીધા.

પાછળથી એક સભામાં મહાત્મા ગાંધીએ ખુલાસો રજૂ કર્યો, ''સાવરકરની મુક્તિ માટે અંગ્રેજ સરકારને ભલામણ કરવામાં હું મારી જાતનું અપમાન જોઉં છું.''

આ ઘટના બની ત્યાં સુધી સાવરકર હજુ 'હિંદુ મહાસભા'માં જોડાયા ન હતા. પણ કોંગ્રેસના બે શીર્ષસ્થ નેતાઓના આવા તિરસ્કારભર્યા વર્તનને જોયા પછી સાવરકર સ્પષ્ટપણે વિરુદ્ધ દિશામાં ફંટાઈ ગયા.

વિશ્વની તમામ ભાષાઓમાં એક કહેવત પ્રચલિત છે : 'આવનારી ઘટનાઓ અગાઉથી જ એના પડછાયાઓ મોકલી આપે છે.'

અહીં પડછાયાનો અર્થ 'સંકેત' કે 'ઈશારો' એવો કરવાનો છે. મહાત્માજી એક મહામાનવ હતા એમાં લેશમાત્ર શંકા નથી. તો સામા પક્ષે વીર સાવરકર પણ કોઈ રેંજી-પેંજી ન હતા. દેશ માટે સૌથી લાંબો કારાવાસ વેઠનાર એક માત્ર વીરપુરુષ સાવરકરજી હતા. (દક્ષિણ આફ્રિકાના નેલ્સન મંડેલાના કુલ કારાવાસ વીર સાવરકરના જેલવાસ કરતાં ઓછા સમયનો થવા જાય છે.) સાવરકર અને ગાંધી એકબીજાથી વિચારસરણીના મુદ્દે જુદા પડતા હતા, પણ પ્રગટપણે કે વ્યક્તિગત ધોરણે વીર સાવરકરે કયારેય ગાંધીજીને નુકસાન થાય એવું જાહેરપણે કશુંય કહ્યું ન હતું.

આ પહેલો મોકો હતો જ્યારે અહિંસાના પૂજારીએ હિંસક ક્રાંતિના પ્રખર આરાધકનો તિરસ્કાર કર્યો હતો.

૧૯૪૭માં દેશની આઝાદી પછી જે કંઈ ઘટના બની એની પાછળ આ ઘટનાનો સંદર્ભ પણ તપાસી લેવો જોઈએ.

કોઈ એક મહામાનવના જાદુઈ પ્રભાવના ઘેનમાં સૂતેલો દેશ ભલે આજે આ સત્યની નોંધ ન લે, પણ આવનારો ઈતિહાસ સાવરકરજી વિચારધારાનો અવશ્ય ન્યાય તોળશે.

* * *

દેશના રાજકારણમાં જબરજસ્ત પલટાઓ આવી રહ્યા હતા. ૧૯૩૫માં ગાંધીજીની દોરવણી હેઠળ કોંગ્રેસ અન્ય કોઈ મોટા પડકારની ગેરહાજરીમાં પ્રાંતિક સરકારોની રચના કરવામાં સફળતા મેળવી હતી. એમાં પ્રધાનપદાની ફાળવણીના મુદ્દે અંગ્રેજો અને કોંગ્રેસ પક્ષ વચ્ચે મડાગાંઠ ઊભી થઈ. અંગ્રેજોએ કોંગ્રેસીઓ ઉપર દબાણ લાવવા માટે વચગાળાનું પ્રધાનમંડળ રચવાનો નિર્ણય લીધો. એમાં એમને 'ટિળક લોકશાહી સ્વરાજ પક્ષ'ના જમનાદાસ મહેતાની મદદની ગરજ પડી.

જમનાદાસે આકરી શરત મૂકી, ''હું તમને તો જ સહકાર આપું, જો તમે વીર સાવરકરને સંપૂર્ણપણે મુક્ત કરો.''

સરકાર નિરુપાય હતી. એમણે જરૂરી વિધિ બિનજરૂરી ઝડપે પાર પાડી દીધી. મુંબઈના ગવર્નર લોર્ડ બ્રેબોર્નને પત્ર લખી મોકલ્યો, ''મિ. સાવરકરની વર્તણૂક વિશે બાંહેધરી આપો. અને એમને આઝાદ કરી શકાય કે કેમ એ વિશે તમારો મત જણાવો.''

જમનાદાસ મહેતાએ વાંધો ઊઠાવ્યો, ''વીર સાવરકરની વર્તણૂક વિશે કોઈ ત્રાહિત માણસ બાંહેધરી શી રીતે આપી શકે ? કે માગી પણ શકે ? આ દેશ સાવરકરનો છે અને એ દેશમાં કેવી રીતે વર્તન કરવું એ સાવરકરજી બહુ સારી રીતે જાણે છે. માટે બાંહેધરીવાળો મુદ્દો દૂર કરો !''

દિલ્હીથી લંડન ફોન ધણધણાવવામાં આવ્યો. લંડનથી સિમલા અને સિમલાથી પાછો દિલ્હી.

આખરે ૧૯૩૭ની દસમી મેના રોજ બ્રિટિશ સલ્તનતે જાહેર કર્યું, ''મિ. સાવરકરને બિનશરતી છોડી મૂકવામાં આવે છે. તેઓ હવેથી પૂરા દેશમાં હરી-ફરી શકશે અને દેશના રાજકારણમાં પણ ભાગ લઈ શકશે.''

આ સમાચારે સમગ્ર હિંદુસ્તાનમાં રાહત, આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરાવી દીધી. અને સમાચાર પણ કેવા હતા ! વિશ્વનો એક મહાનતમ રાજકેદી આજે મુક્ત થયો હતો. ભારતનો એક સર્વોત્તમ ક્રાંતિવીર આજે આઝાદ થયો હતો. અને મા ભારતીનો એક સૌથી ઉમદા પુત્ર આજે સ્વતંત્ર થયો હતો.

સાવરકરના માનમાં રત્નાગીરી શહેરમાં એક ભવ્ય જાહેર સમારંભ યોજવામાં આવ્યો. એમની ઉપર દેશભરમાંથી અભિનંદનો અને શુભેચ્છાઓનો વરસાદ વરસ્યો. પ્રજા તરફથી એમને નાણાંની થેલી ભેટ ધરવામાં આવી.

સાવરકરે પૂરા નગરનો આભાર માન્યો. અને પછી જાહેરમાં પહેલી વાર ત્રણ દાયકાથી બેકાર પડી રહેલું એમનું ક્રાંતિધનુષ ઉઠાવીને જાહેરમાં ટંકાર કર્યો, ''આજે સત્તાવીસ વર્ષના ફરજિયાત વનવાસ બાદ હું ફરીથી દેશની રાજનીતિમાં પગ મૂકું છું. તમને વચન આપું છું કે દેશની આઝાદી માટેનો મારો માર્ગ સંઘર્ષમય રહેશે. હું કોઈ પણ ભોગે હિંદુઓના હિતોનું રક્ષણ કરતો રહીશ. આઝાદી આવી ગયા પછી પણ હું એ વાત જોઈશ કે હિંદુસ્તાનમાં મુસ્લિમ-તૃષ્ટિકરણના નામે હિંદુઓને અન્યાય ન થાય.''

તાળીઓના ગગનભેદી અવાજો વચ્ચે એમણે વકતવ્યનું સમાપન કર્યું, ''એક હિંદુ-હિત-વિરોધી બનીને પ્રગતિ પામવા કરતાં એક હિંદુ-હિત-રક્ષક તરીકે મૃત્યુને ભેટવામાં મને હંમેશાં ગૌરવ રહેશે.''

સિંહપુરુષની સિંહગર્જના સાંભળીને ઘેટાંઓમાં ફફડાટ વ્યાપી ગયો.

* * *

દેશભરનાં અખબારો સાવરકરજીની મુક્તિના સમાચારથી વિભૂષિત હતાં. ખૂણે-ખૂણેથી જાણીતા આગેવાનોના હર્ષોદ્‌ગારો સંદેશા રૂપે આવ્યે જતા હતા.

કેલકર, ભાઈ પરમાણંદ અને ડૉ. મૂંજે તો ખુશીના માર્યા ઝૂમી ઊઠ્યા હતા. રાજગોપાલાચારીએ કહ્યું, ''હું સાવરકર જેવા હિંમતવાન, શૂરવીર અને દેશભક્તિથી ઉભરાતા મિત્રની મુક્તિ બદલ રાજીપો વ્યકત કરું છું.''

નેતાજી સુભાષચંદ્ર બોઝે કહ્યું, ''હું સાવરકરજીની મુક્તિને આવકારું છું; હું એમને તાકીદ કરું છું કે તેઓ કોંગ્રેસમાં જોડાઈ જાય અને રાષ્ટ્રીય ચળવળને મજબૂતી પ્રદાન કરે. હું જાણું છું કે એમની આગળ એક તેજસ્વી કારકિર્દી પડેલી છે.''

એમ. એન. રોયે પણ આ વીરનાયકનું સ્વાગત કરતાં એવી આશા સેવી કે સાવરકર એમના પોતાના સિદ્ધાંતો અને વિચારધારા ઉપર ચાલતા રહીને દેશની સેવા કરવાનું કાર્ય ચાલુ રાખશે.

પંડિત નહેરુએ એક જ વાકયનું ટૂંકું વિધાન કર્યું, ''હું એમની મુક્તિને આવકારું છું.''

અને મહાત્મા ગાંધી પાસે સાવરકરની જિંદગીમાં સત્તાવીસ વરસના લાંબા અરણ્યવાસ પછી આવેલા આ પહેલા સુખને આવકારવા માટે એક વાકય તો શું, પણ એક શબ્દની પણ ઉદારતા ન હતી ! ગાંધીજી સદંતર ચૂપ રહ્યા. એમની ખામોશી ચર્ચાસ્પદ હતી, વિવાદાસ્પદ હતી, અકળાવનારી હતી અને મીઠી હતી.

આવનારી ઘટનાઓ એના પડછાયા આગોતરા મોકલી રહી હતી !

વીર સાવરકર પુનઃ રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય થાય તે બાબત ગાંધી વિચારધારાને પોતાને ધંધો બનાવી બેઠેલા કોંગ્રેસીજનો માટે ચિંતાનો વિષય હતી.

કોંગ્રેસમાં બેઠેલા ધૂર્ત નેતાઓને એ હકીકતની જાણ હતી કે આ પોલાદી માણસની તાકાત સત્તાવીસ વર્ષના કારાવાસથી નબળી પડે તેવી ન હતી. એટલે એ લોકોએ શિષ્ટ ભાષામાં એવી વાત રમતી મૂકી કે સાવરકરે હવે કોંગ્રેસમાં જોડાઈ જવું જોઈએ.

દેશના તમામ રાજકીય પક્ષોને જો સાવરકરની કોઈ વિશિષ્ઠતાઓનો ડર સતાવતો હતો, તો એ હતી : એમની અદ્વિતીય વકતૃત્વ શકિત, સામેવાળાને ડારી દેતી આંખો, એમનું પ્રભાવક વ્યકિતત્વ અને આ બધાં કરતાં મહત્ત્વની વાત, એમની રાજકીય વિચારધારા.

પણ સાવરકર કોંગ્રેસીઓના દંભને કયારનાયે પારખી ચૂકયા હતા. એમણે કોંગ્રેસમાં જોડાવાના નિમંત્રણને ઠુકરાવી દીધું, ''જે પક્ષ મુસ્લિમોની તરફદારી કરવા ખાતર હિંદુઓના હિતને ગિરવે મૂકી રહ્યો છે, તે પક્ષ મારા માટે અસ્વીકાર્ય છે. આવા દગાખોરો સામે ઝૂકી જનારા કયારેય મહારાણા પ્રતાપ નથી બની શકતા; આવી શર્મનાક હાર તો માત્ર 'માનસિંહો'ના લલાટે લખાતી હોય છે !''

એ પછી સાવરકરે રત્નાગીરીને 'રામ-રામ' કરી દીધા અને દેશના પ્રવાસે નીકળી પડ્યા. સૌથી પહેલાં તેમણે કોલ્હાપુર જઈને શિવાજી મહારાજની ગાદીનાં દર્શન કર્યાં, પછી તરત જ એમણે રાજનીતિના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી.

કોંગ્રેસીઓ સાવરકરે કરેલા અપમાનથી ધુંધવાયેલા તો હતા જ, એટલે એમણે ઠેક-ઠેકાણે સાવરકરજીનો ખાનગી કે જાહેરમાં વિરોધ કરવાનું શરૂ કર્યું. તેઓ જ્યાં-જ્યાં જાય, ત્યાં કાળા વાવટા ફરકાવ્યા. પણ જનતા સાવરકરજીની સાથે હતી.

સાવરકરે શોલાપુરમાં પ્રવેશ કર્યો. ત્યાંનો કોંગ્રેસી નેતા રામકૃષ્ણ જાજુ બહુ ભારાડી માણસ હતો. એણે જાહેરમાં ધમકી ઉચ્ચારી, ''જો સાવરકર શોલાપુરમાં પગ મૂકવાની હિંમત કરશે તો જિંદગીભરને માટે પસ્તાશે. એમણે અવળે ગધેડે બેસાડીને આખા શહેરમાં ફેરવવામાં આવશે.''

આના જવાબમાં આચાર્ય અત્રેએ જોરદાર ફટકો માર્યો, ''વીર સાવરકરની શોભાયાત્રા જાજુની પીઠ ઉપર બેસાડીને કાઢવામાં આવશે, કેમ કે જાજુથી વધુ મોટો, મૂર્ખ ગધેડો આખા શોલાપુરમાં બીજો કોઈ નથી !'' આ વાકય આખા મહારાષ્ટ્રને હસાવી ગયું.

સાવરકરે એમના ભાષણમાં કેટલીક ઐતિહાસિક આગાહીઓ કરી, ''એ દિવસ હું જોઈ શકું છું જયારે આ કોંગ્રેસીઓ આઝાદી મળ્યા પછી મુસ્લિમોને ખુશ કરવા માટે 'વંદે માતરમ્' ગીતને રાષ્ટ્રગીતનો દરજ્જો નહીં આપે ! મને એ દશ્ય પણ ભીંત ઉપરના લખાણની જેવી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે આ કોંગ્રેસીઓના પાપે કાશ્મીરના હિંદુઓને ઘણું બધું સહન કરવું પડશે !''

(યાદ રહે : આ બંને આગાહીઓ સાવરકરે છેક ૧૯૩૭માં કરી હતી !)

સાવરકરજીને સાંભળવા માટે શહેરે - શહેરમાં જબરજસ્ત ભીડ ઊમડતી હતી. એમની વાણી સાંભળીને પ્રજા પાગલ થતી હતી : ''આ દેશનું નામ હિંદુસ્તાન છે, એમાં વસતી બહુમતી પ્રજા હિંદુઓની છે, આ દેશમાં ભવિષ્યમાં આવનારું સ્વરાજ હિંદુઓ માટેનું હશે, કારણ કે ભૂતકાળમાં અપાયેલાં બલિદાનો હિંદુઓનાં છે. બંગાળમાં વહેલું રક્ત હિંદુઓનું છે, પંજાબમાં વધેરાયેલા માથાં હિંદુઓના છે, ખેતરોમાં રેડાતો પરસેવો હિંદુઓનો છે અને હવામાં ઊડતી શહીદોની રાખ પણ હિંદુઓની છે. અરે, હું તો જાતે જોઈને આવ્યો છું, મારા દેશવાસીઓ ! આંદામાનની ધરતીમાં દટાયેલા નરકંકાલો પણ હિંદુઓનાં છે. એકાદ-બે અપવાદોને બાદ કરતાં આ દેશને સમૃદ્ધ કરવામાં કે એને સ્વતંત્ર કરાવવાના કાર્યમાં મુસલમાનોનો કશો જ ગણનાપાત્ર ફાળો નથી. માટે મારા સપનાંનું આઝાદ હિંદુસ્તાન એટલે હિંદુઓની ઉન્નતિ વધારતું હિંદુસ્તાન હશે !''

ગમે તેવા નિર્માલ્ય હિંદુની છાતી પણ ગર્વથી ફાટ-ફાટ થવા માંડે તો એમાં એનો પોતાનો શો વાંક ? વાંક બધો વીરપુરુષની સિંહગર્જનાનો !

* * *

૧૯૩૭ના ઑકટોબર મહિનાનું આખરી સપ્તાહ હતું. વીર સાવરકર પૂનામાં હતા. અહીં એક સમારંભમાં એમણે ક્રાંતિકારી ભારતનો ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. આ એ જ ધ્વજ હતો જે મેડમ કામાએ લગભગ ત્રીસ વરસ પહેલાં જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં પહેલીવાર લહેરાવ્યો હતો. આ એ જ ધ્વજ હતો જેની પરિકલ્પના સ્વયં સાવરકરે કરેલી હતી. આ ધ્વજ સાચવીને ભારત સુધી લઈ આવવાનું વિકટ કાર્ય ગજાનનરાવ કેતકરે પાર પાડ્યું હતું. ૧૮૫૭ પછી આ દેશમાં ફરકાવવામાં આવેલો એ પ્રથમ રાષ્ટ્ર ધ્વજ હતો.

અહીં સાવરકરની મુલાકાતે ડૉ. હેડગેવાર આવી પહોંચ્યા. તેઓ આર.એસ.એસ.ની સ્થાપના તો ૧૯૨૫માં કરી ચૂકયા હતા. હવે તો એનો સારો એવો વિકાસ થઈ રહ્યો હતો.

ડૉકટર સાહેબે વિનંતી કરી, 'સાવરકરજી, હું આપને લઈ જવા માટે આવ્યો છું. વર્ધા ખાતેની અમારી આર.એસ.એસ.ની શાખાની આપ મુલાકાત લો એવી મારી ઈચ્છા છે.''

સાવરકરજી તરત જ રાજી થઈ ગયા. વર્ધા જઈ પણ આવ્યા.

૧૯૩૭ની તેરમી ડિસેમ્બરે સાવરકરે નાગપુરમાં ઐતિહાસિક ભાષણ આપ્યું, ''હું મારા દેશવાસીઓને ચેતવી રહ્યો છું કે આપણી માતૃભૂમિના ટુકડાઓ કરવાની સાજિશ ચાલી રહી છે. પાકિસ્તાન નામનો નાપાક મુલ્ક ખડો થતાં અટકાવવો હોય તો ગાંધી અને કોંગ્રેસની મુસ્લિમ તરફી રાજનીતિનો ખુલ્લો વિરોધ કરો !''

એક દીર્ઘદષ્ટા રાજનેતા નોસ્ટ્રાડેમસની જેમ સચોટ ભવિષ્યવાણીઓ કર્યે જતો હતો, પણ એના દુર્ભાગ્યે આ રાષ્ટ્રની જનતા ઉપર ગાંધીનો અહિંસા અને હિંદુ-મુસ્લિમ ઐકયનો નશો છવાયેલો હતો.

ગાંધીજી નસીબદાર હતા કે પોતાની વિચારધારા રમતી મૂકવા માટે એમને 'કૉંગ્રેસ' નામનું પ્લેટફોર્મ તૈયાર રોટલાની જેમ મળી ગયું હતું. કૉંગ્રેસનું સર્જન ગાંધીજીએ નહોતું કર્યું. એક અંગ્રેજની દિમાગી પરિકલ્પના અને ગોખલે, ટિળક અને સુરેન્દ્રનાથ બેનર્જી જેવા વિશાળ વડલાઓની છત્રછાયા હેઠળ વિકસિત બનેલી આ સંસ્થા ગાંધીજીના હાથમાં પકવ ફળની પેઠે આવી પડેલી હતી.

જ્યારે સાવરકરને પંચાવન વરસની જતી જિંદગીએ પોતાની વાત રજૂ કરવા માટે એક રાજકીય મંચ ઊભો કરવાનો હતો !

અને હિંદુસ્તાનના ઈતિહાસે એના આ સૌથી સબળ સપૂત માટે એક આછો-પાતળો પક્ષ પૂરો પાડી દીધો.

૧૯૩૭ની સાલ. ડિસેમ્બર મહિનો. ત્રીસમી તારીખે અમદાવાદ મુકામે 'હિંદુ મહાસભા'નું ઓગણીસમું વાર્ષિક અધિવેશન ભરવામાં આવ્યું. એમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે વીર સાવરકરને ચૂંટી કાઢવામાં આવ્યા.

એક બાજુ, કૉંગ્રેસ નામનો જૂનો, જામેલો, મહાન પક્ષ હતો, જેણે ગાંધીને 'ગાંધીજી' બનાવ્યા; બીજી બાજુ, એક મહાન નેતા હતા, જેમણે સાવ નાના પક્ષને પોતાના જલદ નેતૃત્વથી 'હિંદુ મહાસભા' નામનો મોટો પક્ષ બનાવવાનો હતો. અને સિંહપુરુષ આ પડકાર ઝીલી લેવા માટે તૈયાર હતા.

○ ○ ○

૨૬. હિંદુ મહાસભા : સિંહાસન ઉપર સિંહપુરુષ

''કોઈ ઈન્સાન અપની કબ્રમેંસે જિંદા વાપસ લૌટ સકતા હૈ ? મૈં લૌટા હૂં ! મૈં મૃત્યુસે ડરતા નહી હૂં; કાલ સ્વયં મુઝસે ડરા હૈ. ફાંસીકા ફંદા ચૂમકર, કરાલ કાલ કે સ્તંભોં કો ઝકઝોરકર મૈં અનેક બાર લૌટ આયા હૂં! ફિર ભી મૈં આજ જીવિત હૂં !''

અમદાવાદમાં ચાલીસ હજાર લોકોની જંગી મેદની સમક્ષ હિન્દુ મહાસભાના નવા વરાયેલા પ્રમુખ સાવરકરજીએ સતત બે કલાક સુધી સાંભળનારના રોમ - રોમ બેઠા થઈ જાય એવું ધગધગતું ભાષણ કર્યું.

એમણે સ્પષ્ટપણે જણાવ્યું, ''અત્યારે દેશમાં ગાંધીજીના વિચારોનું પ્રચંડ વાવાઝોડું ફેલાઈ ગયું છે, પણ મને એમની અહિંસાની વાતમાં જરા પણ વિશ્વાસ નથી. મને તો એમની હિન્દુ - મુસલમાન ઐક્યની વાત પણ દેશવિરોધી લાગે છે. 'એકતા નહી તો સ્વરાજ નહી' આવો નારો રટનારા કૉંગ્રેસીઓ હિન્દુસ્તાનની છાતીમાં ઈસ્લામી ખંજર ભોંકી રહ્યા છે. સ્વરાજ માટે હિન્દુ - મુસલમાન એકતા એ પૂર્વશરત શી રીતે હોઈ શકે ? સ્વરાજ બિનશરતી હોવું જોઈએ. સ્વરાજ ગમે તે માર્ગે આવી શકે છે; એના માટે સત્ય કે અહિંસા જેવા ઉપાયોનો જ આગ્રહ શા માટે ?

''અને મહાત્માની અહિંસા આ દેશની લડાયકવૃત્તિને કાયમ માટે ખતમ કરી નાખશે ! આજે જેલમાં બેસીને તકલી કાંતનાર મહાન દેશભક્ત ગણાય છે, જ્યારે લશ્કરમાં જોડાઈને પ્રાણોની બાજી ખેલનાર સૈનિકને તિરસ્કારભરી નજરથી જોવામાં આવે છે.

''હું આજે જનતાની આંખો પર બંધાયેલી પટ્ટી ખોલી રહ્યો છું; આ ખંધા કૉંગ્રેસીઓ જેલમાં જાય છે તે રાષ્ટ્રને આઝાદી મળે તે માટે નહી, પણ એમને પોતાને પ્રતિષ્ઠા અને સત્તા મળે એટલા ખાતર જાય છે !''

આગઝરતાં ભાષણો સાથે વીર સાવરકર દેશભરમાં ફરી વળ્યા. જ્યાં - જ્યાં ગયા, ત્યાં આંદામાનના આ ઈશ્વર દરિયાના પાણીની જેમ છવાઈ ગયા. એમના વિશે દેશવાસીઓએ આજ સુધી માત્ર સાંભળેલું હતું, હવે તેમના દર્શન માટે લોકો ઊમટી પડ્યા.

અમદાવાદથી વડોદરા, પનવેલ, ચાલીસ ગાંવ, હોશંગાબાદ થઈને તેઓ છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ દિલ્હી પહોંચ્યા. હિન્દુત્વની આંધીને આવકારવા અડધા લાખની જનમેદની એમની પ્રતીક્ષા કરી રહી હતી.

બીજી એપ્રિલ, ૧૯૩૮ના રોજ સાવરકર બિઠુર ગયા. નાના સાહેબ અને તાત્યા ટોપેને શ્રદ્ધાંજલિઓ અર્પી. એ પછી ફૈઝાબાદ, લખનૌ અને અલ્હાબાદમાં આ ચક્રવર્તી મહારાજાનો હિન્દુત્વનો અશ્વમેઘ યજ્ઞ ફરી વળ્યો.

સાતમી એપ્રિલે આગ્રાના ઐતિહાસિક કિલ્લામાં એમણે મુખમાંથી અક્ષરોને બદલે અંગારા ખેરવ્યા, ''શું આ એ જ જગ્યા છે, જ્યાંથી ઔરંગઝેબે છેતરીને શિવાજી પલાયન કરી ગયા હતા ? મને અત્યારે હવામાં પડઘાતા શિવાજીના અશ્વના ડાબલા સંભળાય છે અને ઔરંગઝેબની ધ્રૂજતી દાઢીને હું જોઈ શકું છું.''

ગ્વાલિયર અને શિવપુરીની મુલાકાત લઈને સાવરકરે રાણી લક્ષ્મીબાઈને યાદ કર્યાં.

પછી એમણે પાંચ નદીઓના પ્રદેશ પંજાબની દિશા પકડી. માર્ગમાં અંબાલા, લુધિયાણા, જલંધર જેવાં સ્ટેશનોએ એમનું જોશીલું સ્વાગત કરવામાં આવ્યું.

આઠમી મે, ૧૯૩૮નો દિવસ. લાહોરમાં પચાસ હજાર હિન્દુઓ અને શીખોએ ભેગા મળીને સાવરકરની શોભાયાત્રા કાઢી. પહેલી સપ્ટેમ્બરે બપોરે ત્રણ વાગે સાવરકર કરાંચીમાં પ્રવેશ્યા. એમની શોભાયાત્રા પૂરા પાંચ કલાક સુધી ચાલતી રહી.

દસમી સ્પટેમ્બરે મુંબઈમાં હજારો હિન્દુઓ ઊમટી પડ્યા. સાવરકરના ગળામાં પહેલી પુષ્પમાળા કોણ નાખે એના માટે હુંશા તુંશી જામી. એ ધક્કામુક્કીમાં એક પત્રકાર રેલવે એન્જિનની નીચે કપાઈને મૃત્યુ પામ્યો. ૧૯૩૯ની ચૌદમી ફેબ્રુઆરીએ એમણે બંગાળ સર કર્યુ. હાબડા સ્ટેશનના પ્લેટફૉર્મ પરથી બહાર નીકળતાં જ એમનો એક કલાક નીકળી ગયો. સાંજે એક જંગી જાહેરસભામાં એમણે એવું તો જલદ ભાષણ આપ્યું કે ભાષણના કુલ સમયનો પચાસ ટકા ભાગ તો તાળીઓના અવાજોમાં જ વહી ગયો.

કોલકત્તામાં હિન્દુઓએ સાવરકરને ફૂલોથી લાદી દીધા. તમામ બંગાળી છાપાંઓમાં એમની જે તસવીરો છપાણી, એમાં ચહેરો તો દેખાતો જ ન હતો; ફૂલો જ ફૂલો દેખાતાં હતાં.

'અમૃતબાઝાર પત્રિકા' એ છાપ્યું, ''સાવરકરની કોલકત્તાયાત્રા મહાન વિશ્વવિજેતા સિકંદરની વિજયયાત્રા જેવી રહી. સિકંદર માટે જ કહેવાયું છે એ જ યાદગાર વાક્ય અમે વીર સાવરકરને માટે કહીએ છીએ :

He came, "he saw, he conquered."

સાવરકરના ચાહકોની સંખ્યા વધતી જતી હતી. કોલકત્તામાં એંસી હજાર માણસો એમની સભામાં હાજર હતા. વિલિંગ્ટન પાર્કમાં ધ્વજારોહણ સમારોહમાં એક લાખ લોકોએ હાજરી આપી અને સાવરકરે એક લાખ બંગાળીઓના બે લાખ કાનોને ધન્ય કરી દીધા, ''હિન્દુસ્તાન હિન્દુઓનું છે. વંદે માતરમ્ ।''

એ પછી વાવાઝોડું દક્ષિણ દિશામાં વળી ગયું. કર્ણાટક રાજ્યના સેલમ શહેરમાં સાવરકરજી ભાષણ કરવા માટે ઊભા થયા ત્યારે એક અપ્રત્યાશિત ઘટના બની ગઈ. સાવરકરે અંગ્રેજી ભાષામાં બોલવાનું શરૂ કર્યું. જેવી ભાષણની શરૂઆત થઈ, તેવી જ સભામાંથી બૂમાબૂમ પણ શરૂ થઈ ગઈ.

જનતા સ્થાનિક બોલીમાં ચિલ્લાઈ રહી હતી, ''અંગ્રેજી નહી ! કન્નડમાં બોલો ! નહીતર બેસી જાવ !''

પણ બેસી જાય તે બીજા, સાવરકર નહીં. એમણે જંગી જનમેદનીને રોકડું પરખાવી દીધું, '' હું જન્મથી મરાઠી બોલી જાણું છું, અભ્યાસથી હિન્દી અને અંગ્રેજીમાં વાતચીત કરી શકું છું. આ ઉપરાંત ગુજરાતી, ગુરુમુખી, બંગાલી અને ઉર્દૂ પણ મને આવડે છે. મને આંદામાનની જેલમાં પ્રાંત - પ્રાંતના કેદીઓ પાસેથી અલગ - અલગ ભાષાઓ શીખવાની તક મળી છે, પરંતુ હું કન્નડ નથી જાણતો; કારણ કે આંદામાનમાં એક પણ કેદી તમારા કર્ણાટકનો ન હતો. તમારે તમારી માતૃભાષાનું ગૌરવ કરવુ છે ને ? તો પહેલાં દેશની આઝાદી માટે મરી ફીટનાર ક્રાન્તિવીરો ઉત્પન્ન કરો !''

શ્રોતાઓ ખામોશ થઈ ગયા. સાવરકરે અંગ્રેજી ભાષામાં જ વકતવ્ય પૂરું કર્યું.

સતત અઢી વરસ સુધી સાવરકર નામનો યોદ્ધો હાથમાં ભગવો ધ્વજ પકડીને આ દેશની માટી ખૂંદતો રહ્યો અને પ્રજાએ એની વિચારધારાને બે હાથો વડે વધાવી લીધી.

લાખો હિન્દુઓ મહાત્મા ગાંધીના વશીકરણમાંથી છટકીને સાવરકરના સત્યનું શરણ મેળવી લેવા દોડી આવ્યા. એમાં મોટાં - મોટાં નામો પણ સામેલ હતાં.

આવું જ એક મોટું ...ના, સૌથી મોટું નામ ૧૯૪૦ના જૂન માસમાં આગળ આવ્યું.

સુભાષચંદ્ર બોઝનો સંદેશ આવ્યો, ''ક્રાન્તિના મહારાજાને મળવા માટે આઝાદી જંગનો આ અદનો સિપાહી સમય માગે છે; મળી શકશે ?''

સાવરકજીએ હસીને કહેવડાવ્યું, ''કેમ નહી ? ૨૧મી જૂને આ દેશનો એક વીર આ રાષ્ટ્રના નેતાજીની પ્રતીક્ષા કરી રહ્યો હશે !''

''હિન્દુના મેઝિનીને હું વંદન કરું છું.'' સુભાષચંદ્રે બે હાથ જોડીને જગતભરના ક્રાન્તિકારીઓની આંખોની કીકી સમા વીર સાવરકરને નમસ્કાર કર્યા.

"અને હું...." સિંહપુરુષે સુભાષચંદ્ર માટે સમોચિત ઉપમા શોધી કાઢી, "હું હિન્દના ગેરીબાલ્ડીનું સ્વાગત કરું છું."

૧૯૪૦ની એકવીસમી જૂને સાવરકરના મુંબઈ ખાતેના નિવાસસ્થાને સુભાષચંદ્ર બોઝનું આગમન થયું. ચા - પાણી જેવી ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદ બંને અંદરના ખંડમાં ચાલ્યા ગયા. સાવરકજીએ દ્વાર બંધ કરી દીધાં. બંને દિગ્ગજ દેશભકતો હવે એકાંતમાં હતા.

"સાવરકરજી, તમારી સલાહ લેવા આવ્યો છું." સુભાષે શરૂઆત કરી.

"તમે નેતાજી છો, સુભાષ ! તમારું કામ પ્રજાને દોરવાનું છે, નહીં કે મારા જેવા, છેક હમણાં સુધી રાષ્ટ્રીય રાજકારણથી અલિપ્ત રહેલા, એક રાજકેદી પાસેથી સલાહ માગવાનું અને આજકાલ દેશમાં સલાહ માગવા માટે બધાંની પાસે એક જ સરનામું છે : ગાંધીનું !" છેલ્લું નામ ઉચ્ચારતાં સાવરકજીના બોલવામાં કડવાશ આવી ગઈ.

સુભાષ હસ્યા, "આટલી જિંદગી મેં પણ એમની સલાહ લેવામાં જ પસાર કરી દીધી ને ! અંતે સમજાયું કે એમની સલાહ, શુભેચ્છા અને આશીર્વાદ આ બધું માત્ર જવાહર માટે જ છે !"

"સલાહ લેવી પડે એવી સમસ્યા શી છે ?"

"આમ જુઓ તો કશી નહીં ! માત્ર એક જ વરસ દ્રવ્યોપાર્જનનું કામ કરું. તો મારી સાત પેઢી સુધી નિરાંત જ નિરાંત છે, પણ આ દેશભકિતનો રોગ એવો વકરી ગયો છે ને કે એ કયારેય મારા - તમારા જેવાને સ્વાર્થી બનવા નથી દેતો. મારી સમસ્યા આ જ છે; મારે દેશ માટે કામ કરવું છે, પણ યોગ્ય મંચ મળતો નથી. કૉંગ્રેસે તો મને માથા પર બેસાડ્યો, પણ જવાહરને એ ગમ્યું નહીં. દેશનાં તેત્રીસ કરોડ સંતાનો સુભાષને પાગલની જેમ ચાહે છે, પણ .... બેટાઓ ચાહે એનાથી શું થઈ ગયું, 'બાપુ' ને હું ન ગમ્યો એનું શું કરવું ?"

સાવરકર સમજી ગયા. સુભાષના દિલમાં ગાંધીજી પ્રત્યે હજુ પણ આદર તો છલોછલ હતો, પરંતુ કટુતા કમ થઈ નહોતી.

સાવરકર હવે ગંભીર બન્યા, "સુભાષ, મારી પણ એ જ સમસ્યા છે, જે તમારી છે. આ દેશ કમનસીબ છે; એની સૌથી મોટી સંસ્થા પાસે વામણા નેતાઓ છે અને તમારા કે મારા જેવા સાચા સપૂતો પાસે નાની - નાની સંસ્થાઓ છે. મારી જિંદગી તો ખરાબે ચડી ગઈ, પણ તમારી પાસે હજુ તક છે; સંભાળી લો તમારી નાવડીને !"

"કેવી રીતે સંભાળું ? શું કરું ?"

''ચાલ્યા જાવ આ દેશમાંથી બહાર ! આ તકલીઓ તમને તક નહીં આપે અને આ અહિંસાના તૂતમાં તમે ક્યાં સપડાયા ! તમે તો બંગાળના છો. ગરમ પાણીનાં માછલાં છો. ચાલ્યા જાવ પરદેશમાં અને તમારા પરાક્રમથી આખી પૃથ્વી ઉપર છવાઈ જાઓ !''

''ક્યાં જાઉ ? કેવી રીતે જાઉ ?''

''જાપાન અથવા જર્મની; ગમે તે એક પસંદ કરો ! અને કેવી રીતે જવું એ પણ મારે કહી બતાવવું પડશે ? માર્સેલ્સના દરિયાકાંઠે મેં જે કર્યું હતું એ ભૂલી ગયા કે શું ?''

''પણ એ તો છળ - કપટ કહેવાય; બાપુ તો કહે છે કે જે કરો તે શત્રુને કહીને પછી જ કરો.....''

''હું આજના મોહનને નથી માનતો, મહાભારતના મોહનને માનું છું. એણે જન્મતાંની સાથે જેલ છોડી એટલે જ એ કંસનો જુલમ તોડી શક્યો. એ રણછોડે 'રણ' છોડીને રણસંગ્રામ જીતવાની કળા જગતને શીખવાડી છે. એ કળા શિવાજીએ અપનાવી. એ કળા મેં પણ અપનાવી. હવે તમે પણ એ જ કળા અપનાવો, સુભાષ ! વેશપલટો કરીને નાસી છૂટો ! શત્રુઓ સામે સત્ય ન હોય અને આતંકીઓ સામે અહિંસા ન હોય !''

''પણ જાપાન પહોંચીને હું શું કરી શકીશ ? ત્યાં મને કોણ ઓળખે ?''

''એની વ્યવસ્થા હું કરું છું.'' આટલું બોલીને સાવરકર ઊભા થયા. ટેબલના ખાનામાંથી એક કાગળ બહાર કાઢ્યો. કલમ લીધી અને એક પત્ર લખી નાખ્યો. પછી એ કાગળ ગડી વાળીને સુભાષચંદ્રના હાથમાં મૂક્યો, ''જાપાનમાં 'હિન્દુ મહાસભા'ના અધ્યક્ષ મારા ગાઢ મિત્ર અને સાથીદાર છે. એમને મળીને આ પત્ર આપજો. અમારા પ્રિય સુભાષ માટે જાપાનનાં તમામ દ્વારો ખૂલી જશે. જાપાન અને જર્મનીનો સાથ લઈને તમે અંગ્રેજોને હરાવો. મારા આશીર્વાદ છે; જીતીને વહેલા - વહેલા પાછા આવો !''

સુભાષચંદ્ર સાવરકરના આશીર્વાદ માથે ચડાવીને જવા માટે ઊભા થયા. પેલો પત્ર ખિસ્સામાં સંતાડતાં પહેલાં એમણે એની ઉપર લખાયેલું નામ - સરનામું ઊડતી નજરે વાંચી લીધું.

પત્ર ઉપર નામ લખાયેલું હતું : રાસબિહારી ઘોષ.

* * *

સુભાષચંદ્ર બોઝ સાથેની ઐતિહાસિક ગુપ્ત મુલાકાતના બીજા જ દિવસે વીર સાવરકરને આશ્ચર્યજનક આમંત્રણ મળ્યું, ''વાઈસરાય ઑફ ઇન્ડિયા લૉર્ડ લિન્લીથગો આપને મળવા માગે છે. આપ ૨૫મી જૂને સિમલા આવી શકશો ?''

તૈયારી માટે સમય ઓછો ગણાય, પણ એ તો એવા નેતાઓ માટે જેઓને રાજકારણના આટાપાટા રમવા હોય, વાઈસરૉયને આંજી દઈને પોતાની કારકિર્દી ઊંચે લઈ જવી હોય, શબ્દોની ભુલભુલામણીમાં દેશનું હિત ખોરંભે ચડાવી દેવું હોય. સાવરકરને તૈયારી માટે સમયની ગરજ ક્યાં હતી ? જેમણે કિશોરાવસ્થામાં જ મા ભવાનીની મૂર્તિ સમક્ષ માતૃભૂમિના હિત કાજે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવાનું પ્રણ લીધું હોય એને વિચારો કે વાકયો કે તર્કનું પોટલું બાંધવાની શી જરૂર હોય ? સાવરકરે વાઈસરૉયનું આમંત્રણ સ્વીકારી લીધું.

હિન્દનો હાકેમ અને હિન્દુ મહાસભાના પ્રમુખ ૧૯૪૦ ની પચીસમી જૂને સિમલા ખાતે ભેગા થયા. આ અગાઉ ૧૯૩૯માં પણ એ બંનેએ મંત્રણાઓ કરી હતી.

સાવરકરે સ્પષ્ટપણે કહી દીધું કે ગાંધીજીને હિન્દુઓના પ્રતિનિધિ તરીકે સ્વીકારવાની ભૂલ ન કરવી. હિન્દુઓના હિતરક્ષકની જવાબદારી 'હિન્દુ મહાસભા'ની છે, નહીં કે કૉંગ્રેસની.

વાઈસરૉયે પ્રારંભમાં જ હસ્તધૂનન કરતી વખતે પૂછી લીધું, ''મિ. સાવરકર, શું હું તમને એવું પૂછી શકું કે તમારી અંદરનો બળવાખોર ક્રાન્તિકારી હજુ સુધી જીવે છે કે પછી..... ?''

''ક્રાન્તિકારી બનતો નથી, પણ જન્મે છે ! અને સાચો ક્રાન્તિકારી મરે ત્યાં સુધી ઠરે નહીં ! અત્યારે તમને મારી અંદર ભડકે બળતી અગ્નિજવાળાઓ જો ન દેખાતી હોય, તો એ મારી વ્યૂહરચનાનો એક ભાગ છે એમ સમજશો. સાંપ્રત રાજકારણ ઈચ્છે છે કે મારે મંત્રણાઓ અને ભાષણો દ્વારા દેશહિતનું કામ કરવું, પણ જો સમય એનો ચહેરો બદલશે, તો યાદ રાખજો; આ સાવરકર પણ ૧૯૦૮નો સાવરકર બનતાં વાર નહીં લગાડે ! હિંસક ક્રાન્તિ મારો સ્વભાવ છે, મિ. લિન્લીથગો ! હું દઢપણે માનું છું કે ગાંધીની સંપૂર્ણ અહિંસા એ સંપૂર્ણ મૂર્ખતાથી વિશેષ બીજું કશું નથી !''

''મિ. સાવરકર, તમે હથિયારની ભાષા બોલી રહ્યા છો ?'' વાઈસરૉયે ભવાં સંકોર્યાં. મંત્રણામાં સર જોગેન્દરસિંહ, રાજા સર દલજિતસિંહ, સરદાર રઘુવીરસિંહ અને પટણા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સર વર્મા પણ હાજર હતા.

''હા, મને જે એક માત્ર ભાષા આવડે એ હું બોલી રહ્યો છું અને એ જ ભાષા મારા કરોડો હિન્દુભાઈઓને શીખવી રહ્યો છું.''

''તમે પ્રજાને અંગ્રેજ સરકાર સામે બળવો કરવા માટે ઉશ્કેરી રહ્યો છો. મિ. સાવરકર ?''

''ના; જો એવું હોત તો અત્યારે હું તમારી સામે હોત, સાથે નહી. હું દીવાલ ઉપરનું લખાણ વાંચી શકું છું. મને ખબર છે કે હિન્દની આઝાદી હવે હાથવેંતમાં છે. બીજા વિશ્વયુદ્ધમાં ઈંગ્લૅન્ડ એવું તો ખોખરું થઈ ચૂકયું છે કે આવડા મોટા દેશનો ભાર એનાથી વહી શકાય તેમ નથી. ભારતની આઝાદીનો જશ ગાંધીની તકલી મેળવી જતી હોય તો એની સામે સાવરકરની તલવારને વાંધો નથી, પણ એક વાત સ્પષ્ટ છે; આઝાદી તકલીથી કદાચ મેળવી શકાશે, પણ જાળવી નહી શકાય. હું અખંડ હિન્દુસ્તાનના નકશાને ખંડિત થતો જોઈ રહ્યો છું. જે મુસલમાનોને ગાંધીએ આજીવન માથા પર બેસાડ્યા છે એ જ એમની પીઠમાં ખંજર ભોંકશે અને એમની અહિંસાના નશામાં ચકચૂર બનીને ઊંઘી રહેલી આ પ્રજા આ દેશના ભાગલા અટકાવી પણ નહી શકે. અહિંસાના ઓઠા નીચે મળેલી આઝાદીને હું લાખો હિન્દુઓના રકતમાં સ્નાન કરતી જોઈ શકું છું.''

''તમે સ્પષ્ટ કરો કે તમે ખરેખર શું કરવા ઈચ્છો છો ?''

''મારું નિદાન મેં કહી દીધું, હવે એનું નિવારણ બતાવું છું. હું હિન્દુઓનું સશસ્ત્રીકરણ ઈચ્છું છું. મને ખબર છે કે તમારો કાયદો એવી છૂટ અમને કયારેય નહીં આપે, પણ અત્યારે લશ્કરમાં ૭૪% જેટલા સૈનિકો મુસલમાનો છે. આ વિધર્મીઓ ગમે ત્યારે હિન્દુઓ માટે ઘાતક સિદ્ધ થઈ શકે તેમ છે. મારો આપશ્રીને અનુરોધ છે કે હિન્દની સરહદો માત્ર શીખ, ગોરખા અને મરાઠા-સૈનિકોના હાથોમાં સોંપી દેવામાં આવે. મને આ ત્રણ જ બહાદુર જાતિઓ ઉપર ભરોસો છે; તેઓ વીર પણ છે અને વફાદાર પણ.''

વાઈસર્રોયે ઝીણી આંખ કરીને પૂછયું, ''પણ આટલા સૈનિકો ઓછા નહી પડે ?''

''જાણું છું. એના ઉપાય પણ છે મારી પાસે. હું દેશમાં ઠેર - ઠેર ફરીને હિન્દુઓને વિનંતી કરીશ કે બને એટલા વધુ ભાઈઓ સૈન્યમાં જોડાય. ભલે નોકરીના બહાને તો નોકરીના બહાને, પરંતુ આપણી પાસે આયુધો હોવાં જોઈએ અને એ ચલાવવાની આવડત પણ.''

''સરકાર પાસે ઊડતી અફવાઓ આવી છે કે તમે દેશના યુવાનાને શસ્ત્રો વાપરવાની તાલીમ આપો છો !''

''એ અફવા નથી, સાહેબ, હકીકત છે. હું જાણું છું કે અમારાથી રાઈફલ કે રિર્વાલ્વર ચલાવવાની તાલીમ ન આપી શકાય. એટલે હું એમને 'ઍરગન' ચલાવવાનું શીખવી રહ્યો છું.''

''તમે કાયદો પણ જાણો છો.... અને કાયદામાં રહેલી છટકબારી પણ !'' વાઈસર્રોયે વ્યંગ કર્યો.

''બૅરિસ્ટર સુધીનું ભણેલો છું ને ? એ પણ તમારા જ દેશમાં !'' સાવરકરે વ્યંગનો જવાબ સવાયા વ્યંગથી આપ્યો.

મુલાકાત નિખાલસ વાતાવરણમાં પૂરી થઈ. બધા જવા માટે ઊભા થયા.

પાછળથી વાઈસરૉયે એમના વહીવટી સલાહકાર સમક્ષ એકરાર કર્યો, ''હું આટલા બધા નેતાઓને મળ્યો છું, પણ વિશ્વયુદ્ધના સંદર્ભમાં હિન્દનું અને હિન્દુઓનું આટલું વ્યાપક હિત વિચારી શકતા એક માત્ર નેતા સાવરકર છે.''

સલાહકારે પૂછ્યું, ''પણ સાવરકર હિન્દુઓના લશ્કરીકરણની જે વાત કરતા હતા એ શાનું તૂત છે ?''

''એ તૂત નથી, મિત્ર ! દૂરંદેશી છે. આ માણસ ભયંકર છે. એ જે કહી રહ્યો છે એની પાછળનો સાચો ભેદ માત્ર અંગ્રેજો અને મુસલમાનો જ સમજી શકે છે. અફસોસ, આ સાવરકરની વાતને હિન્દુઓ સમજી શકતા નથી !''

વાઈસરૉય સાથેની મંત્રણા પતાવીને સાવરકર જ્યારે રેલવે સ્ટેશને પહોંચ્યા, ત્યારે એમના માટે ફોન - કૉલ આવ્યો.

સામા છેડે જામનગરના રાજા જામસાહેબ ખુદ હતા, ''સાવરકરજી, હું હિન્દનાં રજવાડાંઓનો પ્રમુખ બોલી રહ્યો છું. મારે તમારી સાથે અગત્યની ચર્ચા કરવી છે. મારી વિનંતી છે કે તમે મને મળવા માટે આવો.''

''તમને મળવા આવવામાં મને શો વાંધો હોય, જામસાહેબ ! પણ અત્યારે હું આવી શકું તેમ નથી. સમયનો અભાવ છે. મારે પૂર્વ આયોજિત કાર્યક્રમના કારણે આ જ ગાડીમાં નીકળી જવું પડે તેમ છે.'' સાવરકરે જામસાહેબનો આભાર માનીને વિદાય લીધી.

એ જ ટ્રેઈનમાં પંજાબ પ્રાંતના મુખ્ય પ્રધાન સિકંદર હયાત ખાન પણ મુસાફરી કરી રહ્યા હતા. ખાન એક જમાનામાં સાવરકરના ગાઢ મિત્ર અને સહયોગી હતા. એમને જેવી માહિતી મળી કે સાવરકર એ જ ટ્રેઈનમાં બેઠેલા છે, તેવા જ તેઓ સામે ચાલીને સાવરકરના કમ્પાર્ટમેન્ટમાં જઈ પહોંચ્યા. ખૂબ ઉમળકાભેર સાવરકરને ભેટી પડ્યા. સાવરકર પણ સિકંદર હયાત ખાનની ખેલદિલી અને વફાદારી જોઈને પ્રસન્ન થયા.

ખાન ગયા એ પછી તરત જ એક બીજા સદ્‌ગૃહસ્થ સાવરકરના ડબ્બામાં આવી પહોંચ્યા.

''વીર સાવરકરજી, આપનો ચાહક છું.'' કહીને એમણે પ્રણામ કર્યા.

''ચાહકનું નામ પણ હશે ને ?'' સાવરકરે પ્રેમાળ સ્મિત કર્યું.

''સેવકને દુનિયા વાલચંદ હીરાચંદના નામથી ઓળખે છે.''

''કોણ ? વાલચંદ હીરાચંદ ? હિન્દના સૌથી મોટા અને જાણીતા ઉદ્યોગપતિ ? તમે પોતે ?''

"હા, પણ એ બધું તો પછી; સૌથી પહેલાં તો તમારી વીરતાનો પૂજક. તમારી દેશભક્તિનો ચાહક અને તમારા આંદામાનના જેલવાસનો અભ્યાસુ આરાધક. આજે તમારા દર્શનથી હું સાચા અર્થમાં ધનવાન થયો છું."

શેઠ વાલચંદ હીરાચંદનો હાથ પકડીને સાવરકરે પોતાની બાજુમાં બેસાડ્યા. કલાકો સુધી એમની સાથે વાર્તાલાપ માણ્યો.

* * *

સાવરકરજીની વય વધતી જતી હતી અને તંદુરસ્તી કથળતી જતી હતી. આંદામાનના અમાનુષી અત્યાચારોએ ભાંગી નાખેલા દેહને હવે દેશભરના પરિભ્રમણનો થાક લાગી રહ્યો છે. સાયટીકાની બીમારીએ એમનું ચાલવાનું પણ મુશ્કેલ કરી દીધું હતું. આવી હાલતમાં 'વ્હીલચૅર'માં બેસીને તેઓ 'હિન્દુ મહાસભા'ના અધિવેશનોમાં હાજરી આપતા રહ્યા અને લાખો કાર્યકરોને પ્રેરિત કરતા રહ્યા.

આ વરસો સાવરકરના દિમાગમાં ભભૂકતા હિન્દુત્વના જ્વાળામુખીના આવિર્ભાનાં વરસો હતાં. એમણે હિન્દુત્વની વ્યાખ્યા બાંધી આપી. એમનો 'હિન્દુ મૅનિફેસ્ટો' આ જ સમયગાળામાં બહાર પડ્યો. સાવરકરે એ પણ જાહેર કર્યું કે એમની કલ્પનાનું સ્વતંત્ર ભારત કેવું હશે.

ગાંધીજીની સંપૂર્ણ અહિંસાનો સાવરકરે તાર્કિક દલીલો દ્વારા છેદ ઉડાડી દીધો, "ગાંધીની બધી જ વાતો સારી કે સાચી છે તેમ માની લેવું એ મોટી મૂર્ખામી છે. તેઓ આ મહાન દેશની વીર પ્રજાને નપુંસક બનાવવાનું ઘોર પાપ કરી રહ્યા છે. હિંસા ખરાબ છે એવું કોણે કહ્યું ? શું ભગવાન શ્રીરામનું બાણ નિંદનીય હતું ? ભગવાન શ્રીકૃષ્ણનું સુદર્શનચક્ર એ શું પાપ હતું ? શિવાજીના વાઘનખથી વધારે પવિત્ર બીજું શું હોઈ શકે ? હિરણ્યકશ્યપનું પેટ ફાડી નાખનાર નરસિંહ શું અપવિત્ર હતા ? અરે, આપણા દેશની વાત છોડો અને દુનિયાનો ઇતિહાસ તપાસો. વિલિયમ ટેલનું તીર, બ્રુટસનું ખંજર અને ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ; આ બધી હિંસાઓ બિનજરૂરી હતી શું ?"

સાવરકરની ભભકભરી વાણીના મોહપાશમાં લાખો હિન્દુઓ પાગલ બનીને ખેંચાતા રહ્યા, બંધાતા રહ્યા. કૉંગ્રેસીઓ અને મુસ્લિમ લીગની આંખોમાં સાવરકર કણું નહીં, પણ કાંટો બનીને ખૂંચાવા માંડ્યા.

બીજું વિશ્વયુદ્ધ એની પરાકાષ્ઠા પર હતું. દેશમાં ગાંધીજીની રાહબરી નીચે 'જેલ ભરો' આંદોલન ચાલી રહ્યું હતું અને સાવરકર દેશભરમાં હિન્દુ યુવાનોને જાગ્રત કરી રહ્યા હતા, "લશ્કરમાં જોડાઈ જાવ ! હથિયાર ચલાવતાં શીખી લો ! મુસલમાનો કરતાં સશસ્ત્ર હિન્દુઓની સંખ્યા વધી જવી જોઈએ !"

સાવરકરજીમાં આવનારા સમયનો પગરવ સૂંઘી લેવાની અદ્‌ભુત ક્ષમતા હતી.

૧૯૪૦ પછીના દાયકામાં જે લોહિયાળ ઘટનાઓ બનવાની હતી એનો અણસાર એમને કયારનોયે આવી ચૂકયો હતો. આ સંદર્ભમાં ૧૯૩૮ની સાલમાં બનેલો એક પ્રસંગ નોંધવા જેવો છે.

મરાઠી ભાષાનું સાહિત્યિક અધિવેશન એ વરસે મુંબઈ ખાતે ભરાયું હતું. અધ્યક્ષસ્થાને પ્રખર કવિ અને લેખકની હેસિયત ધરાવતા સાવરકરજીને બેસાડવામાં આવ્યા હતા. ઉદ્‌ઘાટનના પ્રથમ દિવસે જ સાવરકરે એમના અધ્યક્ષીય પ્રવચનમાં કેટલીક એવી વાતો કહી કે પૂરું મહારાષ્ટ્ર ખળભળી ઊઠયું.

સાવરકરે કહ્યું : ''હું સાહિત્યકારોને અનુરોધ કરું છું; ફગાવી દો તમારી કલમને અને ઉઠાવો હાથમાં તલવાર ! આવાનારો સમય આ બધી પોચી - પોચી શાબ્દિક વાતો માટેનો નહીં હોય. આવનારા દાયકામાં દેશને કવિઓ, નવલકથાકારો, કાવ્યો અને વાર્તાઓની ખોટ નથી પડવાની, પણ યોદ્ધાઓની કમી મહેસૂસ થવાની છે. ઑસ્ટ્રિયા અને ચીન જેવા દેશોની જે દુર્દશા થઈ હતી એ સારા સાહિત્યના અભાવના કારણે નહોતી થઈ, પણ લશ્કરી સજ્જતાના અભાવથી થઈ હતી. ઑસ્ટ્રિયા જર્મની સામે હારી ગયું એ જર્મનીની બેયોનેટના બળ સામે, નહીં કે સૉનેટની શકિત સામે !''

હે મારા સમર્થ દેશબાંધવો ! શબ્દના સ્વામીઓ ! શું તમે ભૂલી ગયા કે આપણી તક્ષશિલા અને નાલંદાની કેવી દુર્દશા થવા પામી હતી ? આપણને શબ્દની નહી, શિવાજીની જરૂર છે. પૂરો એક દાયકો સાહિત્ય વિનાનો પસાર થઈ જશે તો પણ મને ચિંતા નથી. હું તમારું એક પણ ગીત કે સૉનેટ સાંભળવા નથી ઈચ્છતો, મારી ઝંખના તો મારા દેશની સડકો ઉપરથી દોડી જતા હથિયારબંધ ઘોડેસવારોના પદચાપ સાંભળવાની છે.

મને પણ પ્રેમકથા વાંચવી ગમે છે અન પ્રેમગીત સાંભળવું પણ ગમે છે મને. સતત દિન - રાત રણમેદાનમાં ઝૂઝતા રહેતા સમ્રાટ નેપોલિયનને પણ પ્રેમગીત માણવાનું અવશ્ય ગમે, પણ હે મિત્રો, જયારે આપણે આ ગુલામ દેશને સ્વતંત્ર કરી દઈએ, એના વિદેશી તેમજ વિધર્મી શત્રુઓને નેસ્ત - નાબૂદ કરી નાખીએ, પછી જયારે હું થાકયો - પાકયો, વિરામ લેવા માટે આડો પડેલો હોઉં, ત્યારે મારી સામે કોઈ પ્રેમની વાત કરજો ! ત્યાં સુધી હરગિઝ નહીં !''

એ સમયે ગુજરાતમાં જયારે ગાંધીયુગના પોચટ અને વેવલા સાહિત્યનો ઉકરડો જામ્યો હતો, ખાદીનો ઝભ્ભો અને ધોતિયું ધારણ કરેલા સ્ત્રૈણ સાહિત્યકારો જયારે રેંટિયો, ખાદી અને વિશ્વ શાંતિની પોકળ વાતો ગાઈ રહ્યા હતા, ત્યારે સાવરકરની વીર વાણીએ મરાઠી સાહિત્યને ચાબુક મારીને સભાન કરી દીધું.

સાવરકરની હિન્દુ - સશસ્ત્રીકરણની ઝુંબેશ રંગ લાવી રહી હતી. એક તરફ હિન્દુ યુવાનોએ ગાંધી નહેરુની વિરોધી અપીલને અવગણીને પણ લશ્કરમાં જોડવા

માટે દોટ મૂકી દીધી હતી, તો બીજી તરફ સાવરકરની સલાહ માનીને વાયા જર્મની - જાપાન પહોંચી ગયેલા સુભાષચંદ્ર બોઝે 'ઇન્ડિયન નેશનલ આર્મી'ની બા - કાયદા સ્થાપના કરી દીધી હતી.

રાસબિહારી ઘોષ તરફથી સુભાષને ઐતિહાસિક પીઠબળ પૂરું પાડવામાં આવ્યું હતું. એ પછી જે બન્યું એ ઇતિહાસ છે અને ઇતિહાસ જગજાહેર છે.

પણ જે ઘટના કૉંગ્રેસની સરકારોએ આજ સુધી બહુ પ્રકાશમાં આવવા નથી દીધી એ પણ ઐતિહાસિક છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝે જર્મનીમા જ આઝાદ હિન્દ રેડિયોની સ્થાપના પણ કરી દીધી હતી. જાપાનથી એક દિવસ અચાનક આ રેડિયોના પ્રસારણમાં નેતાજીનો અવાજ ગૂંજી ઊઠયો; ''મારા દેશબાંધવો, હું સુભાષ બોલું છું. તમારા વહાલા નેતાજીના તમને પ્રણામ છે. જ્યારે દેશમાં રહીને કામ કરવું મારા માટે અશકય થઈ પડ્યું ત્યારે જ હું છટકીને અહી આવ્યો છું. હું કબૂલ કરું છું કે કૉંગ્રેસ પક્ષના લગભગ તમામ નેતાઓએ પોતાની દૂરંદેશી અને રાજકીય દીર્ઘદષ્ટિ ગુમાવી દીધી છે. મારા 'ઇન્ડિયન નેશનલ આર્મી'માં જોડાયેલા સૈનિકોની તેઓ 'પેટભરા ઘાતકી હત્યારા' તરીકે વગોવણી કરી રહ્યા છે, ત્યારે .... મને કહેવા દો કે પૂરા દેશમાંથી મને જે એક નરવીર તરફથી સમર્થન મળ્યું છે એનું નામ છે : વીર સાવરકર.

''વીર સાવરકર જેવા ખરા દેશભકત જ હિન્દુઓને હથિયારબંધ કરવાની ચળવળ ચલાવી શકે !''

સુભાષચંદ્રના ભાષણ પછી તરત જ બીજો અવાજ રેડિયો ઉપર ગૂંજી ઊઠયો; એ અવાજ રાસબિહારી ઘોષનો હતો. એમણે તો ખુલ્લેઆમ સાવરકરજીને જ ઉદ્દેશીને બોલવાનું શરૂ કર્યું, ''હું તમને સલામ કરું છું. સાવરકરજી ! કારણે કે એમ કરીને હું મારા એક જૂના, વરિષ્ઠ, સશસ્ત્ર ક્રાન્તિવીર, વડીલબંધુ અને વહાલા બિરાદરને સલામ કરી રહ્યો છું. તમને સલામ કરવાના બહાને હું બલિદાનના એક જ્વલંત પ્રતીકને સલામ કરી રહ્યો છું. તમારી બિનશરતી મુક્તિની પાછળ મને તો ઈશ્વરની અદીઠ હાથ દેખાઈ રહ્યો છે. સાવરકરજી, તમારું નેતૃત્વ એ આપણા ગરીબ દેશનું એક માત્ર આભૂષણ છે. વંદે માતરમ્ !''

આખો દેશ સ્તબ્ધ બનીને જાપાનમાં બેઠેલા બે ગૌરવવંતા નેતાઓની વીર વાણીનું શ્રવણ કરી રહ્યો હતો, કૉંગ્રેસીઓ મનોમન સળગીને રાખ થઈ રહ્યા હતા અને આંદામાનનો ઈશ્વર, કાળમીંઢ ચટ્ટાન જેવો એક સખત સિંહપુરુષ બે દિગ્ગજ નેતાઓને ખુદના પ્રત્યેનો ભક્તિભાવ જોઈને, સાંભળીને આંસુઓમાં ઓગળી રહ્યો હતો.

૦ ૦ ૦

૨૭. પ્રચંડ પ્રજાપ્રેમ

''મિ. સાવરકર, તમે હિંદુસ્તાનમાં વસતા મુસલમાનોને અલગ પાકિસ્તાન આપવાની બાબતનો વિરોધ શા માટે કરો છો ? બાપડાઓને એમનો અલગ દેશ આપી દો ને !''

આ સવાલ અને આ સૂચન એ સમયના જગવિખ્યાત અમેરિકન પત્રકાર અને લેખક લૂઈ ફિશરે ૧૯૪૨ના જૂન મહિનાના બીજા અઠવાડિયાની એક ઉકળાટભરેલી સાંજે સાવરકરના ખુદના ઘરમાં બેસીને કર્યું. ઉનાળો ચાલતો હતો, એટલે હવા ગરમ હતી. લૂઈ ફિશરનો લુચ્ચો સવાલ સાંભળીને સાવરકર પણ ગરમ થઈ ગયા.

લૂઈ ફિશરનું માન, સ્થાન અને પ્રતિષ્ઠા એ વખતે ટોચ ઉપર હતાં. એની સરખામણી કંઈક અંશે આજના રિચર્ડ એટનબરો સાથે કરી શકાય, પણ પશ્ચિમી પત્રકારો એ વખતે પણ આજના જેવા જ બદમાશ હતા. લૂઈ ફિશર દુનિયાભરમાં મુસલમાનોનો હામી હતો. સારવકરનો ઈન્ટરવ્યૂ લેવા માટે આવ્યો એની આગલી સાંજે જ તે મુસલમાનોના આક્કા એવા મહમ્મદઅલી ઝીણાને મળીને આવ્યો હતો. સાવરકર સમજી ગયા કે લૂઈ ફિશરના પ્રશ્નમાં ગોમાંસની ગંધ અને લીલા રંગની ભનક શાથી આવી રહી છે !

આ એ સમય હતો જ્યારે હિંદમાતાના દેહ ઉપર ગદ્દાર મુસ્લિમોનું એક વગદાર જૂથ કુહાડીનો ઘા મારવાની વેતરણમા હતું, અને કૉંગ્રેસીઓ બહુમતી હિંદુ પ્રજાની પીઠમાં ખંજર ભોંકવાની ખતરનાક રમત ખેલી રહ્યા હતા.

ચક્રવર્તી રાજગોપાલાચારીએ ખુલ્લેઆમ પાકિસ્તાનનો ઝંડો ઉપાડી લીધો હતો. ગાંધીજીના ચુસ્ત અનુયાયી રાજેન્દ્રપ્રસાદે જાહેરમાં નિવેદન કરી દીધું હતું, ''જો હિંદુસ્તાનના બે ટુકડા થવાના જ હોય તો આપણે એ સ્વીકારીને હવે આગળનો વિચાર કરવો જોઈએ; આપણે મુસલમાનોને કેટલું આપવું પડશે અને બદલામાં આપણને શું-શું મળશે એ વિશે ગોળમેજી વાટાઘાટો શરૂ કરી દેવી જોઈએ.''

સમગ્ર દેશ જેમને પોતાના પરમેશ્વર માની રહ્યો હતો એ મહાત્માજી એક પછી એક ભયાનક નિવેદનો બહાર પાડી રહ્યા હતા.

નિવેદન પહેલું: ''આપણે તમામ હિંદુઓએ ભેગા મળીને મુસલમાન બંધુઓને કહી દેવું જોઈએ : 'તમારે જેટલું લેવું હોય એટલું લઈ લો, પણ અમને તમારી સેવા કરવાની તક આપો !''

નિવેદન બીજું : ''જો દેશના દરેક પ્રાંતમાં મુસલમાનોને બહુ મત મળશે તો પણ મને ખબર છે કે હિંદુ તરીકે આપણે કશું જ ગુમાવવાનું નથી.''

નિવેદન ત્રીજું : ''અંગત રીતે હું એવી એક પણ વસ્તુ મેળવવા નહીં ઈચ્છું, જેનો મુસલમાન ભાઈઓ વિરોધ કરતા હોય !''

નિવેદન ચોથું : ''મુસલમાનોનું શાસન એટલે સ્વદેશી શાસન. હું કાયમને માટે અંગ્રેજોની સત્તા કરતાં મુસલમાનોની સત્તાને વધારે પસંદ કરીશ.''

નિવેદન પાંચમું : ''જો કૉંગ્રેસ મને અનુસરશે તો હું મુસલમાનોને એવી ફરજ કયારેય નહીં પાડું, જેથી એ લોકોએ સત્તા મેળવવા માટે બળપ્રયોગ કરવો પડે. હું એમની ઉપર રાજ કરવાને બદલે એમના રાજ્યમાં જીવવાનું વધારે પસંદ કરીશ.''

મહાત્માજીનાં આ પાંચ વિધાનોમાં એમનું મહાત્માપણું ઓછું હતું અને 'પાકિસ્તાન' વધારે હતું.

અને છતાં ઈતિહાસમાં એમને માત્ર આવું કહેતાં જ ટાંકવામાં આવે છે : ''દેશના ટુકડા થતાં પહેલાં મારા દેહના ટુકડા થશે !''

સમય સાક્ષી છે અને દુનિયા આખી દર્શક છે; દેશના ટુકડા થઈને રહ્યા, પણ સત્યના પૂજારીનો દેહ અક્ષુણ્ણ રહ્યો ! જો મહાત્માજી એ વખતે આમરણ ઉપવાસ ઉપર બેસી રહ્યા હોત, તો દેશના ભાગલા થતાં શું તેઓ ન અટકાવી શકયા હોત ? કે પછી ઝીણાની હિંસા આગળ ગાંધીજીને ખુદને પોતાની અહિંસા કમજોર લાગી હશે ?

* * *

અવા રાષ્ટ્ર-વિઘાતક માહોલમાં અખંડ હિંદુસ્તાનની ચળવળ પોતાના એકના ખભા ઉપર ઉઠાવી લેનાર એક માત્ર વીર સાવરકર હતા. અને આ જ કારણસર કૉંગ્રેસની અસલિયત જાણી ચૂકેલી જનતા હિંદુ મહાસભાને વધારે ને વધારે સમર્થન આપી રહી હતી.

મ્યુનિસિપલ, સ્થાનિક તેમજ જિલ્લા કક્ષાએ યોજાતી ચૂંટણીઓમાં પ્રજાએ કૉંગ્રેસને જાકારો આપવાની શરૂઆત કરી દીધી હતી.

૧૯૪૧માં હિંદુ મહાસભાના સમર્થનથી કેન્દ્રીય ધારાસભાની ચૂંટણી લડી લેનારા જમનાદાસ મહેતાએ કૉંગ્રેસ પક્ષને નોંધપાત્ર ફટકો મારી દીધો. બંગાળમાં વિરોધપક્ષના ઉમેદવાર તરીકે ફૉરવર્ડ બ્લૉકના નેતા ઊભેલા હતા, તેને હિંદુ મહાસભાના મહામંત્રી આશુતોષ લાહિરીએ પરાજય આપ્યો. સુભાષચંદ્ર બોઝના

પલાયન બાદ યોજવામાં આવેલી એમની બેઠક માટેની મધ્યસત્રી ચૂંટણીમાં હિંદુ મહાસભાના ટેકાથી ઊભેલા કે. સી. નેગી વિજેતા બન્યા.

ખામગાંવ, પટણા, મોંઘીર, કટિહાર (બિહાર), સુરી (બંગાળા), પુણે, મ્હાડ, ભાગલપુર અને શોલાપુર એમ બધી દિશાઓમાંથી હિંદુ મહાસભાનો ઉત્તરોત્તર વધતો જતો જ્વલંત જયઘોષ સંભળાઈ રહ્યો હતો. પરિસ્થિતિ એ હદે કૉંગ્રેસ માટે બદલાઈ ચૂકી હતી કે ઘણા ઈલાકાઓમાં તો એના ઉમેદવારોએ પોતાની પ્રતિષ્ઠા બચાવવા માટે ચૂંટણીમાંથી ખસી જવાનું બહેતર માન્યું હતું.

૧૯૪૨ની દસમી મેનો દિવસ. હિંદુ મહાસભાએ આ દિવસને 'પાકિસ્તાન વિરોધ દિન' તરીકે મનાવવાની ઘોષણા કરી. એનું નેતૃત્વ વીર સાવરકરનું હતું.

બરાબર એ જ સમયે મુસ્લિમ લીગ અને રાજાજી જેવા કેટલાક કૉંગ્રેસીઓ અલગ રાષ્ટ્ર (પાકિસ્તાન) માટે જાહેરમાં ચળવળ ચલાવી રહ્યા હતા.

આ દેશનું દુર્દેવ જુઓ ! મુસ્લિમ લીગનાં ગદ્દાર તત્ત્વો સરેઆમ જાહેરસભાઓ યોજીને અલગ પાકિસ્તાન માટે લોકમત જાગ્રત કરી રહ્યા હતા અને એમના ઉપર કશી જ રોકટોક ન હતી. જ્યારે 'અખંડ હિંદુસ્તાન' માટે મથી રહેલા સાવરકરવાદીઓને પકડી-પકડીને જેલ ભેગા કરી દેવાયા !

સમગ્ર યુરોપ અને અમેરિકામાં પણ-સામાન્ય પ્રજા કૉંગ્રેસ કરતાં હિંદુ મહાસભાની ગતિવિધિને રસપૂર્વક નિહાળી રહી હતી, એ સમયે..., હા, એ સમયે અમેરિકાનો સૌથી જાણીતો પત્રકાર લૂઈ ફિશર વીર સાવરકરનો ઈન્ટરવ્યૂ લેવા માટે આવી પહોંચ્યો હતો અને એમના જ ઘરમાં બેસીને, 'અખંડ હિંદુસ્તાન' માટે પોતાના પ્રાણને હોડમાં મૂકવાની તૈયારી કરીને બેઠેલા આપણા સિંહપુરુષને એ માણસ પૂછી રહ્યો હતો, ''મિ. સાવરકર, તમે આ બાપડા મુસલમાનોને એમનો અલગ દેશ કાઢી આપો ને !''

સાવરકરજીએ માથા ઉપરની ટોપી સરખી કરી. દિમાગના ભાથામાંથી દલીલનું શસ્ત્ર બહાર કાઢ્યું. આટલાં વરસોના વિશ્વઈતિહાસના પરિશીલનમાંથી લીધેલું જ્ઞાન તાજું કર્યું અને પછી કોઈ કુશળ બૅરિસ્ટર અદાલતમાં સાક્ષીની ઊલટ તપાસ લેતો હોય એવી ધારદાર નજરે લૂઈ ફિશરની સામે જોયું.

''મિ. ફિશર, પાકિસ્તાનની સુવાવડ પછી કરાવીશું. પહેલાં એ કહો કે તમારા અમેરિકામાં હબસીઓની હાલત ભારતના મુસલમાનો કરતાં પણ વધુ ખરાબ છે. હમણાં બે દિવસ પહેલાં જ એમનું પ્રતિનિધિમંડળ મને મળવા આવ્યું હતું.'

''તો ?'' લૂઈ ગૂંચવાયો, ''તમે કહેવા શું માગો છો ?''

''એ જ કે તમે હબસી બંધુઓને એમનું અલગ નીગ્રોસ્તાન શા માટે નથી કાઢી આપતા ?''

ભીમસેનની ગદા કોઈના ગાલ સાથે અથડાઈ હોય એવું દૃશ્ય જો તમે કલ્પી શકતા હો, તો જ તમને એ દૃશ્યની કલ્પના આવી શકશે, જે લૂઈ ફિશરના ચહેરાની થવા પામી. એની આંતરરાષ્ટ્રીય ખ્યાતિમાંથી જન્મેલું સંપૂર્ણ અભિમાન અને ચબરાકીપણું બૅરિસ્ટર સાવરકરના એક જ સવાલથી અદૃશ્ય થઈ ગયાં.

તો પણ એણે હવાતિયાં મારવાનું સાવ બંધ ન કર્યું, ''મિ. સાવરકર, અમે અમેરિકાનો એક ટુકડો કોઈ બીજાને શા માટે આપી દઈએ ? એ તો રાષ્ટ્રદ્રોહ કહેવાય !''

''તો પાકિસ્તાનનું સર્જન એ હિંદુસ્તાનનો રાષ્ટ્રદ્રોહ છે, મિ. ફિશર !'' સાવરકરની આંખોમાં લોહી ધસી આવ્યું, ''બીજો કોઈ સવાલ પૂછવો છે તમારે ?''

લૂઈ ફિશર પાસે બીજો એક સવાલ પૂછવા જેવો બચ્યો હતો, ''તમારી બોડમાંથી જીવતા બહાર નીકળવાનો રસ્તો ક્યાં છે ?''

એણે 'ઇન્ટરવ્યૂ' ખતમ કર્યો. એની બદમાશી જુઓ કે પછી આ લુચ્ચા પત્રકારે એની સમગ્ર કારકિર્દી દરમિયાન વીર સાવરકરનું નામ કે એમના વિચારો એના એક પણ અહેવાલમાં ટાંકયા નહીં.

* * *

આ જ મહિને બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશને એમનો એક પ્રતિનિધિ સાવરકરના સરનામે મોકલી આપ્યો. મિ. એલ. બ્રેન્ડર પણ સિંહપુરુષના હાથે ઘવાઈને પાછા ફર્યા.

આ જ અરસામાં ચીનથી મુસલમાનોનું એક પ્રતિનિધિમંડળ હિંદની મુલાકાતે આવી પહોંચ્યું. આ લોકો મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રદેશોમાં ફર્યા અને ત્યાંની પ્રજાને ઉશ્કેરવા લાગ્યા. તેઓ નિઝામને પણ મળ્યા અને પાકિસ્તાનની માગણી કરતા ઝીણાપંથીઓને પણ મળ્યા.

આ ચીની શિયાળોને પહેલી વાર જાહેરમાં ખુલ્લા પાડનાર વીર સાવરકર હતા. એમણે કહ્યું, ''આ પ્રતિનિધિમંડળનો ગુપ્ત હેતુ સાવ જુદો જ છે. તેઓ બરોકટોક આપણા દેશના મુસલમાનોને અલગ દેશ બનાવવા માટે સહાય આપવાની વાતો કરી રહ્યા છે. એ ન ભૂલશો કે આ કટ્ટરપંથીઓ તાજેતરમાં જ તુર્કસ્તાન અને ઈજિપ્તની મુલાકાતે પણ જઈ આવેલા છે. એમનો ખરો ઉદ્દેશ બૃહદ્ ઈસ્લામી રાષ્ટ્રના સર્જનનો છે. એટલા માટે જ એમણે ઝીણાની મુલાકાત બાદ ચીનના રાષ્ટ્રીય પોષાકનો ત્યાગ કરીને 'ફૈઝ ટોપી' પહેરવાનું શરૂ કરી દીધું છે. જો આ લોકોની ગતિવિધિઓ ઉપર ચાંપતી નજર નહીં રાખવામાં આવે તો તેઓ હિંદના બે ટુકડા તો કરવાના જ છે, પણ ભવિષ્યમાં ચીનના પણ ટુકડા કરીને રહેશે !''

સદ્‌નસીબે સાવરકરની ચેતવણી ચીને સ્વીકારી લીધી અને કમનસીબે આ જ ચેતવણી કૉંગ્રેસે ન સ્વીકારી. આનું પરિણામ આપણી આંખો સમક્ષ છે : અખંડ ચીન અને ખંડિત હિંદુસ્તાન.

* * *

૧૯૪૨ ના જુલાઈ માસની આખરી તારીખે વીર સાવરકરે હિંદુ મહાસભાના પ્રમુખપદેથી ત્યાગપત્ર આપી દીધો. સતત પ્રવાસો ખેડીને થાકેલું તન અને છેલ્લાં પાંચ - પાંચ વરસથી પ્રમુખપદનો બોજ વેંઢારીને નિચોવાઈ ગયેલું મન; બેય હવે આરામ ઝંખતાં હતાં. પ્રવાસો તો ગાંધીજી પણ કરતા હતા અને બોજ નહેરુજી પણ ઉઠાવતા હતા; પણ એમની પાસે પહેલેથી જ કૉંગ્રેસ નામના મજબૂત પક્ષનું પ્લૅટફૉર્મ હાજર હતું. એ પક્ષ જેને સુરેન્દ્રનાથ બેનરજી, ગોખલે, ટિળક, દાદાભાઈ અને દેશબંધુ જેવા ધુરંધર સપૂતોએ સ્થિરતા આપી હતી. હિંદુ મહાસભાને એવો કોઈ જ ઉછેર મળ્યો ન હતો. સાવરકરે તો કોરી પાટી ઉપર અક્ષરો પાડ્યા હતા.

અને દુર્ભાગ્યે એમની પાસે રાષ્ટ્રીય સ્તરના ગણી શકાય એવા બીજી હરોળના નેતાઓની ભયંકર કમી હતી.

એક તરફ સાવરકરના ત્યાગપત્રને કારણે અખંડ હિંદુસ્તાનની ચળવળને જોરદાર ફટકો પડ્યો હતો, ત્યારે બીજી તરફ કૉંગ્રેસ પણ તરલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી.

ગાંધીજીએ આપેલા સામાજિક અસહકારના આંદોલનને ધારી હતી એવી સફળતા મળી ન હતી. હવે શું કરવું એ કૉંગ્રેસ માટે પ્રાણપ્રશ્ન હતો. મોટા ભાગના કૉંગ્રેસીજનો પાસે હાથ-પગ હતા, દિમાગ ન હતું; એમનો એક માત્ર ધર્મ એમના બની બેઠેલા સરમુખત્યાર એવા એકમેવ મહાન આત્માના આદેશને અનુસરવાનો હતો.

આખરે મહાત્માજીએ નારો આપ્યો : "હિંદ છોડો !" આ સાથે જ ઝીણાએ પાકિસ્તાનની માગણી બુલંદ કરી દીધી. હવે સાવરકર ચૂપ શી રીતે રહી શકે?

સિંહપુરુષે સ્પષ્ટ કહી દીધું : "જ્યાં સુધી કૉંગ્રેસ 'હિંદ છોડો'નો કાર્યક્રમ આપી રહી છે ત્યાં સુધી મને વાંધો નથી, પણ અંદરખાનેથી મને કશુંક રંધાઈ રહ્યું હોય એવી ગંધ આવી રહી છે. મુસ્લિમ લીગ અને કૉંગ્રસ ભેગા મળીને 'હિંદ તોડો'ની ચળવળ આગળ ધપાવતા હોય એવું મને સાફ દેખાય છે."

૧૯૪૨ની ઑગસ્ટ ક્રાંતિ માત્ર હિંદુઓ પૂરતી સીમિત રહી. મહમ્મદ અલી ઝીણાને એલાન કર્યું, "ગાંધીજીએ આપેલો 'ક્વિટ ઈન્ડિયા'નો નારો ઈસ્લામ વિરોધી છે. જો અંગ્રેજો દેશ છોડીને ચાલ્યા જશે, તો મુસલમાનોએ બહુમતી હિંદુઓની સત્તા હેઠળ જીવવાનો વારો આવશે. માટે હું અનુરોધ કરું છું કે મુસલમાનોએ આ ચળવળથી દૂર રહેવું."

પરિણામે હિંદના તમામ મુસલમાનો નિષ્ક્રિય બની ગયા. અસમ, ઓરિસ્સા, અડધા પંજાબ અને સિંધમાં આ ચળવળની કોઈ અસર જોવા ન મળી.

અને સાવરકરે શું કર્યું ? મહાત્માના વિચારોના હાડોહાડ વિરોધી હોવા છતાં આ સાચા દેશભકતે જાહેરમાં કહ્યું, ''હું ગાંધીજીની આ ચળવળને મારો શરતી ટેકો આપું છું. જો ગાંધી અને કૉંગ્રેસ મને જાહેરમાં એ વાતનું વચન આપતા હોય કે અંગ્રેજોના ચાલ્યા ગયા પછી તેઓ આ દેશના ટુકડા નહી કરે તો હું મારી હિંદુ મહાસભાને સાથે લઈને જેલમાં જવા માટે તૈયાર છું.''

સાવરકરની સિંહગર્જનાઓ હવે વિદેશી અખબારોમાં પણ આદરપાત્ર સ્થાન મેળવી રહી હતી. યુરોપનાં પ્રતિષ્ઠિત અખબારો જેવાં કે ધી ટાઈમ્સ, માંચેસ્ટર ગાર્ડિઅન, ડેઈલી હેરાલ્ડ, ન્યૂઝ ક્રોનિકલ અને યોર્કશાયર પોસ્ટમાં સાવરકરના વિચારો સમાચાર રૂપે છપાઈ રહ્યા હતા. સ્ટેફર્ડ ક્રિપ્સ જેવા વગદાર અંગ્રેજે પણ કહેવું પડ્યું કે હિંદનું ભવિષ્ય માત્ર ગાંધી કે ઝીણા જ નક્કી ન કરી શકે; એના માટે સાવરકર જેવા શક્તિશાળી નેતાને પણ સાંભળવા પડશે.

ઝીણાને ગાંધીજી તરફથી કયારેય ખતરો જણાયો ન હતો. આ મહાત્માને મસળી નાખવા એ ઝીણાને મન રમત વાત હતી, પણ સાવરકર એના માટે ચિંતાનો વિષય હતા. એક વાર ડૉ. મુખરજી ૧૯૩૭ના સાવરકરના પ્રમુખપદેથી અપાયેલા ભાષણ વિશે અનેક જાતની ચિંતાઓ થયા કરે છે. આ માણસ ભયંકર છે. એ એકલવીર અમારી આખી જમાતને ભારે પડે તેવો છે. એટલા માટે જ અમારે પાકિસ્તાન બનાવવું ફરજિયાત બની ગયું છે.''

વાસ્તવમાં ઝીણા સાવરકર સામે એમનો પરાજય કબૂલી રહ્યા હતા, પણ કૉંગ્રેસે એમની વાતને પકડી લીધી અને આજ સુધી એકની એક વાતનું રટણ ચાલુ રાખ્યું, ''હિંદુ મહાસભાની દ્વિરાષ્ટ્રની વિચારધારાએ જ દેશના ટુકડા કર્યા છે.''

વાસ્તવમાં અસલિયત શી હતી ? સાવરકરે ખરેખર શું કહ્યું હતું ? ઝીણા શા માટે સાવરકરના ભાષણનાં કેટલાંક વાકયોને પોતાના સ્વાર્થ માટે તોડી - મરોડીને રજૂ કરી રહ્યા હતા ?

ખરી હકીકત આ હતી : ૧૯૩૭માં હિંદુ મહાસભાના પ્રમુખ તરીકેના પોતાના ભાષણમાં વીર સાવરકરે એક કડવી વાસ્તવિકતા તરફ દેશ અને દુનિયાનું ધ્યાન દોર્યું હતું, ''આજે હિંદમાં એક સાથે બે - બે રાષ્ટ્રો સમાંતર રીતે અસ્તિત્વ ધરાવી રહ્યાં છે. એક હિંદુઓનું રાષ્ટ્ર છે, બીજું મુસલમાનોનું રાષ્ટ્ર છે. આપણે આ પરિસ્થિતિ ખતમ કરવી જ રહી. આપણે વિધર્મીઓને એટલું સમજાવી દેવું પડશે કે હિંદુઓ એક રાષ્ટ્ર છે, જ્યારે એમાં વસતા મુસલમાનો અને ખ્રિસ્તીઓ એ માત્ર જાતિઓ છે, સમુદાયો છે.''

સાવરકરનો ઈશારો સ્પષ્ટ હતો; દેશને અખંડિત રાખનારો હતો, વિધર્મીઓ માટે લાલબત્તી સમાન હતો, પણ ઝીણા સમજી ગયા કે સાવરકરજીની હયાતીમાં આઝાદ ભારતના મુસ્લિમો હિંદુઓ ઉપર દાદાગીરી કયારેય નહી કરી શકે. એટલે એમણે નાડું પકડી લીધું, ''સાવરકર પોતે જ દ્વિરાષ્ટ્રની વાતનો સ્વીકાર કરે છે.''

અને મંદબુદ્ધિ કૉંગ્રેસીજનોએ પણ આ જ દલીલ પકડી લીધી. આજે આઝાદીના છ-છ દાયકા પછી પણ એ લોકો કહે છે : ''પાકિસ્તાનના નિર્માણ માટે સાવરકર જવાબદાર છે.''

જો સાવરકરનું ચાલ્યું હોત તો પાકિસ્તાનની વાત તો દૂર રહી, પણ આખી પૃથ્વી આજે 'હિંદુસ્તાન' કહેવાતી હોત !

સાવરકરે એક અતિશય મહત્ત્વની ભવિષ્યવાણી કરી, ''આ કૉંગ્રેસી નેતાઓ જે આજે 'ક્વિટ ઈન્ડિયા'ના નારા સાથે જેલો ભરી રહ્યા છે એમને ઓળખી લેજો ! હે દેશવાસીઓ, આવનારા ભયાનક દિવસ માટે હું તમને તૈયારી કરી રહ્યો છું; આ જ કહેવાતા માંધાતાઓ જેલમાંથી છૂટીને એક દિવસ મુસ્લિમ લીગ આગળ માથાં ટેકવી દેશે અને આપણી ભારતમાતાના પવિત્ર દેહના ટુકડા કરી નાખનાર કરારપત્ર ઉપર પોતાના હસ્તાક્ષરો કરી આપશે. મને એ વાત સમજાતી નથી કે દેશ સાથે આવી ગદ્દારી કર્યા પછી આ કૉંગ્રેસીઓ તમારી સામે ઊંચા મસ્તકે ઊભા શી રીતે રહેશે ?''

વિધિની વિચિત્રતા છે કે જિંદગીમાં મહાત્મા ગાંધીની તમામ આગાહીઓ ખોટી સાબિત થઈ છે, જ્યારે વીર સાવરકરની તમામ ભવિષ્યવાણીઓ શત-પ્રતિશત સત્ય સાબિત થઈ છે. સિંહપુરુષ એ આ બદનસીબ હિંદુસ્તાનનો ઉપેક્ષિત નોસ્ટ્રેડેમસ બનીને રહી ગયો.

* * *

મહાન માણસોની નિષ્ફળતાઓ પણ મહાન હોય છે. ગાંધીજીનું 'હિંદ છોડો' આંદોલન સરિયામ નિષ્ફળતાને વર્યું. જે કૉંગ્રેસીઓ 'જેલ ભરો'ની ભાવના સાથે જંગમાં કૂદી પડ્યા હતા, એ જ હવે કંટાળીને 'જેલ છોડો'ની લાગણી અનુભવવા માંડ્યા. પોલીસદળમાં અને લશ્કરમાં પંચોતેર ટકા જેટલા કર્મચારીઓ મુસલમાન હતા. એ લોકો ઝીણાના આદેશ અનુસાર આ આંદોલનની વિરુદ્ધમાં હતા. એટલે કૉંગ્રેસીઓ ઉપર દમન વરસાવવામાં કશું બાકી રાખ્યું નહી.

૧૯૪૨ના અંત સુધીમાં દેશભરમાં કુલ ૬૦,૨૨૯ જેટલા કેદીઓ પકડાયા હતા, એમાંથી ૯૪૦ કેદીઓને પોલીસે ગોળીબાર' કરીને મારી નાખ્યા, અને ૧૬૧૦ જેટલા કેદીઓ લશ્કરના હાથે ગંભીર રીતે ઘવાયા.

જયપ્રકાશ નારાયણે કાન પકડીને કબૂલાત કરી, ''ક્વિટ ઈન્ડિયા' મૂવમેન્ટની નિષ્ફળતાનું કારણ પોલીસતંત્ર અને લશ્કરમાં હિંદુઓની ગેરહાજરી કહી શકાય.''

હવે દેશને સમજાયું કે સાવરકરે શા માટે ૧૯૩૭માં કહ્યું હતું કે જેટલા બને તેટલા વધુ હિંદુ યુવાનોએ લશ્કરમાં જોડાવું જોઈએ ! અને એ વખતે સાવરકરની આ વાતની ગાંધીજી તથા નહેરુએ જબરજસ્ત હાંસી ઉડાવી હતી.

આજે ગાંધીજીનાં ગુણગાન ગાનારો એક મોટો વર્ગ આ દેશમાં છે, તો સામે એક ખોટો વર્ગ પણ અસ્તિત્વમાં છે. ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે અને આપણા માટે પૂજનીય છે એ વાતનો હું સ્વીકાર કરું છું, પણ મારો વિરોધ એ લોકો સામે છે જેઓ ગાંધીજીની નિષ્ફળતાઓને નજર-અંદાજ કરે છે.

કહેવાતા બૌદ્ધિકો જ્યારે શબ્દનો વ્યભિચાર કરીને મહાત્માની નિષ્ફળતાઓમાં પણ ઈશ્વરીય ગુણો જોવાનો દંભ કરે છે, ત્યારે ચીતરી ચઢે છે. એમના ઠોસ કર્તૃત્વને જોવાને બદલે ગાંધીજીની તકલી, બકરી, ચશ્માં કે ચંપલનાં ગુણગાન ગાવા માંડે છે ત્યારે આવા લુચ્ચા ચિંતકોને માટે ગોડસે બનવાનું મન થઈ આવે છે. બગલાની પાંખ જેવા સફેદ ખાદીના લેંઘા - ઝભ્ભામાં કાગડાની કુટિલતા સંઘરીને ફરતા રહેલા આજીવન સવાયા ગાંધીઓને જોઉં છું ત્યારે નફરત સિવાય બીજો કશો જ ભાવ અનુભવાતો નથી.

આ દંભી જમાતને મારા તરફથી માત્ર એક જ સવાલ પુછાઈ રહ્યો છે : ‘‘જો ગાંધીજીના સત્યમાં, અહિંસામાં અને અસહકારમાં આટલી જબરજસ્ત તાકાત રહેલી હતી, તો ૧૯૪૨માં એમણે શરૂ કરેલું ‘હિંદ છોડો’ આંદોલન નિષ્ફળ કેમ રહ્યું ?’’

હકીકત એ છે કે માણસમાત્રમાં હિંસા એક જન્મજાત લક્ષણ તરીકે વસી રહી છે, અને અહિંસા એ બહારથી ચડાવેલો ગિલેટ માત્ર છે. ગિલેટ વહેલો કે મોડો ઉખડી જ જાય છે.

‘હિંદ છોડો’ આંદોલનનો ગિલેટ પણ ઊખડી ગયો. ખુદ મહાત્માજીએ જેલમાં બેસીને એકવીસ દિવસના લાંબા, જોખમી ઉપવાસો શરૂ કરવા પડ્યા. કહેવા ખાતર ભલે એ ઉપવાસ આત્મશુદ્ધિ માટેના હતા, પણ કેટલાક જાણકારો માને છે કે આ ઉપવાસ બીજું કશું જ નહી, પણ જેલમાંથી છૂટવા માટે ગાંધીજીએ અજમાવેલું એક હથિયાર માત્ર હતું.

અંગ્રેજ સરકાર પણ આ વાત બરાબર સમજી ગઈ હતી. એટલે એ કોઈ પણ સંજોગોમાં નમતું જોખવા તૈયાર ન હતી. ગાંધીજીની તબિયત ઉત્તરોત્તર લથડી રહી હતી. એમની જિંદગી ઉપર મૃત્યુનો ખતરો મંડરાઈ રહ્યો હતો. દેશભરમાં ચિંતાનું વાદળ છવાઈ ગયું હતું.

કૉંગ્રેસીઓ અને પ્રથમ પંક્તિના નેતાઓ દેશને સમજાવવાની ઢીલી-ઢીલી પ્રવૃત્તિ કરતા હતા, ત્યારે સાવરકર શું કરતા હતા ?

મહાત્મા ગાંધીના કટ્ટર રાજકીય વિરોધી ગણાતા વીર સાવરકરે પ્રજાજોગ નિવેદન બહાર પાડ્યું, ''હિંદનાં સાર્વજનિક હિતનો વિચાર કરીને હું ગાંધીજીને અનુરોધ કરું છું કે તેઓ એમના ઉપવાસનો અંત આણે. સમગ્ર દેશના પ્રજાજનો માટે આજે સમય આવ્યો છે આંખો વાઈસરૉયનાં નફરતભર્યા દ્વારો તરફથી હટાવીને જેલની પથારીમાં સૂતલા મહાત્માની દિશામાં સ્થિર કરવાનો. વાઈસરૉયની કરાયેલી વિનંતીઓ, અનુરોધો કે ઠરાવો કશું જ ઉકાળી નહી શકે. ગાંધીજી પૂરા રાષ્ટ્રની વિનંતીને માન આપે અને એ હકીકતનો સ્વીકાર કરે કે એમણી જિંદગી મહામૂલી છે... એ માત્ર એમની અંગત માલિકીની સસ્તી ચીજ નથી, પણ આ મહાન રાષ્ટ્રની પવિત્ર સંપત્તિ છે.''

આ સાવરકર હતા, જેમની ઉપર માત્ર પાંચ જ વર્ષના અંતરાલ બાદ કૉંગ્રેસજનો 'ગાંધીહત્યા'નો જઘન્ય આરોપ લગાવવાના હતા !

* * *

પાકિસ્તાનના નિર્માણ માટે રાજાજી ખુલ્લી રીતે મેદાનમાં આવી ગયા. એમણે તો મદ્રાસની એક જાહેરસભામાં કહી પણ દીધું, ''હું જાહેરમાં એ જ વાત કહી રહ્યો છું, જે વાત કૉંગ્રેસ ખાનગીમાં કરી રહી છે.''

ઝીણાને ડર માત્ર સાવરકર તરફથી હતો. સાવરકરે જ્યારે હિંદુ મહાસભાનું પ્રમુખપદ છોડ્યું, ત્યારે ઝીણા અને કૉંગ્રેસને પરમ શાંતિની લાગણી થઈ. કૉંગ્રેસના કેટલાક ઉચ્ચ સ્તરના નેતાઓએ ચાલબાજી રમવી શરૂ કરી. દેશના વિભાજન માટે અન્ય પક્ષો પણ રાજી છે એવી હવા ઊભી કરવાનો દંભી ખેલ ખેલવો શરૂ કર્યો. અન્ય પક્ષોની તો એવી કશી ગણનાપાત્ર શક્તિ જ કયાં હતી? પણ હિંદુ મહાસભાનું સમર્થન મળી જાય તો કૉંગ્રેસનો ચહેરો ડાઘ વગરનો બની જાય.

આ માટે રાજાજીએ હિંદુ મહાસભાના સાવરકર પછીના બે મુખ્ય નેતાઓને મનાવવાનું બીડું ઝડપી લીધું. પેલા બંને કંઈક અંશે પલળી પણ ગયા. આ જોઈને સાવરકર ભડકી ગયા. ૧૯૪૩ની હિંદુ મહાસભાના પ્રમુખપદની ચૂંટણી નજીક આવી રહી હતી. મહાસભાનું કૉંગ્રેસીકરણ અટકાવવા માટે સાવરકરે ત્વરિત નિર્ણય લઈ લીધો. એમણે પોતે પણ ઉમેદવારીપત્રક ભરી દીધું.

પરિણામ જે આવવું જોઈતું હતું એ જ આવ્યું. લગભગ સર્વાનુમત સાથે સાવરકરજી પુનઃ પ્રમુખપદે આરૂઢ થયા. ઝીણા અને કૉંગ્રેસ હાથ ઘસતા રહી ગયા.

૧૯૪૩નું વરસ. અઠ્ઠાવીસમી મેનો પવિત્ર દિવસ. વીર સાવરકર એ દિવસે એમના ઘટનાસભર આયુષ્યનાં સાઠ વરસ પૂરાં કરીને એકસઠમા વરસમાં પ્રવેશવાના હતા. દેશનાં તમામ મુખ્ય શહેરોમાં આ ઐતિહાસિક દિનની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. દરેક સ્થળેથી એવી માગ ઊઠી રહી હતી ક સાવરકરજી ખુદ એમને ત્યાં હાજરી આપે.

આ ડાયમન્ડ જ્યુબિલીની ઉજવણી હતી. ડી વાલેરા, મેઝિની અને ગેરીબાલ્ડીની સમકક્ષ ઊભા રહી શકે એવા હિંદના એક માત્ર ક્રાંતિવીરની જિંદગીના એક સીમચિહ્નની આ ઉજવણી હતી. જીવનનાં સુવર્ણમય વરસો દરમિયાન કારાવાસ, એકાંતવાસ, ગોળી, લાઠી અને જંજીરનો ત્રાસ વેઠીને આવેલા એક વીરપુરુષને એના દેશવાસીઓ તરફથી અપાઈ રહેલી આ એક પ્રેમની પાવતી હતી.

અંગ્રેજોએ તો એમને પચાસ વરસ માટે આંદામાન મોકલી આપ્યા હતા. એમની છૂટવાની સત્તાવાર તારીખ સિત્તોત્તેરમી વર્ષગાંઠ હતી. સાવરકર છેક ૧૯૬૧માં છૂટવાના હતા, પણ આ જાંબાઝ ક્રાંતિવીર દરિયાના પાણી ઉપર સવાર થઈને, સેલ્યુલર જેલના સળિયા અને સાંકળો તોડીને જેલર બારીના અત્યાચારોની આગમાંથી બચીને પાછો ફર્યો હતો. રાષ્ટ્ર એની ડાયમન્ડ જ્યુબિલી ન ઉજવે તો એ નગુણું કહેવાય.

શહેરે-શહેરમાં સાર્વજનિક સભાઓ ભરવામાં આવી, જેમાં જે-તે પ્રાંતના પ્રમુખ આગેવાનોએ સંબોધન કર્યું. જિલ્લાઓ, પ્રાંતો, શહેરો, ગામડાંઓ, મંદિરો તથા પુસ્તકાલયોમાં વીર સાવરકરની દેશભક્તિ બદલ પ્રશસ્તિપત્રો વાંચવામાં આવ્યા. તેઓ જે જ્ઞાતિમાં જન્મ્યા હતા એ ચિત્તપાવન બ્રાહ્મણ સમાજ તરફથી એમને પરશુની ભેટ આપવામાં આવી. સંકેત સ્પષ્ટ હતો; સાવરકરને એ લોકોએ પરશુરામનો અવતાર ગણીને નવાજ્યા હતા.

પુણેમાં એ દિવસે વિરાટ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું. ખુદ સાવરકર આ સભામાં ઉપસ્થિત રહ્યા. પ્રજા તરફથી શ્રી એન.સી.કેળકરના હસ્તે સિંહપુરુષને એક લાખ વીસ રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી.

છઠ્ઠી જૂને આવો જ સમારોહ મુંબઈમાં ગોવાલિઆ ટૅંક મેદાન ખાતે યોજવામાં આવ્યો. સર આર. પી. પરાંજપેના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં અન્ય વકતાઓ હતા : નરીમાન જમનાદાસ મહેતા અને ચંદ્રગુપ્ત વેદાલંકાર પ્રમુખની ખુરશીમાં બિરાજેલા પરાંજપે એક જમાનામાં પુણેની ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપાલ હતા. આ એ જ વ્યક્તિ હતી જેમણે સાવરકરને હૉસ્ટેલમાંથી તડીપાર કર્યા હતા. અત્યારે સર પરાંજપેની છાતી ગૌરવથી ફાટફાટ થતી હતી. એમણે મોટી રકમની થેલી ઉપરાંત એસ. એસ. મોરી જહાજની ચાંદીની પ્રતિકૃતિ વીર સાવરકરને અર્પણ કરી. જે જહાજમાંથી માર્સેલ્સ બંદરે પહોંચી જવા માટે સાવરકરે દરિયાઈ છલાંગ લગાવી હતી એ જહાજનું નામ એસ. એસ. મોરી હતું.

બેરારમાં સાવરકરની વર્ષગાંઠ ઑગસ્ટ મહિનામાં ઉજવી શકાઈ. ત્યાં પણ બાબારાવ ખારપડેના હસ્તે નાણાંની થેલી ભેટ ધરવામાં આવી. નાગપુરનો વારો એના પછી આવ્યો. અમદાવાદ પણ મોડે મોડે નસીબદાર નીવડ્યું. છેક બાવીસમી

ઑગસ્ટે અમદાવાદની જનતા તરફથી એક રણકતી, ખણખણતી, વજનદાર થેલી ભારતના ક્રાંતિના આ રાજકુમારના ચરણોમાં અર્પણ કરવામાં આવી.

પ્રતિસાદમાં સાવરકર શું બોલે ? એ જ એમણે પુણે ખાતે ભીના, ગદ્ગદ સ્વરમાં લોકોને માટે કહ્યું હતું, ''તમે જે અમાપ પ્રેમવર્ષા મારી ઉપર કરો છો, એનો આભાર માનવા માટે મારી પાસે શબ્દો ખૂટી પડ્યા છે. કેટલીક લાગણીઓ શબ્દોમાં સમાઈ ન શકે તેવી હોય છે. આજે હું તમારી સામે જીવતો ઊભો છું એ વિધાતાની ભૂલ છે. જગતમાં કોઈએ પણ વિચાર્યું નહીં હોય કે બેવડી જનમટીપની સજા પામેલો આ માણસ ફરીથી જીવતો પાછો આવશે. મેં પોતે બે કરતાં વધારે વાર આત્મહત્યા કરીને જિંદગીનો અંત આણવાનો વિચાર કર્યો હતો. હું મારી કબરમાં જીવી રહ્યો હતો. હું જો મોતના પંજામાંથી બચી શકયો છું, તો માત્ર મારી ભીતરમાં ભભૂકતી દેશભક્તિની આગને કારણે.''

અને પછી અચાનક એમનો અવાજ બદલાઈ ગયો. અત્યંત ભાવુક બનીને સાવરકરજી બોલ્યા, ''આ માનપાન, પ્રશંસાઓ, પુષ્પોના આ હારતોરા અને શુભેચ્છાઓના ગગનભેદી અવાજોથી મારા અંતરમનને ભરી દેતાં આ દેશબાંધવોનાં ટોળાંઓ...! આ બધું મને સ્વપ્નવત્ લાગે છે. એકલો પડું છું ત્યારે વિચારી બેસું છું કે હું કયાંક વિધાતાની ભૂલ કે અકસ્માતને કારણે તો તમારી વચ્ચે નથી આવી ગયો ને ? મિત્રો, આંદામાનની યાતનાઓની આ અસર છે કે મારા મનમાં અત્યારે પણ ધ્રુજારી ઊઠી રહી છે; કયાંક આ ચાંદીના સિક્કાઓ, આ સોનાની મુદ્રાઓ અને આ ફૂલોની માળાઓ ફરી પાછી લોખંડની જંજીરોમાં ફેરવાઈ ન જાય !''

સભાઓ રડી ઊઠી.

o o o

૨૮. દેશનું વિભાજન

૧૯૪૩નું વરસ એની સફરના અડધા પડાવ ઉપર ઊભું હતું, ત્યારે એક કલ્પનાતીત ઘટના બની.

મુસ્લિમ લીગના આક્કા, દેશના તમામ મુસલમાનોના જાતે બની બેઠેલા નેતા, કાયદે આઝમ તરીકે પોતાની જાતને ઓળખાવવામાં ગૌરવ સમજતા મહંમદઅલી ઝીણા; સામાન્ય રીતે તેઓ એટલા બધા અક્કડ અને અભિમાની પ્રકૃતિના હતા કે દુનિયામાં કોઈ વ્યકિતને ઘટિત માત્રાનો આદર આપવામાં પણ નાનમ સમજતા હતા. ખુદ ગાંધીજી દસ વાર એમને મળવાની વાત કરે ત્યારે ઝીણા એક વાર હા પાડતા. એ પણ ગાંધીજી સામે ચાલીને ઝીણા હાઉસની મુલાકાતે જાય તો જ વાત જામે.

આવા ઝીણા સાહેબને એક દિવસ દુર્બુદ્ધિ સૂઝી, ને સાવરકરને મળવાનો સુવિચાર એમના દિમાગમાં પ્રગટ્યો.

ડૉ. હેમણદાસ વાધવાણી એમના સાથી પ્રધાન હતા અને વાધવાણી વીર સાવરકરના પણ નિકટના મિત્ર હતા. એટલે ઝીણાએ એમને પ્યાદા તરીકે પસંદ કર્યા.

''ડૉ. વાધવાણી, તમે મિ. સાવરકરને મારો સંદેશ પહોંચાડશો કે પ્રાંતીય સરકારમાં સંયુકત પ્રધાનમંડળ રચવાના મુદ્દે કાયદે આઝમ તમારો સહકાર માગે છે અને તમને મળવાની ઈચ્છા ધરાવે છે.''

ડૉ. વાધવાણીએ ટપાલીકર્મ પૂરું કર્યું. ઝીણાનો સંદેશો સાવરકરના કાન સુધી પહોંચાડી આપ્યો.

સાવરકરે જવાબ આપ્યો, ''મિ. ઝીણાને કહેજો કે સંયુકત સરકારના ગઠનની ચર્ચા જો પાકિસ્તાનના વિકલ્પ રૂપે જ કરવાની હોય તો હું એમને મળવા તૈયાર છું. અને આ વાત ઝીણાને ખાસ કહેજો કે એમણે બૅરિસ્ટર સાવરકરને મળવા માટે સાવરકર સદન ઉપર આવવું પડશે.''

સાવરકરનો જવાબ સાંભળીને ઝીણા ધૂંધવાયા, ''સાવરકર સદન શા માટે? ઝીણા હાઉસ કેમ નહી ?''

સાવરકરનો હંટરના ચાબખા જેવો જવાબ, ''નંદી સાગરને મળવા જાય છે, સાગર નદીને મળવા નથી જતો ! હું વિશાળ બહુમતી ધરાવતા હિંદુ સમુદાયનો નેતા છું, જ્યારે તમે મુઠ્ઠીભર મુસલમાનોના માલિક છો !''

ડૉ. વાધવાણીનું કામ વધી પડ્યું. છંછેડાયેલા ઝીણાએ આખરી શસ્ત્ર બહાર કાઢ્યું, ''એમને કહો કે કાયદે આઝમ તમારા કરતા ઉમરમાં મોટા છે, એટલે તમારે એમના ઘરે જવું જોઈએ.''

સાવરકરનો જવાબ, ''ઝીણાને કહેજો કે થોડાંક વરસ વહેલાં આ પૃથ્વી ઉપર આવી જવા માત્રથી કોઈ મોટું કે માનને પાત્ર નથી બની જતું; રસ્તા વચ્ચે પડેલો પથ્થર આપણા બંને કરતાં ઉમરમાં મોટો હોઈ શકે છે; તો શું તમે એને મહાન તરીકે સ્વીકારી લેશો ?''

એક હિંદુ બૅરિસ્ટરના તર્ક આગળ એક મુસ્લિમ કાયદેઆઝમ પહેલી વાર પરાજિત થઈ રહ્યો હતો. હવે ઝીણા પોતાની આબરૂ બચાવવા ઉપર ઊતરી પડ્યા, ''ડૉ. વાધવાણી, એમણે તમે સમજાવવો કે જો ઝીણા હાઉસ નહીં, તો સાવરકર સદન પણ નહીં ! અમારા બંનેમાંથી કોઈ મોટું નહીં, કોઈ નાનું પણ નહીં. અમે તમારી કારમાં બેસીને રસ્તા ઉપર બંધ બારણે મંત્રણા કરીએ ! તમને કેવો લાગ્યો મારો વિચાર ?''

મુસલમાનનો વિચાર સિંધીના ગળે તો ઊતરી ગયો પણ મરાઠી વાઘના કાનમાં ન ઊતર્યો, ''તમેય શું, વાધવાણી ? ખાલી અમથા દોડાદોડી કરો છો ? આ સિંહના હજુ એટલા ખરાબ દિવસો નથી આવ્યા કે એણે મંત્રણા માટે ચાર પૈડાંવાળા પીંજરામાં પૂરાવું પડે !''

છેવટે ઝીણાએ હથિયારોનું ભાથું હેઠે મૂકી દીધું, ''ભાઈ, વાધવાણી ! તું એ મહાપુરુષને હાથ જોડીને સમજાવ કે આપણે એક હોટલનો કમરો ભાડે રાખીએ અને ત્યાં મુલાકાત ગોઠવીએ.''

સાવરકરે પાડવા ખાતર હા તો પાડી, પણ આજે નહીં, પણ કાલે...કાલે નહીં, પણ એ પછીના અઠવાડિયે...હમણાં મને નહીં ફાવે...એમ કરતાં-કરતાં સમય પસાર કરવા માંડ્યા.

મૂળ તો આ ઝીણાની પદ્ધતિ હતી. મળવાનો વાયદો વારંવાર પાછળ ઠેલીને એ સામેવાળાના માન-સન્માનનું અવમૂલ્યન કરી નાખતા હતા. આજે પહેલી વાર કોઈ માણસ એમને માથાનો મળ્યો હતો. છેવટે ધીરજ ખોઈ બેઠેલા ઝીણાએ અકળાઈને પૂછી લીધું, ''મારે ક્યાં સુધી આમને આમ રાહ જોયા કરવાની છે ? છેલ્લી વાર કહી દો; આજે મળવાનું છે કે કાલે ?''

સાવરકરે બે હાથ પહોળા કરીને આળસ મરડી, પછી બગાસું ખાઈને બોલ્યા, "મને લાગે છે કે આપણે બે મહિના પછી મળીએ તો કેમ રહેશે ?"

અદાલતમાં મુદ્દત ઉપર મુદ્દતનો ખેલ પાડીને જંગ જીતી જનારા કાયદેઆઝમ બેરિસ્ટરે નાખેલી મુદ્દતનો માર સહન ન કરી શકયા. બે ધુરંધર નેતાઓ વચ્ચે મિલન શકય ન બન્યું. હિંદુઓનો હિમાલય મુસલમાનોના મેદાનમાં આવવા જેટલો નીચે ન ઝૂકયો.

* * *

ફેબ્રુઆરી, ૧૯૪૪માં આગાખાન મહેલમાં કસ્તુરબાએ પ્રાણ ત્યાગ્યા. આખો દેશ શોકમાં ડૂબી ગયો. ગાંધીજીના કટ્ટર રાજકીય વિરોધી સાવરકરે તાર દ્વારા દિલાસો લખી મોકલ્યો, "કસ્તુરબાના અવસાન પ્રસંગે હું ભારે હૈયે સંવેદનાઓ પાઠવું છું. તેઓ એક વફાદાર પત્ની અને વહાલસોયી માતા હતાં. એમણે ઈશ્વરની ભકિત અને માનવીની સેવા કરતાં-કરતાં જીવન જીવ્યું અને મૃત્યુને મેળવ્યું. તમારા આ દુઃખમાં પૂરો દેશ સહભાગી છે."

પછી તો ૧૯૪૪ની અધવચ્ચે ગાંધીજીને એમની નાદુરસ્ત તબિયતના કારણે જેલમાંથી મુકત કરવામાં આવ્યા.

સાવરકરે ગાંધીજીને પત્ર લખીને પોતાનો રાજીપો વ્યકત કર્યો, અંગ્રેજ સરકારની ઉદારતા બદલ આભાર દર્શાવ્યો અને પ્રભુને પ્રાર્થના કરી કે તેઓ જેમ બને તેમ જલદીથી ગાંધીજીનું સ્વાસ્થ્ય પહેલાં હતું તેવું કરી આપે. પત્રના અંતમાં સાવરકરે લખ્યું કે હું સરકારને અનુરોધ કરું છું કે જવાહરલાલ નહેરુ તથા અન્ય કૉંગ્રેસી આગેવાનોને પણ વહેલી તકે જેલમાંથી છોડી મૂકવામાં આવે !

આ હતી સિંહપુરુષના હૃદયની વિશાળતા. આપણે ગમે તેટલા ભૂલંકણા હોઈએ તો પણ આ ઘટના જાણ્યા પછી આપણને નજીકનો ભૂતકાળ યાદ આવ્યા વિના નહી રહે; જ્યારે વીર સાવરકરની જેલમુકિત માટે સહી ઝુંબેશ ચાલતી હતી, ત્યારે આ જ જવાહરલાલે એમાં સહી કરવાની સાફ ના પાડી દીધી હતી. એટલું જ નહી, પણ આખો કાગળ જ ફાડીને કચરાટોપલીમાં ફેંકી દીધો હતો.

૧૯૪૪નું વરસ હિંદના રાજકારણમાં કલ્પનાતીત ધરતીકંપોને લઈને આવ્યું. રાજાજીએ ધડાકો કર્યો, "હું પાકિસ્તાનની રચનાનો સ્વીકાર કરું છું. ગાંધીજી સાથે મારે આ વિશે વાત થઈ ચૂકી છે. જ્યારે આગાખાન મહેલમાં ગાંધીજી ઉપવાસ ઉપર હતા ત્યારે એમણે ગુપ્તપણે મને ઝીણાની મુસ્લિમ લીગ સાથે વાટાઘાટો કરવાની મંજૂરી આપી હતી. એમણે કહ્યું હતું કે તેઓ પાછળથી કૉંગ્રેસને આ સમાધાન માટે મનાવી લેશે."

૧૯૪૪ની સોળમી જુલાઈએ રાજાજીએ કહ્યું, ''છેલ્લા બે વરસથી હું પાકિસ્તાનની બાબતે કામ કરી રહ્યો છું. મારી પ્રવૃત્તિને ગાંધીજીનો સંપૂર્ણ ટેકો છે અને હું જાણું છું કે મુસ્લિમ લીગ જે વસ્તુને મેળવવા માટે છેક ૧૯૪૦ની સાલથી ધમપછાડા કરી રહી હતી, એ ચીજ, જેનું નામ પાકિસ્તાન છે, તે અમે આપી રહ્યા છીએ.''

છેલ્લાં બે વરસથી ચાલતી આવેલી વાટાઘાટો ! એ પણ ગુપ્તપણે ! સત્યના પૂજારી મહાત્મા ગાંધીજી દરેક વાતમાં પારદર્શિતા જાળવવાના આગ્રહી હતા, તેઓ આ વિષયમાં શી રીતે ગુપ્તતા જાળવી શકયા ?! કોઈના ગળે આ વાત ઉતરશે ?!

કદાચ દેશમાં જ નહી, પણ દુનિયા આખીમાં ગાંધીજીના મનનું ખરું વિશ્લેષણ એક માત્ર સાવરકર કરી શકયા હતા. શું વીર સાવરકર ખોટા હતા જેમણે ૧૯૪૨માં જાહેર કર્યું હતું કે ગાંધીજીનો 'હિંદ છોડો' નારો ભવિષ્યમાં 'હિંદ તોડો'નો નારો ન બની જાય તો સારું ?!

રાજાજીની જાહેરાત પછી તરત જ ગાંધીજી સક્રિય બની ગયા. એમણે પંચગિનીથી ઝીણાને પત્ર લખ્યો, ''હું તમને મળવા ઈચ્છું છું.'

ઝીણા એ વખતે શ્રીનગરમાં હતા. એમણે ચોવીસમી જુલાઈએ ગાંધીને જવાબ લખ્યો, ''હું મુંબઈ પહોંચું એ પછી તમે મારા ઘરે પધારો !''

આ રીઢા રાજકારણીને પાકિસ્તાન નામની સ્વાદિષ્ટ વાનગી રંધાવાની સુગંધ આવી રહી હતી. એમની તો જિંદગી સફળ થઈ રહી હતી.

આ યોજના જ્યારે પ્રકાશમાં આવી, ત્યારે કૉંગ્રેસને અને સમાચારપત્રોને પણ પ્રારંભિક આંચકો તો અવશ્ય લાગ્યો, પણ કૉંગ્રેસે જ્યારે જાણ્યું કે રાજાજીના આ અપવિત્ર કાવતરાને માથે મહાત્માજીના છૂપા આશીર્વાદ રહેલા છે, ત્યારે એણે તરત જ મૌન ધારણ કરી લીધું.

આખા દેશમાં ગર્જના કરનારો સિંહ માત્ર એક જ હતો, ''હું દેશવાસીઓને અનુરોધ કરું છું કે તેઓ પોતાની પૂરી તાકાતથી દેશના વિભાજનનો વિરોધ કરે ! ૧૯૪૪ના એપ્રિલના પહેલા અઠવાડિયાને 'અખંડ હિંદુસ્તાન' અને 'પાકિસ્તાન વિરોધી' સપ્તાહ તરીકે ઉજવવામાં આવે !''

* * *

દેશના ટુકડા કરીને એમાંથી પાકિસ્તાન નામના નવા દેશની સોનેરી ભેટ ઝીણાના ચરણોમાં ધરી દેવા માટેની પ્રક્રિયા મહાત્માજીએ શરૂ કરી દીધી ! તેઓ સામે ચાલીને ઝીણાના મહેલનૂમા મકાનમાં વાટાઘાટો માટે ગયા. રસ્તામાં કોઈ દેશભકત હિંદુ એમના ઉપર હુમલો ન કરી બેસે એટલા માટે ખાકસાર નામના મુસલમાનો એમના રક્ષણ માટે જોડાયા.

૧૯૪૪ના સપ્ટેમ્બરમાં પૂરા ત્રણ સપ્તાહ સુધી વાટાઘાટો ચાલતી રહી. બધું મળીને કુલ ઓગણીસ વાર ગાંધીજી ઝીણાના બંગલે ગયા. બદલામાં ઝીણાએ એક પણ વાર ગાંધીજીના નિવાસે આવવાની તસ્દી ના લીધી. મંત્રણાઓમાં વિક્ષેપ ન પડે એટલા માટે ગાંધીજીએ ખાસ છૂટછાટ મૂકીને તેમનો મૌનવાર સોમવારને બદલે રવિવાર કરી નાખ્યો.

જે ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે 'દેશના ટુકડા થતાં પહેલાં મારા દેહના ટુકડા થશે;' એ જ ગાંધીજી અંતે મુસલમાનોની માગણી આગળ ઝૂકી જઈને માતૃભૂમિને નકશા ઉપર કુહાડીનો ઘા મારી આવ્યા.

સાવરકરે જ્યારે આ સમાચાર સાંભળ્યા, ત્યારે એમની છાતી ચીરાઈ ગઈ. થાક અને બીમારીથી તૂટી ગયેલી હાલતમાં પણ એમણે દેશવાસીઓને જગાડવાની કોશિશ અવશ્ય કરી, ''હે, મારા બાંધવો ! તમે મીઠા ઘેનમાંથી જાગો ! જુઓ, જુઓ ! જે કૉંગ્રેસ દેશને સંગઠિત કરવા માટે જન્મી હતી એ જ અત્યારે દેશના ટુકડા કરી રહી છે. મારી સાથે જોડાઈને કોઈ એને અટકાવો !''

પણ સમયના શિલાલેખ ઉપર કોતરકામ થઈ ચૂક્યું હતું. ધૂર્ત ઝીણા મહાત્માની નિર્બળતાનો સંપૂર્ણ ગેરલાભ ઉઠાવીને વિશ્વના નકશા ઉપર એક લીલો દેશ ચીતરી ચૂક્યો હતો !

અધૂરામાં પૂરું સાવરકર એમની જિંદગીમાં સૌથી મોટા આઘાતનો સામનો કરવા જઈ રહ્યા હતા.

૧૯૪૫ના માર્ચ મહિનામાં એમના મોટા ભાઈ ગણેશપંતનું સાંગલી ખાતે દેહાવસાન થયું.

''બાબા ગયા ?!!'' આ વાક્ય જ તાત્યાને તોડી નાખવા માટે પર્યાપ્ત હતું. બાબા એમના માટે પથદર્શક, હેતાળ પિતા સમાન વડીલ અને સમકાલીન સહયોગી હતા. જગતના ઈતિહાસમાં વીર સાવરકર એક માત્ર એવા ધન્યાભાગી ક્રાંતિવીર હતા જેમને પોતાનાથી મોટા અને નાના એમ બંને ભાઈઓનો શત-પ્રતિશત પ્રેમ અને સહકાર મળ્યો.

આખરી દિવસોમાં બાબા માંદગીમાં ખૂબ રિબાયા. દર મહિને તાત્યા તરફથી એમને સો રૂપિયાની સહાય મળી રહેતી હતી.

એમની મરણપથારી વખતે ખુદ સાવરકર તો એમની સેવા ન કરી શકયા, પણ નાના ભાઈ ડૉ. નારાયણ રાવે બાબાની ખૂબ પ્રેમપૂર્વક ચાકરી કરી બતાવી.

દેશ અને દુનિયામાંથી વીર સાવરકર ઉપર આશ્વાસનોનો વરસાદ વરસ્યો. ગાંધીજીએ પણ કસ્તુરબાના અવસાન વખતનો વાટકી વહેવાર સાચવવા માટે દિલાસાનો કાગળ લખી મોકલ્યો, પણ તે કયા સરનામે ? વરસો પુરાણા

રત્નાગીરીના સરનામે ! ગાંધીજી સારી પેઠે જાણતા હતા કે હાલમાં સાવરકર મુંબઈ ખાતે રહેતા હતા. પોતાની ચીવટ માટે મુલક મશહૂર મહાત્માએ જાણી જોઈને આવું કર્યું હશે ? કે પછી મહાન માણસની એ નાનકડી ભૂલ હશે ?

બરાબર એ જ અરસામાં હૈદ્રાબાદના નિઝામનાં અમ્મીજાનનું મૃત્યુ થયું. સાવરકરને ખોટા સરનામે સાદું પોસ્ટકાર્ડ મોકલનાર મહાત્માજીને દેશના શત્રુ નિઝામની માના ખરખરા માટે તાબડતોબ એક ટેલિગ્રામ મોકલી આપ્યો ! એ પણ સાવ સાચા સરનામે.

આશ્ચર્યની અવધિ તો ત્યાં આવી ગઈ કે દુનિયાના તમામ દેશોમાંથી સમાચારપત્રો, નેતાઓ અને રાજકારણીઓ તરફથી શોકસંદેશાઓનો અવિરત પ્રવાહ ચાલુ થઈ ગયો, જેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની અને જાપાનના મહાનુભાવોનો સમાવેશ થતો હતો, એ બધાંને વીર સાવરકરના મુંબઈ ખાતેના સાચા સરનામાની ખબર હતી !

ઝેરનો છેલ્લો કટોરો પણ સિંહપુરુષ ગટગટાવી ગયા. મોટું મન રાખીને એમણે શુદ્ધ હિંદીમાં મહાત્માને ઉદ્દેશીને આભારનો પ્રત્યુત્તર લખી નાખ્યો.

* * *

દેશનું કિસ્મત ઝડપથી કરવટ બદલી રહ્યું હતું. બ્રિટનમાં સામાન્ય ચૂંટણીઓ બાદ કૉન્ઝર્વેટિવ પક્ષને ધોબીપછાડ આપીને મજૂરપક્ષ ફરીથી સત્તાસ્થાને આવી ગયો હતો. એ સમય ૧૯૪૫નો જુલાઈ માસ હતો.

અખંડ હિંદુસ્તાનની ધૂણી ધખાવીને બેઠેલો એક માત્ર પ્રમુખ રાજનેતા થાક, બીમારી અને મોટા ભાઈના મૃત્યુના આઘાતના ત્રિવિધ મારમાંથી ઊંચો નહોતો આવ્યો. સાવરકરે એક મિત્રને મોકલેલા ટેલિગ્રામમાં લખેલું હતું : ''મારું ચેતાતંત્ર છેલ્લા બે વરસથી જવાબ દઈ રહ્યું છે. હવે હું ભાંગી પડ્યો છું.''

અને મુસ્લિમ લીગના ખૂંખાર નેતાઓ હવે ગુંડાગીરી ઉપર ઊતરી આવ્યા હતા. કાયદેઆઝમના ગાઢ સાથીદાર સર ફિરોઝખાન નૂને ચોખ્ખું કહી દીધું હતું, ''જો અમને વહેલી તકે પાકિસ્તાન આપી દેવામાં નહીં આવે તો, મુસલમાનો આ દેશમાં જે વિનાશ અને હાહાકારનું તાંડવ રમશે એ ચંગીઝખાને કરેલા રકતપાતને પણ ભૂલાવી દેશે.''

બ્રિટિશ પ્રધાનમંડળે સ્પષ્ટ કરી દીધું, ''અમે હિંદમાં સત્તાનો હાથબદલો કરવા તત્પર છીએ. ૧૯૪૮ના જૂન પહેલાં અમે દેશનું સુકાન યોગ્ય હાથોમાં સોંપી દેવા માગીએ છીએ.''

એમણે આપેલા વચનના ભાગ રૂપે લૉર્ડ માઉન્ટબેટને ૧૯૪૭ની બાવીસમી માર્ચે હિંદની ધરતી ઉપર પગ મૂકયો.

કૉંગ્રેસી નેતાઓ હવે અધીરા બની ગયા. પં. નહેરુએ ૨૯મી એપ્રિલના રોજ કહ્યું, ''જો મુસ્લિમ લીગને પાકિસ્તાન જોઈતું જ હોય તો અમે આપવા તૈયાર છીએ. તેઓ સ્વીકારી લે !''

સરદાર પટેલે ૧૪મી એપ્રિલે મુંબઈ ખાતે વિધાન કર્યું, 'જો દેશના ભાગલા પડવાના જ હોય, તો તે શાંતિપૂર્વક પડે ! આપણે પરસ્પર સમજણ સાથે છૂટા પડીએ.''

રાજેન્દ્રબાબુએ જાહેર કર્યું, ''મને હિંદુસ્તાન અને પાકિસ્તાનની ચિંતા નથી સતાવી રહી. એ તો દીવાલ ઉપરનું લખાણ છે, પણ મારી ચિંતા એ છે કે લશ્કરની વહેંચણી શી રીતે કરીશું ?''

અને એક 'ગાંડો' દેશભક્ત અરણ્યરૂદન કરી રહ્યો હતો, ''હિંદ એક છે અને અખંડ છે. તમે જે શાંતિ માટે એના ભાગલા પાડી રહ્યા છો એ શાંતિ કયારેય નહી આવે. શાંતિ પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય છે : ભવિષ્યમાં આ બધા ટુકડાઓને ભેગા કરીને ફરી પાછું એક અખંડ હિંદુસ્તાન બનાવવાનો !''

ગાંધીજીએ 'ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી'ને આખરીનામું આપી દીધું, ''મારો ઠરાવ પસાર કરો ! પાકિસ્તાનની રચનાને માન્યતા આપો, નહીતર મારા જેવા વૃદ્ધ થઈ ચૂકેલા નેતાને ફેંકી દો !''

મુંબઈના અખબાર 'ફ્રી પ્રેસ જર્નલે' આ ઘટનાના સમાચાર છાપતી વખતે મથાળું બાંધ્યુ, ''દેશના નેતાઓ રાષ્ટ્રદોહ કરી રહ્યા છે !''

જે માતૃભૂમિનું ધાવણ ધાવીને કૉંગ્રેસ પક્ષ મોટો થયો હતો એણે જ માતૃભૂમિને ભાગલારૂપી ભેટ આપી.

મહાત્મા ગાંધીએ એમના રાજકીય ગુરુ ગોખલેની ભવિષ્યવાણી સાચી પાડી દીધી. ગોખલેજીએ દાયકાઓ પૂર્વે આગાહી કરી હતી, ''ગાંધી દેશના સામાન્ય માનવીઓ ઉપર અસામાન્ય પ્રભાવ પાડી બતાવશે, પણ જ્યારે ભવિષ્યમાં દેશનો તટસ્થ ઈતિહાસ લખાશે ત્યારે ગાંધીનું નામ નિષ્ફળ નેતા તરીકે આલેખાશે.''

દેશના વિભાજન માટે ગાંધીજી જવાબદાર હતા એની જોરદાર સાબિતી તરીકે 'ધી લાસ્ટ ડેયઝ ઑફ બ્રિટિશ રાજ'માં મોઝલી લિયોનાર્ડને જવાહરલાલ નહેરુએ કહેલું વિધાન છે. ગાંધીજીના પ્રિય માનસપુત્ર જવાહર લખે છે : ''જો મહાત્માજીએ અમને પાકિસ્તાનનો સ્વીકાર કરવા માટે મજબૂર ન કર્યા હોત, તો અમે આજ સુધી એની વિરુદ્ધમાં લડતા રહ્યા હોત !''

* * *

આખરે ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટનો પવિત્ર દિવસ આવી પહોંચ્યો. સ્વતંત્ર ભારતનો જન્મ થયો. ચૌદમીની મધરાતે બારના ટકોરે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ એમના ઐતિહાસિક ભાષણમાં કાવ્યાત્મક શૈલીમાં દેશવાસીઓને સંબોધન કરતાં કહ્યું, ''મધ્યરાત્રિના બારના ટકોરે જ્યારે વિશ્વ આખું ગાઢ નિદ્રામાં સૂતું છે, ત્યારે ભારત જાગી રહ્યું છે ! એ જાગી રહ્યું છે એક સ્વાતંત્ર્યભરી જિંદગીમાં ! એક ક્ષણ આવે છે, જે ઈતિહાસમાં એકાદ વાર જ આવે છે...જ્યારે એક દબાયેલા રાષ્ટ્રના આત્માને અવાજ ફૂટે છે... આ સમય દુર્ભાવ માટેનો કે બીજા ઉપર દોષારોપણ કરવાનો નથી; આપણે સ્વતંત્ર ભારતનું એક એવું ઉમદા ઘર બનાવવાનું છે જેમાં એનાં બધાં જ સંતાનો એક સાથે સંપીને રહી શકે.''

ઈતિહાસ નોંધે છે કે ૧૯૪૭ની ૧૪મી ઑગસ્ટે એ મધરાતની થોડી જ વાર પહેલાં એમની ઉપર લાહોરથી ફોન દ્વારા એવો સંદેશો આવ્યો હતો કે કોમી રમખાણો ચાલુ થઈ ગયાં છે ! આખું પાકિસ્તાન હિંદુઓના પવિત્ર, નિર્દોષ લોહીના સરોવરમાં માથાંબોળ સ્નાન કરી રહ્યું હતું !

અને....પં. જવાહરલાલ તેત્રીસ કોટિ હિંદુઓને એમની કવિતા સંભળાવી રહ્યા હતા !

એ રાત્રે જોરદાર વરસાદ પડ્યો, જેમાં લાખો ભારતવાસીઓ ભીજાઈ ગયા. શું એ વિધાતાની આંખોમાંથી ટપકતાં આંસુ તો નહોતાં ને ?

ગાંધીજીએ આઝાદ ભારતના ગૌરવંતા તિરંગા ઝંડાને સલામ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી; કારણ કે એમાંથી ચરખો હટાવી દેવામાં આવ્યો હતો ! એક માત્ર રાષ્ટ્રપિતાને છોડીને આખા દેશે રાષ્ટ્રધ્વજને સલામી આપી. હિંદુ મહાસભાના લાખો કાર્યકરોએ રાષ્ટ્રધ્વજને બદલે મહાસભાના ભગવા ઝંડાને સલામી આપીને આઝાદીનું સ્વાગત કર્યું.

વીર સાવરકરે રાષ્ટ્રધ્વજને પણ સન્માન આપ્યું અને હિંદુ મહાસભાના ધ્વજને પણ. પોતાની પરિકલ્પનાનો રાષ્ટ્રધ્વજ જે ૧૯૦૭માં જર્મનીના સ્ટટગાર્ડમાં મેડમ કામાને એમણે ફરકાવવાનો આદેશ આપ્યો હતો, એ જ ધ્વજ, સહેજસાજ ફેરફાર સાથે આજે સ્વતંત્ર ભારતના આસમાનમાં લહેરાઈ ઊઠ્યો હતો. એક સાચો રાષ્ટ્રભકત એને સલામી આપ્યા વગર શી રીતે રહી શકે ?!

અને પછી તરત જ મોંકાણના સમાચાર મળ્યા. દેશની પશ્ચિમ દિશાએથી સ્ત્રીઓના, પુરુષોના અને બાળકોના ખૂનથી છલકાતી નદીઓ સિંધ અને પંજાબની સરહદેથી દેશમાં ધસી આવી. લાખો હિંદુઓ બેઘર બની ગયા. હજારો યુવતીઓ

બળાત્કારનો ભોગ બની. કુમળાં બાળકોની કત્લેઆમ ચાલી. બળીને રાખનો ઢેર થઈ ચૂકેલાં મકાનો, લૂંટાઈ ચૂકેલી દુકાનો, ભાંગેલી ખોપરીઓ, કપાયેલાં માથાં, ધુમાડો ઓકતો કાટમાળ, સડેલા મૃતદેહો અને સ્મશાન જેવાં ભાસતાં શહેરો અને ગામડાંઓ !

કાં માત્ર કૉંગ્રેસીજનો, કાં નર્યો મૂર્ખ જ એવું કહી શકે કે દેશની આઝાદી લોહીનું એક ટીપું પણ પાડ્યા વગર મળી છે !

હિંદુવાદી સંગઠનો આ કત્લેઆમનો બદલો લેવા માટે થનગની રહ્યાં હતાં, પણ ત્યાં જ પં. નહેરુની ધમકી આવી પડી, ''જો બદલો લેવો હશે, તો સરકાર ક્યાં નથી લઈ શકતી ? પણ જો હિંદુ ફાસીવાદીઓ મુસલમાન ભાઈઓને આંગળી અડાડવાનીએ કોશિશ કરશે તો હું એમને છોડીશ નહી. એમની હાલત હિટલર અને મુસોલિની જેવી થશે !''

દેખીતી રીતે જ એમનો ઈશારો સાવરકર તરફ હતો.

સાવરકરનો આક્રોશ ભડકી ઊઠ્યો, ''અમે ક્યાં સુધી હાથમાં હાથ ધરીને બેસી રહીએ ? અને શા માટે બેસી રહીએ ? જ્યારે અમારી નજર સામે લાખો હિંદુઓ અને શીખોની લાશો અને પીંખાયેલી સ્ત્રીઓ સાથેની ટ્રેનો પાકિસ્તાનથી આવી રહી છે, જ્યારે ત્યાંની ગલી-ગલીમાં 'હંસકે લિયા પાકિસ્તાન, લડકે લેંગે હિંદુસ્તાન'ના નારાઓ ગૂંજી રહ્યા છે, ત્યારે અમે નપુંસકોની જેમ શાંતિ અને અહિંસાની માળા જપતા બેસી રહીએ ? શા માટે ? નહેરુજી, તમે દેશની આઝાદીનો જશ્ન મનાવવાનું બંધ કરો, આખો દેશ અત્યારે સક્રિય જ્વાળામુખી ઉપર બેઠો છે. એ આગ કાં તમે ઠારો, નહીતર અમને ઠરવા દો !''

એ વખતે ભારતને હિંદુ રાષ્ટ્રનો દરજ્જો આપવો કે નહી એની પણ ગરમાગરમ ચર્ચા ચાલી. સાવરકરજીનો સ્પષ્ટ આગ્રહ હિંદુ રાજ્ય માટે હતો, પણ નહેરુને તો 'હિંદુ' શબ્દ માત્રથી નફરત હતી. તેઓ એમના ભાષણમાં ભારતના પ્રજાજનો માટે 'મુસ્લિમ' અને 'નોન-મુસ્લિમ' એવા શબ્દો જ વાપરતા હતા.

અને રાષ્ટ્રપિતાનું મંતવ્ય જગજાહેર હતું : ''નિઝામી, પઠાણી કે મુસલમાની રાજ એ મારે મન સંપૂર્ણ સ્વદેશી રાજ છે, પરંતુ હિંદુ રાજ એ તો કોમવાદી, ફાસીવાદી અને રાષ્ટ્રવિરોધી રાજ્ય છે !''

આખરે ભારતને 'સેક્યુલર સ્ટેટ' તરીકે જાહરે કરવામાં આવ્યું. સામા પક્ષે પાકિસ્તાનના જન્મદાતા કાયદેઆઝમ ઝીણાના હાથમાં તકલી ન હતી, પણ તલવાર હતી. પાકિસ્તાનને 'ઈસ્લામિક રાષ્ટ્ર' તરીકે ઘોષિત કરવામાં આવ્યું.

દેશમાં ગાંધીજીની અહિંસક વિચારધારાનો વિરોધ વધી રહ્યો હતો. પાકિસ્તાનથી આવતી ટ્રેનોમાં કપાયેલા સ્તનોવાળી હિંદુ-શીખ, માતાઓ-બહેનો-દીકરીઓને જોઈને હિંદુઓનું ભ્રમનિરસન થવા માંડ્યું હતું. જેમના ચહેરા ઉપર મૂછનો એકાદ વાળ પણ ઊગી શકે તેમ હતો, એવા તમામ પુરુષો પાકિસ્તાનની નાપાક જનતાને પોતાના ભગવા રંગની તાકાત ચખાડવા માટે તડપી રહ્યા હતા.

હવે જ દેશને ભાન થયું કે અહિંસા કે ભ્રમથી વિશેષ બીજું કશું જ ન હતું. ખુદ ગાંધીજીએ મોડે-મોડે કબૂલ કર્યું કે આઝાદીની લડાઈ દરમિયાન પ્રજાએ દાખવેલી અહિંસા એ વાસ્તવમાં અહિંસા નહોતી, પણ એક જાતનો નિષ્ક્રિય પ્રતિકાર હતો.

કૉંગ્રેસી પ્રધાન અને પ્રખ્યાત ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુન્શીએ કહ્યું, ''છેલ્લાં પાંત્રીસ - પાંત્રીસ વરસથી આપણે હિંદુ-મુસ્લિમ એકતાની નારાબાજી ચલાવતા આવ્યા છીએ, પણ આ નારાબાજીને વળગી રહેનારા ફક્ત હિંદુઓ જ છે; મુસ્લિમોએ એ પોકળ નારાઓમાં સમાયેલા પોલાણનો ભરપૂર ગેરફાયદો ઉઠાવી જાણ્યો છે.''

યાદ રહે કે શ્રી મુન્શી મહાત્માજીના ચુસ્ત ટેકેદાર હતા. એમણે એક પુસ્તક પણ લખેલું, જેનું શીર્ષક હતું : આઈ ફૉલો ધી મહાત્મા.

બાબુ પુરુષોત્તદાસ ટંડને કહ્યું, ''ગાંધીજીએ આપેલો સંપૂર્ણ અહિંસાનો સિદ્ધાંત સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યો છે. આ અર્થહીન સિદ્ધાંતને કારણે દેશના ભાગલા થયા છે.''

૧૯૪૭ની ૨૬મી ઑકટોબરે મુંબઈના પ્રખ્યાત અંગ્રેજી સાપ્તાહિક 'ભારત જ્યોતિ'એ તંત્રીલેખમાં લખ્યું, ''અત્યારે ગાંધીજી પોતાના રાજકીય અભિયાનની ઘોર નિષ્ફળતાના જીવતા-જાગતા સાક્ષી છે. ગાંધીજીનું સત્ય કદાચ શક્તિશાળી હશે, પરંતુ ઝીણાનું જુઠ્ઠાણું વધારે સામર્થ્યવાન છે.''

રોષ અને આક્રોશથી છલકાતી પ્રજા હવે આ શાંતિના ફરિશ્તાને શોધી રહી હતી. આઝાદીની પૂર્વ સંધ્યાએ કોલકત્તામાં એક ટોળાએ ગાંધીજીના નિવાસસ્થાન ઉપર પથ્થરમારો કર્યો. હિંદુઓના ઘાતકી હત્યારા બંગાળના મુખ્યમંત્રી સુહરાવર્દીને ગાંધીજીને 'શહીદ સુહરાવર્દી'ના વિશેષણથી નવાજ્યા. લોકોએ પોકારો કર્યા, ''ગાંધી પાછા જાઓ !''

ઉપવાસ ઉપર બેઠેલા ગાંધીજીને મનાવવા માટે દોડી આવેલા નહેરુને એ વાતનો આઘાત લાગ્યો કે બહાર ઊભેલાં ટોળાંએ ચિલ્લાઈ રહ્યાં હતાં, ''ગાંધીને મરવા દો !''

બરાબર આ સમયે પાકિસ્તાને ભારતની સાથે ભળી ચૂકેલા કાશ્મીર રાજ્યમાં ઘૂસણખોરી શરૂ કરી દીધી. નવજાત રાષ્ટ્રનું લશ્કર રણમોરચે લાલચટ્ટાક ખૂન વહાવતું હતું, ત્યારે કૉંગ્રેસ સરકાર અહિંસાનું નામ - રટણ કરતી હતી.

પ્રજાને હવે જ ભાન થયું કે દેશને આઝાદ કરવા માટે ચરખો, રેંટિયો કે તકલી કદાચ ચાલી શકે, પણ દેશની આઝાદીનું રક્ષણ કરવા માટે તોપ, ગોળા બંદૂકો જ કામ લાગે છે !

જનતાના ઝખમો ઉપર મલમ લગાવવા જેવું થોડું - ઘણું કામ એકલા સરદાર પટેલ કરી રહ્યા હતા. એમણે ૧૯૪૮ના જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેરમાં કહ્યું, ''જે મુસલમાનો આ દેશને વફાદાર ન હોય તેઓ ભારત છોડીને પાકિસ્તાન ચાલ્યા જાય !''

તરત જ બાપુનો ફેંસલો આવી પડ્યો, ''આજ સુધી હું એવું માનતો હતો કે હું અને સરદાર બે ખોળિયાં અને એક જીવ જેવા છીએ; પણ આજે ખબર પડી કે અમે બંને જુદા છીએ !''

આખરે કોપીનમાં છેલ્લો ખીલો ઠોકાવાની ક્ષણ આવી પહોંચી. રાષ્ટ્રપિતાએ જીદ પકડી, 'દેશના વિભાજન વખતે પાકિસ્તાનના ભાગમાં આવતા પંચાવન કરોડ રૂપિયા ભારતે આપી દેવા પડશે.''

પાકિસ્તાન એ વખતે કાશ્મીર મોરચે યુદ્ધમાં રત હતું. નહેરુ અને સરદાર બંનેનું માનવું એવું હતું કે આ પંચાવન કરોડ રૂપિયા પાકિસ્તાન આપણા દેશ સામે યુદ્ધ લડવામાં જ વાપરવાનું છે. માટે એ રકમ આપણે ન આપવી જોઈએ.

આખરે સત્યના પૂજારીની જીદ આગળ સરકારને ઝૂકી જવું પડ્યું. રાજહઠ જીતી ગઈ, રાજનીતિ હારી ગઈ.

* * *

આટલી બધી અંધાધૂંધી, આટલો જબરજસ્ત ક્ષોભ, આવડો મોટો અન્યાયબોધ; આ બધાંનો સરવાળો કરો તો અંતે જવાબમાં શું મળે ?

એ જ થાય જેની કલ્પના લગભગ બધા જ સમજદાર લોકોએ કરી હોય અને છતાં જેની આશા કે ઈચ્છા કોઈએ પણ ન રાખી હોય ! આખરે એમ જ થયું.

૧૯૪૮નું વરસ. ૩૦મી જાન્યુઆરીનો મનહૂસ દિવસ. સાંજે ૫-૩૦ વાગ્યે રાષ્ટ્રપિતા ગાંધીજી જ્યારે બિરલા ભવનના ચોગાનમાં પ્રાર્થનામાં હાજરી આપવા જઈ રહ્યા હતાં, ત્યારે નથુરામ ગોડસે નામના એક કટ્ટરપંથી જુવાને એમની છાતીમાં એક પછી એક ત્રણ-ત્રણ ગોળીઓ ધરબી દીધી.

એ હૃદયવિદારક ક્ષણ હતી. આ રાષ્ટ્રના માથે મોહનદાસ કરમચંદ ગાંધીના અસંખ્ય ઉપકારો હતા, છે અને રહેશે. મહાત્માજી જે સિદ્ધાંતોમાં માનતા હતા, એની સાથે જીવ્યા અને એ સિદ્ધાંતોની સાથે, એ સિદ્ધાંતોના કારણે જ મૃત્યુ પામ્યા.

આ દેશના કરોડો-કરોડો પ્રજાજનો ઉપર કોઈ એક નેતાનો આટલો મોટો પ્રભાવ મહાત્માજી સિવાય બીજા કોઈનો પડેલો નથી. એમની રાજનીતિ વિશે વાદ-વિવાદ, ચર્ચા-પ્રતિચર્ચા કે પ્રશંસા-ટીકા હોઈ શકે, પણ એમની મહાનતા વિશે માત્ર અને માત્ર સર્વસંમતિ જ હોઈ શકે.

એમની મહાનતાને આપણે શ્રેષ્ઠ અંજલિ શું આપવાના હતા ? એ આદરાંજલિ તો ખુદ નથુરામ ગોડસેએ પાછળથી અદાલતમાં વાંચેલા પોતાના નિવેદનમાં આપી દીધી, ''જગતની આ અકે માત્ર ઘટના છે, જેમાં ખૂની પોતાના શિકારનો વધ કરતાં પહેલાં એના ચરણોમાં ઝૂકીને પ્રણામ કરતો હોય ! મેં કરેલા પ્રણામ એ મહાત્માજીની અત્યાર સુધીની દેશસેવાનો ઋણસ્વીકાર હતો.''

o o o

૨૯. ગાંધી હત્યા

નથુરામ વિનાયક ગોડસેની પિસ્તોલમાંથી ત્રણ ગોળીઓ વછૂટી એની સાથે જ આંતર્રાષ્ટ્રીય ફલક ઉપરનો સૌથી દેદીપ્યમાન સિતારો ખરી પડયો. આ હત્યા ધોળા દિવસે કરવામાં આવી હતી, એક જાહેર સ્થાનમાં કરાયેલી હતી અને સેંકડો માણસોની હાજરીમાં કરાવમાં આવી હતા.

સમાટાર માધ્યમોએ હત્યારા વિશે આ શબ્દોમાં માહિતી પીરસી હતી : સાડત્રીસ વર્ષનો અપરિણીત પુરુષ. ઊજળો વાન, ઊંચાઈ મધ્યમ. ચોરસ જડબાં. દૃઢ અને સૌમ્ય ચહેરો. ગંભીર પણ ચકળવકળ થતી આંખો. વિશાળ કપાળ, વિપુલ માત્રામાં, વ્યવસ્થિતપણે હોળેલા વાળ, હત્યારાએ વાદળી રંગનું પેન્ટ અને ખાખી રંગનો બુશકોટ પહેર્યો હતો. સમગ્રતયા વ્યકિતત્વ એક એવા માણસનું ઊઠતું હતું. જે કોઈ ચોક્કસ હેતુને વરેલો હોય.

મહાત્મા ગાંધીજીની હત્યાના સમાચાર દેશ અને દુનિયામાં આગની જેમ પ્રસરી ગયા. હિંદુસ્તાનભરમાં જાણે ધરતીકંપનો જોરદાર આંચકો આવ્યાં હોય એમ દેશ ધ્રૂજી ઊઠયો ! દુકાનો ફટાફટ બંધ થઈ ગઈ. રાષ્ટ્રધ્વજ અર્ધી કાઠીએ ફરકી રહ્યો. સિનેમાના ખેલ રદ કરી દેવામાં આવ્યા. હજુ હમણાં જ બે ટુકડાઓમાં વિભાજિત બનીને લોહીઝરતી, કણસતી ભારતમાતા પોતાના આ સૌથી મહાન સપૂતને ગુમાવી દઈને રકતભીનાં આંસુ સારતી રહી.

થોડા સમય માટે તો આખું વિશ્વ સ્તબ્ધ બની ગયું. આ મહાન વિભૂતિના અવસાન બાદ પૃથ્વીના ખૂણે-ખૂણેથી શ્રદ્ધાંજલિઓ અને શોકસંદેશાઓની ધોધમાર વર્ષા વરસી પડી. હિંદુઓ આક્રંદ કરતા હતા. લઘુમતી કોમો ડૂસકે ચડી હતી. મુસલમાનોએ કહ્યું કે અમે અનાથ બની ગયા ! એંગ્લો-ઇન્ડિયનોને લાગ્યું કે આટલી મોટી ખોટ એમણે અનુભવી નથી અને ભવિષ્યમાં કયારેય અનુભવશે પણ નહી. વોરાઓના ધર્મગુરુએ ખેદ જતાવ્યો અને અફઘાન સરદારો પણ શોકમાં ગરકાવ થઈ ગયા.

પણ આ બધો હરાકાત્મક પ્રતિસાદ હતો. ખરી ચિંતા તો ગાંધીજીની હત્યા પછી જાગેલી નકારાત્મક પ્રતિક્રિયાની હતી. લોકો હિંદુ મહાસભા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપર આંખો બંધ કરીને તૂટી પડયા. આની પાછળનો તર્ક શો હતો ?

તર્ક માત્ર એટલો જ કે હત્યારો ગોડસે એની પ્રારંભિક યુવનીમાં આર.એસ.એસ.નો કાર્યકર્તા હતો અને પાછળથી તે હિન્દુ મહાસભાની 'અખિલ ભારતીય સમિતિ'નો આગળ પડતો સભ્ય હતો. મહારાષ્ટ્રમાં એનું નામ પત્રકાર તરીકે જાણીતું હતું. તે 'અગ્રણી' નામક મરાઠી દૈનિક અખબારનો તંત્રી હતો. તે વિદ્વાન હતો અને જનતા અને પંડિત નથુરામ ગોડસે કહીને બોલાવતી હતી. એની ગણના એક સમયે વીર સાવરકરના જમણી હાથ અને અગત્યના સરદાર લેખે થતી હતી.

પણ ગોડસેની પોતાની આગવી વિચારધારા હતી. એ ભારતમાતાને એ હદે ચાહતો હતો તે ૧૯૪૭ના વિભાજનને ગોડસે પચાવી શકયો ન હતો. અખંડ હિંદુસ્તાન માટેનું એનું તીવ્ર ઝનૂન એને પોતાના શાણપણ ભર્યા ગુરુજી વીર સાવરકરથી પણ અલગ દિશામાં ખેંચી ગયું હતું, એ હકીકત ગૌણ બની ગઈ.

આ બધાંનો સરવાળો ગાંધીભકતોની તીવ્ર પ્રતિક્રિયારૂપે આવ્યો. મહારાષ્ટ્રમાં ઠેર-ઠેર સંઘ કાર્યાલયો અને હિંદુ મહાસભાની કચેરીઓ ઉપર હુમલાઓ કરવામાં આ [illegible] લોકોએ હિંદુ મહાસભાના ધ્વજો બાળ્યા, એનાં છાપખાનાં સળગાવ્યાં અને આ સંસ્થા સાથે સંકળાયેલી લોકો પર શારીરિક આક્રમણો કર્યા. જેની અટક ગોડસે હતી, એનું તો આવી જ બન્યું. હિંદુ સંગઠનો સાથે જોડાયેલા રાષ્ટ્રવાદીઓનાં ઘરો અને દુકાનો ફૂંકી મારવામાં આવ્યાં. પુરુષો તો સમજ્યા, પણ સ્ત્રીઓ અને બાળકોને પણ નિશાન બનાવવામાં આવ્યાં.

અને આ બધું મહાત્મા ગાંધીજીની હત્યાના બહાને કરવામાં આવ્યું; એ મહાત્મા જેઓ સત્ય અને અહિંસા માટે જીવ્યા હતા અને એના માટે જ મૃત્યુ પામ્યા હતા !

જે લોકોની વફાદારી કમજોર હતી તેવા સભ્યોએ હિંદુ મહાસભા સાથેનો એમનો સંબંધ કાપી નાખ્યો. સ્થાનિક તેમજ જિલ્લા કક્ષાના પદાધિકારીઓએ તેમના હોદ્દાઓ પરથી ત્યાગપત્રો આપી દીધા. ગોડસે પુણે શહેરના હતા, એટલે આખા શહેરમાં સવારથી સાંજ સુધીની સંચારબંધી લાદવામાં આવી. જ્યાં જુઓ ત્યાં રોષ હતો, આક્રોશ હતો અને અંધાધૂંધી હતી. કેટલાક પ્રાંતોમાં બ્રાહ્મણેતર કોમોના લોકોએ બ્રાહ્મણો ઉપર હુમલા શરૂ કર્યા. કેટલાંક શહેરોમાં કૉંગ્રેસ તરફી કાર્યકરો અને આર.એસ.એસ. તેમજ હિંદુ મહાસભાના સમર્થકો વચ્ચે હાથપાઈની ઘટનાઓ ઘટી. સહુથી વધુ કમકમાટીજનક હુમલાઓ સાંગલી, કોલ્હાપુર અને મીરજ જેવાં શહેરોમાં બનવા પામ્યા.

અન્ય શહેરોમાં રકતપાતનું પ્રમાણ નહિવત્ હતું, પણ એક જગ્યાએ એક પૂરા પરિવારને મારી નાખવામાં આવ્યો. એક વૃદ્ધ પુરુષ, એનો યુવાન પુત્ર અને નાનો પૌત્ર અને ઘરની તમામ સ્ત્રીઓ; આ બધાને રહેંસી નાખવામાં આવ્યાં. એમનો વાંક શો હતો ? માત્ર એટલો જ કે એ પરિવારની અટક ગોડસે હતી. એમનો નથુરામ

2

ગોડસે સાથે અટકના સામ્યને બાદ કરતાં બીજો કશો યે, નહાવા-નીચોવાનો પણ સંબંધ ન હતો.

જોવાની ખૂબી એ કે આ નિર્દોષ માણસોને લોહીના તળાવમાં સૂવાડી દેનારું ટોળું પોતાને ગાંધીભક્ત અને ગાંધીજીના અનુયાયીઓ તરીકે ઓળખાવતું હતું.

(અહિંસાના આરાધક મહાત્મા ગાંધીના અનુયાયીઓ હિંસા પર ઊતરી આવે એ ઘટના આ છેલ્લી વારની ન હતી. ભવિષ્યમાં ૧૯૮૪માં આ કૉંગ્રેસીઓ આવું જ હિંસક તાંડવ ઈન્દિરાજીની હત્યા પછી પણ ખેલવાના હતા, પણ કૉંગ્રેસીઓ ખરેખર હિંસામાં માને છે કે અહિંસામાં એ સાબિત થવાની શરૂઆત તો ૧૯૪૮થી જ થઈ ચૂકી હતી.)

સદ્‌ભાગ્યે મુંબઈ રાજ્યના એ વખતના ગૃહપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ કાયદો અને વ્યવસ્થાનું કામ સખતાઈપૂર્વક લેવાનું શરૂ કર્યું. નહિતર આખું મહારાષ્ટ્ર ભડકે બળ્યું હોત.

જ્યારે હિંદુ મહાસભા સાથે સંકળાયેલા સામાન્ય કાર્યકરોની આ હાલત હતી, ત્યારે એના સર્વોચ્ચ નેતા સાવરકરની સ્થિતિ કેવી હતી ?!

* * *

શનિવાર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૪૮ની સવાર, એટલે કે ગાંધીહત્યાના પછીના દિવસે સવારે દસ વાગ્યે ગુસ્સાથી ભડકે બળતા એક હિંસક ટોળાએ મુંબઈ ખાતે આવેલા 'સાવરકર સદન' ઉપર હુમલો કર્યો. મુંબઈ ખાતેનાં અન્ય કાર્યાલયો તો ત્યાં સુધીમાં ધ્વસ્ત થઈ ચૂક્યાં હતાં. મહાસભા સાથે જોડાયેલા અસંખ્ય કાર્યકરોનાં મકાનો પણ આગમાં સળગીને ભસ્મીભૂત બની ચૂકયાં હતાં. હવે ગાંધીભકતોને વીર સાવરકરની લાશ ખપતી હતી.

'સાવરકર સદન' બે માળનું મકાન છે. એક ભોંયતળિયાનો મજલો. બીજો પ્રથમ મજલો, સાવરકરજીનો પરિવાર ઉપલા મજલે રહેતો હતો. નીચે ભોંયતળિયાના મજલામાં સાવરકરના ભૂતપૂર્વ મંત્રી ભીડે ગુરુજી રહેતા હતા. જેઓ હવે 'ફ્રી હિંદુસ્તાન'ના તંત્રી હતા. એમનો ઓરડો મકાનના ડાબા હિસ્સામાં આવેલો હતો.

હુમલાખોરોની સંખ્યા પૂરી પાંચસોની હતી. તમામ છાપેલાં કાટલાં જેવા ગુંડાઓ હતા. એ લોકો 'સાવરકર સદન'ના પાછલા બારણામાંથી અંદર ઘૂસી આવ્યા.

ભીડે ગુરુજી તત્ક્ષણ સમજી ગયા કે આ ગુંડાઓ સાવરકરને મારી નાખવાના ઈરાદે સાથે આવ્યા હતા. એમને ગાંધીહત્યાના બહાને સાવરકર સાથેનો હિંદુત્વનો જૂનો હિસાબ વસૂલ કરવાનો હતો. ભીડે ચુસ્ત સાવરકરવાદી હતા અને એમના ભકત હતા. એમણે સારો એવો સમય આ ગુંડાઓને વાતચીતના બહાને રોકી રાખવામાં ખર્ચી નાખ્યો. તેઓ ઈચ્છતા હતા કે સાવરકરને છટકી જવા માટે થોડો સમય મળી રહે.

પણ સાવરકર પાસે છટકી જવાનો ન કોઈ માર્ગ હતો, ન કોઈ મરજી. તેઓ ઉપરના મજલે તેમના શયનખંડમાં હતા. સાથે એમનાં ધર્મપત્ની હતાં. અને કિશોરવયનો પુત્ર વિશ્વાસ હતો.

સાવરકરે એમની સ્વભાવજન્ય સ્વસ્થતા ધારણ કરી લીધી. કબાટના ખાનામાંથી પરવાનાયુક્ત હથિયાર કાઢીને પોતાના રક્ષણ માટે તેઓ સજ્જ થઈ ગયા. પછી એમણે પત્ની તથા પુત્રને સંબોધીને કહ્યું, ''હું તો આવી હિંસક અથડામણોથી ટેવાયેલો છું. નાનો હતો ત્યારે ભગૂરની પાઠશાળામાં અને યુવાનીમાં વિલાયતમાં, મેં આવા હિંસક હુમલાઓ સામે ટક્કર ઝીલી જાણી છે. હું આ ગુંડાઓને એકલા હાથે રોકી રાખું છું, ત્યાં સુધીમાં તમે બંને ઘર છોડીને નાસી જાઓ ! પ્રાણથી વધીને આ જગતમાં બીજું કશું જ મહત્ત્વનું નથી; તમે તમારા પ્રાણ બચાવી લો !''

એક પણ ક્ષણ વિચારવામાં વેડફ્યા વગર યમુનાતાઈ પોતાના પતિને વળગી પડ્યાં, ''જો મારે ચાલ્યા જ જવું હોત, તો અત્યારે શા માટે ? જ્યારે હું યુવાન હતી અને તમે પચાસ વર્ષની કાળાપાણીની સજા ખાઈને આંદામાન જઈ રહ્યા હતા, ત્યારે ન ચાલી ગઈ હોત ? તમે જિંદગીમાં આજે પહેલીવાર જૂઠું બોલ્યા; એ છે પ્રેમ. વિશુને જવું હોય તો ભલે જાય ! હું તો અહીં જ રહીશ. તમારી સાથે જ...''

વિશ્વાસ પણ ન ગયો. માતા અને પિતાની આગળ બારણાંની વચ્ચે જ લાકડી લઈને એ સિંહબાળ ઊભો રહી ગયો. એને ખબર હતી કે એનું મૃત્યુ નિશ્ચિત છે, પણ માતા-પિતા મરે એ પહેલાં એ ખપી જવા માગતો હતો. આટલી નાની જિંદગી હતી, પણ એ તમામ વરસો એ બાળકે સિંહની ગર્જનાઓ સાંભળીને પસાર કર્યાં હતાં. આજે સમય આવ્યો હતો રક્તમાં સમાયેલી વારસાગત આગનું દર્શન કરાવવાનો. વિશ્વાસ વારસાની કસોટી ઉપર ખરો ઊતર્યો.

યમુનાતાઈનો વસવસો એમની વાણીમાં વ્યક્ત થઈ ગયો, ''અત્યારે જો આપ્પા કસ્સાર અહીં હાજર હોત તો રંગ રહી જાત !''

આપ્પા કસ્સારજી વીર સાવરકરજીના અંગરક્ષક હતા. મહાબલી ભીમનો અવતાર હતા. એ જો અત્યારે ઘરમાં હોત અને હાથમાં એક લાઠી હોત, તો પાંચસો જણાનું ટોળું જમીનદોસ્ત થઈ ચૂક્યું હોત. પણ સરકારે આગલા દિવસે જ એમની ધરપકડ કરી દીધી હતી.

સાવરકર હસ્યા, ''યમુના, ભગવાનનો પાડ માન કે આપ્પા પકડાઈ ગયો છે. બાકી તને ક્યાંથી ખબર હોય, પણ મેં એને લડતાં જોયો છે. લાકડાની નિર્જીવ લાઠી એના હાથમાં સજીવ બની જાય છે. એ જ્યારે લાઠીને સુદર્શનચક્રની જેમ ફેરવે છે ત્યારે એના દેહ ફરતે અભેદ્ય કિલ્લો રચાઈ જાય છે. તેં કહ્યું ને કે રંગ રહી જાત ! પણ હું કહું છું કે આપ્પા જો અહીં ઊભો હોત, તો આખું 'સાવરકર સદન' લાલ રંગે રંગાઈ ગયું હોત !''

જ્યારે સાવરકર, યમુનાતાઈ અને વિશ્વાસ શૌર્યપૂર્ણ મોતને ભેટવા માટે સજ્જ થઈને ઊભા હતા, ત્યારે નીચે ભીડે ગુરુજી એકલા હાથે પાંચસો ગુંડાઓને વાતચીતમાં ઊલઝાવીને સમય ખરીદી રહ્યા હતા, ત્યાં સુધીમાં કોઈએ નજીકના પોલીસ સ્ટેશને સમાચાર પહોંચાડી દીધા, એટલે સાઈરન વગાડતી પોલીસવાન આવી પહોંચી. ગુંડાઓને વિખેરી નાખવામાં આવ્યા.

પોતાના હિંસક મકસદમાં નિષ્ફળ ગયેલું તોફાની ટોળું બાજુમાં આવેલ અન્ય એક મકાન ઉપર ત્રાટક્યું, જેમાં નાના ભાઈ ડૉ. નારાયણરાવ સાવરકર રહેતા હતા. ગુંડાઓએ નારાયણરાવને પથ્થરો વડે ટીચી-ટીચીને લોહીલુહાણ કરી નાખ્યા. છેવટે તેઓ ભોંય પર ઢળી પડયા. એમને માથા ઉપર ગંભીર ચોટ પહોંચી હતી. એમને તરત જ દવાખાના ભેગા કરવામાં આવ્યા. એમના કુટુંબને અન્યત્ર ખસેડી દેવામાં આવ્યું. અહિંસક મહાત્માજીના હિંસક પૂજારીઓ એમનો અસલ રંગ દેખાડી રહ્યા હતા !

નથુરામ ગોડસેનું ગુરુપદ સાવરકરને ભારે પડી રહ્યું હતું. ૩૧મી જાન્યુઆરી પોલીસે સાવરકરના ઘરની ઝીણવટભરી તલાશી લીધી. સાવરકરજી એમના સૂવાના ઓરડામાં બેસી રહ્યા અને પોલીસને એનું કામ કરવા દીધું.

એક પોલીસ અધિકારીએ તત્પરતા દર્શાવી, ''સાવરકરજી, મારું સૂચન તો એવું છે કે તમે કોઈ સલામત ઠેકાણે રહેવા માટે ચાલ્યા જાવ ! તમે જો ઈચ્છતા હો, તો હું સાથે રહીને તમને મૂકી જાઉ !''

''એવું કરવાની કશી જ જરૂર નથી, મિત્ર ! હું જ્યાં છું ત્યાં સલામત છું.''

''પણ તમે જ્યાં સુધી અહી હશો ત્યાં સુધી તમારા દુશ્મનો તમને શાંતિપૂર્વક જીવવા નહી દે.''

''હું જાણું છું. અને હું એ પણ જાણું છું કે હું બીજે કોઈ ઠેકાણે રહેવા જઈશ તો ત્યાં પણ મારા દુશ્મનો મને મારવા માટે પહોંચી જશે. મિત્ર, સાવરકર અને શાંતિને બહુ પુરાણી શત્રુતા છે !'' સાવરકર કડવાશભર્યું હસ્યા.

''તમે અહીથી એકાદ કિલોમીટર જેટલે દૂર પણ જો ચાલ્યા જશો, તો...''

''હું અહીથી એક ઈંચ જેટલો પણ ખસવા માટે તૈયાર નથી.'' સાવરકરની દઢતા દષ્ટાંતરૂપ હતી.

''ભલે.'' પોલીસ અધિકારીએ હાર સ્વીકારી લીધી, ''હું તમારા રક્ષણ માટે બે હથિયારધારી પોલીસમૅન મૂકતો જાઉ છું. તમને શું લાગે છે ? બે હવાલદારો પૂરતા થઈ પડશે કે વધારેની જરૂર પડશે ?''

''આ ટોળા માટે તો એક સશસ્ત્ર ચાડિયો પણ પૂરતો છે. આ લોકો તો ડરપોક છે. પાંચસો જણા ભેગા થઈને મને એકને મારવા નીકળ્યા છે. હિંમત તો એનામાં હોય છે જે મારી પણ શકે છે અને મરી પણ શકે છે.''

''તમને મૃત્યુની બીક નથી ?''

''ના; મારા સિદ્ધાંતો માટે જો મારે મરવું પડશે તો હું મૃત્યુ માટે પણ તૈયાર છું.''

વીર સાવરકર 'સાવરકર સદન'માં જ રહ્યા. જીવવાના હલકા ખ્યાલ માટે બીજે કયાંય ચાલ્યા જવાનું એમણે સ્પષ્ટપણે નકારી દીધું.

૩૧મી જાન્યુઆરીના દિવસે વીર સાવરકરે એક અખબારી સંદેશ જારી કર્યો : 'મહાત્મા ગાંધીજીની હત્યાના સમાચાર કસમયના અને અત્યંત આઘાતજનક છે. હું દેશના તમામ લોકોને અનુરોધ કરું છું કે તેઓ શાંતિ રાખે અને દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના સરકારના પ્રયાસોમાં સહકાર આપે.'

* * *

૧લી ફેબ્રુઆરીથી પાંચમી ફેબ્રુઆરી સુધીના દિવસો હિંદુ મહાસભા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપર કાળો કેર બનીને ત્રાટકયા. દેશભરમાં આ બે સંસ્થાઓના કાર્યકરોની ધરપકડનો દોર શરૂ થયો. આર.એસ.એસ.ને પ્રતિબંધિત સંસ્થા જાહેર કરવામાં આવી. મરાઠી સાપ્તાહિક 'વિવિધવૃત્ત'ના તંત્રી પ્રખ્યાત દેશભકત શ્રી આર. કે. ટટણીસને પકડીને જેલમાં પૂરી દેવામાં આવ્યા. શ્રી જમનાદાસ મહેતા અને શ્રી કે. એન. ધારપને પણ જેલભેગા કરી દેવામાં આવ્યા. આ બંનેનો હિંદુ મહાસભા કે આર.એસ.એસ. સાથે જરા પણ સીધો સંબંધ ન હતો. સાવરકરના અંગત રહસ્યમંત્રી ગજાનનરાવ દામલેજી તો શનિવારની સવારે જ પકડાઈ ચૂકયા હતા. એલ.બી. ભોપટકર, જેઓ હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા એમને પણ જેલમાં પૂરી દેવામાં આવ્યા. 'કેસરી' અને 'મરાઠા' જેવાં અખબારોના તંત્રી શ્રી કેતકર અને અન્ય પ્રમુખ મહારાષ્ટ્રીયન દેશભકતોની પણ ધરપકડ કરવામાં આવી.

ધરપકડોનો કુલ આંકડો ૨૫,૦૦૦ની સંખ્યાને આંબી ગયો. હિંદુસ્તાનના ઈતિહાસમાં કોઈ એક વ્યકિતની હત્યા માટે આટલી મોટી સંખ્યામાં માણસોને જેલભેગા કરવામાં આવ્યા હોય એવું આ પ્રથમ વાર બની રહ્યું હતું.

ચોથી ફેબ્રુઆરીની રાતે પોલીસ અધિકારીઓએ સાવરકરની તબીબી જાંચ કરાવી લીધી. સાવરકરને છેલ્લા એક વરસથી તાવની બીમારી લાગુ પડેલી હતી. એમને હૃદયની બીમારી પણ ચાલુ હતી. જે સમયે ડૉકટરોની ટુકડીએ એમને તપાસ્યા, ત્યારે પણ એમનું ડિલ તાવમાં ધખતું હતું, છતાં પણ એમને તંદુરસ્ત અને સ્વસ્થ જાહેર કરવામાં આવ્યા. થોડા કલાકો બાદ એક પોલીસવેન 'સાવરકર સદન'ના ઝાંપા આગળ આવીને ઊભી રહી. સાવરકર આશ્ચર્યથી જોઈ રહ્યા.

''આપની ધરપકડ માટે અમારી પાસે સરકારી હુકમ છે.'' એક અધિકારીએ જણાવ્યું.

''કાયદાની કઈ કલમ હેઠળ ?''

''બૉમ્બે પબ્લિક સિકયુરિટી મેઝર્સ એકટ હેઠળ.''

સાવરકરજીએ માથું હલાવ્યું, ''ઠીક છે, પણ તમારા વાહનમાં બેસતાં પહેલાં જો તમે સંમતિ આપો તો હું જાજરૂમાં જઈ આવું.''

જેટલા પોલીસ અધિકારીઓ ત્યાં હાજર હતા, તે બધા જ સાવરકરજીની દરખાસ્ત સાંભળીને મુંઝાઈ ગયા. એ બધા અંદરખાને તો સાવરકરજીના ચાહકો હતા અને સાવરકરજીએ જહાજમાંથી મારેલી દરિયાઈ ભૂસકાથી માહિતગાર હતા.

''સાહેબ, જાજરૂ...? બારી...? ભૂસકો...?'' એક અધિકારીએ અચકાતાં-અચકાતાં એના મનનો ભય વ્યકત કર્યો.

સાવરકર ખડખડાટ હસી પડ્યા, ''ડરો નહી ! આ માર્સેલ્સ નથી અને હું પણ હવે ઘરડો થયો છું !!''

સાવરકરજી સંડાસની અંદર ગયા. થોડી વાર પછી બહાર નીકળ્યા. બોલ્યા, ''ચાલો, હું તમારી સાથે આવવા તૈયાર છું.''

પોલીસ અધિકારીને શક પડ્યો; એણે સંડાસમાં પ્રવેશીને ઝીણવટભરી તપાસ કરી જોઈ, પણ ત્યાંથી એને કશું જ હાથ ન લાગ્યું.

સાવરકરને મુંબઈની આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યા.

હવે કૉંગ્રેસની વિચારધારાને વરેલાં અખબારોએ સાવરકરનો ન્યાય તોળવાનું શરૂ કરી દીધું. વાસ્તવમાં ગાંધીજીની હત્યા એ ભારતમાં કદીયે ન ચાલેલો અને ભવિષ્યમાં પણ ન ચાલવાનો હોય એટલા મહત્ત્વના વજનનો મુકદ્દમો હતો. અદાલતી કાર્યવાહી પછી જ એ નક્કી થવાનું હતું કે અપરાધી કોણ છે અને આખાયે કાવતરામાં કોણ-કોણ સંડોવાયેલું છે; પણ અખબારોએ અત્યારથી જ જાહેર કરી દીધું કે ગાંધીહત્યાના ષડ્યંત્ર પાછળનો મુખ્ય દોરીસંચાર સાવરકરનો હતો. કેટલાંક છાપાંઓએ તો બેધડક છાપી માર્યું કે આ યોજના પાછળનું મુખ્ય ભેજું સાવરકરનું હતું અને એને અમલમાં મૂકવાનું કામ દામલે તથા કાસરનું હતું. આને કારણે પોલીસ તપાસ ઉપર પણ વિપરીત અસર પડી શકે તેમ હતી, જે ખરેખર પડી પણ ખરી.

પોલીસતંત્ર પણ ગાંધીહત્યાની તપાસ એવું ધારી લઈને કરી રહી હતી તે આ કાવતરાનું મસ્તક સાવરકરનું હતું. ચહેરો આપ્ટેનો હતો અને હૃદય તેમજ હાથ ગોડસેના હતા.

સરકારના ચુનંદા અને બાહોશ પોલીસ અધિકારીઓએ ભેગા મળીને સાવરકરની સઘન પૂછતાછ શરૂ કરી, પણ એક તરફ એમનું સામટું બુદ્ધિબળ હતું, તો બીજી

તરફ બૅરિસ્ટર સાવરકરજીનું ઉત્કૃષ્ટ તેજસ્વી દિમાગ હતું. અભિનયના આટાપાટા ખેલાવા શરૂ થઈ ગયા.

સાવરકરે ચહેરા ઉપર ગાદલાની ખોળની જેમ સંપૂર્ણ સ્વસ્થતા ચડાવી લીધી, પણ હૃદયની ભીતરમાં તેઓ ઘમાસાણ વિચારયુદ્ધ અનુભવી રહ્યા હતા; જે દેશની આઝાદી માટે એમણે અડધી-પોણી જિંદગી સલાખોની પાછળ ગુજારી હતી એ જ દેશ જ્યારે સ્વતંત્ર થયો ત્યારે એના જન્મના એક જ વરસની અંદર સાવરકરને સરકાર તરફથી શાની ભેટ આપવામાં આવી ? પચાસ વરસનો અંગ્રેજો એ ફરમાવેલો કારાવાસ અધૂરો રહી ગયો હતો, જે હવે કૉંગ્રેસ સરકાર પૂરો કરી આપવા માગતી હતી !!

સાવરકરે દઢતા જાળવી રાખી. એમણે પોતાના ઘરેથી આવેલા ભોજનનો અસ્વીકાર કરી દીધો. ''જ્યાં સુધી જેલમાં રહેવું પડે ત્યાં સુધી જેલનું ભોજન જ ખાઈશ.' એવું જાહેર કર્યું.

૨૩મી માર્ચ સુધી તો સાવરકરને કોઈને મળવા દેવાની પણ છૂટ આપવામાં ન આવી. એમનાં પત્ની અને દીકરો પણ સાવરકરની મુલાકાત મેળવી ન શકયા. લગભગ પોણા બે માસ જેટલા સમય માટે સાવરકરનો સંબંધ દેશ અને દુનિયા સાથે કપાઈ ગયો. કોઈ જાણતું ન હતું કે દેશના આ પનોતા પુત્ર સાથે કેવો વ્યવહાર થઈ રહ્યો હતો !

માત્ર કૉંગ્રેસનાં પીઠુ જેવાં છાપાંઓ જે કંઈ મીઠું-મરચું ભભરાવીને અહેવાલો છાપતાં હતાં, એ જ દેશની જનતાએ સાચા માની લેવાના હતા.

આખી સૃષ્ટિ જ્યારે સાવરકરજી માટે અંધકારમય બની ગઈ હતી, ત્યારે પ્રકાશનું કિરણ બનીને એક માણસ એમની વહારે આવી પહોંચ્યો. એ મર્દનું નામ હતું : 'એસ. વી. દેવધર.'

શ્રી દેવધર મુંબઈના સ્થાનિક વકીલ હતા અને કુશળ કાયદાનિષ્ણાત હતા. એમણે પહેલીવાર છઠ્ઠી ફેબ્રુઆરીએ જેલમાં સાવરકરની મુલાકાત લીધી. દેવધર વકીલ હતા, તો સાવરકર વકીલોના પણ વકીલ હતા. એમણે પોતાના ખટલા અંગે દેવધરને કેટલીક આવશ્યક સૂચનાઓ અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું.

લાંબા સમય સુધી સાવરકર ઉપર કોઈ આરોપનામું તૈયાર કરવામાં ન આવ્યું, પણ અગિયારમી માર્ચે સાવરકરની પુનઃ ધરપકડ કરવાનો આદેશ દિલ્હીના મૅજિસ્ટ્રેટ તરફથી મોકલવામાં આવ્યો. કારણમાં દર્શાવવામાં આવ્યું કે તેઓ મહાત્મા ગાંધીની હત્યાના કાવતરાખોરોમાંના એક હતા. સાવરકરને જ્યારે મુંબઈની અદાલતમાં રજૂ કરવામાં આવ્યા, ત્યારે વકીલ દેવધરે એમના જામીન માટે માગણી રજૂ કરી, પણ એને ઠુકરાવી દેવામાં આવી.

દેવધરે બીજી માંગણી મૂકી; સાવરકરનાં પત્ની તથા પુત્રને એમની મુલાકાત લેવાની છૂટ આપવામાં આવે. આ માગણી મંજૂર રાખવામાં આવી.

યમુનાતાઈ અને વિશ્વાસ વીર સાવરકરને પ્રથમ વાર મળી શકયાં, એ તારીખ હતી ચોવીસમી માર્ચ.

સાવરકરે બહુ અલ્પ સમયના એ મિલનમાં બહુ ઝડપથી મહત્ત્વનું કામ આટોપી લીધું, ''બેટા, વિશ્વાસ ! હું દેવધરને સૂચના આપું છું. મારી સંપત્તિનો વહીવટ કરવાની સત્તા હું તને સોંપું છું. એમ કરવાથી આપણા ઘરનું ગુજરાન ચલાવવાનું તારા માટે આસાન બની જશે. વળી મારો મુકદ્દમો લડવા માટે પણ તને નાણાંની જરૂર પડશે. એ માટે આપણે લોકોની પાસે ટહેલ નાખવી પડશે. એનો વહીવટ કરવાનો અધિકાર પણ હું તને સોંપું છું.''

અઢારમી માર્ચે સાવરકરની સૂચના અનુસાર વકીલ દેવધરે અદાલતમાં સોગંદનામું રજૂ કર્યું, જે એમની તસવીર બાબતે હતું. એ તસવીરમાં સાવરકરજી વચ્ચે બેઠેલા હતા અને એમની આજુબાજુમાં ગોડસે અને આપ્ટે હતા. એમની સાથે ગાંધીહત્યા માટે પકડાયેલા અન્ય આરોપીઓ પણ જોઈ શકાતા હતા.

દેવધરે સોગંદનામામાં જણાવ્યું કે એ સમૂહતસવીર પોલીસ દ્વારા ખેંચવામાં આવી હતી અને એ ખૂનના આરોપ બદલ ધરપકડ થયા પછીની તસવીર હતી.

હવે પછીનો કાનૂની મોરચો શ્રી ભોપટકરે સંભાળી લીધો. ભોપટકર વધુ સારા વકીલ હતા અને તેઓ 'હિંદુ મહાસભા'ના પ્રમુખ પણ હતા.

શ્રી માંડલીક પણ હવે મેદાનમાં ઊતરી પડ્યા. એમણે બૉમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં એ મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો, ''શા માટે સાવરકર સાથે એમના પરિવારના સભ્યોને મળવા દેવાની છૂટ આપવામાં નથી આવતી ?''

માંડલીકે ગૃહમંત્રી મોરારજી દેસાઈને પણ સાણસામાં લીધા, ''દેશની આઝાદી પછી સરકારે તમામ સ્વાતંત્ર્યવીરોની જપ્ત થયેલી મિલકતો એમને પાછી સોંપી દીધી છે, પણ વીર સાવરકર આ બાબતે અપવાદ છે. શા માટે સાવરકરને એમનું જપ્ત કરાયેલું મકાન તથા અન્ય ઘરવખરી પરત આપવામાં નથી આવી ?''

મોરારજીભાઈ નફ્ફટાઈપૂર્વક જવાબ આપ્યો, ''સરકાર સાવરકરની સંપત્તિ પાછી આપવા બાબતે કશું જ વિચારવા નથી માંગતી ! એમણે દેશની કરેલી સેવા કરતાં કુસેવા ચડી જાય છે.''

આ સાંભળતાવેંત માંડલીક કૂદીને ઊભા થઈ ગયા, ''હું ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે તેઓએ જાહેર કરે કે વીર સાવરકરે આ દેશની શી કુસેવા કરી છે !''

મોરારજીભાઈ પાસે આ અકળાવનારા સવાલનો કશો જ જવાબ ન હતો; તેઓ ચૂપ રહ્યા.

હા, વીર સાવરકર આ વિષયમાં અપવાદ બની રહ્યા, નાના મોટા તમામ દેશભકતો જેમણે સ્વાતંત્ર્યના દીર્ઘકાલીન સંગ્રામમાં જે નાનું મોટું યોગદાન આપેલું હતું તે તમામની જપ્ત કરાયેલી સ્થાવર-જંગમ મિલકતો કૉંગ્રેસ સરકારે દેશની આઝાદી બાદ પાછી સોંપી હતી. પરંતુ દેશ માટે સર્વોચ્ચ કક્ષાનાં બલિદાનો આપનાર સાવરકરને એમની મિલકત પરત કરવામાં ન આવી.

મોટા ભાગના કૉંગ્રેસી નેતાઓ જ્યારે જન્મ્યા પણ ન હતા અથવા સમજણા થયા ન હતા. તેવે સમયે આ સિંહપુરુષે વિદેશીઓને હાંકી કાઢવા માટે જે ગર્જનાઓ કરી હતી એને સગવડતાપૂર્વક વિસારે પાડી દેવામાં આવી રહી હતી.

વિશ્વના ઈતિહાસ ઉપર પોતાનાં પદચિહ્નો કંડારી જનારા એક વનરાજની કદર આ ઘેટાં-બકરાંઓ શી રીતે કરવાના હતા !!

* * *

પંદરમી મે, ૧૯૪૮ના દિવસે સરકારે ગાંધીહત્યાના નવ આરોપીઓનાં નામો જાહેર કર્યાં. વિનાયક દામોદાર સાવરકરનું નામ એ યાદીમાં આઠમા ક્રમે હતું, ખટલાની સંભવિત તારીખ મે માસની આખરની જણાવવામાં આવી હતી. સાથે એ પણ જાહેર કરવામાં આવેલ હતું કે અદાલતી કાર્યવાહી દરમિયાન ન્યાયમૂર્તિના આસન પર એક આઈ.સી.એસ. અમલદારની ખાસ જજ તરીકે વરણી કરવામાં આવેલ છે. એ જજનું નામ હતું ; શ્રી આત્મારામ.

મુકદ્દમો ચલાવવા માટે લાલ કિલ્લા પર પસંદગી ઉતારવામાં આવી. લાલ કિલ્લો અનેક રીતે ઐતિહાસિક હતો. મોગલકાળમાં બાદશાહો પણ લાલ કિલ્લામાં જ ખટલાઓ ચલાવતા હતા. નેતાજી સુભાષચંદ્ર બોઝના 'આઈ.એન.એ.'ના પકડાયેલા રાષ્ટ્રભકતોનો મુકદ્દમો પણ આ જ કિલ્લામાં ચાલી ગયો હતો. અને હવે રાષ્ટ્રના એક મહાન સપૂત સાવરકર ઉપર રાષ્ટ્રના એવા જ એક મહાન સપૂતની હત્યા બદલ આ જ કિલ્લામાં કાર્યવાહી ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૯૪૮નો મે મહિનો. સત્તાવીસમી તારીખ. આખરે એક શુભ અને અશુભના મિશ્રણ સમો દિન આવી પહોંચ્યો. અશુભ એટલા માટે કે સાવરકર જેવા પરમ રાષ્ટ્રભકત ઉપર એક અત્યંત હીન અપરાધ બદલ કાર્યવાહી શરૂ કરી રહી હતી; અને શુભ એટલા માટે કે આ દિવસે વીર સાવરકર એમની જિંદગીનાં પાંસઠ વર્ષ પૂરાં કરી રહ્યા હતા.

o o o

૩૦. ઐતિહાસિક ખટલો

હિંદુસ્તાનના ઇતિહાસનો સૌથી મોટો અને સૌથી વધુ મહત્ત્વપૂર્ણ અદાલતી મુકદ્દમો શરૂ થયો. ગાંધીહત્યાના આરોપીઓને મુંબઈથી દિલ્હી લાવવામાં આવ્યા. એ ચોવીસમી મેનો દિવસ હતો, પણ એમાં સાવરકર સામેલ ન હતા. એમની નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં લઈને સાવરકરને બીજા દિવસે એટલે કે પચીસમી તારીખે વિમાનમાર્ગે દિલ્હી લાવવામાં આવ્યા. એમની કાળજી રાખવા માટે બે ડૉકટરો પણ એમની સાથે જ મોકલવામાં આવ્યા. સાવરકરજીના નાકમાં ઑક્સિજનની નળી ખોસેલી હતી.

સરકારે ગાંધીજીની હત્યામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા આરોપીઓની જે યાદી બહાર પાડેલી હતી, એમાં નવ જણાંના નામો જાહેર કરાયાં હતાં. સાવરકરનું સ્થાન એ યાદીમાં આઠમા ક્રમાંક પર હતું. ન્યાયાધીશ તરીકે આઈ.સી.એસ. અધિકારી શ્રી આત્માચરણને નિયુકત કરવામાં આવ્યા હતા.

હિંદુ મહાસભા અને આર.એસ.એસ. પ્રત્યે દેશભરમાં જે હિંસા અને નફરતનું પ્રચંડ મોજું આવ્યું હતું એ ૧૯૪૮ના એપ્રિલ માસ સુધીમાં ધીમે-ધીમે ઓસરવા માંડ્યું હતું, પણ વાતાવરણમાં દહેશતનો ધુમાડો હજુયે ધૂંધવાયેલો હતો.

સાવરકરજીના પરિવારની અને હિંદુ મહાસભાના વફાદાર નેતાઓની સંયુકત પ્રાથમિકતા હવે એક જ હતી : સાવરકરને ખૂન કેસના જૂઠા આરોપમાંથી નિર્દોષ છોડાવવાની.

મરાઠી નેતાગીરીનું એક નોંધપાત્ર લક્ષણ એ છે કે ગમે તેવા ભયંકર ઝંઝાવાતમાંથી તે બહુ અલ્પ સમયમાં જ પાછી સ્વસ્થતા ધારણ કરી લે છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે આ રાષ્ટ્ર ઉપર ભૂતકાળમાં જ્યારે જ્યારે મોટી આફતો આવેલી છે ત્યારે મરાઠી 'માણુસે' બહુ ઠંડા દિમાગ, કુશાગ્ર બુદ્ધિ અને આશ્ચર્યકારક ધૈર્યથી એનો સામનો કર્યો છે. પાણીપતના પરાજય પછીનો સમય આ વાતની ગવાહી પૂરે છે.

વીર સાવરકરને ભગવાનની જેમ પૂજનારાં ત્રણ મહાન મરાઠી ભેજાંઓ સમયની આલબેલ સાંભળીને ખડાં થઈ ગયાં. શ્રી ભોપટકર, શ્રી કેતકર અને

શ્રી જમનાદાસ મહેતાએ રણનીતિ વિચારી લીધી, આ જમાનાદાસ મહેતા એ જ વ્યક્તિ હતા જેમણે ૧૯૩૭માં સાવરકરની મુક્તિ માટે ખૂબ મોટો ભાગ ભજવેલો.

પણ સૌથી મોટી મુશ્કેલી નાણાંની હતી. આ સાચા રાષ્ટ્રભકતે પોતાના પરિવાર માટે અર્થપ્રાપ્તિ થાય એવું તો એક પણ કામ કયારેય કર્યું જ ન હતું. એમના જેલવાસ દરમિયાન એમના એક ગ્રાહક શ્રેષ્ઠી તરફથી વરસોના વરસો લગી એમની પત્ની તથા ભાભીને આર્થિક સહાય મળતી રહી હતી. મુકત થયા પછી પણ સાવરકરનો ઘરખર્ચ મિત્રો, ચાહકો અન અનામી દાતાઓની નાણાકીય મદદને કારણે નીકળી રહેતો હતો, પણ અદાલતી કાર્યવાહી માટે તો જંગી રકમ જરૂરી હતી. એ કયાંથી કાઢવી ?

આ મુશ્કેલીનો ઉપાય શ્રી કેતકરે ચીધી દીધો, ''આ માટે આપણે દેશની જનતા પાસે ટહેલ નાખીએ. 'સાવરકર બચાવ નિધિ'ની રચના કરીને જે નાણાં આવે તે આ ભંડારમાં જમા કરાવીએ.''

''પણ દેશમાં તો સાવરકરજી પ્રત્યે નફરતની આંધી વ્યાપેલી છે; લોકો પૈસા આપશે ખરા ?'' જનમાદાસે પૂછ્યું.

''લોકોમાં જે નફરત વ્યાપ્ત છે એ ગેરસમજનું પરિણામ છે અને આ ગેરસમજ સરકાર-પ્રેરિત છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે હિંદુસ્તાનમાં આજે બધા જ લોકો જેમ ગાંધીજીને ચાહનારા નથી, તે જ રીતે તમામ દેશવાસીઓ સાવરકરજીને ધિક્કારનારા પણ નથી. આપણને પ્રયત્ન કરી જોવામાં શું જાય છે ?''

ત્રણેય મિત્રોએ 'સાવરકર બચાવ-નિધિ'ની સ્થાપના કરી. દેશવાસીઓ પાસે સાવરકરનો મુકદ્દમો લડવા માટે માત્ર એક જ રૂપિયાની વ્યક્તિદીઠ સહાયની માગણી કરી.

ધીમે-ધીમે સળવળાટ શરૂ થયો. પહેલાં એક-એક રૂપિયો, પછી બબ્બે, પછી પાંચ, દસ, પચીસ, સોની ધનવર્ષા ચાલુ થઈ. શરૂઆતમાં નાણાંનો સ્રોત માત્ર મહારાષ્ટ્ર હતું. પછી બંગાળા, પંજાબ, ચેન્નાઈ અને અન્ય પ્રાંતો પણ નીદરમાંથી જાગ્યા. માત્ર હિંદુત્વવાદી સંસ્થાઓ જ નહી, પણ ખેડૂતો, ગામડાંના લોકો અને વિદ્યાર્થીઓએ પણ પોત પોતાનાં ખિસ્સાઓમાં હાથ નાખ્યા. ૧૯૪૮ના સોંઘવારીના જમાનામાં જ્યારે રૂપિયાનું કદ આજના કરતાં બહુ મોટું હતું, પણ એનું દર્શન દુર્લભ હતું, તે સમયે એકીસાથે લાખ રૂપિયા મોકલી આપનારા મર્દ દેશભકતો પણ મળી આવ્યા. લાલ કિલ્લામાં, જ્યાં અદાલતી કાર્યવાહી ચાલવાની હતી, ત્યાં અભણ સ્ત્રીઓ આવી-આવીને સાવરકર સહાયભંડોળમાં પોતાના શરીર પરના સોના-રૂપાના દાગીનાઓ ઠાલવી જતી હતી.

* * *

ઐતિહાસિક લાલ કિલ્લાના એક હિસ્સાને અદાલતી ખંડમાં ફેરવી નાખવામાં આવ્યો. જરૂરી ફર્નિચર ગોઠવી દેવામાં આવ્યું. આરોપીઓ માટે અને મુલાકાતીઓ માટે બેસવાની અલગ-અલગ વ્યવસ્થા કરી દેવામાં આવી. વકીલો તથા સાક્ષીઓ જે કંઈ બોલે તે બધાંને સંભળાય તે માટે માઈક્રોફોન્સની ગોઠવણ કરી દેવામાં આવી. અદાલતના કમરામાં દાખલ થવા માટે મેજિસ્ટ્રેટની સહીવાળો પ્રવેશપત્ર ફરજિયાત બનાવવામાં આવ્યો. એ દેખાડ્યા પછી જ મુલાકાતી અંદર જઈ શકે; તે પણ માત્ર એક જ દિવસ પૂરતો. બીજા દિવસે નવો પ્રવેશપત્ર. પ્રવેશદ્વાર પાસે દરેકની જડતી લેવા માટે પોલીસ ઊભેલી હતી. કિલ્લાના પ્રાંગણમાં પણ ઠેર-ઠેર પોલીસમૅનો તહેનાત કરી દેવાયા હતા.

સરકાર તરફથી કાયદાની બાગડોર ઍડ્વોકેટ જનરલ સી. કે. દફતરીએ સંભાળી; એમની સહાય માટે બીજા ચાર બાહોશ વકીલો હાજર હતા.

આરોપી નંબર-આઠ, વીર સાવરકરના બચાવપક્ષે મુંબઈના ખ્યાતનામ ધારાશાસ્ત્રી, ઑલ ઇન્ડિયા હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ, કાયદાનાં અસંખ્ય પુસ્તકોના લેખક અને દેશની એક પ્રખ્યાત હસ્તિ ગણી શકાય એવા શ્રી એલ. બી. ભોપટકર હતા. તેઓ માત્ર સાવરકરજીનો કેસ લડવાના હતા.

ગાંધીહત્યાના મુખ્ય આરોપી નથુરામ ગોડસેનો બચાવ કરવા માટે મુંબઈના બાર-એટ-લૉ શ્રી વી. વી. ઓક હાજર રહ્યા હતા. આપ્ટે માટે કે. એચ. મેંગ્લે, વિષ્ણુ કરકરે માટે એન. ડી. ડાંગે, મદનલાલ પાહવા માટે બી, બી. બેનરજી, ગોપાલ ગોડસે માટે એમ. હી. મણિયાર અને ડૉ. પરચુરેનો બચાવ કરવા માટે ગ્વાલિયરના શ્રી પી. એલ. ઈમાનદાર ઉપસ્થિત હતા. શંકર કિસ્તય ગરીબ હોવાથી એનો મુકદમો લડવા માટે સરકાર તરફથી વકીલ પૂરો પાડવામાં આવ્યો હતો, જેનું નામ હતું : એચ. આર. મહેતા.

સાવરકરનો પક્ષ સાચવવા માટે શ્રી ભોપટકરની મદદમાં મુંબઈના શ્રી જમનાદાસ મહેતા. દિલ્હીના લાલા ગણપત રાય, પુણેના શ્રી કે. એલ. ભોપટકર, કોલકત્તાના શ્રી મિત્તર અને ચેન્નાઈના શ્રી એન. પી. ઐયર તૈયાર હતા. દેશબંધુ ચિત્તરંજન દાસના ભાઈ શ્રી પી. આર. દાસ પણ સાવરકર માટે દલીલો કરવા માટે પધાર્યા હતા.

એ એક હૃદયદ્રાવક દૃશ્ય હતું કે હિંદુ મહાસભાના વર્તમાન પ્રમુખ ભોપટકર મહાસભાના ભૂતપૂર્વ પ્રમુખ વીર સાવરકરના બચાવ પક્ષે વકીલની ભૂમિકા ભજવી રહ્યા હતા. ભોપટકરની વય એ વખતે સિત્તેર વર્ષની હતી અને સાવરકરને બચાવવા માટે તેઓ પોતાની ધીકતી વકીલાત છોડીને છેક પુણેથી દિલ્હી દોડી આવ્યા હતા. કોઈ પણ સામાન્ય માણસ માટે આ કામ ઘણું અઘરું હતું. એ સમયે દેશ આખામાં સાવરકરજીની વિરુદ્ધમાં નફરતની આંધી ચડેલી હતી; એની સામે અડીખમ ઊભા

રહીને મહિનાઓ સુધી ઝઝૂમતા રહેવું અને સમર્થ કૉંગ્રેસી રાજકારણીઓની ખફગી વહોરી લેવી એ કોઈ રેંજીપેંજી વકીલનું કામ ન હતું. સિંહનો બચાવ કરવા માટે બીજો સિંહ જ જોઈએ, એ માટે ઘેટાં-બકરાં ન ચાલે !

* * *

જજ આત્માચરણે આદેશ આપ્યો, ''ચાર્જશીટમાં પ્રથમ નવ નામો લખેલાં છે એ આરોપીઓને હાજર કરવામાં આવે.''

સાવરકરજીનું નામ આઠમા ક્રમે હતું. એટલે તેઓ પણ અદાલતમાં પેશ થયા. અન્ય ત્રણ તહોમતદારો ગંગાધર દંડવતે, ગંગાધર જાધવ અને સૂર્યદેવ શર્માને ભાગેડું જાહેર કરાયા હતા.

આરોપીઓનું દૃશ્ય જોવા જેવું હતું. સાવરકર શાંત, સ્વસ્થ પણ ફિક્કા અને બીમાર જણાતા હતા. સૌના આકર્ષણનું કેન્દ્રબિંદુ હત્યારો નથુરામ ગોડસે ચહેરા પર તોછડાઈનો ભાવ લીપીને બેઠો હતો. આપ્ટે, કરકરે, મદનલાલ, બડગે, ગોપાલ ગોડસે, કિસ્તય અને ડૉ. પરચુરે ખુશખુશાલ દેખાઈ રહ્યા હતા અને ખુલ્લા પીંજરામાં બેઠા-બેઠા એકબીજાની સાથે હળવાશભરી વાતો કરી રહ્યા હતા.

સાવરકરજીને બેસવા માટે ખુરશી આપવામાં આવી. પ્રથમ દિવસે એટલે કે સત્તાવીસમી મેએ અને એ પછી ત્રીજી જૂનની મુદતની દિવસે ખાસ કશી કાર્યવાહી સંપન્ન થઈ નહીં. માત્ર કાર્યવાહીનું સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું, પછી કોર્ટ બાવીસમી જૂન સુધી મુલત્વી રાખવામાં આવી.

આ સમયગાળા દરમિયાન દિલ્હીની આ ખાસ અદાલતને કેટલીક ખાસ છૂટછાટો આપવામાં આવી; જેમાં મુખ્ય છૂટ એ હતી કે જો કોઈ આરોપી તાજનો સાક્ષી બનીને સમગ્ર કાવતરાની રજેરજ વિગતો સરકારને જણાની દે, તો અદાલત એને માફ કરી શકે છે.

પોલીસે એની આગવી રીતે એક આરોપીને તાજનો સાક્ષી બનવા માટે મનાવી લીધો. એ માણસ હતો : દિગમ્બર બડગે.

દિગમ્બર બડગેએ પોતાની જાતને સજામાંથી બચાવી લેવા માટે પોતાના સાથીઓને દિગમ્બર કરી નાખ્યા. એણે જે વાર્તા રજૂ કરી એનો ટૂંકસાર આવો હતો : ગાંધીજીની હત્યા એક સમજી-વિચારીને ઘડાયેલું અને પાર પાડવામાં આવેલું ષડ્યંત્ર હતું. નથુરામ ગોડસે તો માત્ર હથિયાર હતો, બાકી કાવતરા પાછળનું ભેજું તો આપ્ટે હતો. અને સાવરકરે પૂરા ષડ્યંત્રમાં ગુરુજીની ભૂમિકા ભજવી હતી.''

સરકારી વકીલે આ બધી માહિતીનો આધાર લઈને આરોપનામું ઘડી કાઢયું, ''નામદાર ન્યાયમૂર્તિ સાહેબ, અદાલતમાં હાજર તમામ તહોમતદારો પર ષડ્યંત્ર, હત્યા તેમજ હથિયારો અને દારૂગોળો રાખવાના આરોપો તય કરવામાં આવે છે.

વિનાયક દામોદર સાવરકર એ દેશ અને દુનિયામાં એક અત્યંત જાણીતું નામ છે. એક ચોક્કસ વિચારધારા ધરાવતા લોકસમૂહના તેઓ નેતા છે. હિંદુ મહાસભાના તેઓ વરસો સુધી પ્રમુખ રહ્યા છે. એમની કલમે લખાયેલાં પુસ્તકોની સંખ્યા વિપુલ છે અને એની શૈલીમાં આગ છે. એમને માનનારા હિંદુઓ માટે આ પુસ્તકો ભગવદ્ ગીતા કે બાઈબલ કરતાં જરા પણ કમ નથી. એમાંની કેટલીક ચોપડીઓનું પ્રકાશન નથુરામ ગોડસે તથા આપ્ટે દ્વારા થયેલું છે. આખો દેશ એ વાત જાણે છે કે સાવરકરને અહિંસા પ્રત્યે જરા પણ પ્રેમ કે આકર્ષણ નથી. અને મુસ્લિમોની તરફેણ કરતી કોઈ પણ વાત સાવરકરને સ્વીકાર્ય નથી. પોલીસ પાસે પૂરતા પુરાવાઓ છે, જેનાથી એ સાબિત થઈ શકે કે સાવરકરને ગાંધીજીની હત્યા થવાની છે એ વાતની પણ જાણ હતી એટલું જ નહી, એમાં એમનું મેળાપીપણું પણ હતું જ.''

આ આરોપીનામું મોટેથી વાંચી સંભળાવવામાં આવ્યું, એ સાથે જ તમામ આરોપીઓ બોલી ઊઠ્યા, ''અમે નિર્દોષ છીએ અને અદાલતને અમારી વિનંતી છે કે અમારી ઉપર ન્યાયપૂર્ણ કાર્યવાહી ચલાવવામાં આવે.''

તાજના સાક્ષી બડગેએ ચોંકાવી મૂકે તેવી વિગતો રજૂ કરી, ''૧૪ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે હું જ્યારે આપ્ટે અને નથુરામ ગોડસે સાવરકર સદનમાં ગયા ત્યારે હું પણ એમની સાથે હતો. મને ઝાંપાની બહાર ઊભો રાખીને આપ્ટે તથા ગોડસે ઘરમાં દાખલ થયા. એમના હાથમાં વિસ્ફોટકો ભરેલો એક થેલો હતો. એ લોકો પાંચ-દસ મિનિટ પછી બહાર આવ્યા, ત્યારે પણ થેલો એમના હાથમાં હતો. એ પછીના દિવસે એટલે કે પંદરમી જાન્યુઆરીએ આપ્ટેએ મને પૂછ્યું, 'હું દિલ્હી જઈ રહ્યો છું. તારે આવવું છે મારી સાથે ?' મેં દિલ્હી જવાનું કારણ પૂછ્યું, તો આપ્ટેએ જવાબ આપ્યો, 'તાત્યારાવનો આદેશ છે; ગાંધી, નહેરુ અને સુહરાવર્દીને પતાવી નાખવાના છે. આ કામ એમણે મને સોંપ્યું છે.' હું જાણતો હતો કે આપ્ટે સાવરકરજીને 'તાત્યારાવ' કહીને સંબોધતો હતો.''

એ પછી બડગે આગળ ચલાવ્યું, ''આપ્ટે ગોપાલ ગોડસે, નથુરામ ગોડસે અને મેં એવું નક્કી કર્યું કે દિલ્હી રવાના થતાં પહેલાં સાવરકરજીનાં છેલ્લાં દર્શન કરી લેવાં. એ માટે અમે ૧૭મી જાન્યુઆરીનો દિવસ પસંદ કર્યો. અમે ફરીથી સાવરકર સદનમાં ગયા. મને આ લોકોએ નીચેના વરંડામાં ઊભો રાખ્યો. ગોડસે બંધુઓ અને આપ્ટે પહેલા માળે રહેતા સાવરકરને મળવા ગયા. થોડી વાર પછી મને દાદર પરથી ઊતરી રહેલા પગલાંનો અવાજ સંભળાયો. મારા સાથીઓ આવી રહ્યા હતા. એ પછી મને સાવરકરના મુખમાંથી ટપકેલાં આશીર્વચનો સંભળાયાં; તેઓ ગોડસે અને આપ્ટેને કહી રહ્યા હતા, ''યશસ્વી થાઓ અને હેમખેમ પાછા આવો !'' પાછા ફરતી વખતે આપ્ટેએ મને જણાવ્યું કે દિલ્હી જવાનો આદેશ એને તાત્યારાવ તરફથી મળેલો છે.''

એટર્ની જનરલ સી. કે. દફતરીએ આ જ વિગતો પર આધારિત આરોપનામું અદાલતમાં વાંચી સંભળાવ્યું અને પછી છટાપૂર્વક જાહેર કર્યું, ''મિ. લૉર્ડ, આનાથી વધારે મારે કશું જ કહેવાનું નથી. ષડ્યંત્ર દીવા જેવું સાફ છે. અદાલતને મારો અનુરોધ છે કે ગુનેગારોને સખતમાં સખત સજા કરવામાં આવે.''

એ સાથે જ એમનો સમય સમાપ્ત થયો અને દાવપેચના નિષ્ણાત ભોપટકરનો સમય શરૂ થયો. એમણે શરૂઆત જ તાજના સાક્ષી બની ગયેલા બડગેની ઊલટ-તપાસથી કરી, ''તમે અંગતપણે સાવરકરજી વિશે શો મત ધરાવો છો ?''

બડગે થોથવાઈ ગયો. પણ સિંહની સામે ઊભા રહીને અસત્ય ઉચ્ચારવાની એનામાં હિંમત ન હતી. એણે કહ્યું, ''હું સાવરકરજીને માત્ર હિંદુઓના નેતા જ નહીં, પણ ઈશ્વરના અવતાર માનું છું. દર વરસે લોકો જે રીતે શિવજયંતી કે કૃષ્ણજયંતી ઉજવે છે, હું એટલા જ ભક્તિભાવપૂર્વક સાવરકરજીનો જન્મદિવસ મનાવું છું.''

ભોપટકરે એક આંખ ઝીણી કરી, ''ત્યારે તો તમે સાવરકરને અનેક વાર મળ્યા હશો.''

''ના, હું એમને જિંદગીમાં ફક્ત એક જ વાર મળેલો છું; એ પણ ૧૯૪૩માં.''

''કેમ એક જ વાર ? તમે જ્યારે 'સાવરકર સદનમાં આપ્ટે-ગોડસેની સાથે ગયેલા ત્યારે...?''

''ના, ત્યારે એમનો ચહેરો જોવા નહોતો મળ્યો; મેં તો માત્ર એમનો અવાજ જ સાંભળ્યો હતો.''

''ખૂબ સારી યાદશક્તિ કહેવાય તમારી ! ૧૯૪૩માં જેને એક જ વાર જોયા હોય એ માણસનો અવાજ એમને પ્રત્યક્ષ જોયા વગર જ તમે ઓળખી કાઢ્યો !?''

બડગે ગૂંચવાયો. હવે જ એને સમજાયું. કે આ ધારાશાસ્ત્રી એને કેવી ભયંકર કાનૂનીજાળમાં ફસાવી રહ્યો હતો.

એણે જાળમાંથી છૂટવાનો આખરી પ્રયાસ કર્યો, ''હું...હું એમનો અવાજ...એટલા માટે ઓળખી ગયો...કારણ કે મને ખબર હતી કે એ મકાનમાં સાવરકરજી રહે છે.''

''તમે ભૂલો છો, બડગે મહાશય ! 'સાવરકર સદન'માં સાવરકર ઉપરાંત ભીડે ગુરુજી અને દામલેજી પણ રહે છે. તમે સાંભળેલો અવાજ એ બંનેમાંથી પણ કોઈને હોઈ શકે છે !''

બડગેને પરસેવો છૂટી ગયો. એને થયું કે તાજના સાક્ષી બનવાને બદલે મૂગો રહીને ફાંસીએ ચડી ગયો હોત તો વધારે સારું હતું.

* * *

ભોપટકરે બડગેના ફુગ્ગામાંથી તો હવા કાઢી નાખી, પણ હજુ એક-બે નાના-નાના ફુગ્ગાઓમાં ટાંકણી ભોંકવાનું બાકી હતું.

એ જમાનાની સુપ્રસિદ્ધ મરાઠી અભિનેત્રી મિસ શાંતાબાઈ મોડકેએ જુબાની આપી હતી કે જાન્યુઆરીની ચૌદમી તારીખે જ્યારે હું મારી ગાડીમાં બેસીને જઈ રહી હતી ત્યારે મેં આપ્ટે અને ગોડસેને લિફ્ટ આપી હતી. તેઓ ગાડીમાંથી 'સાવરકર સદન' આગળ ઊતરી ગયા હતા."

આ વખતે ઊલટતપાસ માટે ઍડ્વાકેટ ઓક ઊભા થયા, "મિસ શાંતાબાઈ, તમે જેમને લિફ્ટ આપી હતી તે કોઈ અજાણ્યા શખ્સો હતા કે પછી આપ્ટે અને ગોડસે હતા ?"

"અલબત્ત, એ વખતે તો અજાણ્યા પુરુષો ! પણ અત્યારે અદાલતમાં એમનાં નામો બોલાયાં એટલે મેં ઓળખી કાઢ્યા !" અભિનેત્રીના તર્કમાં દમ હતો.

"ઠીક છે ! પણ આપ્ટે અને ગોડસે ગાડીમાંથી ઊતરી ગયા એ પછી તમે શું કર્યું હતું ?"

"કરવાનું શું હોય વળી ? મેં ગાડી મારી મૂકી." અભિનેત્રીની અદા જોઈને અદાલતમાં હસાહસ થઈ પડી.

"આ પણ ઠીક છે, મિસ ! પણ તો પછી તમને એ ખબર કેવી રીતે પડી કે ગાડીમાંથી ઊતરીને આપ્ટે અને ગોડસે 'સાવરકર સદન'ની અંદર ગયા કે પછી ચાલતાં-ચાલતાં બીજે ક્યાંક ગયા ? તમે તો એમને માત્ર ઝાંપા આગળ ઊભેલા જ જોયા હતા ને ?"

અદાલતની હસાહસ હવાઈ ગઈ, અને હવાઈ ગઈ શાંતાબાઈની જુબાની પણ. અભિનેત્રીએ પોતાની ફિલ્મ આટોપી લીધી, "મેં આપ્ટે અને ગોડસેને 'સાવરકર સદન'માં દાખલ થતાં જોયા ન હતા."

એટર્ની જનરલ દફતરી પાસે જેટલાં શસ્ત્રો હતાં. બચાવ પક્ષના સેનાપતિ ભોપટકર પાસે એટલાં બખ્તરો હતાં.

દફતરીએ એક ઑર સાક્ષી પ્રોફેસર જે. સી. જૈનને રજૂ કર્યા. જૈન સાહેબ પ્રોફેસર હોવા છતાં ભુલકણા ન હતા. એમને બરાબર યાદ હતું, "મદનલાલ પાહવા મને મુંબઈ ખાતે મળ્યો હતો. એણે મને કહેલું કે સાવરકરે એની કામગીરી બદલ પીઠ થપથપાવી શાબાશી આપેલી."

ભોપટકરની ટુકડીના એક ધારાશાસ્ત્રીએ ઊલટતપાસ દ્વારા સાબિત કરી આપ્યું કે પ્રોફેસર સાહેબની યાદદાસ્ત ક્યાં અને કેટલી કમજોર છે. જૈન સાહેબે કાન

પકડ્યા, ''હા, યાદ આવ્યું. મદનલાલ જ્યારે મને મળ્યો હતો, ત્યાં સુધી ગાંધીજીની હત્યા તો થઈ જ ન હતી. અને સાવરકરે એની પીઠ થપથપાવેલી એ તો એટલા માટે કે મદનલાલે પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓની રાહત-છાવણઈઓમાં સેવાનું બહુ મોટું કાર્ય કર્યું હતું.''

મુંબઈના ગૃહપ્રધાન મોરારજીભાઈ દેસાઈ તથા એક અન્ય સાક્ષી અંગદસિંહે પણ અદાલતમાં જુબાની આપી. એમની વાત પણ મદનલાલને લગતી જ હતી.

આનો રદિયો ખુદ સાવરકરજીએ આપ્યો, ''ગૃહમંત્રીશ્રી તથા અંગદસિંહની વાતો સાચી માનવા માટે આધાર શો છે ?''

''આધાર એ કે આ વાત ખુદ મદનલાલ પાહવાએ અમને કરી છે.'' મોરારજીભાઈનો પિત્તો ઊછળ્યો.

''મદનલાલે તમને જે કંઈ કહ્યું હોય એનો પુરાવો છે. તમારી પાસે ?''

''ના.''

''અને કદાચ પુરાવો હોય તો પણ મદનલાલે તમને કહ્યું એ સાચું જ છે એનો કશો પુરાવો છે તમારી પાસે ?''

''ના.'' મોરારજીભાઈનો પિત્તો જેટલા જોરથી ઊછળ્યો હતો, એના કરતાં બમણા જોરથી શાંત થઈ ગયો.

સરકારી પક્ષે આખરી સાક્ષી પેશ કર્યો, જે એમના મતે સાવરકરના કૉફિનનો છેલ્લો ખીલો હતો. એ સાક્ષીએ જુબાની આપી કે મહાત્મા ગાંધીની હત્યા થયા પછી તરત જ દિલ્હીમાં આવેલા 'હિંદુ મહાસભા ભવન'માંથી એક ટ્રંકકૉલ મુંબઈમાં આવેલા 'સાવરકર સદન' ઉપર થયો હતો.

ભોપટકરે આ અમોઘ શસ્ત્રના વારને મોઢા પર બેઠેલી માખીને ઉડાડતા હોય એવી સહેલાઈથી ઉડાડી મેલ્યો, ''આ સાક્ષીને મારો એક જ પ્રશ્ન છે; તમે કહો છો એ ટ્રંકકૉલ 'સાવરકર સદન' માટે થયો હતો કે સાવરકર માટે થયો હતો ?''

''સાવરકર સદન' પર થયો હતો.''

''સામા છેડે કોણે વાત કરેલી એ તમે કહી શકો છો ?''

''ના.''

''સાવરકર સદનમાં રહેતા કોઈ સદસ્યે જ વાત કરી હોઈ શકે ? કે પછી બહારથી આવેલા કોઈ મુલાકાતીએ પણ વાત કરી હોય ?''

''એ હું શી રીતે કહી શકું ?''

“તો પછી બેસી જાઓ ! આમાં ક્યાંય સાવરકરની સંડોવણી પુરવાર થતી નથી.”

માસ્તરનો આદેશ માથે ચડાવીને જે રીતે આજ્ઞાંકિત વિદ્યાર્થી બેસી જાય એ રીતે સાક્ષી બેસી ગયો.

* * *

આ તો બે-પાંચ નમૂનાઓ હતા; ઉદાહરણ તરીકે ટાંકેલા નમૂનાઓ; બાકી સરકાર તરફથી કોઈ જ કસર બાકી રાખવામાં આવી ન હતી. કુલ મળીને ૧૪૯ સાક્ષીઓને જુબાની આપવા માટે સાક્ષીના પીંજરામાં ખડા કરવામાં આવ્યા. પ્રત્યેક સાક્ષી એવી સજ્જડ જુબાની આપી ગયો કે જાણે સાવરકરને ૧૪૯ વાર ફાંસીના માંચડે ચડી જવું પડશે એવું લાગ્યા કર્યું. અને ૧૪૯ સાક્ષીઓની ભોપટકર અને એમની કાયદાવિદ ફૌજે ઊલટતપાસ કરી. એ દરેક ઊલટતપાસ સાવરકરના ગળામાંથી ફાંસીના ગાળિયાને એક-એક કરતાં દૂર કરતી રહી.

હવે આવી પહોંચી તારીખ આઠમી નવેમ્બર. સરકારી આક્રમણનો સિલસિલો સમાપ્ત થયો. હવે વારો આવ્યો આરોપીઓએ એમની જબાન ખોલવાનો.

પ્રારંભ જ ધમાકેદાર રીતે સંપન્ન થયો. મુખ્ય અભિયુક્ત નથુરામ ગોડસેને આરોપીના પીંજરામાં ખડો કરવામાં આવ્યો.

ન્યાયમૂર્તિ શ્રી આત્માચરણ પોતાના આસન ઉપર બિરાજમાન હતા. બધે દૂર સુધી સન્નાટા જેવું વાતાવરણ પ્રસરેલું હતું. પાંજરામાં આરોપીઓ પોતપોતાના સ્થાન ઉપર બેઠા હતા, બંને પક્ષોના વકીલો ઉપસ્થિત હતા. અખબારોના પ્રતિનિધિઓ અને સંવાદદાતાઓ એમની કલમ સાથે અહેવાલ-લેખન માટે સજ્જ બનીને બેઠા હતા. ન્યાયાલય ખીચોખીચ ભરેલું હતું.

“આરોપી ક્રમાંક-૧, નથુરામ વિનાયક ગોડ્સે, વય ૩૭ વર્ષ, વ્યવસાય સંપાદક ‘હિન્દુ રાષ્ટ્ર’, મુખપત્ર પુણે.” શાંત ઓરડામાં આ ઐતિહાસિક હત્યાકાંડના પ્રમુખ આરોપીનો નામોચ્ચાર થયો, એ સાથે જ નથુરામ ઊભો થઈ ગયો.

ન્યાયમૂર્તિએ કહ્યું, “તમારા વિરુદ્ધ વકીલોએ સાક્ષીઓ રજૂ કરીને જે પુરાવા આપ્યા, તે તમે સાંભળ્યા છે; તે વિશે શું કહેવું છે ?”

નથુરામે કહ્યું, “મારે લેખિત નિવેદન રજૂ કરવું છે.’ આ માટે એને મંજૂરી આપવામાં આવી.

તરત જ સરકારી વકીલ શ્રી દફતરીએ વાંધો ઉઠાવ્યો, “આરોપીને મૌખિક નિવેદન રજૂ કરવાની છૂટ આપવામાં આવે, પણ લેખિત નિવેદન વાંચવા દેવામાં ન આવે.”

"ઓબ્જેકશન ઓવરરુલ્ડ." ન્યાયમૂર્તિએ કહ્યું અને એ સાથે જ નથુરામે ૯૨ પાનાંઓમાં પથરાયેલું અને લગભગ ૧૫૦ મુદ્દાઓમાં વહેંચાયેલું એનું ઐતિહાસિક નિવેદન વાંચવાની શરૂઆત કરી.

એના પ્રારંભિક કાવ્યમય શબ્દો જ ભવ્યાતિભવ્ય હતા :

"દેશભક્તિને પાપ કહે કોઈ જો,
છું હું પાપી ઘોર ભયંકર,
કિન્તુ હોય જો તે પુણ્યકાર્ય તો,
મારો છે અધિકાર પુણ્ય પર...
અચલ ઊભો હું આ વેદી પર.

માન્યવર ન્યાયમૂર્તિની સેવામાં, હું નથુરામ વિનાયક ગોડસે, નમ્રતાપૂર્વક નિવેદન કરું છું..."

ખીચોખીચ ભરાયેલી અદાલત, બંને પક્ષના વકીલો તથા આ 'કટ્ટર, કોમવાદી, ધર્મઝનૂની, પાગલ હત્યારા'ની કેફિયતને એક કાન થઈને સાંભળી રહ્યા.

'કટ્ટર, કોમવાદી, ધર્મઝનૂની અને પાગલ' જેવાં વિશેષણોને ઊંધાં અલ્પવિરામચિહ્નોની વચ્ચે મૂકવા પાછળનું મહત્ત્વનું કારણ એક જ કે છેલ્લાં પચાસ-સાઠ વરસોથી નથુરામ ગોડસે માટે કૉંગ્રેસીઓ, કૉંગ્રેસ સરકારો, ગાંધીવાદીઓ અને જાહેર જીવનમાં પડેલી નામાંકિત વ્યક્તિઓ આ બધાં વિશેષણોનો ઊછળી-ઊછળીને ઉપયોગ કરતી આવી છે.

નથુરામ હત્યારો જરૂર હતો અને એણે આચરેલી હત્યાને કોઈ કાળે સમર્થન આપી શકાય જ નહીં, પણ એને માટે 'હત્યારો' એ એક માત્ર વિશેષણ વાપરવું તે શું પર્યાપ્ત નથી ?

ઝનૂની કે પાગલ જેવાં વિશેષણો ખરેખર સાચાં હતાં ? એને પુણેમાં પંડિત નથુરામ શર્મા શા માટે કહેવામાં આવતો હતો ? એ હિન્દી, મરાઠી, અંગ્રેજી અને સંસ્કૃતમાં અસ્ખલિતપણે વાતચીત કરી શકતો હતો. એ ખ્યાતનામ મરાઠી અખબારનો તંત્રી હતો. એની વાણીમાં વિવેક હતો. વિચારોમાં સ્પષ્ટતા હતી અને વર્તનમાં નમ્રતા હતી.

શું એને ગાંધીજી સાથે કશી અંગત દુશ્મનાવટ હતી ? શું એ મહાત્માજીને સમજી શકયો ન હતો ?

એણે પોતે જ અદાલતમાં કહ્યું હતું કે, "વિશ્વનો આ એક માત્ર બનાવ છે, જેમાં હત્યારાએ એના શિકાર ઉપર ગોળી છોડતાં પૂર્વે એનો ચરણસ્પર્શ કર્યો હોય !"

આટલું બોલ્યા પછી ગોડસે ઉમેરે છે, ''મેં કરેલો ચરણસ્પર્શ એ મહાત્માજીએ કરેલી દેશની સેવાનો ઋણસ્વીકાર હતો; અને મેં છોડેલી ગોળીઓ એ ગાંધીજીએ કરેલી દેશની કુસેવા બદલ મેં આપેલી સજા હતી !''

આ કેફિયતમાં શું કોઈ જ તર્ક રહેલો નથી ? આપણે ગોડસેના કૃત્ય સાથે સહમત થવું સહેજ પણ ફરજિયાત નથી, પણ આજે સાઠ વર્ષનો દીર્ઘકાળ પસાર થવા દીધા પછી ગોડસે-ગાંધીના ઇતિહાસને જરા તટસ્થતાપૂર્ણ રીતે તપાસી જોવાની તો જરૂર છે જ.

ગોડસેના જ શબ્દો યાદ કરવા જેવા છે : ''મને જરા પણ શંકા નથી કે ભવિષ્યમાં સચ્ચાઈ અને પ્રામાણિકતાથી ઇતિહાસના આ પ્રકરણને ઇતિહાસકારો લખશે તો તેઓ મારાં કાર્યો અને એનાં પરિણામોનું સાચું મૂલ્યાંકન કરશે.''

શું હતું ગોડસેના એ નિવેદનમાં ? ક્યાં હતાં ગાંધીહત્યા માટેનાં કારણો ? અને આ આખીયે ઘટનામાં સિંહપુરુષ સાવરકર ક્યાં આવતા હતા ? ખરેખર આવતા હતા ખરા ?

o o o

૩૧. ગોડસેનું નિવેદન : સાવરકરની મુક્તિ

ચિક્કાર અદાલતી ખંડમાં અક વિરાટ વિભૂતિનો હત્યારો સ્વસ્થ ચિત્તે, સહેજ પણ અપરાધભાવ અનુભવ્યા વગર એણે કરેલા ઐતિહાસિક કૃત્ય ઉપરથી પડદો ઊંચકી રહ્યો હતો : ''અહીં દિલ્હીમાં સંયોગવશાત્ મને એક શરણાર્થી મળ્યો. તે શસ્ત્ર વેચતો હતો અને એણે મને એક પિસ્તોલ બતાવી. મને એ પિસ્તોલ પસંદ પડી ગઈ અને મેં એ ખરીદી લીધી. આ એ જ પિસ્તોલ હતી જેનાથી મેં ગાંધીજીને નિશાન બનાવ્યા હતા.''

અદાલતમાં ઉપસ્થિત તમામ લોકો શ્વાસ લેવાનું ભૂલીને નથુરામ ગોડસેનાં વાકયો સાંભળી રહ્યા હતા.

નથુરામ ગોડસે ગાંધીજીની હત્યાની પૂર્વરાત્રીનું વર્ણન કરી રહ્યો, ''હિન્દુઓની આજની મૂંઝવણ અને આગામી ધ્વંસના ચિંતનમાં મેં ૨૯મી તારીખની રાત વિતાવી.''

ગોડસેનું સંપૂર્ણ નિવેદન આલેખવા બેસું તો બીજાં પાંચ પ્રકરણો પણ ઓછાં પડે, પરંતુ આપણી નિસ્બત એ વાત સાથે છે કે ગાંધી હત્યાના ષડ્યંત્રમાં સાવરકરની સામેલગીરી વિશે ગોડસેનું શું કહેવું હતું ?

''વકીલ કહે છે કે વીર સાવરકરે મને માર્ગદર્શન આપ્યું અને જો એમનું પ્રોત્સાહન ન હોત તો હું ગાંધીજીનો વધ ન કરી શકત. હું આ વાતનો અસ્વીકાર કરું છું. એમનું કથન અસત્ય છે. આવા સત્યવિહીન, ન્યાયવિહીન આરોપોનો હું કડક વિરોધ કરું છું. આ આરોપમાં મારી સંતુલિત બુદ્ધિનું અને મારી પ્રજ્ઞાનું અપમાન છે. હું કોઈપણના હાથની કઠપૂતળી બની શકું એટલો મૂર્ખ નથી.''

ગોડસેની જુબાની સરકારી વકીલના પગ નીચેથી જમીન સરકાવી રહી હતી, ''હું અને આપ્ટે જ્યારે 'સાવરકર સદન'માં જતા હતા, ત્યારે નીચલા માળે જ અટકી જતા હતા. વીર સાવરકર ઉપરના માળે રહેતા હતા. અમે એમને બહુ ઓછું મળતા હતા અને જ્યારે પણ મળતા હતા, ત્યારે એમની પાસેથી સમય નક્કી કરીને જ મળતા હતા.''

એ પછી ગોડસેએ કબૂલ કર્યું કે એની વિચારધારા કેવી રીતે ક્રમશઃ સાવરકરની વિચારધારાથી અલગ થતી ગઈ. અને શા માટે એણે અને આપ્ટેએ હિંદુત્વના રક્ષણ માટે ગાંધીજીને આ પૃથ્વી ઉપરથી કાયમને માટે હટાવી દેવાનો નિર્ણય લેવો પડ્યો.

ગોડસેને જે રીતે જડ, કટ્ટરપંથી કે ઝનૂની અને પાગલ તરીકે ચીતરવામાં આવ્યો છે, તેવો એ હરગિઝ ન હતો. લાલ કિલ્લાની એની ઐતિહાસિક જુબાનીમાં એ કહે છે : ''મેં દાદાભાઈ નવરોજી, વિવેકાનંદ, ગોખલે અને ટિળકનું સાહિત્ય વાંચ્યું છે; અને પ્રાચીન તથા આધુનિક ભારતનો ઈતિહાસ પણ વાંચ્યો છે, પરંતુ સૌથી વધારે ધ્યાન મેં વીર સાવરકર અને ગાંધીજીનું સાહિત્ય અને વિચારો ઉપર આપ્યું છે. આધુનિક ભારત પાછલાં ૫૦ વર્ષોમાં આ બે પુરુષોના સિદ્ધાંતોથી પ્રભાવિત રહ્યું છે.''

ગોડસેનું નિવેદન સાંભળીને કદાચ વિદ્વાન ન્યાયમૂર્તિ પણ વિચારમાં પડી ગયા હશે કે આ આરોપીને ગંદી ગાળો ભાંડતા દંભી ગાંધીવાદીઓમાંથી કેટલા એવા હશે જેમણે ગોડસે જેટલું વૈવિધ્યસભર, વિશદ વાંચન કરેલું હશે !

ગાંધીહત્યામાં સાવરકરના મેળાપીપણા વિશે ગોડસેએ શું કહ્યું ? વાંચો એના જ શબ્દોમાં : ''મારા ઉપર એવો આરોપ છે કે મેં આ બધું જ સાવરકરના ઈશારા પ્રમાણે કર્યું છે અને મારી ઈચ્છાથી નથી કર્યું; પણ એમ કહેવું કે સાવરકર ઉપર આધારિત હતો એ મારા વ્યક્તિત્વનું, મારાં કાર્યોનું અને મારી નિર્ણય ક્ષમતાનું અપમાન છે. આ બધું હું એટલા માટે કહી રહ્યો છું કે મારી બાબતમાં જે ભ્રામક ધારણાઓ હોય તે દૂર થઈ જાય. હું એ વાતને ફરીથી બેવડાવું છું કે વીર સાવરકરને મારા એ કાર્યક્રમની જરા પણ ખબર ન હતી, જેના આધારે મેં ગાંધીજીનો વધ કર્યો. એ એક નર્યું જૂઠાણું છે કે આપ્ટેએ મારી સામે કે મેં બડગેને જણાવ્યું કે અમને ગાંધીજી, નહેરુ અને સુહરાવર્દીની હત્યા કરવાની આજ્ઞા સાવરકરે આપી હતી. એ પણ સાચું નથી કે અમે આવી કોઈ યોજનાના કાવતરા બાબતમાં શ્રી બડગે સાથે સાવરકરનાં અંતિમ દર્શન કરવા માટે ગયા હોઈએ અને એમણે અમને આશીર્વાદ રૂપે શબ્દો કહ્યા હોય કે 'સફળ થાઓ અને પાછા ફરો.' એ અસત્ય છે કે સાવરકરે અમને કહ્યું કે ગાંધીજીનાં સો વર્ષ પૂરાં થઈ ચૂકયાં છે, એવી વાત આપ્ટેએ કે મેં બડગેને કરી હોય. હું ન તો એવો અંધશ્રદ્ધાળુ છું કે સાવરકરની ભવિષ્યવાણીના આધારે આટલું મોટું કાર્ય હાથમાં લઉં કે ન તો હું એટલો મૂર્ખ છું કે આવા ભવિષ્ય કથન ઉપર વિશ્વાસ કરું.''

એ પછી ગોડસેએ એના દીર્ઘ વકતવ્યમાં ગાંધીજીની રાજનીતિનું ક્ષય-દર્શન વર્ણવ્યું. એની પ્રત્યેક દલીલમાં વજૂદ હતું, તર્ક હતો, ઈતિહાસ હતો અને સત્યનું વજન હતું..

ગોડસેના મતે ગાંધીજી યુગપુરુષ ન હતા, પણ માત્ર સમય પુરુષ હતા. ઈતિહાસે એમને પોતાના ખોળામાં બેસાડવાનું જાણે નક્કી કરી લીધું હતું. એમણે દક્ષિણ આફ્રિકાથી આવીને જ્યારે આ દેશની ધરતી ઉપર પગ મૂકયો, એ જ અરસામાં તેઓ જેમને ગુરુ માનતા હતા એવા સર ફિરોઝશાહ મહેતા અને ગોપાલકૃષ્ણ ગોખલે સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા. થોડાં જ વર્ષો પછી તિળક પણ ચાલ્યા ગયા. હવે મેદાન ખુલ્લું હતું અને ખાલી હતું. ગાંધીજીએ સત્ય અને અહિંસાનો જયઘોષ પ્રસરાવવાનો આરંભ કર્યો.

પણ ખુદ ગાંધીજીએ એ વાતનો ઘણી વાર સ્વીકાર કર્યો છે કે તેઓ સિદ્ધાંતોની વિરુદ્ધનાં કામ કરી શકે છે. મુસલમાનોને ખુશ કરવા માટે ગાંધીજીએ પોતાના સિદ્ધાંતો તોડવામાં કયારેય વાર પણ નથી કરી કે ચૂક પણ નથી કરી.

એ પછી ગોડસેએ ગાંધીજીની નિષ્ફળ, અન્યાયી અને પક્ષપાતપૂર્ણ રાજનીતિનો અસંખ્ય ઉદાહરણો ટાંકીને પર્દાફાશ કર્યો.

ગોડસે આગળ કહે છે : ''ટિળકના અવસાન પછી આખો દેશ ગાંધીજીના કબજામાં આવી ગયો. એમની સામે જો કોઈએ જબરજસ્ત ટક્કર આપી હોય તો તે સુભાષચંદ્ર બોઝ હતા. જો નેતાજી જાપાનની સહાય લઈને હિન્દુસ્થાન જીતી શકયા હોત તો પૂરો દેશ એમના ચરણોમાં ઢળી પડવા માટે તત્પર હતો, પણ ફરીથી સમય પુરુષે ગાંધીજીની તરફદારી કરી. ૧૯૪૫માં વિદેશની ધરતી ઉપર નેતાજી આથમી ગયા. એ વાત નોંધનીય છે કે જે મહાત્મા અને જે નહેરુ, સુભાષ બોઝના જાપાન સાથેના અનુસંધાનનો પ્રબળ વિરોધ કરતા હતા, એ જ લોકો આઝાદ હિંદ ફોજના કેદીઓને બચાવ કરીને દેશવાસીઓની નજરમાં મહાનાયકો બની ગયા.''

ગાંધીજીની જે આધ્યાત્મિક શકિત અને એમની અહિંસાનું મહિમાગાન કરતાં આપણે આજદિન લગી થાકતા નથી એ વિશે ગોડસેએ બહુ તર્કબદ્ધ સવાલ ઉઠાવ્યો, ''ઝીણાની દઢતા સામે ગાંધીજીની એ આધ્યાત્મિક શક્તિ શક્તિવિહીન સિદ્ધ થઈ ?''

ગોડસે માને છે કે 'જો મહંમદઅલી ઝીણા સામે ગાંધીજી નિષ્ફળ સાબિત થઈ ચૂકયા હતા, તો પછી એમણે મેદાન છોડી દેવાનું હતું અને પોતે હાર માની લઈને બીજાને અવસર આપવો જોઈતો હતો કે જે ઝીણા અને મુસ્લિમ લીગ સાથે પનારો પાડી શકે, પણ મહાત્માએ એમ ન કર્યું.''

' ગાંધીજીની અહિંસા પરસ્તી કેવી પોકળ હતી એ વિશે ગોડસેએ કહ્યું, ''આઝાદી પછી તરત જયારે પાકિસ્તાની ઘુસણખોરોએ કાશ્મીરમાં પેશકદમી કરી ત્યારે કાશ્મીરમાં ભારતનું લશ્કર મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણયમાં મહાત્માજીના પણ આશીર્વાદ હતા. શા માટે અહિંસાના આ મહાન પૂજારીએ પાકિસ્તાન સામે લડવા માટે સૈનિકો મોકલવાનું પસંદ કર્યું ? એને બદલે રેંટિયો અને તકલી ફેરવનારા સત્યાગ્રહીઓને શા માટે ન મોકલ્યા ?''

ગાંધીજીના ઉપવાસ એ માત્ર હિંદુઓને જ દબાવવા માટેનું એક અમોઘ શસ્ત્ર હતું. એ વિશે ગોડસેએ કહ્યું, ''શા માટે ગાંધીજીએ જિંદગીમાં એક પણ વાર મહંમદઅલી ઝીણાને ઝુકાવવા માટે ઉપવાસ શરૂ ન કર્યા ? એટલા માટે કે ગાંધીજી જાણતા હતા કે એમના ઉપવાસોમાં કશી જ આધ્યાત્મિક તાકાત ન હતી !''

તા. ૬-૪-૧૯૪૭ના દિવસે ગાંધીજીએ કહ્યું હતું, ''જો મુસલમાનો બધા હિંદુઓને મારી નાખે તો આપણે બહાદુરીથી મરી જવું જોઈએ. જન્મ અને મરણ આપણા નસીબમાં લખેલું જ છે. પછી એમાં હરખ - શોક શા માટે કરવો ?'

ગોડસેએ ભરી અદાલતમાં કહ્યું, ''જે વ્યક્તિ હિંદુઓને આવી સલાહ આપે એને મહાત્મા કેવી રીતે ગણી શકાય ? હું દૃઢપણે માનું છું કે ગાંધીજી હિંદુસ્તાનના રાષ્ટ્રપિતા નથી; કેમ કે આ દેશ તો એમના જન્મ પહેલા પણ અસ્તિત્વ ધરાવતો હતો. ગાંધીજીને હિંદુસ્તાનના જનક ગણી શકાય નહી. હા, એમને પાકિસ્તાનના જન્મદાતા અવશ્ય કહી શકાય, કારણ કે અંગ્રેજોએ ગમે તેટલા ધમપછાડા કર્યા હોત, તો પણ તેઓ પાકિસ્તાન પેદા કરી શકયા ન હોત. ઝીણા અને મુસ્લિમ લીગની તો એ તાકાત જ ન હતી કે પંચાસી ટકા જેટલી હિંદુ વસ્તીને પરાસ્ત કરીને તેઓ એક નવો દેશ બનાવી શકે. માટે જ હું કહું છું ગાંધીજી હિંદુસ્તાનના નહી, પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા.''

એ પછી પાકિસ્તાનને આપવાના પંચાવન કરોડ રૂપિયાના વિવાદ વિશે લંબાણપૂર્વકની ચર્ચા કરીને અંતમાં ગોડસેએ કહ્યું, ''મને સ્પષ્ટ જણાતું હતું કે જો હું ગાંધીજીનો વધ કરીશ તો મને જડમૂળથી નષ્ટ કરી દેવામાં આવશે...પરંતુ સાથે સાથે હું એ પણ જાણતો હતો કે ગાંધીજી હંમેશ માટે વિદાય લઈ જશે તો દેશની રાજનીતિમાં શસ્ત્રપ્રયોગ અને સામનો કરવાની કાર્યવાહીને સ્થાન મળશે.... મેં મારો નિર્ણય કોઈને જણાવ્યો નહી. ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે મેં ગાંધીજીનો વધ કર્યા.... જો દેશભક્તિ પાપ છે તો હું માનું છું કે મેં પાપ કર્યું છે; જો પ્રશંસનીય છે તો હું મારી જાતને એ પ્રશંસાનો અધિકારી સમજું છું. મને વિશ્વાસ છે કે જો મનુષ્યો દ્વારા સ્થાપિત ન્યાયાલયથી ઉપર કોઈ ન્યાયાલય હશે તો એમાં મારા કાર્યને અપરાધ સમજવામાં નહી આવે. મેં દેશ અને હિંદુ જાતિના ભલા માટે આ કામ કર્યું છે. મેં એ વ્યક્તિ ઉપર ગોળી ચલાવી છે, જેમની નીતિથી હિંદુઓ ઉપર ઘોર સંકટ આવ્યું અને હિંદુઓ બરબાદ થયા... ગાંધીજી ઉપર ગોળીબાર કરતાં પહેલાં એમની સામે આદર આપવા માટે નત - મસ્તક થયો હતો, પણ જનતાનો વિશ્વાસઘાત કરીને માતૃભૂમિના વિભાજનનો અધિકાર મોટામાં મોટા મહાત્માને પણ હોઈ શકે નહી.... કોઈએ મારા ઉપર આ વિષયમાં કોઈ દબાણ કર્યું નથી અને ન તો કોઈ મારા ઉપર દબાણ કરી શકે તેમ છે... હું પહેલાં પણ કહી ચૂકયો છું કે આ કાર્યમાં મારો કોઈ સાથીદાર ન હતો. સ્વયં હું અને માત્ર હું જ એનો ઉત્તરદાયી છું.''

નથુરામ ગોડસેનું નિવેદન લાગલગાટ સાડા ત્રણ દિવસ સુધી ચાલતું રહ્યું. એણે ન્યાયની અદાલત પાસેથી સહેજ પણ દયાની કે ક્ષમાની અપેક્ષા ન રાખી, યાચના ન કરી. એણે એક-બે વાત સ્પષ્ટ કરી દીધી, ''આ મારું નિવેદન છે, કોઈ બચાવનામું નથી. મેં ગાંધીજી ઉપર ગોળીઓ છોડી ત્યારે કશી દયા દર્શાવી ન હતી, માટે મારી વિનંતી છે કે અદાલત પણ મારા પ્રત્યે દયા ન દર્શાવે.''

* * *

બીજા જ દિવસે ભારતની કેન્દ્ર સરકાર તરફથી નથુરામ ગોડસેના બાણું પાનાંના આ નિવેદન ઉપર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો. આ ચેષ્ટાને ભવિષ્યની કેન્દ્ર સરકારોની કેટલીક વર્તણૂકો સાથે સરખાવવા જેવી છે. ગોડસે હત્યારો હતો એ તો સ્વયં એણે પણ કબૂલ્યું હતું. ધોળે દિવસે ચારસો જેટલા માણસોની ભીડમાં એણે બાપુ ઉપર ગોળીઓ છોડી. એ પછી પણ એણે ત્યાંથી ભાગવાની કોશિશ ન કરી. યાદ રહે કે એના હાથમાં એ વખતે પણ પિસ્તોલ હતી, જેમાં ત્રણ ગોળીઓ બચેલી હતી; એનો ડર બતાવીને એ નાસી છૂટી શકયો હોત, પણ તેણે ધરપકડ વહોરીને ફાંસીના માંચડે લટકી જવાનું પસંદ કર્યું.

એણે જે નિવેદન વાંચ્યું એની વિગત સાથે આપણે સંમત થઈએ કે ન થઈએ, પણ એટલું તો સ્વીકારીએ કે એ વિચારો ગોડસેના હતા. એને પોતાના વિચારો અદાલત તેમજ વિશ્વ સમક્ષ રજૂ કરવાના હક્કો હોવા જોઈએ. હિંદુ દેવી-દેવતાઓનાં નગ્ન ચિત્રો દોરનાર એમ. એફ. હુસેનના પક્ષમાં ઊછળી ઊછળીને 'અભિવ્યક્તિની સ્વતંત્રતા'ની દલીલો રટતા કૉંગ્રેસીજનો, સામ્યવાદીઓ અને સ્યૂડો - સેકયુલરિસ્ટો ગોડસેના નિવેદન બાબતે કેમ કશું નથી બોલતા ? ગુજરાતને બદનામ કરતી ફિલ્મ 'પરઝાનિયા' કે નર્મદા વિરોધી આમીરખાનની 'ફના' વખતે જ એમને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય શાથી યાદ આવી જાય છે ? મેં પોતે નથુરામ ગોડસેનું ઉપરોકત નિવેદન ચારથી પાંચ વાર ધ્યાનપૂર્વક વાંચેલું છે અને મહાત્મા ગાંધીજી પ્રત્યેનો આદર મારા મનમાંથી સહેજ પણ ઘટ્યો નથી. હા, એટલું ચોક્કસ થયું છે કે ગોડસેનો પક્ષ સમજવામાં મને આ નિવેદનના વાંચનથી સહાય અવશ્ય મળી છે.

ગોડસેના નિવેદન બાદ મદનલાલ પાહવાનો વારો આવ્યો. એણે પોતાની જુબાનીમાં સરકારી વકીલનો એ આરોપ સંપૂર્ણપણે ફગાવી દીધો અને કહી દીધું કે તે જિંદગીમાં કદીય સાવરકરને મળ્યો જ નથી.

કિસ્તયે કહી દીધું કે પોતે ગોડસે, આપ્ટે અને બડગેની સાથે ગાડીમાં બેસીને શિવાજી પાર્ક ગયો હતો ખરો, પણ પછી તે પોતે ગાડીમાં જ બેસી રહ્યો હતો. એટલે એને ખબર નથી કે એ ત્રણેય જણા કયા ઘરમાં, કોને મળવા ગયા હતા.

નવેમ્બરની વીસમી તારીખ. ઊઘડતી અદાલતે જ લોકો ઊમટી પડ્યા. સૌની મીટ એ દિવસે વીર સાવરકર પર હતી. સાવરકરે એમનું બાવન પાનાનું સ્વલિખિત નિવેદન વાંચવાનું શરૂ કર્યું. એમાં પ્રારંભમાં જ એમણે એ વાત સ્પષ્ટ કરી દીધી કે એમની ઉપર મૂકવામાં આવેલા તમામ આરોપો વાહિયાત છે. ગાંધીજીની હત્યામાં એમનો હાથ પણ નથી, મગજ પણ નથી અને માર્ગદર્શન પણ નથી. એ માટે એમની પાસે કશું કારણ પણ નથી.

એ પછી સાવરકરમાં છુપાયેલો બૅરિસ્ટર બહાર આવ્યો. એક પછી એક આરોપ, એક પછી એક સાક્ષી અને એક પછી એક પુરાવાને સાવરકર કાયદાના તર્ક વડે કાપતા ગયા.

''તાજનો સાક્ષી બનેલો બડગે જૂઠું બોલે છે. એનું કહેવું છે કે મેં એવું કહેલુ કે ગાંધી, નહેરુ અને સુહરાવર્દીને ખતમ કરવાના છે; આ વાત એના કહેવા અનુસાર આપ્ટે અને ગોડસેએ એને કરી હતી, પરંતુ આપ્ટે અને ગોડસે આવું કહ્યાનો ઈન્કાર કરે છે. ધારો કે આપ્ટે અને ગોડસેએ બડગેને આવું કહ્યું પણ હોય, તો એ લોકો સાચું બોલતા હતા એ વાતનો કશો પુરાવો નથી. મેં એમને આ વાકય કહ્યું હોય એની કોઈ નક્કર સાબિતી સરકાર પાસે છે જ નહી.''

''યશસ્વી ભવ અને કામ પૂરું કરીને પાછા આવો !'' એવાં તથાકથિત વાકયો વિશે સાવરકરે સુંદર તર્ક રજૂ કર્યો, આ વાકયો હિંદુસ્તાનમાં ઘરે - ઘરે બોલાય છે. કોઈ પણ કાર્યની સફળતા માટે વડીલો એમનાં સંતાનોને, શિષ્યોને કે સ્વજનોને આવો આશીર્વાદ આપતા હોય છે. પણ મેં ઉચ્ચારેલાં વાકયોને ગાંધીહત્યાના ષડ્યંત્ર સાથે સાંકળી શકાય તેમ નથી. વધારામાં, આ વાકયો મેં ગોડસે અને આપ્ટે સમક્ષ ઉચ્ચાર્યાં હતાં એ બાબતને પણ કશો પુરાવો નથી.''

એ પછી વીર સાવરકરે છેક ૧૯૦૮ થી શરૂ થયેલી એમની રાજકીય જિંદગી તથા વિચારધારાનું વિવરણ આપ્યું. એમણે ગાંધીજી સાથેના એમના પરિચય, સંબંધ તથા અનુસંધાન વિશે પણ માહિતી રજૂ કરી. કસ્તુરબાના મૃત્યુ વિશે પોતાની પ્રતિક્રિયા પણ એમણે વર્ણવી દીધી. જ્યારે - જ્યારે ગાંધીજી અને નહેરુજી જેલમાં જતા હતા, ત્યારે અખબારોમાં આવતા સમાચારો અને આ બંને નેતાઓનાં રાજકીય વિધાનો પોતે કેવાં રસપૂર્વક વાંચતા હતા એની પણ સાવરકરે રજૂઆત કરી.

પછી એમણે વાતનો વિષય બદલ્યો; હિંદુ મહાસભા, જેના પોતે સાત-સાત વર્ષો સુધી રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂકયા હતા, એ સંસ્થાના ઉદ્દેશો વિશે એમણે અદાલતને માહિતી આપી.

અને પછી સાવરકર દેશની આઝાદી વિશે બોલી રહ્યા, ''આપણી માતૃભૂમિના ટુકડા થતા અટકાવવા માટે જેમણે અથાક પ્રયાસો કર્યા એમાં હું સૌથી મોખરે હતો. પણ અફસોસ, હું દેશના ભાગલા રોકી ન શકયો. તેમ છતાં બીજા દેશવાસીઓની જેમ મેં પણ એ દુઃખદ ઘટના ભૂલી જઈને દેશની આઝાદીનો ઉત્સવ મનાવવા જેટલું સમાધાન સ્વીકારી લીધું. જે દેશની આઝાદીની લડાઈમાં હું પણ એક મહત્ત્વનો સૈનિક રહી ચૂકેલો હતો, જે જંગ મેં પચાસ-પચાસ વર્ષ સુધી લડેલો હતો, અન્ય કોઈ પણ રાજકીય નેતા કરતાં વધારે શૌર્ય, ત્યાગ અને બલિદાનો સાથે હું જે ભારતમાતાને કાજે ઝઝૂમ્યો હતો, એ દેશ આખરે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જગત સમક્ષ ઉપસ્થિત થયો હતો. એ ક્ષણને નિહાળવા માટે ઈશ્વરે મને જીવતો રાખ્યો એ બાબત મારી જિંદગીની સૌથી મોટી ધન્યતા હતી, છે અને રહેશે.''

આટલું બોલતાંમાં તો વીર સાવરકરની આંખોમાં આંસુનાં પૂર ઊમટ્યાં. એમના ગાલ પરથી અશ્રુધારાઓ સરકવા લાગી એમણે ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢીને આંખો લૂછી અને પુનઃ પોતાનું નિવેદન વાંચવા માંડ્યું. આ વખતે એમનો અવાજ ધીમો અને લાગણીના આવેગને લીધે ધ્રૂજારીપૂર્ણ હતો.

બીજા દિવસનાં અખબારોમાં આ ચોક્કસ ઘટના વિશે 'હેડ લાઈન્સ' છાપવામાં આવી. દેશનાં પ્રમુખ અખબારોએ લખ્યું, ''અદાલતખંડમાં ઉપસ્થિત તમામ લોકોનાં અંતર - મન એ જ લાગણી અને સંવેદનાથી પરિપ્લાવિત હતાં જે હિંદુ મહાસભાના આ પ્રિય નેતાના હૃદયમાં હતી. પૂરી અદાલતમાં મૌન અને ખામોશીનું સામ્રાજ્ય છવાયેલું હતું.''

સાવરકરે અદાલતમાન પોતાનું વકતવ્ય જારી રાખ્યું, ''મારી એ તીવ્ર લાગણી છે કે ભવિષ્યમાં દેશના ટુકડાઓને પુનઃ જોડી દઈને ફરી એક વાર અખંડ હિંદુસ્તાનની રચના કરવામાં આવે, પરંતુ એ માટે દેશમાં સ્થિરતા અને મજબૂતી સ્થાપવી અનિવાર્ય છે. આ માટે કેન્દ્રમાં જે પણ પક્ષની સરકાર આવે, તેને સાથ અને સહકાર આપવો જરૂરી છે. માટે જ મેં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી જેવા હિંદુ મહાસભાના નેતાને કેન્દ્રીય પ્રધાનમંડળમાં જોડાવાની સલાહ અને સંમતિ આપ્યાં હતાં. મારી આટલી શુભનિષ્ઠાનો મને આ બદલો મળી રહ્યો છે ! સરકાર મને ફરીથી જેલમાં જોવા માગે છે. હું મદનલાલને જાણતો નથી, એને કયારેય મળ્યો પણ નથી. મારી એની સાથે કયારેય વાતચીત થઈ નથી. શ્રી મોરારજી દેસાઈ અને અંગદસિંહે અદાલતમાં સાક્ષી આપેલી છે કે તેઓને મારા અને મદનલાલના સંબંધો વિશે માહિતી હતી, પણ આ વાત તદ્દન જૂઠી છે. અદાલતને મારો અનુરોધ છે કે એમની જુબાનીઓ સંપૂર્ણપણે રદ જાહેર કરી દેવામાં આવે. નથુરામ અને આપ્ટેના બારામાં મારે એટલું જ કહેવાનું છે કે એ બંને જણા સ્વતંત્ર બુદ્ધિવાળા અને સ્વનિર્ભર

માણસો છે. તેઓ મારા ચાહકો હતા એટલા માત્રથી એવું ન કહી શકાય કે તેઓના દરેક કૃત્યમાં મારી સલાહ કે મારો વિચાર સમાયેલો હોય. મહાત્મા ગાંધી પોતે અહિંસાના પૂજારી તથા પ્રવર્તક હતા, છતાં ચૌરીચૌરાના હિંસાકાંડમાં એમના જ સત્યાગ્રહીઓનો ફાળો હતો. શું એ હિંસા માટે ગાંધીજીને જવાબદાર માની શકાય? મેં તો કૉંગ્રેસના કાર્યકરોને 'મહાત્મા ગાંધી કી જય'ના નારાઓ પોકારતાં-પોકારતાં પથ્થરમારો, છૂરાબાજી અને ખૂનામરકી કરતા જોયેલા છે. તેમ છતાં અંગ્રેજો જેવા વિદેશી સત્તાધીશોએ પણ આ દુષ્કૃત્યો માટે ગાંધીજીને કસૂરવાર ઠરાવવાની મૂર્ખતા કયારેય કરી નથી.''

આટલી ધારદાર દલીલ કર્યા પછી સાવરકરે એમના બચાવનામાનું સમાપન કર્યું, ''પોલીસે મારા ઘરની જડતી લઈને કુલ દસ હજાર કરતાં પણ વધારે પત્રો અને કાગળો જપ્ત કર્યા છે, પણ એમાંથી મારી આ અપરાધમાં સંડોવણી હોવાનો એક પણ પુરાવો એમને જડ્યો નથી. માટે નામદાર ન્યાયમૂર્તિને મારી નમ્ર વિનંતી છે કે મને નિર્દોષ ગણીને આ ખટલામાંથી મુકત કરવામાં આવે, જેથી કરીને મારા વ્યકિતત્વના વસ્ત્ર ઉપર કલંકનો એક પણ ડાઘ રહી જવા ન પામે.''

એ પછી વીર સાવરકરના બચાવ પક્ષના તમામ વકીલોની દલીલોનો આરંભ થયો. આ ટુકડીના સેનાપતિ એલ. બી. ભોપટકર તો એમનું કામ પૂરું કરી જ ચૂકયા હતા. સરકારી વકીલે રજૂ કરેલા તમામ સાક્ષીઓની 'ક્રોસ એકઝામિનેશન'નું અઘરું કામ એમણે કાયદાકીય નૈપુણ્ય દ્વારા સફળતાપૂર્વક પાર પાડી દીધું હતું. હવે વારો હતો સાવરકરના બચાવ માટે સબળ દલીલો કરવાનો.

અને આ કાર્ય માટે એમની ટુકડીમાં દેશનો એક ધરખમ ધારાશાસ્ત્રી મોજૂદ હતો. એ હતા શ્રી પી. આર. દાસ. પટણા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી દાસ એ બીજા કોઈ નહી, પણ દેશબંધુ ચિત્તરંજન દાસના સગા ભાઈ હતા. ગાંધી હત્યા કેસમાં સાવરકરની સંડોવણીના સમાચાર જાણીને તેઓ સામે ચાલીને અદાલતમાં દલીલો કરવા આવી પહોંચતા હતા.

શ્રી પી. આર. દાસે એમનો જીવનભરનો અનુભવ કામે લગાડ્યો, કાયદાનાં તમામ પુસ્તકોનો નિચોડ એમની દલીલોમાં ઠાલવી દીધો અને અંતમાં પોતાના પ્રચંડ આત્મવિશ્વાસનો પુરાવો આપતાં અદાલતને અનુરોધ કર્યો, ''મને એ વિશે લવલેશ શંકા નથી કે આ કેસમાં ચુકાદો શો આવશે. હું ભારપૂર્વક નામદાર ન્યાયમૂર્તિને અનુરોધ કરું છું કે મારા અસીલને બાઈજ્જત છોડી મૂકવામાં આવે, જેથી કરીને એમના વસ્ત્ર ઉપર કલંકનો એક પણ ડાઘ રહે નહીં.''

* * *

આખરે સાત માસ અને ચોર્યાસી મુદ્દતો પછી એ નિર્ણાયક દિવસ આવી પહોંચ્યો, જેનો સમગ્ર દેશને ઈન્તેજાર હતો. ચુકાદો જાહેર કરવા માટે ૧૯૪૯ની દસમી ફેબ્રુઆરીના દિવસને પસંદ કરવામાં આવ્યો. બરાબર અગિયાર વાગ્યાના સમયે ન્યાયાધીશ આત્માચરણે ફૈસલો વાંચવાનો આરંભ કર્યો, ''વિનાયક દામોદર સાવરકરે એમના નિવેદનમાં કહ્યું છે કે આ કાવતરામાં એમનો હાથ ન હતો; અને નથુરામ ગોડસે તથા આપ્ટે ઉપર એમનો અંકુશ ન હતો. સાવરકરનો મુકદ્દમો માત્ર અને માત્ર તાજના સાક્ષી બડગેની જુબાની ઉપર આધારિત હતો. અત્યાર સુધીમાં એ વાત સાબિત થઈ ચૂકી છે કે એકલા બડગેની જુબાનીના આધારે સાવરકરને કસૂરવાર ઠરાવવા તે જોખમભરેલું છે. માટે અદાલત એ નિર્ણય પર આવે છે કે તા.૩૦-૧-૧૯૪૮ની સાંજે દિલ્હી ખાતે જે કંઈ બન્યું એમાં સાવરકરનો હાથ ન હતો.''

વિદ્વાન ન્યાયમૂર્તિએ ચુકાદાનું સમાપન આ શબ્દોમાં કર્યું, ''વિનાયક ડી. સાવરકરને, એમની ઉપર મુકાયેલા તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવે છે. આ સાથે અદાલત પોલીસને આદેશ આપે છે કે એમણે જેલમાંથી મુક્ત કરવામાં આવે.''

નથુરામ ગોડસેને એના પૂર્વઆયોજિત, ગણતરીપૂર્વકના અપરાધ બદલ ફાંસીની સજા ફટકારવામાં આવી. ગાંધીહત્યા પાછળના ખરા ભેજા સમાન નારાયણ આપ્ટેને પણ ફાંસી સંભળાવવામાં આવી. વિષ્ણુ કરકરે, મદનલાલ પાહવા, ગોપાલ ગોડસે, શંકર કિસ્તય અને ડૉ. દત્તાત્રેય પરચુરે - આ પાંચ આરોપીઓને સજા ફરમાવવામાં આવી.

ચુકાદો સંભળાવીને જેવા ન્યાયમૂર્તિ ઊભા થયા કે તરત જ કઠેડામાં ઊભેલા સાતેય આરોપીઓ ઊભા થઈને વીર સાવરકરના પગમાં પડી ગયા. પછી એમણે બુલંદ સ્વરોમાં નારો લગાવ્યો, ''અખંડ હિંદુસ્તાન અમર રહે !'' અને ''હિંદુ, હિંદી, હિંદુસ્તાન; કભી ન હોગા પાકિસ્તાન !''

પાછળથી પંજાબ હાઈકોર્ટે ડૉ. પરચુરે તેમજ કિસ્તયની અપીલ સાંભળ્યા બાદ એ બંનેને સજામાંથી મુક્તિ આપી દીધી.

નથુરામ ગોડસે અને નારાયણ આપ્ટે પસ્તાવાના જરા પણ ભાવ વિના, હસતા મુખે, ૧૯૪૯ની પંદરમી નવેમ્બરે ફાંસીના માંચડે લટકી ગયા. સવારનો સમય હતો અને એ બંને હિંદુત્વપ્રેમીઓના હાથોમાં ભગવદ્દગીતાની નકલો હતી.

* * *

સાવરકર એમની જિંદગીની ઉત્તરાવસ્થામાં આવી પડેલી આ અદાલતી કાર્યવાહીથી ખુશ ન હતા. ત્રીસ વર્ષ પહેલાંની વાત અલગ હતી, જ્યારે નાસિક ખટલાને એમણે હસતા મુખે અને સામી છાતીએ ઝીલ્યો હતો, માણ્યો હતો; પણ એ સમયે સાવરકર પર કામ ચલાવનારા વિદેશીઓ હતા અને જે આક્ષેપો મૂકવામાં આવ્યા હતા તે માતૃભૂમિની આઝાદી માટે સાવરકરે ચલાવેલા સાહસિક અભિયાન અંગેના હતા. જ્યારે અહીં તો પોતાના જ દેશના એક મહાન વ્યક્તિના જીવન - નાશ સબબ પોતાની જ સ્વદેશી સરકાર એમની ઉપર તહોમત મૂકતી ખડી હતી. વધતી વય અન ભાંગેલું શરીર આ યંત્રણા સહન કરી શકે તેવું મજબૂત ન હતું.

એમણે જેલમાંથી એમના પુત્રને જે પત્રો લખયા, એમાં એમની માનસિકતા છતી થાય છે, ''બેટા, તું આત્મનિર્ભર બનજે. મારા વગર જિંદગી જીવવાનું શીખી જજે.''

એમણે પત્નીને લખ્યું, '' આ મુકદ્દમો એ આપણા જીવનની સૌથી મોટી દુર્ઘટના છે, પણ એને ભૂલી જજે અને આપણે સાથે મળીને વિતાવેલા સુખદ વરસોને યાદ કરજે.''

અંગત રીતે પણ સાવરકરને ભયાનક માનસિક યાતના ભોગવવી પડી. એક વર્ષ કરતાં પણ વધારે સમય સુધી તેઓ પોતાના દેશબાંધવોના તિરસ્કારનો ભોગ બની રહ્યા.

અને આ બધાંએ સાવરકરજીની સંવેદનાને એ હદે બુઠ્ઠી બનાવી મૂકી કે જ્યારે નામદાર ન્યાયમૂર્તિએ એમને નિર્દોષ ઠરાવીને છોડી મૂકવાનો આદેશ સંભળાવ્યો, ત્યારે પણ સાવરકરના ચહેરા પરનો એક નાનકડો સ્નાયુ પણ ફરકયો નહીં. આનંદની, રાહતની કે દિલાસાની એક પણ રેખા એમના મોં ઉપર પ્રગટી નહીં.

સાવરકરની મુક્તિ એમના હિતશત્રુઓ માટે જબરો આઘાત બનીને સામે આવી. કેટલું બધું શરમદાયક ! પણ હિંદુ મહાસભાના લાખો કાર્યકરો અને તમામ સાવરકરવાદીઓ માટે આ સમાચાર આનંદનું પ્રચંડ મોજું બની ગયા. દેશના પ્રત્યેક શહેર અને લાખો ગામડાંઓમાંથી અભિનંદન આપતા તારોની એમની ઉપર વર્ષા થઈ. જે અખબારો પૂર્વગ્રહરહિત હતાં એ બધાંએ સાવરકરના છુટકારાનું સ્વાગત કર્યું.

દિલ્હી મેજિસ્ટ્રેટે વીર સાવરકરને આદેશ આપ્યો, ''જ્યાં સુધી અમે ન કહીએ ત્યાં સુધી તમારે દિલ્હીના લાલ કિલ્લાના વિસ્તારને છોડીને બહાર પગ મૂકવો નહીં.''

લાલ કિલ્લાની બહાર હજારોની સંખ્યામાં સાવરકરના પ્રેમીઓ એમના ભવ્ય સ્વાગત માટે થનગની રહ્યા હતા, એમને આ વાત જાણીને ઘોર હતાશા થઈ.

થોડા કલાકો બાદ દિલ્હી મેજિસ્ટ્રેટનો બીજો આદેશ છૂટ્યો, ''સાવરકરને પોલીસ જાપ્તા હેઠળ સીધા જ મુંબઈના શિવાજી પાર્ક ખાતે આવેલા એમના ઘરે પહોંચાડી દેવામાં આવે. એમણે દિલ્હીમાં કયાંય પણ પગ મૂકવાની મનાઈ ફરમાવવામાં આવે છે. આવનારા ત્રણ મહિના સુધી આ પ્રતિબંધ અમલમાં ગણવો.''

સાવરકરને લઈને જતી ટ્રેઈન સવારે સાડા દસ વાગ્યે મુંબઈ આવી પહોંચી. એ ૧૯૪૯ની બારમી ફેબ્રુઆરીનો દિવસ હતો. એમના પ્રવાસની માહિતી અત્યંત ગુપ્ત રાખવામાં આવી હતી, પણ સૂરજના પ્રકાશને, દરિયાના ઘૂઘવાટને અને પુષ્પની ફોરમને કોણ રોકી શકયું છે !

સ્ટેશન ઉપર સાવરકરને આવકારવા માટે હજારો લોકોની ભીડ જમા હતી. એક પોલીસ અધિકારીએ સાવરકરને બંધ વાહનમાં બેસાડી દીધા અને ગાડી દોડાવી મૂકી. વહેલું આવે 'સાવરકર સદન.'

આઝાદ થયેલા વનરાજના સ્વાગત માટે 'સાવરકર સદન'માં મંગલદીપ પ્રગટાવતી બહેનો ઊભેલી હતી. સિંહપુરુષના ભાલે કુમકુમ તિલક કરીને સિંહણે એમને ઉમળકાભેર આવકાર્યા. યાતનાભર્યું એક પ્રકરણ આ સાથે પરું થયું.

o o o

૩૨. રાષ્ટ્રભક્તિ

ગાંધીહત્યાનો ઐતિહાસિક મુકદ્દમો પૂરો થયો. રાષ્ટ્રપિતાની હત્યા જેવા ગંભીરતમ આરોપમાંથી તદ્દન નિર્દોષ છૂટીને વીર સાવરકર પાછા એમના મુંબઈ ખાતેના નિવાસસ્થાને આવી પહોંચ્યા, પણ આ ઉંમરે આ આઘાત એમના માટે અસહ્ય હતો. સિંહપુરુષ શારીરિક રીતે તો છેક આંદામાનના કારાવાસ-કાળથી જ ભાંગી ચૂકેલા હતા, પણ દેશવાસીઓએ આપેલા આ ક્રૂર બદલાથી તો તેઓ માનસિક રીતે પણ તૂટી ગયા.

પૂરો એક મહિનો સિંહપુરુષે 'સાવરકર સદન'માં આરામ કરવામાં વિતાવ્યો. પછી હવાફેર માટે તેઓ બેંગલોર ગયા. ત્યાં થોડા દિવસો રહીને જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા, ત્યારે તેમને સમાચાર મળ્યા કે સરદાર પટેલને લઈને જતાં વિમાનને જયપુર નજીક અકસ્માત નડ્યો હતો, પણ પાયલોટની કુશળતા અને સારા નસીબને કારણે તેમનો અદ્‌ભુત બચાવ થવા પામેલ છે.

વીર સાવરકરે તરત જ સરદાર વલ્લભભાઈને તાર મોકલીને પોતાની ખુશી પ્રગટ કરી, ''તમારી જિંદગી રાષ્ટ્રની સંપદા છે. તમારામાં પરિસ્થિતિને સમજવાની ગજબની શક્તિ છે. તમારી દૃઢ નિર્ણયાત્મકતાને કારણે જ આ નવજાત શિશુ જેવો સ્વતંત્ર ભારત દેશ આટલી મહાન અડચણોને પાર કરી શકયો છે. તમે સુરક્ષિત છો એ માટે હું અભિનંદન પાઠવું છું.''

એ નોંધવા જેવું છે કે ગાંધીહત્યા માટે વીર સાવરકર દોષિત પુરવાર થાય એ માટે સરદારે પણ એમનાથી બનતા તમામ પ્રયત્નો કર્યા હતા.

અઠ્ઠાવીસમી મે, ફરી એ તારીખ, ફરી એક વધુ જન્મદિવસ. આ વખતે પણ દર વરસની જેમ દેશભરમાં ઠેર-ઠેર સાવરકરજીનો જન્મદિવસ ઉત્સાહભેર મનાવવામાં આવ્યો. હિંદુ મહાસભાના વફાદાર અનુયાયીઓને ઠેક-ઠેકાણે જાહેરસભાઓ ભરી. એમાં સર્વાનુમતે એક મહત્ત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો, ''કોઈ પણ નક્કર પુરાવા વગર વીર સાવરકર ઉપર ગાંધી-હત્યામાં સામેલ હોવાનો જે ગંભીર આરોપ મઢી દેવામાં આવ્યો એ કોની પ્રેરણાથી કરવામાં આવ્યું એની તપાસ થવી જોઈએ. અમારો અનુરોધ છે કે સરકાર આ વિષયમાં એક તપાસપંચ નીમે !''

સાવરકર તો નિર્દોષ છૂટી ગયા હતા, પણ એમને ગુનેગાર ઠરાવવાનું કાવતરું કરનારા બીજા ઘણા બધા 'ગુનેગારો' હજુ છૂટા ફરતા હતા. જો તપાસપંચ નીમવામાં આવે તો એમના માટે નિર્દોષ છૂટવાનું મુશ્કેલ હતું.

પણ મહામના સાવરકરે એમના પ્રાણના દુશ્મનોને પણ માફ કરી દીધા. એમણે સરકારને પત્ર લખીને જાણ કરી દીધી, ''મારા ચાહકો ભલે ગમે તેવી રજૂઆત કરે, પણ મારા તરફથી આ ખટલો સમાપ્ત થઈ ચૂક્યો છે. હું એ કડવાશને ભૂલી જવા માગું છું. મારો અનુરોધ છે કે એ સમગ્ર કિસ્સા ઉપર પડદો પાડી દેવામાં આવે.''

અને મુંબઈ સરકારે બનતી ત્વરાથી પડદો પાડી દીધો.

૧૯૪૯ના મે મહિનાના અંત ભાગે કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલીએ એક વિધેયક પસાર કર્યું, જેમાં જાહેર કરવામાં આવ્યું કે દેશમાંથી અલગ-અલગ મતક્ષેત્રો, અનામતો અને બીજા કોઈપણ પ્રકારના ભેદભાવો દર્શાવતી જોગવાઈઓ, જે વ્યક્તિગત, જાતિગત અને ધાર્મિક ધોરણે પક્ષપાત ભરેલી હશે, તે તમામને દૂર કરવામાં આવશે.

આ જાણીને વીર સાવરકરે સરદાર પટેલને તાર લખી મોકલ્યો, ''મારા આપને અભિનંદન. આ મુદ્દાને જાહેરમાં ઉઠાવનાર પ્રથમ રાષ્ટ્રકક્ષાનો નેતા હું જ હતો. આ નિર્ણય આપણા દેશનું ખરું રાષ્ટ્રીય ચારિત્ર્ય ઉજાગર કરશે. હું આશા રાખું છું કે સરકાર આ નિર્ણયનું લખાણમાં તથા વ્યવહારમાં અમલીકરણ કરશે.''

સરદાર પટેલે બીજી જૂને આ પત્રનો જવાબ આપ્યો, ''સરકાર આ બાબતમાં એના સર્વશ્રેષ્ઠ પ્રયાસો કરવાનું ચાલુ રાખશે. આપની પ્રશંસા બદલ હું આભાર માનું છું.''

જુલાઈ, ૧૯૪૯ના અધવચાળે વીર સાવરકરે શ્રી માધવ સદાશિવ ગોળવલકરજીને તાર પાઠવ્યો, ''સરકારે આર. એસ. એસ. પરનો પ્રતિબંધ ઊઠાવી લીધો એ સમાચાર જાણ્યા. ખુશી થઈ. તમને હાર્દિક અભિનંદન ! આપને પણ મુક્ત કરવામાં આવ્યા. બમણા અભિનંદન !''

ગુરુ ગોળવલકરજી એ વખતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક હતા.

બંધારણ સમિતિ દેશના બંધારણની રચનામાં વ્યસ્ત હતી. વીર સાવરકરે સમિતિના અધ્યક્ષને લખી જણાવ્યું, ''દેશના કરોડો લોકોની સંવેદના અને ઈચ્છા હું જાણું છું; માટે આપને અનુરોધ કરું છું કે આ રાષ્ટ્રનું નામાભિધાન 'ભારત' કરવામાં આવે, રાષ્ટ્રભાષાનો દરજ્જો 'હિંદી'ને આપવામાં આવે અને એની લિપિ તરીકે 'દેવનાગરી'ને સ્વીકારવામાં આવે.''

પાછળથી આ ત્રણેય સૂચનોનો સ્વીકાર કરવામાં આવ્યો.

આ જ અરસામાં સરકારે માસ્ટર તારાસિંઘને મુક્ત કર્યા. વીર સાવરકરે આ મુક્તિને આવકારતાં જણાવ્યું, ''મારે મન આ પ્રસંગ ઊજવવા જેવો અવસર છે. મારા મતે માસ્ટર તારાસિંઘ એવા જૂજ બહાદુર નેતાઓમાંના એક છે, જેમણે દેશના ભાગલા દરમિયાન જે કલંકિત અત્યાચારો પંજાબના લોકો ઉપર વરસાવવામાં આવ્યા, ત્યારે પ્રજાનું નૈતિક મનોબળ ટકાવી રાખવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. એમને લીધે જ આપણે પૂર્વ પંજાબનો ઘણો બધો હિસ્સો આપણી સાથે જાળવી શકયા છીએ.''

આ જ સમયગાળામાં વીર સાવરકરની અંગત કૌટુંબિક જિંદગીમાં ફરી એક ઝંઝાવાત જેવી ઘટના બની ગઈ. એમના પ્રાણપ્રિય લઘુબંધુ બાલનું કરુણ અવસાન થયું. જગત 'બાલ' માટે ભલે ડૉ. નારાયણ સાવરકર બની ગયા હોય, પણ 'તાત્યા રાવ' માટે તો પુત્રથી પણ અધિક વહાલો એવો 'બાલ' જ રહ્યો હતો. ૧૯મી ઑકટોબરે માત્ર એકસઠ વર્ષની વયે એમનો દેહ પડ્યો. એમની ઉપર પક્ષાઘાતનો જીવલેણ હુમલો આવ્યો હતો અને છેલ્લા પંદર દિવસ એમણે પથારીમાં અચેતન અવસ્થામાં જ કાઢ્યા. એમની શારીરિક અને માનસિક યાતના અકારણ ન હતી, પણ એનો તંતુ છેક ગાંધીહત્યા પછી બનેલી શર્મનાક ઘટના સાથે જોડાયેલો હતો. ૧૯૪૮માં ગાંધીજીની હત્યા પછી વેરભાવનાથી અંધ બનેલા ગુંડાઓના ટોળાએ ડૉ. નારાયણપંત ઉપર જે ઘાતકી હુમલો કર્યો હતો એ ખરેખર તો હત્યાનો પ્રયાસ જ હતો, પરંતુ નસીબજોગે એમાંથી જીવી ગયેલા નારાયણ પંત એ પછી કયારેય સાજા ન થઈ શકયા.

રાષ્ટ્રની સેવા કરવામાં નારાયણપંત સાવરકર કોઈનાથીયે પાછળ ન હતા. બલિદાન, બુદ્ધિ અને હિંમતમાં તેઓ વીર સાવરકરના કદમ સાથે કદમ મિલાવીને ચાલનારા હતા. તેઓ પ્રિયભાષી, મૃદુભાષી અને ઓજસ્વી વકતા હતા. જ્યારે બંને વડીલ બંધુઓ આંદામાનની જેલમાં કાળાપાણીની જનમટીપ કાપી રહ્યા હતા, ત્યારે એકલે હાથે ઘર અને જાહેરજીવનના બબ્બે મોરચાઓ સફળતાપૂર્વક સંભાળી જાણનારા ડૉ. નારાયણપંત જ હતા. આવો આ દેશની આઝાદીનો એક આશક સંજોગો સાથે કોઈ પણ જાતનું સમાધાન સ્વીકાર્યા વગર હિંદુ વિરોધી તત્ત્વોના હાથે મોતના મુખમાં ધકેલાઈ ગયો.

વીર સાવરકરની એ બદનસીબી હતી કે એમના બંને ભાઈઓને એમણે આગને હવાલે થતાં જોવા પડ્યા. બાલના શબની સાથે-સાથે વીર સાવરકરનું સુખ પણ ચિતાની અગ્નિજવાળાઓમાં સળગી ગયું.

૧૯૪૯ સુધીમાં હિંદુ મહાસભા વેરવિખેર થઈ ચૂકી હતી. એના કાર્યકરો પણ હતોત્સાહ હતા. એમાંના કેટલાક નેતાઓના મનમાં વિચાર આવ્યો કે હિંદુ

મહાસભાનું રાષ્ટ્રીય અધિવેશન કોલકત્તા ખાતે ભરવું અને એમાં વીર સાવરકરને હાજરી આપવાનું આમંત્રણ આપવું. આવો વિચાર સેવનારાઓમાં મુખ્ય શ્રી ઉપેન્દ્રનાથ બેનર્જી હતા. તેઓ પીઢ ક્રાંતિકારી હતા. વીર સાવરકરની સાથે આંદામાન સેલ્યુલર જેલમાં તેઓ પણ સજા ભોગવી ચૂકયા હતા. પછી તેઓ કૉંગ્રેસમાં જોડાઈ ગયા હતા, પરંતુ દેશના ભાગલા વખતે કૉંગ્રેસની મુસ્લિમ પરસ્ત રાજનીતિને કારણે બંગાળની જનતાને જે સહન કરવું પડ્યું એ જોયા પછી તેઓ હિંદુ મહાસભામાં જોડાઈ ગયા હતા.

ઉપેન્દ્રનાથ ઉપરાંત શ્રી આશુતોષ લાહિરીનો પણ પ્રબળ અને પ્રેમાળ આગ્રહ હતો; એટલે વીર સાવરકરે કોલકત્તાના અધિવેશનમાં હાજરી આપવાનું સ્વીકાર્યું.

૨૧મી ડિસેમ્બર, ૧૯૪૯ના દિવસે વીર સાવરકર ટ્રેઈનમાં બેસીને કોલકત્તા જવા નીકળ્યા, પણ એમને પોતાને એ જાણીને આશ્ચર્ય થયું કે રસ્તામાં આવતાં દરેક સ્ટેશને પ્લેટફૉર્મ ઉપર એમના પ્રશંસકોની ભીડ ઊમટી પડી હતી. ગાંધીહત્યાના આરોપે સાવરકરની લોકપ્રિયતામાં લેશમાત્ર ઘટાડો કર્યો ન હતો. લગભગ પ્રત્યેક પડાવ પર જ્યારે ગાડી ઊભી રહેતી, ત્યારે સાવરકરે એમના ચાહકોની તીવ્ર લાગણીને વશ થઈને ટૂંકું તો ટૂંકું પણ પ્રવચન તો કરવું જ પડતું હતું.

કોલકત્તામાં વીર સાવરકરની જબરજસ્ત શોભાયાત્રા કાઢવામાં આવી. એમની અડખે-પડખે હિંદુ મહાસભાના વિદાય લેતા પ્રમુખ શ્રી એલ. બી. ભોપટકર તથા નવા વરાયેલા પ્રમુખ શ્રી ખરે હતા. હજારો ચાહકોએ આ લાંબી શોભાયાત્રામાં ભાગ લીધો.

સાંજની બેઠકમાં પણ દેશના ખૂણે-ખૂણેથી કાર્યકરો પધારેલા હતા. એ બધાંના આકર્ષણનું મુખ્ય કેન્દ્રબિંદુ વીર સાવરકર હતા. આમ પણ સાવરકરજીના જીવન-સફર આમજનતા માટે મેઘધનુષના રંગોવાળી હતી. નાસિક, પુણે અને વિલાયતનાં એમનાં ક્રાંતિકારી પરાક્રમો, આંદામાનની યાતનાસભર જિંદગી, રત્નાગીરીની નજરકેદ અને પછી હિંદુ મહાસભાના પ્રમુખ તરીકેની કામગીરી આ બધું પ્રજાના ચિત્તને આંજી નાખવા માટે અને હૃદયોને આકર્ષિત કરવા માટે પર્યાપ્ત હતું. એમાં ગાંધીહત્યાનો મુકદ્દમો ઉમેરાયો. સાવરકરની સપ્તરંગી છબીમાં કાલિમાનો એક રંગ કદાચ ખૂટતો હતો, જે કૉંગ્રેસી સરકારે ભરી આપ્યો, પણ સરવાળે એ આરોપમાંથી નિર્દોષ છૂટ્યા પછી સાવરકરજીનું રેખાચિત્ર સૂરજના સ્વર્ણિમ કિરણો જેવુન પ્રકાશિત અને ઝળહળતું બની ગયું; કદાચ એનું જ આકર્ષણ જનતા ઉપર કામણ કરી ગયું. લોકોએ અધિવેશનનો શમિયાણો છલકાવી દીધો.

જ્યાં સાવરકરજીએ મંડપમાં પ્રવેશ કર્યો, એવા જ હજારો કાર્યકરો ઊભા થઈ ગયા અને સ્વયંસ્ફુરણાથી પોકારી ઊઠ્યા, "વીર સાવરકરકી જય !"

સ્વસ્થચિત્ત સાવરકરજી લોકચાહનાનો આ મુશળધાર વરસાદ ઝીલતા અને એમાં ભીજાતાં માઈક્રોફોન સુધી જઈ પહોંચ્યા. પછી 'માઈક'ની સામે એમની ચિરપરિચિત મુદ્રામાં, બંધ છત્રીના હાથા ઉપર બંને હાથ ટેકવીને ઊભા રહ્યા અને રીમલેસ ચશ્માંના કાચમાંથી હિંદુસ્તાનની આઝાદ જનતાને નિહાળી રહ્યા.

એ પછી શરૂ થયું વીર સાવરકરનું ઐતિહાસિક પ્રવચન, જે નેવું મિનિટ સુધી ચાલતું રહ્યું. એમણે કહ્યું, ''મારા દેશબાંધવો, એ હકીકત યાદ રાખજો કે હિંદની આઝાદી આપણે મેળવેલો વિજય છે, નહીં કે અંગ્રેજો દ્વારા આપવામાં આવેલી રાજકીય ભેટ. આઝાદી ફકત કૉંગ્રેસના અહિંસક સત્યાગ્રહ દ્વારા નથી મળી શકી, એ માત્ર ક્રાંતિવીરોના હિંસક આંદોલનનું પરિણામ પણ નથી; પણ ભારતની મુક્તિ એ ૧૮૫૭થી લઈને ૧૯૪૭ સુધીના, દેશની અંદર તેમજ બહાર રહીને લડતા રહેનારા નામી-અનામી અગણિત દેશભકતોના સંઘર્ષ, સ્વાર્પણ અને શૌર્યનો સરવાળો છે. આ બધાંને અંતે આ દેશ આખરે એક હિંદુ રાષ્ટ્ર બની શકયો છે, એની પાસે હિંદુ ઝંડો છે, જેમાં હિંદુ ધર્મના પ્રતીક જેવું અશોકચક્ર છે. હિંદુસ્તાનને હજુ પણ હિંદુ મહાસભાની જરૂર છે. હું હિંદુ યુવાનોને લશ્કરની ત્રણેય પાંખોમાં મોટા પાયે જોડાવા માટે અનુરોધ કરું છું. હું એમને સલાહ આપું છું કે પોતાના ધ્યેયોની સિદ્ધિ માટે તેઓ બંધારણીય અને લોકશાહી માર્ગોનો ઉપયોગ કરે, પણ તેઓ કાયદાનો કયારેય ભંગ ન કરે. પાકિસ્તાન સાથેના વહેવારમાં હું 'જેવા સાથે તેવા'ની નીતિની હિમાયત કરું છું. જો આપણે સૌ પહેલાં આપણી સ્થિતિને મજબૂત બનાવી શકીશું, તો મને લાગે છે કે આવનારાં દસ જ વર્ષોમાં આપણે પાકિસ્તાનના રૂપમાં ગુમાવી દીધેલો ભૂ-ભાગ પુનઃ પ્રાપ્ત કરી શકીશું.''

૧૯૫૦ની છવ્વીસમી જાન્યુઆરીના દિવસે ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. રાજેન્દ્રબાબુ આઝાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. વીર સાવરકરે એમને અભિનંદન આપતો તાર પાઠવ્યો : ''આપ હિંદુસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા છો એ બદલ મારા અભિનંદન સ્વીકારશો. રાષ્ટ્રહિતના કોઈ પણ કાર્ય માટે મારી સેવાઓ ઉપલબ્ધ રહેશે. હું આશા સેવું છું કે આઝાદી પછીનું આપનું પ્રથમ કર્તવ્ય નવજાત દેશના રક્ષણનું હશે. એના માટે ભૂમિદળ, નૌકાદળ અને વાયુસેનાને સુસજ્જ કરવામાં સહેજ પણ કચાશ રાખવામાં ન આવે તેવું મારું સૂચન છે. આઝાદ ભારત અમર રહો !''

સિંહપુરુષના આ અંતિમ વાકયને પડકાર આપવા માટે જ કેમ ન હોય, પણ આ જ અરસામાં પૂર્વ બંગાળમાં ભયાનક હિંસા ફાટી નીકળી. નોઆખલીનાં કોમી રમખાણોનું પુનરાવર્તન શરૂ થઈ ગયું. 'પાકિસ્તાનનો જન્મ ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા સામેનું સૌથી મોટું અવરોધક બળી બની રહેશે' એવી વીર

સાવરકરની ભવિષ્યવાણી સાચી પડીને ઊભી રહી. પાકિસ્તાનમાં વસતા હિંદુઓની કરપીણ કત્લેઆમની સાથે-સાથે ભારતની સીમારેખામાં ઘૂસણખોરી પણ શરૂ થઈ.

વીર સાવરકરે આનો જબરજસ્ત પ્રતિસાદ આપતાં જાહેર કર્યું, ''ભારત સરકારે આપણા સૈન્યને પૂર્ણ પાકિસ્તાનમાં પ્રવેશવાનો આદેશ આપી દેવો જોઈએ. આ સમય જલદ પગલાં ભરવાનો સમય છે.''

પણ પં. જવાહરલાલ નહેરુએ જલદને બદલે સાવ નમાલું પગલું ભર્યું; પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકતઅલીને વાટાઘાટો માટે દિલ્હી પધારવાનું આમંત્રણ પાઠવ્યું.

લિયાકતઅલીખાને એ નિમંત્રણ સ્વીકારતાં પહેલાં પાકિસ્તાનની સંસદમાં વિષવમન કર્યું, ''પં નહેરુની સાથે વાટાઘાટો કરવાનો કશો અર્થ નથી; કેમ કે હું જાણું છું કે પૂર્વ પાકિસ્તાનમાં ફાટી નીકળેલી હિંસા એ હિંદુ મહાસભા દ્વારા ચલાવવામાં આવતા મુસ્લિમ - વિરોધી પ્રચારને કારણે છે. એમાં ૧૯૫૦ના ફેબ્રુઆરીમાં સરદાર પટેલે કોલકત્તા ખાતે કરેલા જાહેર ભાષણનો પણ હાથ છે.''

પં. નહેરુને થયું કે લિયાકતઅલીખાનની નારાજગી દૂર કરી દેવી જોઈએ. એટલે તરત જ એમણે વીર સાવરકરને પકડીને જેલમાં પૂરી દેવાનો આદેશ ફરમાવ્યો. ચોથી એપ્રિલની વહેલી સવારે મુંબઈમાં સાવરકરની ધરપકડ કરવામાં આવી. એમને બેલગાંવની ડિસ્ટ્રિક્ટ જેલમાં પૂરી દેવામાં આવ્યા. વાટાઘાટો તો દિલ્હીમાં થવાની હતી, સાવરકર ત્યાંથી સેંકડો માઈલ દૂર મુંબઈમાં હતા; પણ લિયાકતનો ડર અને નહેરુનો દંભ સિંહપુરુષને પાંજરામાં પૂરી દેવા માટે અમાદા હતો. સાવરકરની સાથે જ એમના ગાઢ સાથીદારો શ્રી ભોપટકર, કેતકર, મામારાવ દાતે, કે. બી. લિમયે, નાલાવડે વગેરેને પણ જેલભેગા કરી દેવામાં આવ્યા.

'ફ્રી પ્રેસ જર્નલ' નામનું અખબાર કયારેય હિંદુ મહાસભા વિશે એક પણ સારો શબ્દ લખતું ન હતું; પણ આ સરકારી પગલાંનો વિરોધ કરતાં એણે લખ્યું, ''હિંદુ મહાસભા તેમજ આર.એસ.એસ.ના નેતાઓ વિરુદ્ધની આ કાર્યવાહીનો એક જ અર્થ નીકળે છે; વડાપ્રધાન નહેરુએ હિંદુસ્તાનનાં હિતોને એક કોર મૂકીને પાકિસ્તાનને રાજી કરવાનું પસંદ કર્યું છે. પં. નહેરુ કદાચ સાવરકરની કટ્ટરતા વિરુદ્ધ પોતાની ઉદાર મતવાદી રાજનીતિનો પરિચય કરાવવા માગતા હશે, પણ એમને ખબર નહી હોય કે આમ કરવાથી હિંદુસ્તાનની સુરક્ષા ભારે મોટા ખતરામાં આવી પડશે.''

નવજાત ભારત સાર્વભૌમત્વ, સુરક્ષા અને અખંડિતપણા માટે થનગની રહ્યું હતું, દેશની બાગડોર જેના હાથમાં હતી એ પં. નહેરુ શેરવાનીમાં તાજું ગુલાબ ખોસીને નાપાક પાકિસ્તાનને ભેટવા માટે થનગની રહ્યા હતા અને માતૃભૂમિને સૌથી

મોટો પાગલ આશક ઉમરના ઢોળાવ ઉપર ઊભો ઊભો આ દેશના દુર્દૈવને હતાશ નજરે જોઈ રહ્યો હતો.

(એ સમયે લિયાકતઅલી અને નહેરુ વચ્ચે બંને દેશોની લઘુમતી કોમોના જાન-માલની સુરક્ષા વિશે જે સમજૂતી સંપન્ન થઈ એનો ગેરલાભ ઉઠાવીને હાલમાં જ જનરલ મુશર્રફે ગોધરાકાંડમાં ગુજરાતના મુસ્લિમો વિશે ચિંતા વ્યક્ત કરી છે, પણ આઝાદી પછીનાં સાઠ વરસોમાં પાકિસ્તાનમાં રહી ગયેલા હિંદુઓની દયનીય હાલત વિશે આપણે એક હરફ સુદ્ધાં બોલી શકતાં નથી.)

૧૦મી મે, ૧૯૫૨ના દિવસે પુણેમાં સાવરકરની ક્રાંતિ સંસ્થા 'અભિનવ ભારત'નો સમાપ્તિ સમારંભ આયોજિત કરવામાં આવ્યો. દેશભરમાંથી ક્રાંતિકારીઓ એમાં ભાગ લેવા માટે ઊમટી પડ્યા. ઉત્સાહથી ઊભરાતા વિરાટ શ્રોતાસમૂહને જોઈને સાવરકરે તેજસ્વી વક્તવ્ય રજૂ કર્યું, ''સ્વતંત્રતા ક્યારેય એમને એમ મળી નથી જતી. એના માટે હંમેશાં સંઘર્ષ અને બલિદાનની જરૂર પડે છે. આપણે પણ એ જ કાર્ય કર્યું છે, જેમાં 'અભિનવ ભારત'નું અદ્ભુત યોગદાન રહેલું છે.''

અને પછી ગદ્ગદ થઈ ગયેલા શ્રોતાઓ સમક્ષ એમણે દેશના વિભાજનની વાત કાઢી. માતૃભૂમિના ટુકડા થયા એ વિશે બોલતાં સાવરકરજીની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. એમણે ધ્રુસકે-ધ્રુસકે રડતાં જે અસ્ખલિત વાણીમાં એમના હૃદયની લાગણી રજૂ કરી એ પાછળથી 'સિંધુ સૂક્ત'ના નામથી પ્રખ્યાત થઈ.

એમણે કહ્યું, ''હે સિંધુ ! મુક્ત કરશે અને મહારાષ્ટ્રનાં રક્તબિંદુ ! આજે ત્રણ ચતુર્થાંશ ભારત સ્વતંત્ર થયું છે, પણ મારો સિંધપ્રદેશ અને મારી સિંધુ નદી ક્યાં છે ? એ તો છિનવાઈ ગયાં. આપણે આપણી સિંધુ માતાને કદીયે ભૂલી શકીશું નહીં. સંપૂર્ણ વિશ્વ સાથે વેર બાંધવું પડે તો પણ અમે તૈયાર છીએ, પણ સિંધુ નદી સાથેનો સંબંધ-વિચ્છેદ અમે સહી નહીં લઈએ. એક એવો પણ સમય આવી ગયો, જ્યારે આ નદી અમારાથી છિનવી લેવામાં આવી હતી, પરંતુ ત્યારે મહારાષ્ટ્રની ચતુરંગ સેનાએ ઉત્તર દિશા પર આક્રમણ કર્યું હતું. બાજીરાવ નર્મદા પાર કરીને ચંબલ સુધી પહોંચ્યો હતો, એણે દિલ્હી સતલજ અને ઝેલમ પાર કરીને, મલેચ્છોનાં માથાં રગદોળીને એ અટકની પેલે પાર પહોંચી ગયો હતો. સિંધુ નદીના કાંઠે બેસીને એના પાણીનું આચમન કર્યા બાદ જ એની વિજયતૃષ્ણા બુઝાઈ હતી.

હે સિંધુ માતા ! તને ભારતના અન્ય પ્રદેશોના લોકો ભલે વીસરી જાય, પણ આ મહારાષ્ટ્ર ક્યારેય નહીં ભૂલે. એકલું મહારાષ્ટ્ર જ તને દુશ્મનોના હાથમાંથી પુનઃ મુક્ત કરાવશે. માટે જ હું કહું છું : હે સિંધુ ! મુક્ત કરશે તને મહારાષ્ટ્રનાં રક્તબિંદુ !''

વીર સાવરકરની શૌર્યવાણી સાંભળીને શ્રોતાગણ પણ વિહ્વળ થઈ ઊઠ્યો; બધાંની આંખોમાંથી અશ્રુધારાઓ વહવા માંડી. તમામ ક્રાંતિવીરોએ ઊભા થઈને પુનઃ અખંડ ભારતની રચના માટેના શપથ લીધા.

૧૯૫૬માં જોધપુર ખાતે હિંદુ મહાસભાના અધિવેશનમાં સાવરકરે વીરગર્જના કરી, ''યાદ રાખો કે શત્રુઓ પાસે જો હાઈડ્રોજન બૉંબ હશે, તો આપણે ઑક્સિજન બૉંબ ધરાવતા બનવું પડશે. અત્યાધુનિક શસ્ત્રો ધરાવતી સેના જ આ વિશ્વમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. આ બાબતમાં આપણે ઈઝરાયલ જેવા દેશ પાસેથી પ્રેરણા લેવી જોઈએ અને એની સાથેના સંબધો પણ વિકસાવવા જોઈએ.''

૧૯૫૭માં દિલ્હીના રામલીલા મેદાન ખાતે ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય - સમરની શતાબ્દી ઊજવવામાં આવી. ૧૨મી મેના રોજ વીર સાવરકરે એક લાખ શ્રોતાઓ સમક્ષ દોઢ કલાક સુધી ઐતિહાસિક ભાષણ કર્યું, લોકો મંત્રમુગ્ધ બનીને સાંભળી રહ્યા. મંચ ઉપર રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ, લાલા હુનમન્તસહાય, લાલા હૃદયરામ (હાર્ડિંગ બૉંબ કેસવાળા) તથા શહીદ ભગતસિંહનાં માતુશ્રી વિદ્યાવતી પણ હાજર હતાં.

સાવરકરજીના વકતવ્યનો વિષય વિશિષ્ટ હતો : આજના સંદર્ભમાં : બુદ્ધ કે યુદ્ધ ?

બીજા દિવસે વીર સાવરકર જ્યાં રોકાયા હતા એ 'જનપથ હોટલ'માં પત્રકાર પરિષદ યોજવામાં આવી; જેમાં દેશી ઉપરાંત અસંખ્ય વિદેશી પત્રકારોએ હાજરી આપી. જબરજસ્ત વાદ-વિવાદના અંતે સાવરકરજીએ સાબિત કરી આપ્યું કે ૧૮૫૭નો જંગ એ માત્ર સિપાઈઓનો બળવો ન હતો, પરંતુ સાચા અર્થમાં હિંદુસ્તાનનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો.

આ જ અવસર ઉપર મહારાષ્ટ્ર મંડળે એમનું સન્માન કર્યું, જે સમારંભનું પ્રમુખસ્થાન કેન્દ્રીય મંત્રી શ્રી એન. વી. ગાડગિલે શોભાવ્યું.

અન્ય એક કાર્યક્રમમાં આર્યસમાજ દ્વારા વીર સાવરકરને 'હિન્દુ હૃદય સમ્રાટ'નું બિરુદ આપવામાં આવ્યું.

આ જ અવસર પર વીર સાવરકરની મુલાકાત રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુ સાથે ગોઠવવાનું વિચારવામાં આવ્યું, જેમાં વાતચીતનો મુખ્ય હેતુ સાવરકરજીની સ્થાવર મિલકત તેમજ જંગમ સંપત્તિ, જે અંગ્રેજો દ્વારા જપ્ત કરવામાં ઓવલી, તે એમને પાછી આપવા બાબતે ચર્ચા કરવાનો હતો, પરંતુ ઈર્ષાળુ અને લુચ્ચા માણસોએ આ મંત્રણા થવા જ ન લીધી.

'જનપથ હોટલ'માં હિંદુ મહાસભાના કેટલાક કાર્યકરો સાવરકરજી પાસે આવ્યા, ''ગુરુજી, અમને આશીર્વાદ આપો !''

જવાબમાં સાવરકરે ફિક્કું સ્મિત વેર્યું, ''ભાઈઓ, મારો તો જન્મ જ એવા ગામમાં (ભગૂરમાં) થયો હતો જે પોતે જ શાપિત ભૃગુ ઋષિના નામ પરથી બનેલું છે. એ પછી હું નાસિકમાં ભણવા માટે ગયો, તો એ પણ ભગવાન શ્રીરામના વનવાસનું સ્થાન નીકળ્યું. એ પછી હું જ્યાં-જ્યાં ગયો, ત્યાં મને અપાર યાતનાઓ અને વેદનાઓ જ મળ્યા કરી છે. એટલે હું તમને શો આશીર્વાદ આપી શકું ? પણ એટલું આશ્વાસન અવશ્ય આપી શકું કે જો તમે અડગ મનથી હિંદુ સંગઠન, હિંદુ શક્તિ તથા હિંદુ રાષ્ટ્ર માટે સંઘર્ષ કરતા રહેશો, તો જરૂર સફળ થશો !''

દેશ માટે મરી ફિટવાની તૈયારી રાખનાર એક પ્રખર રાષ્ટ્રભક્તની વાણીમાં કેટલી પીડા છુપાયેલી હતી ! અને છતાં કેટલો પ્રચંડ આશાવાદ પણ સમાયેલો હતો !

સન ૧૯૬૧ની સાલ ચાલતી હતી. પુણેની સર્વદલીય સમિતિએ વિચાર્યું - એક ઐતિહાસિક ઘટનાને પચાસ વર્ષ પૂરાં થયાં, એની ઉજવણી કરવી જોઈએ. શી હતી એ ઘટના ?

સન ૧૯૧૧માં એટલે કે અર્ધી સદીના અફાટ અંતરાલ પૂર્વે હિંદુસ્તાનની ધરતીએ પેદા કરેલો સૌથી મહાન ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરને પચીસ-પચીસ વર્ષની બબ્બે જન્મટીપની સજા ફટકારવામાં આવી હતી. કરોડપતિ બનવાની તમામ શક્યતાઓ ધરાવતો એક યુવાન બૅરિસ્ટર કેદીનાં કપડાં ચડાવીને કાળાપાણીની સજા કાપવા માટે રવાના થયો હતો.

જો પ્રચંડ લોકજુવાળ સામે ઝૂકી જઈને અંગ્રેજોએ આ ક્રાંતિવીરને વહેલો મુક્ત ન કરી દીધો હોત, એનો છુટકારો છેક હવે થયો હોત. વીર સાવરકરના આજીવન કારાવાસની સાચી સમાપન તિથિ હવે આવી રહી હતી.

સમિતિએ એ સમારંભનું નામાભિધાન કર્યું : 'મૃત્યુંજય સમારોહ.'

વીર સાવરકર વૃદ્ધ થયા હતા, બીમાર હતા, દેશની કૉંગ્રેસી સરકારે આપેલા આઘાતોથી વ્યથિત હતા; તેમ છતાં તેઓ આ ઉજવણીમાં પધાર્યા. પોતાના સન્માનનો પ્રત્યુત્તર આપતું પ્રવચન પણ તેમણે આપ્યું; પણ એમનો અવાજ હવે ઉંમર અને તબિયતને કારણે ક્ષીણ થઈ ગયો હતો.

એમના એક જૂના મિત્ર અને સમાજવાદી નેતા એસ. એમ. જોશીએ સાવરકરજીનું પ્રવચન ચાલુ હતું, ત્યાં જ વચ્ચે ઊભા થઈને ટકોર કરી, ''અમારે આજના શાંત અને સૌમ્ય સાવરકરજીને નથી સાંભળવા, પણ અમારી ઈચ્છા તો લંડનવાળા ગર્જના કરતા સાવરકરને સાંભળવાની છે !''

સભામાં સન્નાટો છવાઈ ગયો. શ્રોતાઓને થયું કે આ ટકોર કયાંક સાવરકરજીના અપમાન જેવી ન બની રહે ! પણ સાવરકર એટલે સાવરકર ! થોડી વારના સન્નાટા પછી એ ધીમેકથી હસ્યા અને પછી અમોઘ બ્રહ્માસ્ત્ર જેવી આગાહી કરી, ''આપનું વિચારવું યોગ્ય છે, પણ સમય જ ખરો શક્તિશાળી હોય છે. મારી વય મારા અવાજની બુલંદીને અસર કરી ગઈ છે. પણ એક વાત યાદ રાખજો; જેમ તમે આજે ૧૯૬૧માં પચાસ વર્ષ પહેલાંના, લંડનવાળા સાવરકરને સાંભળવા ઈચ્છો છો, તે જ રીતે પચાસ વર્ષ બાદ આવતી સદીમાં ભારતના લોકો આજના સાવરકરને સાંભળવા માટે ઝંખતા હશે !''

કેવી સચોટ ભવિષ્યવાણી ! કાગડા અને શિયાળ જેવા આજના લુચ્ચા, કપટી રાજકારણીઓને જોયા પછી ભારતની જનતા આજે ફરી એક વાર એ ભગૂરના સિંહને પામવા તલસી રહી છે.

o o o

૩૩. સાવરકર : વ્યક્તિ નહીં, પણ વ્યક્તિત્વ

હું, વિનાયક દામોદર સાવરકર, હિંદુ, ઉંમર વર્ષ ૮૨, વ્યવસાય-લેખન, નિવાસ-'સાવરકર સદન', ડૉ. રાઉતપથ, ૭૧-શિવાજી ઉદ્યાન, મુંબઈ-૨૮, મારો મૃત્યુપત્ર લખી રહ્યો છું, જે નીચે પ્રમાણે છે :-

અત્યારે મારી ઉંમર એકયાસી વર્ષ પૂરી થઈ ચૂકી છે. મારી માનસિક દુરસ્તી ઉત્તમ છે, તેમ છતાં વૃદ્ધાવસ્થા અને લાંબા ગાળાની માંદગીને કારણે હું અત્યારે પથારીવશ છું. શરીરનો કોઈ ભરોસો નથી. માટે મારી ચલ-અચલ સંપત્તિની વ્યવસ્થા મારા મૃત્યુ બાદ નીચે જણાવ્યા પ્રમાણે કરવામાં આવે તેવી મારી ઈચ્છા છે.

* * *

૧૯૬૪ના ઑગસ્ટની પહેલી તારીખે વીર સાવરકર પોતાનું વસિયતનામું તૈયાર કરાવવા બેઠા. મુંબઈના અને દેશના ખ્યાતનામ તબીબ ડૉ. એસ. વી. પુરંદરે ત્યાં હાજર હતા; એમણે વસિયતના અંતમાં પ્રમાણિત કર્યું કે એ સમયે વીર સાવરકર માનસિક રૂપે સંપૂર્ણપણે સ્વસ્થ હતા. સાક્ષીઓ તરીકે શ્રી દામલે તથા શ્રી બાલ જેરેની સહીઓ લેવામાં આવી.

વીર પુરુષની દઢતા અને ખુમારી એમના મૃત્યુપત્રમાં પણ સ્પષ્ટપણે ઊભરી આવે છે. આરંભમાં જ સાવરકરજીએ લખ્યું-'મારી સ્થાવર તેમજ જંગમ તમામ સંપત્તિ મેં જાતે કમાયેલી છે અને બહુ કષ્ટપૂર્વક કમાયેલી છે; માટે એની ઉપર મારા સિવાય બીજા કોઈને માલિકી-હક્ક નથી, આ મિલકતનું મન ફાવે તે રીતે વિભાજન કરવાનો મને અધિકાર છે.

આરંભમાં એમણે વારસદારો તરીકે પોતાનાં બંને સંતાનોનો ઉલ્લેખ કર્યો; દીકરી પ્રભાવતી જે પરણીને દિલ્હી ખાતે રહેતાં હતાં, એમને એક દીકરો અને એક દીકરી હતાં; જ્યારે પુત્ર વિશ્વાસ જે વીર સાવરકરની સાથે જ રહેતા હતા અને એમને સંતાનમાં એક પુત્રી હતી.

વીર સાવરકરનું મકાન 'સાવરકર સદન' બે માળનું તથા વિશાળ હતું. ઉપર-નીચે પાંચ-પાંચ ઓરડાઓ ઉપરાંત જાજરૂ, બાથરૂમ, પરસાળો, વરંડા. મોટર

રાખવાનું ગૅરેજ, બગીચો અને એ ઉપરાંત ઘણું બધું રાચરચીલું હતું. લાકડાનાં કબાટો, ચાંદીનાં વાસણો, પુસ્તકો તથા દીવાલો ઉપર ટાંગેલી તસવીરોનું પણ અમૂલ્ય મહત્ત્વ હતું.

વીર સાવરકરે મકાનના ઉપરના તથા નીચેના ત્રણ-ત્રણ ઓરડાઓ પોતાની દીકરી પ્રભાવતીના નામે લખી આપ્યા. દીકરાના ભાગે બબ્બે ઓરડાઓ બચ્યા.

નીચેના ભાગે આવેલું બે ઓરડાનું એમનું કાર્યાલય સાવરકરજીએ પોતાનાં પુસ્તકો, ચિત્રો, પત્રો તથા અંગત ચીજવસ્તુઓ માટેના સંગ્રહાલય તરીકે ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું; એનો વહીવટ શ્રી બાલારાવ સાવરકરને હસ્તક લખી આપ્યો.

પોતાની પુત્રી માટે એમણે દાખવેલા પક્ષપાતપૂર્ણ વલણ અંગે વીર સાવરકર સ્પષ્ટતા કરે છે-'મારો પુત્ર વિશ્વાસ માત્ર છ જ વરસથી કમાતો થયો છે. અત્યાર સુધી એનું ભરણપોષણ હું જ કરતો આવ્યો છું. એનું ભણતર, લગ્ન તથા એના ઘરસંસારનું ખર્ચ આજે પણ મારે જ ઉઠાવવું પડે છે; કેમ કે એની આવક મર્યાદિત છે. માટે જ મારા મકાનમાંથી મેં નાનો હિસ્સો એને આપેલ છે. એની સરખામણીમાં મારી દીકરી પ્રભાવતી માટે મારે ખાસ કશો જ ખર્ચ કરવો પડેલ નથી. વળી, એને બે સંતાનો છે. માટે મકાનનો મોટો હિસ્સો મેં દીકરીને આપેલ છે.'

પછી રોકડ નાણાંના વહીવટ અંગે સાવરકરજીએ સૂચના આપી-'મારી અંગત બચતમાંથી પાંચ હજાર રૂપિયા મારા દીકરા વિશ્વાસની દીકરી વિદુલાને આપવા. બે હજાર રૂપિયા મારા લઘુબંધુ નારાયણના પુત્ર વિક્રમને આપી દેવા. એ પછી જે કંઈ રોકડ રકમ બચે તો એમાંથી પાંચ હજાર સુધીની રકમ 'શુદ્ધિ ભંડોળ'માં દાન કરવી. જે વ્યક્તિ અન્ય ધર્મ ત્યાગીને પુનઃ હિંદુધર્મ અંગીકાર કરે તે દરેકને આ ભંડોળમાંથી એક રૂપિયો મારા વતી ભેટમાં આપવો.'

કેવી ઉદાર અને ઉદાત્ત ભાવના ! એ જમાનામાં દીકરા અને દીકરી વચ્ચે લિંગભેદ ભૂલીને સમાન વ્યવહાર કરનાર વીર સાવરકર જેવા વીરલાઓ કેટલા હશે ? અને પોતાના સ્વર્ગસ્થ પ્રિય લઘુબંધુના પુત્ર માટે બે હજાર રૂપિયા જેવી મોટી રકમની જોગવાઈ કરી જનાર કુટુંબવત્સલ કાકાઓ આ દેશમાં બીજા કેટલા હશે ? અને જીવનભર જે ધર્માંતર વિરુદ્ધ તેઓ ઝઝૂમ્યા હતા, આંદામાનથી લઈને રત્નાગીરી સુધીની અવસ્થાઓમાં શુદ્ધીકરણ વ્યવસ્થા વાપરીને વિધર્મીઓમે જેમણે હંફાવ્યા હતા, એ વીર પુરુષ મૃત્યુ પછી પણ પોતાના અપ્રતિમ હિંદુપ્રેમને ભૂલતા નથી ! આવો સાચો હિંદુ હૃદય સમ્રાટ હિંદુસ્તાનને ફરીથી કયારે મળશે ?

સાવરકરજી સાચા અર્થમાં રેશનાલિસ્ટ હતા. એટલે જ એમણે પોતાના મૃત્યુ બાદ શબના અગ્નિસંસ્કાર લાકડાની ચિતા પર કરવાને બદલે વિદ્યુત સ્મશાનગૃહમાં કરવાનો આદેશ જારી કર્યો હતો, સ્મશાનગૃહમાં મંત્રોચ્ચાર કે વેદપાઠનો એમણે

નિષેધ નથી કર્યો, પરંતુ મૃત્યુના શોકમાં હડતાળ કે બંધની સખત મનાઈ દર્શાવી છે. જાહેરજીવનને સહેજ પણ ખલેલ પડે કે સામાન્ય પ્રજાજનોને બંધને કારણે ચીજવસ્તુઓની ખરીદીમાં તકલીફ નડે એ એમને સહેજ પણ પસંદ ન હતું.

અંતમાં સાવરકરજીએ લખ્યું-'જો મારા મૃત્યુ બાદ મારા ચાહકોને શોક પ્રદર્શિત કરવા માટે કે મને આદરાંજલિ અર્પવા માટે શોકસભાનું આયોજન કરવાની ઈચ્છા થાય તો તેમ કરી શકે છે. જો કોઈને મારી પાછળ દાન-પુણ્ય કરવાનું સૂઝે તો એ દાન-ધર્માદા માત્ર હિંદુઓ માટે કામ કરતી સંસ્થાઓને જ આપવું.

પૂરા વસિયતનામાનું અમલીકરણ એમણે પોતાના પ્રિય જમાઈ શ્રી માધવરાવ ચિપલોણકરના હાથોમાં સોંપી દીધું.

અંતમાં કાગળની જમણી બાજુએ સિંહપુરુષે પોતાની સહી કરી આપી. આ સાથે જ એક નરકેસરી પોતાના આપબળે જમાવેલા સ્થાવર-જંગમ સામ્રાજયના વહીવટમાંથી ફારેગ થઈ ગયો, પરંતુ હિંદની ધરતીએ પેદા કરેલા આ સર્વશ્રેષ્ઠ દેશભકતના કીર્તિ સામ્રાજયનું વસિયતનામું કોણ લખી શકે ? શી રીતે લખી શકે ?

કદાચ એના સાચા વારસદારો આપણે બધાં છીએ.

* * *

લગભગ આઠ દાયકાથી પણ વધારે વરસની જીવનયાત્રામાં અખૂટ રાષ્ટ્રપ્રેમ, પ્રચંડ દેશભકિત, અપ્રતિમ સાહસ, અતુલ સંયમ, અવિરત સંઘર્ષ અને અભૂતપૂર્વ બલિદાન જેવા અનેક પડાવો સફળતાપૂર્વક પાર કર્યા પછી વિનાયક સાવરકર નામનો સૂર્ય ધીમે-ધીમે અસ્તાચળ તરફ ઢળી રહ્યો હતો.

૧૯૬૪ના ઑકટોબર મહિનામાં સાવરકરજીએ એક લેખ લખ્યો, જેનું શીર્ષક હતું : આત્મદાહ અથવા આત્માર્પણ. બહુ ચિંતનસભર લેખ હતો. સાવરકરજી દ્વારા લખાયેલો એ અંતિમ લેખ. એમાં વનરાજ પોતાની સ્વેચ્છામૃત્યુની રૂપરેખા રચી રહ્યો હતો.

એમાં વીર સાવરકરે લખ્યું હતું, ''જીવન અને મૃત્યુ વિશે લોકોના વિચારો અલગ-અલગ હોય છે. મોટા ભાગના લોકો મોતથી ડરે છે. એની કલ્પના માત્રથી તેઓ ધ્રૂજવા લાગે છે...કેટલાક લોકો જીવનથી કંટાળી જઈને પોતાની જીવનલીલા સમાપ્ત કરી નાખે છે; આના માટે તેઓ કૂવામાં પડતું મૂકે છે, વિષપાન કરે છે, આગગાડી નીચે ચગદાવાનું પસંદ કરે છે અથવા તો બંદૂકની ગોળી ખાઈને જિંદગીનો અંત આણી દે છે. આવા માણસો સહાનુભૂતિને લાયક નથી, તેઓ કાયર છે...એક દષ્ટિથી જુઓ તો જીવનનું બીજું નામ મૃત્યુ છે અને મોત એ જ જિંદગી છે...જે મહાપુરુષોએ સભાન અવસ્થામાં પોતાની મરજીથી, સંતોષપૂર્ણ મનઃસ્થિતિમાં

આ સંસારમાંથી વિદાય લીધી છે, એમાં સૌથી પહેલું નામ છે કુમારિલ ભટ્ટનું. તેઓ કર્મકાંડના મહાન વ્યાખ્યાતા હતા. જ્યારે કુમારિલને એ વાતનો અહેસાસ થઈ ગયો તે પોતાનું જીવનકાર્ય સમાપ્ત થઈ ગયું છે, ત્યારે એમણે જાતે ચિતા તૈયાર કરી અને અગ્નિમાં કૂદી પડ્યા. આને આત્મહત્યા નહી, પણ એક યોગેશ્વરનું આત્માર્પણ કહેવાય.

બીજું ઉદાહરણ શંકરાચાર્યનું છે. એમણે પણ પોતાના અદ્વૈતવાદના પ્રચારાર્થે ભરપૂર પ્રવાસો ખેડ્યા, મોટા-મોટા શાસ્ત્રાર્થોમાં વિજય પ્રાપ્ત કર્યો અને પછી પોતાના જીવનકાર્યથી સંતોષ મેળવીને એક ગુફામાં સમાધિ લગાવીને બેસી ગયા અને પોતાનું આત્મર્પણ કરી દીધું.

ચૈતન્ય મહાપ્રભુ અને ગુરુ સમર્થ રામદાસનાં આત્માર્પણો આ જ શૃંખલાની આગલી કડીઓ હતા. મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનેશ્વર, એકનાથ અને તુકારામ જેવા જ્ઞાની પુરુષોએ પણ આ જ પરંપરા નિભાવી. આ તમામ સંતો એવાં પવિત્ર બિંદુઓ હતા જેઓ મહાસિંધુમાં વિલીન થઈ ગયાં અને ખુદ પણ મહાસાગર બની ગયા.

આ બધાં આત્માર્પણનાં સર્વોત્તમ ઉદાહરણો છે. જીવન ઉદ્દેશની પૂર્તિ પછી આ રીતે મૃત્યુને ગળે લગાવવામાં ધન્યતાની એક લાગણી વિકાસ પામે છે... ઉપર ઉપરથી આ વાત આત્મહત્યા સમાન ભલે લાગતી હોય, પણ અસલમાં તો આવા લોકો પોતાના આત્માને ધન્યવાદ સહ પ્રભુના ચરણોમાં સમર્પિત કરતા હોય છે.

ઉપરનાં વાકયોમાં વીર સાવરકરની મનઃસ્થિતિ સ્પષ્ટપણે જાહેર થઈ જતી હતી. આપણે જેમ ફૂલ સૂંઘી લઈએ છીએ તે રીતે સિંહપુરુષે પોતાનું મૃત્ય. સૂંઘી લીધું હતું. આ લેખ લખ્યા પછી એક મહિનો માંડ વીત્યો હશે, ત્યારે સાવરકરે અન્ન લેવાનું ધીમે-ધીમે બંધ કરી દીધું. એ પવિત્ર દિવસ ૧૯૬૬ની છવ્વીસમી જાન્યુઆરીનો હતો.

આ સમાચાર જાણીને એમના ડૉકટર ચિંતામાં પડી ગયા. ત્રીજી ફેબ્રુઆરીથી સાવરકરે ચા લેવાનું બંધ કર્યું. આત્માર્પણનો આ આખરી તબક્કો હતો. જેમ-જેમ આ વાત પ્રસરતી ગઈ, તેમ-તેમ વીર પુરુષના અંતિમ દર્શન માટે લોકોની કતારો જામવા માંડી, પણ હવે સાવરકરજી કોઈને મુલાકાત આપવાની સ્થિતિમાં ન હતા.

હિંદના આસમાનનો સૌથી વધારે દેદીપ્યમાન સૂરજ હવે પશ્ચિમી ક્ષિતિજની પેલે પાર ડૂબવાની તૈયારીમાં હતો. પૃષ્ઠોમાં આપણે જોયું, જાણ્યું અને માણ્યું; પણ કેવું હતું વીર સાવરકરનું અંગત જીવન, એમનું નિજ વ્યકિતત્વ અને એમની પસંદ-નાપસંદ ? સિંહપુરુષની આ બધી રોચક બાબતો પર પણ એક ઊડતી નજર નાખી લઈએ !

* * *

સાવરકરજી કદમાં ઠીંગણા હતા, પણ એમનું શરીર વજ્રનું હતું. એમનું કપાળ જોનારની કલ્પનામાં નેપોલીઅનના કપાળની સ્મૃતિ તાજી કરાવી આપે. એમના મસ્તક ઉપર કેન્દ્રસ્થાને જે ઉપસેલો ભાગ હતો તે કુદરતી હતો, જાણે વિધાતાએ આ પનોતા પુત્રને માથે મુગટ મૂકીને ધરતી ઉપર શાસન કરવા માટે ન મોકલી દીધો હોય ! એમના ચહેરા પર સામેવાળાને આંજી મૂકે તેવી આભા હતી અને એમના દિમાગમાં પળ-પળ, ક્ષણ-ત્રણ દેશભક્તિ અને ક્રાંતિનાં ગીતોનું ગુંજન ચાલતું રહેતું હતું, એમનાં ઉપસેલાં હાડકાંની ઊંડી બખોલમાં સંરક્ષાયેલી ઝીણી આંખો સાગર જેટલું ઊંડાણ અને આસમાન જેટલી ઊંચાઈ ધરાવતી હતી. એ આંખોમાં વીજળીનો ચમકાર હતો, વાવાઝોડાનું તોફાન હતું અને જવાળામુખીની આગ હતી.

એમની આંખોમાંથી હિંદુ સમાજ માટે ડોકાતી એક સતત ફરકતી લાલ ઝંડી હતી જે કહેતી હતી : ''જાગો, હિંદુઓ, જાગો ! તમારા અસ્તિત્વ ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે !'' એમની આ ચેતવણી હિંદુસ્તાન માટે જાહેરજીવર્નના મહાસાગરમાં દીવાદાંડીની ગરજ સારતી હતી.

એમનાં ચોરસ, દૃઢ જડબાંમાં ઘણું બધું સમાયેલું હતું; જેમ કે એમના દબાવી દેવાયેલા વિચારો, એમનું દાહક જીવનધ્યેય, અપૂર્ણ સપનાંઓ વિફળ યોજનાઓમાંથી જન્મેલો ધૂંધવાટ, તોફાની જિંદગી અને અતુલનીય બલિદાનો.

હિંદુઓના પૂર્વજોના ઈતિહાસમાંથી એક-એક મહાન પુરુષનાં અસ્થિઓ, રકત અને દિમાગના સંયોજનમાંથી ઘડી કાઢ્યો હોય એવો નાનો, પણ સુરેખ એમનો દેહ હતો. એમનું મસ્તક વાળવિહોણું હતું. પણ તેજસ્વી હતું. એમની છાતી પહોળી અને જીતી ન શકાય તેવી હતી. એમની કેડ સિંહની કેડ જેવી પાતળી હતી, ગરદન ટૂંકી, હાથ નાના અને શરીરની ઊંચાઈ પાંચ ફીટ અને ચાર ઈંચ હતી.

સાવરકરજીનું વ્યક્તિત્વ જોનારના મન ઉપર શાસન કરવા માટે બનેલું હતું. એમનામાં એક પ્રાકૃતિક, સાદગીભર્યું સૌંદર્ય હતું, જે કોઈ કાશ્મીરી રાજપુરુષના વધુ પડતા ચગાવી દેવામાં આવેલા સૌંદર્ય કરતાં અનેકગણું ધ્યાનાકર્ષક હતું.

સાવરકરજી જ્યારે જાહેરજનતા સમક્ષ ઉપસ્થિત થતા, ત્યારે પ્રજાનાં દિમાગો પર વશીકરણ જેવી અસર પેદા કરતા હતા. જાહેરસભામાં ભાષણ કરી રહેલા સાવરકરને જોવા એ જિંદગીનો એક લહાવો હતો. સ્વચ્છ સફેદ કપડાંમાં સજ્જ વીર સાવરકરના મોટા માથા પર ગોળ, કાળી ટોપી જોવા મળતી હતી અને જમણા હાથમાં છત્રી તેમજ ડાબા હાથમાં એ દિવસનું તાજું અખબાર રહેતું હતું. તેજસ્વી, શાંત ચહેરા પર બંને બાજુએ લાંબી, ધ્યાનાકર્ષક વાળની કલમ અને સોનેરી ફ્રેમનાં ચશ્માંની અંદરથી ડોકાતી આગભરી આંખો પ્રજાને જકડી રાખતી હતી. તેઓ પ્રખર વકતા હતા અને એમનાં મોટા ભાગનાં વાકયો આગળ જતાં સાચી પડેલી ભવિષ્યવાણીઓ બની જતાં હતાં.

•

સાચા અને સારા વકતાઓનો મુખ્ય ખોરાક ઇતિહાસ હોય છે; વીર સાવરકર તો ઇતિહાસ ખાતા હતા, ઇતિહાસ પીતા હતા અને ઇતિહાસ જીવતા હતા. હિંદના ઇતિહાસમાંથી સાવરકરે પોતાની રીતે સાર તારવ્યો, એ સારને એમનું મૌલિક દર્શન વસ્ત્રોની જેમ પહેરાવ્યું અને એ વીરત્વના વાઘાના પ્રત્યેક તાણા-વાણામાં એમણે પોતાનાં અંગત સપનાંઓ ગૂંથ્યાં.

કોઈ પણ સભાસ્થાનમાં જ્યારે સાવરકરનું આગમન થયું, ત્યારે હકડેઠઠ શ્રોતાઓના મહાસાગરમાં એમના માટે માર્ગ બની જતો હતો. તેઓ મહાનાયકની અદાથી મંચ ઉપર સ્થાન ગ્રહણ કરતા અને શ્રોતાઓ આતુર બનીને એમને સાંભળવા માટે જ અધીર બની જતા. સાવરકર જનતા સમક્ષ સહેજ ઝૂકીને અભિવાદન કરતા અને લોકોના હૈયા પર લાગણીનું ઘોડાપૂર સવાર થઈ જતું, સાવરકર ક્યારેય પહેલેથી તૈયાર કરેલું ભાષણ રજૂ નહોતા કરતા. એમનું વકતવ્ય તત્ક્ષણ રચાતું જતું હતું. એમની દલીલો ધારદાર અને તર્કબદ્ધ રહેતી; જો કોઈ પ્રેક્ષક એક ક્ષણ પૂરતો બેધ્યાન બની જાય તો ચાવીરૂપ વાક્ય ચૂકી જાય. દલીલોની આખીયે શૃંખલા એના માટે નિરર્થક બની જાય. સાવરકરજીની ખરી તાકાત એમના અવાજમાં હતી. અને તેઓ જ્યારે શત્રુ ઉપર પ્રહાર કરતા વિચારો રજૂ કરી રહ્યા હોય, ત્યારે એમની આંખોમાં એક ખાસ પ્રકારનો હિંસક ચમકારો જોવા મળતો હતો.

એમનામાં વિરોધીઓની દલીલોની કતલ કરવાની અદ્ભુત ક્ષમતા હતી. એમની વાણીમાં તોફાન હતું અને એમની રમૂજવૃત્તિ મારી નાખે એવી હતી. એમનો તર્ક તલવાર જેવો હતો, જે સાંભળનારાઓનું રક્ષણ કરતો અને વિરોધીઓની હત્યા. શ્રોતાઓ ક્ષણે-ક્ષણે નવા-નવા રસમાં ભીંજાતા રહેતા. લોકો હસતા, તાળીઓ પાડતા અને આંસુઓના સાગરમાં ડૂબી જતા.

સાવરકરનાં પ્રખ્યાત ભાષણોમાં પુણે ખાતેના પેશ્વાના શનિવારવાડામાં આપેલું વકતવ્ય, દિલ્હી ખાતેના ઘાટ ઉપર એમણે આપેલું ભાષણ, ૧૯૩૯માં શોલાપુર અધિવેશનમાં ગાંધીજીની હૈદ્રાબાદ-નીતિનાં એમણે ફાડેલાં છોતરાં, અને બીજાં અસંખ્ય પ્રવચનોનો સમાવેશ થાય છે.

નસીબદાર હતા એ લોકો જેમણે ૧૯૩૭માં વીર સાવરકરના મુખેથી '૧૮૫૭નું સ્વાતંત્ર્ય-યુદ્ધ' એ વિષય ઉપર પીરસાયેલું પ્રવચન સાંભળ્યું હતું. નસીબદાર હતા એ લોકો જેમને મરાઠી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી પેશ થયેલું આ વીર પુરુષનું ઐતિહાસિક વકતવ્ય માણવા મળ્યું હતું.

કોલકત્તાના અખબાર 'અમૃત બાઝાર' પત્રિકાએ એમના વિશે લખ્યું : ''આ માણસ જ્યારે બોલે છે ત્યારે એવું લાગે છે કે એક યોદ્ધો એનું ધ્યેય નક્કી કરીને નીકળ્યો છે.''

મુંબઈના અખબાર 'ધી સન્ડે સ્ટાન્ડર્ડ'માં એમના વિશે નોંધ પ્રગટ કરવામાં આવી, ''બહુ ઓછા નેતાઓમાં દેશના કરોડો પ્રજાજનોને ડોલાવવાની એ તાકાત હશે જે આ સાદા દેખાતા વીર સાવરકરના શબ્દોમાં સમાયેલી છે.''

કોઈ પણ મુલાકાતીની સાથે સાવરકરજી એક વિશિષ્ટ શૈલીમાં પેશ આવતા હતા. શરૂમાં તેઓ ચૂપ રહેતા અને સામેવાળાની વાતો સાંભળતા, પછી બાકીનો સંપૂર્ણ સમય તેઓ બોલતા અને સામેવાળો સાંભળતો રહેતો. સાવરકર ધારદાર તાર્કિક દલીલોમાં હથિયાર લઈને તૂટી પડતા.

એક વાર એક સામ્યવાદી વિચારધારા ધરાવતા મુલાકાતીએ એમને કટુતાપૂર્વક પ્રશ્ન કર્યો, ''તમે લેનિનને વાંચ્યો છે ?''

સાવરકરજીએ પટ કરતાંકને સામો સવાલ પૂછ્યો, ''લેનિને સાવરકરને વાંચ્યા હતા ?''

ઘણા લોકોનો આરોપ હતો કે વીર સાવરકર કડવા અને અભિમાની હતા. કંઈક અંશે આ વાત સાચી હતી, પણ એમના પક્ષે એ દલીલ થઈ શકે કે આટલાં બધાં વરસો આંદામાનની કાળકોટડીમાં વિતાવ્યા પછી અએને અમાનુષી અત્યાચારો સહ્યા પછી કોઈ પણ મનુષ્ય થોડોક કડવો તો બની જ જાય. અને, જે અદાલતી કાર્યવાહીની ભરતી-ઓટમાંથી વીર સાવરકર પસાર થયા હતા અને વિધાતાની આકરી કસોટીઓ તેમણે પાર કરેલી હતી, એ જો આપણામાંથી કોઈએ કરી હોય તો એમના કરતાં હજાર ગણા વધુ અહંકારી આપણે બની ગયા હોઈએ.

મિ. ફઝલૂલ હક નામના એક મુસ્લિમ સત્તાધીશે એક વાર બડાશ હાંકતાં કહ્યું હતું, ''અમે મુસલમાનો વાઘ જેવા છીએ અને હિંદુઓ તો માણસ છે, જેને અમે ફાડી ખાવાના છીએ.''

વીર સાવરકર આનો જવાબ આપ્યો હતો, ''વાઘ ભલે ને ગમે તેવો હિંસક હોય, પણ છેવટે તો તે એક જંગલી જનાવર છે; જ્યારે માણસ એક સભ્ય, સુસંસ્કૃત, બુદ્ધિશાળી પ્રાણી છે. એક માણસ હાથમાં ચાબુક પકડીને સરકસમાં અનેક વાઘોને ડરાવી શકે છે એ હકીકત મુસલમાનો કયારેય ન ભૂલે !''

આ જ ફઝલૂલ હક ભારતના મલબાર પ્રાંતને અરબસ્તાન સાથે જોડી દેવાના મતના હતા. એમણે નિવેદન કર્યું, ''મલબાર અરબસ્તાનનો હિસ્સો છે.''

સામે વીર પુરુષે ગર્જના કરી, ''જો એ સાચું હોય તો અરબસ્તાનને હિંદુસ્તાન સાથે જોડી દેવું જોઈએ, જેથી મલબાર અને અરબસ્તાન એક બની જાય !''

* * *

વીર સાવરકરના જીવન અને વર્તન ઉપર એમના દીર્ઘકાલીન જેલવાસની ઊંડી અસરો પડી હતી. તેઓ હિંદુ મહાસભાના અધ્યક્ષના સ્થાન ઉપર વરસો સુધી રહ્યા તેમ છતાં પણ મહાસભાના સાથીઓ તથા સામાન્ય કાર્યકરો પ્રત્યે ઉષ્માભર્યો વ્યવહાર દાખવી શકવામાં સહેજ ઊણા સાબિત થયા.

અન્ય મહાન નેતાઓની જેમ સાવરકરને વ્યવહારુ બનતાં ન આવડ્યું. ગાંધીજી એમના મુલાકાતીઓને એક સામાન્ય યજમાનની જેમ મળતા હતા. લોકમાન્ય ટિળકના નિવાસસ્થાને રાજકીય હસ્તિઓ માટે મોંઘા, આરામદાયક ઉતારાની અલગ વ્યવસ્થા કરવામાં આવેલી હતી. પં. નહેરુ તો વિદેશી મહેમાનો માટે જયાફતો અને શરાબની મહેફિલો યોજવા માટે જાણીતા હતા.

આ બધાંની સરખામણીએ વીર સાવરકર એમના પક્ષના કાર્યકરો સાથે 'કામથી કામ'નો જ સંબંધ રાખતા હતા. કોઈ નાના માણસની દીકરીના લગ્નમાં દોડી જવાનું કે એમના અનુયાયીની કૌટુંબિક આફતમાં મદદ કરવાનું એમને કદીયે ફાવ્યું જ નહીં.

કોઈ પણ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાના નેતા માટે આ એક મોટો અવગુણ કહેવાય; પણ સિંહપુરુષ પાસે આવી દુન્યવી વાતો માટે ન તો સમય હતો, ન માનસિક સજ્જતા. આંદામાનના કઠોર કારાવાસે એમની સમાજમાં હળવા-ભળવાની ક્ષમતાને હણી નાખી હતી, છતાં પણ લાખો યુવાનો એમના આ પ્રાણપ્યારા નેતાના એક શબ્દ ઉપર પોતાના પ્રાણ ન્યોછાવર કરવા સદાયે તત્પર રહેતા હતા; આ હતી સિંહપુરુષની જિંદગીની સાચી સાર્થકતા.

અનિદ્રા એ સાવરકરજીને આંદામાન તરફથી મળેલી કાયમી ભેટ હતી. સૂવા માટે રોજ એમણે બ્રોમાઈડનો ડોઝ ગળવો પડતો હતો.

અંગ્રેજીમાં કહેવત છે : 'મહાન માણસો બધાંથી અલગ રહે છે અને રાજાને કોઈ મિત્રો નથી હોતા.' વીર સાવરકર માટે આ તદ્દન સાચું હતું. એમને મિત્રો ન હતા. જે હતા એ બધા સહકાર્યકરો હતા, શિષ્યો હતા, ચાહકો હતા.

સતત તેર-તેર વરસ સુધી સેલ્યુલર જેલની કોટડીમાં ગોંધાયેલા રહ્યા પછી સાવરકરને એકાંત સદી ગયું હતું. સમયના કાંટે જીવી-જીવીને, એક જગ્યાએ એક રીતે રંધાયેલો એકનો એક બેસ્વાદ ખોરાક ખાઈ-ખાઈને એ ચીડિયા બની ગયા હતા. સાદગી એમને મન સહજ બની ગઈ હતી.

એક વાર 'સાવરકર સદન'માં એમનો સાદગીભર્યો ઓરડો જોઈને શ્રી શ્રીનિવાસ શાસ્ત્રી પૂછી બેઠા હતા, "સાવરકરજી, શું આ એ ઘર છે જેમાં તમે રહો છો ?"

સાવરકરના જવાબમાં વીતેલી જિંદગીની યાતનાઓ પડઘાતી હતી, "હા, કેમ તમને આમાં શાની ઊણપ લાગી રહી છે ? આંદામાનની સેલ્યુલર જેલની કોટડી કરતાં તો આ ઘણું વધારે આરામદાયક છે !"

સિંહપુરુષનો જવાબ સાંભળીને શાસ્ત્રીજીની આંખો છલકાઈ ઊઠી હતી.

સાવરકર સાદું ભોજન લેવાનું પસંદ કરતા. એમના રસોડામાં રુચિ-અરુચિને અવકાશ ન હતો. એમનાં પત્ની એક આદર્શ ભારતીય સન્નારી હતાં. જિંદગી આખી એમણે પ્રત્યક્ષ અને પરોક્ષપણે યાતનાઓ ઝીલી હતી. અડધી જિંદગી પતિ વગર જ પસાર કરી હતી. તેઓ જે કંઈ રસોઈ રાંધે તે સાવરકરજી પ્રેમથી આરોગી લેતા હતા. મીઠું-મરચું વધારે કે ઓછું છે એવી ફરિયાદને એમના જીવનમાં સ્થાન જ ન હતું. સાવરકરજી ગરમ-ગરમ રસોઈ જમી શકતા ન હતા, ઠંડુગાર ભોજન એ પણ આંદામાન તરફથી પ્રાપ્ત થયેલી આદત હતી.

સાવરકરજીની યુવાનીના સમયના તમામ ગાઢ મિત્રો મૃત્યુને ભેટી ચૂકયા હતા; કોઈ વિદેશોમાં તો કોઈ ભારતમાં. હવે જે કોઈ હતા તેમાંના મોટા ભાગના સાવરકરને સમજી શકવા માટે બહુ નાના હતા. અન્યોની વાત જવા દઈએ, પણ ડૉ. મુંજે જેવા મોટા ગજાના નેતા પણ સાવરકર સાથે વાર્તાવિમર્શ કરતા પહેલાં સો વાર વિચાર કરતા હતા. એમની નિકટ જવાનો પ્રયત્ન કોઈ કરતું નહીં.

વીર સાવરકરના ઘરે સામાજિક રીતે આવ-જા કરી શકે એવાં કુટુંબોની સંખ્યા લગભગ શૂન્ય હતી. મોટા ભાગે જાહેરજીવનના કાર્યકરોની જ ભીડ ઊમટતી હતી, બાકીનો સમય પતિ-પત્ની અને પુત્ર આ ત્રણ જણાં જ સાથે વિતાવતાં હતાં. કયારેક એમની પરણાવી દીધેલી એક માત્ર પુત્રી એમના ઘેર આવતી, જે 'સાવરકર સદન' માટે એક માત્ર અતિથિ હતી.

વીર સાવરકર જ્યારે અતિશય પ્રસન્ન હોય, ત્યારે પોતાની સ્વરચિત કવિતાની પંક્તિઓ ગાવા માંડતા હતા. છીંકણીની ડબ્બી એમની કાયમી સાથીદાર હતી. એમને ચૉકલેટો બહુ ભાવતી. કયારેક હળવાશમાં હોય ત્યારે સિંહપુરુષ નીચે જમીન પર પાથરેલી ગાદી પર બિરાજીને બંને પગ લાબાં કરતા અને પછી માથા પર પહેરેલી કાળી ટોપીને હાથ વડે સહેજ તીરછી કરતા અને પછી સંગીતની કોઈ ધૂન ગણગણતા. સુખની અને પ્રસન્નતાની આ એમની સર્વોચ્ચ અભિવ્યકિત હતી.

એ સિવાય આ વીર પુરુષ એમની ચિંતાઓ, પીડાઓ કે આક્રોશ જેવી લાગણીઓને કયારેય કોઈની સામે વ્યકત કરતા નહીં.

પહેલેથી સમય નક્કી ન કર્યો હોય, તો સાવરકરની મુલાકાત કરવી એ એક અશકય બાબત હતી. કોઈ પોતાના અંગત કામસર મુંબઈ આવેલું હોય અને સમય મેળવ્યા વગર અચાનક 'સાવરકર સદન'માં જઈ ચડે તો તેણે અવશ્ય પાછું ફરવું પડતું. મોટી-મોટી રાજકીય હસ્તિઓ, ઉદ્યોગપતિઓ, રાજકુમારો કે પત્રકારો પણ આમાંથી બાકાત ન હતા.

આવી જ રીતે 'સાવરકર સદન'ના પગથિયાં ઊતરી રહેલા એક જાણીતા નેતાએ એક વાર ટકોર કરી હતી, ''બ્રિટનના સમ્રાટને મળવું આસાન કામ છે, પણ અગાઉથી સમય લીધા વગર સાવરકરને મળવું એ બહુ અઘરું કામ છે.''

વીર સાવરકરનો દિવસ રોજ સવારે સાત વાગે શરૂ થતો હતો. તા-નાસ્તો લીધા પછી તેઓ અખબાર-વાંચન કરતા. પછી બે કલાકનો સમય મુલાકાતીઓ માટે ફાળવતા. એ પછી સ્નાન અને પછી બપોરનું ભોજન. સ્નાન અને ભોજનની વચ્ચે તેઓ એક યોગીની જેમ ધ્યાનસ્થ મુદ્રામાં બેસી રહેતા. ક્યારેક તો આ અવસ્થા એટલો બધો લાંબો સમય ચાલતી રહેતી કે એમનું ભોજન બરફ જેવું ઠંડું પડી જતું, પણ યમુનાતાઈ શાંતિથી પતિની વાટ જોતાં રસોડામાં બેસી રહેતાં હતાં.

બપોર પછીનો સમય તેઓ કસરત તેમજ બાગકામમાં પસાર કરતા હતા. બગીચામાં ખોદકામ કરવું, નવા છોડ વાવવા અને એમને પાણી પાવું એ સાવરકરજીનો પ્રિય શોખ હતો.

કોઈ પણ સાચા ક્રાંતિકારીની જેમ જ સાવરકરજીને એમનાં રહસ્યોની જાળવણી કરવાની સારી એવી ફાવટ હતી. એમના નિકટના સાથીદારો અસંખ્ય વાર પૂછી-પૂછીને થાકયા, પરંતુ સાવરકરજીએ એમનાં સાહસો કે ખાનગી ગતિવિધિઓ વિશે ક્યારેય કોઈને માહિતી આપી નહી.

બીજા વિશ્વયુદ્ધની પૂર્વસંધ્યાએ જર્મનીના અર્થશાસ્ત્રી ડૉ. શાટે વીર સાવરકરને કઈ ખાનગી બાતમી આપી હતી કે પછી જાપાનમાં વસેલા મિત્ર રાસબિહારી બોઝ દ્વારા લખાયેલા પત્રો કોના દ્વારા સાવરકર સુધી પહોંચ્યા એ વિશે સિંહપુરુષે જિંદગીના અંત સુધી ફોડ ન પાડ્યો. એવું જ સજ્જડ મૌન એમણે સુભાષચંદ્ર બોઝ સાથેની છેલ્લી મુલાકાત બાબતે પણ જાળવી રાખ્યું.

આ વીર સાવરકર હતા. મનુષ્યોમાં શ્રેષ્ઠ, ક્રાંતિકારીઓમાં વિશ્વ શ્રેષ્ઠ, હિંદુઓના હૃદય સમ્રાટ, પાકિસ્તાનના અસ્તિત્વના શત્રુ, એક ઉત્તમ લેખક, મંજાયેલા કવિ, ઉત્તમ વકતા, અદ્‌ભુત સંગઠનકર્તા અને માતૃભૂમિના પ્રખર આરાધક.

વીર સાવરકર નોબેલ પ્રાઈઝ વિજેતા સર સી. વી. રામનના તેજસ્વી હીરો હતા, રાજાજીને મન હિંમત અને શૌર્યની મૂર્તિ હતા, ગાંધીજીને મન અજોડ દેશભકત હતા, એમ. એન. રૉયના મતે કરોડો હિંદવાસીઓને પોતાના ત્યાગ અને પરાક્રમોથી પ્રેરણા પૂરી પાડનાર યુગપુરુષ હતા અને હિંદુસ્તાનના તમામ પ્રજાજનોને મન સ્વાતંત્ર્ય વીર હતા.

ઈતિહાસ એના પનોતા પુત્રોની સાચી કદર સમયના મૂળ થર ઉપર બીજાં અસંખ્ય થરો ચડે ત્યાર બાદ કરતો હોય છે. ભારતનો ઈતિહાસ એના સર્વશ્રેષ્ઠ

પુત્રના અવસાન બાદ ચાર-ચાર દાયકાના ભારતનો થર ચડી ગયા પછી કબૂલ કરે છે કે દિલ્હીના રાજસિંહાસન ઉપર ચડી બેઠેલાં કૈંક શિયાળો અને કાગડાઓના જમેલા વચ્ચે પોતાની ગર્જનાથી શત્રુઓના હાંજા ગગડાવી દેનાર સાચા સિંહપુરુષ માત્ર સાવરકર હતા.

અને હવે આ સિંહપુરુષ સમયનાં એંધાણ પારખીને પોતાની જીવનલીલા સંકેલી લેવાની તૈયારીમાં હતા. આત્માર્પણ એમની જીનવસફરનો અંતિમ પડાવ જ નહીં, પરંતુ મંજિલ હતી. એક દીપક હોલવાઈ જવા માટે સ્વયં એના કોડિયાનું તેલ સૂકવી રહ્યો હતો.

○ ○ ○

૩૪. મૃત્યુ અને શ્રદ્ધાંજલી

મૃત્યુની આડે ફકત થોડાક જ દિવસો બચ્યા હતા. વીર સાવરકરને પૂર્વાભાસ થઈ ચૂકયો હતો. એક દિવસ સવારે સાવરકર એમના ઓરડાની બારી પાસે બેઠા હતા. એમની બાજુમાં એમના અંગત સચિવ બાલારાવ સાવરકર ઊભા હતા. રસ્તા ઉપર થઈને બે બાળકો પાઠશાળાએ જઈ રહ્યાં હતાં; વીર સાવરકર એ દૃશ્ય જોઈને ભારતના ભવિષ્યની કલ્પનામાં ખોવાઈ ગયા.

એમણે સચિવને કહ્યું, ‘‘બાલારાવ, એ ભવિષ્ય કેટલું ઉજ્જવળ હશે જ્યારે પ્રત્યેક હિંદુ પરિવારમાંથી સવાર પડતાંની સાથે બે દીકરાઓ ઘરની બહાર પગ મૂકશે; જેમાંનો એક પારંપરિક વસ્ત્રોમાં સજ્જ થઈને કપાળમાં તિળક લગાવીને, હાથમાં શાસ્ત્રનાં પુસ્તકો લઈને ગુરુકુળની દિશામાં પ્રસ્થાન કરતો હશે અને બીજો યુવાન ફૌજી ગણવેશમાં સજ્જ, લશ્કરના બૂટ પહેરેલો ખભે બંદૂક મૂકીને છાવણીની દિશામાં કૂચકદમ કરતો જઈ રહ્યો હશે ! આ મારા સપનાનું ભારત છે; મોટો થઈને દરેક ઘરનો એક પુત્ર ચાણકય અથવા સમર્થ ગુરુ રામદાસ બને અને બીજો દીકરો ચંદ્રગુપ્ત અથવા શિવાજી બને !

૧૯૬૬ની છવ્વીસમી ફેબ્રુઆરી આવી પહોંચી. શનિવારનો દિવસ હતો. સવારે અગિયાર વાગીને અગિયાર મિનિટે સાવરકરે પ્રાણત્યાગ કર્યો. સિંહપુરુષ એક મહાન યોગીની માફક પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા.

બીજા દિવસે એટલે કે રવિવારે સત્યાવીસમી ફેબ્રુઆરીએ સાવરકરજીના મૃતદેહની અંતિમ યાત્રા કાઢવામાં આવી. એમની બે અંતિમ ઈચ્છાઓ હતી; જાહેરજીવનને અસ્ત-વ્યસ્ત કરે એવી કોઈ વિધિ એમના અવસાન બાદ ન કરવામાં આવે અને શબનો અગ્નિદાહ વીજળીથી ચાલતા સ્મશાનગૃહમાં જ કરવામાં આવે. આ બંને ઈચ્છાઓનું યથાયોગ્ય પાલન કરવામાં આવ્યું. સાવરકરજીના મૃતદેહને દાદર સ્થિત ‘સાવરકર સદન’થી અંતિમયાત્રા દ્વારા ચંદનવાડી ખાતેના વિદ્યુત સ્મશાનગૃહ તરફ લઈ જવામાં આવ્યો.

આયોજકોએ સરકાર પાસે શબવાહન (ગન કેરેજ)ની માગણી મૂકી, જેને નામંજૂર કરી દેવામાં આવી. હવે શું કરવું ? સ્વર્ગસ્થ ભલે સરકારમાં કોઈ જ હોદ્દો ભોગવતા ન હતા, પણ દેશભરના હિંદુઓના હૃદય સિંહાસન ઉપર તો આ તાજ

વગરના બાદશાહ જ બિરાજેલા હતા. એમની અંતિમયાત્રા એમની જીવનયાત્રાને અનુરૂપ જ હોવી જોઈએ.

છેવટે પ્રખ્યાત ફિલ્મ નિર્માતા વી. શાંતારામે મદદ કરી. એમના રાજકમલ સ્ટુડિયોમાં રાતભર જાગીને સેંકડો કારીગરોએ એક અદ્‌ભુત ગાડી તૈયાર કરી આપી.

લગભગ બે લાખથી પણ વધારે લોકો અંતિમયાત્રામાં ઊમટી પડ્યા. ઘરથી સ્મશાનગૃહ સુધીનું અંતર માત્ર છ માઈલનું હતું, પણ છ માઈલ કાપતાં છ કલાક લાગી ગયા. સાવરકરજીના ચાહકોની આંખો સજલ હતી.

પ્રખ્યાત સંગીતકાર અને પ્રખર સાવરકર - ભકત સુધીર ફડકે (જેમણે બહુ વરસો પછી વીર સાવરકર વિશે એક ફિલ્મ બનાવી) શરૂથી અંત સુધી સ્મશાનયાત્રામાં સામેલ રહ્યા અને સતત રૂંધાયેલા કંઠે સંત તુકારામનું અભંગ ગાતા રહ્યા : 'આમ્હી જાતો અમુચા ગાંવા'.

આર્થર રોડ જેલના તમામ કેદીઓએ આખો દિવસ ઉપવાસ રાખ્યો.

ગોધૂલીનો સમય હતો. ઉદાસીનો માહોલ હતો. વીર સાવરકરનો મૃતદેહ અગ્નિને સ્વાધીન થઈ ગયો. બરાબર એ જ સમયે પશ્ચિમી ક્ષિતિજમાં સૂરજનો ગોળો પણ ડૂબી ગયો.

એક રાષ્ટ્રપુરુષના જીવનનો અંત આવી ગયો.

દેશભરમાંથી શ્રદ્ધાંજલિઓનો વરસાદ વરસવો શરૂ થઈ ગયો. વીર સાવરકરે જીવતેજીવ જેમની નીતિઓનાં છોતરાં ફાડ્યાં હતાં એ શ્રી રાજ ગોપાલાચારીએ કહ્યું, ''સાવરકર મારી જિંદગીના પ્રથમ ક્રાંતિકારી હતા, જેમણે મને ભરપૂર પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં.''

તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું, ''શ્રી સાવરકર જૂની પેઢીના એક મહાન ક્રાંતિકારી હતા. એમણે પરાધીનતામાંથી મુક્તિ મેળવવા કાજે વિસ્મયજનક ઉપાયોનો સહારો લીધો. દેશની આઝાદી માટે તેમણે અનંત યાતનાઓ ખમી હતી. એમનું જીવન-ચરિત્ર નવી પેઢીને માટે આદર્શ છે.''

વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કહ્યું, ''સાવરકર સમકાલીન ભારતની એક મહાન વિભૂતિ હતા. એમનું નામ સાહસ અને દેશભક્તિના પર્યાય સમું હતું. તેઓ એક આદર્શ ક્રાંતિકારીના બીબામાં ઢળેલા હતા અને અગણિત લોકોને એમના જીવનમાંથી પ્રેરણા મળી હતી.''

શ્રી સેનાપતિ બાપટ, જેઓ પરદેશની ધરતી ઉપર સાડા પાંચ - છ દાયકા પૂર્વે વીર સાવરકરના ગાઢ સાથી રહી ચૂકયા હતા, એમણે પોતાના વીર નાયકને આદરાંજલિ અર્પતાં કહ્યું, ''સ્વ. સાવરકરજીના યોગ્ય માર્ગદર્શનને કારણે જ હું બબ્બે વાર ફાંસીના માંચડે લટકી જવામાંથી બચી શકયો હતો. ૧૯૦૬ના

ઑગસ્ટમાં હું પહેલી વાર લંડનમાં સાવરકરને મળ્યો હતો. દર રવિવારે તેઓ ં. શ્યામજી કૃષ્ણવર્માના 'ઈન્ડિયા હાઉસ'માં પ્રવચન આપતા હતા. એ સભાઓમાં હું જતો હતો. એમના આત્માર્પણના સમાચારથી મને ખૂબ દુ:ખ થયું."

શ્રી રામ મનોહર લોહિયાએ બહુ સાચું કહ્યું, "સાવરકર એ દૂરંદેશી નેતાઓમાંના એક હતા, જેઓ સમયના પ્રવાહને બહુ પહેલેથી જ માપી લેતા હતા. વિભાજનના દુ:સ્વપ્નને એમણે સમયથી પહેલાં જોઈ લીધું હતું અને તેની ખરાબ અસરો વિશે દેશને સાવધાન કરી દીધો હતો. સાવરકરની સાચી કદર સો વર્ષ પછીનું ભારત કરશે."

પ્રો. બલરાજ મધોકનાં વાક્યોમાં સમગ્ર રાષ્ટ્રનો વસવસો વ્યક્ત થયો હતો, 'જે મહાપુરુષ સ્વતંત્ર ભારતના રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન થવાને યોગ્ય હતા એને સ્વતંત્ર ભારતમાં પણ જેલવાસી બનાવી દેવામાં આવ્યા."

શ્રી બાલા સાહેબ દેવરસજીએ ભવ્ય વાક્યો ઉચ્ચાર્યાં, "વીર તો બહુ થઈ ગયા અને ભવિષ્યમાં થશે પણ ખરા; પરંતુ આમના જેવા નહીં; આ ઉક્તિને સાર્થક કરવે તેવા નર શાર્દૂલ એટલે જ વીર સાવરકર."

(નર શાર્દૂલ = સિંહપુરુષ. જ્યારે આ નવલકથાનું નામ 'સિહપુરુષ' રાખવાનું નક્કી કર્યું, ત્યારે મને ક્યાં ખબર હતી કે શ્રી બાલા સાહેબે પણ વીર સાવરકરને 'સિંહપુરુષ' તરીકે જ ઓળખાવ્યા હતા ! અત્યારે આ વિગત જાણ્યા પછી ખાનગીમાં આત્મસંતોષનો ઓડકાર આવી ગયો.)

શ્રી અટલ બિહારી વાજપેયીએ શ્રદ્ધાસુમન આ શબ્દોમાં અર્પ્યાં, "વાસ્તવમાં સાવરકર એ કોઈ ખાસ વ્યક્તિનું નામ નથી; સાવરકર એ તપ છે, તેજ છે, તલવાર છે, ત્યાગ છે, તપસ્યા છે. વીર સાવરકરનો અર્થ થાય છે સાહસ, સંકલ્પ, સંઘર્ષ, સંગઠન, સાધન, સહનશીલતા અને સૃજન."

શ્રી લાલકૃષ્ણ અડવાણીએ વર્ષો પછી વીર સાવરકર માટે કહેલાં વાક્યો પણ સમયોચિત છે, "હું હંમેશાં નવયુવાનોને કહેતો આવ્યો છું કે ધાર્મિક યાત્રાળુઓ માટે ભલે કેદારનાથ, બદરીનાથ, કાશી અને રામેશ્વરમ્ જેવા તીર્થધામો હશે, પરંતુ દેશભક્તો માટે તો એક જ તીર્થધામ છે : આંદામાન. આંદામાનમાં પણ પોર્ટ બ્લેયર. પોર્ટ બ્લેયરમાં પણ સેલ્યુલર જેલ અને એ જેલમાં પણ એ ઓરડી જેમાં સાવરકરજીને રાખવામાં આવેલા. છત્રપતિ શિવાજી પછી જો મને કોઈના જીવને પ્રભાવિત કર્યો હોય તો એ હતા વીર સાવરકર."

શ્રી મોહમ્મદ કરીમ ચાગલા મુસલમાન હતા, છતાં એમણે વીર સાવરકર માટે આમ કહ્યું, "સાવરકર એક મહાન દેશભક્ત તેમજ ભારતમાતાના યશસ્વી પુત્ર હતા. જો ભારતના પ્રજાજનો વીર સાવરકરને દેશના ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન

આપ
પ્રત્યે
માણ

એમ
એક
લગો
હોય

છે.
વાકર
જેવાં
★
★

★
★

★

★

★
★

★

★

આપી ન શકતા હોય, તો તેઓ એટલા કૃતઘ્ન ગણાશે. આ દેશની સાંસ્કૃતિક થાપણ પ્રત્યે જેને - જેને પ્રેમ છે અને આ દેશ પ્રત્યે જેને - જેને વફાદારી છે, તે પ્રત્યેક માણસ હિંદુ છે અને હું પણ હિંદુ છું.''

સાવરકર મર્યા પછી પણ જીવંત છે. વીર પુરુષો કયારેય મરતા નથી. મરે છે એમનું શરીર; જીવે છે એમનાં પરાક્રમો. અને સાવરકરના આજન્મ શત્રુઓએ પણ એક વાત કબૂલ કરવી પડશે કે મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજી મહારાજની લગોલગ બેસી શકે એવી કોઈ પરાક્રમી પ્રતિભા જો વીસમી સદીમાં પ્રકાશી ગઈ હોય, તો એ માત્ર વીર સાવરકર જ હતા.

એકવીસમી સદી પાસે ભલે સાવરકર નથી, પણ એમના વિચારો તો અવશ્ય છે. વિશ્વના તમામ વિષયો ઉપર એમણે કશુંક કહ્યું છે. એમનાં કેટલાંક સૂત્રાત્મક વાકયો તો કહેવતોની જેમ પ્રચલિત બની ગયાં છે. થોડાંક વિચાર મૌકિતકો માણવા જેવાં છે :-

★ એકલું જ્ઞાન લૂલું છે અને એકલું કર્મ અંધ છે.

★ અમે અમારા ઘરના ચૂલાઓ અને બે-ચાર મટકાંઓ તોડી-ફોડી નાખ્યાં, એટલા માટે કે જેના કારણે ભવિષ્યમાં હજારો ઘરોમાંથી સોનેરી ધૂમ્રસેર ઊઠે !

★ નવયુવાનોનો શ્રેષ્ઠ આદર્શ વસ્તુઓ નહી, પણ વસ્તુઓનો ત્યાગ હોવો જોઈએ.

★ જ્યાં સુધી સૂર્યોદય થતો નથી, ત્યાં સુધી સંસારને એ વાતની જાણ નથી હોતી કે સૂરજ કયા માર્ગ ઉપરથી યાત્રા કરી રહ્યો હશે.

★ મારો મત છે કે ઐતિહાસિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, ભૌગોલિક તથા યુદ્ધની દૃષ્ટિએ ઉજ્જયિની જ ભાવિ ભારતની રાજધાની બનવા માટે લાયક છે.

★ મિત્રો, ઈતિહાસનું નિર્માણ કરવું એ આપણું કર્તવ્ય છે; ઈતિહાસનું આલેખન કરવું એ ભાવિ પેઢીનું કામ છે.

★ સાહસનું વિકૃત સ્વરૂપ એ જ ગુંડાગીરી છે.

★ ભોજનનો શા માટે ત્યાગ કરો છો ? (ઉપવાસના સંદર્ભમાં). અન્નને તો ઝૂંટવીને આરોગો ! શક્તિશાળી બનો; જો વિરોધ જ કરવો હોય તો કામનો ત્યાગ કરો.

★ શત્રુ વિશ્વાસઘાત નહી કરે તો બીજું કોણ કરશે ? જે વિશ્વાસઘાત નથી કરતો, એ શત્રુ નથી. જો કોઈ પડોશી રાષ્ટ્ર અચાનક મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવા માંડે, તો આપણે વધારે સાવધાન બની જવું જોઈએ.

★ જે સરકાર કૂટનીતિનો ક, ખ, ગ પણ નથી જાણતી, તે સ્વતંત્ર રાષ્ટ્રની સરકાર કહેવડાવવાને લાયક નથી.

★ મુસલમાન, ખ્રિસ્તી કે બીજા કોઈ પણ ધર્મના માનવીનો અમે તિરસ્કાર નથી કરતા; અમે તો વ્યક્તિની અંદર છુપાયેલા દુષ્ટ રૂપ અને અત્યાચારી પ્રવૃત્તિનો વિરોધ કરીએ છીએ.

★ ધર્મનું સ્થાન હૃદય છે, પેટ નહીં.

★ મને બેવડી જન્મટીપ ફટકારીને ઈંગ્લૅન્ડના ખ્રિસ્તી ધર્મે હિંદુઓના પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે.

★ હે હિંદુઓ !... હિંદુ ધ્વજની છત્રછાયા હેઠળ તમારે હિન્દુ સામ્રાજ્યની સ્થાપના કરવાની છે; આ મારું સ્વપ્ન છે અને એને વર્તમાન અથવા ભવિષ્યની પેઢી સાકાર કરશે.

★ ધર્માંતર એ જ રાષ્ટ્રાંતર છે.

★ પરીક્ષામાં સફળતા મળે કે ન મળે, પણ પોતાનું આરોગ્ય ન બગડવા દેશો.

★ 'લોહી પાણી કરતાં વધારે ઘાટું છે' - આ કહેવત હંમેશાં સાચી નથી હોતી; ક્યારેક સગાંઓ કરતાં મિત્રો વધુ વફાદારી નિભાવી જાણે છે.

★ જગતની ચડતી કે પડતી રક્તપિપાસુ હિંસા થકી જ થાય છે, અહિંસા વડે કદીયે નહીં.

★ ભારતના પ્રત્યે પરિવારમાંથી કમ-સે-કમ એક સભ્યને તો સૈનિક બનાવવો જ જોઈએ.

★ ભારતીય રાજકારણનું હિન્દુકરણ કરો; હિન્દુઓનું સૈનિકીકરણ કરો અને રાષ્ટ્રનું ઔદ્યોગીકરણ.

★ આપણે બીજા દેશો ઉપર આક્રમણો નથી કરતા, એટલે જ બીજા દેશો આપણી ઉપર આક્રમણ કરે છે.

★ કાયદા સાથે જોડાયેલા તમામ લોકોની નજર કમજોર હોય છે; અને જો તેમ ન હોય, તો હોવી જોઈએ.

★ જગતમાં જે થોડીઘણી સુંદર બાબતો ઈશ્વરે મૂકેલી છે, તેમાંની એક ખૂબ સૂરત ચીજ 'બહેન' છે.

★ મેં મારી જિંદગીનો એક પણ દિવસ નિરર્થક બરબાદ કર્યો નથી, એટલે જ મને દિવસ પૂરો થયાનો ક્યારેય અફસોસ નથી થયો.

* * *

સાવરકર સાવરકર હતા. એક વ્યક્તિમાં અનેક પ્રતિભાઓના સંમિશ્રણ સમા હતા. સરસ્વતીનું વરદાન અને સમયનો અભિશાપ પામેલા ભારતમાતાના પનોતા પુત્ર હતા. અને હિંદુસ્તાનના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત મેઘધનુષી સપનાંઓ

જોતો રહેતો હતો; એમનામાં એક કર્મયોગી વિદ્યમાન હતો, જે આ તમામ સપનાંઓને પ્રયત્નોની હાથસાળ ઉપર વણવા માટે પૂરી જિંદગી પ્રયત્નશીલ રહ્યો હતો. એમની ભીતર એક પયગંબર હતો, જે ભારતની ભોળી જનતા માટે પ્રાચીન આર્યાવર્તની મહાન વિભૂતિઓનો સંદેશ લઈને આવ્યો હતો. એમની અંદર એક આગ ઝરતો યોદ્ધો હતો, એમની વાણીમાં રાણા પ્રતાપના ચેતકની હણહણાટી હતી, એમની નજરમાં છત્રપતિ શિવાજીની ભવાની તલવારની કાતિલતા હતી અને એમના મિજાજમાં વાઘનખ ઉપર બાઝેલું અફઝલખાનનું ખૂન હતું. સાવરકર એક ઉત્તમ ગદ્યકાર અને ઉત્કૃષ્ટ પદ્યકાર હતા. જો તેનું કર્તૃત્વ માત્ર કલમ પૂરતું સીમિત રહ્યું હોત, તો પણ તેઓ મરાઠી સાહિત્યમાં અમર બની ચૂકતા હોત.

વીર સાવરકર વિશ્વના તમામ ક્રાંતિકારીઓમાં શ્રેષ્ઠ હતા. અમેરિકાનો વૉશિંગ્ટન જો ક્રાંતિનો તણખો હતો, ઈટલીનો મેઝિની જો ભૂગર્ભ ક્રાંતિનો ભડકો હતો, રશિયાનો લેનિન જો ચળવળની ચિનગારી હતો, તો હિંદુસ્તાનના વીર સાવરકર દેશભક્તિનો દાવાનળ હતા.

વીર સાવરકરે પોતાને મળેલી લાક્ષણિકતાઓનો અને પ્રતિભાનો મહત્તમ ઉપયોગ કરી બતાવ્યો. મા સરસ્વતીએ એમને કલમ આપી, પણ શાહીનો ખડિયો ન આપ્યો; વીર સાવરકરે પોતાના ખૂનમાં કલમ ઝબોળીને કાગળ ઉપર કવિતાઓ ઉતારી.

ઈશ્વરે એમને વાણી આપી, વકતૃત્વ આપ્યું, પણ કૉંગ્રેસી નેતાઓના જેવું કપટ ન આપ્યું, એટલે હિંદુત્વનો આ ઉદ્‌ગાતા જીભ ઉપરથી અક્ષરોને બદલે અંગારા ખેરવતો રહ્યો.

વિધાતાએ એમને વીરતા આપી, પણ સમય પ્રમાણે રંગ બદલવાની કાચિંડાની કરામતો ન આપી; એટલે આ નિષ્કપટ, નિષ્પાપ દેશભકત પોતાની માતૃભૂમિની આઝાદી માટે પરાક્રમોની શૃંખલા સર્જતો ગયો અને જેલો ઉપર જેલો ભરતો રહ્યો.

સર્જનહારે સાવરકરને મહાનતા આપી, પણ મહત્ત્વાકાંક્ષા ન આપી; એટલે જ આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની લાયકાત ધરાવનાર આ વીરનાયક એક ઉપેક્ષિત અપરાધી બનીને આથમી ગયો.

સમયે એમને સામર્થ્ય આપ્યું, પણ સાવધાની ન આપી; ભવ્યતા આપી, પણ ભાટાઈ ન શીખવી; દેશની પ્રજાનો પ્રેમ આપ્યો, પણ સત્તાધારી પક્ષ પાસેથી પક્ષપાતનું 'સદ્‌ભાગ્ય' ન અપાવ્યું.

એક સમય હતો, જ્યારે કૉંગ્રેસના અગ્રણી નેતાએ વીર સાવરકરને કૉંગ્રેસમાં જોડાવા માટે સૂચન કર્યું હતું; પણ સાવરકરને પોતાની વિચારધારા સાથે સમાધાન કરવાનું મંજૂર ન હતું.

એ પછી કૉંગ્રેસીઓએ વીર સાવરકરના માથે માછલાંઓ ધોવાનો કદીયે ન થંભે તેવો એક સિલસિલો શરૂ કરી દીધો. વનરાજ તો ચાલ્યો ગયો, પણ એના કદમોનાં નિશાન ઉપર પણ માટીના ઢગલા ખડકી દેવામાં આવ્યા. કૉંગ્રેસ કદાચ એવું માનતી હતી કે આમ કરવાથી વીર સાવરકરની સ્મૃતિઓ ધૂળ-કચરાના ઢેર નીચે દબાઈ જશે અને કાયમ માટે લુપ્ત બની જશે.

પર સાવરકરના વિરોધીઓ ક્યાં જાણે છે કે સિંહપુરુષનાં પદચિહ્નો એ માત્ર ધૂળમાં પડેલી પગલીઓ નથી, પણ કાળમીંઢ પથ્થર ઉપર કોતરાયેલી મુદ્રાઓ છે ! આવનારાં વરસોમાં ગમે ત્યારે કોઈ હિંદુત્વપ્રેમી માથા ફરેલો લેખક આ નર-સિંહના શિલાલેખો શોધી કાઢશે, ખોદી કાઢશે અને 'સાધના'નાં દેશપ્રેમી પૃષ્ઠો ઉપર 'સિંહપુરુષ'ના સ્વરૂપે એને માન અને સ્થાન અપાવશે !

વીર સાવરકરની નવલકથા આવતા અંકમાં ઉપસંહારના અંતિમ લેખ સાથે પૂરી થાય છે; ત્યારે દસેય દિશાઓમાંથી પ્રેમ, સત્કાર, શાબાશી અને ઉમળકો વરસાવનાર હજારો વાચકોને મારે એક જ શબ્દ કહેવાનો છે : 'આભાર'.

o o o

૩૫. કારવાં ગુજર ગયા, ગુબાર દેખતે રહે !

વીર સાવરકરના જીવનની એક સાચી બની ગયેલી ઘટના છે. વાત છે તો બહુ નાની, પણ તેમ છતાં સાવરકરની પૂરી જિંદગીનો મર્મ એમાં સમાઈ જાય છે.

એક વાર સાવરકરજી કાનપુરની મુલાકાતે ગયેલા હતા. કેટલાક સાથીઓ અને શિષ્યોની સાથે તેઓ ગંગા નદીના કાંઠે ઊભા હતા. અચાનક એમને શું સુઝયું કે તેઓ પહેરેલાં કપડે ગંગાના વિશાળ જળપ્રવાહમાં કૂદી પડ્યા.

કાંઠા ઉપર દેકારો મચી ગયો. કોઈકે મોટેથી એમને ચેતવ્યા, ''ગુરુજી ! ગંગાનો પ્રવાહ અત્યંત વેગીલો છે. આ ઉંમરે તમે...?''

સાવરકરજીએ પ્રતિસાદ ન આપ્યો. વિદ્યાર્થી અવસ્થામાં નાસિકમાં ગોદાવરીમાં તરવાનો એમને અનુભવ પણ હતો અને અભ્યાસ પણ. નદી તો મા કહેવાય ! માતાનો ખોળો બદલાય, પણ મમતા થોડી બદલાય છે ? પણ ત્યાં જ સાવરકરજીના કાનોમાં બીજી ચેતવણી અથડાણી, ''સાવરકરજી ! પાછા વળો ! પાછા વળો ! આગળ જવામાં જોખમ છે...આગળ પાણીનું ભંવર છે...!''

વીર સાવરકર વીર હતા, મૂર્ખ નહીં. 'ભંવર' શબ્દમાં રહેલી ભયાનકતા તેઓ પૂરેપૂરી જાણતા હતા. હાથી જેવા હાથીને પણ આ ઘૂમરી ખાતું વમળ પોતાની જળ - ગુફામાં સમાવી લે એટલી એની તાકાત હોય છે. સાવરકરજી આ વમળને સ્પર્શ દઈને પાછા વળી ગયા. મૃત્યુના કમાડે ટકોરો મારીને પાછા જીવનના કાંઠા પર આવી ગયા.

સાથીઓમાં સન્નાટો હતો. થોડી વાર સુધીના મૌન પછી એક સાથીદારે પૂછ્યું, ''સાવરકરજી, ભંવરની વાત જવા દઈએ, તો પણ ગંગામૈયાના વેગવાન જળરાશિમાં સામા પૂરે ઝંપલાવતાં તમને ડર ન લાગ્યો ?''

સાવરકરજી એકાદ ક્ષણના મૌન પછી હોઠ ઉપર સ્મિત અને આંખોમાં વિષાદ

ભરીને બોલ્યા, ''ડર ? શાનો ડર ? આખી જિંદગી મેં બીજું કર્યું છે પણ શું....?; સામા પ્રવાહે તરવા સિવાય ?''

* * *

'સિંહપુરુષ' નવલકથા લખતી વેળાએ મારે પણ સામા પ્રવાહે તરવું પડ્યું છે. સૌથી પહેલાં તો આ વ્યક્તિ - પસંદગી જ જોખમી હતી. મારા કેટલાક મિત્રોએ મને સમજાવવાની કોશિશ પણ કરી જોઈ, ''સાવરકર વિશે લખવાનો વિચાર માંડી વાળો ! એ તો આગનો ભડકો હતા; સ્વયં તો બળી ગયા, તમને પણ દઝાડશે !''

હું મિત્રોનો સંકેત ન સમજ્યો થોડા સમય પછી મારે વિરોધીઓનો સંકેત સમજવો પડ્યો, ''આ ગુજરાત છે. મહાત્મા ગાંધીની ભૂમિ. એમાં તમે ગાંધીજીના હત્યારાની વાત લઈને આવશો ?'

''પણ સાવરકર ક્યાં ગાંધી - હત્યામાં સામેલ હતા ? સુપ્રીમ કોર્ટે એમને આ આરોપમાંથી બા-ઈજ્જત બરી કર્યા હતા.'' મેં દલીલ કરી.

વિરોધીઓએ બીજું શસ્ત્ર ઉગામ્યું, ''એ જે હોય તે. પણ ગુજરાતમાં ગાંધીવાદ ચાલે છે, ત્યાં તમારે સાવરકરવાદ લાવવો છે ? અહિંસક ગુજરાતને તમારે હિંસાના પાઠો ભણાવવા છે ?''

''હા; મારે ગુજરાતીઓને હિંસાના પાઠો ભણાવવા છે. માત્ર ગુજરાતીઓને શા માટે ? મારે તો દરેક ભારતવાસીને હિંસક બનતાં જોવો છે, પણ મારી હિંસકવૃત્તિ વીર સાવરકરના અભ્યાસમાંથી મેળવાયેલી અને કેળવાયેલી મનોવૃત્તિ છે. મારે આપણા દેશવાસીઓને આપસ-આપસમાં લડતા નથી જોવા, મારે તો હિંસક હિંદુસ્તાનીઓને દેશના શત્રુઓ ઉપર તૂટી પડતા જોવા છે. ખાનભાઈઓની વિકૃતિથી છલકાતી ફિલ્મો જોઈ-જોઈને બાયલા બની ગયેલા દેશના યુવાનોને હું વ્યાયામશાળાઓમાં કુસ્તીના દાવ શીખતા જોવા માગું છું. મલ્લિકા શેરાવતનાં ફિલ્મી ચુંબનો જોઈ-જોઈને છકેલ બની બેઠેલી આપણી મૂર્ખ કે ભોળી બહેન-દીકરીઓને હું વીર સાવરકરની યેસુભાભી જેવી સંસ્કારી બનાવવા માગું છું.''

''એકત્રીસમી ડિસેમ્બરની ક્રિસમસ - પાર્ટીઓમાં દારૂ ઢીંચીને યુવાન છોકરી ઉપર સામૂહિક બળાત્કારો કર્યા પછી જેલની સલાખો પાછળ પોતાની જુવાની બરબાદ કરતાં આપણા માર્ગ ભૂલેલા બદમાશોને હું માર્ગ ચીંધવા માગું છું, કે આ દેશમાં દાયકાઓ પહેલાં વિનાયક નામનો એક સંયમી જુવાન થઈ ગયો, જેણે પોતાના રાષ્ટ્રને માટે પચાસ-પચાસ વર્ષનો બ્રહ્મચર્યપૂર્ણ કારાવાસ વેઠવાનું હસતા મોંએ સ્વીકાર્યું હતું.''

વિરોધીઓ પાસે તર્ક ન હતો, દલીલો ન હતી, પણ બીજાં હથિયારો તો હતાં જ ને ? એમણે આખરી શસ્ત્ર ભાથામાંથી બહાર કાઢ્યું, ''પણ જે માણસ મરી ગયો છે એના વિશે લખીને તમને શો ફાયદો થવાનો છે ? એના કરતાં તમે...!''

એમણે મને નવલકથા લખવા માટે પાંચ-સાત નામો સૂચવ્યાં. એકાદ-બે મોટા ઉદ્યોગપતિઓ હતા, જેમનાં જીવન ચરિત્રો હું લખી આપું તો પાને-પાનેથી સોનામહોરો ખરે એમ હતી. મેં કલમનો વ્યભિચાર કરવાની ના પાડી દીધી. (આપણા એકાદ-બે લેખકો આ કામ શરમ કે સંકોચ છોડીને કરી આપે છે.) એકાદ-બે નામો મોટા રાજકીય માથાઓનાં પણ મારા માથે મારવામાં આવ્યાં, ''તેઓશ્રી વિશે સા-દોઢસો પાનાનું એક પ્રશસ્તિ-પુસ્તક લખી આપો. બદલામાં પૈસો, પ્રતિષ્ઠા અને પદ; એ ત્રણેય અપાવવાની જવાબદારી અમારા માથે !''

પણ હું ન માન્યો. સરસ્વતીનો વિનિમય હું લક્ષ્મીની સાથે કરવા માટે રાજી ન થયો. કંઈક અંશે હું મૂર્ખ હતો, ઝાઝા અંશે ઝનૂની.

હું મારા વાચકોને વચન આપી ચૂકયો હતો કે આગામી અંકથી 'સાધના'નાં સંસ્કારી પૃષ્ઠો ઉપર શરૂ થાય છે : ઘેટાંઓના ટોળા વચ્ચેથી ગર્જના કરતાં પસાર થઈ ગયેલા વનરાજનાં પદચિહનો એટલે કે 'સિંહપુરુષ'; અને હું મારા વચન-પાલનમાંથી પીછેહઠ કરી શકું તેમ ન હતો. વાચકોને આપેલું વચન એટલે વિધાતા સાથેનો કરાર.

અને આમ શરૂ થઈ નવલકથા : સિંહપુરુષ. એનાં પ્રારંભિક પ્રકરણોથી જ જે લોકો દાઝવાના હતા એ દાઝી ઊઠ્યા. સામાજિક અને સાહિત્યિક મિલન - પ્રસંગોએ બગલાની પાંખ જેવાં સફેદ ખાદીનાં વસ્ત્રો ધારણ કરેલાં, કહેવાતા ગાંધીવાદીઓ ધૂર્ત ચહેરા અને લુચ્ચી આંખો લઈને મને મળતા રહ્યા; મારી પીઠ બનાવટી શાબાશીઓ સાથે થપથપાવતા રહ્યા અને પછી ઝીણી નજરની પૂછતાછ કરતા ગયા, ''બહુ સુંદર લખો છો, શરદભાઈ ! નવલકથા જામે છે, પણ જરા સંભાળજો ! લખવામાં ધ્યાન રાખજો ! નહિતર કો'ક તમને મુશ્કેલીમાં મૂકી દેશે...''

હું સ્વસ્થ રહીને જવાબ આપતો, ''હું ડરતો નથી. સાવરકર વિશે વાંચી-વાંચીને મારામાં પણ હવે હિંમત આવી ગઈ છે. હું પણ પચાસ વર્ષના આજીવન કારાવાસ માટે તૈયાર છું.''

આ મારો એમને પ્રત્યક્ષ અને મુખર જવાબ હતો. અને એક ખાનગી જવાબ પણ હતો, જે મેં એમને કયારેય જણાવ્યો નથી.

મારા અસંખ્ય વાંચકો અને ચાહકોમાંથી કેટલાક એવા પણ છે જેમનાં શરીરો પહાડ જેવડાં છે, વજન દોઢસો-દોઢસો કિલોગ્રામ છે અને મારા પ્રત્યેની વફાદારી

રામભકત હનુમાનના જેવી છે. એમના શબ્દકોશમાં કે જીવનકોશમાં 'અહિંસા' નામનો શબ્દ જ નથી.

આ પ્રાણપ્યારા મિત્રો મને કહી ગયા, ''શરદભાઈ, આપ આગે બઢો, હમ આપકે સાથ હૈં ! જો તમને કોઈ હેરાન કરવાની કોશિશ કરે તો તમે એને કશુંય ન કહેશો. માત્ર એમનું નામ અમને જણાવી દેશો. અમે જાહેરમાં તો એને કશુંય નહીં કરીએ, પણ કયારેક મોડી રાતના અંધારામાં કોઈ સૂમસામ રસ્તે...! એને ખબર પણ નહીં પડે કે એનાં હાડકાંનું 'સૅલાડ' બનાવી મૂકનાર કોણ હતું !'

મેં આ આક્રમક મિત્રોની ફોજને પાછી વાળી દીધી. હું આવી હિંસામાં શ્રદ્ધા નથી ધરાવતો.

* * *

વિરોધીઓની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી હતી, તો સામા પક્ષે સમર્થકોની સંખ્યા આસમાન ઉભરાય એવડી હતી.

એક ચૌદ વર્ષનો કિશોર. મધ્યમવર્ગીય મા-બાપનો એકનો એક દીકરો. માવતરના લાડકોડે કુંવરને માથા ઉપર ચડાવી મૂકેલો. રોજ દિવસમાં બે વાર ભોજનના સમયે ઘરમાં મહાભારત સર્જાય. 'આજે આ શાક કેમ બનાવ્યું છે ? તને ખબર નથી કે મને એ નથી ભાવતું ?'ની ફરિયાદો રોજિંદી ઘટમાળ બની ગઈ હતી. છેક છેલ્લી ઘડીએ થાળી ફગાવીને ઊભો થઈ જાય. એની મમ્મી બિચારી પોશ-પોશ આંસુએ રડતી જાય અને દીકરાની ફરમાઈશ અનુસાર ફરસાણ બનાવતી જાય ! ટૂંકમાં, 'સ્પોઈલ્ડ ચાઈલ્ડ' બની ચૂકેલો પુત્ર. સાયકિયાટ્રિસ્ટની મદદ લીધી, એ પણ કારગત સાબિત ન થઈ, પણ છોકરામાં એક સદ્ગુણ - વાંચનનો શોખ ! એના ઘરે 'સાધના' આવે. એમાં 'સિંહપુરુષ' આવે. જ્યારે આ કિશોરના વાંચવામાં વીર સાવરકરના આંદામાન જેલના અત્યાચારો આવ્યા, ત્યારે એ રડી પડ્યો. એમાં પણ જે દિવસે એણે જેલમાં અપાતા બેસ્વાદ ભોજન વિશે વાંચ્યું, કેરોસીનવાળી કાંજી વિશે વાંચ્યું, બળેલી રોટલી અને કાચા ભાત વિશે વાંચ્યું અને વીર સાવરકરને લાગુ પડેલી મરડાની જૂની માંદગી વિશે વાંચ્યું, ત્યારે એને ભાન થયું કે એની મમ્મી રોજ એની થાળીમાં જે પીરસે છે એને શું કહેવાય !

એ કિશોર બોલતાં-બોલતાં રડી પડ્યો, 'મમ્મી, સૉરી ! આજ પછી હું કયારેય જમતી વખતે ફરિયાદ નહીં કરું. દાળ-શાકમાં મીઠું-મરચું વધારે-ઓછું હશે તો પણ ચલાવી લઈશ.'' દીકરો બોલતાં રડી પડ્યો, મા સાંભળીને રડી પડી.

* * *

પંચોતેર વર્ષના એક કાકા અચાનક મળવા માટે આવી ચડ્યા. 'સાધના'માં 'સિંહપુરુષ'ની શરૂઆત થઈ ચૂકી હતી. કાકા (હસમુખભાઈ નામ એમનું) એ બે-ત્રણ અંકો કયાંકથી વાંચ્યા હશે, પછી સિલસિલો તૂટી ગયો. વાણિયા હોવા છતાં નિર્ધન હતા. જો કે વાતની ખબર તો મને આ રીતે પડી.

''કાકા, ફોન કર્યા વગર મળવા માટે કેમ આવ્યા ? મારો ફોન - નંબર ન હતો કે શું ?'' મેં એમને ખોટું ન લાગે એમ 'ખખડાવ્યા'.

''ફોન નંબર તો છે, પણ મારી પાસે ફોન નથી''. કાકાનો જવાબ.

''તો પછી બે મિનિટમાં વાત પૂરી કરો !''

''વાત નહીં, પણ વિનંતી કરવા આવ્યો છું. 'સાધના' ખરીદવા જેટલી તો મારી હેસિયત નથી, પણ 'સિંહપુરુષ' વાંચ્યા વગર રહેવાતું નથી.''

''એ બાબતમાં મારાથી કશું જ ન થઈ શકે; પણ પછીથી જ્યારે આ નવલકથા પુસ્તકરૂપે પ્રગટ થશે, ત્યારે હું તમને એક નકલ અવશ્ય આપી શકીશ''.

''પણ સાહેબ, મારાથી એની કિંમત નહીં આપી શકાય, હોં !''

''કશો વાંધો નહીં, કાકા, આપણે સાવરકરજીનાં બલિદાનોની કે ત્યાગની કિંમત પણ કયાં ચૂકવી શકયા છીએ ?! સિંહપુરુષની કિંમત નહીં, પણ કદર કરીએ તોયે ઓછું ન ગણાય !'' મારા મોંમાંથી પ્રચ્છન્ન ઠપકો સરી પડ્યો. હસુકાકા ભીની આંખે હસી પડ્યા. એ સમજી ગયા કે મારા ઠપકાનું સરનામું કઈ દિશામાં હતું.

* * *

એક ક્ષણ માટે મારી સ્વભાવગત નમ્રતા કે નિરાભિમાનને એક તરફ મૂકી દઉં, તો હું કહી શકું કે 'સિંહપુરુષ' નવલકથાએ મને એક નવો વાચકવર્ગ આપ્યો છે. પત્રો શ્રાવણી વરસાદની જેમ વરસ્યા છે અને ફોનકૉલ્સ અષાઢી મેઘની જેમ ગર્જ્યા છે. રૂબરૂ મળીને પ્રશંસા હાર મારા ગળામાં પહેરાવી જનારા રાષ્ટ્રપ્રેમીઓ પણ બહુ મોટી સંખ્યામાં નીકળી આવ્યા.

તા. ૭મી જૂન, ૨૦૦૭ની સાંજે 'વિવેકાનંદ મેડિકલ સર્કલ' તરફથી મને 'સિંહપુરુષ' વિશે વકતવ્ય આપવા માટેનું પ્રેમભર્યું નિમંત્રણ મળ્યું. કાંકરિયા, મણિનગર વિસ્તારના ગૌરવ સમી, ડૉ. અભય ખાંડેકરની 'સિદ્ધિ વિનાયક હૉસ્પિટલના કૉન્ફરન્સ હૉલમાં જ્યારે હું જઈ પહોંચ્યો, ત્યારે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયો. રાત-દિવસ પેશન્ટ, પ્રૅક્ટિસ અને પૈસાની દુનિયામાં મગ્ન રહેતા કર્ણાવતી નગરના ખ્યાતનામ જનરલ પ્રૅક્ટિશનરો તેમજ કન્સલ્ટન્ટ ડૉકટરોએ સભાખંડ છલકાવી દીધો હતો ! ઍરકન્ડિશન્ડ હૉલનું પ્રવેશદ્વાર ખોલી નાખીને છેક બહાર સુધી ખુરશીઓ ગોઠવવી પડી.

લગભગ એક કલાક સુધી હું બોલ્યો હોઈશ. વીર સાવરકરનો રાષ્ટ્રપ્રેમ જાણીને એ ડૉકટર મિત્રોની આંખો ભીની હતી અને ડૉકટરમિત્રોનો સાવરકર-પ્રેમ જોઈને મારી આંખો પણ ભીની હતી.

આજથી લગભગ એકસો વર્ષ પહેલાં સ્ટીમરમાંથી નાસી છૂટવા માટે સમુદ્રમાં ધૂબાકો મારનાર એક ક્રાંતિકારીની સાહસકથામાં આજના ભણેલા-ગણેલા, સુખી લોકોને આટલો બધો રસ પડી શકે ? આ જાણકારી જ મારા માટે સંતર્પક હતી.

કોણ કહે છે કે વીર સાવરકર મૃત્યુ પામ્યા છે !

ભાષણો માટેના આગ્રહો, આમંત્રણો અને આજીજીઓ ઠેકઠેકાણે મળતાં રહ્યાં. હું દિલગીર છું કે એમાંનાં મોટા ભાગનાં આમંત્રણો મારે નકારવાં પડ્યાં; કયાંક મારો વ્યવસાય નડી ગયો, કયાંક મારી વ્યસ્તતા.

માત્ર વાચકો જ શા માટે ? સાહિત્યકારો શા માટે નહીં ? 'સિંહપુરુષ'ના આલેખન માટે સૌથી વધુ પ્રશંસા અને પ્રોત્સાહન આપવામાં પહેલું નામ ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી નિરંજન ત્રિવેદીનું લેવું પડે. આજે પણ જ્યારે એમનો ફોન આવે ત્યારે વાતચીતનો વિષય ભલે ગમે તે ચાલતો હોય, પણ વચ્ચે-વચ્ચે વિરામચિહ્ન જેવું બોલ્યા વગર એ રહી ન શકે, ''શરદભાઈ, આ એક કામ તમારા હાથે બહુ પવિત્ર થયું છે. તમે સાવરકરને ગુજરાતી વાચકોમાં યોગ્ય સ્થાન અપાવ્યું છે.''

આપણી ભાષાના સુપ્રસિદ્ધ વાર્તાકાર-નવલકથાકાર શ્રી પ્રિયકાન્ત પરીખ જ્યારે મળે ત્યારે અચૂક બોલે, ''સાધનામાં સિંહપુરુષ નિયમિતપણે વાંચું છું. શી તમારી શૈલી ! શી ભાષા ! અત્યંત પ્રસન્નતા અનુભવું છું.''

જવાબમાં મારું માથું નમી પડે છે.

એક વાર લેખક - પત્રકારોના એક ખાસ મિલન - સમારંભમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી પ્રકાશ ન. શાહ તથા અન્ય ધુરંધરો ભેટી ગયા. 'સિંહપુરુષ'ની શરૂઆત થઈ ચૂકી હતી અને આ મહાનુભાવોની નજર સામેથી પસાર પણ થઈ ચૂકી હતી. આ વડીલો ચુસ્ત ગાંધીવાદી હોવા વિશે હું માહિતગાર હતો અને છું. મારે એમનાથી ડરવાનું તો શું કારણ હોય ! પરંતુ એમની નારાજગી વહોરી બેસવાની કલ્પનાને કારણે હું થોડોક સંકોચ અનુભવી રહ્યો હતો.

પણ શ્રી રઘુવીરભાઈએ ગાંધી-સહજ નિખાલસતાનાં દર્શન કરાવ્યાં, ''જેમ-જેમ પ્રકરણો છપાતાં જાય છે, તેમ-તેમ લખતા જાવ છો ? કે પછી પૂરેપૂરી નવલ લખી નાખી છે ?''

હું સમજી ગયો કે વડીલ મારા મનમાં વ્યાપ્ત સંકોચ પામી ગયા છે; એટલે જ આવી સાહજિક પૂછપરછ કરીને તેઓ મને 'નોર્મલ' બનાવી રહ્યા છે. આવું જ ઉદાર વર્તન શ્રી પ્રકાશભાઈએ દાખવી બતાવ્યું.

આપણા જાણીતા પત્રકાર અને પ્રસિદ્ધ લેખક શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, જ્યાં અને જ્યારે મળે છે ત્યાં અને ત્યારે મારી તરફ આંગળી ચીંધીને સૌ સાંભળે તેમ બોલી ઊઠે છે, ''આ રહ્યા ડૉ. શરદ ઠાકર ! હાર્ડ કોર હિંદુત્વના સમર્થક. એમના વાચકોને મન આધુનિક સાવરકર !''

હું સમજી શકતો નથી કે વિષ્ણુભાઈ વહાલમાં બોલે છે, કે દાઢમાં ! પણ એટલું જાણું છું કે તેઓ મને પુત્રવત્ ચાહે છે. માટે અવશ્ય પિતૃવત્ વાત્સલ્યભાવથી જ આમ બોલતા હશે.

આટલી વાત થઈ ગુજરાતીઓ વિશે. વીર સાવરકર એટલે મૂળ તો મહારાષ્ટ્રના પુત્ર. મરાઠી જ્વાળામુખી. એટલે મરાઠી લોકો એમના 'સિંહપુરુષ'ને ગુજરાતી ભાષામાં ગર્જના કરતા સાંભળીને ન ડોલે એવું શી રીતે બને ?

સૌથી પહેલો અને પછી સાતત્યપૂર્ણ પ્રતિભાવ શ્રી શરદ બક્ષી તરફથી પ્રાપ્ત થયો. શરદભાઈ એટલે ભાજપના પ્રવકતા શ્રી વિજય રૂપાણીના સસરાજી, પણ મારા વડીલ મિત્ર. એંસીની આસપાસની વય. પગના સાંધા જવાબ આપી ચૂકયા છે, છતાં ઘરે બેઠાં-બેઠાં પણ મારી પીઠ થપથપાવતા રહે. ફોન ઉપર પૂછતા રહે, ''તમે ફલાણી ચોપડી વાંચી ? એમાં સાવરકરજી વિશે આ માહિતી છે. તમે ઢીકણી ફિલ્મ જોઈ છે ? એની સી.ડી. મોકલાવું ? તમે આ લેખ વાંચ્યો ? તમારી પાસે સાવરકરજીએ લખેલી કવિતાઓ છે ?''

કયારે એમના ઘરે કોઈ મોટા માણસ મહેમાન બનેલા હોય, જે મહારાષ્ટ્રના હોય; શરદભાઈ બક્ષી તરત મને ફોન કરે, ''તમારે એમને મળવું છે ? એમની પાસે સાવરકરજી વિશે ખૂબ જ માહિતી છે.''

અફસોસ, કે હું શરદભાઈનો લેવો જોઈએ એટલો લાભ ન લઈ શકયો. એમની માંદગી અને મારી ડૉકટરી મને નડી ગઈ, પણ તો શું થયું ? એમના આશીર્વાદ તો મારી કલમ ઉપર વરસ્યા જ છે ને !

વડોદરાથી ચિરાયુ પંડિત સતત ફોન રણકાવતા રહ્યા. આ હાડોહાડ સાવરકર-પ્રેમી યુવાન પણ મરાઠી છે. જુવાન હોવા છતાં ભારોભાર વિવેકી છે. જે દિવસે મારી સાથે એમણે વાત કરવી હોય, તે દિવસે મને એસ.એમ.એસ. કરીને પૂછી લે : 'હું કયારે ફોન કરી શકું ?' પછી મારા આપેલા સમયે મારી સાથે નિરાંતે વાતો કરે. વીર સાવરકરના જીવનની ઘટનાઓ, એમના ભાષણો, જાણીતી

વ્યક્તિઓ સાથેની એમની 'મુક્કાબાજીઓ' - આ બધાં વિશે એ મને હોંશપૂર્વક માહિતી આપતા રહે. જરૂરી જણાય ત્યારે સંદર્ભ - સાહિત્ય પણ મોકલાવતા રહે. એમના આંગડિયા તરીકેની ફરજ બજાવે ભાઈ શ્રી જીગર ઈનામદાર. એ પણ મજબૂત, હિંદુત્વપ્રેમી, તરવરિયા જુવાન. જ્યારે આવે, ત્યારે દેશ અને હિંદુઓની વર્તમાન હાલત વિશે મારી સાથે વિગતે ચર્ચા કરે. (આ જીગર ઈનામદારને તાજેતરમાં જ સાવલી મતવિસ્તારના વિધાનસભાના ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.)

છેક મુંબઈ, ઠાણે અને પુણેમાં વસેલા મહારાષ્ટ્રિયન વાંચકોએ ટપાલ અને ટેલિફોન દ્વારા મારા આ સાહસને વધાવ્યું છે.

ભાઈ ચિરાયુએ તો વીર સાવરકરના સુપુત્ર સાથે વાત કરીને મુંબઈના દાદર સ્થિત 'સાવરકર સદન'ની મુલાકાતે જવાનું પણ પાક્કું કરી આપ્યું હતું, પણ ત્યાંયે મારી અનહદ વ્યસ્તતા આડે આવી ગઈ.

* * *

નવલકથા હોય કે નવજાત શિશુ, બંનેની પ્રસૂતિ માટે ગાયનેકોલૉજિસ્ટની આવશ્યકતા પડતી જ હોય છે. મારી આ નવલકથાના પ્રસવ માટે મને ત્રણ-ત્રણ કુશળ 'તબીબોની' સતત સહાય અને હૂંફ મળતી રહી છે.

'સાધના'ના તંત્રી શ્રી મુકેશભાઈ શાહે અને વડલા જેવા વડીલ શ્રી રમણભાઈ શાહે (રમણકાકાએ) બહુ હેતપૂર્વક મારા આ 'સિંહપુરુષ' માટે 'સાધના'માં જોઈએ તેટલાં પૃષ્ઠો ફાળવી આપ્યાં. શરૂઆતમાન ત્રીસ પ્રકરણોમાં કથા પૂરી કરવાની વાત થઈ ચૂકી હતી, છતાં અડધી સફરે પૂ. રમણકાકાએ મને બોલાવીને કહ્યું, ''પ્રકરણોની વધ-ઘટની ચિંતા રાખ્યા વગર લખો. તમે આડો - તેડો કોઈ જ વિચાર ન કરશો. તમારી ચિંતા માત્ર એક જ વાતની હોવી જોઈએ - પ્રકરણોની સંખ્યા ઘટાડવાની લાહ્યમાં સાવરકરજીને અન્યાય ન થઈ જાય !''

અને મેં નિશ્ચિંત બનીને મારા પ્રવાસને પાંચ પડાવ જેટલો લંબાવી દીધો.

શ્રી બચુભાઈ ઠાકરની ચીવટ અને નિસ્બત માટે અલગથી લખવું આવશ્યક છે. બચુકાકા જેટલી હદે સાવરકરને ચાહે, એટલી જ હદે મને પણ ચાહે છે. એટલે જ તેઓ મારી આ નવલને માઈક્રોસ્કોપીક આંખથી તપાસતા રહ્યા છે. ક્યારેય, ક્યાંય, કશુંય વાંધાજનક કે વિવાદાસ્પદ લખાયું હોય તો એમની ચકોર નજર તરત જ એ પકડી પાડે. પાછો મને ફોન કરીને પૂછે : ''શરદભાઈ, શું કરીશું ?''

"કાકા, તમારે મને પૂછવાનું હોય ? તમને જે યોગ્ય લાગે તે ફેરફાર કરી જ નાખવાનો ! સર્વ હક્કો બચુકાકાને સ્વાધીન છે !" હું આટલું બોલીને હળવો થઈ જાઉ.

પણ બચુકાકા આટલેથી અટકે નહીં. મને લેખનકાર્યમાં મદદ મળી રહે તે આશયથી તેઓ સતત મને સંદર્ભ - ગ્રંથો મોકલતા રહ્યા છે. એક લીટી માટે એક દળદાર ચોપડી મોકલવાની જહેમત તેમણે ઊઠાવી જાણી છે.

આવો જ પ્રેમ અને સહકાર 'સાધના'ના યુવાન કર્મચારી રાજ ભાસ્કર તરફથી મળ્યો છે. દર સપ્તાહે એક એક પ્રકરણ મારા ઘરે આવીને એ જાતે લઈ ગયા છે. રાજ જ્યારે પણ આવે, ત્યારે એની કાંડા - ઘડિયાળમાં બે કલાકનો સમય ભરીને આવે. હું એને નવો 'એપિસોડ' વાંચી સંભળાવું. મારા તાજા, 'ઓવન ફ્રેશ' પ્રકરણનો એ પહેલો વાચક; ના, વાચક નહીં, પણ શ્રોતા બની રહે !

અને સૌથી છેલ્લે, પણ કોઈથીયે કમ નહીં એવો ઉમળકો 'સાધના'ના ટેલિફોન ઑપરેટરની ઉમદા ફરજ બજાવતા ભાઈ શ્રી રમેશ વાળંદ તરફથી મળતો રહ્યો છે. હું 'સાધના' કાર્યાલયમાં કોઈની પણ સાથે વાત કરવા માટે ટેલિફોન જોડું, ત્યારે મારા માર્ગમાં દ્વારપાળ બનીને રમેશભાઈ ઊભેલા જ હોય. મારો અવાજ સાંભળીને પારખીને એ ખુશ - ખુશ થઈ જાય. રોજના કેટલા વાચકો 'સિંહપુરુષ' માટે ફોન કરે છે એની માહિતી એ આપતા રહે, જે મારા કાનમાં ચાસણી બનીને ઠલવાતી રહે. પાછા ચિંતા પણ વ્યકત કરે, "સાહેબ, સિંહપુરુષ એટલે સિંહપુરુષ ! વીર સાવરકરે તો ભારે જમાવટ કરી દીધી છે ! પણ હવે જ્યારે એ વિદાય લેવાની તૈયારીમાં છે, ત્યારે મને તો ચિંતા થવા માંડી છે. તમારે બીજા કોઈ દેશભકત વિશે આવું જ કશુંક લખવું પડશે."

રમેશભાઈના સૂરમાં અન્ય હજારો વાંચકોના સૂર ભળતા મને સંભળાઈ રહ્યા છે. હું વીર સાવરકર જેવી બીજી કોઈ શૌર્યમૂર્તિને ઢૂંઢવા માટે આમતેમ નજર દોડાવું છું; પણ છેક ક્ષિતિજને સ્પર્શીને ભોંઠી પડેલી નજર પાછી ફરે છે.

સમયપુરુષો તો જોઈએ તેટલા રઝળે છે,પણ સિંહપુરુષ કયાં મળે છે ! જ્યોર્જ પાંચમો, એડવર્ડ સાતમો કે હેન્રી તો આઠમો પણ ઈતિહાસમાંથી જડી આવે છે; એ ઈંગ્લેન્ડની રાજાશાહી છે,પણ સાવરકર દ્વિતીય સમગ્ર વિશ્વના ઈતિહાસમાં શોધી લાવો...જો મળે તો !

અત્યારે, આ ક્ષણે, 'સિંહપુરુષ'ના ઉપસંહારની અંતિમ પંક્તિઓ લખી રહ્યો છું, ત્યારે મારો હાથ હળવાશ અનુભવી રહ્યો છે અને હૈયું ગ્લાનિ. એક ન સમજાય

તેવો ખાલીપો દિમાગમાં વ્યાપી રહ્યો છે. એવું લાગે છે જાણે કોઈ ગર્જના કરતો સાવજ મારી સાવ પડખે થઈને પસાર થઈ ગયો છે અને હવે દૂર - સુદૂર નીકળી ગયો છે ! મને તો સદીની પેલે પારથી હજુ પણ એની ડણક સંભળાઈ રહી છે : 'દેશના ગદ્દારો સાથે પ્રથમ પંક્તિમાં ઊભા રહેવા કરતાં દેશભક્તોની સાથે અંતિમ હરોળમાં ઊભા રહેવું વધારે ગૌરવશાળી છે.'

હું એ ભણકારાની દિશામાં જોતા-જોતાં મનોમન ગણગણી લઉં છું : કારવાં ગુજર ગયા, ગુબાર દેખતે રહે.

સમાપ્ત

o o o

વાચકોના પત્રો

ડૉ. ભારમલ પટેલ
સંજીવની ક્લિનીક,
થરા (બનાસકાંઠા)

ંત્રી શ્રી,
ાધના સાપ્તાહિક,

જયભારત...

જ્યારે કલાકાર તેની કલાનો ઉપયોગ માત્ર ને માત્ર સ્વાર્થ માટે કે નામના ેળવવા માટે કરે છે, ત્યારે તે કલા કલાકાર માટે શ્રાપ રૂપ બની રહી છે, તેનું તન કરે છે. - काल पिण्त पद् रसम् તે કલા કાળના ખપ્પર માં હોમાઈ જાય છે. રંતુ, કલાકાર તેની કૃતિનું સર્જન સંસ્કૃતિના વિકાસ માટે, ધર્મ કે દેશની રક્ષા માટે ; માનવ કલ્યાણ માટે કરે છે, તો તે કલા દીપી ઉઠે છે. સાહિત્યકાર પણ તેની ૃતિનું સર્જન પ્રભુ પ્રીત્યર્થે કે માનવ-વિકાસ માટે કરે તો તેની કૃતિ જીવંત અને ાણવાન સમાજ ને સર્જી શકે છે.

ડૉ. ઠાકર સાહેબે ''સિહપુરુષ-વીર સાવરકર'' કૃતિ સર્જી, તે સર્જન પાછળ તેમને ામની એષણા નથી, પરંતુ તેના સર્જન પાછળનું કારણ મારા પ્રિય લેખકે તર્ક બદ્ધ-.લિલ દ્વારા બહુ સચોટ અને સારી રીતે જણાવેલ છે. તેમની આ કૃતિ હાલના સમાજ ાટે, યુવાનો માટે, રાષ્ટ્ર ભકતો માટે અને જેના હૈયે રાષ્ટ્રપ્રેમ છે તેવા નેતાઓ માટે ાથદર્શક છે. જેમના હૈયે દેશપ્રેમ છે તેમના માટે વીર રોલ મોડલ હોવા જોઈએ.

આ ધારાવાહિક કથાનું દરેક પ્રકરણ કયારેક સુખદ કયારે દુ:ખદ લાગણીનો નુભવ કરાવે છે, દરેક અંકની ઈંતજાર રહે છે. ડૉ. ઠાકર સાહેબે સમયના વહેણમાં ૂલાયેલા દ્વારા ખોવાયેલ એક ખરા દેશ ભકતની કલમ વડે પૂજા કરવાનો પ્રયત્ન રેલ છે. તો તેમની વ્યસ્તતા વચ્ચે પણ આ મહેનત ના અધિકારીને શત્ પ્રણામ..

સાવરકરના સિદ્ધાંતો ને અનુસરી રાષ્ટ્રને માન આપીએ તો જ ડૉ. ઠાકર ાહેબની આ પૂજાનો આદર કર્યો ગણાય, તે માટે પ્રભુ શકિત આપે. ડૉ.ઠાકર ાહેબ તેમની આગવી શૈલીમાં બીજા આવાં ઉપેક્ષિત પાત્રો પર પ્રકાશ પાડે, આ ાટે પ્રભુ તેમને પણ શકિત આપે તેવી પ્રાર્થના...

તાકે સૌ નયન રમ્ય ઈમારત ભણી,
પાયાની ઈંટની વાત કોણે સહી, કોણે લહી ?
ભલે ને પડી એ ધુળ માં ઢેફું બની.
પણ એ ઈંટ વિના ઈમારતની કલ્પના કેવી ?

જય હિંદ...

આપનો વાચક
- ડૉ. ભારમલ પટેલ, થરા.

રૂક્ષ્મણી જ્યંતીલાલ શાહ
૧૭-નવીનનગર નં-૧
ટેન્ક લેન, સાન્તાક્રુઝ (વેસ્ટ)
મુંબઈ-૩૮૦૦૫૪.

ડૉ. શરદ ઠાકર

આપના લખાણોની હું ચાહક છું. ઉપરાંત 'સાધના'માં આવતી આપની, વગડા વચ્ચે ટહુકો'. એની જગ્યાએ હાલમાં, આપની ધારદાર કલમે લખાયેલ 'સિંહપુરુષ' તો ખરેખર અદ્‌ભુત છે. વીર સાવરકરનું જીવનચારિત્ર્ય નજર સમક્ષ જીવંત થાય છે. એમણે વેઠેલી શારીરિક તેમજ માનસિક વેદનાઓનું વર્ણન વાંચી હૃદયને પીડા થાય છે. રૂંવાડા ખડા થઈ જાય છે.

હું એક સામાન્ય ગૃહિણી છું. રાજકારણ એ મારો વિષય નથી, અને મને એમાં ખાસ રસ નથી. છતાંપણ અત્યાર સુધી એક વાત સાંભળતી આવી હતી કે, લોહીનું એક પણ ટીપું રેડાયા વગર, એટલે કે અહિંસાથી આપણો દેશ આઝાદ થયો છે, એટલે આપણને એની કિંમત નથી. સમજાતી. પરંતુ 'સિંહપુરુષ' વાંચ્યા પછી મને સમજાયું કે આપણને મળેલી આઝાદીમાં અનેક નામી-અનામી ક્રાંતિકારોએ તથા ખરા દેશપ્રેમીઓએ પોતાનું બલિદાન આપ્યું છે. જેઓ અત્યારે કદાચ ઈતિહાસના કોઈ હાંસિયામાં ધકેલાઈ ગયા છે. અને કદાચ અત્યારે એમને કોઈ યાદ પણ નહી કરતું હોય.

સર, વીર સાવરકરની જીવનકથની વાંચી મારા જેવી સામાન્ય ગૃહિણીના રૂંવાડા ખડા થઈ જાય છે. 'સિંહપુરુષ' હું એકી બેઠકે વાંચી જાઉ છું. મનમાં થાય કે કયાં અત્યારના આ બાયલા કે નામર્દ, સ્વાર્થી નેતાઓ ? અને કયાં એ સમયનાં વીરપુરુષો ! કે જેમણે પોતાનું આખું આયખું દેશને ચરણે ધરી દીધું.

આપણાં દેશની આ કમનસીબી નહી તો બીજું શું ! જેમણે આવા વીરોની કિંમત જાણી એમની. કદર ન કરી.

હું તો ઈચ્છું છું કે આ આખી જીવનકથની એક પુસ્તકરૂપે પ્રગટ કરી દેશના એક એક નામર્દ નેતાઓને આપવી જોઈએ. જો કે કદાચ એ પથ્થર પર પાણી કે પછી ભેસ આગળ ભાગવત જેવું થાય. ખેરા વ્યવસાયે ડૉ. હોવા છતાં આપ આપનો કિંમતી સમય કાઢને આવા સુંદર અને સચોટ લખાણો લખો છો એ બદલ ખુબ ખુબ અભિનંદન.

લી. આપની એક બ્હેન
રૂક્ષ્મણી જ્યંતીલાલ શાહ

સ્વા. વીર સાવરકર સ્મૃતિ ટ્રસ્ટ (સૂચિત)
૧૦/૧૭૨૫, શ્વેતા એપાર્ટમેન્ટ,
સોનીફળીયા,
સુરત.

માનનીય ડૉ. શરદભાઈ ઠાકર,

સાદર નમસ્કાર,

સ્વાતંત્ર્ય વીર સાવરકર સ્મૃતિ ટ્રસ્ટ (સૂચિત) સુરત આપશ્રીને સાધના સાપ્તાહિકમાં સિંહપુરૂષ વીર સાવરકરની નવલકથા લખવા બદલ અભિનંદન પાઠવે છે.

વીસમી સદીના આરંભકાળે યુવા હૃદયોની ધડકન બની ચૂકેલું નામ, સરફરોશીની તમન્ના લઈને શોષણખોરો અત્યાચારી અંગ્રેજોના બાવડાંની તાકાત માપવાની ખેવના અને ફાંસીના ફંદાને વરમાળાની જેમ ચૂમવાની તૈયારી સાથે, માથે કફન બાંધીને નીકળેલા ક્રાંતિવીરોની યાતનાઓ, ત્યાગ, બલીદાન અને સમર્પણની ભાવનાને ઉજાગર કરનાર..

વિદેશી કાપડની હોળી કરનાર પહેલા વિદ્યાર્થી, પુસ્તકનું લેખન (૧૮૫૭ પ્રથમ સ્વાતંત્ર્ય સમર) પુરૂ થાય તે પહેલા પ્રતિબંધિત થાય એવા પહેલા લેખક, પરીક્ષા પસાર કર્યા પછી પણ બેરિસ્ટરની ડિગ્રી ન મળી હોય એવા પહેલા વકીલ, બંદીખાના જેવી સ્ટીમરમાંથી છલાંગ મારી તોફાની સાગર તરીને ફ્રાંસના કિનારે પહોંચવાનું સાહસ કરનાર પહેલા ક્રાંતિવીર, હેંગની આંતરરાષ્ટ્રીય અદાલતમાં કેસ ગયો હોય એવા પ્રથમ સ્વાતંત્ર્ય વીર, એક સાથે બે જન્મટીપની સજા, વળી વારાફરતી ભોગવવાની એટલે કે ૫૦ વર્ષની જેલ વત્તા ''કાલાપાની'' ની સજા પામનાર પણ પહેલો આઝાદીનો સ્વતંત્રતા એનાની

ઈંગ્લેન્ડ, ફ્રાંસ, ભારત અને આંદામાન-નિકોબાર ધ્વિપ સમુહની સેલ્યુલર જેલની કાળ કોટડી સુધી તેના ચરણનો વિસ્તાર, કવિ, લેખક, ચિંતન, ઈતિહાસકાર, કાનુનનિષ્ણાંત, સમાજ સુધારક, ભારતમાતાના મહાન સપૂત, હિન્દુસ્તાનની આઝાદીના સશસ્ત્ર ક્રાંતિકારી વીર, અંગ્રેજો સામે મરજીવાની જેમ લડત આપનાર તેમજ હિન્દુ રાષ્ટ્રના પ્રખર પ્રણેતા-વીર સાવરકર વિશે આપે જે જહેમત ઉઠાવી છે અને આપની નવલકથા દ્વારા ગુજરાતની તમામ જનતા રસપાન કરે છે જે દ્વારા આપે સાવરકરજી વિશે પ્રચારનું માધ્યમ તેજ બનાવ્યું છે તેથી ફરીવખત આપને ખુબ ખુબ આભાર.

પૂર્ણેશ મોદી

વીર સાવરકર સ્મૃતિ કેન્દ્ર
વડોદરા.

આદરણીય શરદભાઈ,

સાદર સપ્રેમ નમસ્કાર.

બીજુ કાંઈ પણ કહુ તે પહેલા 'સિંહપુરુષ'ની ગર્જના-ક્ષમા કરો 'સિંહગર્જના' શરૂવાતમાંજ સંભળાવી તે માટે ધન્યવાદ આપુ અને પછીજ વીર સાવરકરજી જેવા વીરલ મહાપુરુષને નવલકથા માટે પસંદ કરવા બદલ મનઃપૂર્વક અભિવાદન ! આપનો આ નિર્ણય એક મોટો સાહસિક નિર્ણય છે. ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે એ આપને પુરેપુરૂ સામર્થ્ય પુરુ પાડે જેથી કોઈપણ પ્રકારના 'દબાણ' કે વિઘ્નનો આપ સફળતાથી સામનો કરી આપનો સંકલ્પ નિશ્ચયપૂર્વક પૂર્ણ કરી શકો.

મરાઠીમાં ઐતિહાસિક નવલકથાઓની એક ખૂબ મોટી પરંપરા છે. શ્રી રણજીત દેસાઈ જેવા સિદ્ધહસ્ત લેખક દ્વારા લખાયેલી છત્રપતિ શિવાજી મહારાજના જીવનપરની નવલકથા 'શ્રીમાન યોગી', શ્રીમંત માધવરાવ પેશવાના જીવન-કાર્ય પર લખાયેલી 'સ્વામી' અને શ્રી શિવાજી સાવંતની મહારથી કર્ણપરની નવલકથા 'સુતપૂત્ર' તથા છત્રપતિ સંભાજીરાજેન જીવનપરની નવલકથા 'છાવા' ઈત્યાદિએ અમોને યુવાનીમાં ઘેલુ ઘેલુ કરી નાખી મન મસ્તીશ્કને 'ચાર્જડ' કરી નાખેલા. મેં ક.મા. મુનશીના 'કષ્ણ અવતાર' ખુબ હોંશે હોશે વાચ્યા છે. જય સોમનાથ, પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, જેવી અનેક ઐતિહાસિક નવલકથાઓ ગુજરાથી ભાષાની આગવી વિશેષતાઓ છે. આપના દ્વારા સંકલિત 'સિંહપુરુષ' ગુજરાતી ભાષામાં લખાયેલી સમગ્ર નવલકથાઓનું સુવર્ણ શિખર બની ચમકતો રહેશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

'સિંહપુરુષ' શરૂ કરતા પહેલા આપે લખેલી સિંહપુરુષની જન્મ કથા ખૂબજ ઉત્તેજક અને વિચાર પ્રવર્તક હતી. આ લેખો બૌદ્ધિક અને ભાવનાકીય 'એપેટાઈઝર' જેવા હતા. આ લેખોએ વાંચકોને 'સિંહપુરુષના' સ્વાગતમ્ માનસિક અને બૌદ્ધિક એમ બન્ને રીતે તૈયાર કર્યા. સાધનાના માત્ર બે કે ત્રણ પાના ના પ્રકરણો (કે એપિસોડ)થી સંતોષ થતો નથી એ માટે કાંઈક વિચારો.

આપની પરવાનગી છેજ એમ માની હજી એક વાત કહેવાનું સાહસ કરી ૧૫-૧૫ દિવસ સુધી 'સાવરકર જીવન-કાર્ય' પર કથા કથન કરનારા વકતાઓ આંદમાનથી આગળ વધતા નથી તેવુ જોવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણની કથા કહિયે અને તેમા મહાભારત યુદ્ધ તથા ગીતા ન આવે તો એ કૃષ્ણ અધુરા ન લાગે ? વીર સાવરકરજી વિશે કથન થાય કે લખાય અને તેમાં 'હિંદુત્વ' તથા હિંદુ મહાસભા પર્વ ના હોય તો એ કથા અધુરી લાગે. 'સિંહપુરુષ' નિશ્ચિત પણે સંપૂર્ણ હશે તેવા અંતરના વિશ્વાસ અને લાગણી સહ.

- રમેશ વિ. ડાંગે

અમિત પી. ચૌધરી,
3rd B.D.S. Room no : 97,
Block no : 1,
Govt. Dental Hostel,
Jamnagar-361008
Dt : 27th Feb. 2008

માનનીય ડૉકટર સાહેબ,

હું, અમિત પ્રતાપભાઈ ચૌધરી, મૂળ મહેસાણાંનો વતની છું. હાલ, જામનગર ડેન્ટલ કોલેજમાં 3rd year માં અભ્યાસ કરું છું. મારા પિતા એક ખેડૂત છે. જમીન થોડી છે પરંતું તેમણે ખુબ મહેનત કરીને મને આ મુકામ સુધી પહોંચાડયો છે. તેઓ માત્ર ધોરણ-૧૦ સુધી જ ભણ્યા છે, પરંતું બાળપણથી જ તેમણે મને વારસામાં એક અમૂલ્ય ચીજ આપી છે; જે છે વાંચન.

મને બાળપણથી જ વાંચવાનો ખૂબજ શોખ છે. જમવા કે કોઈ અન્ય પ્રવૃત્તિ કરતાં હું વાંચનને વધુ મહત્ત્વ આપતો આવ્યો છું. વાંચન દ્વારા જ મને આપણા દેશના ક્રાન્તિકારી અને દેશભકિતમાં રસ જાગ્યો. બાળપણથી જ ને. દેશ બાંધવો માટે કાંઈક કરી છૂટવાની ભાવના મનમાં સંઘરી ને બેઠો છું. કોઈને જરા પણ અન્યાય થતો જોઉં છું ને મનમાં કાંઈક થઈ જાય છે. અન્યાયો અને અત્યાચારોનો વિરોધ કરવાનો એક વંટોળ મનમાં જાગે છે. પણ - આ 'પણ' નડે છે. વિદ્યાર્થી છું અને હજી કોઈ એવા મિત્રો કે સહઅધ્યાયીઓ મળ્યા નથી જેના દ્વારા મનના સપના પૂર્ણ કરી શકું.

માતા-પિતા અને કુટુંબના લોકોની ઈચ્છાથી ડૉકટરના વ્યવસાયમાં તો આવી ગયો અને તે બની પણ જઈશ. સંજોગોની માંગ મુજબ તે જ કરવું પડશે. પરંતું મનમાં દેશભકિત અને દેશદાઝ ભડકે બળે છે. શું કરવું એની સમજણ નથી પડતી.

આપના લેખો કે જે ડૉકટરની ડાયરી' આવતી, તે વાંચનમાં આવતા, પરંતુ સાધનામાં 'સિંહપુરુષ' વાંચ્યા બાદ ખબર પડી કે હું જે શોધી રહ્યો છું. 'ગુરૂ', તે કદાચ આપ જ છો. એક ભાગ વાંચ્યા પછી બધાજ અંક અમારી કોલેજની લાયબ્રેરીમાંથી લઈને વાંચી નાખ્યા. આપની કલમ અને તેની શકિતનો પરિચય થઈ ગયો. મારા જેવા યુવાનોના મનમાં અંગારારૂપી જે દેશભકિત છે તેને હવા આપી આગમાં ફેરવવાનું એક ભગિરથ કાર્ય આપ કરી રહ્યા છો.

એક વાત જણાવું કે મને બાળપણ થી જ 'ગાંધી' પ્રત્યે નફરત છે, તે શેના લીધે છે એ ત્યારે તો ખ્યાલ નહોતો, પણ હાલ લગભગ ખ્યાલ આવી ગયો છે. તેણે દેશને અન્યાય કર્યો છે; સાવરકર, સુભાષ અને અન્ય ભારતમાતાના પુત્રોને

અન્યાય કરીને. તેને હું 'કાંટાળો બાવળ' જ ગણું છું, કે જેણે તથા તેના અનુયાયીઓ એ અહિંસા-અહિંસા કરીને માત્ર 'કાંટા' જ વાવ્યા છે, અને તે હાલના ભારતવાસીઓ ને નડી રહ્યા છે, વાગી રહ્યા છે.

હું પાંચમા ધોરણથી 'હૉસ્ટેલ' માં અભ્યાસ કરું છું. ત્યારથી મને વકૃત્વશકિતનો વિકાસ કરવાનો મોકો મળ્યો હતો. મેં અમદાવાદ-ગાંધીનગર વચ્ચે 'તપોવન સંસ્કારપીઠ' માં છ વર્ષ અભ્યાસ કર્યો છે. ત્યાંના જૈન મુનિ શ્રી ચંદ્રશેખર વિજયજી દ્વારા અહિંસાની નહી પરંતુ મને દેશપ્રેમ, દેશદાઝ માટે કંઈ પણ કરી છૂટવાની શિક્ષા મળી. હું એ શાળાના દિવસો દરમ્યાન ભણવામાં-રમતમાં તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રસ્થાને રહેતો. ત્યારે મારામાં એક વકતા તરીકે વકતૃત્વશકિતનો વિકાસ થયો. પરંતું ધોરણ-૧૦ બાદ અભ્યાસ અને વાતાવરણના અભાવે હું તેનો વિકાસ નથી કરી શકતો.

મને અત્યારના સમયે એટલે કે ડેન્ટલમાં તે માટે કોઈ સ્ટેજ કે અવસર મળવો મુશ્કેલ છે. કોઈ વિકાસ કે દેશની ભલાઈ, વિદ્યાર્થીઓ અને તેમની મુશ્કેલીઓના નિવારણ માટે પણ અહીના વાતાવરણમાં કંઈજ થઈ શકે તેમ લાગતું નથી.

મેં ABVP વિશે સાંભળ્યું છે અને હું જોડાવા પણ માંગું છું પરંતુ તે માટેની 'પ્રોસિઝર' ખબર નથી. તેમજ મને અભ્યાસ સિવાય મારામાં રહેલી સુષુપ્ત શકિતઓનો વિકાસ કરવા અને મારા મનમાં હંમેશા રમી રહેલ; સાવરકર, સુભાષ, ભગતસિંહ, આઝાદ, વિવેકાનંદના સ્વપ્નો કેવી રીતેં પૂરા કરવા, તે સમજાતું નથી. હું અત્યારના ભારતને 'આઝાદ' નથી માનતો. તેમાં, તેના બંધારણમાં, રાજકારણમાં કૂબજ ફેરફાર, સાચી રીતે કહું તો 'ઉથલ પાથલ' ની ખૂબ જ જરૂર છે.

આપણને ખબર છે કે અમુક નેતાઓ તથા તેનાં ચારિત્ર્યો સામાન્ય માણસો માટે તેમજ દેશ માટે નુકશાનકારક છે તેમ છતાં મારા જેવી દેશની 'નમાલી' અને 'માંયકાંગલી' પ્રજા તેમની સામે આંગળી ચિંધી શકતી નથી. હું એવા લોકોને જડ-મૂળ માંથી ઉખેડીને દેશને 'સંપૂર્ણ આઝાદ' કરવાના સપનાઓ જોઉ છું.

હું શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા શાસકોનો ટેકેદાર છું. જો તેમના જેવા શાસકો મળે તો ખરેખર દેશની સૂરત બદલાઈ જાય.

મારા મનમાં ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ ભડકે બળે છે, પણ સમય અને સંજોગો અનુકૂળ નથી લાગતાં. જો આપ મને માર્ગદર્શન આપી શકો તો હું આપનો ખૂબજ આભારી થઈશ.

આપનો ખૂબ-ખૂબ આભાર. 'જય હિન્દ'

અમિત ચૌધરી.

ડૉ. ભારમલ જી. પટેલ
સંજીવની ક્લિનીક,
થરા (બનાસકાંઠા)

'સાધના' સાપ્તાહિક
૨૪-૨૫-૨૬ સાન્નિધ્ય કૉમ્પલેક્ષ,
બીજોમાળ, સંન્યાસ આશ્રમની સામે
આશ્રમરોડ, એલિસબ્રિજ
અમદાવાદ (કર્ણાવતી) ૩૮૦૦૦૯
નમસ્કાર !

છેલ્લા એક-દોઢ વર્ષથી નિયમિત 'સાધના' વાંચું છું, તેમાંય ખાસ મારા પ્રિય લેખક ડૉ. શરદ ઠાકર ને શેરડીના રસ ની જેમ પીવું છું, ઠાકર સાહેબ ના લેખો ખરેખર હૃદયની હચ-મચાવ નાખે તેવા હોય છે, વીર-સાવરકર 'સિંહપુરુષ' તો લખી ને એક યજ્ઞીય કાર્ય કરી રહ્યા છે; તેમના લખવા માટે કેમ મજબૂર થવું પડ્યું તેમાં જે તેમી મૌલિક દલીલો છે, તે પણ તેમની બુદ્ધિ ને માન આપી જાય છે, તેમજ સિંહપુરુષ-વીર સાવરકર વિશે જે લખે છે, તે માટેની તેમની નૈતિક હિંમત ને પણ મારી સલામ...

ડૉ. ઠાકર પણ 'નાના સાવરકર' જ છે, જેમ સાવરકરમાં વિદ્વતા સાથે હિંમત જોવા મળતી હતી, તે ડૉ.ઠાકરમાં પણ જોવા મળે છે. બંનેની જાતિમાં સામાન્ય રહેલ 'કર' તે માટે જવાબદાર છે બંનેના 'કર' (હાથ) ભારતીય સંસ્કૃતિ ને જીવંત રાખવા મજબૂત છે.

અપર્ણ ઠાકર સાહેબ ને..

''ઈચ્છુ આપની ઉન્નતિ પણ કેટલ ઈચ્છું ?
આગળ વધી કદી પાછા ન પડો તેટલી ઈચ્છું.''

- ડૉ. ભારમલ પટેલ